ત્રીજી શ્રેણી )

પુસ્તક: ૧૧૭

મંગળવાર, તા.૨૮મી ફેબ્રુઆરી, ૨૦૦૬

ફાલ્ગુન ૯, ૧૯૨૭ શાકે

થી

ગુરૂવાર, તા.૨જી માર્ચ, ૨૦૦૬

ફાલ્ગુન ૧૧, ૧૯૨૭ શાકે

# ગુજરાત વિધાનસભા
# ચર્ચાઓ

**સત્તાવાર અહેવાલ**

**અગિયારમી ગુજરાત વિધાનસભા**

**નવમું અધિવેશન**

**ગુજરાત વિધાનસભા અધિકાર હેઠળ પ્રકાશિત**

**ગુજરાત વિધાનસભા સચિવાલય**

**ગાંધીનગર.**

## અ નુ ક્ર મ ણિ કા


| વિષય | પાના નંબર |
|---|---|
| **મંગળવાર, તા.૨૮મી ફેબ્રુઆરી, ૨૦૦૬ / ફાલ્ગુન ૯, ૧૯૨૭ શાકે** | |
| તારાંકિત પ્રશ્નો | ૧ - ૧૨ |
| અતારાંકિત પ્રશ્નો | ૧૩ - ૭૫ |
| સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો | ૭૬ - ૭૬ |
| વિધાનસભાની સમિતિઓના અહેવાલની રજૂઆત | ૭૭ - ૭૭ |
| પોઈન્ટ ઓફ ઓર્ડર | ૭૮ - ૮૬ |
| રાજયપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (પહેલો દિવસ) | ૮૭ - ૧૦૩ |
| **બુધવાર, તા.૧લી માર્ચ, ૨૦૦૬ / ફાલ્ગુન ૧૦, ૧૯૨૭ શાકે** | |
| તારાંકિત પ્રશ્નો | ૧૦૪ - ૧૧૫ |
| અતારાંકિત પ્રશ્નો | ૧૧૬ - ૧૮૪ |
| તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬) | ૧૮૫ - ૧૮૭ |
| રાજયપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (બીજો દિવસ) | ૧૮૮ - ૨૨૭ |
| **ગુરૂવાર, તા.૨જી માર્ચ, ૨૦૦૬ / ફાલ્ગુન ૧૧, ૧૯૨૭ શાકે** | |
| તારાંકિત પ્રશ્નો | ૨૨૮ - ૨૩૯ |
| અતારાંકિત પ્રશ્નો | ૨૪૦ - ૩૧૪ |
| રાજયપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (ત્રીજો અને છેલ્લો | ૩૧૬ - ૩૪૦ |
| બિન સરકારી વિધેયકો | ૩૪૧ - ૩૬૦ |


***

**ગુજરાત વિધાનસભા**
**મંગળવાર,તા.૨૮મી ફેબ્રુઆરી, ૨૦૦૬**
**ફાલ્ગુન ૯, ૧૯૨૭ શાકે**
**સભાગૃહ બપોરના ૧૨.૦૦ વાગ્યે મળ્યું**
**અધ્યક્ષશ્રી પ્રો. મંગળભાઈ પટેલ અધ્યક્ષસ્થાને)**

# તારાંકિત પ્રશ્નો

**જુનાગઢ જિલ્લાના માળીયા-મેંદરડા અને જુનાગઢ તાલુકાના રસ્તાઓને ડામરકામ કરવા બાબત**

***૧૫૩૯૫ શ્રી ભીખાભાઈ ગ. જોષી (માળિયા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) જુનાગઢ જિલ્લાના માળીયા-મેંદરડા અને જુનાગઢ તાલુકાના કેટલા રસ્તાઓ ડામર કામ થયા વગરના છે,

(૨) આ રસ્તાઓને રીકાર્પેટ કરવા સરકારે શી કાર્યવાહી કરી, અને

(૩) કેટલા સમયમાં આ કામ પૂર્ણ કરવામાં આવશે?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી:**

(૧) ડામર સપાટી વિનાના હયાત મેટલ સપાટીના પ્લાન રસ્તાઓ નીચે મુજબ છે.
(અ) માળીયા-૯
(બ) મેંદરડા-૭
(ક) જુનાગઢ-૪

(૨) અને (૩) માળીયા તાલુકાના એક રસ્તાને ડામર સપાટી કરવાનું આયોજન થયેલ છે તે વર્ષ ૨૦૦૬-૦૭માં પૂર્ણ કરવાનું આયોજન છે.

**શ્રી ભીખાભાઈ ગ. જોષી:** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જવાબમાં જણાવ્યું છે કેમાળીયા તાલુકાના ૯ રસ્તા, મેંદરડા તાલુકાના સાત રસ્તા અને જુનાગઢ તાલુકાના ચાર રસ્તા મેટલ સપાટીના કામ થયેલ છે. મારે મંત્રીશ્રીનું ધ્યાન દોરવું છે કે આ મેટલ સપાટીના કામો છે તે ૧૯૯૩-૯૪ માં એટલે કે આજથી દસ વર્ષ પહેલાં થયેલાં છે. આ રસ્તાઓ અંદાજે ૮૫ કિલોમીટરની લંબાઈ વાળા છે અને એની ઉપર ડામર સપાટી કરવાનું ક્યારે આયોજન કરેલ છે, ક્યારે એના માટે નાણાં ફાળવવામાં આવશે.

બીજું મારો વિસ્તાર ભૌગોલિક દૃષ્ટિએ બહુ જ મોટો વિસ્તાર છે. ૧૪૮ ગામોમાં વહેંચાયેલો છે. પંચાયત હસ્તકના ૨૧૦ કિલોમીટરના રસ્તા આવે છે અને સ્ટેટ હસ્તક ૨૦૯ કિલોમીટરના રસ્તા આવે છે. આ ડામર સપાટીના રસ્તા મોટે ભાગે પાંચ વર્ષ પહેલા થયેલા છે. એ પછી રીકાર્પેટ થયા નથી તો આ સરકાર દ્વારા ૨૦૦૫-૨૦૦૬ અને ૨૦૦૬-૨૦૦૭માં આ રસ્તાઓ માટે કેટલી અંદાજીત રકમ મૂકવામાં આવી છે અને ૨૦૦૫-૨૦૦૬ના વર્ષમાં કેટલો ખર્ચ કરેલ છે?

**શ્રી ઈન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય સભ્યશ્રીએ રસ્તાનો પ્રશ્ન પૂછયો છે. કેટલા રસ્તાઓ છે એમાં ૨૦ રસ્તા ડામર સપાટી વગરના છે. પરંતુ એની સાથે સાત ગામો જોડાયેલા છે અને બાકીના ગામો છે એ ડામર સપાટીવાળા છે. રસ્તા ૨૦ છે જ્યારે ગામો સાત છે જેને ડામર સપાટીવાળા રસ્તા પ્રાપ્ત નથી. આ સાત પૈકી ચાર ગામો એવા છે કે જે ફોરેસ્ટ વિસ્તારમાં આવે છે એટલે રસ્તા થઈ શકતા નથી. જ્યારે બાકી રહ્યા ત્રણ જેમાંથી એક કામ મંજૂર કરેલ છે જે શરૂ થવાનું છે. આયોજન મુજબ છેલ્લા ત્રણેક વર્ષમાં માર્ગ અને મકાન વિભાગ વિવિધ યોજનાઓ તળે ખૂબ સારા પ્રમાણમાં ગ્રાન્ટ આપીને રસ્તાના કામો હાથ ધર્યા છે. ૨૦૦૫-૦૬નું વર્ષ એવું છે કે એમના મત વિસ્તારમાં ૧૨૪૬ લાખના કામો ચાલુ છે અથવા તો હાથ ઉપર લેવામાં આવ્યા છે. આ વરસે ૫૭૫ લાખના નવા કામો માનનીય સભ્યશ્રીને આપવામાં આવેલ છે. હું આ ગૃહના તમામ સભ્યશ્રીઓનું ધ્યાન દોરવા માગું છું કે જેના દ્વારા ગુજરાતની સારી છબી માનનીય સભ્યશ્રીઓને ક્યાંક મૂકવી હોય તો એ મૂકી શકે એટલા માટે આ વાત કરી રહ્યો છું. ગુજરાતમાં જે પ્રકારે મેટલ, ડામર અને કાચા રસ્તાની સપાટી છે. એમાં ગુજરાતમાં ડામર સપાટી ૮૫.૪૭ ટકા છે. જ્યારે રાજસ્થાનમાં ૬૩.૯૨ ટકા છે, મહારાષ્ટ્રમાં ૪૫... (અંતરાય) તમને સૌને ખબર પડે એટલા માટે આ માહિતી આપી રહ્યો છું. મારો કહેવાનો અર્થ એટલો છે કે મેટલમાંથી ડામર સપાટીમાં લઈ જવાના ૨૦ રસ્તા બાકી છે એ ચોક્કસ પણે બાકી છે અને જવાબમાં આપવામાં આવેલ જ છે. પરંતુ સાથેસાથે સમગ્ર દેશમાં જ્યારે ડામર

સપાટી અને મેટલ સપાટીની વાત કરીએ તો મેટલ સપાટીમાં ગુજરાતની એવરેજ ૧૦.૦૫ ટકા છે. જ્યારે બીજા રાજયોમાં ૩૦ ટકાથી ૪૦ ટકાની છે.

**શ્રી ભીખાભાઈ ગ. જોષી** : મારા વિસ્તારમાં આ રસ્તાઓ ઉપર ૧૯૯૩-૯૪માં મેટલ કામ થયેલ છે. આજે મેટલ ઉડી રહ્યા છે ત્યારે એને ડામર સપાટીવાળા ક્યારે બનાવવા માગે છે એવો સીધો મેં પ્રશ્ન પૂછયો છે.

**શ્રી ઈન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : શકય એટલું વહેલું.

**શ્રી કનુભાઈ મે. ભલાળા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું કે જુનાગઢ તાલુકાના જુનાગઢથી બગસરાને જોડતો રસ્તો છે તેમાં ખૂબ જ ગાબડાં પડી ગયાં છે. તો ડામર સપાટીનું રીકાર્પેટનું કામ ક્યારે શરૂ કરવામાં આવશે?

**શ્રી ઈન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : સૂચન છે.

**શ્રી પુંજાભાઈ ભી. વંશ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ સ્વીકારેલું છે કે માળીયા-મેંદરડા અને જુનાગઢમાં ૨૦ રસ્તાઓ પેવર સપાટીથી બાકી છે. તો મારો પહેલો સવાલ એ છે કે માનનીય મંત્રીશ્રી ચાલુ વર્ષના આયોજનમાં ૨૦ રસ્તાઓને પેવર સપાટીના કરવા માટે ગ્રાન્ટ ફાળવવા માગે છે કે કેમ? અને ફૉરેસ્ટ ડિપાર્ટમેન્ટ વચ્ચે જે રસ્તાઓ આવે છે એ વન વિભાગ કરવા દેતા નથી તો ઉપલી કક્ષાએ વન વિભાગ સાથે બેસીને આ રસ્તાઓ વહેલી તકે ચાલુ વર્ષમાં જોગવાઈ કરીને પૂર્ણ કરવા માગે છે કે કેમ?

**શ્રી ઈન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : સરકાર કોંગ્રેસની હોય કે ભાજપની હોય, બજેટકીય જોગવાઈઓ હાથ ધરાયેલ હોય છે. જે જોગવાઈઓ હાથ ધરાયેલ હોય તેની મર્યાદામાં કામો થતાં હોય છે. આમ છતાં મેં કહ્યું તે પ્રમાણે છેલ્લા ત્રણ વર્ષમાં માર્ગ અને મકાન વિભાગને વિશેષ ગ્રાન્ટ આપવા માટે માનનીય મુખ્યમંત્રીશ્રીએ જે દીર્ઘદ્રષ્ટિ અપનાવી તેના કારણે વિશેષ રસ્તા ૧૮૨ વિધાનસભા ક્ષેત્રમાં આપણે હાથ ધરી રહ્યા છીએ. ફરીથી એ વાતની યાદ દેવડાવું કે રસ્તા વીસ છે અને ગામ સાત જ છે કે હજી સુધી ડામર રસ્તો પ્રાપ્ત થયો નથી. ત્રણ તાલુકામાં સાત ગામો એવા છે કે જેને ડામર રસ્તો પ્રાપ્ત થયો નથી અને રિઝર્વ ફૉરેસ્ટ એરિયા સાથેની વાત રહી, મેં હમણાં જ બધા સભ્યશ્રીઓ સાથે પરામર્શ સમિતિમાં પણ કહ્યું અને ખૂબ ટૂંકા દિવસોમાં, શકય હશે તો ચાલુ વિધાનસભાએ પણ જુનાગઢ જિલ્લા અને બાકીના જિલ્લાઓને વન વિભાગ અને માર્ગ અને મકાન વિભાગ વચ્ચેના જે કોઈ પ્રશ્નો છે તેનું સંકલન થાય અને સત્વરે નિરાકરણ આવે તેના માટે ધારાસભ્યશ્રીઓની હાજરીમાં સંયુક્ત બેઠક કરીશું.

**શ્રી માધાભાઈ લા. બોરીચા** :માનનીય અધ્યક્ષશ્રી, હું જાણવા માગું છું કે કેશોદ મત વિસ્તાર, માળીયા-મેંદરડા મત વિસ્તાર અને માણાવદર-વંથલી મતવિસ્તાર એ ત્રણ વિસ્તારમાં ૨૦ ટકા રસ્તો મારા વિસ્તારના ગામોમાં આવે છે, ૨૫ ટકા રસ્તો રતિભાઈના વિસ્તારમાં આવે છે અને ૫૫ ટકા રસ્તો ભીખાભાઈ જોષીના મતવિસ્તારમાં આવે છે. એ મેંદરડાનો પ્રવેશમાર્ગ મંજૂર કરવા માટે સરકારમાં અમે લાગણી રાખી હતી. આ કામ હાલ કયા સ્ટેજે છે અને એવા બીજાં મારા મતવિસ્તારમાં મોટા કામો કે જે સી.આર.એફ.ના કોઈ ચાલુ છે કે કેમ?

**શ્રી ઈન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : તેમના વિસ્તારનો આ પ્રશ્ન નથી. જોઈન્ટ રસ્તામાં આ પ્રશ્ન ફક્ત મેટલ સપાટીના રસ્તાનો જ પ્રશ્ન છે. આમ છતાં સભ્યશ્રીનું સૂચન ધ્યાન ઉપર લઈશું.

## ધરોઈ જળાશયમાંથી ખેડબ્રહ્મા તાલુકાને પીવાનું પાણી આપવા બાબત

***૧૪૧૭૭ શ્રીમતી રમીલાબેન બ. બારા (ખેડબ્રહ્મા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) ધરોઈ જળાશયમાંથી ખેડબ્રહ્મા તાલુકાને પીવાનું પાણી મળી રહે તે માટે રાજય સરકારે કોઈ યોજના વિચારણામાં કરેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો આ યોજનાથી કેટલા અને કયા કયા ગામોને લાભ થશે?

**પાણી પુરવઠા મંત્રીશ્રી:**

(૧) ના,જી.

(૨) પ્રશ્ન રહેતો નથી.

**શ્રીમતી રમીલાબેન બ. બારા** : માનનીય અધ્યક્ષશ્રી, આપના થકી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ધરોઈ જળાશય બાંધવામાં મારા વિસ્તારના ખેડૂતોની લાખો એકર જમીન ગઈ છે. બિલકૂલ બગલમાં હોવા છતાં આ વિસ્તારના ખેડૂતોને સિંચાઈનો લાભ તો મળતો નથી, પરંતુ દર વર્ષે જ્યારે ઉનાળો આવે છે ત્યારે પીવાના પાણીની ખૂબ તકલીફ પડે છે અને આજ સુધી આપ જૂઓ તો ખેડબ્રહ્મામાં પીવાના પાણી માટે લાખો રૂપિયા ટેંકરો પાછળ ખર્ચવામાં આવ્યા છે. ત્યારે મારી લાગણી છે કે આ યોજનામાંથી મારા વિસ્તારના લોકોને

પીવાનું પાણી મળી રહે, પણ માનનીય મંત્રીશ્રીએ જવાબમાં કહ્યું છે કે કોઈ યોજના નથી તો આપના થકી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે બીજી કોઈ યોજના દ્વારા મારા વિસ્તારના લોકોને પીવાના પાણીની કોઈ યોજના ધ્યાનમાં લીધેલી છે કે કેમ અને બીજો પ્રશ્ન એ છે કે મારું ખેડબ્રહ્મા શહેર માતાજીનું ધામ છે, બ્રહ્માજીનું મંદિર છે. વર્ષે લાખો યાત્રિકો આ વિસ્તારમાંથી પસાર થાય છે. ત્યારે રાજય સરકારે એઝ એન્ડ વ્હેનમાં ૨ કરોડ ૩૭ લાખની યોજના મંજૂર કરી છે એટલે ધન્યવાદ આપું છું. પરંતુ રાજય સરકારે એક કરોડ આપ્યા છે. બાકીની જે રકમ બાકી છે એ માનનીય મંત્રીશ્રી આપવા માગે છે કે કેમ?

**શ્રી હરજીવન હી. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આમાં જે પ્રશ્ન છે, ધરોઈમાંથી પાણી આપવાનો છે. ધરોઈમાંથી પાણી શકય એટલા માટે નથી કે ધરોઈની સપાટી બહુ નીચી છે અને આમાં જો યોજના કરીએ તો ખર્ચ બહુ મોટું આવે. ૨૦ કરોડ જેટલો ખર્ચ આવે અને ૬૦ મીટરની ઉંચાઈએ વારંવાર પંપીંગ કરીને આમાં પાણી આપવું પડે. આના માટે સરકારે બીજી યોજના વિચારી છે. બહેનનો પ્રશ્ન જે છે એ ટોટલ ૧૯ ગામોનો છે. બંધ કરવા માટેની હરણાવ-૨ પાસે જે યોજના છે. એને જો હરણાવથી વિયર ૬ કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર થયેલ છે. એ ૧૯ ગામ અને ૧૨ પરાઓને માટે ૬ કરોડના ખર્ચે તૈયાર થનાર છે અને જો ફિઝિબિલીટી મળે તો આ ગામો આ યોજના નીચે સમાવવાનો આ સરકારનો નિર્ણય છે અને મંજૂરી મળેથી ૬ માસમાં કામ પૂર્ણ કરી દેવામાં આવશે. ખેડબ્રહ્મા શહેર માટે બહેને પ્રશ્ન પૂછ્યો છે. એમાં હરણાવ નદી પાસે ૬ કૂવા ત્યાં બનાવેલ છે જેની બાજુમાં ૪૫ લાખ રૂપિયાના ખર્ચે ચેકડેમ બનાવેલ છે. એ ચેકડેમ બનવાના કારણે કૂવાઓ રિચાર્જ રહે છે અને એમાંથી પૂરતું પાણી મળી રહે છે. પરામાં અને મંદિર પાસે પાણી ન મળતું હોય તો એના માટે પાઈપલાઈન દ્વારા વ્યવસ્થા કરવામાં આવશે.

**શ્રી પ્રહલાદભાઈ મો. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી મારે એ જાણવું છે કે, એ ધરોઈમાંથી મહેસાણા જિલ્લાને જે પાણી આપવામાં આવે છે એ માથાદીઠ ૪૦ લિટર પાણી આપવામાં આવે છે. એ અપૂરતું છે અને પાણી પહોંચતું નથી. તો એ ૧૦૦ લિટર કરવા માગો છો કે કેમ ?

**શ્રી હરજીવન હી. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્ન ખેડબ્રહ્મા પૂરતો જ છે.

**શ્રીમતી ભીખીબેન ગઈ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, મેઘરજ-માલપુર તાલુકાના ગામોનો પાણી પુરવઠા જુથ યોજના માટે સરવે કરેલો છે તો આ સરવેમાં કેટલા ગામનો સરવે કરેલો છે અને બીજો પ્રશ્ન આ કામગીરી ક્યારે શરૂ કરવામાં આવશે ?

**શ્રી હરજીવન હી. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્ન ખેડબ્રહ્મા પૂરતો જ છે.

**ડૉ. અનિલ જોષીયારા** : માનનીય અધ્યક્ષશ્રી, મંત્રીશ્રીએ એમ કહે છે કે, આ વિસ્તારના પાણી પુરવઠા માટે કોઈ વિચારણા કરતા નથી, ના જી. જવાબ આપ્યો છે. આ આદિવાસી વિસ્તાર છે અને તે ધરોઈ તાલુકામાં પડે છે ત્યારે આ પાણી એમની જોડે છે એ આદિવાસીઓ જોઈ રહ્યા છે. આ વિસ્તાર કાયમી દુષ્કાળગ્રસ્ત રહે છે. તો આ વિસ્તારને ડાયરેક્ટ પાણી આપવા માગો છો કે કેમ ? સરકાર એ જાણે છે કે ૧૨૦ ફૂટે પાણી પહોંચે એટલે હેન્ડપંપ પાણી ખેંચી શકતા નથી, તેનાથી પાણી ખેંચાતું નથી. આવા સંજોગોમાં સરકાર કાયમી ઉકેલ લાવવા માગે છે કે કેમ?

**શ્રી હરજીવન હી. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ખેડબ્રહ્મા તાલુકામાં લગભગ ૧૦ ભૂગર્ભ આડબંધ છે. સપાટી પરના આડબંધ-૬૮ છે. નાળા પ્લાનીંગના ૩૯ છે, હાઈડ્રોફ્રેકચરીંગના ૫૪૬ છે અને સમગ્ર ખેડબ્રહ્મા તાલુકાની અંદર આ ચેકડેમ બનાવ્યા છે એના કારણે પાણીના તળ એટલા બધા ઉંચા આવ્યા છે કે, લગભગ પાંચ-પાંચ છ-છ મિટરની ઊંચાઈએ આવેલા છે. પીવાના પાણીની મુશ્કેલી નથી. ભૂતકાળમાં ત્યાં ટૅન્કરો દ્વારા પાણી આપવામાં આવતું હતું. આ બધું અત્યારે નહિવત્ થઈ ગયું છે અને ત્યાં પાણી કૂવા આધારિત અને હેન્ડપંપ આધારિત થઈ ગયું છે.

### અમદાવાદ શહેરમાં ગેરકાયદેસર બાંધકામોને કાયદેસર બનાવવા બાબત

***૧૪૯૦૧ શ્રી મોહંમદફારુક હુ. શેખ (કાલુપુર): માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) અમદાવાદ શહેરમાં ગેરકાયદેસર બાંધકામોને કાયદેસરતા આપવા અમલી બનાવેલ ઈમ્પેકટ ફીના કાયદાનું પાલન થતું નથી તે હકીકતથી સરકાર વાકેફ છે, અને

(૨) જો હા, તો આ કાયદાનું પાલન થાય તે માટે સરકારે શી કાર્યવાહી હાથ ધરી ?

**શહેરી વિકાસ મંત્રીશ્રી :**

(૧) નિયત સમય મર્યાદામાં અરજી કરાયેલ બાંધકામોને નિયમિત કરવાની કાર્યવાહી ચાલે છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી મોહંમદફારુક હુ. શેખ** : માનનીય અધ્યક્ષશ્રી, મંત્રીશ્રીને એ પૂછવું છે કે, ૨૨ નવેમ્બર ૨૦૦૦ના દિવસે આ ઈમ્પેકટ ફીની મુદત પૂરી થઈ ગઈ છે એને ૬ વર્ષ થવા આવ્યા છે. હજુ સુધી નવી તારીખ ડિકલેર નથી કરી. ૨૦૦૫-૦૬માં ૫ વર્ષમાં ૨૫ કરોડની આવક બતાવી છે આ રીતે ૫ વર્ષમાં દરેક કોરપોરેશનના બજેટમાં આવક બતાવી છે. નવી તારીખ ડિકલેર નથી કરી તો આવક કેવી રીતે થશે ? તો આ તારીખ ડિકલેર કરવા માગો છો કે કેમ ?

**શ્રી ઈન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીએ માહિતી આપી છે એ યોગ્ય નથી. ૨૦૦૦માં તો આનું જાહેરનામું બહાર પડ્યું ૨૨-૧૧-૨૦૦૦. એ પછી ભૂકંપ આવ્યો એ પછી એમાં સુધારા રજૂ કર્યા. ૨૦૦૨માં તો ફરીથી લાવ્યા અને આખરે તા.૩-૯-૨૦૦૩ના રોજ આ તારીખ પૂર્ણ થઈ. મહાનગરપાલિકાઓને ૩ વર્ષનો સમય આપ્યો અને ત્રણેક વર્ષના સમયમાં બધા જ લોકોને જાણ કરી હતી. કાર્યવાહી કરી હોય તો બાંધકામ કર્યું હતું. ૩ વર્ષની સમય મર્યાદા ખૂબ વધારે કહેવાય. એ સમય મર્યાદાની અંદર જેટલી અરજીઓ આવી છે એના ઉપર કાર્યવાહી કરવામાં આવશે. ૩-૯-૨૦૦૩ના ઈમ્પેકટ ફીના કાયદા તળે જે લોકો આવવા માગતા હોય, એણે અરજી કરી દેવાની અને એ અરજીની સ્ક્રૂટીની અને બાકીની કાર્યવાહી આજે પણ ચાલુ છે અને જે જે રેગ્યુલરાઈઝ કરવાના નિયમ મુજબ થતા હશે એને રેગ્યુલરાઈઝ કરી આપવામાં આવશે.

**શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા** : માનનીય અધ્યક્ષશ્રી, ઈમ્પેકટ ફીનો કાયદો જયારે અમદાવાદ શહેરમાં બન્યો છે ત્યારે અમદાવાદનો પૂર્વ વિસ્તાર નારોલથી નરોડા સુધી લગભગ ૧૩.૫ કિલોમીટરની જે વસાહતો બની છે એની જમીન જ જયાં એન.ઓ.સી. પ્રાપ્ત થયા વગરની હોવાથી એક તો લેન્ડ રેવન્યુનો કાયદો અને ઈમ્પેકટ ફીનો કાયદો આ બંને શહેરી વિકાસ વિભાગ અને રેવન્યુ એ ભેગા થઈને કરે તો જ આખા વિસ્તારના લગભગ ૧૦ લાખ લોકો આ વસવાટમાં રહે છે એ નિયમબદ્ધ કરી શકતા નથી. ઈમ્પેકટ ફી ભરી શકતા નથી તો આ વિસ્તાર ઈમ્પેકટ ફી ભરી શકે એ માટે લેન્ડ રેવન્યુના કાયદા હેઠળ એન.ઓ.સી. અને એની ઈમ્પેકટ ફી અને વધારાના બાંધકામની ઈમ્પેકટ ફી એવો સંયુકત નિર્ણય કયાં સુધીમાં રાજય સરકાર લેવા માગે છે?

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૦માં જયારે આ કાયદો આવ્યો અને પછી ૨ વખત વિધાનસભામાં એનો સુધારો આવ્યો ત્યારે એક વાત બહુ જ સ્પષ્ટપણે કહેવામાં આવી હતી કે જે જે બાબતો રેગ્યુલરાઈઝ થયેલી હોય જેમ કે જમીન સરકારી ન હોય, જમીન ઉપર પ્લાન મંજૂર કરાયેલા હોય, જમીન એન.એ. થયેલી હોય, રસ્તા વચ્ચે બાંધકામ થયેલ હોય, ફકત પોતાના પ્રિમાઈસીસની અંદર વધારાનું કંસ્ટ્રકશન જે કંઈ કરેલું છે એને જ રેગ્યુલરાઈઝ કરવાની આ કાયદામાં જોગવાઈ કરાયેલી હતી એટલે આ પ્રકારના સભ્યશ્રીના સૂચનો છે એ બાબતો આ પ્રકારના કાયદામાં આવરી લેવાયેલી નથી.

**શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા** : માનનીય અધ્યક્ષશ્રી, આ વિસ્તાર આખો લગભગ ૧૩.૫ કિલોમિટરનો છે , પોતાના મકાનો વર્ષોથી ૨૫-૫૦ વર્ષથી બાંધી દીધા છે એ એનો પોતાની માલિકી હકક પ્રાપ્ત કરી શકતા નથી તો એના માટે સરલીકરણ કરીને જે કંઈ જોગવાઈ ખાસ કરીને લેન્ડ રેવન્યુ અને શહેરી વિકાસ નીતિમાં સરકાર કરવા માગે છે કે કેમ?

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે આ કાયદાની મુદત પૂરી થઈ ગઈ છે. નવા કોઈ કાયદાની વિચારણા થશે ત્યારે સભ્યશ્રીનું સૂચન ધ્યાનમાં લઈશું.

**શ્રી જીતેન્દ્રભાઈ બા. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે આ પ્રકારની ઈમ્પેકટ ફીના કાયદા .ઘણી વખત ખૂબ જ કોમ્પલીકેટેડ હતા તો સરકારશ્રી આ આખી યોજનાનું સરલીકરણ કરે તો નાના માણસો, મધ્યમવર્ગના અને ગરીબ વર્ગના લોકોને આ કાયદાનો લાભ મળે એના માટે સરકારે શું કાર્યવાહી કરવા માગે છે?

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે સૂચન કર્યુ છે એ મુજબ આ કાયદાની અમલવારી ચાલુ હતી ત્યારે જ બધી જ મહાનગરપાલિકાને સૂચના આપી હતી કે આ કાયદાનું સરલીકરણ થોડુંક કરવું જોઈએ અને ખાસ કરીને ભૂકંપ પછીની સ્થિતિ અને એ સરલીકરણમાં જુદી જુદી બાબતોને ધ્યાનમાં લેવામાં આવી હતી. અગાઉ દરેક ભંગ માટે જુદી જુદી ફી ગણવાની પદ્ધતિ હતી એના બદલે યુનિટ દીઠ ફી લેવાનું નક્કી કર્યુ કે એક સોસાયટી હોય તો સોસાયટીમાં આખી સોસાયટીને પહેલા એના માટે આવવું ફરજીયાત હતું એના બદલે વ્યકિતગત યુનિટને દાખલ કર્યુ, એ જ પ્રમાણે સંપૂર્ણ ફલેટ હોય તો ફલેટમાંથી કોઈપણ એક યુનિટ આવે તો પણ એને કર્યુ, નાના લોકો માટે ૪૦ ચોરસ મીટર સુધીની ગણતરીમાંથી એમને મુકત કર્યા અને ૧૦૦૦ રૂપિયા ફી લઈને એને નિયમિતતા આપવા માટેની એક કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. ફોર્મ ડી મુજબ અને ભૂકંપ પછી સ્ટ્રકચરલ અને એન્જીનીયરના સહીસિકકા કરવાના હતા એમાં ગ્રાઉન્ડ અને પ્રથમ માળ માટે G.D.C.R.ના નિયમો મુજબ એને મુકિત આપવામાં આવી હતી અને એની સાથોસાથ લોડબેરીંગવાળા બાંધકામો માટે સ્ટ્રકચર, ફાયરબ્રિગેડ અને ટાઉન પ્લાનીંગનો જે કમિટીનો પરામર્શ લેતા હતા એ નાના હાઈ રાઈઝ બિલ્ડીંગ સિવાયના માટેની મુકિત આપવામાં આવી હતી.

**શ્રી ટપુભાઈ લીંબાસિયા** : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત હું એ જાણવા માગું છું કે, વિશાળ પાયા ઉપર આવા ગેરકાયદેસર કામો જે થયેલા છે એના માટે કોઈ જવાબદારી ફીક્સ કરીને જેમની મીઠી નજર તળે આ બાંધકામો થયા છે એવા કોઈ અધિકારીની જવાબદારી સરકાર ફીક્સ કરવા માગે છે કે કેમ?

**શ્રી ઈન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના તમામ સભ્યશ્રીઓને હું અભિનંદન આપવા માગું છું કે શહેરી વિકાસ વર્ષ ૨૦૦૫ દરમિયાન રાજયમાં મહાનગરપાલિકા અને નગરપાલિકાના લગભગ ૧.૨૩ લાખ બાંધકામો આવાં હતાં, અનઓથોરાઈઝ્ડ દબાણો હતાં એને દૂર કરવાની કાર્યવાહી કરી છે. રાજય સરકાર આગામી દિવસોમાં સુંદર અને સ્વચ્છ શહેરો બને એ માટે આવા જ્યાં જ્યાં બાંધકામોની અનિયમિતતા હશે એને દૂર કરવા માગે છે અને ચોક્કસ કાર્યવાહી કરશે.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, આ ગેરકાયદેસર બાંધકામોને કાયદેસર બનાવવા માટે ઈમ્પેક્ટ ફીના કાયદાનું નવેસરથી અમલીકરણ થાય તે માટે અમદાવાદ મ્યુનિસિપલ કોરપોરેશન તરફથી કોઈ દરખાસ્ત મળેલ છે? અને જો આવી દરખાસ્ત મળેલ હોય તો ક્યારથી અમલ કરવા માટે રાજય સરકાર દ્વારા પરવાનગી આપવામાં આવશે? બીજું એ જાણવા માગું છું કે આના અમલીકરણ વખતે જટિલ કાનૂની સમજના કારણે અપેક્ષા પ્રમાણે જે લાભ લેવાવો જોઈતો હતો તે લઈ શકાયો નથી. પણ મૂળ કાયદામાં નવા સુધારા તાકીદે કરી એનો લાભ વ્યાપક લોકો લઈ શકે એવું કાંઈ વિચારણા હેઠળ છે કે કેમ?

**શ્રી ઈન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : સભ્યશ્રીએ કહ્યું એ મુજબ જુદી જુદી નગરપાલિકાઓ અને મહાનગરપાલિકાઓ તરફથી અવાર નવાર રજૂઆતો મળી છે કે આ પ્રકારનો કાયદો ફરીથી લાવવામાં આવે. પણ આ કાયદો ત્રણ વર્ષ સુધી રહ્યો. સભ્યશ્રીએ કહ્યું એ મુજબ એમાં પૂરતા સુધારા પણ કર્યા, ભૂકંપ પછીની સ્થિતિ પછી ગ્રાઉન્ડ ફ્લોર વત્તા એક ફ્લોર અને લોડ બેરીંગ વાળા સ્ટ્રકચરમાં, ૪૦ મિટર સુધીના સ્ટ્રકચરોમાં ખૂબ રાહતો આપી આમછતાં, જે પ્રકારનું રેગ્યુલરાઈઝ કરવા માગતા હતા એમાં પૂર્ણ રીતે સહયોગ અને સાથ મળ્યા નહિ. જેટલી અરજીઓ આવી એની કાર્યવાહી કરેલ છે. હાલમાં નવા કાયદા માટે કોઈ વિચારણા ચાલતી નથી.

**વાપી નજીકના નામધા-ચંડોળ ગામમાં વાપી નગરપાલિકા દ્વારા ઘન કચરો નાંખવા બાબત**

***૧૪૫૨૭ શ્રી લક્ષ્મણભાઈ બા. પટેલ (પારડી) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

(૧) વલસાડ, જિલ્લાના વાપી નજીકના નામધા-ચંડોળ ગામમાં વાપી નગરપાલિકા દ્વારા બેફામ રીતે ઘન કચરો નાખવામાં આવે છે તે વાત સાચી છે,

(૨) સુપ્રીમ કોર્ટના આદેશ મુજબ કમ્પોઝ પ્લાન્ટ નાખવાનું નક્કી કરાયું હોવા છતાં તેમ થયું નથી, અને

(૩) આ ઘન કચરાનો યોગ્ય નિકાલ કરવા માટે સરકાર શું વ્યવસ્થા કરવા માગે છે?

**શહેરી વિકાસ મંત્રીશ્રી :**

(૧) ના જી.

(૨) અને (૩) કમ્પોઝ પ્લાન્ટ બનાવવા કન્સલ્ટન્ટની નિમણૂંક કરવામાં આવેલ છે.

**શ્રી લક્ષ્મણભાઈ બા. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું કે મારો પ્રશ્ન છે કે વલસાડ જિલ્લાના વાપી નજીકના નામધા-ચંડોળ ગામમાં વાપી નગરપાલિકા દ્વારા બેફામ રીતે ઘન કચરો નાખવામાં આવે છે એ વાત સાચી છે કે કેમ? મને જવાબ મળ્યો છે, ના જી. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આ ગૃહને જ્યારે હું મંદિર સમજું છું ત્યારે જેમણે મને જવાબ આપ્યો છે, જ્યાંથી જવાબ તૈયાર થયો છે, હું ગૃહમાં ખાતરીપૂર્વક કહેવા માગું છું કે વાપી નગરપાલિકા દ્વારા આજે પણ ૨૦ થી ૨૫ જેટલી ટ્રકો અને ટ્રેકટરો દ્વારા ઘન કચરો, મૃત જાનવર નામધા અને ચંડોળા ગામમાં ખુલ્લી જમીનમાં ઠાલવવામાં આવે છે. તો માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે જેમણે પણ આ જવાબ તૈયાર કર્યો છે, તાત્કાલિક અસરથી કોઈપણ સમિતિની રચના થાય, સ્થળનું નિરીક્ષણ થાય અને જો આ કચરો આજે ઠાલવેલો હોય તો આ કર્મચારીને શું શિક્ષા કરવા માગે છે? (અંતરાય) બીજા પેટા પ્રશ્નનો જે જવાબ આપ્યો છે, આ ગામડાનો પ્રશ્ન છે. સુપ્રીમ કોર્ટના આદેશ મુજબ કમ્પોઝ પ્લાન્ટ નાખવાનું નક્કી કરાયું હોવા છતાં તેમ થયું નથી, મને જવાબ મળ્યો છે કે અત્યારે કન્સલ્ટન્ટની નિમણૂંક કરવામાં આવી છે. સુપ્રીમ કોર્ટ દ્વારા પ્રત્યેક શહેરમાં કમ્પોઝ પ્લાન્ટ નાખવાના આદેશો ચાર વર્ષ પહેલા થયેલા છે તેમ છતાં અત્યારે માત્ર અને માત્ર આ કન્સલ્ટન્ટની નિમણૂંક કરવામાં આવી છે તો એના શું કારણો છે?

બીજું એ જાણવા માગું છું કે, નામધા-ચંડોળ ગામમાં ગ્રામસભા તા.૫-૯-૨૦૦૫ નાં રોજ થયેલી અને તે જ દિવસે માનનીય મુખ્યમંત્રીશ્રીને આ અંગેની જાણ અરજી દ્વારા કરવામાં આવેલી, તો તે દિવસથી આજ સુધી ગ્રામસભામાં જે ઠરાવ થયેલો અને સરકાર દ્વારા શું કાર્યવાહી કરવામાં આવેલ તેની જાણ કરવામાં આવી નથી તો (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : માનનીય સભ્યશ્રી જાણવા માગે છે કે, આપે જવાબ આપ્યો છે પણ અત્યારે આ નગરપાલિકા ત્યાં કચરો નાંખે છે, એવું એમનું કહેવું છે.

**શ્રી ઈન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : સાહેબ, એમના પ્રશ્નની જેમ મારો જવાબ પણ લાંબો થશે. કારણ કે, મારે ગૃહના તમામ સભ્યશ્રીઓનો આ કાર્ય માટે સાથ અને સહકાર જોઈએ છે. આ ગુજરાત માટે આગામી દિવસોનું શ્રેષ્ઠ કામ છે, ગુજરાતના તમામ સભ્યશ્રીઓનો મારે સાથ અને સહકાર જોઈશે એટલે હું પૂરી વિગત આપીશ,

**અધ્યક્ષશ્રી** : નહિ, વિગતની જરૂર નથી. માત્ર કચરો નાંખવા માગે છે કે કેમ? (અંતરાય) બધા બેસો, પ્લીઝ.

**શ્રી ઈન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, વલસાડ જિલ્લાના વાપી નગરપાલિકામાં જે સભ્યશ્રીએ રજૂઆત કરી છે એ મુજબ જે land filled site અને compost માટે એમની રજૂઆત છે. સમગ્ર દેશ માટે સુપ્રીમકોર્ટે solid waste માટે થઈને કમિટીની રચના કરી છે તેણે ચૂકાદો આપ્યો, જેના માટે સમગ્ર દેશના તમામ રાજ્યો, તમામ નગરપાલિકા, મહાનગરપાલિકામાં રાજ્ય સરકાર માનવા માટે બંધાયેલી છે. અને આ કાર્ય (અંતરાય) ગોવાભાઈ તમને જ્યાં સુધી સંતોષ ના થાય ત્યાં સુધી અને અધ્યક્ષશ્રી સમય આપે તો અડધો કલાક સુધી જવાબ આપવા તૈયાર છું. (અંતરાય) ભાષણ નથી, એમના પ્રશ્નનો જવાબ જ છે. માનનીય અધ્યક્ષશ્રી, બધું કહીશ ગોવાભાઈ, એકનો તો જવાબ પૂરો થવા દો. રાજ્ય સરકારે આના માટેની કાર્યવાહી કરી GPCB ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડે એના નોર્મ્સ બનાવ્યાં છે એના પછી આ બધી વ્યવસ્થા ઊભી કરી છે. આ મુજબ ચંડોળ ગામ પાસેની સાઈડ ઉપર ૧-૧૨-૨૦૦૫ થી આ land filled site માટેની આ કાર્યવાહી શરૂ થઈ. સુપ્રીમ કોર્ટે જે ગાઈડ લાઈન આપી છે એ ગાઈડ લાઈન મુજબ GPCB એ જે નોર્મ્સ તૈયાર કર્યા છે એ નોર્મ્સ મુજબ આ કાર્યવાહી થઈ છે. ૧૪૧ નગરપાલિકામાં ૫૯ જેટલી આ પ્રકારની સાઈડ નક્કી કરેલી છે. (અંતરાય) ભીખાભાઈ, તમારે આ જવાબ સાંભળવો પડશે. (અંતરાય) માધુભાઈ, જવાબ ખોટો લાગતો હોય તો તમે ગમે ત્યારે નિયમોનુસારની કાર્યવાહી કરી શકો છો. હું એ માહિતી ફકત અને ફકત સાચી આપું છું.(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી આપ બેસો, એક મિનિટ. માનનીય સભ્યશ્રીઓ જુઓ, એક બાજુ સભ્યશ્રી ના પાડે છે અને મંત્રીશ્રી "આ વ્યવસ્થા કરી છે" એવું કહેવા માગે છે, તો એમનો જવાબ સાંભળો પડે. જવાબ તેઓ કહે છે એ નિયમ પ્રમાણે આપી રહ્યા છે એ પહેલાં આપ સાંભળો.

**શ્રી ઈન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, આ કાર્યવાહી land filled site ૧૪૧ નગરપાલિકા માટે ૫૯ land filled site નક્કી કરવામાં આવી અને ૫૯ land filled siteની GPCBએ સ્વીકારી, જે સુપ્રીમ કોર્ટનું direction છે એ મુજબ ચકાસણી વિવિધ મુદ્દાને ધ્યાનમાં લઈને ચકાસણી કરીને એને મંજૂરી આપવામાં આવી. આ ગૃહના સભ્યશ્રીઓનું હું ધ્યાન દોરવા માગુ છું કે સુપ્રીમ કોર્ટે એ કાર્યવાહી માટે monitoring committee નીમેલી છે અને ટૂંકા દિવસોમાં, કેટલાક મહિના પહેલા સુપ્રીમ કોર્ટની monitoring committee ગુજરાતની મુલાકાતે આવી અને એણે લખ્યું છે કે સમગ્ર દેશમાં સોલીડ વેસ્ટ મેનેજમેન્ટમાં સૌથી શ્રેષ્ઠ પ્રક્રિયા જો કોઈએ કરી હોય તો એ ગુજરાત રાજ્ય એ કરી છે અને આ પ્રક્રિયાના ધોરણે સમગ્ર દેશે આગળ વધવું પડે. હાલમાં તમામ સાત મહાનગરપાલિકામાં અને ૧૦૫ નગરપાલિકામાં door to door શરૂ કર્યુ છે. માનનીય સભ્યશ્રીની લાગણી ત્યાં ગંદકી ના થાય તેના માટેની છે. આના માટે જે પણ direction આપ્યું છે એ land filled site મુજબ નિયમોનુસાર કાર્યવાહી કરી છે. Land filled siteમાં પહેલા જેસીબી દ્વારા ખોદવામાં આવે છે પછી કચરો નાંખવામાં આવે છે પછી ઉપર માટી નાખે છે અને જરૂર પડે તો દવાનો પણ ઉપયોગ કરવામાં આવે છે અને એટલા માટે થઈને આ સાઈટ નકકી કરી છે અને જી.પી.સી.બી.ના નિયમો મુજબ યોગ્ય સાઈટ નકકી કરી છે (અંતરાય).

**મહુવા તાલુકાના ગુંદરણી ગામથી જાદરા ગામ સુધીનો રસ્તો બિસ્માર હોવા બાબત**

***૧૪૩૩૪ ડૉ. કનુભાઈ કળસરિયા (મહુવા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) મહુવા તાલુકાના ગુંદરણી ગામથી નાના જાદરા ગામ સુધીનો રસ્તો અત્યંત બિસ્માર હાલતમાં છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો આ રસ્તાનાં પેવરકામ કરવા માટે સરકારનું શું આયોજન છે, અને

(૩) તે કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી :**

(૧) ,(૨) અને (૩) રસ્તો વાહન વ્યવહાર લાયક છે, રિસરફેસિંગ કરવાનું હાલ કોઈ આયોજન નથી.

**ડૉ. કનુભાઈ કળસરિયા :** માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે આ પ્રશ્ન પૂછયો ત્યારે રસ્તો ખરેખર બિસ્માર હાલતમાં, નૉન ટ્રાફિકેબલ હતો પરંતુ આટલા ટૂંકાગાળામાં વિભાગે તાબડતોબ, જોરદાર જહેમત ઉઠાવી, અત્યારે રસ્તો ટ્રાફિકેબલ કરી દીધો છે એટલે વિભાગને અને ખાસ કરીને માનનીય મંત્રીશ્રીને ખૂબ ખૂબ અભિનંદન આપું છું અને હવે પછી એનું પેવર કામ કરવા માટેનું કોઈ આયોજન નથી એવો જે જવાબ આપ્યો છે, તો હું આશા રાખું છું કે, એને વહેલીતકે જોબ નંબર આપી મંત્રીશ્રી ક્યારે રિસરફેસિંગ કરવા માગે છે?

**શ્રી ઈન્દ્રવિજયસિંહ કિ. જાડેજા :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીઓને વિવિધ જોબ નંબરો આપવામાં આવે છે એમાં આ કામનો ધારાસભ્યશ્રી દ્વારા સમાવેશ થયેલ નહતો આમછતાં ધારાસભ્યશ્રીની લાગણી છે એટલે લગભગ આ વર્ષની અંદર આને રિકાર્પેટિંગની કાર્યવાહી પૂરી કરાવી દઈશું.

**શ્રી કાળુભાઈ વી. વીરાણી :** માનનીય અધ્યક્ષશ્રી, મારે એ જાણવું છે કે, ધારાસભ્યશ્રીએ કહ્યું કે, પ્રશ્ન દાખલ કર્યો અને તાબડતોબ રસ્તો સારો થઈ ગયો, તો અમારે પ્રશ્નો દાખલ કરવાનાને જે રસ્તાઓ ખરાબ હોય, તો મંત્રીશ્રી આના માટે શું કહેવા માગે છે ?

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિઆ :** માનનીય અધ્યક્ષશ્રી, મારી એટલી જ વાત છે કે, આ ડૉ. કલસરીયા સાહેબ અને માનનીય મંત્રીશ્રીનું આ રસ્તો કરાવવાનું અને અભિનંદન આપવાનું, મેચ ફીકસિંગ **(XXX)** તો નહતું ને આ?

**શ્રી ઈન્દ્રવિજયસિંહ કિ. જાડેજા :** માનનીય અધ્યક્ષશ્રી, શ્રી અર્જુનભાઈએ કહ્યું પરંતુ કૉંગ્રેસના ધારાસભ્યશ્રીઓને પણ અનુભવ છે કે કોઈ રસ્તા માટે એમની ફરિયાદ આવે, ભા.જ.પ.ના જ નહીં આ ગૃહના કોઈપણ ધારાસભ્યશ્રીની રસ્તા માટે ફરિયાદ આવે તો તાત્કાલિક ધ્યાન ઉપર લેવામાં આવે છે. એમના રસ્તાની વાત સાચી હતી, જંગલ કટિંગ હતું અને બાકીનું કામ કરવાની જરૂરિયાત હતી એ કરાવેલ છે અને બાકીની પણ કાર્યવાહી જયાં જયાં સુચનો છે એ મુજબ ધોરણસર હાથ ધરવામાં આવશે.

**શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા :** માનનીય અધ્યક્ષશ્રી, આ ગામના રસ્તાની ૨૦૦૪માં પણ ફરિયાદ આવેલ, ૨૦૦૫ના ડિસેમ્બર મહિનામાં હું પણ ત્યાં ગયેલો, એક ફૂટ જેટલા ખાડાઓ હતા અને સાચા અર્થમાં આ રજૂઆત થયા પછી જ થયો છે એટલે જેમ કાળુભાઈ કહે છે એમ આજ પ્રકારે જો કામ કરવાનું હોય તો બધા જ પ્રશ્નો દાખલ થાય તો બધાનો ઉકેલ આવે પરંતુ આવું ફરીથી ના બને અને રજૂઆતો તુરત જ ધ્યાનમાં લેવામાં આવે એટલું મારે માનનીય મંત્રીશ્રીને કહેવું છે.

**શ્રી ઈન્દ્રવિજયસિંહ કિ. જાડેજા :** સભ્યશ્રીએ લાગણી વ્યક્ત કરી હોય પરંતુ અહીંયાં બેઠેલા બધા જ લોકો જાણે છે કે, જે મર્યાદાઓ છે એ મર્યાદાઓની અંદર કાર્ય કરવાનું હોય છે એટલે ધારાસભ્યશ્રીનો પ્રાયોરિટીમાં આને લીધો હોત અને પેલા સૂચવ્યો હોત તો આ રસ્તો કરી આપત આમ છતાં રસ્તો કરવો યોગ્ય છે એટલે ચોક્કસ કરીશું.

**પ્રવાસન વર્ષ નિમિત્તે ડાંગ જિલ્લાના પ્રવાસન ધામોમા વિકાસ માટે ફાળવેલ રકમ**

***૧૩૯૦૩ શ્રી માધુભાઈ જે. ભોયે (ડાંગ-વાંસદા) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી ( રાજયકક્ષા)** જણાવવા કૃપા કરશે કે:-

૨૦૦૬ના પ્રવાસન વર્ષ અંતર્ગત રાજય સરકારે ડાંગ જિલ્લામાં પ્રવાસ ધામોના વિકાસ માટે કેટલી રકમ ફાળવી?

**પ્રવાસન મંત્રીશ્રી (રાજયકક્ષા) :**

સન ૨૦૦૬-૨૦૦૭ના અંદાજપત્રમાં જરૂરી જોગવાઈ માટે દરખાસ્ત કરવામાં આવી છે. તેથી હાલમાં કોઈ રકમ ફાળવી નથી.

**શ્રી માધુભાઈ જે. ભોયે :** માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારે ચાલુ વર્ષે પ્રવાસન વર્ષ ઉજવવાનું નક્કી કર્યુ છે, જ્યારે પ્રવાસન વર્ષ ઉજવવાનું નક્કી કર્યુ છે ત્યારે મારે એ જાણવું છે કે, ગુજરાતમાં એક ટુરિઝમ સાપુતારા ગિરિમથક છે, સાપુતારા ગિરિમથકમાં આજ સુધી રાજય સરકારે કેટલી ગ્રાન્ટ ફાળવી અને દિવસે દિવસે સાપુતારામાં આવતા ટુરિસ્ટો ઓછા થતા જાય છે તો એને વિકસાવવા માટે રાજય સરકાર ગ્રાન્ટ ફાળવવા માગે છે કે, કેમ અને બીજાં જે ધામો છે એ વિકસાવવા માટે સરકારે શું આયોજન કર્યુ છે ?

**શ્રી સી.ડી.પટેલ:**માનનીય અધ્યક્ષશ્રી, માધુભાઈએ જે ત્રણ પ્રશ્નો પૂછયા છે ગુજરાતના મુખ્યમંત્રીશ્રીએ આ ૨૦૦૬ના વર્ષને પ્રવાસન વર્ષ તરીકે જાહેર કર્યું છે અને ગૃહના તમામ સભ્યશ્રીઓને હું અભિનંદન આપું

છું કે પ્રવાસન વર્ષ તરીકે ગુજરાતની વાત, ગુજરાતનું આતિથ્ય, ગુજરાત દુનિયા અને દેશના પ્રવાસન નકશા ઉપર વિકસે એ માટે સૌ ધારાસભ્યશ્રીઓએ સાથે મળીને રાજયના અને દેશના ૯ રાજયોમાં પ્રવાસ કરીને ગુજરાતની વાત પહોંચાડી છે એટલે સૌને અભિનંદન આપું છું. માધુભાઈના પ્રશ્નોનો જવાબ આપું છું. સાપુતારામાં ડાંગ જિલ્લા માટે કલેકટરશ્રીની દરખાસ્ત આવેલી છે. ૨૦૦૬નું બજેટ વિનિયોગ વિધેયક પસાર થયા બાદ એમાં કેટલી રકમ ફાળવી છે એની સ્પષ્ટતા થશે, એને મંજૂરી મળશે પણ મહાલ કેમ્પ સાઈટ વિકાસના કામે કલેકટર તરફથી મળેલ દરખાસ્ત રૂ.૧૮,૫૦,૦૦૦ની છે. આપ શબરી ધામ કહો છો, એને શ્રદ્ધાનું સ્થાન માનો છો અને રામ રાજય બનાવવા તરફ ૨૦૦૬ના પ્રવાસન વર્ષમાં જઈ રહ્યા છીએ ત્યારે શબરી ધામ પમ્પા સરોવર સુધી પહોંચાડવા માટે રૂ.૪૦,૫૦,૦૦૦ પમ્પા સરોવર ખાતે કાયમી પાણીની સુવિધા ઉપલબ્ધ થાય, ગિરા દોધ વદૈ વિસ્તારમાં રેલીંગ, વન કુટિર બનાવવા માટે, પાંડવ ગુફામાં પહોંચાડવા માટે વગઈ ગામે રસ્તા અને ફૂટપાથ બનાવવા માટે, માયાદેવીના સ્થળે નૉન વિલેજ સાઈટના માટે અને આહવા નવાપુરા રોડ સ્ટેટ હાઈવે માટે કલેકટરશ્રીની રૂ..૬,૭૨,૫૦,૦૦૦ની દરખાસ્ત છે.

બીજો પ્રશ્ન એ છે કે સાપુતારા ગિરિમથકમાં ફાઉન્ટન ફુવારા બનાવવાની યોજનામાં ૬,૩૦,૬૮૦, સાપુતારા ગિરિમથકે કોમ્પ્યુટરાઈઝ ટોલ ટેકસ નાકુ અને રોડ વાઈન્ડીંગ માટે થઈને ૧૯ લાખ રુપિયા, સાપુતારા ગિરિમથકે ફૂટપાથ બનાવવા માટે ૧૩ લાખ રૂ. સાપુતારા ગિરિમથકે સ્નાનાગૃહ, પે એન્ડ યુઝ બનાવવાની કામગીરીમાં ૨૪લાખ, સનરાઈઝ પૉઈન્ટ સરકાર બધાને સનરાઈઝ પૉઈન્ટથી જોવડાવવા માગે છે અને ચિંતા કરે છે એને માટે ૨૪ લાખ. ઈકોપોઈન્ટની પણ ચિંતા કરવામાં આવી છે. ત્યાં સાપુતારા ગિરિમથકે વનકુટીર બનાવવા માટે, પેન્ટ હાઉસ બનાવવાનું પણ આયોજન છે. સાપુતારા સુધારણા, પાણી પુરવઠા કામગીરી યોજના નીચે ૨,૫૯,૦૦૦ અને સાપુતારામાં ભૂગર્ભ ગટર જળ યોજના માટે ૨,૯૯,૦૦૦ની દરખાસ્ત છે. ગુજરાતના બજૅટમાં જેનો સમાવેશ થાય છે, આહવાને સુંદર બનાવવા માટે આહવામાં ફુવારા, રસ્તા, સન પોઈન્ટ માટે ૮૧૦ લાખ. તો મારે આપને કહેવું છે કે સાપુતારામાં ભારત સરકારે પણ આ સ્થાનનો મહિમા વધારવા અને ચિંતા કરવા માટે ટ્રાયબલ હાર્ટની પરિયોજના સાપુતારા ખાતે મૂકી છે. સાપુતારા ટ્રાયબલ હાર્ટની પરિયોજના ખાતે ભારત સરકાર દ્વારા મંજૂર કરવામાં આવેલા ૧૩૨ લાખમાંથી ૯૨,૭૦,૦૦૦ ભારત સરકારના અને ગુજરાત સરકારનો ૩૯,૩૦,૦૦૦નો ફાળો થઈને ૨૫ દુકાનો, પાંચ સ્ટૉલ, બે વર્કશોપ, ડીસ્ટેલ એરિયા માટે તાલીમ રૂમ, નાનો કાફેટેરીયા, રેસ્ટ રૂમ ઉપરાંત ટોયલેટ, પે એન્ડ યુઝ સહિત તમામ કામગીરી કરવામાં આવી છે. માનનીય ધારાસભ્યશ્રીએ ત્રણ પ્રશ્નો પૂછયા છે એનો જવાબ આપુ છું. સાપુતારાને ધ્યાનમાં રાખીને જ આપું છું. એમણે પ્રશ્ન પૂછ્યો છે, એનો જવાબ છે. માનનીય સભ્યશ્રીએ કહ્યું છે તે મુજબ રાજ્ય સરકારે નાણાકીય વર્ષમાં આ કામગીરી આગળ વધારી છે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : જે પ્રશ્ન પૂછાય એનો જવાબ આપો.

**શ્રી સી.ડી. પટેલ** : માત્ર ૩ પ્રશ્ન પૂછયા છે. માધુભાઈ ખુશ છે. એમના પ્રશ્નનો જવાબ મળ્યો છે.

**શ્રી અશોક ભટ્ટ** : જે યોજનાઓ બતાવી છે એ કહે છે. જે કરવાની છે એ કહે છે.

**ડૉ. સી. જે. ચાવડા** : માનનીય અધ્યક્ષશ્રી, આ વર્ષે પ્રવાસન વર્ષ તરીકે ઊજવાય છે. વલસાડ અને ડાંગ જિલ્લામાં પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડમાં કેટલાં સ્થળો ઉમેર્યાં એટલું જણાવો?

**અધ્યક્ષશ્રી** : ડાંગ જિલ્લાનો પ્રશ્ન છે. ડાંગ જિલ્લાના જ કહો?

**ડૉ. સી. જે. ચાવડા** : ડાંગ જિલ્લાના.

**શ્રી સી.ડી. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ડાંગ જિલ્લાનાં મૂળ જે પ્રવાસન સ્થળો છે એ અને એમાં આ વર્ષે કલેક્ટર તરફથી આવેલી દરખાસ્ત કલેક્ટરશ્રીએ જે નોંધ આપી છે. સભ્યશ્રી સી.જે.ચાવડાએ જે પ્રશ્ન કર્યો છે, એમાં સુબીર શબરી ધામ, પંપા સરોવર એવી રીતે રૂગડઢ કિલ્લો, કાળીબેટ, માયાદેવી, ભેંસકાળી અને નર્મદા દેવ, બોરખળ આ સ્થાનોનો ઉમેરો કરવામાં આવ્યો છે. આ ઉપરાંત અન્ય જાણીતાં સ્થળો છે, એને ૪ વિભાગમાં પ્રવાસન સ્થળને વહેંચીએ છીએ. એકમાં આંતરરાષ્ટ્રીય કક્ષાના પ્રવાસન સ્થળ તરીકે વિકસાવી શકાય.

**ડૉ. સી. જે. ચાવડા** : ઉમેર્યા એ કહો?

**શ્રી સી.ડી. પટેલ** : એ જ કહું છું.

**અધ્યક્ષશ્રી** : કહ્યા, એમણે. તમારો પ્રશ્ન પૂરો થાય છે.

### જેતપુર-પાવી તાલુકાને સિંચાઈનો લાભ આપવા બાબત

***૧૫૪૨૩ શ્રી વેચાતભાઈ હ. બારિયા (પાવી-જેતપુર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

(૧) જેતપુર-પાવી તાલુકાનો ઉત્તર-દક્ષિણ વિભાગ બિન પિયત વિસ્તાર છે, તે સરકાર જાણે છે અને

(૨) જો હા, તો તેને સિંચાઈનો લાભ આપવા કોઈ આયોજન છે?

**જળસંપત્તિ મંત્રીશ્રી :**

(૧) અંશત:બિન પિયત વિસ્તાર છે.

(૨) સર્વેક્ષણ તથા તાંત્રિક ચકાસણી કરી આયોજન કરવામાં આવશે.

**શ્રી વેચાતભાઈ હ. બારિયા** : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે મારો જેતપુર-પાવી તાલુકો મધ્ય વિસ્તાર છે અને સુખી કમાન્ડ એરિયામાં સમાવિષ્ટ છે, પરંતુ ઉત્તર અને દક્ષિણના આ બે વિસ્તાર બિન પિયત અને ટેકરાળ વિસ્તાર છે એના માટે પૂછ્યું છે. બિનપિયત વિસ્તાર ૫૦ ટકા છે. પિયતમાં ફેરવવા માટે કોઈ યોજના છે કે કેમ? એમાં જણાવ્યું છે કે સર્વેક્ષણ તથા તાંત્રિક ચકાસણી કરી આયોજન કરવામાં આવશે તો આયોજન ક્યારે કરવામાં આવશે અને કયા પ્રકારનું કરવામાં આવશે?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, પાવી જેતપુર આદિવાસી વિસ્તાર છે અને સુખી ડેમ આધારિત એની યોજનાનું કામ કરેલ છે. એની અંદર લગભગ ૧૩,૪૯૦ હેક્ટર જેટલો વિસ્તાર પાવી જેતપુર તાલુકાને આપવામાં આવે છે, પરંતુ ઉત્તર અને દક્ષિણ બંને વિભાગ આદિવાસી વિસ્તાર, જંગલનો વિસ્તાર હોવાના કારણે, ઊંચો નીચો હોવાના કારણે પાણી કેનાલ દ્વારા આપી શકાતું નથી, પરંતુ દક્ષિણનો ભાગ છે ૧૧૧૧ હેક્ટર અને ૧૨૧૩ હેક્ટર જેટલી દક્ષિણમાં સિંચાઈ આપી શકાય છે, પરંતુ ત્યાં આગળની ભૌગોલિક પરિસ્થિતિ જોતાં અન્ય રીતે કોઈ અન્ય વિકલ્પ આપ્યા સિવાય છૂટકો નથી. પાવી જેતપુરમાં લગભગ ૧૭૧ ચેકડેમ બાંધીને વોટર કન્ઝર્વેશન કરવાનું શરૂ કર્યુ છે. ઉત્તરમાં ૬૧ ચેકડેમ બાંધ્યા છે. અને દક્ષિણમાં ૮૮ મધ્યમાં ૨૨ ચેકડેમ બાંધવાનું આયોજન કર્યુ છે. ત્યાં બાકી જે નદીનો વિસ્તાર છે, એમાં ૮ મોટા ચેકડેમ હાથમાં લીધા છે અને ૮ કરોડ રૂપિયાનો ખર્ચ કરીને પાણીનું કન્ઝર્વેશન કરવાનો પ્રયત્ન કર્યો છે.

**શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, જેતપુર પાવી તાલુકાનો જે ઉત્તર દક્ષિણ વિભાગ બિન પિયત વિસ્તાર છે. સરકાર જાણે છે એટલે અને માનનીય મંત્રીશ્રીએ જવાબ આપ્યો છે અંશત: બિન પિયત વિસ્તાર છે એટલે કે અંશત: પિયત વિસ્તાર છે. પાવી જેતપુરથી સુખી કેનાલ પાવી જેતપુરમાં થઈને જાંબુઘોડા આવે છે. પાવી જેતપુર વિસ્તારમાં જે સુખી કેનાલ છે તે ઘણી વખત તૂટી જાય છે એટલે પિયત માટે જે પાણી જાંબુઘોડા તાલુકામાં આવવું જોઈએ તે આવતું નથી. તેના માટે સરકારમાંથી ગ્રાન્ટ મંજૂર થઈ છે પણ લાગતા વળગતા વિભાગના અધિકારીશ્રીઓ આ કામ સમય મર્યાદામાં કરતા નથી એટલે જ્યારે પાણીની જરૂરિયાત હોય ત્યારે પાણી સમયસર મળતું નથી. અધિકારીઓની નિષ્કાળજીને કારણે મેઈન કેનાલ નથી થતી તો માનનીય મંત્રીશ્રી તેવા અધિકારીઓ સામે પગલાં ભરવા માગે છે કે કેમ? અને અમારા ખેડૂતોને સમયસર પાણી નથી મળતું તેના માટે સરકાર શું આયોજન કરવા માગે છે?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીનું જે સૂચન છે તેના ઉપર ગંભીરતાથી પગલાં ભરવામાં આવશે અને જે વિસ્તારોને પાણી મળતું નથી તે ખેડૂતોને પાણી મળે તેવી વ્યવસ્થા કરવામાં આવશે.

**ડૉ. અનિલ જોષીયારા** : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે આ પાવી જેતપુર તાલુકામાં સુખી ડૅમ આવેલ છે અને તેની ઉપરના ભાગમાં ઉત્તર દક્ષિણ વિભાગમાં આદિવાસી પટ્ટી રહેલી છે. દરેક આદિવાસી વિસ્તારોમાં મોટાભાગે નાના મોટા ચેકડેમની વાત થાય છે પણ તેના માટે કાયમી ઉકેલ સરકાર વિચારતી નથી. ત્યારે માનનીય મંત્રીશ્રીને પૂછવું છે કે આ જે ડૅમ છે તે ડૅમમાંથી લિફ્ટ કરીને પાણી આપવા માગો છો કે કેમ?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીનું સૂચન છે. અગર જો ઇકોનોમિકલ હશે તો જરૂર વિચારવામાં આવશે.

## રાજયમાં સિંચાઇ માટે તળાવો ઊંડા કરવા બાબત

***૧૪૨૬૩ શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિદ્ધપુર)** : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,-

(૧) ડિસેમ્બર-૨૦૦૫ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં રાજયમાં સિંચાઇ ઉપલબ્ધ કરાવવા માટે રાજય સરકાર દ્વારા જિલ્લાવાર કુલ કેટલાં તળાવો ઊંડા કરાવવામાં આવ્યાં, અને

(૨) આ માટે જિલ્લાવાર કુલ કેટલું ખર્ચ કરવામાં આવ્યું?

**જળસંપત્તિ મંત્રીશ્રી:**

(૧) અને (૨) રાજયમાં સિંચાઇ માટે તથા અન્ય હેતુ માટે ઊંડા કરાયેલ તળાવો અને થયેલ ખર્ચની ડિસેમ્બર-૨૦૦૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષની જિલ્લાવાર માહિતી નીચે દર્શાવ્યા મુજબ છે.

| જિલ્લાનું નામ | ઉંડા કરેલ તળાવોની સંખ્યા | થયેલ ખર્ચ રૂા. લાખમાં. |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ગાંધીનગર | ૭૮ | ૩૪૫.૧૪ |
| મહેસાણા | ૧૬૫ | ૧૦૮૫.૧૯ |
| બનાસકાંઠા | ૫૪ | ૨૮૯.૯૧ |
| પાટણ | ૮૦ | ૫૩૩.૯૯ |
| સાબરકાંઠા | ૨૫ | ૯૬.૩૩ |
| અમદાવાદ | ૭૫ | ૨૭૪.૮૫ |
| નર્મદા | ૦૪ | ૧૨.૦૯ |
| વલસાડ | ૧૧ | ૧૧.૬૫ |
| સુરત | ૦૮ | ૨૪.૬૦ |
| નવસારી | ૧૬ | ૭૬.૬૦ |
| ખેડા | ૧૧ | ૩૫.૪૫ |
| આણંદ | ૦૩ | ૧૨.૪૧ |
| સુરેન્દ્રનગર | ૫૨ | ૧૮૩.૬૬ |
| જુનાગઢ | ૩૮ | ૧૦૧.૧૫ |
| પોરબંદર | ૦૭ | ૨૮.૪૧ |
| ભાવનગર | ૫૫ | ૧૯૬.૪૭ |
| અમરેલી | ૨૧ | ૯૪.૭૩ |
| જામનગર | ૭૫ | ૧૪૭.૦૦ |
| કચ્છ | ૨૬ | ૧૦૦.૧૬ |
| રાજકોટ | ૩૮ | ૧૦૪.૭૭ |
| ભરૂચ | ૦૧ | ૦૧.૯૪ |
| વડોદરા | ૦૨ | ૦૫.૯૦ |
| પંચમહાલ | ૦૬ | ૪૪.૯૮ |
| દાહોદ | ૦૩ | ૦૩.૪૮ |
| કુલ.... | ૮૫૪ | ૩૮૧૦.૮૬ |

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, મેં જે પ્રશ્ન પૂછયો છે તેમાં એવું જણાવવામાં આવ્યું છે કે ૮૫૪ તળાવો ૩૮ કરોડ ૧૧ લાખ રૂપિયાના ખર્ચે ગુજરાતમાં જુદા જુદા સ્થળે તળાવો બનાવવામાં આવ્યાં છે. છેલ્લા એક વર્ષનો મારો અનુભવ રહયો છે કે મારા સિધ્ધપુર મત વિસ્તારની અંદર મેં અવાર નવાર કેટલાય કાગળો લખીને તળાવો માટે રજૂઆત કરેલ છે. તેના અનુસંધાનમાં મને જવાબ મળ્યો છે કે સરકારની તળાવો માટેની યોજના છે તે યોજનાઓમાં આ વર્ષે બજેટ જે ફાળવણી કરવામાં આવશે, તો તે માટે બજેટ ફાળવ્યું નથી તે વાત સાચી છે? અને જો પૈસા ન ફાળવવાના કારણે આજે જે ગામડાઓની અંદર દસ દસ ટકા પૈસા આજે તળાવો માટે કેટલાય ટાઈમથી ભર્યા છે તે કામ પેન્ડિગ છે તે કયારે પૂર્ણ કરવામાં આવશે?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ સરકારની નીતિ રહી છે કે જે ગામડાઓને ત્યાં આગળ પાણી મળતું નથી તેવા સૂકા વિસ્તારમાં તળાવો ખોદવાની અમારી સરકારની નીતિ રહી છે. હા, માનનીય સભ્યશ્રીએ કહયું કે જે દસ ટકા પૈસા ભરવામાં આવ્યા છે તેને આયોજનબદ્ધ રીતે હાથમાં લઈએ છીએ. મારે તેમનું ધ્યાન દોરવું છે કે સરકારે આજસુધીમાં ૭૭૬૭ અરજીઓ આવેલ છે તેની સામે ૫૭૯૪ તળાવો તૈયાર કર્યા છે. તે પૈકીના આપણે બે વર્ષમાં આપનો પ્રશ્ન છે ૮૫૪ તળાવો બનાવ્યા છે, આપનું સૂચન છે તેના આધારે થયું છે. ઉત્તર ગુજરાતને સંબંધ છે ત્યાં સુધી તળાવોમાં ચોમાસાનું વરસાદનું પાણી રિઝર્વ કરવામાં આવશે.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, બજેટમાં છેલ્લા એક વર્ષમાં પૈસા ફાળવ્યા છે કે નહીં. મેં જયારે આવો પ્રશ્ન પૂછયો છે ત્યારે મને જવાબ મળ્યો છે કે બજેટમાં પૈસા નહીં ફાળવવાને કારણે આજે કામ પેન્ડિગ છે.

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારો જવાબ છે ૮૫૪ તળાવો માટે ૩૮ કરોડ રૂપિયાનો ખર્ચ અગર નાણાં ન ફાળવ્યા હોય તો ખર્ચ કેવી રીતે કરાય? ફાળવ્યા વગર ૩૮ કરોડ કેવી રીતે થયો?

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, કેટલા પૈસા ફાળવ્યા છે તે પૂછયું છે. સરકારે કેટલી રકમ ફાળવી? રકમ કહેવામાં શું વાંધો હોય. એક વર્ષમાં સરકારે ફાળવ્યા હોય તો નરોત્તમકાકા સ્પષ્ટ કહે કે આટલા ફાળવ્યા છે.

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ૩૮ કરોડ રૂપિયાનો ખર્ચ કર્યો છે. તે ફાળવેલ રકમ પૈકીની જ છે.

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું કે છેલ્લા બે વર્ષમાં રાજયના જે જુદા જુદા જિલ્લાઓમાં તળાવો ઊંડા કરવા માટેની રકમની જોગવાઈ છે એના અનુસંધાને મહેસાણા જિલ્લામાં સૌથી વધારે તળાવોના કામ કરવામાં આવ્યાં છે. સૌથી વધારે ખર્ચ કરવામાં આવ્યો છે, એવી જ રીતે પાટણ જિલ્લામાં પણ વધારે ખર્ચ કરવામાં આવ્યો છે પણ એવી રીતે બીજા જે જિલ્લાઓ છે એમાં વડોદરા જિલ્લામાં બે તળાવો માટે, દાહોદ જિલ્લામાં ત્રણ તળાવો માટે અને આણંદમાં ફક્ત ત્રણ તળાવો માટે કામ કરવામાં આવેલ છે ત્યારે હું એ જાણવા માગું છું કે, આ જિલ્લાઓમાંથી માગણીઓ ઓછી આવી હતી કે કેમ અથવા ત્યાં તળાવો ઓછાં છે કે કેમ અથવા ત્યાં નબળી કામગીરી થવાના કારણો શું છે ?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ભૌગોલિક દૃષ્ટિએ જોઈએ તો મધ્ય ગુજરાતનો જે આણંદનો જે ભાગ છે, જ્યાં અરજીઓ ઓછી આવી છે ત્યાં ઓલરેડી તળાવો છે અને સિંચાઈના પાણી કેનાલો દ્વારા તળાવો ભરવામાં આજે પણ આવે છે, મેં અગાઉ કહ્યું કે, ૭૭૦૦ તળાવો જે છે, આ પહેલાં જે વિસ્તારોમાં તળાવો ખોદ્યા છે ત્યાં તળાવો ખોદવાના જરૂરી નથી પણ જ્યાં સૂકા વિસ્તારો છે જ્યાં વરસાદનું પાણી પ્રિઝર્વ કરવાનું સરકારને લાગ્યું, જ્યાં આગળ વધારે તળાવોની માગણી આવે છે અને ત્યાં અમે તળાવો ખોદીએ છીએ, આ બે વર્ષનું લિસ્ટ છે એના ઉપરથી સમગ્ર ગુજરાતની તાસીર ન હોઈ શકે અને આપને જોઈતી હોય તો આપણને બતાવું, મારી પાસે લિસ્ટ છે. આખું લિસ્ટ વાંચી જવા તૈયાર છું

**અધ્યક્ષશ્રી**: ના, પ્લીઝ, બરાબર છે.

### ગઢડા અને ઉમરાળા તાલુકામાં આવેલ રેસ્ટ હાઉસનું મરામત કામ કરવા બાબત

***૧૩૯૪૮ શ્રી પ્રવિણભાઈ ટી. મારુ (ગઢડા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) ભાવનગર જિલ્લામાં ગઢડા અને ઉમરાળા તાલુકામાં આવેલ રેસ્ટ હાઉસ જર્જરિત થયાં છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો આ રેસ્ટ હાઉસનું મરામત સરકાર કયાં સુધીમાં કરવા માગે છે ?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી :**

(૧) અને (૨) બંને રેસ્ટ હાઉસ વપરાશમાં છે.

**શ્રી પ્રવિણભાઈ ટી. મારુ** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયમાં છેલ્લા એક બે વર્ષમાં કેટલા ગેસ્ટ હાઉસ માટે મરામત કરવાનું સરકારનું આયોજન હતું અને ભાવનગર જિલ્લામાં કેટલા ગેસ્ટહાઉસની મરામત કરવામાં આવી છે?

**શ્રી ઈન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્ન ગઢડા અને ઉમરાળા તાલુકાના રેસ્ટહાઉસ પૂરતો છે એટલે ગુજરાતની બાબત આમાં આવે નહીં. પંચાયત કક્ષાના ગેસ્ટ હાઉસ છે અને આજે માનનીય સભ્યશ્રીઓની જાણ ખાતર કહું કે, ૨૫ જિલ્લાઓમાં આવા લગભગ ૧૪૮ ગેસ્ટ હાઉસ ચાલે છે એનો લગભગ કોઈ ઉપયોગ નથી એવી સ્થિતિ છે કારણ કે જે જિલ્લા મથક ઉપર અને જે તાલુકા મથક ઉપર જરૂરિયાત છે ત્યાં રાખીએ છીએ અને આ પ્રકારના ગેસ્ટ હાઉસમાં જ્યાં વર્ષે આવક માત્ર બે ત્રણ હજાર રૂપિયા થાય છે અને ખર્ચ લગભગ બે ત્રણ લાખ રૂપિયા કરવો પડે છે એવી સ્થિતિમાં પંચાયત વિભાગના ગેસ્ટ હાઉસ બધા જ બંધ કરવા માટે રાજય સરકાર વિચારી રહી છે અને જે તાલુકાઓમાં જરૂરિયાત હશે ત્યાં સ્ટેટ કક્ષાના ગેસ્ટ હાઉસ એમાં કન્વર્ટ કરવા માટે પણ વિચાર અમે કરીશું પણ પંચાયત વિભાગના આ ગેસ્ટહાઉસોના કારણે ખૂબ ખર્ચ મોટો પડે છે, જે બધાને બિનઉપયોગી ખર્ચ છે, અહીંના પ્રતિનિધિઓ પણ પૂરો ઉપયોગ એનો કરતા નથી અથવા તો કરી શકે એ પ્રકારની સુવિધાઓ નથી એટલા માટે રાજય સરકારે આ બાબત ગંભીરપણે વિચારી રહી છે.

**શ્રી કાળુભાઈ વી. વીરાણી** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું કે, સમગ્ર ગુજરાતમાં પંચાયતના ગેસ્ટ હાઉસ રદ કરવાના છે એમ માનનીય મંત્રીશ્રીએ કહ્યું પણ જ્યાં સ્ટેટના ગેસ્ટ હાઉસ નથી ત્યાં એ કરવા માગે છે કે કેમ ? કારણ કે પંચાયતના ગેસ્ટ હાઉસ થઈ ગયા છે અને સ્ટેટના ગેસ્ટ હાઉસ નથી તો જ્યારે બહારના મહેમાનો કે અધિકારીઓ કે મંત્રીશ્રીઓ આવતા હોય છે ત્યારે ખૂબ મોટી મુશ્કેલી પડે છે તો સ્ટેટના ગેસ્ટ હાઉસ મંજૂર કરવા માગો છો કે કેમ ?

**શ્રી ઈન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, પંચાયતના બધા ગેસ્ટ હાઉસ બંધ કરવા એવો મારો સૂર નથી, પંચાયતની અંદર જે ગેસ્ટહાઉસો આર એન્ડ બી દ્વારા ચાલે છે, રાજય સરકાર દ્વારા ચાલે છે અને પંચાયત વિભાગ સાથે વહીવટમાં તકલીફો રહે છે પણ જિલ્લા પંચાયત તાલુકા પંચાયત પોતે ચલાવતા હશે તો એવા ગેસ્ટ હાઉસ બંધ કરવાની સત્તા રાજય સરકારની નથી, રાજય સરકાર એ કરવા પણ માગતી નથી પણ

જે આ પ્રકારના પંચાયતની અંદર આર એન્ડ બીના ગેસ્ટહાઉસ રહેલા છે અને જેની વહીવટી ક્ષતિઓ ખૂબ લાંબા સમયથી છે અને બધા માનનીય સભ્યશ્રીઓ જાણે છે અને હાલત એની દિવસે દિવસે ખરાબ થતી જાય છે એ સ્વરૂપમાં મેં કહ્યું એ મુજબ ત્યાં પ્રવાસન સ્થળો હશે અને જ્યાં એની જરૂરિયાત હશે એવા સ્થળો ઉપર સ્ટેટમાં કન્વર્ટ કરવાનું ચોક્કસ વિચારી શકીશું.

**શ્રી ફતેસિંહ વ. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, જ્યાં નવા તાલુકા બનેલ હોય ત્યાં રેસ્ટ હાઉસ નથી તો ત્યાં નવા ગેસ્ટ હાઉસ બનાવવા માગો છો કે કેમ ?

**શ્રી ઈન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, આ માનનીય સભ્યશ્રીનું સૂચન છે.

**શ્રી ભવાનભાઈ જી. ભરવાડ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ કહ્યું એવો જ મારો પ્રશ્ન છે કે અમારે ત્યાં ચૂડા તાલુકો નવો બનેલ છે ત્યાં કોઈ રેસ્ટ હાઉસ નથી તો ત્યાં નવું ગેસ્ટ હાઉસ બનાવવા માગો છો કે કેમ?

**શ્રી ઈન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, હાલમાં જયાં રેસ્ટહાઉસો જૂના છે એવા ૧૪૪ જગ્યાએ આવા રેસ્ટહાઉસો છે તે બંધ કરવા માગીએ છીએ ત્યારે હાલમાં નવા તાલુકાની બાબતમાં આવી કોઈ વિચારણા નથી.

### ભિલોડા તાલુકાના પંચાયત અને સ્ટેટ હસ્તકના રસ્તાઓને ડામર કામ કરવા બાબત

***૧૫૩૮૩ ડૉ. અનિલ જોષીયારા (ભિલોડા)** : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧-૧-૦૬ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લાના ભિલોડા તાલુકાના પંચાયત અને સ્ટેટ હસ્તકના રસ્તાઓમાં ડામર કામ કર્યા વગરના ૭ વર્ષથી વધુ સમયના કુલ કેટલા રસ્તાઓ છે, અને

(૨) સરકાર આ રસ્તાઓને કયાં સુધીમાં ડામર કામ કરવા માગે છે?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી :**

(૧) ૪૧ પ્લાન રસ્તાઓ.

(૨) આ રસ્તાઓ પૈકી ૧૬ રસ્તાઓના ડામરકામનું આયોજન કરવામાં આવેલ છે. બાકીના રસ્તાઓ નાણાંકીય ઉપલબ્ધતા અનુસાર હાથ ધરવા આયોજન છે.

**ડૉ. અનિલ જોષીયારા** : માનનીય અધ્યક્ષશ્રી, ફકત એક જ તાલુકા, ભિલોડા તાલુકામાં ૪૧ પ્લાન રસ્તાઓ ખખડી ગયા છે, ડામર અને મેટલ સપાટી પણ ઊખડી ગઈ છે. ત્યારે માનનીય મંત્રીશ્રી ઘણી વખત કહે છે કે, ગુજરાતના રસ્તાઓ ખૂબ સારા છે. મારે માનનીય મંત્રીશ્રીને કહેવું છે કે, ગામડાઓમાં આવો, અધિકારીઓને મોકલો અને રસ્તાઓ કેવા છે એ જુઓ. એમણે કહ્યું છે કે ૧૬ રસ્તાઓનું આયોજન કરવામાં આવ્યું છે તો આ ૧૬ રસ્તાઓ કયારે પૂર્ણ કરવામાં આવશે? અને કેન્દ્ર સરકારમાંથી ૨૭૫ એકટ હેડ હેઠળ ગ્રાન્ટ મળે છે, વિશ્વ બૅન્કની ગ્રાન્ટ મળી છે અને એ.ડી.બી.ની પણ ગ્રાન્ટ મળી છે. સ્પેશિયલ ગયા વર્ષે ટ્રાઈબલમાં ખૂબ મોટું બજૅટ ફાળવવામાં આવ્યું હતું, ૧૩૮૭ કરોડનું બજૅટ હોવા છતાં આદિવાસી વિસ્તારના રસ્તાઓ થયા નથી એનું કારણ શું છે?

**શ્રી ઈન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, ભિલોડા તાલુકાના ૧૦૦૦ થી ઉપરની વસતિવાળું કોઈ ગામ ડામરના રસ્તાથી વંચિત નથી. રાજય સરકાર આ દિશામાં ખૂબ ઝડપભેર જવા માગે છે. સભ્યશ્રીએ કહ્યું એ મુજબ ભૂતકાળમાં ત્રણ વર્ષ પહેલા લગભગ ૯ વર્ષે રી-કાપેર્ટિંગનો સમય આવતો હતો. જે પ્રમાણે અત્યારે ત્રણ વર્ષથી માર્ગ અને મકાન વિભાગને નાણા વિભાગે પ્રાયોરિટી આપી છે, રાજય સરકારે પ્રાયોરિટી આપી છે એને લીધે અત્યારે લગભગ સાડા સાતથી આઠ વર્ષ રી-કાર્પેટિંગ માટે આવીને ઊભા છીએ અને સમગ્ર દેશની સરખામણીમાં આમાં શ્રેષ્ઠ છીએ એ કહેવામાં વાંધો નથી. માનનીય સભ્યશ્રીએ ૪૧ પ્લાન રસ્તાઓ રી-કાર્પેટિંગ કરવાના બાકી છે એ જવાબમાં સ્વીકાર્યું છે. પણ એની સાથે સાથે એક જ વર્ષમાં ૪૧માંથી ૧૬ રસ્તાઓ રાજય સરકારે મંજૂર કર્યા છે અને ૧૪૨૨ લાખ રૂપિયા આ રસ્તાઓના રી-કાર્પેટિંગ માટે ૨૦૦૫-૨૦૦૬ માં આપ્યા છે. કદાચ માનનીય સભ્ય ડો.જોષીયારા મંત્રી હતા ત્યારે પણ એક વર્ષમાં આટલા પૈસા નહીં મળ્યા હોય એટલા પૈસા આ સરકારે એક વર્ષમાં આપ્યા છે અને માનનીય સભ્યશ્રીના વિસ્તારમાં ત્રણ વર્ષમાં ૨૬૯૩ લાખના કામ હાથ ધર્યા છે. જે ૧૬ રસ્તાઓની વિગત પૂછી છે એ ૧૬ રસ્તાઓની વિગત આપું તો ઈડર-ભિલોડા-શામળાજી રોડ એ પ્રગતિમાં છે, હાજીપર-જેસીંગપુરા રોડ પૂર્ણતા છે, ખલવાડ-ઘાટી રોડ પૂર્ણતા છે, રાવતાવરડા-દેહગામડા રોડ એ ટૂંક સમયમાં ડામર કામ શરુ થનાર છે, ઘાટી-વેજપુર રોડ એ ટૂંક સમયમાં ડામર કામ શરુ થનાર છે, અણસોલ-દેહગામડા-મોટા કંથારિયા રોડ મંજૂરી હેઠળ છે, નાવડા-ખેરાડી રોડ મંજૂરી હેઠળ છે, પાલા-ઓડ રોડ પ્રગતિમાં છે, પાલા-ધાંધલસણ-ટાંટા-ટૂંકા-બૂઢેલી રોડ પ્રગતિમાં છે, બોલુંદ્રા-ઉપસલ

રોડ પ્રગતિમાં છે, રાયસીંગપુરા-કુડલ રોડ પ્રગતિમાં છે, રાજન્દ્રનગર-આડાહાથ રોડ પ્રગતિમાં છે. ખાખરેટા-નરોડા-ચાંદણી રોડની ડિપોઝીટ ભરવા કોન્ટ્રાકટરને જણાવેલ છે, ભિલોડા-મવ-મુનાઈ-પોશીના રોડ મંજૂરી હેઠળ છે, જનાલી-શોભેડા રોડ મંજૂરી હેઠળ છે અને બધા જ કામ સમય-મર્યાદામાં પૂર્ણ કરવાની કાર્યવાહી કરવામાં આવશે.

### આણંદ જિલ્લામાં નહેરોની સુવિધાથી વંચિત ગામો

***૧૫૪૧૧ શ્રી અમિત અ. ચાવડા (બોરસદ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧-૧૨-૦૫ની સ્થિતિએ આણંદ જિલ્લાના કેટલા ગામો સિંચાઈના પાણી માટે નહેરોની સુવિધાથી વંચિત છે, અને

(૨) આવા ગામોને મહી સિંચાઈ નૅટવર્ક સાથે જોડવા સરકાર દ્વારા શું આયોજન થયેલ છે?

**માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી:**

(૧) કુલ ૪૮ ગામો હયાત નહેરના નૅટવર્કમાં ઊંચાણમાં હોવાથી વંચિત રહેલ છે.

(૨) નૅટવર્ક સાથે જોડવા સર્વેક્ષણ તથા યાંત્રિક રીતે ચકાસણી કરવામાં આવી રહેલ છે.

**શ્રી અમિત અ. ચાવડા** : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, ૪૮ ગામો જેને સિંચાઈનો લાભ નથી મળ્યો એનું સર્વેક્ષણ કરીને કયારે શરૂ કરવામાં આવશે અને તેની યાંત્રિક ચકાસણી કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે અને એની પાછળ કેટલો ખર્ચ થનાર છે? બીજુ મોટા ભાગના ગામો નદી કાંઠાના, ભાલ વિસ્તારના ગામો હોય ત્યાં ભૂગર્ભ જળ ખારાં બન્યાં હોય ત્યાં વૈકલ્પિક સોર્સ તરીકે કોઈ યોજના તાત્કાલીક ધોરણે કરવા માગો છો કે કેમ?

**અધ્યક્ષશ્રી** : પ્રશ્નોતરીનો સમય પૂરો થાય છે.

# અતારાંકિત પ્રશ્નો
# (તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

### મુખ્યમંત્રીશ્રી અને સિંચાઈ મંત્રીશ્રીના હસ્તે સૌરાષ્ટ્રના પ્રોજેકટના થયેલા બાંધકામ

૧૪૭૧૪ **શ્રી જેસાભાઈ ભા. બારડ (સોમનાથ) : માનનીય જળ સંપતિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૦૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં માનનીય મુખ્યમંત્રીશ્રી અને સિંચાઈ મંત્રીશ્રીના હસ્તે ખાતમુહર્ત થયેલા સૌરાષ્ટ્રના કેટલા સિંચાઈ પ્રોજેકટોના બાંધકામ શરૂ થયા, | (૧) તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં માનનીય મુખ્યમંત્રીશ્રી તથા સિંચાઈ મંત્રીશ્રી હસ્તે કોઈ સિંચાઈ યોજનાના ખાત મર્હુત થયેલ નથી. પરંતુ અગાઉના વર્ષો [૧૯૯૯માં (૧). ૨૦૦૧માં (૧) તથા ૨૦૦૨માં (૧૫)] માં ખાત મર્હુત થયેલી સત્તર યોજનાઓ પૈકી ૬ સિંચાઈ યોજનાઓ, ૫ ક્ષાર અંકુશ યોજનાઓના અંદાજી રકમ રૂા. ૧૪૬.૫૦ કરોડના કામો શરૂ કરવામાં આવેલાં છે. સાથે સાથે આ સમયગાળા દરમ્યાન ખાત મુર્હુત થયા ન હોય તેવી ૧ સિંચાઈ યોજના, ૮ ક્ષાર અંકુશ યોજનાઓ તથા ૨૬૪ મોટી નદીઓ પરના આડબંધના અંદાજી રકમ<br>રૂા. ૧૨૯.૧૪ કરોડના કામો શરૂ કરવામાં આવેલાં છે. |
| (૨) જો શરૂ ન થયાં હોય તો શા માટે શરૂ થયાં નહીં તે ક્યારે શરૂ થશે, | (૨) ૧૭ પૈકીની ૬ યોજનાઓ નીચેની બાબતો અનલક્ષીને હાથ ધરી શકાઈ નથી.<br>૧. યોજનાના ટેન્ડરો અંગે ફરીયાદ મળતાં વર્ષ ૨૦૦૨ તથા ૨૦૦૩માં ટેન્ડરો રદ કરવામાં આવેલ હતા.<br>૨. સેલીનીટીની યોજનાઓને પ્રાધાન્ય |

આપવામાં આવેલ હોવાથી.

૩. યોજના વિકલ્પે સીરીઝ ઓફ ચેકડેમને અગ્રિમતા આપવાથી

૬ યોજનાઓના વિકલ્પે સીરીઝ ઓફ ચેકડેમ બાંધવાનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે.

(૩) નાણાકીય વર્ષમાં આ અંગે અંદાજપત્રીય જોગવાઈ શું છે ? અને તેમાંથી કેટલા નાણા વપરાયા, અને

(૩) ૧૭ યોજના માટે વર્ષ ૨૦૦૪-૦૫ અને ૨૦૦૫-૦૬માં અનુક્રમે રૂા. ૧૪૨૫ લાખ અને રૂા. ૧૩૯૧ લાખની જોગવાઈ અને ખર્ચ અનુક્રમે રૂા. ૨૫૯૦ લાખનો અને રૂા. ૯૮૬ લાખનો થયેલ છે.

(૪) વર્ષ ૨૦૦૫-૦૬માં કેટલી જોગવાઈ છે અને કેટલો ખર્ચ ડીસે. ૦૫ની સ્થિતિએ થયો તેમાં વેરાવળ, સુત્રાપાડા, માળીયા હાટીના તાલુકામાં કેટલો ખર્ચ થયો?

(૪) ખંડ પ્રશ્ન (૩) ના જવાબની વિગતે ૧૭ યોજનાઓ માટે નાણાંકીય વર્ષ ૨૦૦૫-૦૬માં રૂા. ૧૩૯૧ લાખની જોગવાઈ છે. તે સામે ડીસેમ્બર-૦૫ સુધીમાં રૂા. ૯૮૬ લાખનો ખર્ચ થયેલ છે. વેરાવળ, સુત્રાપાડા, માળીયા હાટીના તાલુકામાં ડીસેમ્બર-૦૫ સુધીમાં રૂા. ૭૭ લાખનો ખર્ચ થયેલ છે.

-------------

**ઉંડ-૨ સિંચાઈ યોજનાના ટેન્ડરો બહાર પાડવા બાબત**

૧૫૩૯૪ **શ્રી પરસોત્તમભાઈ ના. ભોજાણી (જોડીયા)** : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ઉંડ -૨ સિંચાઈ યોજનાના કેનાલ ટેન્ડરો બહાર પાડ્યા છે તે હકીકત સાચી છે, | (૧) હા જી. |
| (૨) જો હા, તો ટેન્ડર બહાર પાડયાને કેટલો સમય થયો, | (૨) ઉંડ-૨ સિંચાઈ યોજનાની કેનાલના જુદા જુદા ૧૨ કામોના ટેન્ડરો તા. ૪-૧૧-૯૭ થી ૧૫-૫-૨૦૦૨ વચ્ચેના સમયગાળામાં બહાર પાડવામાં આવેલ. |
| (૩) બહાર પાડેલ ટેન્ડર મુજબ કેનાલનું કામ અધુરું છે, અને | (૩) જમણાકાંઠા મુખ્ય નહેરના કામો માર્ચ-૦૩માં પૂર્ણ થયેલ છે જ્યારે જમણાકાંઠાની માઈનોરના કામો ૬૫ ટકા પૂર્ણ થયેલ છે ડાબાકાંઠાના નહેરોના કામોના ટેન્ડર ૧૨/૯૭ માં મેળવવામાં આવેલ છે. આ કામો નહેરની પથરેખા પરના ખાતેદારોના જમીન સંપાદન માટે અસહકાર ભર્યા વલણને કારણે આ કામો હાથ ધરી શકાયાં નથી. |
| (૪) જો હા, તો કેનાલનું અધુરુ કામ ક્યારે પૂરુ થશે ? | (૪) જમણાં કાંઠાની માઈનોર નહેર નંબર-૨ થી ૭ ના અધૂરાં કામો જુન-૦૬ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. જ્યારે માઈનોર નં.-૧નું અધુરું કામ જુન-૦૭ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.<br><br>ડાબાકાંઠાની નહેરોના લાભિત ગામોના ખાતેદારોના અસહકારભર્યા વલણને કારણે તમામ કામો ""ફ્રીઝ"" કરવાની દરખાસ્ત છે. |

-------------

**ધંધુકા રાણપુર રોડ પર કોટડી દેવળીયા વિસ્તાર માટેની પાણીની પાઈપ લાઈન નાખવા બાબત**

૧૫૪૪૯ **શ્રી ભરતભાઈ પંડ્યા (ધંધૂકા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) અમદાવાદ જિલ્લામાં ધંધુકા રાણપુર રોડ પર કોટડા દેવળીયા વિસ્તાર માટેની પાણીની પાઈપ લાઈન એક વર્ષથી મંજૂર થયેલ છે, અને પાઈપો આવવા છતાં કામ શરૂ ન થવાના કારણો શાં છે, અને | (૧) પાઈપ લાઈન નાંખવાના કામનું ટેન્ડર મંજૂરી હેઠળ હોવાથી. |
| (૨) તે ક્યાં સુધીમાં શરૂ કરવામાં આવશે ? | (૨) માહે માર્ચ-૨૦૦૬ અંતિત શરૂ કરવાનું આયોજન છે. |

-------------

**જામનગર જિલ્લામાં નર્મદાની યોજનામાંથી પાઈપલાઈન દ્વારા પીવાનું પાણી આપવા બાબત**

૧૪૮૮૧ **શ્રી રણછોડભાઈ ચ. ફળદુ (કાલાવડ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) જામનગર જિલ્લાના સાત તાલુકાઓ માટે પીવાના પાણી માટે નર્મદા આધારિત પાઈપલાઈન યોજના માટે ક્યારે ટેન્ડર બહાર પાડવામાં આવ્યા, તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ તે અંગેની કામગીરી ક્યા તબક્કે છે, અને | (૧) નર્મદા આધારિત પાઈપ લાઈન યોજના માટેનું ટેન્ડર તા. ૨૩-૯-૦૪ના રોજ બહાર પાડવામાં આવેલ જે એડીબી ફંડના અભાવે સ્થગિત કરવામાં આવેલ. તેથી તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ કામગીરી હાથ ધરાયેલ નથી. |
| (૨) કેટલા ખર્ચે આ યોજના પૂર્ણ થનાર છે ? | (૨) નર્મદા આધારિત પાઈપલાઈન યોજના હેઠળ બલ્ક પાઈપ લાઈન માટે અંદાજીત રૂા. ૩૦૦ કરોડ અને ગ્રુપ જૂથ યોજનાઓ માટે અંદાજીત રૂા. ૧૫૦ કરોડ મળી અંદાજીત રૂા. ૪૫૦ કરોડના ખર્ચે યોજના પૂર્ણ થનાર હોવાનું આયોજન છે. |

-------------

**કેશોદ તાલુકામાં નાની મોટી સિંચાઇ યોજના બનાવવા બાબત**

૧૫૩૬૦ **શ્રી માધાભાઈ લા. બોરીચા (કેશોદ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) કેશોદ તાલુકામાં નાની/મોટી સિંચાઇ યોજના બની શકે તેમ છે કે કેમ, અને, | (૧) હા. |
| (૨) જો હા, તો કઇ કઇ યોજના ? | (૨) બડોદર-ફાગળી સિંચાઈ યોજનાના અન્વેષણની કાર્યવાહી હાથ ધરાયેલ છે. |

-------------

**કડી તાલુકાને નર્મદા યોજનાનું પીવાનું પાણી આપવા બાબત**

૧૪૩૫૦ **શ્રી બળદેવજી ચં. ઠાકોર (કડી) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) નર્મદા યોજના હેઠળ તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ કડી તાલુકાને પીવાનું પાણી પૂરું પાડવા માટેની કેટલી લાઈન નાંખવામાં આવી, | (૧) ૩૭૩.૨૭ કી.મી. લંબાઈની પાઈપ લાઈન નાખવામાં આવેલ છે. |
| (૨) પાઈપલાઈન નાખવા પાછળ કેટલો ખર્ચ થયો, અને | (૨) રૂા. ૨૨૩૫.૮૬ લાખનો. |
| (૩) કડી તાલુકાના ગામોને નર્મદા યોજનાનું પીવાનું પાણી ક્યારથી આપવામાં આવશે? | (૩) ક્રમશઃ જુન-૨૦૦૬ સુધીમાં. |

-------------

**જાફરાબાદ તાલુકાના શિયાલબેટ ગામને પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવા બાબત**

૧૫૩૭૭ **શ્રી હીરાભાઈ ઓ. સોલંકી (રાજુલા) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી (રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમરેલી જિલ્લાના જાફરાબાદ તાલુકાના શિયાલબેટ ગામને પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવાનો નિર્ણય લેવાયેલ છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો શિયાલબેટ ગામને કેવા પ્રકારના ફાયદાઓ થશે ?

**જવાબ**

(૧) આ માટેની દરખાસ્ત છે.

(૨) આ દરખાસ્તને મંજુરી મળે તો શિયાલબેટ ગામને પાયાની આંતરમાળખાકીય સૂવિધાઓ તથા પ્રવાસી સવલતો ઉપલબ્ધ થશે.

-------------

**નાની સિંચાઈ અને તળાવોને સલામત સ્ટેજે લાવવા સ્પેશ્યલ રીપેરીંગ ગ્રાન્ટની ફાળવણી**

૧૪૫૩૪ **શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર) : માનનીય જળ સંપત્તિમંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં નાની સિંચાઈ અને તળાવોને સલામત તબક્કે લાવવા સ્પેશ્યલ રીપેરીંગની ગ્રાન્ટ સમયસર ચુકવવામાં આવતી નથી તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તળાવો કે નાની સિંચાઈનાં જળાશયોને રીપેર કરવા અને સલામત તબક્કે લાવવા જરૂરી રકમ ન આપવાનાં શા કારણો છે, અને

(૩) જો, ના તો તા. ૩૧-૧૨-૨૦૦૫ સુધીમાં છેલ્લા ત્રણ વર્ષમાં જિલ્લાવાર મંજુર થયેલ રકમમાંથી કેટલી રકમ ફાળવવામાં આવી?

**જવાબ**

(૧) ના જી.

(૨) બજેટ જોગવાઈને ધ્યાને રાખી રકમ ફાળવવામાં આવે છે, તેથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) ફાળવેલ જિલ્લાવાર રકમનું પત્રક બિડાણ કરેલ છે.

**પત્રક**

જોગવાઈ તથા ફાળવણીની રકમ રૂા. લાખમાં

| નં. | જિલ્લો | વર્ષ :- ૨૦૦૩-૦૪ | વર્ષ :- ૨૦૦૪-૦૫ | વર્ષ :- ૨૦૦૫-૦૬ (ડીસેમ્બર-૨૦૦૫ સુધીની ૯ મહિનાની વિગતો) | કુલ |
|---|---|---|---|---|---|
| | | ફાળવેલ રકમ | ફાળવેલ રકમ | ફાળવેલ રકમ | ફાળવેલ રકમ |
| ૧ | મહેસાણા | ૦.૦૦ | ૦.૩૬ | ૬૮.૪૩ | ૬૮.૭૯ |
| ૨ | બનાસકાંઠા | ૧૫.૧૬ | ૩૧.૦૭ | ૩.૧૫ | ૪૯.૩૮ |
| ૩ | સુરેન્દ્રનગર | ૦.૦૦ | ૦.૦૦ | ૧૧.૦૦ | ૧૧.૦૦ |
| ૪ | અમદાવાદ | ૨.૬૯ | ૧૮.૨૯ | ૧૮.૮૦ | ૩૯.૭૮ |
| ૫ | ખેડા | ૨૮.૪૪ | ૩૬.૬૦ | ૨૭.૮૫ | ૯૨.૮૯ |
| ૬ | પાટણ | ૧.૦૦ | ૧.૪૪ | ૧૫.૦૦ | ૧૭.૪૪ |
| ૭ | સાબરકાંઠા | ૦.૯૧ | ૧૫.૮૩ | ૩૧.૯૨ | ૪૮.૬૬ |
| ૮ | આણંદ | ૦.૦૦ | ૦.૦૦ | ૧.૨૫ | ૧.૨૫ |
| ૯ | કચ્છ | ૩૭૦.૪૭ | ૩૫૯૭.૩૮ | ૨૧૭૩.૨૦ | ૬૧૪૧.૦૫ |
| ૧૦ | વડોદરા | ૬.૩૧ | ૭૬.૧૪ | ૪૪.૩૮ | ૧૨૬.૮૩ |
| ૧૧ | ભરૂચ | ૦.૦૫ | ૨૦.૩૮ | ૧૯.૭૦ | ૪૦.૧૩ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૨ | સુરત | ૩.૬૫ | ૬.૨૨ | ૪.૨૦ | ૧૪.૦૭ |
| ૧૩ | વલસાડ | ૦.૨૭ | ૪૦.૦૫ | ૬.૧૦ | ૪૬.૪૨ |
| ૧૪ | પંચમહાલ | ૫.૭૩ | ૧૮૦.૦૮ | ૧૫.૩૦ | ૨૦૧.૧૧ |
| ૧૫ | ડાંગ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૧૬ | દાહોદ | ૧૪.૬૩ | ૨૧.૭૧ | ૦.૦૦ | ૩૬.૩૪ |
| ૧૭ | નર્મદા | ૪.૨૩ | ૪૬.૭૭ | ૧.૩૫ | ૫૨.૩૫ |
| ૧૮ | નવસારી | ૦.૦૦ | ૦.૨૧ | ૧૦.૨૫ | ૧૦.૪૬ |
| ૧૯ | અમરેલી | ૧.૦૦ | ૦.૨૦ | ૧૭.૦૦ | ૧૮.૨૦ |
| ૨૦ | ભાવનગર | ૧૬.૭૭ | ૪૩.૭૪ | ૪૯.૭૪ | ૧૧૦.૨૫ |
| ૨૧ | જામનગર | ૭.૦૫ | ૩૫૨.૦૩ | ૧૮૮.૧૦ | ૫૪૭.૧૮ |
| ૨૨ | જુનાગઢ | ૧.૪૦ | ૫.૬૨ | ૧૧.૦૦ | ૧૮.૦૨ |
| ૨૩ | રાજકોટ | ૪૨.૬૮ | ૨૬૪.૦૫ | ૧૮૧.૮૫ | ૪૮૮.૫૮ |
| ૨૪ | પોરબંદર | ૦.૦૦ | ૧૨.૧૦ | ૬.૦૦ | ૧૮.૧૦ |
| ૨૫ | ગાંધીનગર | -- | -- | ૬૦.૦૦ | ૬૦.૦૦ |
| | | ૫૨૨.૪૪ | ૪૭૭૦.૨૭ | ૨૯૬૫.૫૭ | ૮૨૫૮.૨૮ |

-------------

**ખેડા જિલ્લામાં પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનાનાં કામો**

૧૩૮૪૬ **શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર (મહુધા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ખેડા જિલ્લામાં તા.૩૧-૧-૦૬ ની સ્થિતિએ પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના અન્વયે ક્યા ક્યા રસ્તાઓના કામો પૂર્ણ થયા, અને કેટલા રસ્તાના કામો બાકી રહ્યા છે, અને,

(૨) આ કામો પાછળ કેટલો ખર્ચ થયો?

**જવાબ**

(૧) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ સામેલ પત્રક-૧ મુજબ બાવન રસ્તાના કામો પૂર્ણ જ્યારે ચાલુ વર્ષે, મંજુર કરેલ ૩૯ રસ્તાના કામો બાકી

(૨) રૂા. ૯૩૪.૩૩ લાખ

**પત્રક-૧**

પૂર્ણ થયેલ કામોની યાદી

| અનુ.નં. | કામનું નામ |
|---|---|
| ૧ | ૨ |
| ૧ | હરિઓમ આશ્રમ એપ્રોચ રોડ, તા. નડીયાદ |
| ૨ | નવી હાથજની મુવાડી, એપ્રોચ રોડ, તા. નડિયાદ |
| ૩ | જાવોલની મુવાડી એપ્રોચ રોડ, તા. નડીયાદ |
| ૪ | ભવાનીપુરા એપ્રોચ રોડ, તા. નડીયાદ |
| ૫ | ઈન્દિરાનગરી એપ્રોચ રોડ, તા. નડિયાદ |
| ૬ | વાઘરીના મુવાડા એપ્રોચ રોડ, તા. નડીયાદ |
| ૭ | રાજાપુરા એ. રોડ. |
| ૮ | નવાપુરા એ. રોડ. |
| ૯ | પથાવત એપ્રોચ રોડ તા. મહેમદાવાદ |
| ૧૦ | વાઘાવત એપ્રોચ રોડ તા. મહેમદાવાદ |

| | |
|---|---|
| ૧૧ | જશવત એપ્રોચ રોડ તા. મહેમદાવાદ |
| ૧૨ | શીવપુરા એપ્રોચ રોડ તા. મહેમદાવાદ |
| ૧૩ | જાંબાની મુવાડી એપ્રોચ રોડ તા. મહેમદાવાદ |
| ૧૪ | હરિપુરા લાટ એપ્રોચ રોડ તા. મહેમદાવાદ |
| ૧૫ | કોઠીપુરા એપ્રોચ રોડ તા. મહેમદાવાદ |
| ૧૬ | ગબાજીના મુવાડા એ. રોડ |
| ૧૭ | વાંઠવાડી એ. રોડ |
| ૧૮ | નવાપુરા એ. રોડ |
| ૧૯ | માંક્વા બંગલજીના મુવાડા રોડ. |
| ૨૦ | રાજગઢ એ. રોડ |
| ૨૧ | શક્તિનગર એપ્રોચ રોડ તા. મહુધા |
| ૨૨ | હેરંજ વડવાળી મુવાડી એપ્રોચ રોડ તા. મહુધા |
| ૨૩ | સાગાવાડા એ. રોડ |
| ૨૪ | નંદગામની મુવાડી એ. રોડ |
| ૨૫ | મપારીયા એ. રોડ |
| ૨૬ | વીરાના મુવાડા એ. રોડ |
| ૨૭ | ઉમેદપુરા એ. રોડ |
| ૨૮ | કઠવાડા અડાસર રોડ તા. ખેડા |
| ૨૯ | અનારા થી સીઘોડીયા રોડ તા. કઠલાલ |
| ૩૦ | મુડેલ એ. રોડ |
| ૩૧ | ભગવાનજીના મુ. એ. રોડ તા. કપડવંજ |
| ૩૨ | રીંછોલના મુવાડા એપ્રોચ  રોડ તા. કપડવંજ |
| ૩૩ | બનાના મુવાડા એપ્રોચ રોડ તા. કપડવંજ |
| ૩૪ | લાડુજીના મુવાડા રતનપુર રોડ  તા. કપડવંજ |
| ૩૫ | ધોરાકુવા એપ્રોચ રોડ તા. કપડવંજ |
| ૩૬ | દાસલવાડા ફતીયાબાદ રોડ |
| ૩૭ | બાથાના કુવા ઠાકોર કંપા રોડ |
| ૩૮ | લુહારની મુવાડી એપ્રોચ રોડ તા. બાલાસિનોર |
| ૩૯ | નવા વાંટા એપ્રોચ રોડ તા. બાલાસિનોર |
| ૪૦ | ઘુવાડીયા એપ્રોચ રોડ તા. બાલાસિનોર |
| ૪૧ | ડોડીયા એપ્રોચ રોડ તા. બાલાસિનોર |
| ૪૨ | રાણીયા એ. રોડ |
| ૪૩ | સરદારપુરા મોતીપુરા રોડ |
| ૪૪ | તરગેયા એપ્રોચ રોડ તા. ઠાસરા |
| ૪૫ | ઢુણાદરા ચંપાકૂઈ રોડ તા. ઠાસરા |
| ૪૬ | સોનેયા ઘોરાની મુવાડી  રોડ તા. ઠાસરા |
| ૪૭ | જુના પીપળાના મુવાડાથી નવા પોપળાના મુવાડા રોડ. |
| ૪૮ | પોરડા દેવનગર રોડ. |

| | |
|---|---|
| ૪૯ | રાણીપોરડા જશુનામુવાડા રોડ. |
| ૫૦ | રવાલીયા નવામુવાડા રત્નાનામુવાડા રોડ. |
| ૫૧ | હરિપુરા (ભલાડા) એપ્રોચ રોડ તા. માતર |
| ૫૨ | સીજીવાડા સેજુડીપુરા રોડ તા. નડીયાદ |

-------------

**સરદાર પટેલ સહભાગી જળસંચય યોજનાની લોકભાગીદારી દ્વારા ચેકડેમો બનાવવા બાબત**

૧૩૮૮૫ **શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર (મહુધા) : માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં નાણાકીય વર્ષ ૨૦૦૩-૨૦૦૪ અને ૨૦૦૪-૨૦૦૫ દરમ્યાન સરદાર પટેલ સહભાગી જળસંચય યોજનાની લોકભાગીદારી દ્વારા મોટી નદીઓ સિવાયના કેટલા ચેક ડેમો બન્યા છે, અને

(૨) આ ચેકડેમો પાછળ રાજ્ય સરકારને કુલ કેટલો ખર્ચ થયો છે?

**જવાબ**

(૧) રાજ્યમાં નાણાકીય વર્ષ ૨૦૦૩-૨૦૦૪ અને ૨૦૦૪-૨૦૦૫ દરમ્યાન સરદાર પટેલ સહભાગી જળસંચય યોજનાની લોકભાગીદારી દ્વારા મોટી નદીઓ સિવાયનાં થયેલ ચેકડેમોની વિગતો નીચે મુજબ છે.

| નાણાકીય વર્ષ ૨૦૦૩-૨૦૦૪ | નાણાકીય વર્ષ ૨૦૦૪-૨૦૦૫ | કુલ |
|---|---|---|
| ૭૪૮૨ | ૮૩૮૮ | ૧૫૮૭૦ |

(૨) આ ચેકડેમો પાછળ રાજ્ય સરકારને થયેલ ખર્ચની વિગતો નીચે મુજબ છે.

| નાણાકીય વર્ષ ૨૦૦૩-૨૦૦૪ | નાણાકીય વર્ષ ૨૦૦૪-૨૦૦૫ | કુલ |
|---|---|---|
| ૧૦૩.૧૫ કરોડ | ૧૭૬.૨૫ કરોડ | ૨૭૯.૪૦ કરોડ |

-------------

**કચ્છ જિલ્લામાં વિશ્વબેંકની સહાયથી નાની અને મધ્યમ સિંચાઈ યોજનાનું કામ**

૧૫૩૬૪ **શ્રી નરેન્દ્રસિંહ મા. જાડેજા (અબડાસા) : માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં વિશ્વબેંકની લોનથી કેટલી મધ્યમકક્ષાની તેમજ નાની સિંચાઈ યોજનાના કામો હાથ ધરવામાં આવ્યા છે,

(૨) કેટલા કામ બાકી છે, અને

(૩) બાકી હોય તેના કારણો શાં છે, અને બાકી રહેલા કામો ક્યારે હાથ ધરવામાં આવશે ?

**જવાબ**

(૧) ૧૯ મધ્યમ સિંચાઇ યોજના, તથા ૧૬૫ નાની સિંચાઇ યોજનાના કામો હાથ ધરવામાં આવ્યા છે.

(૨) એક મધ્યમ સિંચાઇ યોજનાનું કામ બાકી છે.

(૩) તા. ૮-૨-૨૦૦૬ ના રોજ ટેન્ડર મંજુર થયેલ છે. આ કામગીરી હવે હાથ ધરવામાં આવેલ છે.

-------------

**જૂનાગઢ જિલ્લામાં ચેકડેમ, અનુશ્રવણ તળાવો પરકોલેશન ડેમની દરખાસ્તો**

૧૪૪૩૭ **શ્રી ગોવિંદભાઈ વ. પરમાર (તલાલા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ને**

(૧) જૂનાગઢ જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં તા. ૩૧-૧૨-૨૦૦૫ની સ્થિતિએ ક્યા ક્યા નવા ચેકડેમો, અનુશ્રવણ તળાવો, પરકોલેશન ડેમો, નાની અને મધ્યમ સિંચાઈ યોજનાની કેટલી દરખાસ્તો આવેલ છે,

(૨) સરકાર એ યોજના વાર કેટલી દરખાસ્તને મંજૂરી આપેલ છે તે પેકી કેટલી દરખાસ્ત પૂર્ણ થયેલ છે અને કેટલો ખર્ચ થયેલ છે, અને

(૩) બાકીની દરખાસ્ત કેટલા સમયમાં પૂર્ણ કરવાનું આયોજન છે?

**જવાબ**

(૧) પત્રક મુજબ.

(૨) પત્રક મુજબ.

(૩) નાણાકીય ઉપલબ્ધિ મુજબ પુરા કરવાનું આયોજન છે.

પત્રક (રૂા. લાખમાં)

| જુનાગઢ જિલ્લામાં ચેક ડેમ, અનુશ્રવણ તળાવો પર કોલેશન ડેમની દરખાસ્તો, | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| અનું. નં. | તાલુકાનું નામ | ચેક ડેમ | | | | અનુશ્રવણ તળાવો | | | |
| | | થયેલ દરખાસ્તો | મંજુર કરેલ | પૂર્ણ કરેલ | થયેલ ખર્ચ (રૂા. લાખમાં) | થયેલ દરખાસ્તો | મંજુર કરેલ | પૂર્ણ કરેલ | થયેલ ખર્ચ (રૂા. |
| ૧ | જૂનાગઢ | ૧૯૪ | ૧૧૯ | ૨૫ | ૩૬.૯૭ | ૧ | | | |
| ૨ | માણાવદર | ૯૩ | ૨૮ | ૭ | ૧૧.૬૧ | ૦ | | | |
| ૩ | વંથલી | ૧૮૧ | ૮૯ | ૨૪ | ૪૦.૩૧ | ૬ | | | |
| ૪ | કેશોદ | ૬૦૭ | ૨૩૩ | ૫૧ | ૫૧.૯૭ | ૪૭ | ૮ | ૫ | ૧૭.૩૭ |
| ૫ | માળીયા- | ૧૦૨૩ | ૬૪૯ | ૪૫૮ | ૭૩૨.૯૪ | ૧૬ | | | |
| ૬ | માંગરોળ | ૧૮૭ | ૬૬ | ૧૪ | ૧૬.૦૬ | ૬૧ | ૧૪ | ૮ | ૨૧.૭૫ |
| ૭ | વેરાવળ | ૨૫૦ | ૧૬૮ | ૮૬ | ૧૪૧.૭૪ | ૧ | | | |
| ૮ | ભેંસાણ | ૧૬૪ | ૬૫ | ૧ | ૨.૧૬ | ૦ | | | |
| ૯ | મેંદરડા | ૮૩૧ | ૪૪૦ | ૨૯૯ | ૪૩૬.૮૫ | ૧ | | | |
| ૧૦ | વિસાવદર | ૫૧૯ | ૧૬૬ | ૫૫ | ૧૦૦.૫૧ | ૧ | | | |
| ૧૧ | કોડીનાર | ૧૭૭ | ૭૫ | ૨૯ | ૯૩.૯૪ | ૦ | | | |
| ૧૨ | ઊના | ૫૩૯ | ૨૦૪ | ૪૬ | ૮૪.૦૧ | ૧ | | | |
| ૧૩ | તલાલા | ૯૧૬ | ૪૯૨ | ૩૪૨ | ૫૩૧.૬૮ | ૦ | | | |
| ૧૪ | સુત્રપાડા | ૨૫૦ | ૧૩૮ | ૬૯ | ૧૧૫.૪૯ | ૦ | | | |
| | કુલ-૧ | ૫૯૩૧ | ૨૯૩૨ | ૧૫૦૬ | ૨૩૯૬.૨૪ | ૧૩૫ | ૨૨ | ૧૩ | ૩૯.૧૨ |

-------------

**અમદાવાદ શહેરની હદ વધારવા બાબત**

૧૫૩૮૦ **શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (અસારવા) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદ શહેરને મેગાસીટીનો દરજ્જો મળતાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં હદ વધારવાની દરખાસ્ત ક્યા તબક્કામાં છે, અને

(૨) આ કાર્યવાહી ક્યાં સુધીમાં પૂર્ણ થનાર છે?

**જવાબ**

(૧) તા. ૧૪-૨-૨૦૦૬ના જાહેરનામાથી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની હદ વધારવામાં આવી છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

**નર્મદા યોજનામાંથી ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છને પાઈપલાઈન દ્વારા પીવાનું પાણી પૂરું પાડવા બાબત**

૧૫૪૪૩ **શ્રી ટપુભાઈ લીંબાસિયા (રાજકોટ-૧) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ નર્મદા યોજનાની પાઈપલાઈન દ્વારા ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર-કચ્છના કેટલા ગામોને પીવાનું પાણી પૂરું પાડવામાં આવે છે, અને | (૧) સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત અને કચ્છના ૨૦૪૪ ગામોને નર્મદા યોજનાની પાઇપલાઇનના નેટવર્ક સાથે જોડવામાં આવ્યા છે તથા ૧૭૯૧ ગામોમાં પાઇપલાઇન નેટવર્ક સાથે જોડવાની કામગીરી પ્રગતિમાં છે. સારા ચોમાસાના કારણે પાણીની જરૂરિયાતવાળા ૪૫૭ ગામોને તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ પાણી આપવામાં આવતું હતું. |
| (૨) સૌરાષ્ટ્ર કચ્છના બાકી રહેતા ગામોને કેટલા સમયમાં નર્મદા યોજનાની પાઈપલાઈન દ્વારા પાણી પૂરું પાડવામાં આવશે? | (૨) ક્રમશ : ડિસેમ્બર ૨૦૦૮ સુધીમાં નર્મદા યોજનાની પાઇપલાઇન દ્વારા પાણી પૂરું પાડવામાં આવશે. |

------------

**પાદરા શહેરને જુથ પાણી પુરવઠામાંથી પીવાનું પાણી આપવા બાબત**

૧૪૮૯૨ **શ્રી પુનમ ર. પરમાર (પાદરા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પાદરા શહેરને પાદરા જુથ પાણી પુરવઠામાંથી નર્મદાનું પીવાનું પાણી ક્યાં સુધીમાં આપવા માંગો છો, | (૧) પાદરા શહેરની યોજનાને વહીવટી મંજૂરી મળ્યેથી નગરપાલિકા દ્વારા નાણા જમા થયેથી ૯ માસમાં પાણી આપવાનું આયોજન છે. |
| (૨) આ યોજનાનો અંદાજીત ખર્ચ કેટલો છે, | (૨) રૂા. ૩૦૬.૧૬ લાખ. |
| (૩) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ આ યોજના ક્યા તબક્કે છે, અને | (૩) પાદરા નગરપાલિકા દ્વારા યોજના ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડને વહીવટી મંજૂરી અર્થે સાદર કરેલ છે. |
| (૪) ક્યાં સુધીમાં આ યોજના પૂર્ણ કરવામાં આવશે? | (૪) નગરપાલિકા દ્વારા નાણા જમા થયેથી ૯ માસમાં પૂર્ણ કરવાનું આયોજન છે. |

-------------

**ઉમરગામ તાલુકાના પાકા રસ્તાથી વંચિત ગામો**

૧૪૭૧૭ **શ્રી શંકરભાઈ મં. વારલી (ઉમરગામ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકાના ક્યા ક્યા ગામોના તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ પાકા રસ્તાથી વંચીત છે, અને | (૧) તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ ઉમરગામ તાલુકાનું કોઇ ગામ પાકા રસ્તાથી વંચિત નથી. |
| (૨) આવા ગામોને કેટલા સમયમાં રસ્તાઓની સુવિધાઓ આપવાનું આયોજન છે? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------

**ભાવનગર-સીદસર વાયા વિક્ટોરીયા પાર્ક રોડનું કામ**

૧૫૪૫૯ **શ્રી સુનીલ બા. ઓઝા (ભાવનગર શહેર (દક્ષિણ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભાવનગર-સીદસર વાયા વિક્ટોરીયા પાર્ક રોડ જે સરકારના માર્ગ અને મકાન વિભાગના તા. ૨૧-૨-૦૪ના જોબનંબરથી શરૂ થયેલ અને છ માસની અવધિમાં પૂર્ણ કરવાનો હતો છતાં હજુ સુધી કામ અધુરૂ રહેવાના કારણો શા છે, અને | (૧) તળાવમાંથી રસ્તાનું બાંધકામ કરવા સંદર્ભની લેખિત રજુઆતને લીધે કામ બંધ રાખવામાં આવેલ છે. |
| (૨) આ રોડનું કામ ક્યારે પૂરું થશે ? | (૨) રસ્તાની પથરેખા અંગે આખરી નિર્ણય થયા બાદ કામ હાથ ધરી પૂર્ણ કરવાનું આયોજન છે. |

-------------

**મુન્દ્રા, નલીયા તથા નખત્રાણાની ગ્રામ પંચાયતોને નગરપાલિકામાં ફેરવવા બાબત**

૧૪૭૨૨ **શ્રી ગોપાલભાઈ ગા. ઘુઆ (મુંદ્રા) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છ જિલ્લાના મુન્દ્રા, નલીયા તથા નખત્રાણા ગ્રામ પંચાયતોને વસ્તીના ધોરણે નગરપાલિકામાં ફેરવવાની દરખાસ્ત રાજ્ય સરકારને મળી છે કે કેમ, અને | (૧) ના, જી. |
| (૨) જો હા, તો આ દરખાસ્ત તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ ક્યા તબક્કે છે? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------

**સાવરકુંડલા તાલુકાના ધોળા ગામથી ધોળા આશ્રમ સુધીનો રસ્તો અને નાળા તૂટી જવા બાબત**

૧૩૯૦૫ **શ્રી કાળુભાઇ વી. વીરાણી (કુંડલા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સાવરકુંડલા તાલુકાના ધોળા ગામથી ધોળા આશ્રમ સુધીનો રસ્તો તથા નાળા અને પુલીયા ગત ચોમાસાના ભારે વરસાદના કારણે તૂટી ગયેલ છે, તે હકિકત સાચી છે, અને | (૧) ના, જી. |
| (૨) જો હા, તો આ બિસ્માર રસ્તા અને નાળા, પૂલીયાનું રીપેરીંગ કામ સરકાર ક્યાં સુધીમાં કરવા માંગે છે? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------

**ગાંધીનગર તાલુકામાં રસ્તાઓને જોબનંબર આપવા બાબત**

૧૪૯૦૦ **ડૉ. સી. જે. ચાવડા (ગાંધીનગર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૦૬ની સ્થિતિએ ગાંધીનગર તાલુકામાં નાણાકીય વર્ષ ૨૦૦૩-૦૪, ૨૦૦૪-૦૫ અને ૨૦૦૫-૦૬માં રાજ્ય હસ્તક અને પંચાયત હસ્તકના ક્યા ક્યા રસ્તાઓને જોબનંબર આપ્યા, | (૧) વર્ષ ૨૦૦૩-૦૪, ૨૦૦૪-૦૫ અને ૨૦૦૫-૦૬માં ગાંધીનગર તાલુકાના રાજ્ય અને પંચાયતનાં પત્રક-૧ મુજબનાં ૪૩ રસ્તાઓ માટે જોબ નંબર ફાળવેલ છે. |

(૨) તે પૈકી તા. ૩૧-૧-૨૦૦૬ની સ્થિતિએ ક્યા રસ્તાઓના કામ પૂર્ણ થયેલ છે, અને

(૩) બાકીના રસ્તાના કામ ક્યા તબક્કે છે, અને તે ક્યારે પૂરાં થશે?

(૨) તે પૈકી તા. ૩૧-૧-૦૬ ની સ્થિતિએ પત્રક-૨ મુજબ ૩૪ રસ્તાઓનાં કામ પૂર્ણ થયેલ છે.

(૩) ૯ રસ્તા પૈકી ૩ રસ્તાના કામ પ્રગતિમાં, ૫ રસ્તાના કામોનો ઇજારો નક્કી કરવાની પ્રક્રિયામાં અને ૧ કામ ખાતાકીય હાથ ધરવાનું નક્કી કરેલ છે.

આ કામો પૈકી ૨ કામો ચાલુ વર્ષમાં અને ૭ કામો વર્ષ ૨૦૦૬-૦૭ માં પૂર્ણ કરવાનું આયોજન છે.

**પત્રક-૧**

ગાંધીનગર તાલુકામાં વર્ષ ૨૦૦૩-૦૪, ૨૦૦૪-૦૫ અને ૨૦૦૫-૦૬માં ફાળવેલ જોબનંબરની વિગત

| ક્રમ | રસ્તાનું નામ |
|---|---|
| | **વર્ષ ૨૦૦૩-૦૪** |
| ૧ | ને. હા. નં. ૮ ""ક"" થી પાલજ |
| ૨ | અડાલજ કોબા લીક રોડ (નાળા કામ) |
| ૩ | ગાંધીનગર વાવોલ પુન્દ્રાસણ (રોડ પ્રોટેકટીવ) |
| ૪ | વાવોલ-કોલવડા રોડ (પુરમરામત) |
| ૫ | પેથાપુર રૂપાલ નારદીપુર રોડ (નાળાના હેડવોલ રીપેરીંગ પુરમરામત) |
| ૬ | અમદાવાદ સાબરમતી રોડ-(ગટર કામો પુરમરામત) |
| ૭ | ગાંધીનગર શહેરનાં "ચ" માર્ગ |
| ૮ | ગાંધીનગર શહેરનાં "ઘ " રોડ, રોડ નં. ૬ રોડ નં. ૭ અને "ક" રોડ |
| ૯ | રાયસણ એપ્રોચ રોડ |
| ૧૦ | લેકાવાડા ભુંડીયા રોડ |
| ૧૧ | ને. હા થી ગોલવંટા વીરાતલાવડી રોડ |
| | **વર્ષ ૨૦૦૪-૦૫** |
| ૧૨ | રૂપાલ નારદીપુર રોડ |
| ૧૩ | અડાલજ ઉવારસદ મોટી આદરજ રોડ |
| ૧૪ | કોલવડા રાંધેજા |
| ૧૫ | કોબા સાબરમતી થી મોટેરા સ્ટેડીયમ |
| ૧૬ | ચિલોડા સાદરા રોડ |
| ૧૭ | અડાલજ ઉવારસદ મોટી આદરજ સરઢવ નારદીપુર રોડ (સ્લેબ ડ્રેઇન) |
| ૧૮ | વાવોલ કોલવડા રોડ, (નાળાકામ પુરમરામત) |
| ૧૯ | ગાંધીનગર શહેરના "ઘ" રોડ ઘ-૫ થી પેથાપુર |
| ૨૦ | ગાંધીનગર શહેરના રોડ નં. ૭, ઘ-૭ થી જ-૭ |
| ૨૧ | ગાંધીનગર શહેરના સેકટરોના આંતરિક રસ્તા સેકટર નં. ૧,૨,૭,૮,૧૪,૧૭,૧૯,૨૧,૨૨,૨૩ (પસંદગીની લંબાઇમાં) |
| ૨૨ | ગાંધીનગર શહેરના મુખ્ય માર્ગોની ઉપર થર્મોપ્લાસ્ટ રોડ માર્કીંગના પટ્ટા લગાવવાનું કામ (પસંદગીની લંબાઇમાં) |
| ૨૩ | ગાંધીનગર શહેરના મુખ્ય માર્ગો ઉપર રોડ ફર્નીસીંગ (પસંદગીની લંબાઇમાં) |
| ૨૪ | ગાંધીનગર શહેરના સેકટર ૧ થી ૮, ૧૧, ૧૩ થી ૧૭ તથા ૧૯ ના આવેલ આંતરિક રસ્તા |
| ૨૫ | ગાંધીનગર શહેરના મુખ્ય રસ્તાઓ નં. ૩,૪,૫,૬, અને "છ" રોડ |
| ૨૬ | ગાંધીનગર શહેરના રસ્તા નં. ૭ ઉપર આવેલ સેન્ટ્રલ વર્જની કામગીરી |
| ૨૭ | પોર અડાલજ રોડ |
| ૨૮ | પાલજ ને. હા. ને જોડતો રસ્તો |
| ૨૯ | ટીટોડા હાઇસ્કુલથી ટીટોડા ગામ થઇ ભોયણ રાઠોડ સુધીનો રોડ |
| ૩૦ | વલાદ ગામે ને. હા. થી ગોલવંટા થઇ વીરાતલાવડી સુધીનો રોડ |
| ૩૧ | છાલાથી દશેલા રોડ |
| ૩૨ | ને. હા. થી મોતીપુરા મહાદેવપુરા રોડ |
| ૩૩ | જમીયતપુરા એપ્રોચ રોડ |

| ક્રમ | રસ્તાનું નામ |
|---|---|
| ૩૪ | અડાલજથી જમીયતપુરા રોડ |
| ૩૫ | છાલા જાખોરા રોડ |
| | **વર્ષ ૨૦૦૫-૦૬** |
| ૩૬ | નભોઇ જંક્શનથી કોબા રસ્તો |
| ૩૭ | ગાંધીનગર શહેરના રોડ નં. ૨ |
| ૩૮ | ગાંધીનગર શહેરના રોડ નં. ૬ |
| ૩૯ | છાલા-કાનપુર વાસણા ચોધરી રોડ |
| ૪૦ | વાસણા-ઉનાવા-બાલવા રોડ |
| ૪૧ | વડોદરાથી સોલંકીપુર રોડ પર નાળા કામ |
| ૪૨ | સોનીપુર - સરઢવ-રોડ પર નાળાકામ |
| ૪૩ | વડોદરા-મહોલ્લા માર્ગપર નાળાકામ |

**પત્રક-૨**

તા. ૩૧-૧-૦૬ ની સ્થિતિએ પુર્ણ થયેલ કામોની યાદી

| ક્રમ | રસ્તાનું નામ |
|---|---|
| | **વર્ષ ૨૦૦૩-૦૪** |
| ૧ | ને. હા. નં. ૮ ""ક"" થી પાલજ |
| ૨ | અડાલજ કોબા લીંક રોડ (નાળા કામ) |
| ૩ | ગાંધીનગર વાવોલ પુન્દ્રાસણ (રોડ પ્રોટેકટીવ) |
| ૪ | વાવોલ-કોલવડા રોડ (પુરમરામત) |
| ૫ | પેથાપુર રૂપાલ નારદીપુર રોડ (નાળાના હેડવોલ રીપેરીંગ પુરમરામત) |
| ૬ | અમદાવાદ સાબરમતી રોડ-(ગટર કામો પુરમરામત) |
| ૭ | ગાંધીનગર શહેરનાં "ચ" માર્ગ |
| ૮ | ગાંધીનગર શહેરનાં "ઘ " રોડ, રોડ નં. ૬ રોડ નં. ૭ અને "ક" રોડ |
| ૯ | રાયસણ એપ્રોચ રોડ |
| ૧૦ | લેકાવાડા ભુંડીયા રોડ |
| ૧૧ | ને. હા થી ગોલવંટા વીરાતલાવડી રોડ |
| | **વર્ષ ૨૦૦૪-૦૫** |
| ૧૨ | રૂપાલ નારદીપુર રોડ |
| ૧૩ | અડાલજ ઉવારસદ મોટી આદરજ |
| ૧૪ | કોલવડા રાંધેજા |
| ૧૫ | કોબા સાબરમતી થી મોટેરા સ્ટેડીયમ |
| ૧૬ | ચિલોડા સાદરા રોડ |
| ૧૭ | વાવોલ કોલવડા રોડ, (નાળાકામ પુરમરામત) |
| ૧૮ | ગાંધીનગર શહેરના "ઘ" રોડ ઘ-૫ થી પેથાપુર |
| ૧૯ | ગાંધીનગર શહેરના રોડ નં. ૭, ઘ-૭ થી જ-૭ |
| ૨૦ | ગાંધીનગર શહેરના સેકટરોના આંતરિક રસ્તા સેકટર નં. ૧, ૨, ૭, ૮, ૧૪, ૧૭, ૧૯, ૨૧, ૨૨, ૨૩ (પસંદગીની લંબાઇમાં) |
| ૨૧ | ગાંધીનગર શહેરના મુખ્ય માર્ગોની ઉપર થર્મોપ્લાસ્ટ રોડ માર્કીંગના પટ્ટા લગાવવાનું કામ (પસંદગીની લંબાઇમાં) |
| ૨૨ | ગાંધીનગર શહેરના મુખ્ય માર્ગો ઉપર રોડ ફર્નીસીંગ (પસંદગીની લંબાઇમાં) |
| ૨૩ | ગાંધીનગર શહેરના સે. ૧ થી ૮, ૧૧, ૧૩ થી ૧૭ તથા ૧૯ ના આવેલ આંતરિક રસ્તા. |
| ૨૪ | ગાંધીનગર શહેરના મુખ્ય રસ્તાઓ નં. ૩, ૪, ૫, ૬, અને "છ" રોડ |
| ૨૫ | ગાંધીનગર શહેરના રસ્તા નં. ૭ ઉપર આવેલ સેન્ટ્રલ વર્જની કામગીરી |
| ૨૬ | પોર અડાલજ રોડ |

| ક્રમ | રસ્તાનું નામ |
|---|---|
| ૨૭ | પાલજ ને. હા. ને જોડતો રસ્તો |
| ૨૮ | ટીટોડા હાઇસ્કુલથી ટીટોડા ગામ થઇ ભોયણ રાઠોડ સુધીનો રોડ |
| ૩૯ | છાલાથી દશેલા રોડ |
| ૩૦ | જમીયતપુરા એપ્રોચ રોડ |
| ૩૧ | અડાલજથી જમીયતપુરા રોડ |
| ૩૨ | છાલા જાખોરા રોડ |
| | **વર્ષ ૨૦૦૫-૦૬** |
| ૩૬ | નભોઇ જંક્શનથી કોબા રસ્તો |
| ૩૭ | ગાંધીનગર શહેરના રોડ નં. ૨ |

-------------

**પાલીતાણા તાલુકામાં આવેલ પાંડેરીયા પાણી પુરવઠા યોજના**

૧૫૪૦૩ **શ્રી મનસુખભાઈ લ. માંડવિયા (પાલીતાણા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પાલીતાણા તાલુકામાં આવેલી પાંડેરીયા પાણી પુરવઠા યોજના ક્યારે મંજૂર થઈ, | (૧) તા. ૩૧-૧૨-૦૨ થી પાલીતાણા તાલુકાની પાંડેરીયા પાણી પુરવઠા યોજના મંજૂર થયેલ હતી. |
| (૨) આ યોજનાનું કામ ક્યાં તબક્કે છે, અને | (૨) યોજના બાંધકામના તબક્કે છે. |
| (૩) આ યોજનાનું કામ ક્યારે પૂર્ણ થશે ? | (૩) ડીસેમ્બર-૦૬ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. |

-------------

**ગામનું પાણી ગામમાં અને સીમનું પાણી સીમમાં**

૧૪૫૨૩ **શ્રીમતી રમીલાબેન રા. દેસાઈ (ખેરાલુ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) શુ એ હકીક્ત સાચી છે કે રાજ્ય સરકાર દ્વારા ગામનું પાણી ગામમાં અને સીમનું પાણી સીમમાં એવી યોજના અપનાવવામાં આવેલ છે. | (૧) આવી કોઇ યોજના અપનાવેલ નથી. |
| (૨) જોહા, તો આ યોજના ક્યારથી અમલમાં છે? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------

**દાહોદ જિલ્લાને નર્મદાનું પાણી આપવા બાબત**

૧૫૪૦૨ **શ્રી મહેશભાઈ સો. ભુરિયા (લીમડી) :માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) દાહોદ જિલ્લાના-ગરબાડા તાલુકાની નજીકમાં નર્મદા મુખ્ય કેનાલ પસાર થાય છે, જેના પાણીનો લાભ સરકાર દાહોદ જિલ્લાને આપવા માંગે છે કે કેમ, અને | (૧) હાલના તબક્કે કોઇ આયોજન નથી. |
| (૨) જો હા, તો સરકાર આ યોજનાનો અમલ ક્યારથી કરવા માગે છે ? | (૨) પ્રશ્ન રહેતો નથી. |

-------------

**અમૃતધારા યોજના અન્વયે જિલ્લાવાર મંજૂર થયેલ કામ**

૧૪૯૦૬ **શ્રી પરેશભાઈ ધી. ધાનાણી (અમરેલી) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં તા. ૩૧-૧-૨૦૦૬ની સ્થિતિએ વર્ષ : ૨૦૦૪-૦૫ અને ૨૦૦૫-૦૬ દરમ્યાન અમૃતધારા યોજના અંતર્ગત જિલ્લાવાર કેટલા કામ મંજૂર કરવામાં આવેલ છે, અને

(૨) તે પેટે કુલ કેટલી રકમનો ખર્ચ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) ૨૦ જિલ્લામાં કુલ ૨૫૫ કામો મંજૂર કરવામાં આવેલ છે. (જિલ્લાવાર મંજુર કરેલ કામોની સંખ્યાનું પત્રક સામેલ છે.)

(૨) રૂા. ૪૯ ક્રોડનો ખર્ચ થયેલ છે.

પત્રક

| ક્રમ | જિલ્લાનું નામ | મંજુર કરેલ પાણીના કામો |
|---|---|---|
| ૧. | અમદાવાદ | ૩૪ |
| ૨. | આણંદ | ૦૯ |
| ૩. | બનાસકાંઠા | ૧૭ |
| ૪. | વડોદરા | ૦૮ |
| ૫. | ભરૂચ | ૦૬ |
| ૬. | દાહોદ | ૦૧ |
| ૭. | ગાંધીનગર | ૦૬ |
| ૮. | ખેડા | ૦૧ |
| ૯. | મહેસાણા | ૧૭ |
| ૧૦. | નવસારી | ૧૧ |
| ૧૧. | પંચમહાલ | ૦૨ |
| ૧૨. | પાટણ | ૧૩ |
| ૧૩. | સાબરકાંઠા | ૨૨ |
| ૧૪. | સુરત | ૦૧ |
| ૧૫. | અમરેલી | ૦૩ |
| ૧૬. | ભાવનગર | ૨૦ |
| ૧૭. | જામનગર | ૦૪ |
| ૧૮. | જુનાગઢ | ૨૧ |
| ૧૯. | રાજકોટ | ૦૮ |
| ૨૦. | સુરેન્દ્રનગર | ૫૧ |
| | કુલ :- | ૨૫૫ |

-------------

**દાંતીવાડા અને સીપુ જળાશયોને લીંક કેનાલ દ્વારા જોડવા બાબત**

૧૪૫૧૬ **શ્રી કાંતિલાલ ધ. કચોરિયા (પાલનપુર) : માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લાના દાંતીવાડા અને સીપુ જળાશયોને લીંક કેનાલ દ્વારા જોડવાની કેટલી દરખાસ્તો તા. ૩૧-૧-૦૬ સુધીમાં છેલ્લા બે વર્ષમાં સરકારને મળેલ, અને

**જવાબ**

(૧) છેલ્લા બે વર્ષમાં ૩ રજુઆતો મળેલ છે.

(૨) તે અંગે સરકારે શી કાર્યવાહી કરેલ છે ?

(૨) પ્રાથમિક મોજણી કરવામાં આવેલ છે.

-------------

**હાલોલ અને જાંબુઘોડા તાલુકાની સુખી તેમજ દેવ સિંચાઈ યોજનાની કેનાલમાં રીપેરીંગ કામ**

૧૫૪૪૬ **શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર (હાલોલ)** : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) હાલોલ અને જાંબુઘોડા તાલુકાઓમાં આવેલ સુખી તેમજ દેવ સિંચાઈ યોજનાની કેનાલો રીપેરીંગ કરવાનું કામ સરકારે ક્યારે મંજુર કરેલ છે, અને | (૧) દર વર્ષે જ્યારે જરૂર હોય ત્યારે અગ્રિમતા આપી નહેર રીપેર કરવામાં આવે છે. |
| (૨) આ કામ ક્યાં સુધી પૂર્ણ કરવામાં આવશે ? | (૨) આ વર્ષે પાણી વહેવડાવી શકાય તે પ્રમાણેની ખુબ જ અગ્રિમતાથી કામો પુર્ણ કર્યો છે અને બાકીના રવિ ઋતુની સિંચાઇ પુર્ણ થયા પછી પુરા કરવામાં આવશે. |

-------------

**વલસાડ જિલ્લામાં દમણગંગા મધુબંધ જળાશયની મેઈન કેનાલ અને માયનોર કેનાલની મરામત કામગીરી**

૧૪૦૭૨ **શ્રી જીતુભાઈ હ. ચૌધરી (મોટાપોંઢા) : માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વલસાડ જિલ્લામાં દમણગંગા મધુબંધ જળાશયની મેઈન કેનાલ અને માયનોર કેનાલની મરામતની કામગીરી છેલ્લે ક્યારે કરવામાં આવી, અને | (૧) આવી મરામત કામગીરી દર વર્ષે કામની અગત્યતા અને નાણાની ઉપલબ્ધિ ધ્યાને લઇ હાથ ધરવામાં આવે છે. છેલ્લે તા. ૨૦-૧૨-૦૫ના રોજ કરવામાં આવેલ છે. |
| (૨) આ કેનાલો-માયનોર કેનાલોની મરામત કામગીરી પાછળ તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ ૨ વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો? | (૨) આ કામગીરી પાછળ,<br>૧. સને ૨૦૦૪ના વર્ષમાં રૂા. ૨૧૧.૭૫ લાખ, અને<br>૨. સને ૨૦૦૫ના વર્ષમાં રૂા. ૧૯૮.૭૫ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે. |

-------------

**ચોટીલા અને સાયલા તાલુકાને નર્મદા નદીનું પીવાનું પાણી આપવા બાબત**

૧૪૩૭૮ **શ્રી પોપટભાઈ સ. જીંજરિયા (ચોટીલા)** : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા અને સાયલા તાલુકાને નર્મદા નદીનું પીવાનું પાણી, પાઈપલાઈન દ્વારા પુરું પાડવાની યોજના મંજૂર થયેલ છે, તે વાત સાચી છે, | (૧) નર્મદા કેનાલ આધારિત સાયલા તાલુકાના ૧૪ ગામોની યોજના મંજૂર થયેલ છે. જ્યારે ચોટીલા તાલુકાની યોજના મંજૂર થયેલ નથી. |
| (૨) જો હા, તો જાન્યુઆરી ૨૦૦૬ સુધી કેટલી કામગીરી પૂર્ણ થયેલ છે, અને કેટલો ખર્ચ થયેલ છે, અને | (૨) સાયલા તાલુકાના ૧૪ ગામો માટેની યોજનાના કામો પ્રગતિ હેઠળ છે અને તે અન્વયે રૂા. ૧૭૩.૧૨ લાખનો ખર્ચ થયેલ છે. |
| (૩) આ યોજના કેટલાં સમયમાં પૂરી કરવાનું આયોજન છે? | (૩) સાયલા તાલુકાના ૧૪ ગામોની યોજના માહે ડિસેમ્બર-૦૬ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. જ્યારે સમગ્ર ચોટીલા અને સાયલા તાલુકાની |

યોજના ક્રમશઃ માર્ચ-૨૦૦૮ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

-------------

**માંડવીના ખંજરોલીથી ગવાછીને જોડતો વરઈ ખાડીનો પુલ બનાવવા બાબત**

૧૪૮૫૯ **શ્રી અનિલકુમાર મો. પટેલ (બારડોલી) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) માંડવીના ખંજરોલીથી ગવાછીને જોડતો વરઈ ખાડી પરનો પુલ બનાવવા માટેની દરખાસ્ત સરકારની વિચારણા હેઠળ છે કે કેમ, | (૧) આ કામનો બજેટમાં સમાવેશ કરેલ છે. |
| (૨) જો હા, તો તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ આ કામગીરી ક્યા તબક્કે છે, અને | (૨) અને (૩) આ કામમાં પૂરતી નાણાંકીય જોગવાઇ થયા બાદ કામ હાથ ધરવાનું આયોજન છે. |
| (૩) આ પુલ કેટલા સમયમાં તૈયાર થશે? | |

-------------

**પરવડી ગામ પાસે બનાવેલ ઉંચી ટાંકીનું કામ પૂર્ણ ન થયેલ છતાં ફાઈનલ બીલ ચુકવવા બાબત**

૧૫૩૭૮ **શ્રી કેશુભાઈ હી. નાકરાણી (શિહોર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગારીયાધાર તાલુકાના ગામડાઓમાં પીવાનું પાણી આપવા માટે શેત્રુંજય ડેમ આધારિત યોજનાની પરવડી ગામ પાસે બનાવેલી ઉંચી ટાંકીનું કામ એજન્સી દ્વારા કામ પૂર્ણ નહીં કરેલ હોવા છતાં ફાઈનલ બીલ ચૂકવી દેવામાં આવેલ છે તે હકીક્ત સાચી છે, અને | (૧) ના, જી. |
| (૨) જો હા, તો આ ફાઈનલ બીલ ચૂકવી દેવાના શાં કારણો છે? | (૨) પ્રશ્ન રહેતો નથી. |

-------------

**રાજ્યોના પ્રવાસન સ્થળોની બ્લ્યુ પ્રિન્ટ તૈયાર કરવા બાબત**

૧૪૮૮૬ **શ્રી પ્રવિણભાઈ મો. માકડિયા (ઉપલેટા) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ૨૦૦૬નું વર્ષ પ્રવાસન તરીકે ઉજવવામાં આવી રહ્યું છે. ત્યારે રાજ્યના પ્રવાસન સ્થળોના વિકાસ માટે કોઈ બ્લ્યુ પ્રિન્ટ તૈયાર કરવામાં આવી છે કે કેમ, | (૧) પ્રવાસન વર્ષ-૨૦૦૬ની કાર્યયોજના તૈયાર કરવામાં આવી છે. |
| (૨) જો હા, તો તેમાં સોરાષ્ટ્રના ક્યા ક્યા પ્રવાસન સ્થળોનો સમાવેશ કરવામાં આવેલ છે, અને | (૨) સોરાષ્ટ્ર નીચે પ્રમાણેના પ્રવાસન સ્થળોનો સમાવેશ કરવામાં આવે છે.<br>(અ) પ્રવાસન વર્ષ-૨૦૦૬ની કાર્યયોજનામાં સોરાષ્ટ્રના દ્વારકા-સોમનાથ-ગિરનાર-પાલીતાણા અને સાસણગીરનો સમાવેશ કરવામાં આવેલ છે. જ્યારે<br>(બ) સોરાષ્ટ્રના ૭ જીલ્લાઓ માટે સ્થાનિક વહીવટી તંત્ર દ્વારા જે દરખાસ્તો કરેલ છે. તેમાં નીચે |

મુજબના સ્થળોનો સમાવેશ થાય છે.

**૧. જૂનાગઢ જીલ્લો :-**

જુનાગઢ-સાસણગીર-સોમનાથ-મધુવંતીલેક, (મેંદરડા તાલુકો)-માધુપુર જંબુર ગામ (તલાલ તાલુકો) સાણવાકીયાની બુધ્ધ ગુફા-તુલસીશ્યામ-(ઉના તાલુકો) એહમદપુર માંડવી-(ઉના તાલુકો) ગુપ્ત પ્રયાગ -(ઉના તાલુકો) ચોરવાડ-(માંગરોળ તાલુકો) લોએજ-(માંગરોળ તાલુકો) અક્ષયગઢ-(કેશોદ તાલુકો) વ્હેલ શાર્ક સાઈટીંગ સ્પોર્ટ (તા. કોડીનાર) પાંચ પીપળવા અને બરડી બન્દ્ર (બર્ડ સેન્ચ્યુરી કોડીનાર તાલુકો)-સરખડી, છારા અને વેલાણ ગામે લાયન સફારી (કોડીનાર તાલુકો) રામરેચી ગામે ફાર્મ ટુરીઝમ (તલાલ તાલુકો)

**૨. ભાવનગર જીલ્લો :**

ભાવનગર શહેર-કાળીયાર રાષ્ટ્રીય ઉદ્યાન-(વેળાવદર) કોળીયાક કુડા સમૃદ્ધ તટ-ભવાની બીચ (મહુવા) બુધ્ધ અને એભલવાળાની ગુફાઓ-(તળાજા) ગોપનાથ-(તળાજા) ગોમતેશ્વર સરોવર-(શિહોર)-પાલીતાણા.

**૩. પોરબંદર જિલ્લો :**

સુદામા મંદિર-ક્રિર્તી મંદિર-સી, બીચ અને જેટી ડેવલપમેન્ટ ભારત મંદિર-પ્લેનેટોરીય-પોરવ-માતાજી મંદિર-ચોપાટી-બરેજ-મોચા હનુમાન-માધવપુર-ક્રિમેશ્વર મંદિર-(કુછડી) વિસાવાડા (મુળ દ્વારકા)-બ્રહ્માજી મંદિર-(મીયાંણી)-ચંદલ મંદિર(બગવદર)-જાંબુવન ગુફા (આદિત્યાણા)-બીલેશ્વર મંદિર (બીલેશ્વર)-ગોકરણ (પિતૃ શ્રાધ્ધ સ્થળ)

**૪. અમરેલી જીલ્લો :**

શિયાળબેટ-(જાફરાબાદ) :-વારાહ સ્વરૂપ મંદિરનો વિકાસ (જાફરાબાદ)-આંબરડી વન વિસ્તારનો વિધાસ (ધારી) -કલાપી સમાધી સ્થળ અને સાગોરા પીરની વાવનો વિકાસ (લાઠી)-ભુરખીયા ગામે હનુમાન મંદિરનો વિકાસ (લાઠી)-વિકટર ગામે વિકટર પોર્ટ (જુનુ) નો વિકાસ (રાજુલા)-કૃષ્ણગઢ મોતીયાળા ડેમ સાઈટનો વિકાસ, (સાવરકુંડલા).

**૫.સુરેન્દ્રનગર જીલ્લો :**

સુરેન્દ્રનગર શહેર-ખારાઘોડા-કચ્છના નાના રણનો વિકાસ (તા. પાટડી)-ધાંગધ્રા-વઢવાણ-હળવદ-થાનગઢ-તરેણતર-સાયણા-ચોટીલા-ધોળી ધજા ડેમ

**(૬) રાજકોટ જિલ્લો :**

રાજકોટ શહેર-કબા ગાંધીનો ડેલો-મહાત્મા ગાંધી વિદ્યાલય, રામકૃષ્ણ આશ્રમ-વોટસન મ્યુઝિયમ-સ્વામીનારાયણ મંદિર-રાષ્ટ્રીય શાળા આજીડેમ.

**તાલુકા :-**

૧. **ગોંડલ :** ભુવનેશ્વરી મંદિર-પેલેસ-શેલ ગુફાઓ-ભાદરડેમ સાઈટ

| | |
|---|---|
| | ૨. **વિરપુર :** જલારામમંદિર, મીનળવાવ.<br>૩. **રતનપર :** રામચરિત માનસ મંદિર<br>૪. **મોરબી :** મણીમંદિર, ઝુલતો પુલ-મોરબી પેલેસ રફાળેશ્વર મંદિર.<br>૫. **વાંકાનેર : વાંકાનેર પેલેસ**<br>૬. **જસદણ : ઘેલા સોમનાથ-હીંગોળગઢ અભયારણ્ય**<br>૭. **ધોળાજી :** જુનો દરબાર ગઢ-ઓસમ ડુંગર (માત્રી માતાનું મંદિર)<br>૮. **માળીયા મીયાણા-** શ્રીમદ્ રાજચંદ્ર મંદિર<br>(૭) **જામનગર જિલ્લો :**<br>દ્વારકા, નાગેશ્વર, બેટદ્વારકા, હર્ષદમંદિર, કલ્યાણપુર તાલુકાનું પિંડતારકકુંડ, ઘુમલી, મોડપર કિલ્લો અને ગુલાબસગીર તળાવ, ભાણવડનું શનિમંદિર, બરડો ડુંગર અને અભયારણ્ય, ખીરોટન ટાપુ, નરારા ટાપુ, રિશીવરાજપુર બીચ, ઓખામઢી બીચ. બાલાચડી બીચ, જામજોધપુર. |
| (૩) પસંદ કરેલ પ્રવાસન સ્થળો માટે કેટલો ખર્ચ કરવામાં આવનાર છે? | (૩) **નીચે પ્રમાણે**<br>**(અ)** પ્રવાસન વર્ષ ૨૦૦૬ની કાર્ય યોજના હેઠળ આંતરમાળખાકીય સુવિધાઓ અને પ્રવાસન સુવિધાઓ વિકસાવવા દ્વારકા માટે રૂા. ૨૦૦.૦૦ લાખ,<br>સોમનાથ માટે રૂા. ૧૦૦.૦૦ લાખ,<br>ગિરનાર માટે રૂા. ૧૦૩.૭૪ લાખ,<br>પાલીતાણા માટે રૂા. ૫૦.૦૦ લાખ, અને સાસણગીર માટે રૂા. ૬૦.૦૦ લાખના ખર્ચનું આયોજન છે.<br>જ્યારે<br>(બ) જીલ્લા તંત્ર દ્વારા સુચવેલ દરખાસ્તોના કામો માટે સન ૨૦૦૬-૦૭ના બજેટમાં જરૂરી જોગવાઈ સુચવેલ છે,જે પેકી મંજુર થનાર કામો માટે ખર્ચ કરી શકાશે. |

-------------

**વાંસદા તાલુકામાં પાણી પુરવઠા યોજનાઓ**

૧૪૯૦૫ **શ્રી છનાભાઈ કો. ચૌધરી (ધરમપુર): માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ નવસારી જિલ્લાની વાંસદા તાલુકામાં પાણી પુરવઠાની કેટલી યોજનાઓ છેલ્લા બે વર્ષમાં મંજૂર થયેલ છે, | (૧) ૧૨૪ યોજનાઓ મંજૂર થયેલ છે. |
| (૨) તે અન્વયે કેટલી કામો પૂર્ણ થયા, અને | (૨) ૬૦ યોજનાઓના કામો પૂર્ણ થયેલ છે. |
| (૩) કેટલા કામો પૂર્ણ થવાના બાકી છે ? | (૩) ૬૪ યોજનાઓના કામો પૂર્ણ થવાના બાકી છે. |

-------------

**અમદાવાદ શહેરને શહેરી વિકાસ વર્ષ દરમિયાન ફાળવેલ ગ્રાન્ટ બાબત**

૧૪૮૮૮ **ડૉ. માયાબેન સુ. કોડનાની (નરોડા) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૬ સુધીમાં શહેરી વિકાસ વર્ષ ૨૦૦૫ દરમ્યાન અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને વિકાસના કામો માટે સરકાર દ્વારા કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી,, | (૧) તા. ૩૧-૧-૦૬ સુધીમાં શહેરી વિકાસ વર્ષ ૨૦૦૫ દરમ્યાન અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને વિકાસના કામો માટે સરકાર દ્વારા રૂા. ૧૯/-કરોડ ગ્રાન્ટ પેટે ફાળવવામાં આવેલ છે. |
| (૨) આ ગ્રાન્ટમાંથી શહેરમાં ક્યા ક્યા કામો કરવામાં આવ્યા, અને | (૨) આ ગ્રાન્ટમાંથી શહેરમાં ફ્લાય ઓવર, બ્રિજ,ઓવર બ્રિજ તથા અંતિમધામના વિકાસના કામો કરાયેલ છે. |
| (૩) તેમાં કેટલો ખર્ચ થયો ? | (૩) રૂા. ૧૮.૭૨ કરોડનો ખર્ચ થયો છે. |

-------------

**પાણી પુરવઠા વિભાગના વર્ગ-૧-૨ના અધિકારીઓ સામે અનિયમિતતા-ભ્રષ્ટ્રાચારને કારણે છૂટા કરવા બાબત**

૧૪૨૦૨ **શ્રી બાલુભાઈ તંતી (ધારી) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ૨૦૦૩ થી ૨૦૦૫ના કેલેન્ડર વર્ષમાં પાણી પુરવઠા વિભાગના વર્ગ-૧, વર્ગ-૨ના અધિકારીઓને અનિયમિતતા-ભ્રષ્ટ્રાચાર, ગેરરીતિ વિગેરે કારણોસર-વિલંબીત કે સસ્પેન્ડ/છૂટા કરવામાં આવ્યા હોય તેવા કેટલા અધિકારીઓ છે, | (૧) એક પણ નહિ. |
| (૨) આ અધિકારીઓ સામે તપાસમાં શું તથ્ય જણાયું, | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) આમાંના કેટલા અધિકારીઓને તુરતમાં જ નોકરી ઉપર ફરી લેવામાં આવ્યા, ક્યા કારણોસર, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) કેટલા અધિકારીઓ સામે હજુ તપાસ ચાલુ છે? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------

**અમદાવાદ શહેરમાં વાલ્મિકી આંબેડકર આવાસ યોજના નીચે બનાવેલ મકાનો**

૧૫૪૪૦ **શ્રી જીતેન્દ્રકુમાર ઉ. વાઘેલા (શહેર કોટડા) : માનનીય શહેરી ગૃહનિર્માણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ અમદાવાદ શહેરમાં વાલ્મિકી આંબેડકર આવાસ યોજના અન્વયે કેટલા મકાનો બનાવેલ છે, | (૧) "" શૂન્ય "" |
| (૨) તે ક્યા ક્યા વિસ્તારોમાં બાંધવામાં આવેલ છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી |
| (૩) કુલ કેટલા મકાનો લાભાર્થીઓને આપવામાં આવ્યા છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------

**ચિખલી તાલુકાના ખરોલી, વાંગરવાડલ, સુખાઈ ગામોને ઉનાળામાં પાણી આપવા બાબત**

૧૪૫૨૮ **શ્રીમતી ભારતીબેન ન. પટેલ (ચીખલી) : માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નવસારી જિલ્લાના ચીખલી તાલુકાની ખરોલી ડીસ્ટ્રીબ્યુટરીથી વાંગરવાડી, સુરખાઈ ગામોને ૨૦૦૫માં ઉનાળાની સિઝનમાં પાણી આપવાની સરકાર તરફથી ખાત્રી આપવામાં આવી હતી. પરંતુ ઉનાળાની ૨૦૦૬ની સિઝન આવી હોવા છતાં પાણીનો લાભ ઉપરોક્ત ડીસ્ટ્રીબ્યુટરી હેઠળ મળતો નથી, તે હકીક્ત સાચી છે, અને | (૧) અગાઉ તારાંક્તિ પ્રશ્ન ક્રમાંક : ૧૦૧૦૫ના જવાબમાં નવસારી જિલ્લામાં ચીખલી તાલુકાના ખરોલી ડીસ્ટ્રી. થી વાંગરવાડી, સુરખાઈ ગામોને ૨૦૦૫માં ઉનાળાની સિઝનમાં પાણી આપવામાં આવશે જેની ખાત્રી આપેલ પણ તારાંક્તિ પ્રશ્ન ક્રમાંક : ૧૩૨૨૬ના જવાબમાં નહેરનું ૯૨૯૫ મીટર પરનું કેનાલ સાયફનનું રીપેરીંગ, માટી કામના કામો કરી જુન-૨૦૦૬ સુધીમાં સદર ગામોને પાણી આપવાનું જણાવેલ છે. |
| (૨) આ અંગે સરકાર શું કાર્યવાહી કરવા માંગે છે? | (૨) અગાઉ સને ૨૦૦૫નાં ઉનાળું સીઝનમાં પાણી આપવાનું આયોજન હતું પરંતુ ખરોલી ડીસ્ટ્રી. ની સાંકળ : ૯૨૯૫ મીટર પર આવેલ કેનાલ સાયફન જર્જરિત હાલતમાં હોય, સ્થળ સ્થિતિ પ્રમાણે છેવાડાના વિસ્તારમાં પાણી લઈ જવા માટે તાંત્રિક મુદ્દાઓ લક્ષમાં લઈ સદર નહેર સાયફનનાં મરામતનું આયોજન કરેલ છે. સદર આયોજન અનુસાર ખરોલી ડીસ્ટ્રી. પર સદર નહેરનાં સાયફનની ઉપરવાસમાં જરૂરી માટીકામની કામગીરી ૮૦:૨૦નાં ધોરણે કરાવી કામગીરી હાથ ધર્યા બાદ સિંચાઈનું પાણી ૯૦૦૦ મીટર સુધી આપવામાં આવેલ છે. અને સાંકળ ૯૨૯૫ મીટર પરનું સાયફન મરામત તેમજ હેઠવાસનું માટીકામ કરવા માટે એજન્સી નક્કી કરી કામ ચાલુ કરેલ છે. સદર કેનાલ સાયફનનું મરામત, માટીકામનાં કરી, જુન-૨૦૦૬ સુધીમાં સદર ગામોને પાણી આપવાનું આયોજન છે. |

-------------

**પાટણ તાલુકાના નાયતા-નાના ભેલોડા રોડનું કામ કરવા બાબત**

૧૪૭૧૯ **શ્રી જોધાજી ગ. ઠાકોર (વાગડોદ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પાટણ તાલુકાના નાયતા-નાના ભેલોડા રોડનું માટી કામ-લેવલીંગ કામ ક્યારે હાથ ધરવામાં આવ્યું હતુ, અને | (૧) આ નોન પ્લાન રસ્તાનું અછતમાં માટીકામ વર્ષ ૯૯-૨૦૦૦માં તથા રોજગારીની ખાતરી આપતી યોજના હેઠળ માટીકામ વર્ષ ૨૦૦૧-૦૨માં કરવામાં આવેલ છે. |
| (૨) આ રસ્તાને મેટલીંગ-ડામર સપાટી સુધીમાં ક્યારે લઈ જવામાં આવશે ? | (૨) હાલ કોઈ આયોજન નથી. |

-------------

**સુરેન્દ્રનગર અને વઢવાણ નગરપાલિકાઓની હદ વધારવા બાબત**

૧૫૪૩૩ **શ્રી ધનરાજભાઈ કેલા (વઢવાણ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સુરેન્દ્રનગર અને વઢવાણ નગરપાલિકાઓની હદ વધારવાની દરખાસ્ત સરકારમાં આવેલ છે કે કેમ, અને | (૧) હા જી. |
| (૨) જો હા, તો સરકારે આ દરખાસ્ત ઉપર શું કાર્યવાહી કરેલ છે? | (૨) બાબત વિચારણા હેઠળ છે. |

-------------

**કચ્છના નવા ઉદ્યોગોને પાણી આપવાની બાબત**

૧૪૮૮૭ **ડૉ. નીમાબેન બ. આચાર્ય (અંજાર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) કચ્છમાં નવા આવેલ ઉદ્યોગો માટે પુરતું પાણી આપવાનું શું આયોજન છે, | (૧) નર્મદા કેનાલ આધારિત પીવાના પાણીની યોજના હેઠળ ઉદ્યોગોને કુલ : ૪૫૦ લાખ લીટર દૈનિક પાણી આપવાનું આયોજન છે. |
| (૨) આ આયોજન ક્યા તબક્કામાં છે, અને | (૨) પ્રથમ તબક્કા હેઠળની બલ્ક પાણી પુરવઠા યોજનાઓ પૂર્ણ થયેલ છે. બીજા તબક્કાના સેક્શનોના કામો પ્રગતિમાં છે. |
| (૩) સરકાર આ ઉદ્યોગો પાસેથી પાણીનો ભાવ શું વસુલવા માગે છે? | (૩) હાલ ઓધોગિક એકમો પાસે ૧૦૦૦ લીટર પાણીના દર રૂા. ૧૫/- પ્રમાણે વસૂલ કરવામાં આવે છે. ભવિષ્યમાં જે નીતિ નક્કી થાય તે દર વસુલવાના રહેશે. |

-------------

**દિઓદર તાલુકાના ગામડામાં પીવાના પાણીના બોર બંધ હોવા બાબત**

૧૪૪૨૭ **શ્રી ભેમાભાઈ રા. પટેલ (દીઓદર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લાના દિઓદર તાલુકામાં પીવા માટેના પાણીના બોર બંધ પડેલ છે, તે હકીકત સાચી છે, | (૧) હા, જી ઓઢા તથા અછવાડીયા ગામોમાં |
| (૨) જો હા , તો ગામોને કઇ યોજનામાંથી પીવાનું પાણી આપવામાં આવે છે, અને | (૨) બોર બંધ હોવાથી બંન્ને ગામો આજુબાજુના ખાનગી બોરમાંથી પાણી મેળવે છે. |
| (૩) સરકાર કેટલા સમયમાં આવા ગામોમાં નવા ટ્યુબવેલ બનાવવા માંગે છે ? | (૩) ઓઢા ગામને માર્ચ-૨૦૦૬ના અંત સુધીમાં નવીન બોર કરવાનું આયોજન છે. અછવાડિયા ગામને આંઠ જૂથ યોજનામાં લુણાવા ગામેથી ટેપીંગ દ્વારા એપ્રિલ-૨૦૦૬ના અંત સુધીમાં પાણી આપવાનું આયોજન છે. |

-------------

**શહેરી વિકાસ વર્ષ નિમિત્તે ભૂજ અને નખત્રાણા શહેરના વિકાસ કાર્યો કરવા બાબત**

૧૫૪૩૦ **શ્રી શીવજીભાઈ ક. આહીર (ભૂજ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) શહેરી વિકાસ વર્ષ-૨૦૦૫ અંતગર્ત ભૂજ અને નખત્રાણા શહેરમાં ક્યા ક્યા વિકાસ કાર્યો હાથ પર લેવામાં આવ્યા,

(૨) કેટલા વિકાસ કાર્યો પડતર છે, અને

(૩) પડતર રહેલા વિકાસ કાર્યો ક્યારે પૂર્ણ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) શહેરી વિકાસ વર્ષ-૨૦૦૫ અંતર્ગત ભૂજ શહેરમાં હમીરસર તળાવ સુધારણા, પાણી પુરવઠા તથા ગટરના કામો હાથ ધરવામાં આવેલ છે. નખત્રાણા નગરનો શહેરી વિસ્તારમાં સમાવેશ થતો નથી.

(૨) પીવીસી પાઈપ લાઈનનું કામ, બોરવેલ પંપરૂમ તથા તેને લગતી લાઈનના કામો પડતર છે.

(૩) પડતર રહેલાં વિકાસ કાર્યો સત્વરે પૂર્ણ કરવામાં આવશે.

-------------

**ઉત્તર ગુજરાતમાં કોઝવે પર ચેકડેમ બાંધવા મંજૂરી**

૧૫૪૦૬ **શ્રી રણજિતસિંહ ન. ચાવડા (હિંમતનગર):માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉત્તર ગુજરાતમાં હયાત કોઝવે ઉપર જિલ્લાવાર કેટલા ચેકડેમ બંધાયા,

(૨) આ કામ માટે કોઇ ટ્રસ્ટને એજન્સી અપાયેલી હતી કે કેમ, અને

(૩) જો હા, તો ક્યારે ટ્રસ્ટને આ કામ માટે મંજૂરી આપી ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં હયાત કોઝવે ઉપર બંધાયેલ ચેકડેમની વિગતો જિલ્લાવાર નીચે પ્રમાણે છે.

| અ. નં. | જિલ્લાનું નામ | પૂર્ણ થયેલ ચેકડેમ |
|---|---|---|
| ૧. | મહેસાણા | ૪૦ |
| ૨. | પાટણ | ૨ |
| ૩. | સાબરકાંઠા | ૧૬૫ |
| ૪. | બનાસકાંઠા | ૩૦ |
| | **કુલ :** | **૨૩૭** |

(૨) હા, જી.

(૩) આ કામોને નીચે મુજબ મંજૂરી આપેલ છે.

| જિલ્લાનું નામ | મંજૂરીની તારીખ |
|---|---|
| મહેસાણા | ૧૬-૨-૨૦૦૫ |
| પાટણ | ૧૬-૨-૨૦૦૫ |
| સાબરકાંઠા | ૪-૩-૨૦૦૫ |
| બનાસકાંઠા | ૪-૩-૨૦૦૫ |

-------------

**દહેજ જૂથ પાણી પુરવઠા યોજનાની પ્રગતિ**

૧૩૮૫૨ **શ્રીમતી રશીદા ઈ. પટેલ (વાગરા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભરૂચ જિલ્લાની દહેજ જૂથ પાણી પુરવઠા યોજનાની પ્રગતિ તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ ક્યા તબક્કમાં છે,

**જવાબ**

(૧) પૂર્ણ થવાના તબક્કામાં છે.

| | |
|---|---|
| (૨) આ કામો ક્યાં સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે, અને | (૨) માર્ચ ૨૦૦૬ સુધીમાં |
| (૩) યોજનાના અમલીકરણ માટે જી. આઇ.ડી.સી. એ ક્યારે કેટલી રકમ જમા કરાવી અને કેટલો ખર્ચ તા. ૩૧-૧૨-૦૫ સુધીમાં કરવામાં આવ્યો ? | (૩) તા. ૩૧-૫-૨૦૦૨ ના રૂા. ૨૦.૦૦ લાખ કલેકટરશ્રી ભરૂચને જમા કરાવેલ, તા. ૩૧-૧૨-૦૫ સુધીમાં રૂા. ૮.૨૮ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે. |

-------------

## બ્રાહમણી ડેમ-૨ના કારણે ગામોનું સ્થળાંતર કરવા બાબત

૧૫૪૨૦ **શ્રી જયંતિલાલ ૨ા. કવાડિયા (હળવદ)** : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) હળવદ તાલુકામાં સરકાર દ્વારા બ્રાહમણી-૨નું કામ ગતિમાં ચાલે છે જે ડેમના કારણે બે ગામો ડુબમાં જતા હોવાથી સ્થળાંતર કરવાના છે તે હકીક્ત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા,તો આ ગામો સ્થળાંતર કરવા માટે રાજ્ય સરકાર કક્ષાએ કેટલી વખત મીટીંગો કરવામાં આવી, અને | (૨) બે વખત |
| (૩) આ મીટીંગોના અંતે ગામના સ્થળાંતરની કાર્યવાહી ક્યા કારણોસર કરવામાં આવતી નથી ? | (૩) ગામ-શિરોઈ માટે સૂચિત બિનવિવાદી ખરાબાની જ્ગ્યાની ફાળવણી પૂર્ણ થતા તેમજ ગામ સુંદરગઢ તથા શિરોઈ માટે મહેસૂલી રેકર્ડ અદ્યતન થયા બાદ અસરગ્રસ્તો માટે માલિકી હક્ક સાબિત કરતા વૈકલ્પિક આધારો માન્ય થયા બાદ વળતરની કામગીરી થયેથી સ્થળાંતર માટેની કાર્યવાહી કરવામાં આવશે. |

-------------

## પાનમ જળાશયમાં ખેડૂતોની સંપાદન કરેલ જમીનનું વળતર ચૂક્વવા બાબત

૧૪૮૯૭ **શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ (શહેરા)** : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં પંચમહાલ જિલ્લામાં પાનમ જળાશયમાં કુલ કેટલા ગામોની કેટલા ખેડૂતોની કેટલા હેકટર જમીન સંપાદન કરી, | (૧) કોઈપણ ગામની, કોઈ પણ જમીન સંપાદન કરવામાં આવેલ નથી. |
| (૨) કેટલા અસરગ્રસ્તોને કેટલા હેકટર જમીનનું વળતર ચૂકવ્યું અને કેટલા બાકી, | (૨) અગાઉના સમયમાં સંપાદિત કરેલ જમીન પૈકી એક અસરગ્રસ્તને હે. આરે. ચો. મી. ૨-૬૫-૧૨ જમીનનું વળતર તા. ૧૨-૧૧-૨૦૦૩ના રોજ ચુકવ્યું. હાલમાં કોઈ અસરગ્રસ્ત વળતર માટે બાકીમાં નથી. |
| (૩) કેટલા ગામોને લોકોને ક્યાં ક્યાં પુનઃ સ્થાપિન કર્યા, અને કેટલા બાકી અને | (૩) અગાઉના વર્ષોમાં અસરગ્રસ્તોને પુનઃસ્થાપિત કરવામાં આવેલ હોઈ છેલ્લા ત્રણ વર્ષમાં કોઈ પણ ગામોના લોકોને પુનઃસ્થાપિત કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) બાકી અસરગ્રસ્તોને કઇ જ્ગ્યાએ પુનઃસ્થાપિત કરવા માગો છો, અને કેટલા સમયમાં ? | (૪) ઉપર (૩) મુજબ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------

**રાજ્યમાં સરકાર હસ્તકના પ્રવાસન સ્થળો**

૧૫૩૯૮ **શ્રી ધનસુખભાઈ ના. પટેલ (ઓલપાડ) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં તા. ૩૧-૧૨-૦૫ અંતીત રાજ્ય હસ્તકના કેટલા પ્રવાસન સ્થળો આવેલ છે, | (૧) ૧ અને ૨ રાજ્ય સરકાર હસ્તક કોઈ પ્રવાસન સ્થળો હોતા નથી |
| (૨) જે પૈકી સુરત જિલ્લામાં કેટલા સ્થળો આવેલ છે, અને | |
| (૩) આ પ્રવાસન સ્થળોને વિકસાવવા સરકારે શું આયોજન કર્યું છે ? | (૩) રાજ્ય સરકારે સન ૨૦૦૬ને પ્રવાસન વર્ષ જાહેર કરેલ છે. અને તે માટે તેયાર કરેલ કાર્યયોજના હેઠળ તેમજ જિલ્લા તંત્રોએ તેમના જીલ્લા માટે પ્રવાસન વર્ષ હેઠળ પ્રવાસન સ્થળોની આંતરમાળખાકીય સુવિધાઓ તેમજ પ્રવાસી સુવિધાઓના વિકાસ માટે દરખાસ્ત રજૂ કરેલ છે. |

-------------

**સરદાર પટેલ સહભાગી જળસંચય યોજનામાં મંજૂર થયેલ કામો**

૧૪૫૩૧ **ડૉ. જીતેન્દ્રભાઈ બા. પટેલ (સાબરમતી) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૩-૦૫ની સ્થિતિએ રાજ્યમાં સરદાર પટેલ સહભાગી જળસંચય યોજનાના ૬૦ : ૪૦ ના ધોરણે કેટલા કામો મંજૂર કરવામાં આવ્યા, કેટલા કામો બાકી છે, અને | (૧) તા. ૩૧-૩-૦૫ની સ્થિતિએ રાજ્યમાં સરદાર પટેલ સહભાગી જળસંચય યોજનાના ૬૦:૪૦ ના ધોરણે ૩૩૫૨૨ કામો મંજૂર કરવામાં આવ્યા તે પૈકી ૨૧૮૫૩ કામો પુરા કરવામાં આવ્યા હતા. ૧૧૧૯૧ કામો વિવિધ તાંત્રિક કે અન્ય કારણોસર શરૂ ના કરી શકાયેલ/પડતા મુકાયેલ હતા અને બાકી રહેતાં કામોની સંખ્યા ૪૭૮ થાય છે. |
| (૨) બાકીના કામો પૂર્ણ કરવા શું આયોજન છે ? | (૨) બાકી કામો ૨૦૦૬-૦૭માં પૂર્ણ કરવાનું આયોજન છે. |

-------------

**વિરમગામ શહેરમાં નવી બનેલ સોસાયટીઓ નગરપાલિકામાં સમાવવા અંગે**

૧૪૫૦૫ **શ્રી વજુભાઈ પ. ડોડિયા (વિરમગામ) : માનનીય શેહરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લાના વિરમગામ શહેરની મહેસૂલી હદમાં નવી બંધાયેલી સોસાયટીઓને નગરપાલિકાની હદમાં સમાવવા સરકારનું શું આયોજન છે? | વિચારણામાં છે. |

-------------

**માતર તાલુકાના કાંસ માટે ગ્રાન્ટની ફાળવણી**

૧૪૯૧૪ **શ્રી રાકેશ રાવ (માતર) :માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ફેબ્રુઆરી ૨૦૦૫ની સ્થિતિએ ખેડા જિલ્લાના કાર્યક્ષેત્ર હેઠળના માતર તાલુકાના કાંસ માટે રૂા. ૧૨૩.૩૯ લાખ તથા અન્ય બીજા ૭ કામો મળી | (૧) અધિક્ષક ઈજનેરશ્રી દ્વારા રજૂ થયેલ કામોની દરખાસ્ત પૈકી પ્રથમ તબક્કાનો જરૂરી એવા રૂા. ૩૪ લાખના કામો મંજુર કરવામાં આવેલ છે. |

કુલ ૧૩૯.૭૩ લાખના કામોને વિભાગ દ્વારા ક્યા કારણોસર મંજુરી આપવામાં આવતી નથી, અને

બાકીના અંદાજો વિચારણા હેઠળ છે.

(૨) આ કાંસોમાંથી પાણીનું વહન નહિ થઇ શક્વાના કારણે જમીનોમાં ખારાશ તથા બોરાણ બંને થતુ હોવાથી ખેડૂતો દેવાદાર થઇ ગયા હોવાની હકીકત ખરી છે ?

(૨) ના, જી.

-------------

## લીંબડી તાલુકામાં ભારે વરસાદથી તૂટી ગયેલ રસ્તાઓ

૧૪૦૦૭ **શ્રી ભવાનભાઈ જી. ભરવાડ (લીંબડી) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જુન-જુલાઇ ૨૦૦૫માં થયેલ અતિ ભારે વરસાદને કારણે લીંબડી તાલુકાના રસ્તાઓ જે તુટી ગયા હતાં તેનું રીપેરીંગ કામ તા. ૩૧-૧-૦૬ ની સ્થિતિએ ક્યા સ્ટેજે છે,

(૨) કેટલા રસ્તા રીપેર થયા છે,

(૩) કેટલા રીપેર થવાના બાકીમાં છે, અને

(૪) આ કામ ક્યારે પુરા થનાર છે ?

**જવાબ**

(૧) અને (૨) જૂન-જુલાઇ-૨૦૦૫માં થયેલ અતિભારે વરસાદને કારણે લીંબડી તાલુકાના નુકશાન પામેલ ૩૫ રસ્તાઓની તાત્કાલિક મરામતની કામગીરી કરી વાહનવ્યવહાર યોગ્ય કરવામાં આવેલ છે.

(૩) અને (૪) ૫ રસ્તાઓ ઉપર આંશિક લંબાઇમાં રસ્તાનું કામ તથા ૨૦ રસ્તા ઉપર સ્ટ્રક્ચરના કાયમી મરામતના કામો મંજૂર થયેલ છે જે વર્ષ ૨૦૦૬-૦૭માં પૂર્ણ કરવાનું આયોજન છે.

-------------

## માલપુર તાલુકાના સખવાણીયા પાટીયાથી મગોડી-રંભોડા-કાટકૂવા રસ્તો મંજુર કરવા બાબત

૧૫૪૦૮ **શ્રીમતી ભીખીબેન ગિ. પરમાર (મેઘરજ): માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) માલપુર તાલુકાના સખવાણીયા પાટીયાથી મગોડી-રંભોડા-કાટકૂવા રસ્તો મંજૂર થયેલ છે છતાં આ રસ્તાનું કામ શરૂ થયેલ નથી તે હકીકત સાચી છે, અને

±õ(૨)í –જો હા, તો આ કામ ક્યારે શરૂ થશે ?

**જવાબ**

(૧) અંદાજો મંજુરીની પ્રક્રિયા હેઠળ છે.

(૨) અંદાજો મંજુર થતા તેમજ ટેન્ડર મંજુરીની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ કામો સત્વરે હાથ ધરવામાં આવશે.

-------------

## હાંસોટ-કોસંબા રોડ ઉપર વંડખાડી ઉપરનો પુલ નવો બનાવવા બાબત

૧૫૩૯૩ **શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ (અંકલેશ્વર) :માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) હાંસોટ-કોસંબા રોડ ઉપર વંડખાડી ઉપરનો પુલ રોડ કરતા ૪ ફુટ નીચો હોવાને કારણે દર ચોમાસામાં અઠવાડીયા સુધી વાહન વ્યવહાર ખોરવાય જાય છે, જે પુલ બાંધવાનું આયોજન છે કે કેમ, અને

(૨) જો હા, તો કેટલા સમયમાં કરવા માંગો છો?

**જવાબ**

(૧) હા, જી..

(૨) પૂરતી નાણાંકીય જોગવાઇ થયા બાદ પુલનું કામ હાથ ધરવાનું આયોજન છે.

-------------

## ગાંધીનગર જિલ્લામાં પીવાના પાણીની યોજનાઓ

૧૫૪૫૬ **શ્રી જગદીશ ઠાકોર (દહેગામ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર પીવાના પાણીની કુલ કેટલી યોજનાઓ ચાલુ છે,

**જવાબ**

(૧) નીચે મુજબ તાલુકાવાર પીવાના પાણીની કુલ ૪ યોજનાઓ ચાલુ છે.

| તાલુકો | યોજનાની સંખ્યા |
|---|---|
| ગાંધીનગર | ૧ |
| દહેગામ | ૧ |
| કલોલ | ૧ |
| માણસા | ૧ |
| કુલ : | ૪ |

**પ્રશ્ન**

(૨) આ યોજનાઓ સમયબધ્ધ રીતે ક્યારે પૂર્ણ કરવાની હતી, અને

**જવાબ**

(૨)

| તાલુકો | પૂર્ણ કરવાની તારીખ |
|---|---|
| ગાંધીનગર | ૧૮-૫-૦૫ |
| દહેગામ | ૦૩-૦૮-૦૫ |
| કલોલ | ૧૨-૧૨-૦૫ |
| માણસા | ૧૦-૯-૦૫ |

**પ્રશ્ન**

(૩) આ યોજનાઓ સમયબધ્ધ રીતે પૂરી નહીં થવાના શું કારણો છે, અને ક્યારે આ યોજનાઓ પૂર્ણ થશે ?

**જવાબ**

(૩) રેલ્વે, કેનાલ, રોડ ક્રોસીંગ અને જમીનના રાઇટ ઓફ યુઝ વિગેરે મંજૂરી મળવામાં વિલંબને કારણે હવે નીચે મુજબની તારીખે પૂર્ણ કરવાનું આયોજન છે.

| તાલુકો | પૂર્ણ કરવાની તારીખ |
|---|---|
| ગાંધીનગર | ૩૧-૦૭-૦૬ |
| દહેગામ | ૩૧-૧૨-૦૬ |
| કલોલ | ૩૧-૧૦-૦૬ |
| માણસા | ૩૧-૦૮-૦૬ |

---------

## મહેસાણા જિલ્લામાં સ્વજલધારા યોજના

૧૪૫૧૫ **શ્રી નારાયણભાઈ લ. પટેલ (ઉંઝા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ડિસેમ્બર-૨૦૦૫ની સ્થિતિએ સ્વજલધારા યોજના હેઠળ મહેસાણા જિલ્લામાં તાલુકાવાર કેટલી યોજનાઓને મંજૂરી આપવામાં આવી,

**જવાબ**

(૧) એકપણ નહીં, પરંતુ સ્વજલધારા જેવા જ સિધ્ધાંતો ધરાવતી સેક્ટર રી-ફોર્મ (સ્ટેટ) યોજના હેઠળ ૧૧૮ ગામ/પરાની યોજનાને મંજૂરી આપવામાં આવી છે. તાલુકાવાર યાદી નીચે મુજબ છે.

| તાલુકાનું નામ | ડીસેમ્બર-૦૫ સુધીમાં મંજૂર થયેલ | મંજૂરી બાકી |
|---|---|---|
| બેચરાજી | ૧૧ | ૦ |
| કડી | ૨૨ | ૬ |
| ખેરાલુ | ૨૦ | ૪ |
| મહેસાણા | ૧૩ | ૧૬ |
| સતલાસણા | ૧૮ | ૬ |
| ઉંઝા | ૧૧ | ૧ |
| વડનગર | ૭ | ૧ |
| વિજાપુર | ૫ | ૧૫ |
| વિસનગર | ૧૧ | ૪ |
| કુલ : | ૧૧૮ | ૫૩ |

(૨) કેટલી યોજનાની મંજૂરી બાકી છે,
(૩) સરકારે આ માટે શું આયોજન કર્યું ?

(૨) ૫૩.
(૩) નાણાકીય જોગવાઇ મુજબ મંજૂર કરી કામ ચાલુ કરવાનું આયોજન છે.

-------------

**નવસારી જિલ્લામાં રેલ્વે ઓવરબ્રીજ બનાવવા બાબત**

૧૫૩૭૪ **શ્રી આર. સી. પટેલ (જલાલપોર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નવસારી જિલ્લામાં રાજ્ય સરકારના સહયોગથી તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ કેટલા રેલ્વે ઓવર બ્રીજ મંજૂર કરવામાં આવેલ છે, અને
(૨) આ મંજૂર કરેલ બ્રીજના કામ કેટલા સમયમાં શરૂ થશે ?

**જવાબ**

(૧) અને (૨) તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતીએ ચાલુ નાણાંકીય વર્ષમાં કોઇ રેલ્વે ઓવર બ્રીજ મંજૂર થયેલ ન હોઇ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

**રાજ્યમાં માર્ગ અને મકાન વિભાગમાં નાયબ કાર્યપાલક ઇજનેરોની મંજૂર થયેલ જ્ગ્યાઓ**

૧૪૮૯૬ **ડૉ. દિનેશ પરમાર (જામનગર (રુરલ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ રાજ્યમાં માર્ગ અને મકાન વિભાગમાં ના.કા.ઇ.(સીવીલ)ની કુલ કેટલી જ્ગ્યાઓ મંજૂર થયેલી છે,
(૨) તા. ૩૧-૧૨-૦૫ સુધીમાં છેલ્લા ત્રણ વર્ષમાં અનુસૂચિત જાતિની રોસ્ટર મુજબ ના. કા. ઇ. (સીવીલ) ની કુલ કેટલી જ્ગ્યા બઢતીથી ભરવામાં આવેલ છે, અને
(૩) રોસ્ટર મુજબ બઢતીથી ના.કા.ઇ. (સીવીલ)ની જ્ગ્યાઓ ભરવાની બાકાત રાખવામાં આવેલ હોય તેના કારણો શાં છે ?

**જવાબ**

(૧) ૪૧૬ જ્ગ્યાઓ.
(૨) અને (૩) રેશિયો મુજબ અનુસૂચિત જાતિની બઢતીથી ભરવાપાત્ર થતી જગાઓ સામે અનુસૂચિત જાતિની વધારે જગાઓ ભરાયેલ હોઇ તા : ૩૧-૧૨-૦૫ સુધીમાં છેલ્લા ત્રણ વર્ષમાં રોસ્ટર મુજબ અનુસૂચિત જાતિના અધિકારીને બઢતી આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થયેલ નથી.

-------------

**મોરવા તાલુકાના કોલયારી ડેમની મંજૂરી**

૧૫૪૨૪ **શ્રી બચુભાઈ ખાબડ (દેવગઢ બારિયા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પંચમહાલ જિલ્લાના મોરવા તાલુકાના કોલયારી ડેમની મંજુરી ક્યારે આપવામાં આવેલ,
(૨) તેમાં કેટલો ખર્ચ થયેલ છે, અને
(૩) ડેમની કેટલી કામગીરી બાકી છે, તે ક્યાં સુધીમાં પૂરી કરવામાં આવશે ?

**જવાબ**

(૧) કોલયારી ડેમને તા. ૨૨-૬-૯૪ના રોજ વહીવટી મંજુરી આપવામાં આવેલ છે.
(૨) ડીસેમ્બર-૦૫ સુધીમાં કુલ રૂા. ૧૭૨૦.૦૯ લાખનો ખર્ચ થયેલ છે.
(૩) ડેમની ૩૦ ટકા જેટલી ભોતિક કામગીરી બાકી છે, જે અસરગ્રસ્તોના પુનઃ વસવાટનો પ્રશ્ન હલ થયેથી પુરી કરવામાં આવશે.

-------------

**કચ્છ જિલ્લામાં મધ્યમ અને નાની સિંચાઇ યોજનાઓ**

૧૪૯૧૫ **શ્રી છબીલદાસ ના. પટેલ (માંડવી) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કઇ કઇ મધ્યમ અને નાની સિંચાઇની નવી યોજનાઓ મંજૂર કરવામાં આવી છે,

(૨) કઇ કઇ યોજના માટેની કચ્છ જિલ્લાની માંગણીઓ પડતર છે, અને

(૩) કઇ યોજનાના અંદાજો/નકશાઓ તૈયાર કરવામાં આવ્યા છે ?

**જવાબ**

(૧) એક નાની સિંચાઇ યોજના મંજુર કરવામાં આવી.

(૨) પત્રક સામેલ છે.

**પત્રક**

કચ્છ જિલ્લામાં મધ્યમ અને નાની સિંચાઇ યોજનાઓ
કચ્છ જિલ્લામાં માંગણીઓવાળી પડતર યોજનાઓની વિગતો

| અ.નં. | યોજનાનું નામ | તાલુકો |
|---|---|---|
| (૧) | કાક | ભુજ |
| (૨) | જતાવીરા | નખત્રાણા |
| (૩) | બીબર | નખત્રાણા |
| (૪) | લાખાડી | નખત્રાણા |
| (૫) | ભડલી | નખત્રાણા |
| (૬) | મકડા | માંડવી |
| (૭) | પુનડી | માંડવી |
| (૮) | પયાકા | માંડવી |
| (૯) | પતાલીયા | અંજાર |
| (૧૦) | હીરાવીરી | અબડાસા |
| (૧૧) | કીડીયાનગર | રાપર |
| (૧૨) | સેલારી | રાપર |
| (૧૩) | લોદ્રાણી | રાપર |
| (૧૪) | કટારીયા | ભચાઉ |
| (૧૫) | ચાંગ | ભચાઉ |
| (૧૬) | ચાપર શોભારેલ | ભચાઉ |
| (૧૭) | કનકાવતી-૨ | અબડાસા |
| (૧૮) | બેરાચીયા-૨ | અબડાસા |

(૩) કીડીયાનગર અને પતાલીયા યોજનાના નકશા અંદાજો તૈયાર કરવામાં આવ્યા છે.

-------------

**દસાડા તાલુકામાં રણ મહોત્સવ ઉજવવા બાબત**

૧૪૨૯૫ **શ્રી મનહરલાલ મ. મકવાણા (દસાડા) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરેન્દ્રનગર જિલ્લાના દસાડા તાલુકામાં રણ મહોત્સવ ઉજવવામાં આવેલ છે તેની પાછળ કેટલો ખર્ચ થવાની ધારણા છે, અને

(૨) આ ઉત્સવથી આ વિસ્તારના અગરીયાઓ માટે કયા કયા લાભો આપવામાં આવશે ?

**જવાબ**

(૧) અંદાજે રૂા. ૯૦.૨૪ લાખ.

(૨) નીચે મુજબના લાભો આપવામાં આવશે.

૧. ખારાઘોડા ખાતે ૨૧૫ જેટલા

અગરીયાઓને ઘરથાળના પ્લોટ આપવામાં આવેલ છે.

૨. આ તમામ અગરીયાઓને સરકારશ્રીની સોલ્ટ સેસની યોજનામાંથી રૂા. ૬૦,૦૦૦/- ની કિંમતનું રહેણાંક માટેનું મકાન અન્ય આંતર માળખાકીય સુવિધા સાથે આપવામાં આવશે.

૩. પ્રવાસીઓ આવવાથી અગરીયાભાઇઓને રોજગારીની તકો ઉભી થશે. તેઓ ગાઇડ તરીકે હસ્તકલા, વેચાણ, રહેવા-જમવા માટેની સગવડો આવનાર પ્રવાસીઓ માટે સાંસ્કૃતિક કાર્યક્રમો રજુ કરીને રોજગારી મેળવશે.

-----------

**સુજલામ સુફલામ યોજનામાં થયેલ ઓછો ખર્ચ**

૧૫૩૫૭ **શ્રી ગોવાભાઈ હ. રબારી (ડીસા) : માનનીય જળસંપતી મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુજલામ્ સુફલામ્ યોજના અન્વયે તારીખ ૩૧-૧-૦૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જે રકમ નક્કી કરેલ તેના ૨૫ ટકા પણ ખર્ચ થયેલ નથી. તે હકીક્ત સાચી છે, અને

(૨) જો હા, તો તેના કારણો શા છે ?

**જવાબ**

(૧) ના જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

**મહી નદી ઉપર ખારું પાણી રોકવા માટે આડબંધ બનાવવા બાબત**

૧૪૦૫૬ **શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર (ભાદરણ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) બોરસદ મહી નદી ઉપર ખારું પાણી રોકવા માટે આડબંધ બનાવવા અંગે સર્વેનું કામ ક્યારે પૂર્ણ કરવામાં આવ્યું, અને

(૨) આ કામ ક્યારે હાથ ઉપર લેવામાં આવશે અને કેટલા સમયમાં પૂર્ણ કરવાનું આયોજન છે ?

**જવાબ**

(૧) મહી નદી ઉપર ખારુ પાણી રોકવા માટે બોરસદ તાલુકાના બદલપુર ગામે આડબંધ બાંધવાની યોજનાના પ્રાથમિક સર્વેક્ષણની કામગીરી ઓક્ટોબર-૨૦૦૫માં પૂર્ણ કરવામાં આવેલ છે.

(૨) વહીવટી તેમજ તાંત્રિક મંજૂરી અંગેની કાર્યવાહી પુર્ણ કરી વર્ષ ૨૦૦૮ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

-----------

**જળસંપત્તિ અને પાણી પુરવઠા વિભાગમાં કોન્ટ્રાક્ટરો સાથે આર્થિક વિવાદના પ્રશ્નો**

૧૩૮૪૯ **શ્રી પુંજાભાઈ ભી. વંશ (ઉના) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જળસંપત્તિ અને પાણી પુરવઠા પ્રભાગમાં કોન્ટ્રાકટરો સાથે જ્યારે આર્થિક વિવાદ ઉભો થાય છે ત્યારે તે પ્રશ્ન લવાદને સોંપવામાં આવે છે તે અન્વયે નાણાંક્યિ વર્ષ ૨૦૦૪-૦૫ અને ૨૦૦૫-૦૬ના નાણાંક્યિ વર્ષમાં તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ કેટલા પ્રશ્નો લવાદને સોંપવામાં આવ્યા, અને

(૨) આ લવાદો અંગે સરકારે નિવૃત ઇજનેરોને કન્સલ્ટન્ટ તરીકે નીમી છેલ્લા ઉપરોક્ત બે વર્ષમાં ફી પેટે કેટલી રકમ ચુકવી અને કેટલા પ્રશ્નો લવાદ

**જવાબ**

(૧) નાણાંકીય વર્ષ ૨૦૦૪-૦૫માં ૯ (નવ) અને ૨૦૦૫-૨૦૦૬માં ૮ (આઠ) મળી કુલ ૧૭ (સતર) પ્રશ્નો તા. ૩૧-૧-૨૦૦૬ની સ્થિતિએ લવાદને સોંપવામાં આવ્યા.

(૨) આ લવાદો અંગે સરકારે હજુ કોઇ ફી ચુકવેલ નથી. હાલ આ કેસો પ્રગતી હેઠળ હોઇ નિરાકરણ થયેલ નથી.

મારફતે નિરાકરણ કરવામાં આવ્યા ?

-----------

**શહેરી ગરીબ આવાસ યોજનામાં આવાસોનું નિર્માણ કામ**

૧૫૩૯૦ **શ્રી દોલતભાઈ પરમાર (વડગામ) :માનનીય શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં તા. ૩૧જાન્યુ. ૨૦૦૬ની સ્થિતિએ વર્ષ : ૨૦૦૫-૦૬ દરમ્યાન શહેરી ગરીબ આવાસ યોજના અંતર્ગત કુલ કેટલા નવા આવાસોનું નિર્માણ કરવામાં આવેલ છે, અને | (૧) ૩૩૯૩ આવાસો. |
| (૨) તે પેટે કુલ કેટલી રકમનો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૨) રૂા. ૧૨૯૯.૨૫ લાખ. |

-----------

**કરજણ અને સિનોર તાલુકાના મહેસૂલી ગામોને પાકા રસ્તાથી જોડવા બાબત**

૧૫૪૧૭ **શ્રી નરેશકુમાર મી. કનોડિયા (કરજણ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા જિલ્લામાં તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ કરજણ અને શિનોર તાલુકાના કુલ કેટલા મહેસૂલી ગામોને પાકા રસ્તાઓથી જોડવામાં આવ્યા છે, અને | (૧) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ કરજણ અને શિનોર તાલુકાના ૧૩૪ મહેસૂલી ગામો પાકા રસ્તાથી જોડાયેલ છે. |
| (૨) બાકી રહેલા ગામોને પાકા રસ્તાઓથી જોડવા શું આયોજન છે ? | (૨) કોઇ મહેસૂલી ગામ પાકા રસ્તાથી જોડવાનું બાકી નથી. |

-----------

**રાજકોટ-જામનગર અને જૂનાગઢ જિલ્લામાં અછતમાં થયેલા તળાવોના કામો સેઇફ સ્ટેજે લઇ જવા બાબત**

૧૪૩૧૫ **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (જસદણ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ડિસેમ્બર-૨૦૦૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન રાજકોટ-જામનગર અને જૂનાગઢ જિલ્લામાં અછતમાં થયેલ તળાવના કામોને પૂર્ણતાના આરે (સેઇફ સ્ટેજ) લઇ જવા માટે વર્ષવાર કેટલી રકમ ફાળવવામાં આવી, અને

(૨) તે પૈકી કેટલા કામો પૂર્ણ કરવામાં આવ્યા અને કેટલા કામો બાકી છે ?

**જવાબ**

(૧)

| જીલ્લો | ફાળવેલ ગ્રાન્ટ | (રૂા. લાખમાં) |
|---|---|---|
| | ૨૦૦૪-૨૦૦૫ | ૨૦૦૫-૦૬ |
| રાજકોટ | -- | -- |
| જામનગર | ૯૧.૪૮ | ૨.૪૧ |
| જુનાગઢ | ૩.૩૨ | -- |
| કુલ : | ૯૪.૮૦ | ૨.૯૩ |

(૨)

| જીલ્લો | કામોની વિગત | |
|---|---|---|
| | પૂર્ણ કરેલ કામો | બાકી કામો |
| રાજકોટ | -- | -- |
| જામનગર | ૫૭ | ૯૬ |
| જુનાગઢ | ૦૩ | -- |
| કુલ : | ૬૦ | ૯૬ |

-----------

**અમરેલી-જેસીંગપરા વચ્ચેની નદી પરનો પુલ પહોળો કરવા બાબત**

૧૪૯૧૦ **શ્રી ધીરૂભાઈ હ. ગજેરા (સુરત શહેર (ઉત્તર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) અમરેલી-જેસીંગપરા વચ્ચેની નદી પરનો પુલ એકમાર્ગી તથા સાંકળો છે તેને પહોળો અને દ્વિમાર્ગી બનાવવા વિચારણા ચાલે છે કે કેમ, અને | (૧) અને (૨) અમરેલી-જેસીંગપરા વચ્ચેની નદી પરનો હેયાત પુલ ધોરણોનુસાર ૭.૫૦ મીટર પહોળાઇનો દ્વિમાર્ગીય પુલ હોઇ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૨) જો હા, તો કેટલા સમયમાં આ કામગીરી પૂર્ણ કરવા આયોજન છે ? | |

-----------

**બનાસકાંઠા જિલ્લામાં રાણપુર તથા હાથીપગલાં યોજનાના વિકલ્પરૂપે ચેકડેમોની કામગીરી**

૧૫૩૮૭ **શ્રી મુકેશ ભૈ. ગઢવી (દાંતા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) વન વિભાગની જમીનો તથા આદિવાસીઓના વિરોધને લીધે, બનાસકાંઠા જિલ્લામાં રાણપુર તથા હાથીપગલાં યોજના આયોજનમાંથી પડતી મુક્વામાં આવી છે તે હકીકત ખરી છે, અને | (૧) રાણપુર યોજના, વન વિભાગની જમીન આવતી હોઇ, પડતી મુક્વામાં આવી હોવાની હકીક્ત ખરી છે, હાથીપગલાં યોજના આદિવાસીઓના વિરોધના કારણે સ્થગિત કરાયેલ છે, પડતી મુકાયેલ નથી. |
| (૨) જો હા, તો તેના વિકલ્પરૂપ મોટા ચેકડેમો દ્વારા પાણીના તળ ઉંચા લાવવાની થયેલ વ્યવસ્થામાં કામગીરી શરૂ ન થવા પાછળના શાં કારણો છે ? | (૨) રાણપુર યોજનાના વિક્લ્પ રૂપે ૮ મોટા ચેકડેમોના સુચિત આયોજન અન્વયે ૫ ચેકડેમની સાઇટ તાંત્રિક રીતે યોગ્ય ન જણાતા કામગીરી થઇ શકેલ નથી. બે ચેકડેમના અંદાજો મંજુરી પ્રક્રિયામાં છે. એક ચેકડેમ ડીઝાઇનની પ્રક્રિયામાં છે. |

-----------

**બાવળા સાણંદ તાલુકાના ગામોને સિંચાઇ માટે નર્મદાનું પાણી આપવા બાબત**

૧૫૪૫૪ **શ્રી કાંતિલાલ રા. લકુમ (બાવળા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) બાવળા અને સાણંદ તાલુકાના નળ સરોવર વિસ્તારમાં કેટલા ગામો એવા છે કે જેને નર્મદાનું પાણી સિંચાઇ માટે મળતું નથી, અને | (૧) ૧૪. |
| (૨) આ ગામોને સિંચાઇ માટે પાણી મળે તે માટે સરકારે શું વ્યવસ્થા કરી છે ? | (૨) નર્મદા યોજનામાંથી જુદા જુદા ત્રણ પોઇન્ટ ઉપરથી ફતેવાડી યોજના દ્વારા બાવળા/સાણંદ તાલુકાના ગામોને પાણી મળી રહે તે માટે આયોજન વિચારેલ છે. બાકી રહેતા બાવળા તાલુકાના ગામોને સિંચાઇ માટે પાણી આપવાનું તાંત્રિક દ્રષ્ટિએ ચકાસી આયોજન વિચારી શકાય તેમ છે. |

-----------

**નર્મદા કેનાલમાંથી પાટણ અને સિધ્ધપુર તાલુકામાં પાઇપ લાઇન દ્વારા તળાવોમાં પાણી આપવા બાબત**

૧૪૮૯૧ **શ્રી માલજીભાઈ દે. દેસાઈ (ચાણસ્મા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) ખોરસમ નર્મદા મેઇન કેનાલથી પાટણ અને સિધ્ધપુર તાલુકામાં પાઇપ લાઇન દ્વારા કેટલા તળાવોમાં પાણી આપવાનું શરૂ કર્યું છે, અને | (૧) પાટણ તાલુકાના ૧૪ તળાવો અને સિધ્ધપુર તાલુકાના બિંદુ સરોવરને પાણી આપવાનું શરૂ કરેલ છે. |

(૨) ચાણસ્મા અને બેચરાજીના ગામના તળાવોમાં સરકાર કેટલા સમયમાં પાણી આપવા માગે છે ?

(૨) મોઢેરાથી ધરોઇ અને મોઢેરાથી સુજલામ્ સુફ્લામ્ સ્પ્રેડીંગ કેનાલ સુધીની પાઇપ લાઇનની કામગીરી પૂર્ણ થતાં તેની વચ્ચે આવતા ચાણસ્મા અને બેચરાજી ગામના તળાવો આવનાર ચોમાસામાં ભરવાનું આયોજન છે.

-----------

**મચ્છુ-૨ અને ડેમી-૧ની ધોરીયા પધ્ધતિને કેનાલોના લીફ્ટ ઇરીગેશનમાં ફેરવવા બાબત**

૧૫૪૧૪ **શ્રી મોહનભાઈ ક. કુંડારીયા (ટંકારા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજકોટ જિલ્લાના મચ્છુ-૨ અને ડેમી-૧ની હાલની ધોરીયા પધ્ધતિને કેનાલોને લીફ્ટ ઇરીગેશનમાં ફેરવવા માટે માંગણી આવેલ છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો રાજ્ય સરકાર ૮૦/૨૦ના ધોરણ ખેડૂત જુથને મંજૂરી આપવા માંગે છે કે કેમ, અને | (૨) સરકારશ્રીમાં વિચારણા હેઠળ છે. |
| (૩) જો હા, તો કેટલા સમયમાં આ કામો પૂર્ણ કરવા માંગે છે ? | (૩) સરકારશ્રીમાં વિચારણા હેઠળ છે. |

-----------

**રાજ્યના મહેસૂલી ગામોને પાકા રસ્તાથી જોડવા બાબત**

૧૫૩૭૧ **શ્રી હરેશકુમાર ઈ. ભટ્ટ (ગોધરા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ રાજ્યના કુલ કેટલા મહેસૂલી ગામોને પાકા રસ્તાઓથી જોડવામાં આવ્યા છે, અને | (૧) ૧૭૮૧૫ મહેસૂલી ગામોને મેટલ/ડામર સપાટીથી જોડવામાં આવેલ છે. |
| (૨) બાકી રહેતા ગામોને પાકા રસ્તાઓથી જોડવાનું શું આયોજન છે ? | (૨) બાકી રહેતા ગામો પૈકી ૧૦ ગામો જોડવાનું આયોજન કરી કામો પ્રગતિમાં છે તે વર્ષ ૨૦૦૬-૦૭ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. |

-----------

**જૂનાગઢ જિલ્લામાં ૬૦/૪૦ની યોજનામાં તૈયાર થયેલા ચેકડેમો**

૧૫૩૯૬ **શ્રી ભીખાભાઇ ગ.જોષી** (માળીયા) : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર ૬૦/૪૦ની સરદાર પટેલ સહભાગી જળસંપત્તિ યોજના અન્વયે તા. ૩૧-૧૨-૦૫ સુધીમાં કેટલા ચેકડેમો તૈયાર કરવામાં આવ્યા, | (૧) જૂનાગઢ જિલ્લામાં ૬૦/૪૦ ની સરદાર પટેલ સહભાગી જળ સંપત્તિ યોજના અન્વયે તા. ૩૧/૧૨/૦૫ સુધીમાં કુલ ૨૮૯૬ ચેકડેમો તૈયાર કરવામાં આવ્યા છે. તેની તાલુકાવાર વિગતો સામેલ બિડાણમાં છે. |
| (૨) કેટલા ચેકડેમોના કામો બાકીમાં છે, અને | (૨) ૧ ચેકડેમનું કામ પ્રગતિમાં છે. |
| (૩) આ ચેકડેમો પાછળ તાલુકાવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | (૩) આ ચેકડેમો પાછળ કુલ રૂા. ૪૫૭૬.૧૩ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે. તેની તાલુકાવાર વિગતો બિડાણામાં સામેલ છે. |

| **બિડાણ**<br>**જૂનાગઢ જિલ્લામાં ૬૦:૪૦ ની સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના અન્વયે તા.૩૧.૧૨.૦૫ સુધીમાં થયેલા ચેકડેમોની તાલુકાવાર માહિતી** |
|---|
| **તા.૩૧.૧૨.૨૦૦૫ સુધીમાં** |

| તાલુકાનું નામ | પૂરા થયેલ ચેરડેમોની સંખ્યા | બાકી કામોની સંખ્યા | થયેલ ખર્ચ (રૂ.લાખમાં) |
|---|---|---|---|
| ૧. | ૨. | ૩. | ૪. |
| ભેંસાણ | ૮૧ | ૦ | ૯૭.૬૨ |
| જૂનાગઢ | ૯૬ | ૦ | ૧૯૦.૫૬ |
| કેશોદ | ૧૯૧ | ૦ | ૨૪૦.૨૨ |
| કોડીનાર | ૫૮ | ૦ | ૧૩૫.૧૧ |
| માળીયા હાટીના | ૫૮૨ | ૦ | ૯૪૧.૫૨ |
| માણાવદર | ૮૩ | ૦ | ૧૪૩.૩૦ |
| માંગરોળ | ૭૪ | ૦ | ૧૪૧.૧૭ |
| મેંદરડા | ૪૧૭ | ૦ | ૬૩૪.૨૪ |
| સુત્રાપાડા | ૧૦૮ | ૦ | ૧૮૪.૦૬ |
| તાલાલા | ૪૧૬ | ૦ | ૬૩૦.૪૬ |
| ઉના | ૧૬૧ | ૧ | ૨૬૬.૯૯ |
| વંથલી | ૧૫૨ | ૦ | ૩૨૨.૨૪ |
| વેરાવળ | ૧૫૯ | ૦ | ૨૫૪.૬૪ |
| વિસાવદર | ૩૧૮ | ૦ | ૩૯૪.૦૦ |
| **કુલ સરવાળો** | **૨૮૯૬** | **૧** | **૪૫૭૬.૧૩** |

-----------

**અમદાવાદ શહેરને મેગા સીટીની જાહેરાત પછી સરકારે આપેલ ગ્રાન્ટ**

૧૪૯૦૨ **શ્રી મોહંમદફારુક હુ. શેખ (કાલુપુર) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદ શહેરને મેગા સીટીની જાહેરાત થયા પછી તા. ૩૧-૧-૦૬ સુધીમાં રાજ્ય સરકારે અમદાવાદ શહેરી વિકાસ માટે કેટલી ગ્રાન્ટ ફાળવી, અને

(૨) ક્યા વિકાસના કામો હાથ ધરવામાં આવ્યા ?

**જવાબ**

(૧) અમદાવાદ શહેરને મેગાસીટીની જાહેરાત થયા પછી રાજ્ય સરકારશ્રી દ્વારા અમદાવાદ મહાનગરપાલિકાને રૂા. ૧૯.૦૦ કરોડ ગ્રાંટ આપવામાં આવેલ છે.

(૨) આ ગ્રાંટમાંથી શહેરમાં ફ્લાય ઓવર, બ્રીજ, ઓવર બ્રીજ તથા અંતિમધામના વિકાસના કામો કરાયેલ છે.

-----------

**સૌરાષ્ટ્ર વિસ્તારને પીવાના પાણી માટે પાણી પુરવઠા મંત્રીશ્રીની ધારાસભ્યોશ્રીઓ સાથે બેઠકો**

૧૪૭૧૫ **શ્રી જેસાભાઈ ભા. બારડ (સોમનાથ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ સૌરાષ્ટ્રના વિસ્તારોને પીવાના પાણી તથા સિંચાઇના પાણી મેળવવામાં પડતી હાલાકીને ધ્યાને લઇ માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રીએ છેલ્લા છ માસમાં સૌરાષ્ટ્ર વિસ્તારના ધારાસભ્યશ્રીઓ સાથે કેટલી બેઠકો યોજી,

(૨) આ બેઠકના અંતે ક્યા ક્યા પ્રકારના નિર્ણયો લેવામાં આવ્યા, અને

(૩) લેવાયેલ નિર્ણયોના અમલીકરણની કાર્યવાહી ક્યા તબક્કે ચાલે છે ?

**જવાબ**

(૧) માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રીએ છેલ્લા છ માસમાં બે બેઠકો રાખેલ હતી.

(૨) અને (૩) માનનીય ધારાસભ્યશ્રી માધાભાઈ બોરીચા સાથેની બેઠકમાં કેશોદ તાલુકાને મહી પાઈપ લાઈન યોજના અંગેની રજૂઆત અન્વયે આ યોજનાના ટેન્ડરો બહાર પાડેલ છે.

(૨) માનનીય ધારાસભ્યશ્રી મોહનભાઈ કુંડારીયાની રજૂઆત અંગે સૌરાષ્ટ્રની છ યોજનાઓને ઉદવહન

સિંચાઈમાં ફેરવેલ છે. તેમા પ્રથમ બાંગાવાડીના રૂા. ૯.૨૩ લાખના પાયલોટ પ્રોજેક્ટના અંદાજો મંજૂર થયે કામો પૂર્ણ થયા બાદ બાકીની યોજનાઓના લાભાલાભનો અભ્યાસ કરી દરખાસ્ત તેયાર કરવામાં આવશે. તે પેકી ડેમી-૧ યોજનાના નક્શા અંદાજો બનાવવાની કામગીરી ગતિમાં છે.

-----------

**પતંગોત્સવ માટે સરકારે કરેલ ખર્ચ**

૧૩૯૦૪ **શ્રી માધુભાઈ જે. ભોયે (ડાંગ-વાંસદા) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પંતગોત્સવ-૨૦૦૬માં નિમંત્રણ માટે રાજ્ય સરકારે કુલ કેટલું ખર્ચ કર્યુ, | (૧) ઈન્ડેક્ષ-બી દ્વારા રૂા. ૪,૬૭,૪૯૫/-<br>(૨) ગુજરાત પ્રવાસન નિગમ લિ. દ્વારા રૂા. ૨૫,૦૦૦/- |
| (૨) આ નિમંત્રણો ક્યા દેશમાં અને રાજ્યોમાં મોક્લવામાં આવ્યા, અને | (૨) મોટાભાગના અગત્યના દેશો અને રાજ્યોમાં નિમંત્રણ પાઠવેલ છે. |
| (૩) આ અંગે રાજ્ય સરકાર દ્વારા કુલ કેટલું ખર્ચ કરવામાં આવ્યું ? | (૩) કુલ રૂા. ૪,૯૨,૪૯૫/-નો ખર્ચ કરવામાં આવેલ છે. |

-----------

**નેશનલ અર્બન રીન્યુઅલ મિશનની ગ્રાન્ટ બાબત**

૧૪૨૬૫ **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિધ્ધપુર) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ડીસે-૦૫ સ્થિતિએ રાજ્ય સરકારને કેન્દ્ર સરકાર તરફથી "નેશનલ અર્બન રીન્યુઅલ મિશન" હેઠળ ૨૦૦૫-૦૬માં કુલ કેટલી ગ્રાન્ટ મળી હતી, | (૧) ડિસેમ્બર-૦૫ની સ્થિતિએ રાજ્ય સરકારને કેન્દ્ર સરકાર તરફથી ""જવાહરલાલ નહેરૂ નેશનલ રીન્યુઅલ મિશન""ના હેડ હેઠળ ૨૦૦૫-૦૬માં હાલ કોઈ ગ્રાન્ટ મળી નથી. |
| (૨) આ રકમોમાંથી ક્યા ક્યા શહેરને રકમો ફાળવવામાં આવી, ક્યા હેતુસર, અને | (૨) રકમ મળેલ નથી, તેથી ફાળવવાનો પ્રશ્ન થતો નથી. |
| (૩) કેટલી રકમો ખર્ચવામાં આવી ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-----------

**અમદાવાદ જિલ્લામાં સંપ બનાવવાની કામગીરી**

૧૫૪૫૧ **શ્રી ભરતભાઈ પંડયા (ધંધૂકા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લાના ધંધુકા, બરવાળા, રાણપુર તાલુકાના કેટલા ગામોના તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ છેલ્લા દોઢ વર્ષમાં કુલ કેટલા સંપ બનાવવાની કામગીરી પૂર્ણ થયેલ છે, અને | (૧) નીચેની વિગતે<br>તાલુકો — ગામ — પૂર્ણ થયેલ સંપ<br>ધંધુકા — ૨૬ — ૨૬<br>બરવાળા — ૨૨ — ૨૨<br>રાણપુર — ૧૫ — ૧૫ |
| (૨) આ સંપને ક્નેક્શન આપવામાં આવેલ નથી, તે ક્યારે કરવામાં આવશે ? | (૨) ક્રમશઃ માહે મે-૨૦૦૬ સુધીમાં ક્નેક્શનની કામગીરી પૂર્ણ કરવાનું આયોજન છે. |

-----------

## પાલીતાણા ખાતે આવેલ મંદિરોના વિકાસ માટેનો ખર્ચ

૧૩૯૪૯ **શ્રી પ્રવિણભાઈ ટી. મારૂ (ગઢડા) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

ભાવનગર જિલ્લામાં યાત્રાધામમાં સમાવેશ થયેલ પાલીતાણા ખાતે આવેલ જૈનોના મંદિરના વિકાસ માટે નાણાકીય વર્ષ ૨૦૦૫-૦૬માં તા. ૩૧-૧-૦૬ સુધીમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) કોઈ ખર્ચ થયેલ નથી.

-----------

## ભિલોડા તાલુકામાં હાથમતી ડેમ દ્વારા નર્મદાનું પાણી ખેડૂતોને આપવા બાબત

૧૫૩૮૪ **ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સાબરકાંઠા જિલ્લાના ભિલોડા તાલુકામાં નર્મદાનું પાણી ખેડૂતોને હાથમતી ડેમ દ્વારા ક્યારથી મળતું થશે,

(૨) કેટલા હેકટરમાં સિંચાઇ થવાનો અંદાજ છે, અને

(૩) હાથમતી ડેમ બંધાયો ત્યારે ભિલોડા તાલુકાને કેટલા હેકટરનો કમાન્ડ એરીયા નક્કી થયેલ હતો ?

**જવાબ**

(૧) આગામી ચોમાસા બાદ હાથમતી-ગુહાઈ પાઈપ લાઈનની કામગીરી પૂર્ણ થયા બાદ હાથમતી ડેમમાં નર્મદાનું પાણી નાંખવાનું આયોજન છે.

(૨) હાથમતી યોજનાના પિયત વિસ્તાર પૈકી ભિલોડા તાલુકાના ૧૫૪ હેકટરમાં સિંચાઈ થવાનો અંદાજ છે.

(૩) ૧૫૪ હેકટર.

-----------

## મહી કાંઠાની ખારાશ વધવાથી દુષિત થયેલ ભૂગર્ભ જળ

૧૫૪૧૨ **શ્રી અમીત ચાવડા (બોરસદ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) આણંદ જિલ્લામાં મહીકાંઠાના ગામોમાં ભૂગર્ભ જળમાં ખારાશ વધવાથી ભૂગર્ભ જળ દુષિત થયેલ છે તે હકીક્ત સાચી છે, અને

(૨) જો હા, તો મહીકાંઠા વિસ્તારના ગામોને પીવાના પાણી માટે સરકાર દ્વારા કોઇ આયોજન થયેલ છે ?

**જવાબ**

(૧) અંશતઃ હા, જી.

(૨) કાયમી ધોરણે મહીકાંઠા વિસ્તારના ગામોની જનતાને શુધ્ધ પીવાનું પાણી આપવા માટે ૪ ગામ/પરાની સ્વતંત્ર યોજના તથા સરફેસ સોર્સ આધારિત કુલ ૨૬ ગામ/પરાની ૩ જૂથ યોજના બનાવવાનું આયોજન કરેલ છે.

-----------

## જામનગર જિલ્લામાં ઉન્ડ-૪ સિંચાઇ યોજનાનું કામ

૧૪૮૮૨ **શ્રી રણછોડભાઈ ચ. ફળદુ (કાલાવડ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જામનગર જિલ્લામાં ઉન્ડ-૪ સિંચાઇ યોજનાના કામ માટે ક્યારે ક્યારે ટેન્ડર પ્રસિધ્ધ કરવામાં આવેલ છે અને જો ટેન્ડર પ્રસિધ્ધ કરવામાં આવ્યા હોય, તો યોજનાનું કામ ક્યારથી હાથ ધરાનાર છે, અને

(૨) તે કટેલા સમયમાં પૂર્ણ થનાર છે ?

**જવાબ**

(૧) પ્રથમવાર તા. ૧૯/૭/૦૨

(૨) બીજીવાર તા. ૯/૧૦/૦૨

(૩) ત્રીજીવાર તા. ૬/૫/૦૫

ત્રીજીવાર મંગાવેલ ટેન્ડર વિભાગમાં મંજૂરીના તબક્કે છે. ટેન્ડર મંજુર થતાં આ કામ હાથ ધરી શકાશે.

(૨) ટેન્ડર મંજૂર થયેથી અઢાર માસમાં પૂર્ણ

કરવાનું આયોજન છે.

-----------

**પ્રવાસન વર્ષ નિમિત્તે જૂનાગઢ જિલ્લાના પ્રવાસન ક્ષેત્રોનો વિકાસ કરવા બાબત**

૧૫૩૬૧ **શ્રી માધાભાઈ લા. બોરીચા (કેશોદ) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પ્રવાસન વર્ષ-૨૦૦૬ દરમ્યાન જૂનાગઢ જિલ્લામાં ક્યા ક્યા પ્રવાસન ધામોનો વિકાસ કરવા સરકારનું શું આયોજન છે, અને | (૧) જૂનાગઢ જિલ્લામાં સોમનાથ અને ગીરનારને પ્રવાસન ધામો તરીકે વિકાસ કરવાનું આયોજન પ્રવાસન વર્ષ-૨૦૦૬માં છે. સોમનાથ ખાતે યાત્રી સુવિધા માહિતી સંકુલ અને હિરણ ગોલોક યોજનાનું કાર્ય આયોજન છે, જ્યારે ગીરનાર ખાતે દામોદરકુંડ સુધારણા, ભવનાથ મંદિર વિકાસ અને વાઘ ેશ્વરી વિકાસ યોજનાઓનું કાર્ય આયોજન છે.<br>જ્યારે જીલ્લા વહીવટીતંત્ર દ્વારા જુનાગઢ જીલ્લાના નીચેના પ્રવાસન સ્થળો વિકસાવવાની દરખાસ્ત કરેલ છે.<br>**જુનાગઢ જીલ્લો :-**<br>જુનાગઢ-સાસણગીર-સોમનાથ-<br>મધુવંતીલેક, (મેંદરડા તાલુકો)-<br>માધુપુર જંબુર ગામ (તલાલા તાલુકો)<br>સાણવાકીયાની બુધ્ધ ગુફા-<br>તુલસીશ્યામ-(ઉના તાલુકો)<br>એહમદપુર માંડવી-(ઉના તાલુકો)<br>ગુપ્ત પ્રયાગ (ઉના તાલુકો)<br>ચોરવાડ-(માંગરોળ તાલુકો)<br>લોએજ--(માંગરોળ તાલુકો)<br>અક્ષયગઢ-(કેશોદ તાલુકો)<br>વ્હેલ શાર્ક સાઈટીંગ સ્પોર્ટ (તા. કોડીનાર)<br>પાંચ પીપળવા અને બરડી બન્દ્ર (બર્ડ સેન્ચ્યુરી કોડીનાર તાલુકો)-સરખડી, છારા અને વેલાણગામે લાયન સફારી (કોડીનાર તાલુકો) રામરેચી ગામે ફાર્મ ટુરીઝમ (તલાલા તાલુકો) |
| (૨) તે માટે અંદાજીત કેટલો ખર્ચ થનાર છે ? | (૨) સોમનાથ માટે અંદાજીત રૂા. ૧૦૦ લાખનો અને ગીરનાર માટે અંદાજીત રૂા. ૧૦૩.૭૪ લાખનો ખર્ચ થનાર છે.<br>જ્યારે જીલ્લા વહીવટી તંત્ર દ્વારા સૂચવેલ પ્રવાસન સ્થળોની દરખાસ્તોના કામો માટે સન. ૨૦૦૬-૦૭ના બજેટમાં જરૂરી જોગવાઈ સૂચવેલ છે. જે પૈકી મંજુર થનાર કામો માટે ખર્ચ કરી શકાશે. |

-----------

**કડી તાલુકામાં ગોરવપથ યોજનાનું કામ બાબત**

૧૪૩૫૧ **શ્રી બળદેવજી ચં. ઠાકોર (કડી) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નાણાંકીય વર્ષ ૨૦૦૫-૦૬માં કડી તાલુકામાં ગોરવ પથ યોજના હેઠળ કેટલી રકમ મંજૂર કરવામાં આવી, અને | (૧) કડી તાલુકામાં કડી નગરપાલિકાને શહેરી વિકાસ વર્ષ-૨૦૦૫ અંતર્ગત ગોરવપથના કામ માટે રૂા. ૫૩,૩૬,૮૪૧-૦૦ મંજૂર કરવામાં આવેલ છે. |

(૨) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ ગોરવપથ પાછળ કડી તાલુકામાં કેટલો ખર્ચ થયો ?

(૨) કડી નગરપાલિકાએ તા. ૩૧/૧/૦૬ સુધીમાં કુલ રૂા. ૧૬,૧૦,૯૭૪-૦૦ નો ખર્ચ કરેલ છે.

-----------

**રાપર સબડીવીઝનમાં સિંચાઇ વિભાગનો પૂરતો સ્ટાફ ન હોવા બાબત**

૧૪૫૩૫ **શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લામાં રાપર સબડીવીઝનમાં સિંચાઇનો પુરતો સ્ટાફ ન હોવાને કારણે નાની સિંચાઇ અને તળાવોને સલામત તબક્કે લાવવાની કામગીરી થઇ શક્તી નથી તે હકીક્ત સાચી છે, અને

(૨) તા. ૩૧-૧-૦૪ થી તા. ૩૧-૧૨-૦૫ સુધીમાં જિલ્લા પંચાયતના સિંચાઇ વિભાગ દ્વારા મંજુર થયેલ મહેક્મ મુજબ કેટલી જ્ગ્યાઓ સંવર્ગવાર ભરવામાં આવી નથી ?

**જવાબ**

(૧) ના, જી.

(૨) વિગતો સાથેના પત્રકમાં સામેલ છે.

**પત્રક**

| અ.નં. | જ્ગ્યાનું નામ | મંજુર થયેલ જ્ગ્યાઓ | ભરાયેલ જ્ગ્યાઓ | ખાલી જ્ગ્યાઓ |
|---|---|---|---|---|
| ૧ | કાર્યપાલક ઈજનેર | ૧ | ૧ | ૦ |
| ૨ | નાયબ કાર્યપાલક ઈજનેર | ૬ | ૫ | ૧ |
| ૩ | મદદનીશ ઈજનેર/અધિક મદદનીશ ઈજનેર | ૨૭ | ૧૫ | ૧૨ |
| ૪ | હેડ ડ્રાફ્મેન | ૧ | ૦ | ૧ |
| ૫ | ટ્રેસર | ૫ | ૨ | ૩ |
| ૬ | ડીવીઝનલ એકાઉન્ટન્ટ | ૧ | ૧ | ૦ |
| ૭ | સીનીયર એકાઉન્ટ ક્લાર્ક | ૧ | ૧ | ૦ |
| ૮ | સીનીયર ક્લાર્ક | ૮ | ૭ | ૧ |
| ૯ | જુનીયર ક્લાર્ક | ૨૧ | ૭ | ૧૪ |
| ૧૦ | ટાઈપીસ્ટ | ૧ | ૦ | ૧ |
| ૧૧ | ડ્રાઈવર | ૭ | ૪ | ૩ |
| ૧૨ | પટાવાળા | ૧૮ | ૧૫ | ૩ |
| ૧૩ | ચોકીદાર | ૮ | ૬ | ૨ |
| ૧૪ | પાઈપમીકેનીક | ૧ | ૦ | ૧ |
| ૧૫ | સિંચાઈ ક્લાર્ક | ૧૯ | ૬ | ૧૩ |
| ૧૬ | મીસ્ત્રી/વર્ક આસીસ્ટન્ટ | ૨૭ | ૯ | ૧૮ |
| ૧૭ | સાઈડ ચોકીદાર | ૧ | ૩૨ | ૪૭ |
| ૧૮ | એન્જીન ડ્રાઈવર | ૧ | ૩૨ | ૪૭ |
| ૧૯ | ટર્નર/ફીટર | ૧ | ૦ | ૧ |
| ૨૦ | ક્લીનર | ૧ | ૦ | ૦ |
|  | **કુલ** | **૨૩૪** | **૧૧૧** | **૧૨૩** |

------

**પ્રવાસન વર્ષ નિમિત્તે ફાળવવામાં આવેલ રકમ**

૧૩૮૪૭ **શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર (મહુધા) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકારે ૨૦૦૬ના વર્ષને રાજ્યમાં પ્રવાસન વર્ષ તરીકે ઉજવવાનું નક્કી કરેલ છે તે હકિક્ત સાચી છે,

**જવાબ**

(૧) હા, જી.

(૨) જો હા, તો આ અંગે કેટલી રકમ ફાળવવામાં આવી, અને

(૩) ક્યા ક્યા હેતુ માટે તેનો તા. ૩૧-૧-૦૬ સુધીમાં ખર્ચ કરવામાં આવશે ?

(૨) વાર્ષિક વિકાસ યોજના ૨૦૦૬-૦૭માં જરૂરી જોગવાઈ સૂચવવામાં આવી છે.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

**પાલીતાણાથી સાતપડા, ગુજરડા, વીજપડી, સાવરકુંડલાનો રસ્તો બનાવવાનું કામ**

૧૩૮૮૯ **શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા (રખિયાલ)** : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લાનાં પાલિતાણાથી વાયા સાતપડા, ગુજરડા, લુવારા થી વિજપડી, સાવરકુંડલાનો રસ્તો બનાવવાનું કામ ક્યારે શરૂ થયું,

(૨) આ કામ તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ ક્યા તબક્કામાં છે, અને

(૩) આ રસ્તાનું કામ ક્યારે પૂર્ણ કરવામાં આવશે?

**જવાબ**

(૧) અને (૨) પાલાતાણા, ઘેટી, સાતપડા, લુવારાથી શેલણા ઠવી વીજપડી રસ્તામાં ૬ અલગ અલગ રસ્તાનો સમાવેશ થાય છે. આ રસ્તાઓમાં બાકી રહેલ કામગીરી, કામ શરૂ કરવાની, કામ ક્યા તબક્કે છે અને પૂર્ણ કરવાની વિગત પરિશિષ્ટ-૧ મુજબ છે.

(૨) જમીન સંપાદન થયે નાણાંકિય ઉપલબ્ધતા અનુસાર કામ હાથ ધરવામાં આવશે.

**પરિશિષ્ટ-૧**

| અ.નં. | રસ્તાનું નામ | લંબાઈ | કામ શરૂ કર્યા તારીખ | કામની હાલની સ્થિતિ |
|---|---|---|---|---|
| ૧. | પાલીતાણા-ઘેટી-જાળીયા-સાતપડા ઠાસા લુવારા રોડ અનુભાગ | | | |
| | પાલીતાણા-ઘેટી-જાળીયા રોડ | ૧૮.૦૦ | -- | હયાત ડામર સપાટી |
| | જાળિયાથી સાતપડા રોડ | ૩.૦૦ | -- | કાચો-ખુટતી કડી જમીન સંપાદન બાકી આયોજન નથી. |
| | સાતપડા-ગુજરડા-ઠાંસા લુવારા રોડ | ૧૨.૨૦ | ૧-૧-૯૦ | ૪.૫૦ મેટલ સપાટી<br>૦.૫૦-પુલ અને એપ્રોચની ખુટતી કડી<br>૫.૬૦-ડામર સપાટી<br>૧.૬૦-એવોર્ડના નાણાં જમીન સંપાદન અધિકારીશ્રીને ચુક્વેલ છે.<br>૧૨-ખાતેદારોએ જમીનનો કબજો આપેલ નથી. |
| ૨ | લુવારાથી ફીફાદ રોડ | ૪.૫૦ | -- | ડામર સપાટી |
| ૩ | ફીફાદ શેલાણાઠવી રોડ | ૧૦.૦૦ | -- | ડામર સપાટી |
| ૪ | ઠવી થી ભોંડરવા રોડ | ૭.૫૦ | -- | કાચો રસ્તો છે, ડામર કરવા આયોજન થયેલ છે. |
| ૫ | ભોંકરવાથી ડેડકડી રોડ | ૪.૦૦ | -- | જમીન સંપાદનની સંયુક્ત માપણી ડિસ્મ્બર-૯૨માં થયેલ છે. |
| ૬ | ડેડકડી થી વિજપડી રોડ | ૬.૫૦ | -- | ડામર સપાટી. |

-----------

### અબડાસા તાલુકાના કનકાવતી-૨ અને બેરાશીયાર ડેમના કામ મંજૂર કરવા બાબત

૧૫૩૬૬ **શ્રી નરેન્દ્રસિંહ મા. જાડેજા (અબડાસા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| કચ્છ જિલ્લાના અબડાસા તાલુકાના કનકાવતી-૨ તથા બેરાશીયર ડેમના કામો માટે સરકારે શું આયોજન કરેલ છે? | કનકાવતી-૨ સિંચાઈ યોજનાના ડેમની પથરેખામાં ફળદ્રુપ ખેતીલાયક જમીન ડુબમાં જતી હોઈ, વૈકલ્પિક પથરેખા માટેની શક્યતાનો અભ્યાસ હાથ ધરાયેલ છે.<br>બેરાચીયા-૨ સિંચાઈ યોજના આર્થિક રીતે પોષણક્ષમ અને તાંત્રિક દ્રષ્ટિએ અનુકુળ ન હોઈ, તેના વિકલ્પે "સીરીઝ ઓફ બરીડ ચેકડેમ" તૈયાર કરવાની બાબત વિચારણા હેઠળ છે. |

-----------

### રાજુલાથી સોમનાથ સુધી નર્મદાના પાણી પાઇપલાઇનથી આપવા બાબત

૧૪૪૩૮ **શ્રી ગોવિંદભાઈ વ. પરમાર (તલાલા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજુલાથી સોમનાથ સુધી નર્મદા આધારીત પીવાનાં પાણીની પાઇપલાઇન નાખવાની તા. ૩૧-૧૨-૨૦૦૫ની સ્થિતિએ કેટલી પ્રગતિ થયેલ છે. | (૧) યોજના મંજૂરીના પ્રક્રિયા હેઠળ છે. |
| (૨) નર્મદા આધારિત પીવાનાં પાણીની પાઇપ લાઇનથી દરીયાકાંઠાના વિસ્તારમાં રહેતા લોકોને કેટલા સમયમાં ફ્લોરાઇડ મુક્ત પીવાનું પાણી મળશે, અને | (૨) મુખ્ય પાઈપ લાઈન તથા તે આધારિત જૂથ યોજનાઓ મંજૂર થયા બાદ બે વર્ષમાં પીવાનું પાણી આપવાનું આયોજન છે. |
| (૩) આ કામગીરી કેટલા સમયમાં પૂર્ણ થશે ? | (૩) સત્વરે કામગીરી કરાશે. |

### અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની સ્ટેન્ડીંગ કમિટિએ કરેલા ઠરાવો

૧૫૩૮૧ **શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (અસારવા) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની સ્ટેન્ડીંગ કમિટીએ તા. ૧-૧-૨૦૦૫ થી તા. ૩૧-૧-૨૦૦૬ સુધીમાં કરેલા ઠરાવો પૈકી કઇ કઇ બાબતોમાં મ્યુનિસિપલ કમિશનરે અમલ થઇ શકે તેમ નથી તેવું લેખિતમાં સરકારશ્રીને જણાવ્યું છે, | (૧) મહેકમ સંબંધિત ૭<br>જમીન સંબંધિત ૨<br>કુલ ૯ |
| (૨) આ અંગે સરકારે કેટલા અને ક્યા ઠરાવોમાં તેમ કરવા ક્યારે જણાવ્યું છે, | (૨) મહેકમ સંબંધિત ૭ (સાત) કેસોમાં તા. ૬.૬.૨૦૦૫, તા. ૩૦.૯.૨૦૦૫, તા. ૩૦.૯.૨૦૦૫, તા. ૧૯.૧૧.૨૦૦૫ તા. ૨૧.૧૧.૨૦૦૫, તા. ૨૧.૧૧.૨૦૦૫ તેમજ તા. ૨૧.૧૧.૨૦૦૫ના હુકમોથી અને જમીન સંબંધિત ૧ (એક) ઠરાવમાં તા. ૧૧.૮.૨૦૦૫ના હુકમથી સ્ટેન્ડીંગ કમિટિના ઠરાવનો અમલ મોકુફ રાખતા હુકમો તૈયાર કર્યા છે. |
| (૩) હજુ કેટલા અને ક્યા ઠરાવોની બાબત સરકારશ્રીમાં અનિર્ણીત છે, અને | (૩) જમીનને લગતાં ૧ (એક) કેસમાં. |
| (૪)આ અંગેના નિર્ણયો ક્યારે લેવામાં આવશે ? | (૪) તમામ પાસાઓની વિચારણા કરીને |

કાયદાકીય જોગવાઈઓ અનુસાર યોગ્ય તે નિર્ણય લેવામાં આવશે.

-----------

**સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારમાં નર્મદાના પાણીનું સિંચાઈ માટે હાથ ધરવા આયોજન**

૧૫૪૪૪ **શ્રી ટપુભાઈ લીંબાસિયા (રાજકોટ-૧) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારમાં જ્યાં નર્મદાના પાણી સિંચાઈ માટે પહોંચી શકવાના નથી તેવા વિસ્તારોને પાણી સંગ્રહ દ્વારા સિંચાઈનો લાભ આપવા માટે નાની સિંચાઈ યોજનાઓ હાથ ધરવાનું આયોજન છે? | શક્ય હોય ત્યાં નાની સિંચાઈની યોજના ધ્વારા અને જ્યાં શક્ય ન હોય ત્યાં ""સીરીઝ ઓફ ચેકડેમ"" ધ્વારા પાણી સંગ્રહનો લાભ અપાશે. |

-------------

**પાદરા તાલુકામાં આવેલ વરસાદી પાણીના નિકાલ માટેના કાંસને ઉંડો કરવા બાબત**

૧૪૮૯૩ **શ્રી પુનમ ર. પરમાર (પાદરા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) પાદરા તાલુકામાં આવેલ વરસાદી પાણીના નિકાસ માટેના કાંસને ઉંડો કરી સાફ કરવા માંગે છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલા સમયમાં ? | (૨) ખાસ જરૂરીયાતવાળા કાંસની સફાઈ આગામી જુન-૨૦૦૬ સુધીમાં કરવાનું આયોજન છે. |

-------------

**ઉમરગામ તાલુકામાં પાણી પુરવઠાની યોજનાઓ**

૧૪૭૧૮ **શ્રી શંકરભાઈ મં. વારલી (ઉમરગામ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) વલસાડ જિલ્લામાં ઉમરગામ તાલુકામાં તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ પાણી પુરવઠાની કઈ કઈ યોજનાઓ કાર્યરત છે, અને તેનાથી કેટલા ગામોને આવરી લેવાયા છે, અને | (૧) ૪૪, સ્વતંત્ર પાઈપ પાણી પુરવઠા યોજનાઓ અને ૧૭૨૮ હેન્ડપંપની યોજનાઓ કાર્યરત છે. જેમાં ૫૦ ગામના ૫૨૪ ફળિયાઓને આવરી લેવામાં આવેલ છે. |
| (૨) જે પાણી પુરવઠાના યોજનાના કામો બાકી છે તે કેટલા સમયમાં પૂર્ણ થશે? | (૨) ૩૭ ફળીયાઓની સ્વતંત્ર પાણી પુરવઠા યોજનાના કામો માર્ચ-૨૦૦૬ સુધીમાં તથા ૪૦ ગામોના ૪૧૬ ફળીયાઓને આવરી લેતી ૧ જૂથ પાણી પુરવઠા યોજનાના કામો ડિસેમ્બર-૨૦૦૬ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. |

--------

**સન ૨૦૦૬-૦૭માં ભાવનગર તાલુકાના ગણેશગઢ અને આજુબાજુના ગામોના અગરિયાઓને પીવાનું પાણી પૂરું પાડવા બાબત**

૧૫૪૬૦ **શ્રી સુનીલ બા. ઓઝા (ભાવનગર શહેર (દક્ષિણ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) સને ૨૦૦૬-૦૭ના વર્ષમાં ભાવનગર તાલુકાના ગણેશગઢ અને આજુબાજુના ગામોમાં | (૧) હા, જી. |

આવેલા નાના અગરીયાઓને પીવાનું પાણી પૂરૂં પાડવા માટે સ્ટેન્ડ અગર અન્ય પ્રકારે આયોજન કરવાનું વિચારણામાં છે કે કેમ, અને

(૨) જો, હા, તો કેટલા સમયમાં આ પાણી પૂરૂં પાડવાનું આયોજન છે?

(૨) સપ્ટેમ્બર-૦૬ સુધીમાં

-------------

## કચ્છ જિલ્લા પંચાયત હસ્તકના નવા રસ્તાઓની દરખાસ્ત

૧૪૭૨૩ **શ્રી ગોપાલભાઈ ગા. ધુઆ (મુંદ્રા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લા પંચાયત હસ્તકના ક્યા ક્યા નવા રસ્તા કરવાની કુલ કેટલી દરખાસ્તો ૨૦૦૩-૦૪ તથા ૨૦૦૪-૦૫ નાણાંકીય વર્ષમાં સરકારમાં બાકીમાં છે,

**જવાબ**

(૧) નવા રસ્તા બનાવવાની ૨૦ દરખાસ્તો પૈકી ૧૧ દરખાસ્તો મંજૂર અને ૯ દરખાસ્તો સામેલ પત્રક મુજબ બાકી

**પ ત્ર ક**

નવા રસ્તા બનાવવાની દરખાસ્ત

| અનું. | રસ્તાનું નામ |
|---|---|
| ૧ | બોહાથી કરોડીયામોટા |
| ૨ | ખટીયાથી વર્માનગર |
| ૩ | ડુમરાથી સાંધણ |
| ૪ | કોટડી મહાદેવ પુરથી બોહા |
| ૫ | રતાડીયા રોહાતડ |
| ૬ | ઝૂણાથી દેઢીયા |
| ૭ | ઉનડોઠ ભોજાય |
| ૮ | સામત્રા સરલી |
| ૯ | ખારી રોહર મીઠીરોહર રોડ |

(૨) તે પૈકી ક્યા ક્યા નવા રસ્તાઓનું કામ તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ મંજુર થયા બાદ કામ ચાલુ છે, અને

(૨) પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનાના કામો પ્રગતિમાં છે.

(૧) રવનાની એપ્રોચ રોડ
(૨) ખેડુકા વાંઢ એપ્રોચ રોડ
(૩) સણવા-ફુલપુરા રોડ
(૪) અંતરજાળ સોસાયટી રોડ
(૫) કીડાણા સોસાયટી રોડ

(૩) તે ક્યાં સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે?

(૩) આ ચાલુ કામો ચાલુ નાણાકીય વર્ષમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

------------

## પાલીતાણા અને ગારિયાધાર તાલુકામાં મહિ પરિએજ પાણી પુરવઠા યોજનાનું કામ

૧૫૪૦૪ **શ્રી મનસુખભાઈ લ. માંડવિયા (પાલીતાણા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ પાલીતાણા અને ગારિયાધાર તાલુકામાં મહિ પરિએજ આધારીત પાણી પુરવઠા યોજનાનું કામ ક્યા તબક્કે છે, અને

**જવાબ**

(૧) મહિ પરિએજ આધારિત ૭ પાણી પુરવઠા યોજના પૈકી ૨ યોજનાના કામો પૂર્ણ થયેલ છે. જ્યારે ૫ યોજનાના કામો પ્રગતિમાં છે.

(૨) આ યોજનાનું કામ ક્યારે પૂર્ણ થશે?

(૨) પ્રગતિ હેઠળના કામો તબક્કાવાર ડિસેમ્બર-૦૬ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

-------------

**સરદાર પટેલ સહભાગી જળસંચય યોજનામાં ધારાસભ્યશ્રીની ગ્રાન્ટમાંથી ૯૦:૧૦ની સ્કીમ**

૧૪૫૨૪ **શ્રીમતી રમીલાબેન રા. દેસાઈ (ખેરાલુ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) શું એ હકીક્ત સાચી છે કે સરકારે ૯૦ :૧૦%ની સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના તળે તળાવો ઉંડા કરવાની કામગીરીને સ્થગિત કરેલ છે,

(૧) ના જી.

(૨) જો, હા, તો કેવા કારણોસર બંધ કરેલ છે, અને ક્યારથી બંધ કરેલ છે,

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) મહેસાણા જિલ્લામાં આ યોજનામાં કેટલા ધારાસભ્યોએ તાલુકાવાર કેટલા ગામોમાં ૧૦ ટકાની રકમ ધારાસભ્ય ફંડમાંથી ભરેલ છે, અને

(૩) આઠ ધારાસભ્યોએ નીચેની વિગતે ૧૦ ટકા રકમ તાલુકાવાર ધારાસભ્ય ફંડમાંથી ભરેલ છે.

| તાલુકો | તળાવ/ગામની સંખ્યા |
|---|---|
| ખેરાલુ | ૨૯ |
| વડનગર | ૧૫ |
| સતલાસણા | ૧૫ |
| વિજાપુર | ૦૨ |
| કડી | ૧૮ |
| વિસનગર | ૦૨ |
| કુલ | ૮૧ |

(૪) ધારાસભ્યોએ પોતાનું ફંડ ૧૦ ટકા આપ્યા પછી તળાવો ઉંડા કરવાની કામગીરી તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ ક્યા સ્ટેજ છે?

(૪) ૪૦-કામો પૂર્ણ થયેલ છે.
૦૩- પ્રગતિ હેઠળ છે.
૩૮-હાથ ધરવા બાકી છે.
૮૧-કુલ

-------------

**સરદાર પટેલ સહભાગી જળસંચય યોજનામાં સ્થગિત કરવામાં આવેલ કામ**

૧૪૯૦૭ **શ્રી પરેશભાઈ ધી. ધાનાણી (અમરેલી) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) રાજ્યમાં તા. ૩૧-જાન્યુઆરી, ૨૦૦૬ની સ્થિતિએ વર્ષ ૨૦૦૫-૦૬ દરમ્યાન સરદાર પટેલ સહભાગી જળ સંચય યોજનાના કામોને સ્થગીત કરવામાં આવેલ છે. તે હકીક્ત ખરી છે, અને

(૧) ના જી.

(૨) જો હા, તો ક્યારથી અને તેના કારણો શાં છે?

(૨) લાગુ પડતું નથી

-------------

## હાલોલ નગરપાલિકા વિસ્તારમાં આવેલ રસ્તાઓ

૧૫૪૪૭ **શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર (હાલોલ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) હાલોલ નગરપાલિકા વિસ્તારમાં આવેલ માર્ગ અને મકાન વિભાગના રસ્તાઓ હાલમાં કોની હસ્તક છે, | (૧) આ વિસ્તારમાં આવેલ નીચે મુજબના રસ્તાઓ મા. મ. વિભાગ હસ્તક છે.<br>(૧) હાલોલ અરાદ પરોલી<br>(૨) હાલોલ બાયપાસ<br>(૩) બોડેલી-હાલોલ-ગોધરા |
| (૨) આ રસ્તાઓ માર્ગ અને મકાન વિભાગ દ્વારા નગરપાલિકાને ક્યા આધારે સોંપવામાં આવેલ છે, અને | (૨) અને (૩) ઉપરોક્ત રસ્તાઓ નગરપાલિકાને સોંપેલ ન હોઈ મરામતની કામગીરી માર્ગ અને મકાન વિભાગ દ્વારા હાથ ધરાય છે જે માટેની ગ્રાન્ટ માર્ગ અને મકાન વિભાગ દ્વારા ફાળવવામાં આવે છે. |
| (૩) આ રસ્તાઓ નિયમો મુજબ સોંપવામાં આવ્યા હોય તો તેનાં મરામત માટે સરકારશ્રી દ્વારા દર વર્ષે કોઈ ગ્રાન્ટ ફાળવવામાં આવશે કે કેમ? | |

-------------

## વલસાડ જિલ્લામાં સ્વજલધારા અન્વયે ફાળવવામાં આવેલ રકમ

૧૪૦૭૩ **શ્રી જીતુભાઈ હ. ચૌધરી (મોટાપોંઢા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

નાણાંકીય વર્ષ ૨૦૦૪-૦૫ અને ૨૦૦૫-૦૬ના વર્ષમાં તા. ૩૧-૧૨-૦૫ સુધીમાં વલસાડ જિલ્લામાં સ્વજલધારા યોજના અન્વયે કુલ કેટલી રકમ ફાળવવામાં આવી, અને કેટલા કામો તે અન્વયે પૂર્ણ કરવામાં આવ્યા?

**જવાબ**

(૧) નીચેની વિગતે

| વર્ષ | ફાળવેલ રકમ રૂા. લાખમાં | પૂર્ણ કરેલ કામોની સંખ્યા |
| --- | --- | --- |
| ૨૦૦૪-૦૫ | ૧૮૮.૫૯ | ૨૮ |
| ૨૦૦૫-૦૬ | ૧૩૫.૦૦ | ૧૩ |
| કુલ : | ૩૨૩.૫૯ | ૪૧ |

-------------

## ચોટીલા તાલુકાના ગારીડા ચેકડેમની દિવાલ તૂટી પડતાં બે બાળાઓનાં થયેલ મૃત્યુ

૧૪૩૮૦ **શ્રી પોપટભાઈ સ. જીંજરિયા (ચોટીલા) : માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લામાં ચોટીલા તાલુકાના ગારીડા ચેકડેમની દિવાલ ધસી પડતા બે બાળાઓના મૃત્યુ થયાની હકીકત ખરી છે, | (૧) હા જી. |
| (૨) જો હા, તો નબળા ચેકડેમના કામની તપાસ થયેલ છે, અને | (૨) ના જી. |
| (૩) નબળા કામ માટે જવાબદાર અધિકારી સામે પગલાં લેવા કોઈ કાર્યવાહી થયેલ છે? | (૩) ના જી. |

-------------

**શેત્રુંજય ડેમ આધારીત જુથ યોજનામાં ગારીયાધાર તાલુકાને પીવાનું પાણી આપવા બાબત**

૧૫૩૭૯ **શ્રી કેશુભાઈ હી. નાકરાણી (શિહોર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) શેત્રુંજય ડેમ આધારીત જુથ યોજના દ્વારા ગારીયાધાર તાલુકાના કેટલા ગામોને પીવાનું પાણી આપવામાં આવે છે, અને | (૧) ૧૩ ગામોને. |
| (૨) કેટલા ગામોને હજુ પીવાનું પાણી આપવામાં બાકીમાં છે? | (૨) ૭ ગામોને. |

-------------

**સુજલામ સુફલામ યોજનામાં નર્મદા યોજનાનું પીવાનું પાણી આપવા બાબત**

૧૪૮૮૯ **ડૉ. માયાબેન સુ. કોડનાની (નરોડા) : માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ રાજ્યમાં સુજલામ સુફલામ યોજના અંતગર્ત નર્મદા આધારિત કેટલા ગામોને પીવાના શુધ્ધ પાણીનો લાભ મળેલ છે, | (૧) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ રાજ્યમાં સુજલામ સુફલામ યોજનાની પાઇપ લાઇન દ્વારા અન્ય જળાશયો તથા સોર્સ આધારિત ૪૬૫ ગામોને પાણી અપાય છે. |
| (૨) કુલ કેટલા ગામોને પાણી આપવાનું આયોજન છે, અને | (૨) ૪૯૦૪ ગામ. |
| (૩) આ યોજના તબક્કાવાર ક્યારે પૂર્ણ થશે? | (૩) તબક્કાવાર માર્ચ-૨૦૦૬થી ડીસેમ્બર-૨૦૦૮ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. |

-------------

**બગસરા તાલુકાના મહી આધારિત પાણી પુરવઠા યોજનાની મુખ્ય પાઈપ લાઈન નખાયા પછીનું કામ કરવા બાબત**

૧૪૨૦૩ **શ્રી બાલુભાઈ તંતી (ધારી) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બગસરા તાલુકાના મહી આધારિત પાણી પુરવઠાની મુખ્ય લાઈન નંખાયા પછી બાકીના કામ માટે કઈ એજન્સીને ક્યારે કામ સોંપવામાં આવ્યું, | (૧) તોલાણી ફેબ્રીકેટર્સ અંકલેશ્વરને તા. ૧૭-૦૭-૨૦૦૩થી |
| (૨) ૪-વર્ષ જેટલો સમય થવા છતાં એજન્સી તરફથી કોઈ પ્રગતિ ન થવાથી એજન્સી સામે શાં પગલાં લીધા, અને | (૨) વર્ક ઓર્ડર આપ્યાને અઢી વર્ષનો સમય થવા છતાં કામોમાં સંતોષકારક પ્રગતિ ન થતાં એજન્સીને સોંપવામાં આવેલ કામ તા. ૧૦-૧૧-૨૦૦૫ થી રદ કરવામાં આવેલ છે. |
| (૩) બગસરા તાલુકાના ગામડાઓને મહિ આધારિત પાણી ક્યારે મળશે? | (૩) ડીસેમ્બર-૨૦૦૬ સુધીમાં. |

------------

**વામ્બે યોજના અભિયાન અન્વયે શૌચાલયોની કામગીરી**

૧૫૪૪૧ **શ્રી જીતેન્દ્રકુમાર ઉ. વાઘેલા (શહેર કોટડા) : માનનીય શહેરી ગૃહનિર્માણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વામ્બે યોજનાના નિર્મળ ભારત અભિયાન અન્વયે અમદાવાદ મહાનગરમાં કેટલા શૌચાલયોની | (૧) ૩૯૬. |

કામગીરી પૂરી કરેલ છે,

(૨) ક્યા-ક્યા વિસ્તારોમાં આ શૌચાલયો બાંધેલ છે, અને? | (૨) પૂર્વ ઝોન, ઉત્તર ઝોન અને મધ્ય ઝોનમાં.

(૩) તેમાં કેટલી રકમનો ખર્ચ કરવામાં આવેલ છે? | (૩) રૂા. ૧,૧૬,૭૮,૭૦૧/-

-------------

**ચીખલી તાલુકાના મોગરવાડી ગામને ઉકાઈ ડાબાકાંઠા નહેરનો પિયત વિસ્તાર**

૧૪૫૨૯ **શ્રીમતી ભારતીબેન ન. પટેલ (ચીખલી) : માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) નવસારી જિલ્લાના ચીખલી તાલુકામાં મોગરવાડી ગામને ઉકાઈ ડાબાકાંઠા નહેરની કુલ ૨૪૦ હેક્ટર વિસ્તાર પિયત હેઠળ છે તે હકીક્ત સાચી છે, | (૧) હા. |
| (૨) જો હા, તો આજદિન સુધીમાં ૨૪૦ હેક્ટર જમીનને પાણી મળેલ નથી તે હકિક્ત પણ સાચી છે, અને? | (૨) અંશતઃ જમીનને પાણી મળેલ નથી. |
| (૩) જો હા, તો તે અંગે સરકારે શી કાર્યવાહી કરી? | (૩) સદર ગામને પાણી પહોંચાડતી નહેરોની મરામતના કામો ચાલુ કરવામાં આવેલ છે. જેમાંથી અંશતઃ કામો પૂર્ણ કરવામાં આવેલ છે. |

-------------

**દાંતીવાડા જળાશય યોજનાની નહેરો તૂટી જવા બાબત**

૧૪૭૨૦ **શ્રી જોધાજી ગ. ઠાકોર (વાગડોદ) :માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) દાંતીવાડા જળાશય યોજનામાં સમાવેશ થતી નહેરોમાં ઝાંડી-જાખરા ઉગી ગયેલ છે અને કેનાલો તૂટી ગયેલ છે તે હકિક્તથી સરકાર વાકેફ છે, અને | (૧) હા જી. |
| (૨) જો હા, તો આ નહેરોનું મરામત કામ કેટલા સમયમાં કરી દેવામાં આવશે? | (૨) ચાલુ સાલે રવિ ઋતુમાં સિંચાઇ કરવામાં આવેલ ત્યારે જરૂરીયાત મુજબ નહેરોનું મરામત કામ થયેલ છે તેમજ બાકીની નહેરોનું કામ સત્વરે હાથ ધરવાનું આયોજન છે. |

-------------

**સુજલામ સુફલામ યોજના હેઠળ ચેકડેમોના કામ**

૧૫૪૩૫ **શ્રી ધનરાજભાઈ કેલા (વઢવાણ) : માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સુરેન્દ્રનગર જિલ્લામાં સુજલામ સુફલામ યોજના હેટળ ૮૫ કરોડના ખર્ચે ૧૭ નદીઓમાં ૧૦૭ નવા ચેકડેમો તા. ૩૧-૧૨-૦૫ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન કરવામાં આવેલ હતુ તે હકીક્ત સાચી છે, | (૧) હા જી. |
| (૨) જો, હા, તો આ પેકી કેટલા કામ શરૂ થયાં અને કેટલા બાકી છે, અને | (૨) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ કુલ-૮૭ ચેકડેમોના કામો શરૂ થયાં. |

| | |
|---|---|
| (૩) બાકી કામો સરકાર ક્યારે પૂર્ણ કરવા માંગે છે? | (૩) બજેટ ઉપલબ્ધિ અનુસાર ડીસેમ્બર-૦૬ સુધીમાં પૂર્ણ કરવા આયોજન કરેલ છે. |

-------------

**ભૂજ અને નખત્રાણા તાલુકાની સિંચાઇ યોજનામાંથી કાંપ દૂર કરવા બાબત**

૧૫૪૩૨ **શ્રી શીવજીભાઈ ક. આહીર (ભૂજ) : માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) કચ્છ જિલ્લામાં ભૂજ અને નખત્રાણા તાલુકામાં ડિસેમ્બર-૨૦૦૫ની સ્થિતિએ બધી જ સિંચાઈ યોજનામાં કાંપ જમા થયો છે તે દૂર કરવા સરકારની વિચારણા હેઠળ છે તે હકીક્ત સાચી છે, અને | (૧) ના જી. |
| (૨) જો હા, તો આ વિચારણાને અંતે તમામ જળાશયોમાંથી કાંપ દૂર કરવા શું આયોજન હાથ ધરવામાં આવ્યું છે? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------

**ભરૂચ જિલ્લાના ભરૂચ-વાગરા-આમોદ તાલુકાની મધ્યબારા જૂથપાણી પુરવઠા યોજના**

૧૩૮૫૩ **શ્રીમતી રશીદા ઈ. પટેલ (વાગરા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ભરૂચ જિલ્લાના ભરૂચ-વાગરા અને આમોદ તાલુકાઓની મધ્યબારા જુથ પાણી પુરવઠા યોજનાની સુધારણાનું કામ તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ ક્યા તબક્કામા છે, | (૧) કામો પ્રગતિમાં છે. |
| (૨) આ કામો ક્યાં સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે, | (૨) માર્ચ-૨૦૦૭ સુધીમાં. |
| (૩) પાઈપ લાઇનો ઘણી જૂની હોય અવાર નવાર લીકેજો થતા હોવાના કારણે પ્રજાને પડતી પાણીની હાડમારીથી સરકાર વાકેફ છે, અને | (૩) હા જી. |
| (૪) જો હા, તો આ અંગે સરકાર શાં પગલા ભરવા માંગે છે? | (૪) જૂની પાઇપ લાઇન બદલવાની કામગીરી પ્રગતિમાં છે. |

-------------

**બ્રાહ્મણી-૧ના કમાન્ડ એરીયાની ફેરવિચારણા કરવા બાબત**

૧૫૪૨૧ **શ્રી જયંતિલાલ રા. કવાડિયા (હળવદ) : માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સુરેન્દ્રનગર જિલ્લાના બ્રાહ્મણી-૧ના નીચે ૧૦ કિલોમીટર દુર બ્રાહ્મણી-૨નું કામ ચાલુ છે, જેના કારણે બ્રાહ્મણી-૧ના કમાન્ડ એરીયા માટે ફરીથી વિચારણા કરી નવીન કમાન્ડ એરીયા માટે કોઈ માંગણી આવી છે કે કેમ, | (૧) હા જી. |
| (૨) જો હા, તો માંગણી અન્વયે રાજ્ય સરકારે કોઈ સર્વે કરાવ્યું છે કે કેમ, અને | (૨) તાંત્રિક ચકાસણી હાથ પર ધરેલ છે. |
| (૩) જો હા, તો આ સર્વેથી બીનકમાન્ડ | (૩) તાંત્રિક ચકાસણી પુર્ણ થયે નક્કી થઈ શકે. |

એરીયાના નવા ગામોનો સમાવેશ થઈ શકે છે કે કેમ?

-------------

## શહેરા અને લુણાવાડા તાલુકામાં જુથ પાણી પુરવઠાની યોજનાઓ

૧૪૮૯૮ **શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ (શહેરા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ પંચમહાલ જિલ્લાના શહેરા અને લુણાવાડા તાલુકામાં કેટલી અને કઈ જ્ગ્યાએ જુથ પાણી પુરવઠા યોજનાઓની કામગીરી ચાલે છે,

**જવાબ**

(૧) નીચેની વિગતે.

| તાલુકો | જૂથ યોજનાની સંખ્યા | જૂથ યોજના કામગીરીની જ્ગ્યા |
|---|---|---|
| શહેરા | ૧ | શહેરા તાલુકામાં ૪ જ્ગ્યાએ છોગાળા, ખટકપુર પાદેડી, ચોપડા ગામ પાસે હેડવર્કસ અને પાઈપ લાઈનની કામગીરી ચાલે છે. |
| લુણાવાડા | ૧ | લુણાવાડા તાલુકામાં ૬ જ્ગ્યાએ થાણાસાવલી, ભડકા, જોષીયાના મુવાડા, કંથાર, નજીક હેડવર્કસ અને પાઈપ લાઈનની કામગીરી વિરણીયા અને ખારોલ ગામ નજીક ચાલે છે. |

(૨) છેલ્લા ત્રણ વર્ષમાં ક્યા ઈજારદારોએ કેટલી રકમ ક્યારથી અને ક્યાં સુધી ટેન્ડરો કામ પૂર્ણ કરવાના ટેન્ડરો સ્વીકારેલ છે,

(૨) છેલ્લા ૩ વર્ષમાં નીચેની વિગતે ઈજારદારે ટેન્ડરો સ્વીકારેલ છે.

| ઈજારદારનું નામ | ટેન્ડરની રકમ | કરારખત કર્યા તારીખ | પૂર્ણ કરવાની તારીખ |
|---|---|---|---|
| આઇ.વી. આર.સી. ઈન્ફ્રા. એન્ડ પ્રો. લી. હેદ્રાબાદ | ૨૧૫૬.૯૬ લાખ | ૧૪-૧૧-૦૩ | ૧૩-૧૧-૦૪ તથા મુદત વધારો કરી તા.૧૪-૮-૦૫ કરેલ છે. |
| એન્જી. પ્રો. કું. સુરત | ૧૦૨૪.૩૯ | ૩-૨-૦૪ | ૨-૨-૦૫ |

(૩) ઈજારદાર તરફથી નબળી ક્વોલીટીના કામ બાબતે કોઈ ફરિયાદો સરકારને મળેલ છે કે કેમ, અને જો હા, તો શાં પગલાં લીધેલ છે?

(૩) ના, જી કોઈ ફરિયાદ મળેલ નથી.

-------------

## સુરત જિલ્લામાં આવેલ પાણી પુરવઠા જુથ યોજનાઓ

૧૫૩૯૯ **શ્રી ધનસુખભાઈ ના. પટેલ (ઓલપાડ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૫ અંતીત કેટલી પાણી પુરવઠા જુથ યોજના આવેલ છે, | (૧) કુલ ૧૪ પાણી પુરવઠા જૂથ યોજના પેકી ૧૦ પૂર્ણ અને ૪ પ્રગતિ હેઠળ છે. |
| (૨) વરીયાવ જૂથ પાણી પુરવઠા યોજનાનો ક્યારે આરંભ કરવામાં આવેલ છે અને તે ક્યારે પૂર્ણ કરવામાં આવશે, અને | (૨) વરીયાવ જૂથ પાણી પુરવઠા યોજના અંતર્ગત ભાગ-૧ નો તા. ૨૨-૭-૦૩ થી આરંભ કરવામાં આવેલ અને તા. ૩૦-૫-૦૬ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. જ્યારે આ યોજનાના ભાગ-૨ ના ટેન્ડર મંજૂર થયેથી એક વર્ષમાં પૂર્ણ કરવાનું આયોજન છે. |
| (૩) વરીયાવ જૂથ યોજનામાં કેટલા ગામોનો સમાવેશ કરવામાં આવેલ છે? | (૩) ૧૫૬ ગામનો સમાવેશ કરવામાં આવેલ છે. |

-------------

## વામ્બે યોજના અભિયાન અન્વયે શોચાલયોની કામગીરી

૧૪૫૩૨ **ડૉ. જીતેન્દ્રભાઈ બા. પટેલ (સાબરમતી) : માનનીય શહેરી ગૃહનિર્માણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં નાણાકીય વર્ષ ૨૦૦૫-૦૬માં શહેરી ગરીબો માટે આવાસો બાંધવાનું જિલ્લાવાર કેટલું આયોજન હતું, અને, | (૧) કુલ ૬૫૪૦ મકાનો. |
| (૨) તે મુજબ કેટલા આવાસો તેયાર થયા અને તા. ૩૧-૧૨-૨૦૦૫ સુધીમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો. | (૨) ૩૩૯૩ મકાનો તેયાર થયેલ છે. રૂા. ૧૨૯૯.૨૫ લાખનો ખર્ચ |

-------------

## પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનામાં સાણંદ તાલુકાના હીરાજીપુરા ગામ અને વિરમગામ તાલુકાના ઈનાયતપુરા અને લિંબડા ગામને જોડતો રસ્તો

૧૪૫૨૦ **શ્રી વજુભાઈ પ. ડોડિયા (વિરમગામ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનામાં સાણંદ હીરાજીપુરા ગામ અને વિરમગામ તાલુકાના ઈનાયતપુરા તથા લિંબડા ગામોને જોડતો રસ્તો બનાવવા સરકારનું શું આયોજન છે, અને | (૧) અને (૨) હીરાજીનાપરા તથા ઈનાયતપુરની વસ્તી ૫૦૦ થી ઓછી હોઈ પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનાની માર્ગદર્શક સુચનાઓ મુજબ આ યોજનામાં સમાવેશ થઈ શકે નહી, જ્યારે લિંબડા ગામ પાકા રસ્તાથી જોડાયેલ છે. |
| (૨) ક્યાં સુધીમાં આ ગામોને રસ્તાની સગવડતા આપવામાં આવશે? | |

-------------

## રાજ્યમા નો-સોર્સ વિનાના ગામોમાં પીવાના પાણીની વ્યવસ્થા

૧૪૦૦૮ **શ્રી ભવાનભાઈ જી. ભરવાડ (લીંબડી) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ રાજ્યમાં | (૧) સુરેન્દ્રનગર જીલ્લાના ચુડા તાલુકાનું એક |

પીવાના પાણીની વ્યવસ્થા ન કરી હોય તેવા સુરેન્દ્રનગર જિલ્લાના તાલુકાવાર નો-સોર્સ ગામો કુલ કેટલા છે, અને

(દરોદ) ગામ એન.સી કક્ષામાં છે.

(૨) તે પેકી કેટલા નો-સોર્સ ગામોને પીવાના પાણીની કેવી વ્યવસ્થા સરકારે કરી છે?

(૨) નર્મદા કેનાલ આધારિત જૂથ યોજનામાં દરોદ ગામનો સમાવેશ કરવામાં આવેલ છે, જેની કામગીરી પ્રગતિમાં છે.

-------------

## મેઘરજ તાલુકાની વેડી નાની સિંચાઈ યોજનાનું કામ

૧૫૪૦૯ **શ્રીમતી ભીખીબેન ગિ. પરમાર (મેઘરજ): માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) મેઘરજ તાલુકાની વેડી નાની સિંચાઈ યોજનાની મંજૂરી ૧૯૯૭માં મળેલ છે, તેમ છતાં આ યોજનાનું કામ શરૂ ન થવાનાં શાં કારણો છે, અને<br>(૨) આ યોજનાનું કામ ક્યારે શરૂ થશે? | (૧) અને (૨) યોજનાની કામગીરી વર્ષ ૧૯૮૦માં પૂર્ણ થયેલ છે તથા સિંચાઈ કાર્યવાહી કાર્યરત છે જેથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------

## સુજલામ્ સુફ્લામ્ યોજના મુખ્ય કેનાલનું અંદાજીત ખર્ચ

૧૫૪૫૭ **શ્રી જગદીશ ઠાકોર (દહેગામ) : માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) સુજલામ્ સુફ્લામ્ યોજના મુખ્ય કેનાલનું અંદાજીત ખર્ચ શું છે, | (૧) રૂા. ૪૫૮.૫૦ કરોડ. |
| (૨) આ ખર્ચની સરકારે શું જોગવાઈ કરી છે, અને | (૨) વર્ષ ૨૦૦૪-૦૫ માટે રૂા. ૧૬૦/-કરોડ અને વર્ષ ૨૦૦૫-૦૬ માટે રૂા. ૧૮૦/- કરોડની જોગવાઈ કરાયેલ છે. |
| (૩) આ યોજના પૂર્ણ કરવા સરકારે શું સમયમર્યાદા નક્કી કરી હતી ? | (૩) તા. ૩૧/૧૨/૦૫ સુધીમાં યોજના પૂર્ણ કરવા આયોજન વિચારાયેલ હતું, હાલની બાંધકામની પ્રગતિની સમીક્ષાને ધ્યાને લઈ તા. ૩૦/૬/૦૬ સુધી પૂર્ણ કરવાનું આયોજન વિચારાયેલ છે. |

--------------

## નવસારી જિલ્લામાં પૂર્ણા રેગ્યુલેટર ડેમ બનાવવા બાબત

૧૫૩૭૫ **શ્રી આર. સી. પટેલ (જલાલપોર) : માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) નવસારી જિલ્લામાં પૂર્ણા રેગ્યુલેટર ડેમ બનાવવા માટે સરકાર વિચારણા કરી રહી છે, તે હકીક્ત સાચી છે. | (૧) હા, જી. |
| (૨) જો, હા, તો, આ ડેમનું કામ ક્યારે શરૂ કરવામાં આવશે અને ક્યારે પૂર્ણ થશે, અને | (૨) આ ડેમનું કામ સન ૨૦૦૬-૦૭માં લેવાનું વિચારણામાં છે. |
| (૩) આ યોજનાથી કેટલા હેક્ટર જમીનને સિંચાઈનો લાભ મળશે? | (૩) અંદાજે ૧૮,૦૦૦ હેક્ટર જેટલી જમીન નવસાધ્ય થશે. જે પેકીની આશરે ૮૦૦૦ હેક્ટર જમીનમાં ઉધ્વહન દ્વારા સિંચાઈની સુવિધા ઉપલબ્ધ થશે. |

-------------

**જામનગર જિલ્લામાં સિંચાઈની નહેરો રીપેર કરવા બાબત**

૧૪૯૦૩ **ડૉ. દિનેશ પરમાર (જામનગર (રુરલ)** : **માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ જામનગર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં સિંચાઈની નહેરો રીપેર કરવા સરકારે કેટલી રકમ ફાળવેલ હતી, | (૧) છેલ્લા બે વર્ષમાં રૂા. ૧૪૮.૩૦ લાખ મરામત અને નિભાવણી સદર હેઠળ ફાળવેલ છે. |
| (૨) આવી કોઈ રકમ ખેડૂતો પાસેથી લઈને નહેરો રીપેર કરવાના કેટલા બનાવ બન્યા છે તેમાં ખેડૂતો પાસેથી કેટલી રકમ લેવામાં આવી, | (૨) ખેડૂત જુથો દ્વારા ૧૦ ટકા લોકભાગીદારી અને ૯૦ ટકા સરકારી હિસ્સાના ધોરણે નહેર રીપેરીંગના ૪૨ કામો રૂા. ૧૫.૨૫ લાખના કરવામાં આવેલ છે. ખેડૂતો પાસેથી કોઈ પણ રકમ વિભાગ દ્વારા લેવામાં આવેલ નથી. |
| (૩) આ રકમ ક્યારે લીધી અને ખેડૂતોને તે પરત ક્યારે કરવામાં આવી, | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) સરકાર અગાઉથી રકમની ફાળવણી કરીને સમયસર કેનાલ રીપેર કરવા માંગે છે કે કેમ, અને | (૪) હા, જી. |
| (૫) અને તે માટે કેટલી રકમ ફાળવશે? | (૪) કામની જરૂરીયાત મુજબ જરૂરી રકમ ફાળવવામાં આવશે. |

--------------

**દાહોદ જિલ્લામાં જળસંચય સહભાગી યોજનાના ચેકડેમ બનાવવા બાબત**

૧૫૪૨૫ **શ્રી બચુભાઈ ખાબડ (દેવગઢ બારિયા) : માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ સરદાર પટેલ સહભાગી જળ સંચય યોજના હેઠળ દાહોદ જિલ્લામાં તાલુકાવાર ક્યા ગામે કેટલા ચેકડેમ બનાવવામાં આવ્યા છે, | (૧) પત્રક - ૧ મુજબ |
| (૨) કેટલા ચેકડેમ પૂર્ણ થયેલ, | (૨) ૨૭૪૫ ચેકડેમ (પત્રક-૧ મુજબ) * |
| (૩) પૂર્ણ થયેલ કેટલા ચેકડેમના નાણાં ચુકવેલ નથી, તો તેના કારણો શું છે, અને | (૩) પૂર્ણ થયેલ ૨૭૪૫ ચેકડેમો પેકી મોટા ભાગના ચેકડેમોના રનીંગ બીલ ચુકવી આપવામાં આવેલ છે. ફાઇનલ બીલો જ માત્ર ચુકવવાના બાકી છે. |
| (૪) તે ક્યાં સુધીમાં ચુકવી આપવામાં આવશે? | (૪) આખરી બીલોની ચકાસણી થયેથી ટુંક સમયમાં ચુકવણું કરવામાં આવશે. *** (પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે)** |

--------------

**સરદાર પટેલ સહભાગી જળસંચય યોજનામાં ચેકડેમો અને તળાવ પાછળ થયેલ ખર્ચ**

૧૪૯૧૭ **શ્રી છબીલદાસ ના. પટેલ (માંડવી)** : **માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર સરદાર પટેલ સહભાગી જળ સંચય યોજના-૮૦-૨૦ અને ૯૦-૧૦ અન્વયે કેટલા ચેકડેમો તળાવો પાછળ | તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ રાજ્યમાં સરદાર પટેલ સહભાગી જળ સંચય યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં થયેલા ૮૦-૨૦ ના ચેકડેમો અને ૯૦-૧૦ ના |

છેલ્લા બે વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે?

તળાવો તથા તેની પાછળ થયેલા ખર્ચની વિગતો નીચે મુજબ છે. તેની જિલ્લાવાર વિગતો સામેલ બિડાણ-૧માં છે.

| ૮૦-૨૦ ના ચેકડેમો | | ૯૦-૧૦ ના તળાવો | |
|---|---|---|---|
| સંખ્યા | ખર્ચ (ક્રોડ) | સંખ્યા | ખર્ચ (ક્રોડ) |
| ૧૨૩૫૩ | ૨૬૮.૮૬ | ૪૧૨ | ૧૯.૫૮ |

બિડાણ - ૧

તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ રાજ્યમાં સરદાર પટેલ સહભાગી જળ સંચય યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં થયેલા ૮૦-૨૦ ના ચેકડેમો અને ૯૦-૧૦ ના તળાવો તથા તેની પાછળ થયેલા ખર્ચની જિલ્લાવાર વિગતો નીચે મુજબ છે.

| જિલ્લો | ૮૦:૨૦ ના ચેકડેમો | | ૯૦:૧૦ ના તળાવો | |
|---|---|---|---|---|
| | સંખ્યા | થયેલ ખર્ચ (રૂા. ક્રોડમાં) | સંખ્યા | થયેલ ખર્ચ (રૂા. ક્રોડમાં) |
| અમરેલી | ૬ | ૦.૪૨ | ૦ | ૦ |
| આણંદ | ૨ | ૦.૦૪ | ૧ | ૦.૦૩ |
| બનાસકાંઠા | ૧૧૫૭ | ૧૨.૮૨ | ૫૩ | ૩.૩૦ |
| ભરૂચ | ૫૪ | ૧.૧૭ | ૦ | ૦.૦ |
| અમદાવાદ | ૪ | ૦.૦૦ | ૧૫ | ૦.૬૪ |
| ભાવનગર | ૧૩ | ૧.૫૨ | ૫૯ | ૧.૬૯ |
| દાહોદ | ૨૩૧૧ | ૩૯.૫૮ | ૦ | ૦.૦૦ |
| ડાંગ | ૫૨૬ | ૧૮.૭૬ | ૦ | ૦.૦૦ |
| ગાંધીનગર | ૦ | ૦.૦૦ | ૧૮ | ૦.૯૩ |
| જામનગર | ૧૪ | ૧.૬૨ | ૦ | ૦.૦૦ |
| જુનાગઢ | ૧૯ | ૦.૬૮ | ૧૧ | ૦.૩૪ |
| ખેડા | ૧૪૪ | ૧.૯૧ | ૫ | ૦.૧૬ |
| કચ્છ | ૯ | ૦.૧૯ | ૦ | ૦.૦૦ |
| મહેસાણા | ૨૨૩ | ૫.૭૩ | ૧૪૮ | ૮.૩૪ |
| નર્મદા | ૯૯ | ૨.૩૦ | ૪ | ૦.૧૨ |
| નવસારી | ૩૦૧ | ૫.૩૦ | ૧૬ | ૦.૭૭ |
| પંચમહાલ | ૧૧૮૦ | ૨૦.૧૩ | ૦ | ૦.૦૦ |
| પાટણ | ૫૬૩ | ૮.૩૬ | ૪૪ | ૨.૩૪ |
| પોરબંદર | ૨૦ | ૦.૩૦ | ૧ | ૦.૦૩ |
| રાજકોટ | ૧૨૫ | ૩.૫૮ | ૦ | ૦.૦૦ |
| સુરેન્દ્રનગર | ૭ | ૦.૧૧ | ૦ | ૦.૦૦ |
| સાબરકાંઠા | ૩૯૯૩ | ૧૧૦.૧૪ | ૧૮ | ૦.૫૩ |
| સુરત | ૩૬૫ | ૭.૩૨ | ૮ | ૦.૨૫ |
| વડોદરા | ૪૯૨ | ૯.૭૨ | ૦ | ૦.૦૦ |
| વલસાડ | ૭૨૬ | ૧૭.૧૪ | ૧૧ | ૦.૧૨ |
| કુલ સરવાળો | ૧૨૩૫૩ | ૨૬૮.૮૬ | ૪૧૨ | ૧૯.૫૮ |

--------------

## બોરસદ અને આંક્લાવ તાલુકાના કાંઠા વિસ્તારના ગામોને પીવાનું પાણી

૧૪૦૫૭ **શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર (ભાદરણ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) બોરસદ અને આંક્લાવ તાલુકાના કાંઠા વિસ્તારના ગામોમાં પાણી પીવા લાયક નથી તેવા

**જવાબ**

(૧) કાંઠા વિસ્તારના બોરસદ આંક્લાવ તાલુકાના ગામોને સ્વતંત્ર જૂથ પાણી પુરવઠા યોજના

સરકારી રીપોર્ટ પછી આ ગામોની જનતાને શુધ્ધ પીવા લાયક પાણી મળે તે માટે સરકારે તા. ૩૧-૧-૦૬ સુધીમાં શું આયોજન કરેલ છે, અને

(૨) કાયમી ધોરણે આ વિસ્તારની જનતાને શુધ્ધ પાણી આપવા સરકારે શી કાર્યવાહી કરી?

થકી પીવા લાયક પાણી પુરું પાડવાનું આયોજન કરવામાં આવેલ છે.

(૨) ૪ ગામોમાં પીવા લાયક પાણી માટે નવા સોર્સની કામગીરી હાથ ધરી ૩ ગામોમાં કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. ૧ ગામમાં કામો પ્રગતિમાં છે. તથા આ બે તાલુકાના ૨૪૬ ગામ / પરાને આવરી લેતી ૨ જૂથ યોજનાઓ બનાવવાની કાર્યવાહી હાથ પર છે.

--------------

**નાબાર્ડ સહાય યોજના હેઠળ મંજૂર કરવામાં આવેલ રસ્તાઓ**

૧૩૮૫૦ **શ્રી પુંજાભાઈ ભી. વંશ (ઉના) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નાબાર્ડ સહાય યોજના હેઠળ નાણાંકીય વર્ષ ૨૦૦૪-૦૫ અને ૨૦૦૫-૦૬માં રાજ્યમાં કેટલા કરોડ રૂા.ના કેટલા કી.મી. ના લંબાઇના રસ્તાના પ્રોજેકટને મંજૂર કરવામાં આવ્યા,

(૨) તે પૈકી તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ કેટલી રકમના કેટલા કી.મી.ના લંબાઈના રસ્તાઓના કામો પૂર્ણ કરવામાં આવ્યા, અને

(૩) પૂરા થયેલ કામોમાં કેટલો ખર્ચ થયો?

**જવાબ**

(૧), (૨) અને (૩) નાબાર્ડ સહાય યોજના હેઠળ આ વર્ષોમાં કોઇ યોજના મંજૂર થયેલ ન હોય પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------------

**શિનોર અને ઝઘડીયાને જોડતો નર્મદા નદી ઉપરનો પુલ બનાવવા બાબત**

૧૫૪૧૮ **શ્રી પુંજાભાઈ ભી. વંશ (ઉના) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લાના શિનોર અને ભરૂચ જિલ્લાનાં ઝઘડીયાને જોડતો નર્મદા નદી ઉપરનો માલસરરાસા પુલના કામનું શું આયોજન છે, અને

(૨) આ બ્રિજનું કામ સરકાર દ્વારા ક્યારે ચાલુ કરવામાં આવશે?

**જવાબ**

(૧) અને (૨) આ પુલના કામમાં પૂરતી જોગવાઇ નહોઈ, હાલ આયોજન નથી.

--------------

**જસદણ તાલુકાના મોટી લાખાવડ પાસે ભાદર નદી ઉપર બે તાલુકાને જોડતો પુલ**

૧૪૩૧૬ **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (જસદણ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજકોટ જિલ્લામાં જસદણ તાલુકાના મોટી લાખાવડ પાસે ભાદર નદીમાં બે તાલુકાને જોડતો પુલ ક્યારે મંજૂર કરવામાં આવેલ,

(૨) તેની પાછળ કુલ કેટલી રકમનું આયોજન કરેલ છે, અને

(૩) તા. ૩૧-૧-૦૬ના રોજ આ કામ ક્યા તબક્કે છે?

**જવાબ**

(૧) આ પુલના કામનો બજેટમાં સમાવેશ થયેલ છે, પરંતુ કામની વહીવટી મંજૂરી બાકી છે.

(૨) રૂા. ૭૦-૦૦ લાખની કિંમત અંદાજેલ છે અને વર્ષ ૨૦૦૫-૦૬ માં રૂા. ૧.૦ લાખની જોગવાઇ છે.

(૩) પ્રાથમિક સર્વેક્ષણની કામગીરી હાથ પર છે.

--------------

**શહેરી વિકાસ વર્ષ નિમિત્તે સુરત શહેરને અપાયેલ ગ્રાન્ટ બાબત**

૧૪૯૧૧ **શ્રી ધીરૂભાઈ હ. ગજેરા (સુરત શહેર (ઉત્તર) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) શહેરી વિકાસ વર્ષ-૨૦૦૫ દરમ્યાન સુરત શહેરને કેટલી રકમની ગ્રાન્ટ સરકાર તરફથી ફાળવવામાં આવી, અને | (૧) શહેરી વિકાસ વર્ષ-૨૦૦૫ દરમ્યાન સુરત શહેર માટે રાજ્ય સરકાર તરફથી સુરત મહાનગરપાલિકાને રૂા. ૭/- કરોડ અને સુડાને રૂા. ૨.૫ કરોડની ગ્રાન્ટ વિકાસના કામો હાથ ધરવા માટે ફાળવવામાં આવેલ છે. |
| (૨) તે પૈકી કઇ યોજના માટે કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | (૨) સુરત મહાનગરપાલિકા દ્વારા રસ્તા અને પાણી પુરવઠાના કામો માટે રૂા. ૩૩.૬૩ કરોડનો ખર્ચ થયેલ છે. સુડા દ્વારા ટી.પી. સ્કીમો વાળા વિસ્તારમાં પાણી પુરવઠા યોજના માટે હાથ ધરાયેલ પ્રાયોજનામાં રૂા. ૨૧.૬૧ કરોડનો ખર્ચ થયેલ છે. |

-------------

**બાલારામ ડેમનું વધારાનું પાણી દાંતીવાડા ડેમમાં નાખવા બાબત**

૧૫૩૮૮ **શ્રી મુકેશ ભૈ. ગઢવી (દાંતા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) બાલારામ ડેમના વધારાના સ્ટોર થતા પાણીથી જિલ્લા પંચાયત હસ્તકના ગંગાસાગર, ઝાંઝરવા, ઘાંઘુ તેમજ દીવાનીયા ડેમ ભરીને બનાસ નદીમાં પાણી રેલાવી દાંતીવાડા ડેમમાં પાણી નાંખવાની યોજના સરકારની વિચારણા હેઠળ છે તે હકીકત સાચી, અને<br>(૨) જો હા, તો આ યોજનાની કાર્યવાહી સરકાર ક્યારે શરૂ કરશે ? | (૧) અને (૨) બાલારામ યોજના હાલ પ્રગતિમાં છે, જે પૂર્ણ થયેલ ન હોવાથી વધારાના પાણી આધારિત હાલમાં વિચારણા કરેલ નથી. |

-------------

**અમદાવાદ જિલ્લામાં રસ્તાઓ માટે ખેડૂતોની જમીનનું વળતર ચૂકવવા બાબત**

૧૫૪૫૫ **શ્રી કાંતિલાલ રા. લકુમ (બાવળા) :માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં અમદાવાદ જિલ્લામાં માર્ગ અને મકાન વિભાગ પંચાયત અને સ્ટેટના રસ્તાઓ આવેલા છે તે રસ્તામાં ખેડૂતોની જમીન કપાત થયેલ છે તેમાં કેટલા ખેડૂતોના નાણા (વળતર) ચૂકવવાનું બાકી છે, અને<br>(૨) આ વળતર ક્યારે ચૂકવવામાં આવશે ? | (૧) અને (૨) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં જે રસ્તાઓ માટે જમીન કપાત થયેલ છે તેના વળતર ચુકવવામાં આવેલ છે. |

-------------

**વિશામણ ગામે નાની સિંચાઇ યોજનાનો પૂલ તૂટી જવા બાબત**

૧૫૪૧૫ **શ્રી મોહનભાઈ ક. કુંડારીયા (ટંકારા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) રાજકોટ જિલ્લાના પડધરી તાલુકાના વિશામણ ગામે નાની સિંચાઇ યોજનાનો બે ગામ વચ્ચેનો પૂલ તૂટી ગયેલ છે તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ રીપેરીંગ કામગીરી ક્યારે | (૨) ટુંક સમયમાં શરૂ કરી આવતાં ચોમાસા |

| | |
|---|---|
| શરૂ કરવામાં આવશે અને તે ક્યારે પૂર્ણ કરવાનું આયોજન છે ? | પહેલાં પુરૂં કરવાનું આયોજન છે. |

-------------

**નાણા પંચ અન્વયે ૨૦૦૫-૦૬ના વર્ષમાં નગરપાલિકાઓને ફાળવાયેલ ગ્રાન્ટ**

૧૫૩૭૩ **શ્રી હરેશકુમાર ઈ. ભટ્ટ (ગોધરા) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય નાણા પંચ અન્વયે સને ૨૦૦૫-૦૬ના વર્ષમાં કોઇ ગ્રાન્ટ નગરપાલિકાઓને ફાળવાયેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલી રકમ ફાળવવામાં આવી ? | (૨) ૩૭૯૫.૨૭ લાખ |

-------------

**પ્રવાસન વર્ષ નિમિત્તે જૂનાગઢ જિલ્લાના પ્રવાસ સ્થળોનો વિકાસ કરવા બાબત**

૧૫૩૯૭ **શ્રી ભીખાભાઇ ગ.જોષી (માળીયા) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પ્રવાસન વર્ષ ૨૦૦૬ અન્વયે જૂનાગઢ જિલ્લામાં ક્યા ક્યા પ્રવાસન સ્થળોનો વિકાસ કામ હાથ ધરવાનું આયોજન છે, અને | (૧) પ્રવાસન વર્ષ ૨૦૦૬ની કાર્યયોજના પ્રમાણે જૂનાગઢ જીલ્લામાં દ્વારકા, સોમનાથ, ગિરનાર અને સાસણગીરનો સમાવેશ કરવામાં આવે છે. જ્યારે જીલ્લા વહીવટી તંત્ર દ્વારા તૈયાર કરેલ દરખાસ્તમાં નીચેના સ્થળોનો સમાવેશ કરવામાં આવે છે.<br>જૂનાગઢ-સાસણગીર-સોમનાથ-મધુવંતી લેક-માધુપુર જંબુર ગામ-કનકાઈ મંદિર સાણવાકીયાની બુધ્ધ ગુફા-તુલશીશ્યામ-એહમદપુર માંડવી-ગુપ્ત પ્રયાગ-ચોરવાડ-લોએજ-અક્ષરગઢ-વ્હેલ શાર્ક સાઈટીંગ સ્પોર્ટ (કોડીનાર) |
| (૨) તે અન્વયે કેટલી રકમ ફાળવવામાં આવશે ? | (૨) (અ) પ્રવાસન વર્ષ-૨૦૦૬ની કાર્યયોજના હેઠળ દ્વારકા માટે રૂા. ૨૦૦ લાખ, સોમનાથ માટે રૂા. ૧૦૦.૦૦ લાખ, ગિરનાર માટે રૂા. ૧૦૩.૭૪ લાખ અને સાસણગીર માટે રૂા. ૬૦.૦૦ લાખના ખર્ચની રકમ આંતરમાળખાકીય સુવિધાઓ અને પ્રવાસન સુવિધાઓના વિકાસ માટે ફાળવવાનું આયોજન છે, જ્યારે,<br>(બ) જીલ્લા તંત્ર દ્વારા સુચવેલ દરખાસ્તના સ્થળો પૈકિ જે સ્થળો મંજૂર થશે તે માટે સન ૨૦૦૬-૦૭ના બજેટ જોગવાઈની મર્યાદામાં રકમ ફાળવવામાં આવશે. |

-------------

**વેરાવળ, પાટણ, સુત્રાપાડા અને માળીયા હાટીના તાલુકામાં મહી યોજના તથા નર્મદાનું પાણી પીવા માટે આપવા બાબત**

૧૪૭૧૬ **શ્રી જેસાભાઈ ભા. બારડ (સોમનાથ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જૂનાગઢ જિલ્લાના વેરાવળ-પાટણ, સુત્રાપાડા, માળીયાહાટીના તાલુકાના ગામડાઓને કાયમી પીવાના પાણી માટે મહી પરિયોજના અને નર્મદા યોજનાનું પાણી આપવાનું રાજ્ય સરકાર કોઇ આયોજન કરવા માગે છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ યોજના ક્યારે શરૂ કરી પૂરી કરવા માગો છો, (૩) તા. ૩૧-૧૨-૨૦૦૫ સુધી તેમાં શું પ્રગતિ થયેલ છે ? | (૨) અને (૩) : ૨૦ ગામ અને ૧ શહેરને આવરી લેતી માંગરોળ ઈમરજન્સીના કામો પૂર્ણ થયેલ છે તથા ૧૧૭ ગામ અને ૨ શહેરની ૪ જૂથ યોજનાઓ હાલ ચકાસણી હેઠળ છે. જે મંજૂર થયે હાથ ધરવાનું આયોજન છે. |

-------------

**ડાંગ જિલ્લામાં શબરીધામ અને પંપા સરોવરના વિકાસ માટે ફાળવેલ ગ્રાન્ટ**

૧૩૯૪૦ **શ્રી માધુભાઈ જે. ભોયે (ડાંગ-વાંસદા) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ડાંગ જિલ્લામાં શબરીધામ અને પંપા સરોવરના વિકાસ માટે રાજ્ય સરકારે તા. ૩૧-૧-૦૬ સુધીમાં છેલ્લા બે વર્ષમાં કેટલી રકમ ફાળવી, | (૧) કોઈ રકમની ફાળવણી કરવામાં આવેલ નથી. |
| (૨) ભારત સરકારે કેટલી રકમ ફાળવી, અને | (૨) ભારત સરકાર તરફથી પણ કોઈ રકમ ફાળવેલ નથી. |
| (૩) ફાળવેલ રકમ પૈકી કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------

**મહાનગરપાલિકાઓના કોર્પોરેટરોના પગાર-ભથ્થામાં વધારો કરવાની દરખાસ્તો**

૧૩૯૫૦ **શ્રી પ્રવિણભાઈ ટી. મારૂ (ગઢડા) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યની મહાનગરપાલિકાઓના કોર્પોરેટરોના પગાર-ભથ્થાંમાં વધારો કરવાની કેટલી દરખાસ્તો રાજ્ય સરકારને તા. ૩૧-૧૨-૦૫ સુધીમાં મળી, અને | (૧) બે, |
| (૨) મળેલ દરખાસ્તો પૈકી સરકારે શો નિર્ણય લીધો ? | (૨) રાજ્ય સરકારની વિચારણા હેઠળ છે. |

-------------

**દેવપુર ગામે આવેલ રણુંજા ધામથી કાલાવડ સુધીનો રસ્તો બે માર્ગીય કરવા બાબત**

૧૪૮૮૩ **શ્રી રણછોડભાઈ ચ. ફળદુ(કાલાવડ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામનગર જિલ્લામાં કાલાવડ તાલુકામાં દેવપુર ગામ પાસે આવેલ રણુજા ધામને કાલાવડ-રણુંજા મંદિર સુધીનાં માર્ગને બે માર્ગીય કરવાની બાબત સરકારની વિચારણામાં છે તે વાત સાચી છે, અને<br>(૨) જો હા, તો ક્યાં સુધીમાં આ માર્ગને બે માર્ગી કરવામાં આવશે ? | (૧) અને (૨) : ના જી, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------

**કેશોદ તાલુકાને પીવાના પાણીની મુશ્કેલી**

૧૫૩૬૨ **શ્રી માધાભાઈ લા. બોરીચા (કેશોદ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કેશોદ તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં પીવાના પાણીની મુશ્કેલી છે તે હકીક્ત સરકાર જાણે છે, અને | (૧) હા, જી |
| (૨) જો હા, તો આ પીવાના પાણીની મુશ્કેલીવાળા ૩૬ ગામને પાણી આપવા સરકારનું શું આયોજન છે? | (૨) ૩૬ ગામોને આવરી લેતી કેશોદ જૂથ પાણી પુરવઠા યોજનાના ટેન્ડરો માંગવામાં આવેલ છે. જે અન્વયે નાણાકીય જોગવાઈ અનુસાર કામગીરી હાથ ધરી ક્રમશઃ પાણી પહોંચાડવાનું આયોજન છે. |

-------

**કચ્છ જિલ્લાના ગામડાઓને નર્મદા યોજનાનું પીવાનું પાણી પાઇપ લાઇનથી આપવા બાબત**

૧૪૫૩૬ **શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છ જિલ્લામાં નર્મદા યોજનામાં નક્કી થયેલ ગામોમાં હજી પીવાનું પાણી પહોંચેલ નથી તે હકીક્ત સાચી છે, | (૧) અંશતઃ હા<br>જીલ્લાના ૮૮૬ પૈકી ૨૦૫ ગામોને પાણી પહોંચેલ છે. |
| (૨) જો હા, તો એનાં કારણો શાં છે, અને | (૨) ૨૩૦ ગામો તથા ૨ શહેરોને નર્મદા નહેર આધારિત જૂથ યોજનાઓના કામો પ્રગતિમાં હોઈ ૪૫૧ ગામોની નવી યોજનાઓ મંજૂરી હેઠળ હોવાના કારણે |
| (૩) તા. ૩૧-૧૨-૨૦૦૫ની સ્થિતિએ નર્મદા યોજનામાંથી પાઇપ લાઇનથી ક્યા ક્યા ગામોને પાણીનું જોડાણ આપેલ છે ? | (૩) સામેલ પરિશિષ્ટ મુજબ ૨૦૫ ગામોને<br>***(પરિશિષ્ટ સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે)** |

-------------

**લાઠી તાલુકાના દામનગરથી ભાવનગર જિલ્લાના જોડતા રસ્તાને ડામર કરવા બાબત**

૧૩૮૮૭ **શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા (રખિયાલ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમરેલી જિલ્લાનાં લાઠી તાલુકાનાં દામનગર થી ભાવનગર જિલ્લાને જોડતો વાયા હજીરાધારા, ધામેલ રસ્તો પાકો ડામર રોડ બનાવવાનું આયોજન છે કે કેમ, અને | (૧) હા, જી |
| (૨) આ રસ્તો ક્યારે ડામર સપાટી થી રી-સરફેઇસ ક્યારે કરવામાં આવશે ? | (૨) વર્ષ ૨૦૦૬-૦૭માં રીસરફેઈસ કરવાનું આયોજન છે. |

-------------

**લખપત તાલુકાના મુધાન ડેમનું કામ અધુરું હોવા બાબત**

૧૫૩૬૭ **શ્રી નરેન્દ્રસિંહ મા. જાડેજા (અબડાસા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| કચ્છ જિલ્લાના લખપત તાલુકાના મુધાન ડેમનું કામ ઠેકેદાર અધ વચ્ચેથી છોડી ચાલ્યા જવાના કારણે આ કામ ઘણા વર્ષોથી બંધ છે. તો આ કામ ફરી ક્યારે શરૂ કરવામાં આવશે ? | વર્ષ ૨૦૦૬-૦૭ દરમ્યાન કામ શરૂ કરવાનું આયોજન છે. |

-------------

**તલાલા તાલુકામાં સ્વજલધારા યોજના હેઠળ આવેલ ગામોની માંગણીઓ**

૧૪૪૩૯ **શ્રી ગોવિંદભાઈ વ. પરમાર (તલાલા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તલાલા તાલુકામાં તા. ૩૧-૧૨-૨૦૦૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સ્વજલધારા યોજના હેઠળ કેટલા ગામોની માંગણીઓ આવેલ છે. | (૧) ૧૦ (દસ) ગામોની માંગણીઓ આવેલ છે. |
| (૨) તે પૈકી ક્યા ક્યા ગામોને સ્વજલધારા યોજના હેઠળ મંજૂરી આપવામાં આવેલ છે, અને | (૨) ચિત્રાવડ ગામની યોજનાને મંજૂરી આપવામાં આવેલ છે. |
| (૩) બાકીના ગામોને કેટલા સમયમાં મંજુરી આપવામાં આવશે ? | (૩) ગામ લોકો દ્વારા પાણી સમિતિની રચના કરી તે દ્વારા વિલેજ એક્શન પ્લાન મંજૂર કરી લોકભાગીદારી રૂપે યોજનાની કિંમતના ૧૦ ટકા નાણા લોકફાળા રૂપે અલગ બેંક ખાતામાં જમા થયેથી ચાર માસમાં આ નવ યોજના મંજૂર કરવાનું આયોજન છે. |

-------------

**અસારવા ગ્રામ પંચાયતને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં સમાવવા બાબત**

૧૫૬૨૧ **શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (અસારવા) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| અસારવા ગ્રામ પંચાયતને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ભેળવવાની કોઇ દરખાસ્ત સરકારની વિચારણા હેઠળ છે ? | ના જી. |

**તિથોર બદલપુર મહી વિયર ક્મ કોઝવેનું કામ**

૧૪૮૯૪ **શ્રી પુનમ ૨. પરમાર (પાદરા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તિથોર બદલપુર મહી વિયર ક્મ કોઝ વેની યોજના તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ ક્યા તબક્કે છે, | (૧) તિથોર બદલપુર મહી વિયર યોજનાના પ્રાથમિક સર્વેક્ષણની કામગીરી ઓક્ટોબર-૨૦૦૫માં પુર્ણ કરવામાં આવેલ છે અને આલેખનના તબક્કે છે. |
| (૨) આ યોજના કેટલાં સમયમાં પુર્ણ કરવા માગો છો, અને | (૨) સને ૨૦૦૮ સુધીમાં પુર્ણ કરવાનું આયોજન છે. |
| (૩) આ યોજનાનું અંદાજિત ખર્ચ કેટલું છે ? | (૩) રૂા. ૪૩૪૦ લાખ. |

-------------

**કંસારા કાંઠા પરના સીદસર અને કાળવીબીડ વસાહતોના કોઝવેને અતિવૃષ્ટિથી નુકશાન**

૧૫૪૬૧ **શ્રી સુનીલ બા. ઓઝા (ભાવનગર શહેર (દક્ષિણ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભાવનગરના કંસારા કાંઠા પરના સીદસર રોડ વસાહત તથા કાળવીબીડ વસાહતના તમામ કોઝવે-ડીપ ૨૦૦૫ના વર્ષમાં વર્ષાઋતુના અતિવરસાદમાં નુકશાન પામેલ છે તે સરકાર જાણે છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ અંગે સરકાર શા પગલાં લેવા માંગે છે ? | (૨) કોઝવે-ડીપમાં મરામતની કામગીરી કરી દીધેલ છે. |

-------------

**મુન્દ્રા, ભૂજ, અંજાર, ગાંધીધામ તાલુકાના ગામોને પાકા રસ્તાની સુવિધા**

૧૪૭૨૪ **શ્રી ગોપાલભાઈ ગા. ધુઆ (મુંદ્રા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નાણાંકીય વર્ષ ૨૦૦૨-૨૦૦૩, ૨૦૦૩-૨૦૦૪ અને ૨૦૦૪-૨૦૦૫માં કચ્છ જિલ્લાના મુન્દ્રા, ભૂજ, અંજાર અને ગાંધીધામ તાલુકાના કેટલા ગામોને પાકા માર્ગની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી, | (૧) વર્ષ ૨૦૦૨-૦૩ અને ૨૦૦૩-૦૪માં શુન્ય જ્યારે વર્ષ ૨૦૦૪-૦૫માં ભૂજ તાલુકાના ૩ ગામોને તથા અંજાર તાલુકાના ૧૧ ગામોને ડામરના પાકા માર્ગની સુવિધા આપવામાં આવી. |
| (૨) કુલ કેટલી રકમના પાકા માર્ગના કામો થયા, | (૨) રૂા. ૩૧૦.૦૯ લાખના |
| (૩) પાકા રોડની સુવિધાથી વંચિત કેટલા ગામો છે, અને | (૩) ત્રણ. |
| (૪)તે માટે રાજ્ય સરકારે શું આયોજન કરેલ છે ? | (૪) ગામોની વસ્તીને ધ્યાને લેતાં હાલ આયોજન નથી. |

-------------

**પાલીતાણા-રંડોળા ટાણા રોડને જોબ નંબર આપવા બાબત**

૧૫૪૦૫ **શ્રી મનસુખભાઈ લ. માંડવિયા (પાલીતાણા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પાલીતાણા અને શિહોર તાલુકાને જોડતો પાલીતાણા રંડોળા-ટાણા રોડને જોબ નંબર ક્યારે આપવામાં આવ્યો, અને | (૧) તા. ૧૬-૯-૨૦૦૫ના પત્રથી કામ મંજુર થયેલ છે. |
| (૨) આ કામ તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ ક્યા | (૨) કામનું ટેન્ડર મંજુર કરી ઇજારદારશ્રીને |

તબક્કે છે, અને તે ક્યારે પૂર્ણ થશે ?

સ્વીકૃતિ પત્ર આપેલ છે. કામ વર્ષ ૨૦૦૬-૦૭માં પૂર્ણ કરવાનું આયોજન છે.

-------------

**હાલોલ તાલુકામાં ગરીયાલ, ભમરીયા, ગડીત અને જામીયાપુરા ગામે ઉદવહન સિંચાઇ યોજનાનું ક્રામ**

૧૫૪૪૮ **શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર (હાલોલ)** : **માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પંચમહાલ જીલ્લાનાં હાલોલ તાલુકામાં ગરીયાલ તેમજ ભમરીયા ગડીત અને જીમીયાપુરા ગામે ઉદવહન સિંચાઇ યોજનાનું કામ પ્રગતિ હેઠળ છે તે વાત હકીક્ત સાચી છે.

(૨) આ કામો કઇ સાલમાં મંજુર થયેલા હતા અને ક્યાં સુધી પૂર્ણ કરવાનાં હતા,

(૩) સમય મર્યાદામાં આ કામો પૂર્ણ થયેલ નથી તે હકીક્ત સાચી છે, અને

(૪) ક્યાં સુધીમાં આ કામો સરકાર પૂર્ણ કરવા માંગે છે ?

**જવાબ**

(૧) અંશતઃ ગરીયાલ ઉદવહન સિંચાઇ યોજનાનું કામ પૂર્ણ થયેલ છે. બાકીની ઉદવહન સિંચાઇ યોજનાના કામો પ્રગતિમાં છે.

(૨) ગરીયાલ તથા ભમરીયા ઉદવહન યોજનાને તા.૭-૧૦-૯૪માં અને જીમીયાપુરા અને ગડીત ઉદવહન સિંચાઇ યોજનાને અનુક્મે તા.૨૩-૬-૨૦૦૦ અને તા.૭-૩-૨૦૦૩ ના રોજ મંજુરી આપેલ છે. ભમરીયા તથા ગરીયાલ યોજનાનું કામ ૮/૯૫ ના રોજ અને જીમીયાપુરા તથા ગડીત યોજનાઓ અનુક્મે ૬/૨૦૦૨ અને ૩/૨૦૦૫માં પૂર્ણ કરવાનું આયોજન હતું.

(૩) હા, જી.

(૪) ડીસેમ્બર-૨૦૦૬ સુધીમાં.

-------------

**વલસાડ જિલ્લાના ધરમપુર-નાસીક સ્ટેટ રોડ ઉપરના પુલનું બાંધકામ**

૧૪૦૭૪ **શ્રી જીતુભાઈ હ. ચૌધરી (મોટાપોંઢા)** : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

**પ્રશ્ન**

(૧) વલસાડ જિલ્લાના ધરમપુર-નાસીક સ્ટેટ રોડ ઉપર નદી ઉપરના પુલનું કામ ક્યારે પૂર્ણ કરવામાં આવ્યું, અને

(૨) આ પુલ ઉપરથી પસાર થતા વાહનો પાસેથી ટોલ ટેક્સ વસુલાય છે તે વાત સાચી છે ?

**જવાબ**

(૧) પુલનું કામ ૨૪-૧૨-૨૦૦૦ના રોજ પૂર્ણ કરવામાં આવેલ છે.

(૨) હા, જી.

-------------

**અમદાવાદ શહેરની હદ વધારવા બાબત**

૧૪૮૯૦ **ડૉ. માયાબેન સુ. કોડનાની(નરોડા)** : **માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

**પ્રશ્ન**

(૧) અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારની હદ વધારવાનું રાજ્ય સરકાર વિચારી રહી છે કે કેમ,

(૨) જો હા, તો ક્યા ક્યા ગામોની નગરપાલિકાઓનો સમાવેશ થશે, અને

(૩) તે ક્યારથી થશે ?

**જવાબ**

(૧) તા. ૧૪-૨-૨૦૦૬ના જાહેરનામાથી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની હદ વધારવામાં આવી છે.

(૨) બોડકદેવ, મકરબા, નવા ઓઢવ, નિકોલ, વસ્ત્રાપુર, નવા નરોડા તથા થલતેજ નગરપાલિકાઓના વિસ્તારોનો સમાવેશ કરવામાં આવેલ છે.

(૩) તા. ૧૪-૨-૨૦૦૬થી.

-------------

**દક્ષિણ ગુજરાતમાં પાણીના તળ ઉંચા લાવવા બાબત**

૧૪૫૩૦ **શ્રીમતી ભારતીબેન ન. પટેલ (ચીખલી) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) દક્ષિણ ગુજરાતમાં પાણીના તળ ખૂબ જ નીચા જાય છે તે હકિકતથી સરકાર વાકેફ છે, અને | (૧) સામાન્ય માત્રામાં અમુક વિસ્તારમાં નીચે જાય છે. |
| (૨) જો હા, તો પાણીના તળ ઉંચા આવે તે માટે સરકારે શું આયોજન કરેલ છે ? | (૨) પાણીના તળમાં સામાન્ય માત્રામાં વધ-ઘટ થતી હોય હાલ કોઇ ગંભીર સમસ્યા જણાતી નથી. આમ છતાં ચેકડેમો બાંધી તળ ઉંચા રહે તે માટે આયોજન કરેલ છે. |

-------------

**સુજલામ સુફ્લામ યોજના નીચે દાંતીવાડા જળાશયના નર્મદા યોજનાનું પાણી ભરવા બાબત**

૧૪૭૨૧ **શ્રી જોધાજી ગ. ઠાકોર (વાગડોદ) :માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) દાંતીવાડા જળાશયમાં પુરતો જળસંગ્રહ ન હોવાને કારણે નર્મદાનું પાણી સુજલામ સુફ્લામ યોજના તળે સરકાર પાણી ભરવા માગે છે કે કેમ, અને | (૧) અને (૨) શક્ય તેટલા વહેલા આયોજન કરવાનું વિચારાયેલ છે. |
| (૨) જો હા, તો કેટલા સમયમાં તેનો અમલ થશે ? | |

------------

**વાગરા તાલુકાના પખાજણ-જોલવા અને વાગરા સમની-કરેણા રોડની મંજુરી**

૧૩૮૫૪ **શ્રીમતી રશીદા ઈ. પટેલ (વાગરા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભરૂચ જિલ્લાના વાગરા તાલુકાના સ્ટેટ હસ્તકના (૧) પખાજણ-જોલવા (૨) વાગરા સમની-કરેણા રોડને બજેટમાં ક્યારે મંજુરી આપવામાં આવેલ છે. | (૧) બંન્ને રસ્તાના કામોને ૧૯૯૯ના વર્ષમાં વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. |
| (૨) તે અન્વયે તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ આ કામગીરી ક્યા તબક્કે છે, અને તેની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને | (૨) પખાજણ જોલવા રસ્તા પર ૩.૫ કિ. મી. માં ડબલ્યુ. બી. એમનું વાઈડનીંગનું રૂા. ૮,૫૧,૩૮૯ના ખર્ચે પૂર્ણ કરેલ છે. જ્યારે વાગરા સમની કરેણા રસ્તાની એક બાજુમાં ૧૦:૪૦ કિ. મી. માં વાઈડનીંગનું કામ રૂા. ૮,૨૮,૭૮૪ના ખર્ચે પૂર્ણ કરેલ છે. |
| (૩) આ રોડનું કામ ક્યારે પૂર્ણ થશે ? | (૩) નવી એજન્સી નક્કી કરવાની કાર્યવાહી પૂર્ણ કરી, નાણાંકીય ઉપલબ્ધતાને ધ્યાને લઈ જેમ બને તેમ જલ્દીથી પૂર્ણ કરવાનું આયોજન છે. |

-------------

**હળવદ તાલુકામાં બ્રાહ્મણી-૧માંથી લીફટ ઇરીગેશન કરવા બાબત**

૧૫૪૨૨ **શ્રી જયંતિલાલ રા. કવાડિયા (હળવદ)** : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) સુરેન્દ્રનગર જિલ્લાના હળવદ તાલુકામાં બ્રાહ્મણી-૧માંથી લીફટ-ઇરીગેશન કરવા માટે કોઇ માંગણી આવી છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ માટે રાજ્ય સરકારે શું આયોજન કરેલ છે, અને | (૨) તાંત્રિક ચકાસણી હાથ પર ધરેલ છે. |
| (૩) આ માટેની કાર્યવાહી કેટલા સમયમાં પૂરી કરવામાં આવશે ? | (૩) તાંત્રિક ચકાસણી પુર્ણ થયેલ નક્કી થઈ શકે. |

-------------

**સુરત જિલ્લામાં અતિ વરસાદથી રસ્તા, પુલોને થયેલ નુક્સાન**

૧૫૪૦૦ **શ્રી ધનસુખભાઈ ના. પટેલ(ઓલપાડ)** : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) સુરત જિલ્લામાં તા. ૧-૬-૨૦૦૫થી તા. ૩૧-૧૨-૦૫ સુધીમાં રેલ, અતિવર્ષાથી કેટલા રસ્તા, પુલોને કેટલું નુકશાન થયેલ છે, | (૧) ૪૬૩ રસ્તાઓ તથા ૭૨૫ નાળા/પુલોને અંદાજિત રૂા. ૫૬.૬૫ કરોડનું નુક્સાન થયેલ છે. |
| (૨) જે પૈકી સૌથી વધુ નુક્સાન ક્યા તાલુકામાં થયેલ છે, અને | (૨) ચોર્યાસી તાલુકામાં. |
| (૩) આ માટે કેટલા ફંડની ફાળવણી કરવામાં આવેલ હતી ? | (૩) સુરત જિલ્લામાં રૂા. ૨૬૩ લાખની ફાળવણી કરેલ છે. |

-------------

**ચેકડેમો બાંધવાનું આયોજન**

૧૪૫૩૩ **ડૉ. જીતેન્દ્રભાઈ બા. પટેલ (સાબરમતી)** : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| જાન્યુઆરી-૨૦૦૪થી ડિસેમ્બર-૨૦૦૫ સુધીમાં રાજ્યમાં કુલ કેટલા ચેકડેમ જળસંપત્તિ વિભાગ દ્વારા બાંધવાનું આયોજન હતું ? | જાન્યુઆરી-૨૦૦૪થી ડિસેમ્બર-૨૦૦૫ સુધીમાં રાજ્યમાં જળસંપત્તિ વિભાગ કુલ ૨૪૮૭૨ ચેકડેમ બાંધવાનું આયોજન હતું. |

-------------

**વિરમગામના મુનસર તળાવનો વિકાસ કરવા બાબત**

૧૪૫૨૧ **શ્રી વજુભાઈ પ. ડોડિયા (વિરમગામ)** : **માનનીય પ્રવાસન મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) અમદાવાદ જિલ્લાના વિરમગામમાં આવેલ મુનસર તળાવના વિકાસ માટે ગ્રાંટ મંજૂર થયેલ છે તે વાત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલી અને તે ક્યારે વાપરવામાં આવશે ? | (૨) રાજ્ય સરકારે વર્ષ ૧૯૯૯-૨૦૦૦માં રૂા. ૮.૫૦ લાખની ગ્રાન્ટ મુનસર તળાવના વિકાસ માટે મંજૂર કરેલ હતી તે પૈકી રૂા. ૫.૭૧ લાખનો ખર્ચ થવા પામેલ છે. |

## સુરેન્દ્રનગર જિલ્લાને નર્મદા યોજનાનું પીવાનું પાણી પુરું પાડવા બાબત

૧૪૦૦૯ **શ્રી ભવાનભાઈ જી. ભરવાડ (લીંબડી) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરેન્દ્રનગર જીલ્લાને નર્મદા યોજનાનું પીવાનું પાણી પુરું પાડવા રાજ્ય સરકારે તા. ૩૧-૧૨-૦૫ સુધીમાં શી કાર્યવાહી કરી છે, અને | (૧) નર્મદા કેનાલ આધારિત સુરેન્દ્રનગર જિલ્લાના ૪૨૪ ગામો અને ૬ શહેરોને આવરી લેતી બે યોજનાના કામો પ્રગતિ હેઠળ છે. |
| (૨) લીંબડી તાલુકામાં નર્મદાનું પાણી પીવાના હેતુ માટે ક્યારે આપવામાં આવનાર છે ? | (૨) લીંબડી તાલુકામાં ઓક્ટોબર-૨૦૦૬ સુધીમાં નર્મદાનું પાણી આપવાનું આયોજન છે. |

-------------

## જામનગર શહેરને શહેરી વિકાસ વર્ષ ૨૦૦૫માં ફાળવેલ ગ્રાન્ટ

૧૪૯૦૪ **ડૉ. દિનેશ પરમાર (જામનગર (રુરલ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૦૫ને સરકારે શહેરી વિકાસ વર્ષ તરીકે જાહેર કરેલ તે અંતર્ગત જામનગર શહેરને કુલ કેટલી રકમ મળવાપાત્ર હતી, | (૧) શહેરી વિકાસ વર્ષ-૨૦૦૫ અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા જામનગર શહેરને ખાસ કિસ્સામાં રૂા. ૧૫/-કરોડ મંજૂર કરવામાં આવ્યા છે, પરંતુ જામનગર મહાનગરપાલિકાને વાર્ષિક મળવાપાત્ર રકમ ફક્ત રૂા. ૬૨.૮૭ લાખ છે. |
| (૨) તેમાંથી કુલ કેટલી રકમ આપવામાં આવેલ છે, | (૨) સદર ગ્રાન્ટ પૈકી જામનગર મહાનગરપાલિકાને રૂા. ૭/- કરોડ અને જાડાને રૂા. ૨/- કરોડ ફાળવવામાં આવેલ છે. |
| (૩) આ રકમનો ઉપયોગ ક્યા ક્યા કામોમાં કરવામાં આવ્યો, | (૩) જામનગર મહાનગરપાલિકા દ્વારા પાણી પુરવઠા અને રસ્તાને લગતા વિકાસ કામો તેમજ ફાયર સ્ટેશન બનાવવા માટે જે પ્રાયોજનાઓ હાથ ધરેલ છે તેમાં આ ગ્રાન્ટનો ઉપયોગ કરેલ છે.<br>(૨) જાડા દ્વારા જામનગર મહાનગરપાલિકા હદ બહાર પીવાના પાણી પુરવઠાના કામ માટે જે પ્રયોજના હાથ ધરેલ છે તેમાં આ ગ્રાન્ટની રકમનો ઉપયોગ કરાયેલ છે. |
| (૪) કુલ કેટલી રકમ સરકારે આપવાની બાકી છે, અને | (૪) રાજ્ય સરકાર દ્વારા જામનગર શહેરને ખાસ કિસ્સામાં રૂા. ૧૫/- કરોડ ફાળવવામાં આવ્યા છે, તે પૈકી રૂા. ૬.૦૦ કરોડની ફાળવણી કરવાની બાકી છે. |
| (૫) તે રકમ કેટલા સમયમાં આપવામાં આવશે ? | (૫) ગ્રાંટ ઉપલબ્ધ થયેથી ફાળવવામાં આવશે. |

-------------

## દાહોદ જિલ્લામાં સુજલામ સુફલામ યોજના નીચે ચેકડેમો બાંધવા બાબત

૧૫૪૨૬ **શ્રી બચુભાઈ ખાબડ (દેવગઢ બારિયા) :માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં સુજલામ સુફલામ યોજના હેઠળ મોટી નદીઓ ઉપર કેટલા ચેકડેમ બાંધવાનું આયોજન છે, | (૧) મોટી નદીઓ ઉપર કુલ ૬૩ ચેકડેમો બાંધવાનું આયોજન છે. |

| | |
|---|---|
| (૨) તેમાં કેટલી રકમનો ખર્ચ થશે, અને | (૨) તેમાં અંદાજીત કુલ ખર્ચ ૧૩૧૯ લાખ થવા સંભવ છે. |
| (૩) તે કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે ? | (૩) જુન-૨૦૦૭ સુધીમાં કામો પૂર્ણ કરવાનું આયોજન છે. |

-------------

**શહેરી વિકાસ વર્ષ નિમિત્તે આણંદ જિલ્લાને ફાળવેલ રકમ બાબત**

૧૪૦૫૮ **શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર (ભાદરણ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| ૨૦૦૫ના વર્ષને શહેરી વિકાસ વર્ષ યોજના અન્વયે આણંદ જિલ્લાના વિકાસના કામો માટે તા. ૩૧-૧-૦૬ સુધીમાં કેટલી રકમ ક્યા ક્યા કામો માટે ફાળવણી કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | (૧) આણંદ જિલ્લાની ૧૦ નગરપાલિકાઓને શહેરી વિકાસ વર્ષ-૨૦૦૫ અંતર્ગત રૂા. ૨૩,૦૪,૫૫,૭૪૪/-(અંકે રૂપિયા તેવીસ ક્રોડ ચાર લાખ પંચાવન હજાર સાતસો ચુમ્માળીસ પૂરા) નીચે મુજબ ફાળવવામાં આવેલ છે.<br>૧. આંતર માળખાકીય સુવિધાઓ માટે રૂા.૨૧.૯૫ ક્રોડ.<br>૨. સામાજિક વનીકરણની યોજના માટે રૂા.૫૫.૫૫ લાખ (રૂા.૫૫,૫૫,૭૪૪/-).<br>૩. પે એન્ડ યુઝ ટોઈલેટ યોજના માટે રૂા.૫૪/- લાખ.<br>(૨) આંતર માળખાકીય સુવિધાઓ માટે રૂા.૨.૪૪ ક્રોડ., સામાજીક વનીકરણની યોજના માટે રૂા.૧૩.૬૦ લાખનો ખર્ચ થયેલ છે. જ્યારે પે એન્ડ યુઝ ટોયલેટ પ્રાયોજના માટે નગરપાલિકા કક્ષાએ કાર્યવાહી પ્રગતિમાં છે. |

-------------

**નારેશ્વર ધામને પવિત્ર યાત્રા ધામ તરીકે વિકસાવવા બાબત**

૧૫૪૧૯ **શ્રી નરેશકુમાર મી. કનોડિયા (કરજણ) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| કરજણ તાલુકામાં નર્મદા નદીને તટે આવેલ નારેશ્વરધામને પવિત્ર યાત્રાધામ તરીકે વિકસાવવા માટે સરકારનું શું આયોજન છે ? | નારેશ્વરધામ ખાનગી ટ્રસ્ટ દ્વારા સંચાલિત હોઈ સરકાર દ્વારા તેને પવિત્રયાત્રાધામ જાહેર કરેલ નથી આથી તેના વિકાસ માટે સરકારનું કોઈ આયોજન નથી. |

-------------

**નર્મદાનું વધારાનું પાણી બાલારામ, દાંતીવાડા અને સીપુ ડેમમાં ભરવાની યોજના**

૧૫૩૮૯ **શ્રી મુકેશ ભૈ. ગઢવી (દાંતા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નર્મદાના વધારાના પાણીથી બાલારામ, દાંતીવાડા અને સીપુ ડેમ ભરવાની યોજના જાહેર થયેલ હોવા છતાં કામગીરી શરૂ થયેલ નથી તે હકીક્ત સાચી છે, અને | (૧) ના, જી. |
| (૨) જો હા, તો તેનાં શાં કારણો છે અને કામગીરી શરૂ થતાં કેટલો સમય થશે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**પડધરી તાલુકાના થોરીયાળી ગામ પાસે ધોધમ નદી ઉપર પુલ બનાવવા બાબત**

૧૫૪૧૬ **શ્રી મોહનભાઈ ક. કુંડારીયા (ટંકારા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પડધરી તાલુકાના થોરીયાળી ગામ પાસે ધોધમ નદી ઉપર નવા પુલનું કામ ક્યારે શરૂ કરવામાં આવ્યું, | (૧) તા. ૨૨-૩-૨૦૦૨ના રોજ |
| (૨) આ કામગીરી તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ ક્યા તબક્કે છે, અને | (૨) પીયરનું કામ કેપ લેવલ સુધી પૂર્ણ થયેલ છે. |
| (૩) આ કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ? | (૩) વર્ષ ૨૦૦૬-૦૭માં પૂર્ણ કરવાનું આયોજન છે. |

-------------

# તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬)

### પોરબંદરની સૌરાષ્ટ્ર કેમિકલ્સ કંપનીએ કાયમી કામદારોની કરેલ છટણી અંગે

(અંતરાય)

**અધ્યક્ષશ્રી .** : માનનીય સભ્યશ્રી સુનિલભાઈ, સુનિલભાઈ,

(માનનીય સભ્યશ્રી ગેરહાજર)

નેકસ્ટ,

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા (વિરોધપક્ષના નેતાશ્રી) :** આ (xxx) થયેલું છે, આ કામદારોનો અગત્યનો પ્રશ્ન છે.

**અધ્યક્ષશ્રી .** : નેકસ્ટ, પ્લીઝ બેસો બધા, બન્ને બેસો, બેસો બેસો, નેકસ્ટ

# સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

### ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડનો સન ૨૦૦૪-૦૫નો વાર્ષિક અહેવાલ

**શ્રી સી.ડી. પટેલ (રાજય કક્ષાના પ્રવાસન અને નાગરિક ઉડ્ડયનમંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડનો સન ૨૦૦૪-૦૫ નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ટિપ્પણ તેમજ સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

**અધ્યક્ષશ્રી .** : નેકસ્ટ,

### ગુજરાત મેરીટાઈમ બોર્ડના સન ૨૦૦૨-૦૩ અને ૨૦૦૩-૦૪ના વાર્ષિક અહેવાલો

**શ્રીઇન્દ્રવિજયસિંહ કિ.જાડેજા (બંદરો અને વાહનવ્યવહાર વિભાગનો હવાલો ધરાવતામંત્રીશ્રી):** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત મેરીટાઈમ બોર્ડના સન ૨૦૦૨-૨૦૦૩ અને ૨૦૦૩-૨૦૦૪ના વાર્ષિક હિસાબો અને

ઓડિટ અહેવાલ તથા આ અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો દર્શાવતા નિવેદનો સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**હિસાબો, ઓડિટ અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

(આ તબક્કે 'કામદાર વિરોધી આ સરકાર નહિ ચલેગી નહિ ચલેગી' ના સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા)

**અધ્યક્ષશ્રી** : અશોકભાઈ બેસો, પ્લીઝ, બેસો તમે, પ્લીઝ બેસો અશોકભાઈ.

(આ તબક્કે કોંગ્રેસ પક્ષના સભ્યશ્રી પ્રવીણભાઈ મારૂ વેલમાં આવી ગયા.)

**અધ્યક્ષશ્રી** : બહાર જાઓ પ્લીઝ, સાર્જન્ટ એમને પકડીને બહાર કાઢો, બહાર મોકલી દો એમને, બેસો બધા પ્લીઝ,

(આ તબક્કે 'કામદાર વિરોધી આ સરકાર નહિ ચલેગી નહિ ચલેગી' એ પ્રકારના સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા)

**અધ્યક્ષશ્રી** : નેક્સ્ટ,

### ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડનો સન ૨૦૦૩-૦૪નો વાર્ષિક અહેવાલ

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ (પાણી પુરવઠા મંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડના સન ૨૦૦૩-૦૪ના વાર્ષિક હિસાબો અને ઓડિટ અહેવાલ તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**હિસાબો, ઓડિટ અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

### ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડનો અહેવાલ તથા નિવેદન

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા (શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડનો સન ૨૦૦૨-૨૦૦૩ના વાર્ષિક હિસાબો અને ઓડિટ અહેવાલ તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

### શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગની અધિસૂચનાઓ

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા (શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગની સન ૧૯૪૯ના મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ અન્વયેની-

(૧) તા.૧૦-૧૦-૨૦૦૫ની અધિસૂચના ક્રમાંક-કેવી-૨૦૦૪નો ૪૧૮-એએમએન-૨૦૨૦૦૦-૩૧૩૩-પી

(૨) તા.૨૬-૧૦-૨૦૦૫ની અધિસૂચના ક્રમાંક-કેવી-૨૦૦૫નો ૪૩૦-એમએનપી-૧૦૨૦૦૨-૫૩૦૦-પી.

ની અધિસૂચનાઓ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અધિસૂચનાઓ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

(આ તબકકે કોંગ્રેસના સભ્યશ્રીઓએ સતત સૂત્રોચ્ચાર સાથે વોક આઉટ કર્યો.)

### તારાંકિત પ્રશ્ન ક્રમાંક ૧૩૩૪૧ (અગ્રતા કમ-૧૧)ના અનુસંધાને વધારાની માહિતી

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા (માર્ગ અને મકાનમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું તા.૧૪-૯-૦૫ના રોજ સભાગૃહમાં રજૂ થયેલા માનનીય સભ્યશ્રી પુંજાભાઈ વંશનો વરસાદને કારણે ઉના તાલુકામાં કાચા અને પાકા માર્ગોને થયેલ નુકસાન બાબતનો તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૩૩૪૧ ( અગ્રતા ક્રમ-૧૧) ના અનુસંધાને વધારાની માહિતી સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**તારાંકિત પ્રશ્નની વધારાની માહિતી સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

## વિધાનસભાની સમિતિઓના અહેવાલની રજૂઆત

### બિન-સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના અહેવાલની રજૂઆત

**શ્રી પ્રવિણભાઈ મો. માકડિયા (સમિતિના માનનીય પ્રમુખશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું બિન-સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના અગિયારમો અહેવાલ રજૂ કરું છું.

**અહેવાલ રજૂ કરવામાં આવ્યો.**

**બિન સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના માનનીય પ્રમુખશ્રીનો પ્રસ્તાવ**

**શ્રી પ્રવિણભાઈ મો. માકડિયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, આ સભાગૃહન બિન-સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના અગિયારમા અહેવાલ સાથે સંમત થાય.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી** : કોઈ બીજી વાત નહીં કરો, પ્લીઝ કોઈ હાજર નથી જવાબનો કોઈ સવાલ નથી.

# પોઈન્ટ ઓફ ઓર્ડર

## વાંધાજનક શબ્દોના ઉચ્ચારણ અંગે

**શ્રી અશોક ભટ્ટ (વૈધાનિક અને સંસદીય બાબતોમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, આપનું માર્ગદર્શન માગીને પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કરું છું જેથી કરીને વિરોધપક્ષના નેતાશ્રી બેજવાબદાર શબ્દો બે દિવસથી આ સભાગૃહની અંદર વાપરતા આવ્યા છે આજે પણ (xxx) શબ્દ વાપર્યો છે. હકીકતની અંદર (xxx) તો આ સભાગૃહની બહાર થાય છે. પોરબંદરના ધારાસભ્ય વિરોધપક્ષના નેતા હોય ત્યારે તે પોતે જવાબદાર હતા કે આ પ્રકારના પશ્નો તેમણે પૂછવા જોઈતા હતા. તેમના વિસ્તારના કામદારોનો પ્રશ્ન હતો, પરંતુ કોઈ સભ્ય ગેરહાજર રહે તેથી (xxx) થયું છે, (xxx) તો તેમણે કર્યુ છે. મારે આપની પાસે અને સરકારે જે પગલાં લીધાં છે તે બધાજ પગલાં આ સભાગૃહની અંદર છેલ્લી પરિસ્થિતિ તેમણે મૂકેલી છે એટલે સરકાર પક્ષે કોઈ પણ રીતે કામદારના વિરોધી એક પણ પગલું ભરાયું નથી તે હકીકત ગુજરાતની પ્રજાને જણાવવાના અમે પૂરા પ્રયત્નો કર્યા છે. કોઈ સભ્ય ગેરહાજર રહે તો એ (xxx) નથી. (xxx) તો એ છે કે વિરોધપક્ષના નેતા એ પોરબંદરના હોવા છતાં પણ પ્રશ્ન ના પૂછયો અને આ પ્રશ્નને ના પૂછીને જે (xxx), જેમ કોર્ટ બહાર સમાધાન થાય છે તે પ્રકારનું કાર્ય થયેલું છે.

**અધ્યક્ષશ્રી** : આમાં મારે ગૃહને માહિતી આપવાની છે કે, આજની તાકીદની જાહેર અગત્યની બાબતના પ્રભારી સભ્યશ્રી સુનિલભાઈ ઓઝા હાજર ન હોવાથી તે રજૂ કરી શકાય નથી, પરંતુ તે અંગેનું તેનું જે નિવેદન છે તે તમામ સભ્યશ્રીઓના ખાનામાં મૂકવામાં આવ્યું છે, સરકારે જે પગલાં લીધાં છે તે પણ તેમાં છે, એટલે બધાએ એ જોઈ લેવું.

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, માર્ગદર્શન એ છે કે, આ સભાગૃહની અંદર કોઈ સભ્ય કોઈપણ કારણસર ગેરહાજર છે તો એ (xxx) કહેવાય ખરું ? અને એવા શબ્દો વિરોધપક્ષના નેતા વાપરી શકે કે નહીં તે માટે મારે આપનું માર્ગદર્શન જોઈએ છે. તેમણે જો તે શબ્દો વાપર્યા હોય તો તેમણે માફી માગવી જોઈએ.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા (વિરોધપક્ષના નેતાશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, અશોકભાઈ ભૂતપૂર્વ મિલ કામદાર હતા અને કામદારો સાથે કોઈ દિવસ ગદ્દારી ના કરાય. (xxx) થઈને જે પગલું લેવાયું છે, એમને હાજર રાખ્યા નથી.

**શ્રી અશોક ભટ્ટ** : (xxx) તો તમારું છે, પોરબંદરનું છે.

**શ્રી અર્જુનભાઈ મોઢવાડિઆ:** આજે ત્યાં કામદારો ભૂખે મરે છે, ત્યાં (xxx) કરો અને ઈન્ડસ્ટ્રીયલ કોર્ટમાં મોકલો, એમનામાં હિંમત હોય તો જે લોકોએ આ ફેકટરી બંધ કરી છે તેમને જેલમાં મોકલી શકે અને અને તેમની સામે કાર્યવાહી કરી શકે, પરંતુ આ તેમણે નહોતું કરવું એટલા માટે આ (xxx) કરવા માટે અમારા સભ્યોને આ પ્રકારની તક આપવામાં આવી નથી.

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, આ સભાગૃહમાં કોઈ સભ્યશ્રી ગેરહાજર રહે તો આ (xxx) શબ્દ વપરાય કે નહીં? જો ના વપરાય તો એમણે આના માટે ગૃહની માફી માગવી જોઈએ. ગઈકાલે અમીતભાઈ શાહે પણ માફી માગી હતી.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિઆ** માનનીય અશોકભાઈ, તમે કામદારોના નામે ખોટાં આસું વહાવ્યાં છે, તમે એક વખત નહીં પણ વારંવાર આવી રીતે ખોટાં આંસું વહાવડાવ્યાં છે અને આપે એમનાં આંસુ લૂછવા જોઈએ. નિરમાનો બચાવ કરવાની જરૂર નથી, કામદારોનો બચાવ કરો.

**શ્રી અશોક ભટ્ટ** : તમે આ ૧૧૬ ની નોટિસ કેમ ઉભી ના કરી એ કહો ને?

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિઆ** : કોરપોરેટ માફિયાઓની અહીંયાં સીધી અસર થયેલ છે અને એ કોરપોરેટ માફિયાઓને કાબૂમાં ના રખાય તો ગુજરાતમાં ઔદ્યોગિક અશાંતિ ઉભી થવાની છે.

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, આપણે આ ચર્ચા એટલા પૂરતી સીમિત રાખીએ કે આ (xxx) ' શબ્દ વપરાય કે ના વપરાય એ શબ્દો ઉપર આપનું માર્ગદર્શન જોઈએ છે. (સતત અંતરાય)

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિઆ** : ઔદ્યોગિક ગૃહોની ફેવરમાં આટલા બધા ઉભરાઈ જવાની જરૂર નથી. કામદારો માટે ઉભા થાઓ, ઔદ્યોગિક ગૃહો માટે ચિંતા કરવાની જરૂર નથી અને હું ધારાસભ્ય છું એટલે મને ચિંતા છે.

**શ્રી અશોક ભટ્ટ** : તમારાં (XXX) નહીં ચાલે.

(બન્ને પક્ષો તરફથી સતત સૂત્રોચ્ચાર ચાલુ રહેતાં)

**અધ્યક્ષશ્રી** : પ્લીઝ બેસો, (સતત અંતરાય), પ્લીઝ, જુઓ કાલે પણ આવી વાત ઉભી થઈ હતી. હું આપસૌને હંમેશાં કહું છું કે માનનીય સભ્યશ્રીઓ બોલવામાં અને શબ્દ ઉચ્ચારણમાં ધ્યાન રાખે. ગઈકાલે પણ આવી રીતે ઉતાવળ થઈ હતી અને આજે પણ માનનીય વિરોધપક્ષના નેતાશ્રી જેવા જવાબદાર માણસ પણ આ ગૃહમાં (xxx) થઈ છે એવા શબ્દ વાપરે એ ઠીક નથી. (સતત અંતરાય) બોલવામાં ધ્યાન રાખવું જોઈએ અને આવું કોઈ ઉચ્ચારણ ના થવું જોઈએ. આ બાબત બીજા બધા જ સભ્યશ્રીઓ ધ્યાનમાં રાખે.

( આ તબકકે સત્તા પક્ષ તરફથી "માફી માગે, માફી માગે" ના સતત સૂત્રોચ્ચાર થતાં)

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, મેં પણ ગઈકાલે માફી માગી હતી.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિઆ** : માનનીય અધ્યક્ષશ્રી, મારી વાત એટલી જ છે કે સરકારનું અને ઉદ્યોગપતિઓનું (xxx) આજે પણ છે. કાલે આ પ્રશ્ન ઉભો કરવાની તક મળી હતી એ આજે મળી શકી નથી અને એટલા માટે જ આ નોટિસ દાખલ કરવા છતાં એની ચર્ચા કરવાની શા માટે મારા મિત્રો ના પાડે છે? એની ચર્ચા થવી જોઈએ અને એની અંદર ચિંતા વ્યકત કરવાનો આ ગૃહે મોકો આપવો જોઈએ.

**અધ્યક્ષશ્રી** : સભ્યોએ ચર્ચા કરવાની ના પાડી છે એવું નથી, પણ મેં ના પાડી છે. મેં એ એલાઉ કર્યુ નથી.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિઆ** : (xxx) (xxx) (xxx) (xxx) (xxx) (xxx) (xxx) (xxx) (xxx) (xxx) (xxx) (xxx)

**અધ્યક્ષશ્રી** : •આ કોઈપણ ચર્ચા રેકર્ડ ઉપર લેવાની નથી,

**ડૉ. દિનેશ પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, હાઉસ એના નીતિ નિયમોથી ચાલે છે, આ કયા મુદ્દા ઉપર ચાલે છે?

**(ઘોંઘાટ-અંતરાય) (સતત ઘોંઘાટ ચાલુ)**

**અધ્યક્ષશ્રી .** : પ્લીઝ, પ્લીઝ, બધા બેસી જાઓ, પ્લીઝ, (સતત અંતરાય ચાલુ) (સામસામા સૂત્રોચ્ચાર અને સતત ઘોંઘાટ ચાલુરહેતાં) હું સભાગૃહ બપોરના બે વાગ્યા સુધી મુલતવી રાખું છું. (સભાગૃહ બપોરના ૧-૧૬ કલાકે બપોરના ૨-૦૦ વાગ્યા સુધી મુલતવી રહ્યું.)

## મુલતવી રહેલ સભાગૃહની બેઠક બપોરના ૨.૦૦ વાગ્યે ફરી મળી
## અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને

**શ્રી અમિત અ. શાહ (રાજય કક્ષાના ગૃહમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું એક વાત આપશ્રીના ધ્યાન ઉપર મૂકવા માગું છું. જ્યારથી ગૃહ શરૂ થયું છે ત્યારથી સતત, શરૂઆતમાં અમે થોડું લાઈટલી લીધું પરંતુ વિરોધપક્ષના નેતા સતત એવા પ્રકારના શબ્દોનું ઉચ્ચારણ કરતા જાય છે જે સભાગૃહના ગૌરવને અનુરૂપ નથી.

ગઈકાલે પ્રશ્નોત્તરી વખતે એમણે "હડકવા" શબ્દનો ઉપયોગ કર્યો હતો. એ પછી "સરકારને શરમ આવવી જોઈએ" એવા શબ્દનો ઉપયોગ કર્યો હતો અને આજે સભાગૃહના સભ્યશ્રીની ગેરહાજરીને ટાંકીને (xxx) શબ્દનો ઉપયોગ કર્યો છે. ખરેખર આ પ્રશ્ન એમણે પૂછવો જોઈતો હતો એનો કોઈ ઉલ્લેખ નથી કરતા આ એમના મત વિસ્તારનો પ્રશ્ન છે ત્યારે નથી કોંગ્રેસના સભ્યશ્રીઓએ પ્રશ્ન પૂછયો. માનનીય સભ્યશ્રીની ગેરહાજરીને (xxx) શબ્દથી ઉલ્લેખવું એ આ સભાગૃહના ગૌરવને અનુરૂપ નથી. ગઈકાલે જ્યારે મારાથી પણ લાગણીથી બોલાઈ ગયું ત્યારે આપશ્રીએ આગ્રહ રાખ્યો કે આપે આ અંગે અફસોસ વ્યક્ત કરવો પડે. આ ગૃહની કાર્યવાહી સરળતાથી ચાલે એટલે માટે મેં અફસોસ વ્યક્ત કર્યો. તેથી આ બાબતને પ્રેસ્ટિજ ઈસ્યુ ન બનાવે અને મોંઢામાંથી આવી વાત નીકળી ગઈ જે ગૃહના ગૌરવને અનુરૂપ ન હોય તો ચોક્કસ માફી માગવી

• **(xxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અને ચર્ચા અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવી છે.**

જોઈએ. હું આપની જોડેથી ચોક્કસ આગ્રહ રાખું છું કે આપે ગઈ કાલે પણ રૂલિંગ આપ્યું હતું. આજે પણ રૂલિંગ આપવું જોઈએ. બંને પક્ષના સભ્યશ્રીઓને સમાન ન્યાય આપવાની પ્રક્રિયા અધ્યક્ષ તરીકે અપનાવવી જોઈએ એવી સાહેબ મારી વિનંતી છે.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા (વિરોધપક્ષના નેતાશ્રી)** : માનનીય રાજયકક્ષાના ગૃહમંત્રીશ્રીએ જે વાત કરી એની સાથે અંશત: હું સંમત છું કે ગૃહના કોઈ સભ્યશ્રી વિરુદ્ધમાં વાત થઈ હોય, સમગ્ર ગૃહના સભ્યોને ધ્યાને રાખીને વાત થઈ હોય તો એમાં મને કોઈ વાંધો નથી. હું ચોક્કસ પાછું ખેંચી લઉં. મેં અને માનનીય અશોકભાઈએ હડકવાની વાત કરી, મેં કરી એવી જ એમણે કરી અને એનાથી એમ કહે મારી સામે તમે જ કરડવાવાળા હતા તો એ બાબતમાં મારી તૈયાર છે. પરંતુ આખા ભારતની અંદર સૌરાષ્ટ્ર કેમિકલ્સ બંધ થયું છે એ આ પ્રકારની પહેલી ઘટના બની છે. અહીંયા આ પ્રશ્ન ઉપસ્થિત થયો ત્યારે તાકીદની જાહેર અગત્યની બાબતમાં તાકીદનો મુદ્દો જતો રહેતો નથી. દસ હજાર જેટલા કુટુંબો આજે ભૂખમરાથી સબડે છે ત્યારે સરકાર માત્ર જોઈ રહે એ બરાબર નથી. માનનીય સુનીલભાઈનો આભાર માનું છું કે તેઓ તાકીદની જાહેર અગત્યની બાબતનો મુદ્દો લઈને આવ્યા છે. પરંતુ રાજય સરકાર અને ઉદ્યોગપતિની (xxx) છે અને રાજય સરકાર એમની સાથે મળેલી છે. આ મારો આક્ષેપ દોહરાવું છું મને અધિકાર છે રાજય સરકારની ટીકા કરવાનો. રાજય સરકારની રચનાત્મક ટીકા કરવાનો મને અધિકાર છે. અમારા આ અધિકાર ઉપર કોઈ તરાપ મારી શકે નહિ, આપે અમારુ રક્ષણ કરવું જોઈએ.

**શ્રી અશોક ભટ્ટ (વૈધાનિક અને સંસદીય બાબતોમંત્રીશ્રી)**: એમના અધિકારનો પ્રશ્ન નથી. પ્રશ્ન એમણે જાતે ઉપસ્થિત કરવો જોઈતો હતો. અહીંયા પ્રશ્ન ખૂબ મર્યાદિત છે. (xxx) શબ્દ વાપર્યો તો ગઈ કાલે શરમ શબ્દ વાપર્યો, જ્યારે આજે (xxx) શબ્દ વાપર્યો. એ વપરાયો કે ન વપરાયો, ગઈ કાલે આપે રૂલિંગ આપ્યું કે આ શબ્દ ન વપરાય ત્યારે આ ગૃહની માનનીય અમિતભાઈએ માફી માગી હતી. દિલગીરી વ્યક્ત કરી હતી તો (xxx) શબ્દ વાપર્યો છે તે બદલ તેમણે આ ગૃહની માફી માગવી જોઈએ. એ અમિતભાઈનો પ્રશ્ન છે. તે પ્રશ્ન ઉપર તેમણે કહેવું જોઈએ કે સરકાર ઉપર કહેવું હોય તો સરકારે તો પગલાં ભરેલાં છે. જે લોકો કોર્ટની બહાર પણ જઈને સમાધાન કરે તેમ પ્રશ્ન નહીં પૂછવાનું પણ કેટલાક લોકો (xxx) કરતા હોય છે. જેમ સાંસદો કરે છે. એ અહીં થયું છે. એટલે આપે પ્રશ્ન નથી પૂછયો.(અંતરાય)

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિઆ** : માનનીય અધ્યક્ષશ્રી, મારી આ માગણી છે. અશોકભાઈએ વાત જે કરી, નહીં પૂછવાના, પૂછીને બહાર નીકળવાની જે વાત કરી છે. એટલા માટે અમારા બધા સભ્યોની લાગણી દુભાઈ છે. એટલા માટે કહું છું કે તાકીદની જાહેર અગત્યની બાબતનો તાકીદનો મુદ્દો જતો રહેતો નથી અને માનનીય અશોકભાઈ તો એક જમાનામાં કામદાર આગેવાન હતા. મિલના કામદારો માટે ઘણી બધી વાત કરેલી હતી. અત્યારે તો કોના આગેવાન અને કોના વતી બોલે છે તેમને પૂછી જૂઓ. તેમને પૂછી જૂઓ કે અત્યારે કોના વતી બોલે છે? અત્યારે કામદારો વતી બોલે છે કે માલિકો વતી એ એમને જ ખબર હશે. એ મને ખબર નથી.

**શ્રી અશોક ભટ્ટ** : કામદારો માટે સરકારે લીધેલાં પગલાં એ ટેબલ ઉપર મૂકેલા છે. એટલે જ કહું છું કે કોંગ્રેસ પાર્ટીની સરકારમાં ૧૯૮૦થી ૯૦માં જે મિલો બંધ થઈ, લોકઆઉટ થઈ ત્યારે જે પગલાં નહોતાં ભરાયાં તે આજે પોરબંદરમાં લેવાયેલાં છે. એટલે સરકારનું એક પણ પગલું નથી એ વાત નથી અને આજે પણ ફરીથી કહું છું કે જે પગલાં તમારે લેવાનાં હતાં એ નહોતાં લેવાયાં ત્યારે અમે ધ્યાન દોરેલું પણ આજે આ સરકારે કામદારો માટે પોરબંદરમાં જે પગલાં લીધાં છે એ બધા જ ટેબલ ઉપર મૂકેલાં છે અને તે રીતે મારો પહેલો પ્રશ્ન એ છે, મારો પ્રશ્ન આજે બહુ જ સીમિત છે કે વિરોધપક્ષના નેતાના પદ ઉપર રહીને (xxx) એવા શબ્દો એમણે નહીં વાપરવા જોઈએ. એટલા માટે જો પોતે સંસદીય બાબતોના સંસ્કાર ધરાવતા હોય તો તેમણે ઉભા થઈને માફી માગવી જ જોઈએ.

**અધ્યક્ષશ્રી** : માફી માગી લો, ચાલો. વાત પતી જાય. પ્લીઝ..(અંતરાય)

**ડૉ. દિનેશ પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, બહુ જ ગંભીર મુદ્દા તરફ આપણું ગૃહ આગળ વધી રહ્યું છે. (અંતરાય) થોડી શાંતિ રાખો. હું શાંતિ લાવવા માગું છું. તમે ટ્રેઝરી બેંચમાંથી ઉશ્કેરવાનો પ્રયત્ન ન કરો. આ ગૃહને ચાલવા દેવાની જવાબદારી તમારી છે. અત્યારે ગુજરાતનું ગૃહ એ સમગ્ર દેશમાં ગૌરવશાળી ગૃહ છે. તેની ઉચ્ચ કોટિની પ્રણાલિકા પ્રસ્થાપિત કરી છે. એ બહુ જ શ્રેષ્ઠ કહી શકાય તે પ્રકારની છે. મારે દુ:ખ સાથે કહેવું જોઈએ કે અત્યારે છેલ્લા બે-ત્રણ દિવસ થયા ગૃહમાં જે ચર્ચા થઈ રહી છે એ ચર્ચાઓ, આપણે પ્રજાના હિત માટે એકઠા થયા છીએ. તેની ચર્ચા કરીને પ્રજાના પ્રશ્નોનો નિકાલ કરવા માટે અને બજૅટની ગંભીર ચર્ચા કરવાનો સમય છે તે સમય વેડફાઈ રહ્યો છે. ત્યારે મારે એટલું કહેવું છે કે ગૃહનું સંચાલન કરવું એ ટ્રેઝરી બેંચની ફરજનો એક ભાગ બને છે અને ગૃહને ચાલવા દેવું એ પણ તેની જવાબદારીનો ભાગ બને છે. જ્યારે અમિતભાઈ બોલ્યા હતા(અંતરાય) સાંભળી લો, હું કહી લઉં પછી આપને બોલવાની છૂટ આપશે. અમિતભાઈ

બોલ્યા હતા, તેમનું સૌજન્ય છે કે દુઃખ થયું હોય, સભ્યોને અપમાન જેવું લાગ્યું હોય તો તે દિલગીરી વ્યક્ત કરે. પણ માનનીય અધ્યક્ષશ્રી, આ (xxx) ના શબ્દો છે એ શબ્દોમાં કોઈને વ્યકિતગત અપમાન થયું નથી. ગૃહનું અપમાન થયું નથી. કોઈ મંત્રીશ્રીને વ્યકિતગત નામ સાથે ઉલ્લેખ કરીને કહેવામાં આવ્યું નથી અને જેમ ભાઈશ્રી અર્જુનભાઈ મોઢવાડીયા (xxx) બોલ્યા એવી જ રીતે મંત્રી જેવા જવાબદાર માણસ થોડી વાર પછી તમે પ્રશ્ન નહીં પૂછીને (xxx) કર્યું છે આવી રીતે ચર્ચાની અંદર જો આગળ વધીશું તો આનો અંત જ નહીં આવે. આપણો કિંમતી અને બહુમૂલ્ય સમય વેડફાઈ રહ્યો છે. તે ગંભીરતાથી લઈએ. તે સમયનો વધુમાં વધુ ઉપયોગ કરીએ. હવે ટ્રેઝરી બેંચ ગઈકાલના બનાવને નજરમાં રાખીને તેને પ્રતિષ્ઠાનો મુદ્દો બનાવ્યા વગર આ ગૃહને ચાલવા દેવા માટે મોટું મન રાખીને આપે રેકર્ડ ઉપરથી દૂર કરવાની વાત કરી છે. એટલી વાત માન્ય રાખી આ ગૃહને આગળ ચલાવવું જોઈએ. એના માટે પ્રયત્ન કરે અને માનનીય અધ્યક્ષશ્રીના નિર્ણય પછી બીજી કોઈ ઝાઝી ચર્ચાને અવકાશ હોય નહીં. તેમ છતાં આપણે વિશાળ દિલ રાખી અશોકભાઈને બોલવા માટેની તક આપી એનાથી આ મુદ્દો ઉપસ્થિત થયો. તો આ મુદ્દાને અહીંયા પૂરો કરવા માટે પ્રયત્ન કરીએ અને આ ગૃહને ચાલવા દઈએ એવી મારી વિનંતી છે.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય દિનેશભાઈએ વાત કરી કે મોટું મન રાખી હાઉસ ચાલવા દેવું જોઈએ. હાઉસ ચાલવા દેવા માટે થઈને હાઉસના નિયમો છે. એનો decorum બરાબર જળવાઈ રહે, એકેએક વ્યકિત છે એ વ્યકિતનું સ્વમાન જળવાઈ રહે અને રાજય સરકારે ખોટું કર્યુ હોય તો એ જનરલ ચર્ચા આવતી હોય, બજેટની ચર્ચા આવતી હોય, રાજયપાલશ્રીના પ્રવચન ઉપર ચર્ચા આવતી હોય તે વખતે એ બોલે. ગઈકાલે આપે નિર્ણય આપ્યા પછી અમિતભાઈએ ખેલદિલીપૂર્વક અને આખા હાઉસનું decorum જળવાઈ રહે એટલા માટે થઈને માફી માગી. આજે એ વાત અર્જુનભાઈ કબૂલ કરે છે અને એને આંશિક રીતે સ્વીકારે છે અને એટલા માટે આ હાઉસની અંદર એમણે જે શબ્દો વાપર્યા છે એના માટે એમણે માફી માગવી જોઈએ અને આ હાઉસની આ પ્રણાલિકા રહી છે. આજે રાજય સરકારે કોઈપણ રીતે (xxx) કર્યું નથી. કામદારોના હિતની તરફદારીની અંદર જ, જે ફેંકટરી છે એણે ખોટું કર્યું છે એના માટે નોટિસ પણ આપી છે. કામદારોનો પક્ષ લઈને સરકારે આ કૃત્ય કર્યું હોય ત્યારે આવા ખોટા આક્ષેપો કરીને (xxx) ની વાત કરે છે એ કોઈ રીતે વાજબી નથી.

માનનીય અધ્યક્ષશ્રી, આપને વિનંતી કરું છું કે, આપે પણ સૂચના આપવી જોઈએ કે આ શબ્દો છે એના માટે થઈને માફી માગવી જોઈએ અને ફક્ત હાઉસના રેકર્ડ ઉપરથી શબ્દો કાઢી નાખવું એટલું જ આ મર્યાદિત નથી. આ જે શબ્દો વાપર્યા હોય અને હાઉસનું decorum ન જળવાતું હોય તો એની અંદર માફી માગવી જોઈએ, માફી માગવી જોઈએ,

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, દિનેશભાઈએ બહુ ખૂબીપૂર્વક વાતને બીજા રસ્તે લઈ જવાનો પ્રયત્ન કર્યો છે. મારે એમાં કેટલીક સ્પષ્ટતાઓ કરવી છે. આ (xxx) નો શબ્દ માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ વાપર્યો. આ સભાગૃહના સભ્યની ગેરહાજરીને લગતો છે કોઈ એક સભ્ય માટે નથી સમગ્ર સભાગૃહના સભ્યોને લગતો પ્રશ્ન છે. કોઈ સભાગૃહના સદસ્યશ્રી કોઈપણ કારણોસર ગેરહાજર રહે તો એ (xxx) ગણી શકાય ? આ મત એમનાથી રજૂ થાય છે. અમારો જે આગ્રહ છે કે અફસોસ વ્યક્ત કરે કે માફી માગે એ કોઈ મમતનો પ્રશ્ન નથી. આ ગૃહ ચલાવવાના નિયમો બન્યા છે અને જે ઉચ્ચ પ્રણાલિકાઓ પ્રસ્થાપિત થઈ છે એને તંદુરસ્ત રાખવા માટેનો પ્રશ્ન છે. એમાં ગઈકાલે જ્યારે આપે આ ચેરમાંથી મારા શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કર્યા છતાં એ લોકો વોક આઉટ કરી ગયા હતા અમે વોક આઉટ નથી કર્યો. ત્યાર પછી એમણે આગ્રહ રાખ્યો કે માફી માગવી જોઈએ. મારી એટલી જ વિનંતી છે કે, શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરવાથી પતી નથી જતું. આ ગૃહની અંદર સભાગૃહના સભ્ય હાજર રહે કે ન રહે? એને (xxx) કહી શકાય નહીં. આ અતિ ગંભીર બાબત છે. એટલે વિરોધપક્ષના નેતાશ્રીએ માફી માગવી જોઈએ એવો અમારા સૌનો આગ્રહ છે.

**શ્રી પરેશભાઈ ધી. ધાનાણી** : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય ગૃહની અંદર આપણી સંસદીય પ્રણાલિકાઓને વધુને વધુ પ્રજ્વલિત કરવા માટે થઈને હેલ્ધી ડિસ્કશન થાય એ ખૂબ જરૂરી છે. માનનીય મંત્રીશ્રી અમિતભાઈએ મુદ્દો ઉપસ્થિત કર્યો. વિધાનસભાના નિયમોની જોગવાઈઓ છે, એ નિયમોની જોગવાઈની અંદર કોઈ સભ્યશ્રીએ ઉચ્ચારેલા શબ્દોમાંથી કોઈ સભ્યને કે આ સન્માનનીય ગૃહને એનું અવમાન થતું હોય એવું લાગે તો ચોક્કસ શબ્દો પાછા ખેંચવા જોઈએ. અસંસદીય શબ્દોની આ જે યાદી છે એ યાદીની અંદર પણ (xxx) એ અસંસદીય શબ્દ નથી. માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ જે એમના વક્તવ્યની અંદર વાત કરી, એ સન્માનનીય ગૃહના અવમાન માટે થઈને નહીં કોઈ વ્યકિતને અપમાનિત કરવા માટે થઈને નહીં પણ રાજય સરકાર એમાં દોષિત છે એ ઈન્ડીકેશન કરવા માટે જે એમણે (xxx) શબ્દનો પ્રયોગ કર્યો છે. આ સન્માનીય ગૃહમાં રાજય સરકારની રચનાત્મક ટીકા કરવી એ વિરોધ પક્ષનો અધિકાર છે અને વિરોધ કરવા માટે ગુજરાતી જે ભાષા છે એ ભાષાની અંદર નક્કી કરેલા શબ્દો છે અને કોની સામે કરી રહ્યા છે એની માટેનો પણ દૃષ્ટિકોણ નક્કી છે ત્યારે વિરોધપક્ષના નેતાશ્રીએ રાજય સરકારની રચનાત્મક ટીકાઓ કરી છે. જો સન્માનનીય

ગૃહની અંદર માનનીય મંત્રીશ્રીએ જે નિવેદન રજૂ કર્યા છે એ કામદારોના હિતની વાત છે, જાહેર અગત્યની વાત છે એને સ્વીકારી અને તંદુરસ્તપણે ચર્ચા થવા દીધી હોત તો મને લાગે છે કે આ પ્રશ્ન ઉપસ્થિત ન થાત પણ આ ગૃહની અંદર આનું હેલ્ધી ડીસ્કસન ન થવા દેવા પાછળનો સરકારનો શું આશય છે , કોના આશયથી આ વાત ગૃહની સમક્ષ ન આવતા જે પરિસ્થિતિ નિર્માણ થઈ છે ત્યારે માનનીય વિરોધપક્ષના નેતાએ જે વાત કરી છે એ રાજય સરકારની રચનાત્મક ટીકાના ભાગ સ્વરૂપ છે એટલે જો આ શબ્દ આપના નિર્ણયથી અસંસદીય લાગતો હોય તો ચોકકસ એ શબ્દને કાર્યવાહીની નોંધમાંથી રદ કરવાની આપ સૂચના આપો.

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, પ્રશ્ન પૂછયા પછી કોંગ્રેસના ધારાસભ્યશ્રીઓ પણ ગેરહાજર રહે છે. આ સભાગૃહના કોઈપણ ધારાસભ્યશ્રી કોઈપણ કારણસર ગેરહાજર રહે તો એને (xxx) ન કહેવું જોઈએ, આપ પણ સંમત થયા અને આપે પ્રોસીડીંગમાંથી એ શબ્દ કાઢી નાંખ્યા, પછીથી માનનીય વિરોધ પક્ષના નેતા એક કરતાં વધુ વખત આ શબ્દ બોલ્યા છે જે ન બોલવા જોઈએ એટલા માટે એમણે માફી માગવી જોઈએ.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, હમણાં જ ભુપેન્દ્રસિંહજી ચુડાસમા સાહેબે કીધું કે માત્ર વિરોધ પક્ષના નેતાશ્રીએ એટલી જ વાત કરી હતી કે આ અગત્યનો પ્રશ્ન છે એને ચર્ચવો જોઈએ એ બાબત માટે એમણે વાત કરી હતી. સુનીલભાઈ માટે તો હમણાં પણ કીધું કે હું બિરદાવું છું. સભ્યશ્રીની લાગણી માટે , એમણે તો બિરદાવવાની વાત કરી છે અને જ્યારે આવો અગત્યનો પ્રશ્ન ચાલતો હોય તો માત્ર એમણે જે વાત કરી સામ સામી વાત બોલવામાં આવી છે. (xxx) વાત સામેથી કૌશિકભાઈ કરી રહ્યા હતા અને આ બાજુથી પણ કરી રહ્યા હતા એટલે માત્ર કોઈ સભ્યની કે સરકારની વાત જ્યારે થતી હોય ત્યારે કોઈ વ્યકિતગત સભ્યોની આજે પણ વાત નથી થઈ અને સુનીલભાઈ માટેની જે સ્પષ્ટતા કરવાની હતી એ વિરોધ પક્ષના નેતાશ્રીએ હમણાં ઉભા થઈને આપની સમક્ષ કરી દીધી છે અને એમને બિરદાવ્યા છે એટલે મારી વિનંતી છે કે ખરેખર જે પ્રમાણે હમણાં કહેવામાં આવ્યું કે રેકર્ડ ઉપરથી દૂર થાય અને વાત પૂર્ણ થાય એવું જ. અત્યાર સુધીમાં ૨૦ મિનિટ થી વધુ સમય નીકળી ગયો છે ત્યારે આપે પણ એમ કીધું છે અને જલદી કાર્યવાહી પૂરી થાય એવી મારી વિનંતી છે.

**શ્રી જીતેન્દ્ર સુખડીઆ** : માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે વિરોધ પક્ષના દંડકશ્રી જો આ રીતે વાત કરતા હોય કે સુનીલભાઈ માટે સ્પષ્ટતા કરી દીધી છે ત્યારે સુનીલભાઈ માટે એમણે (xxx) આક્ષેપ મૂકયો જ છે. ગૃહમાં સભ્ય ગેરહાજર છે એટલા માટે (xxx) આક્ષેપ મૂકયો છે એટલા પૂરતા શબ્દ પાછા ખેંચવાની વાત છે અને માફી માગવાની વાત છે અને ગૃહ સારી રીતે જો ચલાવવાની દિનેશભાઈની વાત હોય તો ગૃહ સારી રીતે ચલાવવું હોય તો એમણે સંમત થઈને માફી માગવી જ જોઈએ.

**શ્રી પુંજાભાઈ ભી. વંશ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાજયકક્ષાના મંત્રીશ્રીએ જે મુદ્દો ઉપસ્થિત કર્યો કે વિરોધ પક્ષના નેતા એ જે શબ્દ પ્રયોગ કર્યા એ બદલ એમણે માફી માગવી જોઈએ એ આ ગૃહની પ્રણાલિકાઓ રહી છે અને વિરોધ પક્ષની જ્યારે ભૂમિકા એમણે ભજવવાની હોય ત્યારે રાજય સરકારની કામગીરી સંબંધે અને એમની કાર્યરીતિ સંબંધે જયાં જયાં વિરોધપક્ષને લાગે ત્યાં એમની ટીકાઓ દ્વારા રાજય સરકારનું ધ્યાન દોરવાનું હોય છે. અહીંયા જે શબ્દપ્રયોગ થયો છે, ૧૧૬ની નોટિસ સુનિલભાઈ ઓઝાએ દાખલ કરી, ગેરહાજર રહ્યા. કોઈ કારણસર સભ્યશ્રી ગેરહાજર રહી શકે એ એમનો અધિકાર છે. પરંતુ અહીંયા જે શબ્દપ્રયોગો કરવામાં આવ્યા એ રાજય સરકારની કામગીરી સબબે અને સમગ્ર દેશમાં જે પ્રસંગ નથી બન્યો એ પ્રસંગ બન્યો છે એના અનુસંધાને રાજય સરકારે જે કામગીરી કરવી જોઈએ એ કરી નથી એની ટીકાના ભાગ તરીકે (xxx) શબ્દ વાપરવામાં આવ્યો છે. નહિ કે સુનિલભાઈ ઓઝાને ધ્યાને રાખીને. કોઈ વ્યકિતનું નામ આપવામાં આવ્યું નથી, કોઈ મંત્રીશ્રીનું નામ આપવામાં આવ્યું નથી કે કોઈને નામજોગ આક્ષેપ કરવામાં આવ્યો નથી. માનનીય દંડકશ્રીએ કહ્યું કે સુનિલભાઈના નામજોગ આક્ષેપ કરવામાં આવ્યો છે. સુનિલભાઈના નામનો શબ્દપ્રયોગ કયાંય પણ કરવામાં આવ્યો નથી કે એનું નામ રેકર્ડ ઉપર આપ્યું નથી. કોઈ મંત્રીશ્રીનું નામ લીધું નથી.

ભૂતકાળના પ્રવચનોને જોઈ જવામાં આવે તો, અશોકભાઈ ભટ્ટના પ્રવચનોને જોવામાં આવે તો આવા ટીકાત્મક શબ્દપ્રયોગો ભૂતકાળના એમના પ્રવચનમાંથી જોવા મળશે. અમારા ભાગે જે કાંઈ આવે છે, ભૂતકાળમાં આવ્યું છે એના કરતાં ઓછું આવે છે. અમારે ટીકાઓ કરવી જોઈએ, વિરોધ પક્ષ તરીકે અમારે રાજય સરકારના વખાણ કરવાના ન હોય. અમારે એમની ટીકાઓ જ કરવાની હોય અને ટીકાઓ દ્વારા સાચી હકીકતોનું ધ્યાન દોરવાનું હોય છે. એટલે (xxx) શબ્દ વાપરવામાં આવ્યો છે એ ટીકાને ધ્યાનમાં રાખીને રાજય સરકારની કામગીરીની ટીકા કરવાના સબબે કરવામાં આવ્યો છે. એટલે રેકર્ડ ઉપરથી દૂર કર્યો છે. એટલે બીજો સવાલ રહેતો નથી. વિરોધ પક્ષના નેતા અને એમાંય ખાસ કરીને આગ્રહ રાખવામાં આવ્યો છે કે માફી માગે. માફી શબ્દ અને દિલગીરી વ્યક્ત કરવામાં ગઈકાલે ગૃહમાં જે બનાવ બન્યો અને રાજય કક્ષાના ગૃહમંત્રીશ્રીએ

દિલગીરી વ્યક્ત કરવી પડી એને ધ્યાનમાં રાખીને પ્રતિષ્ઠાનો મુદ્દો બનાવીને આ વાત કરવામાં આવે એ કોઈપણ સંજોગોમાં વાજબી નથી. એટલે વિરોધ પક્ષના નેતાએ માફી માગવાનો આમાં સવાલ રહેતો નથી.

**શ્રી બિમલ શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, હું આ ગૃહના સદસ્ય તરીકે આપશ્રીને વિનંતી કરું છું કે ૧૧૬ની નોટિસનો પ્રશ્ન પૂછવામાં આવ્યો, સભ્યશ્રી ગેરહાજર રહ્યા અને સભ્યશ્રીને ગેરહાજર રહેવાનો પૂરેપૂરો હક્ક પણ હોય છે. એવા સંજોગોમાં પોતે પ્રશ્ન પૂછી શક્યા નથી, પોતાના વિસ્તારનો પ્રશ્ન ચૂકી જવાય છે એના કારણે આખા ગૃહને બાનમાં રાખવું એ કેટલે અંશે વાજબી છે? એટલા માટે આપશ્રીનું માર્ગદર્શન માગું છું કે આ ગૃહમાં રાજયના અનેક પ્રશ્નો ચર્ચવાના બાકી છે ત્યારે મમત્વનો પ્રશ્ન બનાવીને પોતાના વિસ્તારનો પ્રશ્ન બાકી રહી ગયો એટલે (xxx) પ્રશ્ન લાવીને, સવાલ એટલો થાય છે કે વિરોધ પક્ષને આના માટે ગૃહમાંથી વોક આઉટ કરવાનો? આપણા નેતા પોતાના વિસ્તારનો પ્રશ્ન પૂછવામાં બાકી રહી ગયા અને પૂછી ન શક્યા એટલે વોક આઉટ કરી દેવાનો? સવાલ એટલો થાય છે કે આપણો કેટલો સમય બરબાદ થાય છે? આપણી પાસે લાખો અપેક્ષાઓ છે ત્યારે આનો તાકીદે ઉકેલ કરી વિરોધ પક્ષના નેતાશ્રીને વિનંતી કરું છું કે આપશ્રી માફી માગો જેથી ગૃહનો સમય ન બગડે. આપને પણ વિનંતી કરું છું કે આનો નિર્ણય તાકીદે લાવો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિઆ** : માનનીય અધ્યક્ષશ્રી, સ્પષ્ટતા કરું કે વિરોધપક્ષના નેતા છે એ ક્યારેય પ્રશ્ન પૂછતા હોતા નથી, એ ગૃહના વિરોધપક્ષના નેતા છે અને મેં કહ્યું એમ સુનીલભાઈને મારે અભિનંદન આપવા હતાં કે તમે સારું કર્યુ કે આ પ્રશ્ન લઈ આવ્યા, એ શું કરવા ગેરહાજર રહ્યા, કોણે ગેરહાજર રાખ્યા, શું દબાણ આવ્યું એમાં હું પડતો નથી. પણ મારી વાત એટલી જ છે કે આ જે પણ ટ્રેઝેરી બેંચના મિત્રોએ જ્યારે ઉદ્યોગપતિ અને કામદારની પસંદગીનો સવાલ આવે છે ત્યારે કાયદાને પડખે રહેવું જોઈએ. રાજ્ય સરકાર આમાં નિર્ણય મોકલી શકતી હતી તેના બદલે ઈન્ડસ્ટ્રીઝ ડિસ્પ્યુટ એકટ હેઠળ એણે કોર્ટને રીફર કરી દીધી. (અંતરાય) ફરી પાછો મુદ્દા પર આવું છું કે તમે બધા જ, દરેકે દરેક મુદ્દા બહાર ગયા છો, દરેકે દરેક મિત્રો છે એ મુદ્દા બહાર ગયા છે. (અંતરાય) હવે ફરી પાછો માનનીય મુખ્ય દંડકશ્રી છે એમણે જે વાત કરી કે સુનીલભાઈનું (xxx) હતું એવો મે આરોપ મૂક્યો છે, આવા કોઈ શબ્દો બોલ્યો નથી, સુનીલભાઈના સંદર્ભમાં કોઈપણ બાબત બોલાઈ હોય, રેકર્ડ ઉપર મોજૂદ હોય તો માનનીય અધ્યક્ષશ્રી દૂર પણ કરી શકો છો અને રેકર્ડ ચકાસીને એમ કહે કે મને કે સુનીલભાઈના સંદર્ભમાં કે કોઈ સભ્યશ્રીના સંદર્ભમાં મેં (xxx) શબ્દ પ્રયોગ કર્યો છે તો મારી આજે પણ તૈયારી છે. આજે પણ હું દોહરાવું છું કે સરકાર અને ઉદ્યોગપતિ મળેલા છે, સરકાર અને ઉદ્યોગપતિનું (xxx) છે. આ આરોપ મૂકવાનો મને અધિકાર છે અને હું ફરી પાછો મૂકું છું. (અંતરાય) એટલે કહું છું કે માનનીય અધ્યક્ષશ્રી ઉદ્યોગપતિને વહાલા થવા માટે આટલા બધા મિત્રોએ ઊભા થવાની જરૂર નથી.

**શ્રી અશોક ભટ્ટ** : સાહેબ, આમાં ઉદ્યોગપતિને વહાલા થવાનો પ્રશ્ન જ નથી. સરકારે પગલાં ભર્યા છે એ બધા પર્યાપ્ત છે, ટેબલ પર જવાબરૂપે મૂકાયેલા છે અને આ જવાબ એમને પણ મળેલો છે એટલે સરકારને માટે આ શબ્દો વાપરવા એ સારું નથી. વારંવાર એના એ શબ્દો બોલવા.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિઆ** : માનનીય અધ્યક્ષશ્રી, સરકારની લાગણી દુભાણી હોય તો એના માટે કોઈપણ પ્રકારની દિલગીરી વ્યકત કરવાની મારી તૈયારી નથી. સરકારની લાગણી દુભાવવાનો અમને અધિકાર છે. સભ્યશ્રીને વ્યકિતગત મંત્રીશ્રીને એ બાબતમાં મારી તૈયારી છે. બાકી સરકારની તો લાગણી અમારી એકેએક ટીકાની અંદર કાયમ દુભાતી રહેવાની છે અને એ અમારો હક્ક છે અને અમે એના માટે આનું વારંવાર પુનરાવર્તન કરતા રહેવાના છીએ.

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, સરકારની લાગણી દુભાવવાનો પ્રશ્ન નથી. ગૃહમાં માનનીય સભ્યશ્રી ગેરહાજર રહે એના માટે ટીકાત્મક વાત કરવાનો પ્રશ્ન છે. આપશ્રીએ બીઝનૅસની અંદરથી ૧૧૬ ની નોટિસની આઈટમ કોલ કરી. માનનીય સભ્યશ્રી સુનીલભાઈ ગેરહાજર, તરત જ માનનીય વિરોધપક્ષના નેતાએ ઊભા થઈને કહ્યું કે આ તો (xxx) થયું છે. સુનીલભાઈના નામનો ઉલ્લેખ કર્યો કે ના કર્યો એનો પ્રશ્ન નથી. સાહેબ, જે સંદર્ભમાં વાત કહેવાય એ માનનીય સભ્યશ્રીની ગેરહાજરી બાબતમાં કહેવાય છે. એટલે સાહેબ, માનનીય સભ્યશ્રીની ગેરહાજરીમાં ગૃહમાં એનો ટીકાત્મક રીતે ઉલ્લેખ્ કરી શકે કે કેમ? એ આપની સમક્ષ વિચારવા માટેનો પ્રશ્ન છે અને આટલી બધી જે જુદી જુદી રજૂઆત વિરોધપક્ષના સભ્યશ્રીઓએ કરી ત્યારે મારે એમને એટલું જ કહેવું છે કે "સુંદરતા પામતા પહેલા સુંદર બનવું પડે" ગઈકાલનો ઉલ્લેખ્ કરતા જે આગ્રહ રાખતા હતા, આજે એમણે સૌજન્યતા દાખવી પોતે માફી માગવી જોઈએ અને સાહેબ હવે હું માનું છું કે પૂરતી ચર્ચા બંને બાજુથી આપશ્રીએ સાંભળી છે.મારી આપશ્રીને વિનંતી છેકે ગઈકાલે આપે આ ચેરની અંદરથી રૂલિંગ આપ્યું છે અને આ પ્રકારની ઘટના માટેનું જ રૂલિંગ આપ્યું છે. અગાઉના અધ્યક્ષશ્રીઓએ રૂલિંગ આપ્યા હોય તો એ માર્ગદર્શક સિદ્ધાંત તરીકે ગણાતા હોય છે. આ તો ગઈકાલે જ આ સત્રમાં જ આપશ્રીએ જે આ ચેરની અંદરથી રૂલિંગ આપ્યું છે અને અમારો રૂલિંગ માટે આપની પાસે આગ્રહ છે અને ન્યાય માટે પણ આગ્રહ છે.

**શ્રી ગોવાભાઈ હ. રબારી** : માનનીય અધ્યક્ષશ્રી, જે સાચા પ્રશ્નને જુદી રીતે વાળીને જે મુરબ્બીઓએ અને મંત્રીશ્રીઓએ વાત કરી છે એ દુ:ખની વાત છે.

**અધ્યક્ષશ્રી .** : સભ્યશ્રી વિરામનો સમય થાય છે.

**( વિરામ બપોરના ૨-૩૦ થી ૩-૧૫ )**
**( સભાપતિ શ્રી મહેન્દ્ર લી. મશરુ, અધ્યક્ષસ્થાને )**

**સભાપતિશ્રી :** માનનીય શ્રી ગોવાભાઈ.

**શ્રી ગોવાભાઈ હ. રબારી :** માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના એક મજૂરના પ્રશ્નની અંદર અમારા વિરોધપક્ષના નેતાની એક વાતને લઈને શાસકપક્ષવાળાએ જે ઈસ્યુ બનાવ્યો છે એ દુ:ખદ છે. વિરોધપક્ષની ભૂમિકા, સામે બેઠેલા સિનિયર મુરબ્બીઓ બધા જ જાણે છે. અમારા કરતાં મોટા સિનિયર છે પરંતુ મુરબ્બી શ્રી વજુભાઈ વાળાએ પણ માફીની જે વાત કરી તો દુ:ખ થયું, એમનામાંથી સંસદીય પ્રણાલિકાઓની અમે પ્રેરણા લઈએ છીએ આવા એક મુરબ્બી છે એમના પ્રત્યે વ્યકિતગત માન છે પરંતુ એમણે પણ કહ્યું કે માફી માગવી જોઈએ, એ યોગ્ય નથી. આ તો બધાનો, એક બીજાનો વારો છે, આવો કોઈ ઈસ્યુ નથી, એમણે સરકાર સિવાયની કોઈ વાત નથી કરી, કોઈ વ્યકિતગત નામ નથી લીધું છતાં પણ એને ઈસ્યુ બનાવી અને હાઉસનો સમય બગાડે છે અને આપ જાણો છો કે, ગૃહના નેતા હોય કે વિરોધપક્ષના નેતા હોય તો એમનું પણ કાંઈક માન છે. માનનીય પ્રવિણભાઈ આપ પણ જાણો છો કે, તમારા નેતા અને અમારા નેતા એમનું પણ કાંઈક માન છે, એમની પણ કોઈ ચોક્કસ ફરજો છે, આજે અમે તમારા નેતાને આવી વાત કરીશું તો તમે ઊભા થઈ જશો. તો દરેકની જવાબદારી છે, હાઉસમાં બેઠેલા તમામે તમામને એક સરખા અધિકારો છે. હાઉસમાં આવે એટલે મંત્રીશ્રી, મંત્રીની ફરજો બજાવે, ધારાસભ્યશ્રીઓ, ધારાસભ્યની ફરજો બજાવે પરંતુ હાઉસમાં આવ્યા પછી દરેકનો સરખો અધિકાર છે. ઘણી વખત કહેવામાં આવ્યું કે, એમણે કેમ પ્રશ્ન એમના વિસ્તારનો ન પૂછયો? માનનીય અધ્યક્ષશ્રી, હાઉસમાં પ્રશ્ન દાખલ થઈ ગયા પછી એ તમામ સભ્યોનો પ્રશ્ન થઈ જાય છે, તમામ ગુજરાતના પ્રશ્નો થઈ જાય છે, એમાં પૂછયો, ન પૂછયાની વાત ન હોવી જોઈએ તેમ છતાં પણ અમારા સિનિયર મુરબ્બી વડીલ શ્રી અશોકભાઈ ભટ્ટ સાહેબ પણ બોલ્યા કે એમના વિસ્તારનો પ્રશ્ન હતો, એમણે (xxx) કરી છે. માનનીય અધ્યક્ષશ્રી, આવા સિનિયર માણસો બોલે એનું અમને દુ:ખ થાય છે. અમારા જેવા નવા માણસો બોલી જાય એ જુદી વાત છે પરંતુ સિનિયર માણસો આવી વાત કરે એમાંથી નવા સભ્યો શું પ્રેરણા લેશે ? માટે મારી તમામ મિત્રોને વિનંતી છે કે, આપણે ગૃહના નેતા અને વિરોધપક્ષના નેતાનું પણ સન્માન જાળવવું જોઈએ. એમની પણ વાત ઉપર વજૂદ હોવું જોઈએ. ભૂતકાળમાં પણ આ બધી પ્રણાલિકા ચાલી છે. ભૂતકાળમાં પણ આવી બધી ચર્ચા થઈ છે. માફી માગવાનો પ્રશ્ન પણ આવ્યો છે. પરંતુ આટલી નજીવી બાબતમાં ઈસ્યુ લઈને એક નેતા ઉપર વ્યકિતગત પ્રહાર કરીને માફી માગો કહે એ બરાબર નથી માટે સિનિયર નેતાઓને વિનંતી છે કે આ મૂકી દે. આમાં કોઈ માફી માગવા જેવું કામ નથી. કોઈ અપશબ્દ નથી. વિરોધ પક્ષની ભૂમિકા તરીકે (xxx) થયું છે, સરકારનું કોઈ રચનાત્મક કામ ન હોય તો એની ટીકા કરવાની અમારી જવાબદારી છે માટે ફરજ રૂપે કર્યુ હશે તો આને ઈસ્યુ ન બનાવીને ગૃહને શાંતિથી ચલાવે એવી મારી વિનંતી છે.

**શ્રીમતી વસુબેન ન. ત્રિવેદી**: માનનીય અધ્યક્ષશ્રી, ગઈકાલે બપોરથી આ ચર્ચા ચાલી રહી છે. હું શિક્ષક છું. મને દુ:ખ થતું હતું કે ગૃહની પ્રણાલી શિખવાડનારા લોકો જે અશિસ્ત કરી રહ્યા છે. ગઈકાલે એક વાત થઈ હતી કે મંત્રીશ્રી સામે આક્ષેપ કરવા, ડોળો જેવા શબ્દનો ઉપયોગ કર્યો હતો. સંસદીય પ્રણાલિકાની વાત શિખવાડનાર લોકો કેટલું અસંસદીય વાતાવરણ ઉભું કરી રહ્યા છે. મને લાગે છે કે માફી માગવી જ પડે. અખંડઆનંદ યુનિવર્સિટીના સંદર્ભમાં પણ કાલે વધુ પડતા શબ્દો હતા એ બોલી શકાય નહીં. બીજી બંગડી પહેરવાની વાત હતી. મારે આપના માધ્યમ દ્વારા ભાઈઓને પૂછવું છે કે બહેનોની બંગડીના મૂલ્યને સમજતા નથી તો બંગડી પહેરવાની વાત કરી અને આખા ગુજરાતની બહેનોનું અપમાન કર્યું છે. આ કોઈ સંજોગોમાં ચલાવી લેવાય નહીં. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના માધ્યમ દ્વારા કહેવું છે કે જો આ માફી માગવામાં ન આવે તો આ ગૃહનું વાતાવરણ અચૂક વધુને વધુ બગડતુ જવાનું છે. આ ગૃહ ગરિમાવાળું ગૃહ છે. ભૂલ કરી હોય તો ગઈકાલે વોકઆઉટ કર્યા પછી પણ અમિતભાઈએ માફી માગી હતી તો માફી માગવી જ પડે.

**શ્રી હરેશકુમાર ઈ. ભટ્ટ**: માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા એક કલાકથી આ ગૃહની અંદર જે રીતે ચર્ચા ચાલી રહી છે. સભ્યશ્રી જયારે હાજર ન હોય એનું કારણ કોઈપણ હોઈ શકે પણ જે હાજર નથી એની ગેરહાજરીમાં પણ પ્રશ્ન ઉઠાવવો એ કેટલું સંસદીય છે એ જાણવાની જરૂર છે. આવા અનેકવાર પ્રશ્નો થયેલા છે પણ કયારેય પ્રશ્નનો ઉકેલ આવ્યો નથી. સભ્ય ગેરહાજર હોય તો પ્રશ્ન ઉપસ્થિત કરવામાં આવતો નથી.

એક નાનકડા શબ્દ માટે આટલો બધો અહમ ટકરાવવાની વાત છે. આ ગૃહમાં પ્રયત્ન કરવામાં આવી રહ્યો છે. મારા સાથી મિત્રો જે અહીં બેઠા છે એ બધા જ વાત કરે છે કે અહીં મમત ન કરવું જોઈએ. કાલે તમે જેવા શબ્દ વાપરીને એક મંત્રીશ્રીને નીચા દેખાડવાનો પ્રયત્ન કર્યો એ કેટલું વાજબી હતું અને ખેલદિલીપૂર્વક એમણે દિલગીરી પણ વ્યકત કરી હતી. વિરોધ પક્ષના નેતાએ પણ દાખલો બેસાડવો જોઈએ કે દિલગીરી વ્યકત કરવા તૈયાર છું. મમત નહીં કરવી જોઈએ. જનતાએ જયારે આપણને કર્મ કરવા માટે મોકલ્યા છે એને પ્રોપર જવાબ આપવો જોઈએ. નહીં કે વાદ વિવાદ કરીને ગૃહ છોડીને આઘાપાછા થઈ જવું. ગઈકાલે પણ ગૃહ છોડીને ગયા. જયારે હોય ત્યારે ગૃહ છોડીને જતા રહે. સભ્યો મર્યાદા છોડી દે, વહેલમાં ઘુસી જાય એ કેટલું વાજબી છે? સમય આવ્યો છે કે જનતા જવાબ માગતી હોય છે આપણી પાસે. અહીં શું કરીએ છીએ આપણે એનું ધ્યાન રાખતી હોય છે. એટલા માટે આજે આ સ્થળે એક નાનકડી વાત લઈને એક કલાકથી પણ વધારે ગૃહનો સમય બગડયો છે. જનતાનો સમય બગડયો છે. જનતાના વિશ્વાસને ધોખો દીધો છે એટલે વધારે સમય ન લેતા આ વિરોધ પક્ષના નેતા દિલગીરી વ્યકત કરી માફી માગે તેથી આ પ્રશ્નનું અહીં ને અહીં નિરાકરણ આવે. આપના તરફથી જયારે રૂલીંગ આપવામાં આવ્યુ છે, આપે કહ્યું માફી માગી લો પણ માફી ન માગી એ શરમજનક વસ્તુ છે. એનાથી વિશેષ બીજું કાંઈ ન હોઈ શકે. અધ્યક્ષશ્રીના રૂલીંગને પણ માનવામાં ન આવતું હોય તો ગૃહની મર્યાદા કયાં જળવાય છે? ગૃહની અંદર સંસદીય પ્રણાલિકાની વાત કરતા હોઈએ ત્યારે મારા કોંગ્રેસના સાથી મિત્રને કહેવું છે કે આવી મમત છોડીને આજની તારીખમાં અત્યારે માફી માગી દિલગીરી વ્યક્ત કરે. આ પ્રશ્નને દબાવી દેવો જોઈએ. સારું કામ આગળ ચલાવવાનો પ્રયત્ન કરવો જોઈએ.

**ડૉ. દિનેશ પરમાર** : હું આપની સમક્ષ અધ્યક્ષશ્રીના અગત્યના નિર્ણયોના પુસ્તક સન ૧૯૬૦-૧૯૮૪ નાં પાન નં. ૨૭ ઉપર આપનું ધ્યાન દોરવા માગું છું. ચર્ચા દરમ્યાન રાજકીય પક્ષ પર કરેલા આક્ષેપો ક્ષમ્ય ગણાય છે. તા. ૧૫-૨-૭૩ ના રોજ રાજ્યપાલશ્રીના સંબોધન પરની ચર્ચા દરમિયાન મા. મુખ્યમંત્રીશ્રીએ તેમના વકતવ્યમાં જણાવ્યું હતું કે દુષ્કાળમાં નાના મોટા અનેક માણસો આવા કામે લાગી ગયા છે, તે વખતે એક રાજકીય પક્ષે મોરચા કાઢવાનું કામ કર્યુ છે. આ નાટકીય ઢબે કર્યુ છે. તેમણે વધુમાં જણાવ્યું કે તોફાન કરવા માટે ઢાલ તરીકે આગળ ધરે છે કે અઠવાડિયામાં એક દિવસ ખાશું નહીં એ નાટકીય છે. દાંભિક છે. ત્યારે સભ્યશ્રી નરસિંહદાસ ગોંધિયાએ પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કરી જણાવ્યું કે અમે જે કર્યુ છે તે નાટકીય ઢબે જ કર્યુ છે એ જાતનો આક્ષેપ અયોગ્ય છે અને તે પાછો ખેંચાવો જોઈએ. આ બાબતમાં મા. અધ્યક્ષશ્રી રાઘવજી લેઉવાએ નીચે પ્રમાણે નિર્ણય આપ્યો :-

" આ ચર્ચા દરમ્યાન જે આક્ષેપ ચાલે છે એ વ્યક્તિ ઉપરનો કે ધારાસભ્ય ઉપરનો આક્ષેપ નથી. એક રાજકીય પક્ષ ઉપરનો છે અને રાજકીય પક્ષ ઉપરનો આક્ષેપ ક્ષમ્ય ગણાય છે". માટે આમાં પણ ક્ષમ્ય ગણાવું જોઈએ એવું મારું માનવું છે.

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પણ ગઈકાલે આ ગૃહની અંદર માનનીય અધ્યક્ષશ્રીએ આપેલ નિર્ણય તરફ ધ્યાન દોરવા માગું છું. ગઈકાલે ગૃહની અંદર મેં જયારે કહ્યું તે કોંગ્રેસ પક્ષ બાબતમાં કહ્યું હતું. પોટા નાબૂદ કર્યા પછી આ પ્રશ્ન ઉઠાવતા શરમ આવવી જોઈએ. આ મેં કોંગ્રેસ પક્ષ બાબતે કહ્યું હતું, એના માટે પણ વિરોધ પક્ષના સભ્યશ્રીઓએ મુદો ઉપસ્થિત કરતા આ જ ચેરમાંથી આપની જગ્યાએથી જ ગઈકાલની જ કાર્યવાહીની અંદર આપશ્રીએ રૂલિંગ આપ્યું છે કે આ શબ્દ રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવે અને અમિતભાઈએ દિલગીરી વ્યક્ત કરવી જોઈએ. મેં એ નિર્ણય માથે ચડાવી દિલગીરી વ્યક્ત કરી હતી, એટલે હું પણ અધ્યક્ષશ્રીના રૂલિંગને આપ જ્યારે રૂલિંગ આપો ત્યારે ધ્યાને લો એવી વિનંતી કરું છું.

**શ્રી અશોક ભટ્ટ** : આ બધી પરિસ્થિતિ કેમ પેદા થાય છે, એટલા માટે Practice and Procedure of Parliament જોતો હતો તો એમાં 'Leader of Opposition' ૧૪૩ માં લખેલ છે કે કેવા હોવા જોઈએ "The Leader of Opposition must himself be a skilled parliamentarian and familiar with tricky situation. He should be fully conversant with the rules of the House so that he might utilise the opportunities provided thereunder." સાહેબ, પરિસ્થિતિ આમાંથી જ પેદા થઈ છે. જો આ પ્રમાણેની Leader of Opposition હોય તો અમારે માફી મંગાવવાની પણ વાત ન કરવી જોઈએ. અમારે કાંઈ કહેવું પણ ન પડે. પાર્લામેન્ટરી પ્રક્ટિસની સ્કીલ્ડનો અભાવ હોવાના કારણે એના કારણે જે કોલ અને શકધરના સંદર્ભને અનુસરીને કહું છું કે વિરોધપક્ષના નેતા સ્કીલ્ડ હોવા જોઈએ, પાર્લામેન્ટરી પ્રેક્ટિસને જાણતા હોવા જોઈએ. એ જો હોય તો આવી પરિસ્થિતિ પેદા ન થાય, એટલું જ નહિ મારે આપના દ્વારા ગૃહને કહેવું છે કે એનો અભાવ આ પરિસ્થિતિને પેદા કરનાર છે. એમ મારું સ્પષ્ટ માનવું છે.

**શ્રી જગદીશ ઠાકોર** : આપના દ્વારા માર્ગદર્શન એટલા માટે માગવું પડે છે કે માનનીય વિરોધપક્ષના નેતાએ સભ્ય સુનીલભાઈની વાત ઉપર કે હાઉસના સભ્યનું કયાંય પણ અપમાન થતું હોય તો દિલગીરીની વાત કરી છે. વિરોધપક્ષની જેટલી જવાબદારી આ હાઉસ ચલાવવાની છે. તેના કરતાં પણ અધિક સરકારની પણ જવાબદારી છે. સાહેબ, માત્રને માત્ર મમત્વનો પ્રશ્ન બનાવવાનો હોય, માત્રને માત્ર વિરોધપક્ષ બોલે તેને જુદી

જુદી ભાષામાં લઈ અને વિરોધપક્ષને હાઉસમાં બેસવા નહીં દેવાનું નક્કી કરવામાં આવ્યું હોય, માત્રને માત્ર અને માનનીય અશોકભાઈએ ખૂબ સરસ વાત કરી કે વિરોધપક્ષના નેતાએ શું જાણવું જોઈએ, તેણે કયા નિયમોનો અભ્યાસ કરવો જોઈએ. તે જેટલું વિરોધપક્ષને લાગે છે તેટલું સરકારને પણ લાગે છે. સરકારના મંત્રીનો કેવો વ્યવહાર હોવો જોઈએ, સરકારનો કેવો વ્યવહાર હોવો જોઈએ, સરકાર તરફી ધારાસભ્યોનો કેવો વ્યવહાર હોવો જોઈએ તે બંને પક્ષે આવે છે.

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

આ બંને પક્ષે આવતું હોય ત્યારે ગુજરાતમાં જે પ્રણાલિકાઓ પડી રહી છે તે પ્રણાલિકાઓ આપણે આ ગુજરાતમાં જેમ માનનીય અશોકભાઈએ કહ્યું અને ઘણા અમારા સભ્યશ્રીઓએ પણ વાત કરી કે ભૂતકાળમાં એમણે જે પ્રણાલિકાઓ પાડી છે તેના ઉપર પુનરાવર્તન કરવા નથી માગતો. અમે તો એટલું જ કહેવા માગીએ છીએ કે કયાંક કોઈ વસ્તુ બની છે તો તેનો યોગ્ય ઉકેલ કેમ લાવવો જોઈએ. માત્ર ગઈકાલના બનાવને નજરમાં રાખીને જ જો કોઈ વ્યવહાર થવાનો હોય ટ્રેઝરી બેન્ચ તરફથી તો વિરોધપક્ષનો એટલો જ મજબૂત અધિકાર છે. વિરોધપક્ષ તરીકે પ્રજાએ અમને મોકલ્યા છે. પ્રજાની વાત કહેવામાં હાઉસની ટ્રેઝરી બૅન્ચ રોકી શકશે નહીં. બાનમાં લેવાનો ટ્રેઝરી બેન્ચ પ્રયત્ન કરતી હોય તો અમારા ભાગે કયાંય હાઉસનું અવમાન કરવાની વાત આવતી હોય તેના કરતાં દસઘણી આ હાઉસનું અવમાન કરવાની જવાબદારી ટ્રેઝરી બેન્ચની આવે છે. માનનીય અધ્યક્ષશ્રી વિનંતી કરવાની કે આનો સુખદ ઉકેલ આવે અને આપનું યથાયોગ્ય માર્ગદર્શન અમને મળી રહે. અમારા જેવા નવા ધારાસભ્યો આવ્યા છે તેને કંઈક દિશા મળે અને સમગ્ર ગુજરાતની ચિંતા કરવાનું આ મંદિર છે તે મંદિરમાં કાયમી કોઈ સારો ઉકેલ આવે તેવું આપ માર્ગદર્શન આપશો તેવી વિનંતી.

**અધ્યક્ષશ્રી** : હવે આપણે આ અંગે ઘણી જ ચર્ચા કરી છે, વિશદ ચર્ચા થઈ છે. મને લાગે છે કે ઘણા દિવસો સુધી ગૃહ ચાલવાનું છે, અનેક પ્રશ્નોની ચર્ચા થવાની છે અને આ બધા પ્રશ્નો સુમેળે ચર્ચાય તે અગત્યનું છે. મને લાગે છે એટલા માટે ગઈકાલે જે પ્રશ્ન ઊભો થયો ત્યારે. અમિતભાઈએ તે સ્વીકારીને આ ગૃહની શાન વધારી હતી. મારી પણ લાગણી છે કે માણસ પ્રવચન કરતો હોય ત્યારે ઇચ્છા કે અનિચ્છાએ કેટલાક શબ્દો એના મોંમાંથી નીકળી જતા હોય છે. ઉતાવળમાં કંઈક બોલી જવાયું હોય તેવા સમયે પણ આપણે બહુ ગંભીર ન માનતાં અને બોલનાર સભ્યે પોતાની ભૂલ થઈ છે, ઉતાવળે ભૂલ થઈ છે તેવું લાગતું હોય તે શબ્દો અંગે દિલસોજી વ્યક્ત કરી શકાય, તેમાં દુઃખ ન થવું જોઈએ. મારી લાગણી છે કે સુનિલભાઈની ગેરહાજરીના સંદર્ભમાં વિરોધપક્ષના નેતાશ્રીએ જે શબ્દોનું ઉચ્ચારણ કર્યુ (xxx) તેનો જો ખોટો અર્થ જતો હોય તે પ્રવચનમાં આવો અર્થ થતો હોય તેવું લાગતું હોય અને તેવું અર્થઘટન તેમના મનમાં ન હોય તો તે અંગેની માફી માગી લેવી જોઈએ અને તેવું અર્થઘટન થાય છે અત્યારે તો તે માટે માફી માગે એમાં કંઈ થવાનું નથી. ઉત્તમ વસ્તુ થવાની છે. એક મિનિટ પ્લીઝ. માનનીય અર્જુનભાઈ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિઆ** : માનનીય અધ્યક્ષશ્રી, બધુ ત્યાંથી બ્રીફ લઈને મારે કરવાનું નથી. મેં પહેલાં સ્પષ્ટતા કરી છે કે સુનિલભાઈની ગેરહાજરી બાબતે મારી કોઈ ટિપ્પણી નથી અને હું એ પણ નિયમ જાણું છું કે ગેરહાજર રહેલ સભ્યની કોઈ ટીકા કરવાનો અર્થ જ નથી. મેં સુનિલભાઈનું નામ પણ લીધું નથી. મેં આપને પણ વિનંતી કરી છે કે આપ પણ રેકર્ડ જોઈને આ ચેક કરી જુઓ કે કોઈ જગ્યાએ માનનીય સુનિલભાઈના સંદર્ભમાં જે ટિપ્પણીઓ થઈ છે એ માનનીય સુનિલભાઈના સંદર્ભમાં થઈ છે કે કેમ? મારી જે ટિપ્પણીઓ હતી એ રાજય સરકારના સંદર્ભમાં હતી.

**અધ્યક્ષશ્રી** : પ્લીઝ, હું આપનું ધ્યાન દોરું કે, મેં આખું રેકર્ડ જોયું છે એમાં જેવો મેં પ્રશ્ન મૂક્યો, સુનિલભાઈ, સુનિલભાઈ, એટલે આપ સીધા જ બોલી ગયા છો કે (xxx) થયું, સાહેબ, (xxx) થયું છે એટલે જે અર્થના સંદર્ભમાં છે એવો અર્થ નીકળે છે, એવું અર્થઘટન થાય છે, એટલે આપ સહેજ એ અર્થઘટન થતું હોય તો એ અંગે માફી માગી લો છો, એવું કહી દો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિઆ** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપને એમ કહું કે, મારો એવો કોઈ ઇરાદો ન હતો, મારો ઇરાદો સરકારનું ધ્યાન આકર્ષિત કરવાનો હતો, સરકારની જે નીતિ- બાબત છે તે ટીકા કરવાનો હતો અને એ મારો અધિકાર છે.આજે પણ હું એ ટીકાને વળગી રહું છું. માનનીય સુનિલભાઈની જે વાત છે એ સુનિલભાઈ શું કરવા હાજર રહ્યા, શું કરવા હાજર ન રહ્યા, એમાં હું પડતો નથી. માનનીય સુનિલભાઈએ આવીને મને આ વાત કરી હોત કે મારી લાગણી દુભાઈ છે તો એ વાતની મારી તૈયારી હતી. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શ્રમમંત્રીશ્રી બેઠા છે, મને તો એવા સમાચાર મળ્યા છે કે, એ તો જવાબ આપવા માટે પણ તૈયાર છે પણ ગમે તેમ થયું, અહીં આ પ્રશ્ન ઉપસ્થિત કરવાની જે ગૃહની તક હતી એ તકથી વંચિત રહ્યા છીએ, ફરી પાછું રિપીટ કરું છું કે માનનીય સુનિલભાઈની બાબતે મેં કોઈ ઉચ્ચારણ, એમની લાગણી દુભાય, એમને વ્યકિતગત નજરમાં રાખીને કરેલાં નથી. મારાં ઉચ્ચારણો જે કંઈ છે એ સરકારના સંદર્ભમાં જ સમજવાનાં છે અને હું માનું છું કે, એનો અર્થ એવી રીતે જ નીકળવો જોઈએ અને છતાં પણ હું એમ કહું છું

કે, કોઈ એવું અર્થઘટન કોઈ જાતે જ કરતા હોય કે સુનિલભાઈના સંદર્ભમાં આ શબ્દ બોલાયા છે તો હું એના પ્રત્યે માનનીય સુનિલભાઈના સંદર્ભની જે વાત આવે છે એના પ્રત્યે દિલગીરી વ્યક્ત કરું છું.

# રાજયપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (પહેલો દિવસ)

**અધ્યક્ષશ્રી** : નામદાર રાજયપાલશ્રીના સંબોધન માટે માનનીય સભ્યશ્રી માધાભાઈ બોરીચા તરફથી જે આભાર પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો છે અને જેને માનનીય સભ્યશ્રી મોહનભાઈ કુંડારિયાએ અનુમોદન આપ્યું છે તે નીચે મુજબ છે.

" રાજયપાલશ્રીને નીચે મુજબનો સંદેશો પાઠવવો-

" અમો, આ સત્રમાં એકત્ર થયેલા ગુજરાત વિધાનસભાના સભ્યો, રાજયપાલશ્રીએ આ સભાગૃહ સમક્ષ કરેલા સંબોધન બદલ તેમનો આભાર માનીએ છીએ."

હવે માનનીય સભ્યશ્રીઓ પોતાના સુધારા રજૂ કરે.

### રાજયપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પરના સુધારા

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત :** માનનીય અધ્યક્ષશ્રી, હું નીચે મુજબનો મારો સુધારો ક્રમાંકઃ ૧ રજૂ કરું છું.
"વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર સમીટની ફલશ્રુતિ રૂપે ૩૦૨ પ્રોજૅકટોની દરખાસ્ત પ્રાપ્ત થઈ છે તેમાંથી કેટલા પ્રોજૅકટો કેટલી રકમના કયા કારણોસર ખસી ગયા છે તે બાબતનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી."

**સુધારા ક્રમાંક : ૧ રજૂ કરવામાં આવ્યો છે.**

**શ્રી પુંજાભાઈ ભી. વંશ : :** માનનીય અધ્યક્ષશ્રી, હું નીચે મુજબનો મારો સુધારો ક્રમાંકઃ ૩ રજૂ કરું છું.
"ગુજરાત રાજય પૅટ્રોલિયમ કૉર્પોરેશન લી. દ્વારા શોધવામાં આવેલા ૧૧ ક્ષેત્રોમાંથી કેટલા પ્રમાણમાં ગેસ અને કેટલું ઑઈલ પ્રાપ્ત થશે તે બાબતનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી."

**સુધારા ક્રમાંક : ૩ રજૂ કરવામાં આવ્યો છે.**

**શ્રી સાબીરભાઈ અ. ખેડાવાલા : :** માનનીય અધ્યક્ષશ્રી, હું નીચે મુજબનો મારો સુધારો ક્રમાંકઃ ૪ રજૂ કરું છું.

"અમદાવાદ શહેરના વટવા- નરોડા જેવા ઔદ્યોગિક વિસ્તારોમાં રહેતી આમ જનતાને કેમીકલ્સયુકત પાણીના ભરેલા તળાવોમાંથી પસાર થવું પડે છે તે બાબતનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી."

**સુધારા ક્રમાંક : ૪ રજૂ કરવામાં આવ્યો છે.**

**શ્રી પરેશભાઈ ધી. ધાનાણી : :** માનનીય અધ્યક્ષશ્રી, હું નીચે મુજબનો મારો સુધારો ક્રમાંકઃ ૫ રજૂ કરું છું.

" રાજયમાં બંધ પડેલા ઉદ્યોગોને પુનઃ ધમધમતા કરવા બાબતનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી."

**સુધારા ક્રમાંક : ૫ રજૂ કરવામાં આવ્યો છે.**

**શ્રી ભીખાભાઈ ગ. જોષી : :** માનનીય અધ્યક્ષશ્રી, હું નીચે મુજબનો મારો સુધારો ક્રમાંકઃ ૬ રજૂ કરું છું.

" સૌરાષ્ટ્રના ગ્રામ્ય અને મોટા શહેરોમાં આજે પણ એકાંતરે પીવાના પાણી અપાય છે તે બાબતનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી."

**સુધારા ક્રમાંક : ૬ રજૂ કરવામાં આવ્યો છે.**

**શ્રી બલદેવજી ચં. ઠાકોર : :** માનનીય અધ્યક્ષશ્રી, હું નીચે મુજબનો મારો સુધારો ક્રમાંકઃ ૭ રજૂ કરું છું.

"કિસાન ક્રેડિટ કાર્ડ ઉપર કેટલા ખેડૂતોને કેટલું ધીરાણ અપાયું તે બાબતનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી."

**સુધારા ક્રમાંક : ૭ રજૂ કરવામાં આવ્યો છે.**

**ડૉ. અનિલ જોષીયારા : :** માનનીય અધ્યક્ષશ્રી, હું નીચે મુજબનો મારો સુધારો ક્રમાંકઃ ૮ રજૂ કરું છું.

"રાજયમાં આવેલ જળાશયો આધારિત પાણી પુરવઠા યોજનામાં પાઈપ લાઈન નાખવાના ટેન્ડરોમાં થયેલી ગેરરીતિઓ અને હલકી કક્ષાની પાઈપોની ખરીદી થઈ હોવાથી વારંવાર આ લાઈનો તૂટી જાય છે તે બાબતનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી."

**સુધારા ક્રમાંક : ૮ રજૂ કરવામાં આવ્યો છે.**

**ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા :** માનનીય અધ્યક્ષશ્રી, હું નીચે મુજબનો મારો સુધારો ક્રમાંક: ૯ રજૂ કરું છું.

"સુજલાલ સુફલામ યોજનાના કામો મોટા કોન્ટ્રાકટરો-ટેકેદારોને આપવામાં થયેલી ગેરરીતિઓ બાબતે પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી."

**સુધારા ક્રમાંક : ૯ રજૂ કરવામાં આવ્યો છે.**

**શ્રી જગદીશ ઠાકોર : :** માનનીય અધ્યક્ષશ્રી, હું નીચે મુજબનો મારો સુધારો ક્રમાંક: ૧૦ રજૂ કરું છું.

"કર્મચારીને કર્મયોગી બનાવવા પાછળ થતા મોટા ખર્ચાઓ અને તે પાછળ તથા સમયના વ્યય બાબતનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી."

**સુધારા ક્રમાંક : ૧૦ રજૂ કરવામાં આવ્યો છે.**

**શ્રી છનાભાઈ કો. ચૌધરી : :** માનનીય અધ્યક્ષશ્રી, હું નીચે મુજબનો મારો સુધારો ક્રમાંક: ૧૧ રજૂ કરું છું.

" પાણી માટેના હેન્ડપંપો બિસ્માર હાલતમાં છે તેમજ ભૂતળમાં પાણી નથી જેને રિચાર્જ કે ઊંડા કરવાને લગતી બાબતનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી."

**સુધારા ક્રમાંક : ૧૧ રજૂ કરવામાં આવ્યો છે.**

**શ્રી શંકરભાઈ દે. વાઘેલા :** માનનીય અધ્યક્ષશ્રી, હું નીચે મુજબનો મારો સુધારો ક્રમાંક: ૧૨ રજૂ કરું છું.

" ગ્રામસભાઓ બોલાવાય છે પરંતુ ગામના સરપંચને તેની જાણ કરાતી નથી ઉચ્ચ કક્ષાના અધિકારીઓ દ્વારા જ કાર્યવાહી કરવામાં આવે છે તે બાબતનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી."

**સુધારા ક્રમાંક : ૧૨ રજૂ કરવામાં આવ્યો છે.**

**શ્રીમતી ભારતીબેન ન. પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, હું નીચે મુજબનો મારો સુધારો ક્રમાંક: ૧૩ રજૂ કરું છું.

"ગ્રામ સભાઓ બોલાવાય છે પરંતુ ગ્રામ સભાઓ પાસે બંધારણીય સત્તા ન હોવાથી રજૂ થયેલા પ્રશ્નોનો ઉકેલ આવતો નથી અને એકના એક પ્રશ્નો વારંવાર બીજી ગ્રામ સભાઓમાં રજૂ થતા હોય છે તે બાબતનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી."

**સુધારા ક્રમાંક : ૧૩ રજૂ કરવામાં આવ્યો છે.**

**શ્રી અમિત અ. ચાવડા : :** માનનીય અધ્યક્ષશ્રી, હું નીચે મુજબનો મારો સુધારો ક્રમાંક: ૧૪ રજૂ કરું છું.

"ગ્રામ પંચાયતોમાં કૉમ્પ્યુટરો ચલાવવા માટે તાલીમબદ્ધ કર્મચારીઓ નથી તેમજ કેટલાય કૉમ્પ્યુટરો બગડેલા અને બંધ હાલતમાં પડ્યા રહ્યા છે તે બાબતનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી."

**સુધારા ક્રમાંક : ૧૪ રજૂ કરવામાં આવ્યો છે.**

**શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર : :** માનનીય અધ્યક્ષશ્રી, હું નીચે મુજબનો મારો સુધારો ક્રમાંક: ૧૫ રજૂ કરું છું.

"શ્રમયોગી યોજના અન્વયે રાજય સરકારે કેટલી મૂડી ખર્ચી અને કેન્દ્ર સરકારે કેટલી રકમ ફાળવી તે બાબતનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી.

**સુધારા ક્રમાંક : ૧૫ રજૂ કરવામાં આવ્યો છે.**

**શ્રી મોહંમદફારુક હુ. શેખ :**માનનીય અધ્યક્ષશ્રી, હું નીચે મુજબનો મારો સુધારો ક્રમાંક: ૧૬ રજૂ કરું છું.

" રાજયમાં જિલ્લાવાર રોજગાર વિનિમય કચેરીઓમાં કેટલા બેરોજગારો નોંધાયેલા છે તે બાબતનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી."

**સુધારા ક્રમાંક : ૧૬ રજૂ કરવામાં આવ્યો છે.**

**ડૉ. દિનેશ પરમાર : :** માનનીય અધ્યક્ષશ્રી, હું નીચે મુજબનો મારો સુધારો ક્રમાંક: ૧૭ રજૂ કરું છું.

" કૃષિ મહોત્સવથી હરિયાળી ક્રાંતિ સર્જવાની વાત થઈ પરંતુ ખેડૂતોના પડતર પ્રશ્નોના ઉકેલ બાબતનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી."

**સુધારા ક્રમાંક : ૧૭ રજૂ કરવામાં આવ્યો છે.**

**શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, હું નીચે મુજબનો મારો સુધારો ક્રમાંક-૧૮ રજૂ કરું છું.

"ઈન્દિરા આવાસ યોજના માટે કેન્દ્ર સરકારે રાજય સરકારને કયારે કેટલી રકમ ફાળવી તે બાબતનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી."

**સુધારા ક્રમાંક-૧૮ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી હેમાજી દ. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, હું નીચે મુજબનો મારો સુધારો ક્રમાંક-૧૯ રજૂ કરું છું. "સરદાર પટેલ આવાસ યોજના અન્વયે ભૂમિહીન ખેતમજૂરો અને ગ્રામ્ય કારીગરોને મફત ઘર થાળના પ્લૉટ માટે ગૌચરમાંથી ગામતળમાં કેટલી જમીનને નીમ કરવામાં આવી તથા તાલુકા-જિલ્લા કક્ષાએ કેટલાને લાભો આપવામાં આવ્યા તે બાબતનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી.

**સુધારા ક્રમાંક-૧૯ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રીમતી રશીદા ઈ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું નીચે મુજબનો મારો સુધારો ક્રમાંક-૨૦ રજૂ કરું છું. "રાજયમાં વીજ માંગ કેટલી છે તેને પહોંચી વળવા કેટલી વીજળી અન્ય રાજય પાસેથી ખરીદવી પડે છે તેનો તથા ઉદ્યોગો ઉપર વારંવાર મૂકવામાં આવતા વીજ કાપ બાબતનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી.

**સુધારા ક્રમાંક-૨૦ રજૂ કરવામાં આવ્યો.**

**ડૉ. સી. જે. ચાવડા** : માનનીય અધ્યક્ષશ્રી, હું નીચે મુજબનો મારો સુધારો ક્રમાંક-૨૨ રજૂ કરું છું "રાજયમાં એક યુનિવર્સિટીમાંથી ચાર કૃષિ યુનિવર્સિટી બનાવ્યાનો ઉલ્લેખ છે. પરંતુ ભારતનું ડૅન્માર્ક એવા ગુજરાતમાં અને શ્વેત ક્રાંતિ જે રાજયમાં સફળ થઈ છે એવા ગુજરાતમાં "પશુપાલન અને પશુ સંવર્ધન યુનિવર્સિટી" ની સ્થાપના અંગેનો પ્રવચનમાં કોઈ ઉલલેખ નથી."

**સુધારા ક્રમાંક-૨૨ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું નીચે મુજબનો મારો સુધારો ક્રમાંક-૨૪ રજૂ કરું છું

"ઉચ્ચ અને ટૅક્નીકલ શિક્ષણ ગરીબ અને મધ્યમવર્ગને આર્થિક રીતે પોષાય તેમ રહ્યું નથી તથા સ્વનિર્ભર કૉલેજોને પૂરતી સુવિધાઓ ન હોવા છતાં મંજૂરીઓ આપવામાં આવી છે તે બાબતનો પ્રવચનમાં ઉલ્લેખ નથી.

**સુધારા ક્રમાંક-૨૪ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી માધુભાઈ જે. ભોયે** : માનનીય અધ્યક્ષશ્રી, હું નીચે મુજબનો મારો સુધારો ક્રમાંક-૨૫ રજૂ કરું છું "આદિજાતિ વિકાસ અંતર્ગત આદિવાસી પેટા યોજનાઓ માત્ર એન.જી.ઓ.ના હવાલે મૂકી દીધી છે અને નાણાંનો દુર્વ્યય થાય છે તે બાબતનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી.

**સુધારા ક્રમાંક-૨૫ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, હું નીચે મુજબનો મારો સુધારો ક્રમાંક-૨૬ રજૂ કરું છું. "નર્મદાના ધોધમાંથી ઉત્પન્ન થયેલ ૧૦૫૦ મેગાવોટ વીજળીમાંથી ગુજરાતના ભાગે કેટલી વીજળી મળી તે બાબતનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી.

**સુધારા ક્રમાંક-૨૬ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી સાબીરભાઈ અ. ખેડાવાલા** : માનનીય અધ્યક્ષશ્રી, હું નીચે મુજબનો મારો સુધારો ક્રમાંક-૩૦ રજૂ કરું છું.

"રાજયમાં લઘુમતી વર્ગના લોકોના કલ્યાણ માટે કે ઉત્કર્ષ માટે તથા તેમના પર થતાં અત્યાચારો અટકાવવા અંગે અને લઘુમતી વર્ગના લોકોના શૈક્ષણિક ઉત્થાન માટેના પગલાંનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી.

**સુધારા ક્રમાંક-૩૦ રજૂ કરવામાં આવ્યો.**

## રાજયપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પરનાસુધારાની એકત્રિત યાદી

| અ.નં.<br>૧ | સુધારો<br>૨. | રજૂ કરનાર સભ્યશ્રી<br>૩. |
|---|---|---|
| | **પ્રસ્તાવના અંતે નીચેના શબ્દો ઉમેરવા :–**<br>**"પરંતુ દિલગીર છીએ કે –** | |
| ૧. | વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર સમીટની ફલશ્રૃતી રૂપે ૩૦૨ પ્રોજેકટોની દરખાસ્ત પ્રાપ્ત થઈ છે તેમાંથી કેટલા પ્રોજેકટો કેટલી રકમના કયા કારણોસર | શ્રી બલવંતસિંહ રાજપૂત |

| | | |
|---|---|---|
| | ખસી ગયા છે તે બાબતનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી. | |
| * ૨. | ગીરના જંગલોમાં ટુંકા ગાળામાં ૩૦ થી વધુ સિંહોના મૃત્યુ થયા છે તે બાબતનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી. | શ્રી જશાભાઈ બારડ |
| ૩. | ગુજરાત રાજય પેટ્રોલીયમ કોર્પોરેશન લી. ધ્વારા શોધવામાં આવેલા ૧૧ ક્ષેત્રોમાંથી કેટલા પ્રમાણમાં ગેસ અને કેટલું ઓઈલ પ્રાપ્ત થશે તે બાબતનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી. | શ્રી પુંજાભાઈ વંશ |
| ૪. | અમદાવાદ શહેરના વટવા–નરોડા જેવા ઔદ્યોગિક વિસ્તારોમાં રહેતી આમ જનતાને કેમીકલ્સયુકત પાણીના ભરેલા તળાવોમાંથી પસાર થવું પડે છે તે બાબતનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી. | શ્રી સાબીરભાઈ ખેડાવાળા |
| ૫. | રાજયમાં બંધ પડેલા ઉદ્યોગોને પુનઃ ધમધમતા કરવા બાબતનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી. | શ્રી પરેશભાઈ ધાનાણી |
| ૬. | સૌરાષ્ટ્રના ગ્રામ્ય અને મોટા શહેરોમાં આજે પણ એકાંતરે પીવાના પાણી અપાય છે તે બાબતનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી. | શ્રી ભીખાભાઈ જોષી |
| ૭. | કિસાન ક્રેડિટ કાર્ડ ઉપર કેટલા ખેડુતોને કેટલું ધિરાણ અપાયું તે બાબતનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી. | શ્રી બળદેવજી ઠાકોર |
| ૮. | રાજયમાં આવેલ જળાશયો આધારિત પાણી પુરવઠા યોજનામાં પાઈપ લાઈન નાખવાના ટેન્ડરોમાં થયેલી ગેરરીતિઓ અને હલકી કક્ષાની પાઈપોની ખરીદી થઈ હોવાથી વારંવાર આ લાઈનો તુટી જાય છે તે બાબતનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી. | ડૉ. અનિલભાઈ જોષીયારા |
| ૯. | સુજલામ સુફલામ યોજનાના કામો મોટા કોન્ટ્રાકટરો–ટેકેદારોને આપવામાં થયેલી ગેરરીતિઓ બાબતે પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી. | ડૉ. ચંદ્રિકાબેન ચુડાસમા |
| | | |
| ૧૦. | કર્મચારીને કર્મયોગી બનાવવા પાછળ થતા મોટા ખર્ચાઓ અને તે પાછળ થતા સમયના વ્યય બાબતનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી. | શ્રી જગદીશ ઠાકોર |
| ૧૧. | પાણી માટેના હેન્ડ પંપો બીસ્માર હાલતમાં છે તેમજ ભુતળમાં પાણી નથી જેને રીચાર્જ કે ઉંડા કરવાને લગતી બાબતનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી. | શ્રી છનાભાઈ ચૌધરી |
| ૧૨. | ગ્રામ સભાઓ બોલાવાય છે પરંતુ ગામના સરપંચને તેની જાણ કરાતી નથી ઉચ્ચ કક્ષાના અધિકારીઓ ધ્વારા જ કાર્યવાહી કરવામાં આવે છે તે બાબતનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી. | શ્રી શંકરભાઈ વાઘેલા |
| ૧૩. | ગ્રામ સભાઓ બોલાવાય છે પરંતુ ગ્રામ સભાઓ પાસે બંધારણીય સત્તા ન હોવાથી રજુ થયેલા પ્રશ્નોનો ઉકેલ આવતો નથી અને એકના એક પ્રશ્નો વારંવાર બીજી ગ્રામ સભાઓમાં રજુ થતા હોય છે તે બાબતનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી. | શ્રીમતી ભારતીબેન પટેલ |
| ૧૪. | ગ્રામ પંચાયતોમાં કોમ્પ્યુટરો ચલાવવા માટે તાલીમબધ્ધ કર્મચારીઓ નથી તેમજ કેટલાય કોમ્પ્યુટરો બગડેલા અને બંધ હાલતમાં પડયા રહયા છે તે બાબતનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી. | શ્રી અમિતભાઈ ચાવડા |
| ૧૫. | શ્રમયોગી યોજના અન્વયે રાજય સરકારે કેટલી મુડી ખર્ચી અને કેન્દ્ર સરકારે કેટલી રકમ ફાળવી તે બાબતનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી. | શ્રી રાજેન્દ્રસિંહ પરમાર |
| ૧૬. | રાજયમાં જિલ્લાવાર રોજગાર વિનિમય કચેરીઓમાં કેટલા બેરોજગારો નોંધાયેલા છે તે બાબતનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી. | શ્રી ફારુકભાઈ શેખ |
| ૧૭. | કૃષિ મહોત્સવથી હરિયાળી ક્રાંતિ સર્જવાની વાત થઈ પરંતુ ખેડૂતોના પડતર પ્રશ્નોના ઉકેલ બાબતનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી. | ડૉ. દિનેશ પરમાર |
| ૧૮. | ઈન્દિરા આવાસ યોજના માટે કેન્દ્ર સરકારે રાજય સરકારને કયારે કેટલી રકમ ફાળવી તે બાબતનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી. | શ્રી નટવરસિંહ ઠાકોર |
| ૧૯. | સરદાર પટેલ આવાસ યોજના અન્વયે ભૂમીહિન ખેતમજુરો અને ગ્રામ્ય | શ્રી હેમાજી રાજપૂત |

| | | |
|---|---|---|
| | કારીગરોને મફત ઘર થાળના પ્લોટ માટે ગૌચરમાંથી ગામતળમાં કેટલી જમીનને નીમ કરવામાં આવી તથા તાલુકા–જિલ્લા કક્ષાએ કેટલાને લાભો આપવામાં આવ્યા તે બાબતનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી. | |
| ૨૦. | રાજયમાં વીજ માંગ કેટલી છે તેને પહોંચી વળવા કેટલી વીજળી અન્ય રાજય પાસેથી ખરીદવી પડે છે તેનો તથા ઉદ્યોગો ઉપર વારંવાર મૂકવામાં આવતા વિજ કાપ બાબતનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી. | શ્રીમતી રશીદાબેન પટેલ |
| * ૨૧. | રાજયમાં ગરીબી હેઠળ જીવતા કુટુંબોનું વિભાજન થતાં બી.પી.એલ.ના કાર્ડ ધારકો પૈકી વિભાજન હેઠળના કુટુંબોને એ.પી.એલ. કાર્ડ આપી મોઘા ભાવની જીવન જરૂરીયાતની વસ્તુઓ ખરીદવાની ફરજ પાડવામાં આવતી હોવાની બાબતનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી. | શ્રી અનિલ પટેલ |
| ૨૨. | રાજયમાં એક યુનિવર્સિટીમાંથી ચાર કૃષિ યુનિવર્સિટી બનાવ્યાનો ઉલ્લેખ છે. પરંતુ ભારતનું ડેન્માર્ક એવા ગુજરાતમાં અને શ્વેતકાંતિ જે રાજયમાં સફળ થઈ છે એવા ગુજરાતમાં "પશુપાલન અને પશુસંવર્ધન યુનિવર્સિટી" ની સ્થાપના અંગેનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી. | ડૉ. સી. જે. ચાવડા |
| * ૨૩. | રાજયના અંતરિયાળ વિસ્તારોમાં પ્રાથમિક શિક્ષકો કે વર્ગ ખંડો ઉપલબ્ધ નથી અને છાપરા વિનાની શાળાઓમાં ખુલ્લામાં બાળકો અભ્યાસ કરે છે તે બાબતનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી. | શ્રી લક્ષ્મણભાઈ પટેલ |
| ૨૪. | ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણ ગરીબ અને મધ્યમવર્ગને આર્થિક રીતે પોષાય તેમ રહયું નથી તથા સ્વનિર્ભર કોલેજોને પૂરતી સુવિધાઓ ન હોવા છતાં મંજુરીઓ આપવામાં આવી છે તે બાબતનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી. | શ્રી કુંવરજીભાઈ બાવળીયા |
| ૨૫. | આદિજાતિ વિકાસ અંતર્ગત આદિવાસી પેટા યોજનાઓ માત્ર એન.જી.ઓ.ના હવાલે મુકી દીધી છે અને નાણાનો દુરવ્યય થાય છે તે બાબતનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી. | શ્રી માધુભાઈ ભોયે |
| ૨૬. | નર્મદાના ધોધમાંથી ઉત્પન્ન થયેલ ૧૦૫૦ મેગાવોટ વિજળીમાંથી ગુજરાતના ભાગે કેટલી વિજળી મળી તે બાબતનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી. | શ્રી બાબુભાઈ મેઘજીભાઈ શાહ |
| * ૨૭. | બીજા રાજયો કરતાં ગુજરાતમાં વિજળીના ખુબજ ઉંચા ભાવો છે તે અંગેનો તેમજ ખોટનું પ્રમાણ કેટલી રકમનું ઘટયું છે તે બાબતનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી. | શ્રી માલજીભાઈ દેસાઈ |
| * ૨૮. | નર્મદા કેનાલથી થોડા જ અંતરે આવેલા મોટા ભાગના વિસ્તારોને સિંચાઈ સુવિધાથી વંચિત રખાયા છે તે બાબતનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી. | શ્રી ભેમાભાઈ પટેલ |
| •* ૨૯. | રાજયના ખેડુતોને કપાસના તથા અન્ય પાકના પોષણક્ષમ ભાવો મળેલ નથી અને ખેડુત દેવાદાર બની ગયો છે તે બાબતનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી. | શ્રી ગૌતમભાઈ ઝાલા (શ્રી શંકરભાઈ વારલી) |
| ૩૦. | રાજયમાં લઘુમતિ વર્ગના લોકોના કલ્યાણ માટે કે ઉત્કર્ષ માટે તથા તેમના પર થતાં અત્યાચારો અટકાવવા અંગે અને લઘુમતિ વર્ગના લોકોના શૈક્ષણિક ઉત્થાન માટેના પગલાંનો પ્રવચનમાં કોઈ ઉલ્લેખ નથી. | શ્રી સાબીરભાઈ ખેડાવાલા |

**શ્રી માધાભાઈ લા. બોરીચા (કેશોદ)** : માનનીય અધ્યક્ષશ્રી, મહામહીમ રાજયપાલશ્રીએ આ ગૃહને જે સંબોધન કર્યું એ બદલ સંબોધન ઉપર હું માનનીય રાજયપાલશ્રીનો આભાર માનવા માટે અહીંયા આગળ ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, સતત બીજા વર્ષે ગુજરાતના રાજ્યપાલ તરીકે માનનીય રાજયપાલશ્રીએ પોતાની જૈફ ઉંમર હોવા છતાં ૧ કલાક અને ૫૦ મિનિટ સુધી આ ગૃહને ઉદ્‌બોધન કરીને ગુજરાતની વિકાસ યાત્રામાં લોકોની સહભાગીદારીથી મહાત્મા ગાંધીજી, સરદાર વલ્લભભાઈ પટેલ અને સ્વામી દયાનંદ સરસ્વતીજીના

• આ સુધારા સભાગૃહમાં રજૂ કરવામાં આવ્યા નહીં.

આદર્શો અને ઉચ્ચ મૂલ્યોને સ્થાપિત કરવાની દિશામાં જઈ રહેલી આ સરકારની અનેકવિધ યોજનાઓ ઉપર પ્રકાશ પાડવા માટેનો પ્રશસ્ય પ્રયાસ કર્યો છે એ માટે હું રાજયપાલશ્રીને તેમના આ વિદ્વતાપૂર્ણ અને ગુજરાતને ૨૧મી સદીમાં દોરી જનાર પ્રશાસકીય કુશલ આયોજન આપવાનું જેમનામાં નેતૃત્વ છે એ માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની આગેવાની નીચે ગુજરાત રાજય ૨૧મી સદીના પ્રારંભે પહેલા દાયકાની અંદર વૈશ્વિક ગુજરાતની એક ઓળખ પ્રસ્થાપિત કરવા અને ભારત અને વિશ્વમાં નામના પ્રસિદ્ધ કરવા માટે ગુજરાતને આગવું ગુજરાત બનાવવાની દિશામાં જઈ રહ્યા છીએ ત્યારે હું એના સંદર્ભમાં માનનીય રાજયપાલશ્રીને ખૂબ ખૂબ અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયપાલશ્રીનું પ્રવચન ગુજરાતની પ્રજાની ભાવનાનો પડઘો પાડનારું છે. ગુજરાતની સરકારની ઓળખ, એની વિચારધારા અને દેશની સંસ્કૃતિની સાથે જોડાયેલું છે.

આઝાદીના લડવૈયાઓ, આઝાદીના ઘડવૈયાઓની જે કલ્પના હતી કે આ દેશની અંદર આઝાદી આવે, આઝાદીની સાથે આબાદી પણ આવે અને હિંદુસ્તાનની અંદર ઘી-દૂધની નદીઓ વહે પણ આપણે જાણીએ છીએ કે, કમનસીબે આ દેશની અંદર આબાદી પણ ના આવી, આ દેશની અંદર ઘી-દૂધની નદીઓને બદલે ગૌવંશની હત્યાઓ થઈ અને નદીઓ સૂકી ભઠ્ઠ બની. આ નીતિની અંદર પરિવર્તન કરવાનું પ્રેરક બળ કોઈએ પણ પૂરું પાડ્યું હોય તો આપણા બંધારણના આમુખની અંદર તે બંધારણના રચયિતાઓએ શબ્દો મૂક્યા હતા કે "આ દેશની અંદર ગૌવંશ બંધી હોવી જોઈએ." મને એ વાતનો આનંદ છે કે અમારી આ સરકારે ન્યાયની અદાલતોની અંદર છેક સુધી લડીને ભારતીય બંધારણના ઘડવૈયાઓની જે કલ્પના હતી એને સાકાર કરવા માટેનો પ્રયાસ કરીને સુપ્રીમ કોર્ટ સુધી લડીને ગૌવંશ બંધીનો કાયદો આજે અમલમાં લઈ આવવાની સિદ્ધિ હાંસલ કરી છે. આ ગૌવંશ બંધીને કારણે ગુજરાતની અઢાર હજાર ગ્રામ પંચાયતોએ ગ્રામસભાની અંદર ઠરાવો પસાર કરીને ગુજરાત સરકારને અભિનંદન આપ્યા છે. એટલું જ નહિ પણ આ ચૂકાદાને કારણે ગુજરાત સિવાયના અન્ય રાજ્યોએ પણ એમાંથી પ્રેરણા લેવા માટેનું એક નવું દિશા દર્શન કરાવ્યું છે. રાજ્યપાલશ્રીના પ્રવચનમાં સરકારની વિકાસગાથાઓ રાજ્યપાલશ્રીએ મૂકી છે. રાજ્યપાલશ્રીનું આ પ્રવચન વિકાસના ક્ષેત્રે વિકાસ ગાથાની સાથે એકવીસમી સદીના પહેલા દાયકામાં ગુજરાતના ગૌરવને ઉન્નત કરવાની સાથે સાથે એકવીસમી સદીનું દિશા કંડારનારું છે. આજે વિજ્ઞાન દિવસ છે. સમગ્ર હિંદુસ્તાન વિજ્ઞાન દિવસની ઉજવણી કરે છે. મને કહેતાં આનંદ થાય છે કે હિંદુસ્તાનની અંદર ગુજરાત એ પ્રથમ કક્ષાનું રાજ્ય છે કે જે આઈ.ટી. ક્ષેત્રની અંદર સમગ્ર દેશમાં પ્રથમ નંબરે છે અને સમગ્ર વિશ્વની અંદર આઈ.ટી.ના ક્ષેત્રની અંદર ગુજરાતનો બીજો નંબર છે. આજે વિજ્ઞાન દિવસ છે ત્યારે આ સિદ્ધિ આપણા સૌના માટે ગૌરવ ઉપજાવનારી છે આના માટે હું આ રાજ્યના દીર્ઘ દ્રષ્ટા મુખ્યમંત્રીશ્રીને આ સમગ્ર ગૃહ વતી અભિનંદન આપીશ.

*"જબ બાત ચલેગી ઈસ યુગકી, તુમસે ગૌરવ પાયેગા,*
*ઇતિહાસ આપકે કદમોમેં, આકર શિશ ઝુકાયેગા"*

એજ ભાવ સાથે હું આ મોટા ગજાના કામ માટે આ એકવીસમી સદીના ગુજરાતને સમૃદ્ધ, શક્તિશાળી બનાવવાની વિકાસયાત્રામાં ગુજરાતને ભાગીદાર બનાવવાનું શ્રેય જેમને પ્રાપ્ત થયું છે એમને અભિનંદન આપીશ. આપણે ગુજરાતીઓ આજે વૈશ્વિક ગુજરાતીઓ બન્યા છીએ. મુખ્યમંત્રીશ્રીએ જે પ્રયાસો આદરીને બીજા રાજ્યોને પ્રેરણા આપી છે એવી આપણી ગુજરાતની ધરતી સાંસ્કૃતિક રાષ્ટ્રવાદની પ્રયોગ ભૂમિ બની છે. આપણે અનેકવિધ સોપાનો આ દિશામાં સર કર્યા છે ગુજરાત આજે દેશનું નંબર વન રાજ્ય બન્યું છે. ગુજરાતને ગૌરવ અપાવનાર આપણા આ રાજયના આ ગૃહના નેતા એક કુશળ પ્રશાસક છે અને એમણે દેશના સર્વશ્રેષ્ઠ મુખ્યમંત્રી તરીકે એકવાર નહિ પણ બે વાર સિદ્ધિ હાંસલ કરી છે.

'કલ્પના' અને 'સંકલ્પના' સાકાર કરવી એ જુદી વસ્તુ છે. સ્વપનાંઓ સૌ કોઈને આવે, પરંતુ સ્વપનાંઓને સાકાર કરવા એ જુદી વાત છે. આ ગુજરાત રાજ્યની સંકલ્પના પ્રમાણેની સિદ્ધિઓ અપાવવાની અંદર આ રાજ્યના મુખ્યમંત્રીશ્રી સંપૂર્ણ સફળ નીવડ્યા છે. તેમણે જે સંકલ્પના કરી છે તે મુજબનું એક ઉજજવળ ગુજરાત, એક ઉન્નત ગુજરાત અને વિશ્વ આખામાં જેનું નામ રહે એવા ગુજરાતની દિશામાં તેઓ આગળ વધી રહયા છે. ભારત સરકારના આયોજન પંચે ગુજરાતને શ્રેષ્ઠ વિકાસ દર હાંસલ કરનાર શ્રેષ્ઠ રાજયનો દરજજો આપ્યો છે. યુ.પી.એ.ની સરકારે સૌથી વધારે ૯૪ હજાર કરોડથી અધિક મૂડી રોકાણ ધરાવનાર રાજય તરીકે પણ ગુજરાતને જાહેર કર્યુ છે. આપણે બધા જાણીએ છીએ કે આપણે ત્યાં દુષ્કાળ, આપણે ત્યાં આપત્તિઓનો સિલસિલો ચાલુ છે. ૨૦૦૦-૨૦૦૧ના વર્ષની અંદર આપણે ત્યાં ભૂકંપ આવ્યો તેની કારમી યાતનાઓથી આપણે બધા માહિતગાર છીએ. ભારતનો વિનાશકમાં વિનાશક તે ભૂકંપ હતો. તે ભૂકંપના પુન:વસનની અંદર જે ભૂકંપગ્રસ્ત લોકોને યોગ્ય સવલતો અને સેવાઓ આપવાની અંદર ગુજરાતનું નામ અગ્રિમ હરોળમાં છે અને એટલે જ તો આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે યુનોનો સાસાકાવા એવોર્ડ પણ આ સરકારને મળ્યો છે. ભૂતકાળની અંદર વિશ્વ બેન્કે આપણને લોન આપવાની પણ ના પાડી દીધી હતી કે ભારતને લોન ના મળી શકે. આ સરકારના સારા કામોથી પ્રેરાઈને આ વિશ્વ બેન્કે પણ આજે ગુજરાતને વર્લ્ડ બેન્કનો ગ્રીન એવોર્ડ આપ્યો છે. સુશાસન અને સુવ્યવસ્થા માટે આપણે સૌ ગૌરવ લઈ શકીએ એવી વાત તે કોમન વેલ્થનો ગોલ્ડ

એવોર્ડ આ ગુજરાતને મળ્યો છે. આ ગુજરાતનું ગૌરવ છે. આ ગુજરાતના સભાગૃહના સૌ સભ્યશ્રીઓએ તેમાં રાજી થવા જેવું છે. યુનેસ્કોનો હેરીટેજ એવોર્ડ પણ ગુજરાતને મળ્યો છે. સમગ્ર ભારતની અંદર આજે ગુજરાત એક ચાલક બળ બન્યું છે. અમારા શ્રધ્ધેય પંડિત દીનદયાળ ઉપાધ્યાયજી એકાત્મક માનવવાદના હિમાયતી હતા તેમનું તત્વચિંતન ઉંચુ હતું. તેઓ સામાજીક સમરસતાનાં હિમાયતી હતા. સાથે સાથે અમીરી અને ગરીબીની ભેદરેખા મીટાવવાના પણ હિમાયતી હતા અને તેમણે એક સૂત્ર આપ્યું હતું " હર હાથ કો કામ હર ખેત કો પાની " આ નીતિ પ્રમાણે અમારી સરકાર પંડિત દીનદયાળ ઉપાધ્યાયના માર્ગે બિલકુલપણે આગળ વધી રહી છે.

હું સૌરાષ્ટ્રમાંથી આવું છું, અમારું તેજદાર, ધારદાર, અમારું પાણીદાર ભાતીગળ સૌરાષ્ટ્ર જે પાણીની સમસ્યાઓથી ગ્રસ્ત બન્યું છે, ત્યાં ભૂતકાળમાં બારેમાસ વહેતી નદીઓ સુખી ભટ્ટ થઈ હતી ત્યાં આ દીનદયાળજીના પગલે ચાલીને અમારી ભારતીય જનતા પાર્ટીની સરકારે પ્રથમ સરદાર સહભાગી જળ સંચય યોજનાનો શુભારંભ કર્યો. સૌરાષ્ટ્રની અંદર ચેકડેમોના માધ્યમથી કૂવાના તળ ઉંચા આવ્યા છે. સૌરાષ્ટ્ર પીવાના પાણી માટે તલસતું હતું, તડપતું હતું ભૂતકાળની અંદર અમારા સૌરાષ્ટ્રના હ્દયસમા રાજકોટની અંદર ટ્રેઈન મારફતે પાણી પણ પહોંચાડવામાં આવ્યું હતું. જયારે જયારે દુષ્કાળ પડે ત્યારે ત્યારે મારા સાથી પક્ષના મિત્રો જયાંથી આવે તે સરકાર દ્વારા પંપો લગાવવાનાં કામો થતાં હતાં. તે સરકારની અંદર ટેન્કર લગાવવાના કામો થતા હતાં પરંતુ લોકોની યાતનાઓનો કાયમી અંત આવે એવી કોઈ વ્યવસ્થા નહોતી. મને કહેતાં આનંદ થાય છે કે અમારી સરકારે જે કહયું તે કરી બતાવ્યું. અમારી સરકારે કહયું હતું કે અમે સત્તામાં આવીશું તો અમે નર્મદાના પાણી પહોંચાડીશું અને મને તે વાતનો આનંદ છે કે ૭૦૦-૮૦૦ કિલોમીટર લાંબી પાઈપ લાઈન નાંખીને આજે માનનીય ચંદ્રિકાબેન જે વિસ્તારમાંથી આવે છે જે વિસ્તાર માંગરોળમાં મારા વતનના ગામ ચોરવાડમાં, મારા મત વિસ્તાર કેશોદમાં અને જૂનાગઢ જિલ્લાને નર્મદાનું પાણી મળેલ છે. આ નેવાંનાં પાણી મોભે ચઢયાં છે એ જેવી તેવી સિદ્ધિ નથી. માનનીય અધ્યક્ષશ્રી, સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતના ખેડૂતોને લલાટે દુષ્કાળ લખાયેલો હતો અને કાયમી ધોરણે અછતની આપત્તિઓ આવતી હતી. આ આપત્તિઓને ટાળવા માટેનું કામ જો કોઈએ પણ કર્યુ હોય તો એ અમારા જોમવંતા કે જેમની પાસે આગવી દ્રષ્ટિ છે એવા માનનીય મુખ્યમંત્રીશ્રીએ કર્યુ છે અને અમારા પાણીદાર પુરવઠા મંત્રીશ્રી નરોત્તમભાઈ પટેલે કર્યુ છે એમ કહું તો અસ્થાને નહીં ગણાય. આ કોઈ જેવી તેવી સિદ્ધિ નથી. અરે, સાહેબ, અમારે પીવાના પાણીના એક ગ્લાસ માટે ટળવળવું પડતું હતું અને આજે મને કહેવાનો આનંદ છે કે સૌરાષ્ટ્રના સૂકાભઠ્ઠ વિસ્તારની અને ઉત્તર ગુજરાતના અંતરિયાળ વિસ્તારની પીવાના પાણીની યોજનાઓ આ રાજય સરકારે બનાવી છે અને હજુ પણ ભારત સરકારની યોજનાઓની વાતો કરે છે. રિવર ગ્રીડ યોજનામાં નદીઓને જોડવાની વાત આ સરકારે સિદ્ધ કરી બતાવી છે. આજથી પાંચ વર્ષ પહેલાં નર્મદાનાં પાણી અમદાવાદની સાબરમતી નદીમાં નાંખીને આપણે નદીઓને જોડવાનું કામ કર્યુ છે. આ નદીઓનો સંગમ કર્યો છે, એટલું જ નહીં, પરંતુ હિન્દુઓની શ્રદ્ધાનું સ્થાન એવા સિધ્ધપુરમાં છેલ્લા ૪૫ વર્ષથી સરસ્વતી નદી લૂપ્ત થઈ ગઈ હતી એ સરસ્વતી નદીની સાથે નર્મદાનાં પાણીનો મહાસંગમ યોજવાનું એક ભગીરથ કામ આ સરકારે કર્યુ છે. આજે ઉત્તર ગુજરાતની સિધ્ધપુર ખાતે સરસ્વતી નદીમાં પાણી હિલોળા લે છે. આ વાત હું એટલા માટે કરું છું કે આવા અંતરિયાળ વિસ્તારમાં (અંતરાય) ચંદ્રિકાબેનને એ ખબર છે, એ મારા પાડોશમાં જ છે, તમે સાંભળો. એમની સમસ્યા અને અમારી સમસ્યા સરખી જ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આનંદ એ વાતનો છે કે હું જે ગામમાંથી આવું છું એ ગામ એટલે સૌરાષ્ટ્રનું કાશ્મીર ગણાય એવું ચોરવાડ એ હવા ખાવાનું અગત્યનું સ્થળ છે ત્યાં આજે ખારાં પાણી થવાના કારણે પીવાનું પાણી મળતું નથી એવી પરિસ્થિતિ છે. તો સરકારે ત્યાં મેઘલ નદી ઉપર ભરતી નિયંત્રકની યોજના કરી છે, એટલું જ નહીં, પરંતુ મેઘલથી શેરીયાજબારા, શેરીયાજબારાથી નોલી અને નેત્રાવતીને જોડતી સ્પ્રેડિંગ કેનાલનું કામ ચાલે છે અને આવતા દિવસોમાં દમણગંગાથી ચોરવાડ સુધી પીવાનું પાણી પહોંચાડવાની કેનાલના કામનું પણ આ સરકારે આયોજન કર્યુ છે. આ જેવી તેવી વાત નથી.

માનનીય અધ્યક્ષશ્રી, અમે જયારે વાત કરતા હતા કે નર્મદાનાં પાણી લઈ આવીશું ત્યારે અમને સામા પક્ષ તરફથી કહેવામાં આવતું કે નર્મદાનું પાણી નહીં પણ હવા આવશે, પરંતુ આજે આપણે જોઈએ છીએ કે હવા નહીં, પણ એમાંથી પાણી આવે છે એના આપણે સૌ કોઈ સાક્ષી છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, સિંચાઈના ક્ષેત્રમાં આ સરકારની અનેક યોજનાઓ હોય એમાં એક તો ખેત તલાવડી, આડબંધો, ચેકડેમો કે સુજલામ્ સુફલામ્ યોજના જેવી મહત્વની યોજના હોય એના માધ્યમથી અમે ખેડૂતોને બિચારો-બાપડો નહીં, પરંતુ પાણીદાર ખેડૂત બનાવવાનું આયોજન કર્યુ છે અને એ આયોજનના કારણે જે ખેતીની આવક વધી છે. આજે ગ્રીડ ઉર્જાના યોગ્ય સંશાધન અને યોગ્ય વ્યવસ્થાને કારણે, જલસંશાધનના કારણે, જળસંચયના કારણે કૂવાનાં સ્તર ઉંચાં આવ્યાં છે. સાથે સાથે ખેડૂતોને ખેતી કરવા માટે વીજળીની જે જરૂરિયાત છે એ પણ સમયસર મળી રહે એના માટે આયોજન કરેલ છે અને એટલે તો આજે કયાંય પણ કોઈ ખેડૂતની આજે કોઈ ફરિયાદ આવતી નથી. આજે ઓવરલોડ થતો નથી એના કારણે જે મોટરો બળી જતી હતી એ બંધ થઈ ગયું છે. આજે ૮ કલાક ખેડૂતોને સતત પાવર મળી રહે છે અને એટલા માટે ગયા વર્ષે અમારી

સરકારે જળ સંચયની સાથે સાથે જળ વપરાશ કઈ રીતે કરવો જોઈએ, આવતા પાંચ વર્ષમાં ખેડૂત પોતાની આવક કઈ રીતે બેવડાવી શકે તેનું આયોજન કરીને સમગ્ર ગુજરાત રાજયમાં કૃષિ મહોત્સવનું આયોજન કર્યુ હતું. કલાસ વન અધિકારીઓ, યુનિવર્સિટીમાં કામ કરતા વૈજ્ઞાનિકોને ગામડે ગામડે જવાની ફરજ પડી છે, ખેતીના તજજ્ઞોને ગામડે જવાની ફરજ પડી અને સમગ્ર ગુજરાતમાં કૃષિ થકી ખેડૂતોની આવક બેવડાવીને ગુજરાતનો વિકાસ દર ઉંચો કરવા માટેનું મહત્વાકાંક્ષી આયોજન કર્યુ. અને તેના કારણે, જળ સંચય અને કૃષિ મહોત્સવના કારણે ગુજરાતની આવક ૯ હજાર કરોડ રૂપિયા હતી તે ૨૧ હજાર કરોડ રૂપિયા સુધી પહોંચી છે, અને માર્ચ મહિનાના અંતે ગુજરાતની આવક ૨૫ હજાર કરોડ રૂપિયાના આંકને આંબી જવાની છે. સમગ્ર હિન્દુસ્તાનમાં ખેતીનો વિકાસ દર ૭ ટકા છે જયારે ગુજરાતનો ખેતીનો વિકાસદર ૧૫ ટકા છે. આ જેવી તેવી સિધ્ધી નથી.

ગુજરાતમાં ભૂખમરાના કારણે કોઈ ધરતી પૂત્રને, કોઈ કિસાન પૂત્રને આત્મહત્યા કરવાનો વારો આવ્યો નથી. આપણે જાણીએ છીએ કે આંધ્રપ્રદેશ, મહારાષ્ટ્ર જેવા રાજયોમાં ખેડૂતોને દેવાના કારણે આત્મહત્યા કરવી પડેલી છે. આ આત્મહત્યા કરનારમાં સૌથી વધુ જો કોઈને ભોગ બનવું પડતું હોય તો એ દલિત ખેડૂતોને બનવું પડે છે, તેથી એમની વેદનાની આ વાત છે. અહીં સૂચારુ વ્યવસ્થાને કારણે ગુજરાતના કોઈ પણ ખેડૂતને આત્મહત્યા કરવી પડી નથી. મારે એક વાત આ ગૃહ સમક્ષ મૂકવી છે કે આજ સુધી ખેડૂતોના વિકાસની અને ખેતીના વિકાસની વાતો કરવાની, ખેડૂતોના નામે વાતો કરવાનું, ખેડૂતોના નામે ખેડૂતોના હામી હોવાના નામે ન કરવાનું કામ વિપક્ષે કર્યું છે.ત્યારે એમને ઉપમા કઈ આપવી? પણ મારે કહેવું છે કે આ ખેડૂતોના હામી હોવાનો દાવો કરનારા લોકોને આપણે બધા જાણીએ છીએ, ૧૯૮૭માં સ્વર્ગસ્થ ચીમનભાઈના શાસનમાં ૧૯-૧૯ ખેડૂતોને ગોળીએ દેનારા કોણ હતા? માનનીય અધ્યક્ષશ્રી, આ સાથી મિત્રોને જયારે તક મળી ત્યારે ૫૦ વર્ષ સુધી કંઈ ન કર્યુ, પણ અમને જયારે તક મળી ત્યારે અમે ખેડૂતોના વિકાસ માટે અનેકવિધ યોજનાઓ બનાવી, સિંચાઈ યોજના હોય, ખેતીની યોજના હોય, કે ખેડૂતોને વીમાનું કવચ આપવાની યોજના હોય, ભૂતકાળમાં યોજનાઓ હતી. ગાંધીના ગુજરાતમાં કોઈ દારૂ પી ને મરે, કોઈ લઠ્ઠો પી ને મરે, તો ૨૦ કે ૨૫ હજાર રૂપિયાનો ચેક આપવા માટે એ વખતના રાજયના નશાબંધી મંત્રી કે ગૃહ મંત્રી જતા હતા. પરંતુ કોઈ કિસાન પૂત્ર ઈલેકટ્રીક શોક લાગવાથી, કપાસમાં દવા છાંટતા જંતુનાશક દવાની અસરથી જો એમનું મરણ થાય, ખેતરમાં કામ કરતાં હોય અને માંડવીના પથરા ઉપાડતા એમને એરૂ આભડી જાય, અકસ્માતે મરણ થાય તો એમના માટે કોઈ યોજના નહોતી. અમારી સરકારે ખેડૂતોની વેદના સમજીને ખેતરમાં કામ કરનાર શ્રમિકોની વેદના સમજીને એ વેદનાને વાચા આપવાનું કામ કર્યુ છે. આજે કોઈપણ ખેડૂતનો અકસ્માત થાય, કોઈપણ શ્રમિકનું અકસ્માતે મરણ થાય તો એને એક લાખનું વીમા કવચ આપવાની યોજના અમારી સરકારે કરી છે. એના બે અંગ અસરગ્રસ્ત બને તો એક લાખ અને એનું એક અંગ અસરગ્રસ્ત બને તો ૫૦ હજાર આપવાની યોજના પણ અમારી સરકારે કરી છે.

અહીંયા હમણાં એક સરસ મજાની વાત થતી હતી. અત્યાર સુધી ગુજરાતમાં એકજ કૃષિ યુનિવર્સિટી હતી. ગુજરાતની ભૌગોલિક સ્થિતિઓ અલગ અલગ છે. સૌરાષ્ટ્રની ભૌગોલિક સ્થિતિ અલગ, ઉત્તર ગુજરાતની ભૌગોલિક સ્થિતિ અલગ, મધ્ય ગુજરાતની ભૌગોલિક સ્થિતિ અલગ, દક્ષિણ ગુજરાતની ભૌગોલિક સ્થિતિ અલગ તેથી આ સરકારે નિર્ણય કરીને ચાર ઝોનની અંદર ચાર કૃષિ યુનિવર્સિટીઓ સ્થાપવાનો નિર્ણય કર્યો છે. એટલું જ નહિ ખેતીના વિકાસ માટે પાંચ એગ્રો એકસપર્ટ ઝોનની સ્થાપના પણ આ સરકારે કરી છે, આવું સ્વપ્નું પણ પહેલાના શાસકોને આવ્યું નહોતું.

રાજયમાં ૧૯ લાખ ઉપરાંત ખેડૂતોને ક્રેડિટ કાર્ડ આપવાનું કામ અમારી સરકારે કર્યુ છે. જમીનની જાત જમીનનું બંધારણ કયા પ્રકારનું છે એની જાત માહિતી ખેડૂતોને આપવા માટે આ સરકારે બાર લાખ ઉપરાંત સોઈલ હેલ્થ કાર્ડનું વિતરણ કર્યુ છે.

ખેતીને ઉપકારક ખેતીને આનુષાંગિક સૌથી વધારે રોજગારી આપતું સાધન જો કોઈ હોય તો એ પશુપાલન છે. પશુપાલનને કારણે ગુજરાતની અંદર ડેરી ઉદ્યોગનો મોટો વિકાસ થવા પામ્યો છે. અમારા સૌરાષ્ટ્રની અંદર ભૂતકાળમાં જે ડેરીઓ હતી એ બધી બંધ પડી ગઈ હતી. આ રાજયના મુખ્યમંત્રીશ્રી પાસે આ અંગેની રજૂઆતો થઈ કે તમામ ડેરીઓને પુનઃજીવિત કરો. આજે મને આનંદ એ વાતનો છે કે ખેડૂતોના હિતની વાત સમજીને આ રાજય સરકારે હમણાં થોડાક વખત પહેલા કેન્દ્રના નવા વરાયેલા મંત્રીશ્રી દિનશા પટેલની હાજરીમાં એન.ડી.ડી.બી.ની સહયોગથી જુનાગઢની ડેરીને પુનઃજીવિત કરી છે. જુનાગઢમાં દૂધનો ભાવ ૧૦ રૂપિયા, ૧૨ રૂપિયા કે ૧૪ રૂપિયા મળતો હતો એ આજે ખેડૂતોને ૧૮ રૂપિયા, ૨૦ રૂપિયા પર લિટરે મળતો થયો છે આનાથી વિશેષ આનંદ બીજો કયો હોઈ શકે?

આજે ગુજરાતનું ગામડું એ માત્ર ઉપભોકતા બજાર જ નથી રહ્યું, ગુજરાતનું ગામડું એ આજે ઉત્પાદન કેન્દ્ર બન્યું છે. ચાલુ વરસમાં કપાસ એટલો બધો પાક્યો કે ગુજરાતનું સુરેન્દ્રનગર એ સિંગાપુર બન્યું. સિંગાપુરનો વેપારી અહીંયા કપાસની ખરીદી કરવા આવતો થયો એ જેવી તેવી સિદ્ધિ નથી.

સ્પેશ્યલ ઈકોનોમિક ઝોનનો કાયદો પસાર કરવામાં ગુજરાત પહેલું રાજય છે. આવી તો અનેકવિધ બાબતો છે. વંચિતોના વિકાસની વાત, દલિતોના વિકાસની વાત, પછાતોના વિકાસની વાત, આ વિપક્ષના મિત્રોને હું કહીશ કે વંચિતો પ્રત્યે કરુણા નહિ પણ કર્તવ્યની ભાવનાથી કામ કરવાનું જો કોઈએ પણ કર્યુ હોય તો એ માત્રને માત્ર અમારી સરકારે જ કર્યુ છે, એ કામના ભાગરૂપે ડિસેમ્બર, ૨૦૦૫ના અંત સુધીમાં આ રાજયની અંદર ૯૧,૨૦૦ શ્રમયોગીઓની પુન:સ્થાપના કરવાનું કામ અમારી સરકારે કર્યુ છે.

નોંધારાનો આધાર બનીને અમારી સરકારે ૯૭ હજાર વિધવાઓને માસિક પેન્શનથી ૫૦૦ રૂપિયા માસિક અને એક બાળક હોય તો ૮૦ રૂપિયા.બે બાળક હોય તો ૧૬૦ રૂપિયા, તેમ ૬૬૦ રૂપિયા દર મહિને ચૂકવવાની યોજના પણ બનાવી છે. મહિલા અને બાળ કલ્યાણ માટે પણ માતૃવંદના કાર્યક્રમ કરીને આ સરકારે એમાં પણ કામ કર્યું છે. ૯૦,૦૦૦ ઉપરાંત મધ્યમ વર્ગના નાના રોકાણકારોના સહકારી બેંકમાં જે પૈસા ફસાયા હતા એ પૈસાને ૩૬૫ કરોડ જેવી રકમ પરત અપાવવાનું કામ પણ અમારી સરકારે કર્યું છે. વંચિતોના વિકાસ માટેની અનેકવિધ યોજનાઓ જેવી કે માનવ ગરિમા યોજના હોય, આવાસ યોજના હોય, સરસ્વતી સાધના યોજના કે કોઈ દલિતની દીકરી દૂર અંતરની સ્કૂલ હોય અને ભણવા ન જઈ શકે તેના માટે ૧૫૦૦ રૂપિયાની સાઈકલ આપવાની આખા ભારતમાં સરસ્વતી સાધના યોજના એ ગુજરાત સરકારની પહેલી યોજના છે. આખા હિંદુસ્તાનમાં આ પ્રકારની કોઈ યોજના નથી. એટલું જ નહીં પણ કોઈ દલિતની દીકરો, કોઈ બક્ષીપંચની દીકરો વધારે અભ્યાસ કરવા માટે વિદેશ જવું હોય તો ૫,૦૦,૦૦૦ રૂપિયાની ૪ ટકાના દરની લોન આપવાની યોજના પણ ગુજરાત સરકારની યોજના છે. વૈદકીય સહાય, શૈક્ષણિક સહાય, શિષ્યવૃત્તિ, સ્કૉલરશિપ, ગણવેશ, ટ્યુશન ફી અને જુદી જુદી આવાસ યોજનાઓમાં પણ વંચિતોના પુન:સ્થાપન માટે અમારી સરકારે સર્વશ્રેષ્ઠ કામ કર્યું છે.

મને એ વાતનો આનંદ છે કે ભૂતકાળમાં દલિતો ઉપરના અત્યાચારને કારણે દલિતોએ તેમના ગામમાંથી હિજરત કર્યાના અનેક દાખલા છે. હું તેમાં પડીશ નહીં, પણ એ ઈતિહાસ, તેનો રેકર્ડ છે અને એ અત્યાચાર કરનાર લોકો કોણ હતા તેનો પણ રેકર્ડ છે. છેલ્લે ૧૯૯૮થી એક પણ ગામમાંથી એક પણ દલિત પરિવારે હિજરત કરવાનો બનાવ બન્યો નથી. આવું વંચિતો પ્રત્યેનું કામ અમારી સરકારમાં થયું છે. મહાત્મા ગાંધીજીએ કહેલું કે ભારતનો આત્મા ગામડાંમાં વસે છે. એટલા માટે તો આ સરકારે ગામડાંને વિકાસનું કેન્દ્ર બનાવીને ગામડાંનો સર્વતોમુખી વિકાસ કેમ થાય તેના માટેની અનેકવિધ યોજનાઓ અમલમાં મૂકી છે. ગોકુળ ગામ યોજનાના માધ્યમથી ગામના આંતર માળખાકીય વિકાસની વાત હોય, એ સમરસ ગામની યોજનાથી ગામડું એકસંપ બને, ગામમાં કોઈ કલેશ-કંકાસ ન થાય, બધા લોકો એક સાથે રહી શકે તેના માટે સમરસ ગામની યોજના અમારી સરકારે દાખલ કરી અને આજે ૩,૭૯૪ ગામડાં સમરસ ગામ બન્યાં છે. ગામડાંની અંદર વ્યસન, બદી અને અસામાજિક પ્રવૃત્તિ ઘટે તે માટે અમારી સરકારે તીર્થગામ યોજના જાહેર કરી. આજે જ્યાં પાંચ વર્ષથી એક પણ ગુનો નોંધાયો નથી એવા ૩૯૧ ગામને તીર્થગામ પણ જાહેર કરવામાં આવ્યા છે. ભૂતકાળમાં આપણે બધા જાણીએ છીએ કે લોકદરબાર થતા. લોકોને પોતાના કામ માટે તાલુકાએ, જિલ્લાએ કે ગાંધીનગર સુધીના ધક્કા થતા હતા. આજે ઈ-ગવર્નન્સના માધ્યમથી, વિડિયો કૉન્ફરન્સના માધ્યમથી સમાજનો છેવાડાનો માણસ પણ પોતાના ગામની પંચાયત કચેરીમાં કૉમ્પ્યુટરની સામે બેસીને આ રાજયના મુખ્યમંત્રીશ્રીને પ્રશ્ન પૂછી શકે છે. પોતાનું એક પણ કામ કયા સ્ટેજે અટકયું છે તેની વાત કરી શકે છે. આવા ૫,૮૭૭ ગામો આજે ઈ-ગ્રામ બન્યા છે. ગામના વૃદ્ધો હળવાશની પળો ગાળવા માટે કયાં જાય? બહેનો અને બાળકોને ગામડાંમાં હરવા-ફરવાનું કોઈ સ્થળ નથી. અમારી સરકારે આ સેવા પૂરી પાડવા માટે ગામડાંઓમાં પંચવટી યોજના દાખલ કરીને ૪૬૦ ગામ પંચવટી ગામો બનાવ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ કાંઈ મારા મોઢાની વાત નથી, માનનીય રાજયપાલશ્રીએ એમના પ્રવચનમાં જે વાત મૂકી છે, ગત વર્ષમાં કેટલા કામ પૂર્ણ કરી શક્યા છીએ ? એના વિકાસની ગાથા આપણા સૌના કોઈના વડીલ પંડિતશ્રી નવલકિશોર શર્માજીએ વિકાસની ગાથાનું વર્ણન તેમના અભિભાષણની અંદર કર્યું છે. હું તો માત્ર એની પ્રસ્તાવના રજૂ કરી રહ્યો છું, માત્રને માત્ર એની પ્રસ્તાવના.

માનનીય અધ્યક્ષશ્રી, ગામડાની અંદર એક વીજળીનો થાંભલો નડતરરૂપ હોય, એને હટાવાતો નહોતો, કોઈ માણસને પ્લોટ મળ્યો હોય અને તેમાં ઉકરડો હોય તો એને અલગ કરવા માટેનું આયોજન નહોતું. ગ્રામસભાના માધ્યમથી ગામડાના પ્રશ્નો ગામડામાં જ હલ થાય એના માટેની યોજના અમારી સરકારે સૌથી પ્રથમ અમલમાં મૂકી છે. આજે ૧૦ તબક્કા પૂર્ણ થયા છે. એ ૧૦ તબક્કાઓને અંતે ૫૫ ટકા પ્રશ્નોનો નિકાલ ગામડામાં જ થઈ જવા પામ્યો છે અને ૯૫ ટકા પ્રશ્નોનો નિકાલ વહીવટી કક્ષાએ થઈ ગયો છે. કુલ ૯૫ ટકા પ્રશ્નોનો નિકાલ થઈ ગયો છે. નાની એવી બાબત માટે ગામડાના લોકો વહીવટી તંત્ર પાસે જતા હતા એ વસ્તુ આજે બંધ પડી છે. ગ્રામસભાના કારણે એ વસ્તુ બંધ પડી છે. ગામડાઓનો સર્વતોમુખી વિકાસ કરવા માટે અમારી સરકાર પ્રતિબદ્ધ છે અને એટલે જ તો આ રાજયની સરકારે સમગ્ર હિંદુસ્તાનમાં પ્રથમ વખતે જયોતિગ્રામ યોજના દાખલ કરી. ૧૮૩૦૦ ઉપરાંત ગુજરાતના ગામડાઓમાંથી, આજે મને કહેતાં આનંદ છે કે, ૩ વર્ષની અંદર ૧૫૦૦૦ ઉપરાંત ગામ આજે જયોતિગ્રામ બની ચૂક્યા છે. આજે ૨૪ કલાક પાવર ગુજરાતના

ગામડાઓને મળતો થયો છે. આપણા ગૃહના સૌ કોઈ સન્માનનીય સભ્યો જાણે છે કે, હિંદુસ્તાનનું એકપણ રાજય એવું નથી કે રાજયના ગામડાઓને કન્ટીન્યૂસ ૨૪ કલાક પાવર મળતો હોય. હું ત્યાં સુધી કહી શકું કે શહેરી વિસ્તારોની અંદર પણ જ્યાં બીજા પક્ષનું શાસન છે, એવા શાસનવાળા રાજયોની અંદર શહેરી વિસ્તારોની અંદર પૂરતો પાવર મળતો નથી.

માનનીય અધ્યક્ષશ્રી, આ જયોતિગ્રામ યોજનાના કારણે આજે જુનાગઢનો,સુરેન્દ્રનગરનો જામનગરનો કોઈ દીકરો બેકાર હોય તો એને હીરા ઘસવા માટે સુરત નહીં જવું પડે. આજે ત્યાં પોતાના ગામડામાં ઘંટી લગાવીને કામ કરી શકે છે. આ જયોતિગ્રામ યોજનાની સિદ્ધિ છે. આ જયોતિગ્રામ યોજના આવી, અમારા વિસ્તારમાં, ખેડૂતો વાડી વિસ્તારની અંદર રહે છે, એમની સમસ્યા અમારી પાસે આવી. તમે કૂવા માટે ૮ કલાક પાવર આપો છો પણ અમારા રહેણાંકનું શું ? અમારે ૧૬ કલાક લાઈટ વગરના રહેવું? મને કહેતાં આનંદ થાય છે કે, આ રાજયની સરકારે, આ રાજયના ઊર્જા મંત્રીશ્રીએ ખેડૂતોની લાગણીને ધ્યાનમાં રાખીને જે પણ ખેડૂતો તેમના ખેતરમાં રહેતા હોય અને લાઈટીંગ કનૅક્શન ધરાવતા હોય તો એવા ખેડૂતોને ૨૪ કલાક સિંગલ ફેઈઝ પાવર આપવાની યોજના બનાવી. આ જયોતિગ્રામ યોજનાના અનેક લાભ છે. આજે ગામડાની અંદર આઇસ્ક્રીમનું પાર્લર કરી શકીએ છીએ, કમ્પ્યુટર ચલાવી શકીએ છીએ,આઇસ કેન્ડીની દુકાન કરી શકીએ છીએ. આમ ગામડાઓના સર્વતોમુખી વિકાસનું કામ આ જયોતિગ્રામ યોજનાથી થયું છે. માનનીય અધ્યક્ષશ્રી, ભારત સરકારના અહેવાલ પ્રમાણે સમગ્ર હિન્દુસ્તાનની અંદર વીજ વપરાશનો એવરેજ દર ૬૦૬ યુનિટ છે જયારે ગુજરાતની અંદર માથાદીઠ વીજ વપરાશનો દર ૧૩૨૧ યુનિટ છે. અમારી આ સરકારે, નરેન્દ્રભાઈની સરકારે વીજ ઉત્પાદન માટેના પણ પ્રયાસો હાથ ધર્યા છે અને નર્મદા સાઈટ ઉપરના પાવર સ્ટેશનને કારણે તારાપુર પાવર સ્ટેશનને કારણે તેમજ અકીમોટા પાવર સ્ટેશનને કારણે પાવરની અંદર પણ વધારો થવાનો છે. જયારે ઉર્જાની વાત કરું છું ત્યારે સમગ્ર હિન્દુસ્તાનની અંદર કોઈપણ જાહેર એકમ જે ખોટ કરતું હોય એવું એક પણ જાહેર એકમ બચી શકતું નથી. નફો કરી શકતું નથી. ગુજરાત સરકારની સિદ્ધિ છે. ગુજરાતના ટેકનિશિયનોની સિદ્ધિ છે. ગુજરાતના એન્જિનિયરોની સિદ્ધિ છે. ખોટ કરતાં જી.ઈ.બી.ને આજે ખોટમાંથી બહાર લઈ આવીને નફો કરતું એકમ બનાવવામાં આવ્યું છે. એટલું જ નહીં પણ જી.ઈ.બી.નું ૭ કંપનીઓની અંદર વિભાજન કરીને એનો વીજ વહીવટ યોગ્ય રીતે થાય એના માટે પણ અમારી સરકારે તસ્દી લીધી છે.

ગુજરાત એ હિન્દુસ્તાનનું પેટ્રોકેમિકલ રાજય બન્યું છે. મને આનંદ એ વાતનો છે આજે ૨૨૦૦ કિલોમિટર લાંબી ગેસ પાઈપલાઈનના કામો ચાલી રહ્યાં છે. સુરતથી અમદાવાદ સુધીની ૧૫૦૦ કિલોમીટર લાંબી પાઈપલાઈન મારફત આજે આપણે ગાંધીનગરમાં છીએ એ ગાંધીનગરને અને અમદાવાદમાં ઘેર બેઠા હવે ગેસ મળવાનો છે. ૧૧ ક્ષેત્રોની અંદર ગેસ તેલ શોધવામાં સફળતા મળી છે. આજે અમદાવાદની અંદર સ્ટેટ ટ્રાન્સપોર્ટની ૨૦૦ જેટલી બસો સી. એન. જી. ગેસથી ચાલતી થઈ છે. અમદાવાદ શહેરની અંદર ફરતી તમામ રીક્ષાઓની અંદર આજે સી. એન. જી. ઈંધણ પુરાવાને કારણે, પ્રદૂષણ ઉપર મોટું નિયંત્રણ આવ્યું છે. આપણે ત્યાં ગેસ સંશોધનમાં જયાં નિષ્ફળ ગયા હતા એવા ક્ષેત્રોની અંદર પણ ક્ષારકામ કરીને ધોળકાની અંદર, મુંબઈની અંદર અને કર્ણાટકની અંદર પણ સંશોધન કરીને કૃષ્ણા-ગોદાવરીમાં નવા તેલ કૂવા શોધવામાં પણ સફળતા મેળવી છે એના કારણે ગુજરાતને રોયલ્ટીની અંદર પણ મોટો ફાયદો થવાનો છે. રોજગારીની દૃષ્ટિએ પણ સમગ્ર હિન્દુસ્તાનની અંદર ગુજરાતનું નામ અને કામ ઘણું મોટું છે. સમગ્ર હિન્દુસ્તાનમાં જે રોજગારીની તકો આપવામાં આવી એમાં ૬૪ ટકા રોજગારીની તકો એકલા ગુજરાતે પૂરી પાડી છે. ૧૯૮૦ થી ૧૯૯૦ ના દાયકાની અંદર ગુજરાતની, અમદાવાદની ૧૦૦ જેટલી ટૅક્સટાઈલ મીલો બંધ પડેલી , એ બંધ પડેલી ટૅક્સટાઈલ મિલો પૈકીની અંબિકા ટેકસટાઈલ મિલની અંદર આજે S.E.Z. ઝોનમાં એપરલ પાર્ક આકાર લઈ રહ્યું છે ત્યાં રેડીમેડ કાપડ અને ગાર્મેટનું ઉત્પાદન થશે અને સમગ્ર વિશ્વમાં નિકાસ થવાનું છે. અનેક લોકોને લાભ મળવાનો છે.

અમારી સરકારે પર્વ અને તહેવારોનું મહત્વ સમજીને આ રાજયની અંદર નવરાત્રી મહોત્સવ, પતંગ મહોત્સવ, પ્રજાસત્તાક પર્વ, આઝાદીનું પર્વ અને ગુજરાતની સ્થાપના જેવા પર્વને એક અલગ ઓળખાણ આપીને પર્વ ઉજવવાનો નિર્ણય કર્યો છે. આ પતંગ ઉત્સવને કારણે સમગ્ર ગુજરાતની શાન અને આન વિશ્વની અંદર વધી છે. આટલું જ નહિ પણ લગભગ ૨૦૦ કરોડ રૂપિયાની રોજગારી આ પતંગોત્સવના કારણે બેરોજગાર લોકોને મળેલી છે. જેમાં મોટાભાગના ભાઈઓ અને બહેનો લઘુમતી સમાજના છે. ચાલુ વર્ષને ગુજરાત સરકારે પ્રવાસન વર્ષ તરીકે ઉજવવાનો નિર્ણય કર્યો છે. પ્રવાસન વર્ષની ઉજવણીના કારણે રોજગારીની તકોમાં વધારો થવાનો છે. જે પ્રવાસીઓ આવશે એના કારણે ત્યાંના સ્થાનિક ધંધો રોજગાર કરતાં લોકોને લાભ થવાનો છે. સાથોસાથ પ્રવાસન ક્ષેત્રને જોડતા રસ્તાઓ, એને આનુષંગિક સુવિધાઓ વધારવાની પણ રાજય સરકારે તત્પરતા દર્શાવી ખાસ અગ્રતા આપી છે. ગુજરાતનું નામ, એનો ૧૬૦૦ કિલોમિટરનો લાંબો દરિયાકિનારો આ બધું નજર સમક્ષ રાખીને ગુજરાત સરકારે પ્રવાસન વર્ષની ઉજવણીનો નિર્ણય કર્યો છે. જેના કારણે રોજગારીમાં મોટો ફાયદો થવાનો છે. રોજગારી અને ગરીબી નિવારણની અંદર પણ સમગ્ર હિન્દુસ્તાનમાં સૌથી વધારે સબસિડી આપનારું કેરલ પછીનું બીજું રાજય કોઈ હોય તો એ ગુજરાત છે. સ્વર્ગસ્થ ઈન્દિરા ગાંધીના વખતમાં

૨૦ મુદ્દા અમલીકરણનો કાયદો અમલમાં આવ્યો. ૨૦ મુદ્દા અમલીકરણના કાયદાથી શ્રમિકો, બેરોજગારો, મહિલાઓ, કિસાનોના હિતોની અનેકવિધ યોજનાઓ એમાં હતી. પણ એનો અમલ ન થઈ શક્યો. મને કહેતાં આનંદ થાય છે કે સમગ્ર હિન્દુસ્તાનમાં આ ૨૦ મુદ્દા અમલીકરણ કાયદાના શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ અમલીકરણમાં ગુજરાત રાજ્ય સફળ રહ્યું અને સતત ચોથા વર્ષે ૨૦ મુદ્દા અમલીકરણમાં ગુજરાત પ્રથમ રાજ્ય બન્યું. ગુજરાતની અંદર ભરતી મેળાઓના માધ્યમથી ભરતીઓ કરીને સૌથી વધુ બેરોજગાર લોકોને નોકરીઓ આપવાનું કામ આ રાજય સરકારે કર્યું છે. આપણે બધા જાણીએ છીએ કે શાંતિ હોય, સલામતી હોય ત્યાં હંમેશા વેપાર ઉદ્યોગ ધંધાવાળા આકર્ષાતા હોય છે. ગુજરાતની અંદર શાંતિ છે, ગુજરાતમાં સલામતી છે, ગુજરાતમાં શ્રમિકો અને માલિકોના સંબંધો પણ સારા છે. ગુજરાત સરકારે ૨૩ જેટલા શ્રમિક સુધારાઓ દાખલ કરીને ગુજરાતમાં મૂડી રોકાણ કરનાર લોકોને આકર્ષિત કરવાનું કામ કર્યું છે. જેના કારણે સૌથી વધારે મૂડી રોકાણ ગુજરાતમાં થઈ રહ્યું છે. આજે ગુજરાત માટે કહેવત બની ગઈ છે કે ગુજરાતમાં તમે રૂપિયા રોકો અને તમે ડોલર અને પાઉન્ડ કમાઓ. આ ગુજરાતને બદનામ કરવાના અનેક પ્રયાસો થયા, ગુજરાતને હીન ચીતરવા માટેના ઘણા પ્રયાસો થયા પરંતુ એમાં કોઈની કારી ફાવી નથી. આ મુખ્યમંત્રીશ્રીએ સમગ્ર વહીવટી તંત્ર પ્રજાને કેવી રીતે ઉપયોગી થઈ શકે એ દિશામાં સમગ્ર પ્રજાતંત્રને જોડીને સૌથી વધારે સારું કામ કઈ રીતે થઈ શકે, કાયદો અને વ્યવસ્થાની, સલામત સ્થિતિનું નિર્માણ કઈ રીતે થઈ શકે એની ચિંતા કરી છે. આપણે જાણીએ છીએ કે ક્યારેક કોઈ બનાવ એવો બની જાય છે કે જેને આપણે વશમાં રાખી શકતા નથી. એવા એકાદ બનાવને બાદ કરતા, જેમ બીજા બનાવો ભૂતકાળમાં પણ બન્યા છે. જેમ કે *(xxx) એ જ બનાવની સરખામણી કરી શકે એવો બનાવ બનવા પામ્યો. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : એનો ઉલ્લેખ નહિ કરો પ્લીઝ. એ શબ્દો કાઢી નાખું છું.

**શ્રી માધાભાઈ લા. બોરીચા** : માનનીય અધ્યક્ષશ્રી, આ બનાવને ચાર વર્ષના વાણા વાઈ ગયા છે. ચાર વર્ષના વહાણા વહી ગયા છતાં પણ ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ અહીંયા આગળ સારી છે. ગુજરાતની અંદર રાતના ૧૨-૦૦ વાગ્યા સુધી ગુજરાતની બહેન-દીકરીઓ ગરબે રમે છે. સાહેબ, તમે દિલ્હી, મુંબઈ જઈ આવો ત્યાં ૧૦-૦૦ વાગ્યા પછી કોઈ બહેન-દીકરી બહાર નથી નીકળી શકતી. જ્યારે ગુજરાતની અંદર કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ એટલી ઝડબેસલાક છે કે અહીંયા આપણી બહેન-દીકરી રાત્રીના ૧૨-૦૦ થી ૨-૦૦ વાગ્યા સુધી ગરબે ઘૂમી શકે છે, હરીફરી શકે છે અને ઉત્સવ ઉજવી શકે છે. એટલું જ નહિ પરંતુ ૬૫,૦૦૦ કરતા વધારે હાજીઓ હજયાત્રા કરી આવ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, હજુ તો ઘણું થઈ શકે તેમ છે. આ થોડા ઘણા આંતકવાદીઓ આવ્યા છે પાકિસ્તાનથી, આરડીએકસ આવ્યું છે એ આ સભાગૃહમાં બેઠેલા સભ્યોએ સમજી લેવાની જરૂર છે, જેનું કારણ માત્ર એક જ છે જેની ચર્ચા ગઈકાલે ગૃહમાં થઈ હતી કે પોટાનો કાયદો હોત તો કોઈની દેન નથી કે આ લોકો આવી છમકલા કરી શકે.

માનનીય અધ્યક્ષશ્રી, મારા અગત્યના બે-એક મુદ્દા છે. પોટા નાબૂદીના કારણે આંતકવાદીઓને બેફામ ખૂલ્લું મેદાન મળ્યું છે. મારાં સાથી પક્ષને કદાચ સાંભળવું નહિ ગમે પણ સાહેબ મહંમ્મદ સુરતી, ઈજ્જુ શેખ, લતીફ કોણ હતા અને ગજ્જુખાન પઠાણ કોણ હતા? એ કૉન્ગ્રેસના મહામંત્રી હતા, એણે એક સાથે ૧૨ દલિતોને સળગાવ્યા હતા. એ બધા ગૂંડા ભોં ભેગા થઈ ગયા છે એનું માત્ર એક કારણ હતું પોટા. આજે ગુજકોકનો કાયદો આ ગૃહે બનાવ્યો છે. પરંતુ કેન્દ્રની સરકાર એને મંજૂરી નથી આપતી જેના કારણે થોડી સમસ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, અમારી સરકારે અનેક આયામો સર કર્યા છે. અત્યાર સુધી કન્યા કેળવણી એટલે શું? કન્યાને ભણાવવામાં કોઈ સમજતું નથી, આપણી કોઈ જવાબદારી તેમાં ગણતા નથી. કન્યા સાથે આપણે એવો દુર્વ્યહાર કરતા હતા કે કોઈ દુશ્મન દ્વારા પણ ના થાય એવો વ્યવહાર કરતા હતા. હું અભિનંદન આપું છું આ સરકારને અને આ રાજ્યના મુખ્યમંત્રીશ્રીને કે જેમણે કન્યા કેળવણીનું બીડું ઝડપ્યું છે અને ધોમધખતા તાપની અંદર માનનીય મુખ્યમંત્રીશ્રી અને મંત્રીમંડળના સભ્યો અને કલાસ વન સેક્રેટરી કક્ષાના અધિકારી પણ ધોમધખતા તાપની અંદર ગામે ગામ ફરીને કન્યાનું નામાંકન કરવા માટેનો પ્રયાસ કર્યો છે. સાહેબ, માનનીય મુખ્યમંત્રીશ્રીને મળતી ભેટ-સોગાદો 'કન્યા કેળવણી નિધિ'માં જમા કરાવીને ગામોગામ ભીખ માગીને કન્યા કેળવણીની અંદર રાહ ચીંધવા માટેનું કામ કર્યુ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણને ખબર છે કે પહેલા ભરતી કેવી રીતે થતી હતી? સ્કૂલ હોય પણ ઓરડા નહતા, ઓરડો હોય પણ માસ્તર નહોતા. છોકરા હોય પણ ઓરડા નહોતા, પાટિયા નહોતા. અમારી સરકારે ૮૦૪૪૭ વિદ્યાસહાયકોની ભરતી કરી છે. સાહેબ એ ભરતી પણ કયા પ્રકારની કે કોઈની ચિઠ્ઠી ચબરખી નહીં,

* (xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

કોઈની લાગવગ નહીં, કોઈનો નવો પૈસો નહીં, ભૂતકાળમાં આપણને ખબર છે કે, ભરતી કઈ રીતે થતી હતી, કોઈની પગચંપી કરવી પડે, કોઈને પૈસા આપવા પડે.(અંતરાય)

૨૧મી સદીના ગુજરાતના વિકાસની ગાથા વર્ણવતા માનનીય રાજયપાલશ્રીના પ્રવચન ઉપરના મારા આભાર પ્રસ્તાવને સૌ સન્માનીય સભ્યશ્રીઓ સમર્થન આપે એ જ ભાવ સાથે વિરમું છું.

**અધ્યક્ષશ્રી** : નો, પ્લીઝ, નો, બેસી જાઓ. શ્રી મોહનભાઈ કુંડારીયા.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : ૬૫ મિનિટ બોલ્યા છે પછી અમારો વારો આવે.

**અધ્યક્ષશ્રી** : અનુમોદન આપવું પડે. ના, ના ૩.૪૧ થી ૪.૩૦ બોલ્યા છે.

**શ્રી મોહનભાઈ ક. કુંડારિયા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી જે આભાર પ્રસ્તાવ લઈને આવ્યા છે

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિઆ** : ના સાહેબ પ્રણાલિકાનો ભંગ થાય છે, પહેલાં પણ, માહિતી મેળવી લો, જેણે મૂવ કરેલ હોય એના પછી વિરોધપક્ષમાંથી જ બોલાય છે, એ પ્રણાલિકાનો ભંગ થાય છે.

**અધ્યક્ષશ્રી** : ચાલો બોલો, કંઈ વાંધો નહીં.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** :માનનીય અધ્યક્ષશ્રી,

**અધ્યક્ષશ્રી** : જુઓ એ અમે ચાન્સ આપ્યો એ વિરોધપક્ષના નેતા તરીકે આપ્યો છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિઆ** : Prerogative અમારો છે.

**અધ્યક્ષશ્રી** : વિરોધપક્ષના નેતાનું મહત્ત્વ સમજીને એ આપવામાં આવે છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિઆ** : માનનીય અધ્યક્ષશ્રી, Prerogative એ વિરોધપક્ષનો છે, અમારું ઓપનીંગ કયા વિષયમાં કોણે કરવું, આવતી કાલે કોણે કરશે એના પછી દરેક દિવસે, એટલે પ્રણાલિકા છે પ્રણાલિકાનો બધાએ આદર કરવો જોઈએ, એ અમારો Prerogative છે એમાં કોઈ દૂરાગ્રહ કોઈએ રાખવો ન જોઈએ.

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : પ્રણાલિકાની જો વાત કરવામાં આવતી હોય તો વિરોધપક્ષના નેતા જ બોલતા હોય છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિઆ** :એ અમારે નક્કી કરવાનું હોય છે.

**અધ્યક્ષશ્રી** : આમાં પ્રણાલિકા એવી છે કે, વિરોધપક્ષના નેતા બોલે પણ તમારી ઈચ્છા ના હોય તો ચાલો,પ્લીઝ.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયપાલશ્રીના પ્રવચન પર જે રાજયપાલશ્રીએ અહીંયા સંબોધન કર્યુ અને શ્રી માધુભાઈ સાહેબ જે પ્રસ્તાવ લઈને આવ્યા છે, મારે દુ:ખ સાથે રાજયપાલશ્રીના પ્રવચન ઉપર આજે ઘણા બધા સૂચનો લઈને હું ઉપસ્થિત થયો છુ.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયમાં આ ભા.જ.પ.ની સરકાર ૨૦૦૫-૦૬ના બજેટમાં એક મંત્ર લઈને આવી હતી, " ઉઠો, જાગો, ધ્યેય પ્રાપ્ત કરો ત્યાં સુધી કાર્યરત રહો" સ્વામી વિવેકાનંદનો મંત્ર દોહરાવવામાં આવતો હતો. મારે પૂછવું છે કે, એમણે પાંચ વાતો કરી હતી, "જ્ઞાન શકિત", "જળ શકિત", "ઊર્જા શકિત", "જન શકિત" અને "રક્ષા શકિત", આ પાંચેય વાતોમાં આજની જે સ્થિતિ છે, આ પાંચેયમાં લેશમાત્ર કામગીરી નથી, આજની આવી સ્થિતિ છે. જ્ઞાન શકિતની વાત કરું, આજે જ્ઞાન શકિત માટે એકવીસમી સદીમાં જઈ રહ્યા છીએ, કર્મચારીઓને જબરજસ્ત જ્ઞાન શકિત આપવાના છીએ, પાંચ લાખ કર્મયોગીઓને તાલીમ આપવાનું લક્ષ્ય એમાં આ જે ઉલ્લેખ હતો, આજે મારે પૂછવું છે કે, જે પાંચ લાખ જ્ઞાન શકિત આપવાની જે વાત હતી આજે ત્રણ લાખ બોત્તેર હજાર કર્મચારીઓને માત્ર તાલીમ આપી છે, લક્ષ્યાંક કેવો કરવો ?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : ૫૦ વર્ષમાં કોઈએ ન કર્યુ, બે વર્ષમાં આટલું કર્યુ છે.( બેઠા બેઠા બોલતાં)

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિઆ** : આમાં તો મારા જુનિયર સાથી મિત્રનો વારો આવવા દો, આગળ બેઠા બેઠા કોમેન્ટ કરે એ પણ અમારા બળવંતસિંહજી બોલતા હોય જે નવા સભ્ય છે એ વાજબી નથી, પાછળ જવાબ આપે.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : જે લોકોએ તાલીમ લીધી. ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ કહ્યું મારે એ જ વાત કરવી છે. ૩૭૨૦૦૦ લોકોએ તાલીમ લીધી પણ ૩૫૦૦૦૦ લોકોએ સૂચનો અભરાઈએ ચડાવી દીધા. આજની સ્થિતિ શું છે? જનશકિતની વાત થઈ સુજલામ સુફલામ, નર્મદા યોજનાનું કામ ગોકુળ ગતિએ થાય છે. ઉર્જા શકિતની વાત થઈ. આજે ઉર્જા શકિતમાં ગુજરાતની કમભાગ્યે પરિસ્થિતિ એવી રહી છે કે ૧૫૦૦ મેગાવોટની ગુજરાતમાં ખોટ છે. ૧૮૦૦૦ ગામડાંને જયોતિ ગ્રામ આપવાની વાત થઈ. આપણે એવું નકકી કર્યું હતું કે

ફેબ્રુઆરી મહિનામાં પૂરું કરીશું. મારે પૂછવું છે કે ૧૫૦૦૦ ગામડામાં પણ જયોતિ ગ્રામ ડો.જીિ ષયારાસાહેબે કહયું હતું કે કાગળ ઉપર ૧૫૦૦૦ ગામની વાત પૂરી કરી દીધી છે.(અંતરાય)

**અધ્યક્ષશ્રી .**: એમને આનંદ મળે છે એમને કહેવા દો.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, આનંદ નહીં, આંકડા આપું છું ચોપડીમાંથી, સ્પીચમાંથી જોઈને એમાં એક પણ આંકડો આઘોપાછો લાગે તો હું બોલવાનું બંધ કરી દઈશ. ૧૫૦૦૦ ગામડાંની વાત કરી એમાં કેટલાય ગામમાં એક ટ્રાન્સફોર્મર લગાવી દીધું હોય અને એમ કહેવાય કે આ ગામમાં જયોતિ ગ્રામ યોજના પૂરી કરી છે. ૧૮૦૦૦ ગામનો પ્રશ્ન છે. જયાં નવા પરાં થાય. ગુજરાતમાં આજે કેટલાય પરાં બાકી છે એવી સ્થિતિ છે. ઉર્જાશકિતની વાત છે એમાં આજે આ સ્થિતિ છે. રક્ષા શકિતની વાત કરું. ગુજરાત કેવું સલામત છે. કઈ પરિસ્થિતિમાં ગુજરાત જઈ રહ્યું છે. રક્ષા શકિતની વાત ગુજરાત માટે કલંકરૂપ છે. રોજના ચાર ખૂન થાય છે. ૩ વ્યકિતના અપહરણ થાય છે, ચાર લૂંટ થાય છે અને ૬૦ કરતા વધારે રોજની ચોરી થાય છે. આ ગુજરાતના આંકડા છે. આજની કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ કયા સ્ટેજે છે. ૨૦૦૪-૦૫માં ગુનાનું પ્રમાણ દિનપ્રતિદિન કેવું વધતું જાય છે. ગુનાનું પ્રમાણ ૨૦૦૪માં ૭૮૧૧૧ હતુ. ૨૦૦૫માં એમાં વધારો થયો. જો આપણે એમ કહેતા હોઈએ કે કાયદો અને વ્યવસ્થા ગુજરાતમાં સલામત છે તો આ ગુજરાત સરકારના આંકડા છે. આજે ૮૦૫૨૧ ગુના થાય અને ૨૧૪૦ થી વધારે. આવી પરિસ્થિતિમાં ગુજરાતમાં દિનપ્રતિદિન ગુનાની સંખ્યાનો આંક વધતો જાય છે અને જે વચનો અપાય, લ્હાણી અપાય એમ કહેવું કે માણસે બોલે ફરવું ન જોઈએ. ખાસ કરીને વડીલ વજુભાઈસાહેબને આદરણીય માનીએ તેઓ બોલે તો હસાવી દે એમણે જયારે વચનોની લ્હાણી કરી હોય ત્યારે મને એમ થાય કે જવાબદાર વ્યકિત તરીકે બજેટમાં વાત કરી હોય અને પૂર્ણ ન થાય તો ખરેખર આ સરકાર માટે એમ કહી શકાય કે આ સરકાર જે સિદ્ધિ ગણાવે છે, વજુભાઈ સાહેબે કીધેલી વાત છે. ગાંધીનગરમાં સોલાર સિટી બનાવીશું. શાળામાં સો ટકા શિક્ષકોની ભરતી કરીશું. બહેનને પૂછો શું સ્થિતિ છે? આજે મારે પૂછવું છે કે સુરતમાં જવેલર્સ પાર્ક બનાવીશું તો આજની સ્થિતિ શું છે? બાળ મરણ તથા મૃત્યુનો દર ઘટાડવા જુદાજુદા ૧૧૦ યુનિટ સતત કામ કરે છે. આજે લોક રક્ષક દળની ૪૦૦૦ જગ્યા ભરવાની વાત અહીં કરવામાં આવી હતી. વિકાસને વેગ આપવામાં આવશે અને ખાસ કરીને ગરીબો માટે અહીં વચન આપવામાં આવ્યું હતું. રોલીંગ, રૅશનિંગ કાર્ડનો પ્રોજૅકટ અમે હાથ ધરીશું ત્યારે મારે સરકારને પૂછવું છે. આ બધી યોજનાઓ કયા સ્ટેજે છે અને કઈ સ્થિતિએ છે. ઘણી વખત બજેટની અંદર વાંચવામાં આવતું હતું કે પછી રાજ્યપાલશ્રીના પ્રવચનમાં મોટી મોટી વાતો, રાજયપાલશ્રીને તો એમને આપ્યું હોય એ પ્રમાણે બોલતા હોય છે. મારે પૂછવું છે કે તીર્થગ્રામ યોજના જેની અંદર ૨૦૦૫-૦૬ માં ૧૦ કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી હતી. નવેમ્બર-૨૦૦૫ સુધી માત્ર ૬૩ લાખ રૂપિયાનો ખર્ચ થયો. એટલે ૬.૫ ટકા જેટલો. જે તીર્થગ્રામ યોજનાનું નામ જોરશોરથી દેવાય. આજે માત્ર ૬૩ લાખ રૂપિયાનો ખર્ચ એટલે માત્ર ૬.૫ ટકાનો ખર્ચ થયા પછી અંદાજ સુધારી દીધો. એક વાર મંચ ઉપર વાત કરવાની કે ૧૦ કરોડ અને ૨ કરોડનો સુધારેલો અંદાજ મૂક્યો. ૮ કરોડ રૂપિયા ઘટાડી દીધા.

ગ્રામમિત્ર યોજનાની વાત થાય. ગામડાઓમાં ભાષણમાં કહેવામાં આવે અમે ગ્રામ મિત્ર માટેની ઘણી બધી કાર્યવાહી કરીશું. આજની સ્થિતિએ ગ્રામ મિત્રની યોજનાઓમાં ૫૨ કરોડ, ૫૩ કરોડ ફાળવવામાં આવ્યા હતા. એની ટકાવારી ઘણી બધી ઓછી છે. કામગીરીનો અંદાજ એની અંદર સ્પષ્ટ જણાવવો જોઈએ. ૨૦૯ પેઈજ ઉપર રાજ્ય સરકારે નવેમ્બર-૨૦૦૫ સુધી કોઈ જ ખર્ચ કરવામાં આવ્યો નથી તેવું જણાવવામાં આવ્યું છે. શ્રમયોગી યોજનામાં ૧૮,૦૦૦ ગામડાઓનું ચિંતન કરવાની વાત કરીએ અને એક લાખ શ્રમયોગી લોકોને રોજગારી આપવાનું વચન આપીએ. ઘણી વખત મોટી મોટી જાહેરાતો કરવામાં આવે. આજે પૂછવું છે કે એ લોકોને કેટલા ટકા રોજગારી મળી? આજે એનો લક્ષ્યાંક સરકારે પૂરો કર્યો છે ખરો? મને એ વાતનું વધારે દુ:ખ થાય છે કે ૧ થી ૨૫ યોજનાઓમાં, એક-બે યોજનાઓમાં નહિ, પણ ૨૫ યોજનાઓ ગણાવી શકાય. ૨૦૦૫-૦૬ નો અંદાજ જે હતો એમાં ૨૫ યોજનાઓમાં ઘટાડો કર્યો છે. આજે આપણું રાજ્યનું ચોખ્ખું બજેટ હતું એ ૩૫,૭૦૨ કરોડ લીધું હતું. સુધારેલ અંદાજ ૩૫,૨૧૯ કરોડ રહ્યું. ૪૮૩ કરોડ રૂપિયાનો વિકાસલક્ષી ખર્ચનો ઘટાડો કરવામાં આવ્યો છે. રાજ્ય સરકારનું આંતરિક દેવું છે, એની અંદર વધારો થયો. આપણને એમ થાય કે ખરેખર જેની અંદર ઘટાડો થવો જોઈએ, જેની અંદર તમામ સભ્યશ્રીઓએ ગૌરવ લેવાની વાત થવી જોઈએ તો જે અંદાજ બતાવવામાં આવ્યો હતો એ ૯,૪૭૪ કરોડ રૂપિયા હતો, એની અંદર વધારો થયો અને એની અંદર ૯,૬૨૯ કરોડ એટલે ૧૫૫ કરોડ રૂપિયાનો વધારો થયો છે. આજે મૂડીની આવકની માયાજાળ એવી રીતે ગોઠવવામાં આવી છે કે વાસ્તવિક તરફની વાત જુદી હોય છે, એનો અંદાજ એવો હતો કે ૧૨,૩૩૯ કરોડ રૂપિયા અંદાજ હતો. સુધારેલો અંદાજ ૧૦,૮૦૯ કરોડ રૂપિયા એટલે ૧,૫૩૩ કરોડ રૂપિયાનો ઘટાડો થયો. બીન આવક હતી એની અંદર વધારો થવો જોઈએ, એની જગ્યાએ ૧૦ ટકાથી વધારે ઘ ટાડો થયો છે. ૩૧૦ કરોડ રૂપિયાનો ઘટાડો થયો છે. આપણે કૃષિ ક્ષેત્રે મોટા મોટા રથો કાઢતા હોઈએ છીએ. ખેડૂત માટેની વાતો કરતા હોઈએ છીએ. ખેડૂતો માટેના હામી કહેવાઈએ છીએ. આજે ૫,૯૭૦ કરોડ

રૂપિયાની વાત કરતા હતા. સુધારેલ અંદાજ આજે ૫,૬૬૪ કરોડ રૂપિયા એટલે ૩૦૬ કરોડ રૂપિયાનો એની અંદર ઘટાડો કરવામાં આવ્યો છે. વ્યાજની જે ચુકવણી છે. વ્યાજની ચુકવણીમાં સરકારનો વહીવટ એવો હોવો જોઈએ કે દિન-પ્રતિદિન ઘટાડો થવો જોઈએ, એની જગ્યાએ વધારો થાય, જે વ્યાજનો અંદાજ હતો એ ૬,૧૪૫ કરોડ રૂપિયા હતો. તે વધીને ૬૪૭૩ કરોડ રૂપિયા એટલે આપણને શરમ આવે ૫૨૯ કરોડ જે કદાચ નર્મદા અને બીજા ક્ષેત્રે વાપરી શક્યા હોત. તેની અંદર વધારો થયો. આજે પોલીસ કાયદાની વાત કરીએ. પોલીસ કાયદામાં સ્થિતિ ગણાવવી છે તેમાં પણ ઘટાડો કરવામાં આવ્યો છે. આજે સરકારી મકાનોની જે વાત છે અને અન્ય કામોની અછત છે તેમાં આઠ કરોડ રૂપિયાનો ઘટાડો કરવામાં આવ્યો છે. પાણી પુરવઠાની યોજના હોય, મહેસૂલી ખર્ચ હોય આજે પીવાના પાણીની તંગી વધતી જાય છે તેની અંદર અત્યારે નરોત્તમકાકા નથી પણ તેની અંદર પણ ઘટાડો કરવામાં આવ્યો છે. આ બધુ રાજયપાલના પ્રવચનનું જ છે. જે સિદ્ધિઓ ગણાવી છે તેની જ વાત કરીશ. આ વાસ્તવિક આંકડા આ સરકારના છે. અરે ખર્ચ ઓછા કર્યા છે તેની વાત કરીશ. માનનીય અધ્યક્ષશ્રી, આવાસ, મહેસૂલ હોય, શ્રમ અને રોજગાર હોય તેની અંદર પણ આવાસમાં ૨૫ કરોડ રૂપિયાનો ઘટાડો કરવામાં આવ્યો છે. ૬ કરોડ આમાં કર્યો છે. પાક કૃષિ વ્યવસ્થામાં ઘટાડો કર્યો છે. ભૂમિ સંરક્ષણમાં પણ ઘટાડો કર્યો છે. હું આંકડા બોલીશ તો બધાને એમ થશે કે એના કરતાં પાછળ સારુ કરી શકું. આજે સાહેબ પશુપાલનની અંદર પણ ૩૦ કરોડ રૂપિયાનો ઘટાડો કર્યો છે. હમણાં ડેરીની વાતની ચિંતા કરતા હતા. ડેરીમાં પણ ઘટાડો કર્યો છે. સરકારના મહેસૂલી ખર્ચ અને સહકારી મંડળીઓને મળતી લૉનોમાં પણ ઘ ટાડો કર્યો છે. રામરાજ્યની ગ્રામલક્ષી યોજનાઓ હતી ખરેખર તે ચિંતનનો એક ભાગ હતો તેની અંદર ૧૩૧ કરોડ રૂપિયાનો ઘટાડો કર્યો છે. મોટી સિંચાઈ અને મહેસૂલ તેમાં મોટા ખેડૂતોને અસર થાય તેમાં પણ ઘટાડો કર્યો છે. વીજળી શકિત માટે તેમાં પણ ઘટાડો કર્યો છે. વાઈબ્રન્ટ ગુજરાતના નામે વાત કરતા હોઈએ, તેનું ચિંતન કરતા હોઈએ તેની અંદર ૨૦ ટકા એટલે ૭૧ કરોડનો ઘટાડો કરવામાં આવ્યો છે. હમણાં સભ્યશ્રી ગુજરાતના વિકાસની વાત કરતા હતા આજે સ્થિતિ શું છે?

આજે જે ગુજરાતની મહત્ત્વની યોજના કહેવાય તે નર્મદા જેનું ખરેખર ગુજરાતમાં ચિંતન થવું જોઈએ તેના ભાગરૂપે આજે નર્મદા કઈ ગતિએ ચાલે છે. ૨૦૦૫-૦૬માં ૪૫ હજાર કરોડ રૂપિયા ફાળવ્યા હતા પણ આજે નવૅમ્બર ૨૦૦૫ સુધી માત્ર ૧૪૬૦ કરોડ એટલે કે ૬૮ ટકાથી વધારે ખર્ચ કરવામાં આવ્યો નથી. નર્મદાની ચિંતા કરતા હોઈએ તેની અંદર એવા વાત કરી છે કે ત્રણ લાખ હેકટર જમીનને સિંચાઇનો લક્ષ્યાંક આપવામાં આવ્યો હતો. આજે આપણને એમ થાય કે ખેડૂતો માટેની ચિંતા થતી હોય અને ગુજરાતનો આંક ઊંચો લાવવો હોય પણ એની અંદર ૫૧ હજાર હેકટર જમીનને સિંચાઇનો લાભ આપી શક્યા છીએ. આપણે લક્ષ્યાંક મોટા મોટા કરીએ છીએ અને સરકાર પૈસાની ફાળવણી કરી રાખે છે છતાં તેના કામ થતા નથી તે ખરેખર દુ:ખદ બાબત છે. આજે ગુજરાત ઘનિષ્ટ રેવન્યુ કંપની ટપક સિંચાઈ પદ્ધતિની અંદર જે સ્થિતિ છે, તેમાં ૧૫૦૦ કરોડ રૂપિયાનું આયોજન હતું તેની અંદર ખેડૂતોની કેટલી અરજીઓ બાકી છે. ખેડૂતોની ચિંતા કરતા હોઈએ તો આજે ૧૦૩૪૨ થી વધારે અરજીઓ સરકારમાં પેન્ડિંગ છે. આવી સ્થિતિ છે તેના કારણે ખેડૂતોને લાભ નથી મળતો. સુજલામ્ સુફલામ્ યોજનામાં કચ્છની અંદર ૪૪ આડબંધ બાંધવાના હતા આજે આપણે બે આડબંધનું કામ ચાલુ કરી શક્યા છીએ. ૪૨ બંધનું કામ ચાલુ કર્યુ નથી. આવી આજે પરિસ્થિતિ છે. કલ્પસર યોજનાની મોટી મોટી વાતો થાય તેના માટે આટલો બધો અદ્‌ભુત ખર્ચ થાય અને આપણને એમ થાય કે ગુજરાતની અંદર કંઈક સારી યોજના થવાની છે. તેના આયોજનના ભાગરૂપે કંઈક સારું નીકળી અને આજે આપણે ૨૫-૨૫ કરોડ રૂપિયાથી વધારે ખર્ચ કરી ચૂકયા છીએ. તેનો રિપૉર્ટ શું આવ્યો? શકયતાદર્શી અહેવાલ સરકારની તિજોરીમાં જતો રહ્યો છે. આટલું બધું જૂઠાણું. ૨૫-૨૫ કરોડ રૂપિયા જેટલા ખર્ચ પછી આજે આપણી સ્થિતિ કયાં છે, આજે આપણે કયાં છીએ?

માનનીય અધ્યક્ષશ્રી, સરદાર સરોવર કેનાલ આધારિત પાણી પુરવઠા યોજના માટે ૫૨૬ કરોડ રૂપિયાનો અત્યારસુધી નવૅમ્બર સુધીમાં ખર્ચ થયો છે અને માનનીય અધ્યક્ષશ્રી, ઘણીવાર માનનીય મંત્રીશ્રી પૈસાની ચિંતા કરતા હોય છે, ૨૬૩ કરોડ રૂપિયા આજે જે સ્થિતિ છે, પાણી પુરવઠા યોજનાની એમાં પચાસ ટકાથી ઓછું કામ આજની સ્થિતિએ થયું છે. પંચવટી યોજનાની વાત થઈ, દશ કરોડ રૂપિયા, માનનીય રાજયપાલશ્રીના પ્રવચનમાં પંચવટી યોજનાની વાત થઈ, મારે એ પૂછવું છે કે, બાવીસ ટકાથી વધારે ખર્ચ નથી થયો, આજે એની આ સ્થિતિ છે. યોજનાઓના નામ પાડી દેવાય પણ ખર્ચ કેટલો થાય છે એ આપણા માટે મહત્ત્વની વાત છે. એક હજાર પંચવટી ગામોનો લક્ષ્યાંક હતો પણ ૩૧૪ પંચવટીનું કામ ચાલુ છે. એ પચાસ ટકાથી પણ નીચે રેશિયો છે. આજે એ સ્થિતિ છે. સરદાર પટેલ આવાસ યોજના માટે ૧૩૧ કરોડ રૂપિયા ફાળવ્યા હતા, પણ નવૅમ્બર પાંચમી સુધીમાં માત્ર ચાલીશ ટકા જ ખર્ચ કરવામાં આવ્યો છે. ત્યારે સરકારને મારે પૂછવું છે કે, સરકારે આટલા પૈસાની ફાળવણી કરી હોય, સરકાર પાસે પૈસા હોય અને એવી યોજનાઓ જ્યારે બનાવી હોય ત્યારે એ યોજનાઓનો લાભ લોકો સુધી પહોંચવો જોઈએ. સરકારમાં કર્મચારીઓનો સારો ઉપયોગ કરીને એ કરી શકાય. ઓછી રકમનો ખર્ચ થયો છે. ૩૬૩૯૦ આવાસો બાંધવાના હતા એની જગ્યાએ માત્ર ૧૬૫૫૩ ડિસૅમ્બરની પાંચમી સુધીમાં પૂરા કર્યા છે, એટલે પચાવન ટકાથીયે વધારે

કામ બાકી છે. મારે બીજી એ વાત કરવી છે કે, ગુજરાતમાં ઉદ્યોગોની જે સ્થિતિની વાત કરવામાં આવે છે, મોટા મોટા ખર્ચા કરીને અને ખાસ કરીને માનનીય મુખ્ય મંત્રીશ્રી જ્યારે સ્ટેટમેન્ટ કરે ત્યારે આપણને એમ થાય કે ખરેખર ગૃહના એક નેતા તરીકે અને માનનીય મુખ્ય મંત્રીશ્રીના સંદર્ભમાં એક જવાબદાર તરીકે ઉદ્યોગ ક્ષેત્રે જ્યારે નિવેદન કરતા હોય, આપણે પતંગોત્સવથી માંડીને કેટલા મોટા ઉત્સવો કરતા હોઈએ, ગુજરાતમાં આ બાજુ બોલાવવા માટે અનેક યોજનાઓ કરતા હોઈએ ત્યારે આજની સ્થિતિએ ૪૪૪ કરોડ રૂપિયા રોકાણમાં ઘટ્યા છે અને એમણે જે મહારાષ્ટ્રનો દાખલો આપ્યો હતો, મારું સદ્‌ભાગ્ય છે કે આજે અહીંયાં માનનીય અનિલભાઈ સાહેબ બેઠા છે તો ચોક્કસ એ એમના જવાબમાં કહેશે. આપણને એમ થાય કે ગુજરાતનું આજે જે સ્થિતિએ મૂડીરોકાણ છે દેશના ક્ષેત્રમાં એ ૮.૮૧ ટકા છે, જ્યારે મહારાષ્ટ્ર સાથે સરખાવવાની વાત થતી હોય ત્યારે અમે કહીએ છીએ કે આજે ગુજરાતનો નંબર ચોથો થઈ ગયો છે. આપણે પહેલા નંબરની વાત કરતા હોઈએ ત્યારે આંકડાની માયાજાળ છે એ સ્પષ્ટ થાય છે આજે મહારાષ્ટ્રની અંદર, ગુજરાતનું જે આપણું મૂડીરોકાણ છે એ ૧,૨૩,૯૯૪ કરોડ રૂપિયા છે અને મહારાષ્ટ્રનું ૧,૬૩, ૪૯૨ કરોડ રૂપિયાનું રોકાણ આજે થયેલું છે. ૨૦૦૪માં મહારાષ્ટ્રમાં ૧,૭૨,૦૦૦ કરોડ રૂપિયા હતું, ગુજરાતમાં ૧,૫૩,૩૦૦૦ કરોડ રૂપિયા હતું. આજે મહારાષ્ટ્રમાં એ વધારે થઈને ૨,૧૫,૮૦૦ કરોડ રૂપિયા મૂડીરોકાણ અને ગુજરાતમાં ૨,૦૩,૭૪૪ કરોડ રૂપિયા થયું છે. એમ જે રીતે આપણે આ રેશિયો જોતા હોઈએ છીએ એ પાંચ વર્ષમાં ગુજરાતમાં ૧૬ ટકા એમાં અમલીકરણ જે છે એ આજની સ્થિતિએ જબરજસ્ત ઘટાડો થયો છે. આજે આપણે ઓરિસ્સાની બાબતે ગૌરવ લઈ શકીએ કે જે ઓરિસ્સાની સ્થિતિ છે એ ૨,૭૨,૦૦૦ કરોડ રૂપિયા છે, આંધ્રમાં ૨,૦૯,૮૦૫ કરોડ રૂપિયા, એમ આજે કાગળ ઉપર તો ગુજરાતનો નંબર ચોથો છે ૨,૦૩,૪૪૪ કરોડ રૂપિયા મૂડીરોકાણ છે. મારે ખાસ કરીને જે રીતે ગુજરાતમાં કાયદાની જે સ્થિતિ છે એ સ્થિતિના કારણે ગુજરાતમાં દિનપ્રતિદિન ઉદ્યોગ ક્ષેત્રે ઘટાડો થતો રહ્યો છે.

રોજગારીનું પ્રમાણ દિનપ્રતિદિન વધતું જાય છે તો એમાં જબરજસ્ત વધારો થયો છે, આજે એસ.ટી. નિગમની વાત કરીએ તો આજે જે એની સ્થિતિ છે એ પણ દરવર્ષે દશ ટકા એનો ખોટનો રેશિયો વધતો જાય છે, એસ.ટી. બસો દોડતી હતી, એમાં ચારથી પાંચ લાખ જેટલો ટ્રાફિક ઘટતો જાય છે, પાંચ વર્ષ પછી એસટીની પરિસ્થિતિ એવી હશે કે એસ.ટી.ઓ બંધ હશે. આજે ધીમે ધીમે કરતાં એની ઉપર વધારે દેવાનો ડુંગર ખડકાય ગયો છે અને ૫૦૦ કરોડથી પણ વધારે એસ.ટી.નું દેવું થયું છે. ખાસ કરીને જે સ્થિતિ એસ.ટી.ની અને બીજા બધાની થઈ છે એ પરિસ્થિતિમાં જે જવાબદારી પૂર્ણ કામ કરવું જોઈએ એ આજે પણ આ સરકારમાં નથી થતું. ઘણા બધા ખોટા અને મોટા ખર્ચાઓ થાય છે અને હમણા વાત થઈ,

માનનીય માધાભાઈએ વાત કરી ત્યારે મને એક વાત યાદ આવે છે કે સરસ્વતી નદીમાં પાણી આવ્યું, મને ખ્યાલ છે ૨૦૦૪માં જ્યારે હું ચૂંટણી લડતો હતો ત્યારે હું નદી કાંઠે રહેલો છું અને મારું સ્વપ્નું હતું કે, સરસ્વતી નદીમાં પાણી આવે. ૨૦૦૪માં પ્રશ્ન પૂછેલો અને માનનીય ભુપેન્દ્રસિંહ ચુડાસમા સાહેબે એ વખતે કહેલ કે સરસ્વતી નદીમાં નીર આવશે. અમે રજૂઆતો કરી અને પાયાની ઈંટ બન્યા અને સરકારની યોજનાની શું પરિસ્થિતિ થઈ? સિદ્ધપુર એક માતૃગયાનું સ્થળ છે એમાં પાણી નાંખવામાં આવે એ ચોક્કસ આનંદની વાત છે. પણ સિસ્ટમ એવી ઊભી થઈ કે સરસ્વતી નદીમાં પાણી નાખ્યું અને આજની સ્થિતિ શું છે? આજે આ વાત એટલા માટે કહું છું કે આજે સ્થિતિ એ છે કે, સરસ્વતી નદીમાં પાણી નંખાય ગયા બાદ આખા ગુજરાતના લોકોને બોલાવ્યા અને ત્યાં મોટું ફંકશન થયું, મોટા ખર્ચાઓ થયા.(અંતરાય) જે રીતે ગુજરાત સરકાર તરફથી ખર્ચાઓ કરવામાં આવ્યા ત્યારે આજે મને એમ થાય છે કે એની વાત કરવી પડશે... (અંતરાય) સાંભળો..સાંભળો. જે પ્રમાણે સરસ્વતી નદીમાં કેનાલની પાઈપ લાઈનમાંથી પાણી નાંખવાનું હતું એના બદલામાં ધરોઈમાંથી નાંખવામાં આવ્યું. આ માટે કેટલા રૂપિયા પંપીગનો ખર્ચ થશે? મને થયું ગુજરાતની સિંચાઈની યોજના માટે નરોત્તમ કાકા કહેતા હતા એટલે ખાસ કહું છું અને મને આ બાબતનો અભ્યાસ છે કે, પીવાના પાણી માટે ગમે એટલો ગુજરાત ખર્ચ કરી શકે, સિંચાઈ માટે પણ કરી શકે. આપણે ભૂકંપમાં નાખવા ૨૪ રૂપિયે લિટર અને કદાચ આવનારા સમયમાં જે સ્થિતિ નિર્માણ થવાની છે એમાં ૧૦૦૦ કરોડ રૂપિયા લાઈટ બિલ આવવાનું છે. એવી સ્થિતિ આવનારા દિવસોમાં થવાની છે.(અંતરાય) આ યોજના એવી બનાવી છે..(અંતરાય) જે કહું છું એ સાંભળો. યોજનાનો લક્ષ્યાંક એવો હોવો જોઈએ જેના કારણે વાસ્તવિકતા દેખાય. પણ માત્ર પાણી નાંખ્યા પછી પણ સિદ્ધપુર નગરપાલિકાની ગટરનું પાણી એમાં જોડાય છે એ કહેતાં દુઃખ થાય છે. ધીમે ધીમે આ પાણી બંધ થયું, નરોત્તમ કાકા ચેક કરાવજો આ અમારા શબ્દો છે. આજે સરસ્વતી નદીમાં પાણી છે? આજે નથી. તમે જુઓ આજની સ્થિતિએ સરસ્વતી નદીમાં પાણી નથી. આપણે સમગ્ર ભારતમાં જઈને માતૃગયા માટેની વાત કરતા હોઈએ, સમગ્ર જગતને વાત કરતા હોઈએ ત્યારે આજે સ્થિતિ શું છે? પાણી આવશે તો હું એને આવકારદાયક કહીશ. મને એવું નથી, જ્યાં વિકાસનું કામ થતું હશે ત્યાં હંમેશા મારો ટેકો રહેશે. મારી માનનીય નરોત્તમ કાકાને વિનંતી છે કે, સરસ્વતી નદીના પાણી બાબતમાં ધ્યાન આપે. આ વાત માટે જ્યારે મેં આપના એક જવાબદાર અધિકારીશ્રીને ફોન કર્યો અને મેં એમને કહ્યું કે, ત્યાં જે સ્થિતિ છે એમાં કોઈ લોકો ત્યાં આગળ જઈને કેમેરા ઉતારે કે એવું બને તો સિદ્ધપુરનું શું થાય ? જે ભારતભરમાં આપણે બતાવ્યું છે

અને અહીં કોઈ આવે અને કોરુંકટ જુએ તો શું પરિસ્થિતિ ઊભી થાય? આવી પરિસ્થિતિ છે ત્યારે વહેલીતકે એમાં પાણી નાંખવું જોઈએ.

માનનીય અધ્યક્ષશ્રી, મારી બીજી વાત અમારા વિસ્તારની જી.આઈ.ડી.સી.ની એટલા માટે કરું છું કે અમારા અનિલભાઈ સાહેબ પાસે હું બહુ બૂમબરાડા પાડતો અને ૨૦૦૨ની અંદર જી.આઈ.ડી.સી. જે કૅન્સલ થઈ હતી અને એ સરકારે ફરી ચાલુ કરવી અને એ ચાલુ કરી પણ કેવી? આજે ૪૫૦ થી ૫૦૦ રૂપિયાના ભાવથી પ્લોટ અપાય છે પણ એ જમીન એટલી બધી મોંઘી આજની સ્થિતિએ ૨૦ વર્ષ બાદ પણ જ્યારે સરકાર આપે ત્યારે આજે પાંચસો રૂપિયાના ભાવથી કોણ લેવાનું છે? આજે પાંચસો રૂપિયાના ભાવથી વધારે ભાવની ત્યાં આજની સ્થિતિ એ થઈ છે એ કેવી સ્થિતિ થઈ છે ભાવની (અંતરાય) ભાવ ઘટાડો તો મને એમ લાગશે કે આ અમારા વિસ્તારનું કામ કર્યુ છે.

છેલ્લે એક વિનંતી એ કરવી છે કે સી.ડી. પટેલ સાહેબ હમણાં જ પ્રવાસન નિગમની વાત કરતા હતા ત્યારે મારી એક વિનંતી છે કે સિદ્ધપુર માતૃગયા માટેનું સ્થળ છે. આજે માનવીની ઉત્પત્તિ પણ આ સિદ્ધપુરમાંથી થઈ હોય ત્યારે પર્યટન વિભાગની અંદર બધા સ્થળો લેવાના હોય ત્યારે હું હંમેશા એક માગણી કરતો આવ્યો છું કે આપે પ્રવાસન વર્ષ, ૨૦૦૬ ઉજવવાનું જ્યારે જાહેર કર્યુ છે ત્યારે સિદ્ધપુરને યાત્રાધામ તરીકે જાહેર કરીને એની અંદર જ્યારે સમગ્ર વિસ્તારના લોકો આવતા હોય ત્યારે એ પણ અમારા વિસ્તારના ભાગરૂપે લઈને પક્ષાપક્ષીથી છોડીને પણ આ વિસ્તારનું કામ થાય એવી હું આ પ્રસંગે વિનંતી કરું છું. રાજયપાલશ્રીએ જે પ્રવચન કર્યુ છે એ પ્રવચન મેં જે આંકડા ગણાવ્યા એના ઉપરથી દુ:ખ સાથે એનો જે આભાર પ્રસ્તાવ લાવ્યા છે એનો વિરોધ કરી મારી વાત અહીંયા પૂર્ણ કરું છું.

**શ્રી મોહનભાઈ ક. કુંડારિયા (ટંકારા)** : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના સભ્યશ્રી જે રાજયપાલશ્રીના પ્રવચનનો આભાર પ્રસ્તાવ લઈને આવ્યા છે એમાં મારો ટેકો આપવા માટે ઊભો થયો છું. જ્યારે સરકારની નીતિ સ્પષ્ટ હોય, નિયત સાફ હોય ત્યારે ઈશ્વરનો પણ તેમને સહકાર મળતો હોય છે  અને કુદરત પણ સાનુકૂળ થતી હોય છે પણ અત્યારે હમણાં એક સભ્યશ્રી બોલી રહ્યા હતા ત્યારે મને એક ગામડાની કહેવત છે એ યાદ આવે છે કે "એક ગામમાં ડાહીમાં ડાહી દીકરી હતી એના લગ્ન થયાં અને એ સાસરે જતી હતી ત્યારે ઝાંપે જઈને દીકરીને ઊભી રાખીને કહ્યું કે બહેન તું સાસરે જાય છે પણ સાસુનું કહ્યું માનતી નહિ, ઘરવાળા કહે એમ કરતી નહિ આવી શિખામણ ડાહીએ ગાંડીને આપી. હમણાં સભ્યશ્રી વાત કરતા હતા કે આ બજેટ આટલું મૂક્યું હતું એ પૂરું વપરાતું નથી એમાં હું સો ટકા સહમત છું. અગાઉના બજેટમાં ૧૦૦ ટકા ટાઈમ પહેલાં એના નાણાં વપરાઈ જતા હતા પણ એના કારણો હતા. અગાઉ જ્યારે બજેટ ફાળવવામાં આવતું એના કામો ચોપડા પર થતાં એટલે એ ઝડપી થઈ શકે અત્યારે કામ જે થાય છે એ રિયલ કામ થાય છે એટલે એમાં થોડીક વાર લાગે અને ત્યારના સ્વ. વડાપ્રધાનશ્રીએ પણ કહેલું કે અહીંયાથી અમે એક રૂપિયો મોકલીએ છીએ એના ૧૫ પૈસા પહોંચે છે એટલે વાપરવાના ૧૫ ટકા જ હોય એટલે એ ઝડપી વપરાઈ જતા હતા, બલવંતસિંહ વાત કરતા હતા પાંચ શક્તિની વાત એમણે કરી. પાંચ શક્તિ શું એની એમને ખબર નથી એવું આજે એમની વાત સાંભળ્યા પછી લાગ્યું. આમાં પાંચ શક્તિઓ હતી એક ઉર્જાશક્તિ, અઢાર હજારમાંથી પંદર હજાર ગામો બન્યા છે એ ઘણા ગામો બન્યા કહેવાય પંદર હજાર તો બન્યા છેને? ત્યારપછી જન શક્તિ, જન શક્તિ એટલે શું આ જેટલા સમરસ ગામો બનાવ્યા અમે અને ગામડાની અંદર એકતા ઊભી કરી દરેક જણને ગામમાં ભેગા કર્યા એ અમારી જન શક્તિ હતી એના પછી જ્ઞાન શક્તિ, ગામડાની અંદર ભણવા માટે શાળાના ઓરડા નહોતા, માસ્તરો નહોતા, એની અમે વ્યવસ્થા કરીને જ્ઞાન શક્તિ ઊભી કરી. પહેલાંના જમાનામાં આ કોંગ્રેસના મિત્રો ગામડાની અંદર પંચાયતી ચૂંટણી કરી ભાગલા પાડીને રાજ કરવાની જે નીતિ હતી એને અમે ખતમ કરવા માટે આ સમરસ ગામની યોજના લાવ્યા. આ ભારતીય જનતા પાર્ટીની સરકારે જ્યારે વિચાર કર્યો જો ભારતને અને ગુજરાતને બેઠું કરવું હોય તો પહેલાં ગામડાને બેઠાં કરવાં પડે ગામડાઓ માટે એમણે શું કર્યુ? આપણે ત્યાં એક કહેવત છે કે "કાં દિ વાળે એ દીકરો, કાં ધોરી ને કાં ધરા," આ ગુજરાતની ભારતીય જનતા પાર્ટીની સરકારે વિચાર કર્યો કે આ ત્રણ વસ્તુઓમાં દિ વાળે તે દીકરો, કાં ધોરી ને કાં ધરા. એટલે આ ધોરી ધરા માટે પહેલાં આ સરકારે વિચાર કર્યો કે ગામડાંને બેઠું કરવા માટે શું કરવું. આ સરકાર આવ્યા પહેલાં ગામડાંનો ગરીબ માણસ શહેરમાં જઈ અને ગંધાતી ગટર પાસે રહેતો હતો તે માણસને પાછો લાવવા માટે આ ભારતીય જનતા પાર્ટીની સરકારે ગોકુળ ગ્રામ યોજના લાવી, સમરસ ગામ લાવ્યા, જ્યોતિ ગ્રામ યોજના લાવ્યા, પંચવટી યોજના હમણાં બળવંતસિંહ કહેતા હતા કે પંચવટી યોજના ૩૧૪નાં જ કામ ચાલે છે. ૧૪૪ પૂરી થઈ ગઈ અને ૩૧૪ના કામ ચાલે છે. ગામડાંમાં બગીચા હોય? શહેરના બગીચા પણ તમે સૂકવી નાંખ્યા હતા. બદલીમાં ભારતીય જનતા પાર્ટીની સરકારે ગામડાંમાં બગીચા બનાવ્યા. માણસ સાંજે કામેથી આવીને થાક્યો પાક્યો તે બગીચામાં જઈને ઘડીક બેસી શકે, મનન કરી શકે અને પ્રભુનું ભજન કરી શકે આ તેને યાદ આવ્યું. આ ભારતીય જનતા પાર્ટીની સરકાર કન્યા કેળવણી યોજના લાવી. મને યાદ પહેલાં વહેલું આવ્યું હું પહેલાં

ભણવા ગયો ત્યારે મને ખબર હતી ગામડાંમાં વિદ્યાર્થીઓ જ્યારે ભણવા બેસતા હતા ત્યારે ઘરે તેડવા આવતા હતા. આ ૨૦-૨૫-૩૦ વર્ષ પછી આજે પાછું આ ભારતીય જનતા પાર્ટીની સરકારે ગામડાંની અંદર પ્રવેશોત્સવ દરેક ગામનાં બાળકોને સ્કૂલે એકી સાથે ભણવા મોકલે અને તેમાંથી વિદ્યાર્થી પાછો ભણવામાંથી ઉઠી ના જાય તેને માટેનાં પ્રયત્ન કરે. ગામડાંમાં આંગણવાડીના મકાન નહોતા, ગામડાંમાં પંચાયત ઘર નહોતાં. ગામડાંએ સી.સી.રોડ શું તે ખબર નહોતી. પહેલાં સી.સી.રોડ કોને કહેવાય તે ખબર નહોતી. આજે ગામડાંના એકે એક કાર્યકર્તાને ખબર પડે કે ભાઈ તમે અમને સી.સી.રોડની ગ્રાન્ટ આપો. આ સી.સી.રોડ લાવ્યા હોય તો આ ભારતીય જનતા પાર્ટીની સરકાર લાવી છે. ત્યાર પછી ખબર પડી કે ગામડાંની અંદર ખેતીને બેઠી કરવા માટે શું કરવું ? (અંતરાય) ગોવાભાઈ તમારા આત્મા ઉપર હાથ મૂકીને એક મિનિટ આંખ બંધ કરો કે ગામડાંમાં ભાજપ આવ્યા પછી શાંતિ, સમૃદ્ધિ અને સુખ આવ્યું છે કે નહીં ? તમારા આત્માને પૂછો. બાકી તો આ ગોવાભાઈ તમે તેની જેમ કરો છો કે આ લગનમાં ફટાણા છે. ત્યાર પછી ભારતીય જનતા પાર્ટીની સરકારે આ ખેડૂતને ઉન્નતિમાં લાવવા માટે ખેતી માટે વિચાર કર્યો. આ ગામડાંની અંદર કૃષિ રથ યોજના ફેરવી. ગામડાંના એકે એક ખેડૂતને આ ખેતીથી માહિતગાર કર્યા. કઈ જાતના બિયારણનો ઉપયોગ કરવો, કઈ જાતના ખાતરનો ઉપયોગ કરવો, કઈ જાતની દવાનો ઉપયોગ કરવો આ માર્ગદર્શન આપવા માટે આપણાં વૈજ્ઞાનિકો ખેતીના હતા તેમને ગામડાંમાં મોકલ્યા. ત્યાર પછી આપણે લેબોરેટરી કરાવીને તેના રિપોર્ટના આધારે જેમ ડોકટર દવા આપે તેમ આ ભારતીય જનતા પાર્ટીની સરકારે લેબ ટુ લેન્ડ અને સોઈલ હેલ્થ કાર્ડ આપ્યા કે આ ખેતરની અંદર કયું વાવેતર કરવું, કયું ખાતર નાંખવું. આને શું જરૂરિયાત છે. હકીકત છે કે જે ૯ હજારનું ઉત્પાદન હતું તેની જગ્યાએ આ ત્રણ વર્ષમાં ૨૫ હજાર કરોડે પહોંચ્યું. આ સીધો દાખલો તેમાં તમારે છબીલભાઈ ગામડાંમાં જઈને આ વાત કરો તો ખબર પડે. ઉભા પણ ના રહેવા દે. કિસાન ક્રેડીટ કાર્ડ પહેલાં ગામડાંના ખેડૂતમાં મને યાદ છે હું નાનો હતો, હું પણ ખેતી કામ કરતો અને ગામડાંના ખેડૂતના કુટુંબમાંથી જન્મીને આવ્યો છું. પહેલાં ગામડાંની અંદર જ્યારે પિયત ચાલતું હોય ત્યારે આપણે ખાતર લેવું હોય તો ગામડાંમાં પાંચ રૂપિયા ઉછીના નહોતા મળતા. ત્યારે માણસનો પાક ખાતરના વાંકે બગડતો. તેની બદલીમાં અત્યારે કિસાન ક્રેડીટ કાર્ડ આપ્યા. ગમે ત્યારે તે શહેરમાં જઈ શકે, પૈસા ઉપાડી શકે અને તેને આધારે ખેતીમાં જોઈતી તમામ વસ્તુઓની ખરીદી કરી શકે. અત્યારે ગામડાંની અંદર, પરમ દિવસે જ અમારા ટંકારાની અંદર દયારામ સરસ્વતીની જન્મભૂમિ છે તેનો ઉત્સવ હતો અને તે ટ્રસ્ટના ટ્રસ્ટી છે તે મુંજાલ સાહેબ હોન્ડા કંપનીના ચેરમેન છે અને બે દિવસ પહેલાં પરમ દિવસે શિવરાત્રીના દિવસે ટંકારામાં તેને જાહેર પ્રવચનમાં કહ્યું કે અત્યારે ગુજરાતનો ખેડૂત અને ગુજરાતનું ગામડું છેલ્લાં પાંચ દિવસમાં એટલું સધ્ધર થતું જાય છે કે આખા ગુજરાતની અંદર જે અમારી હોન્ડા મોટર સાઈકલનું વેચાણ છે તેમાં વધારેમાં વધારે વેચાણ ગુજરાતમાં અને તેમાંય વધારેમાં વધારે મોટું વેચાણ સૌરાષ્ટ્રમાં થાય છે.

**અધ્યક્ષશ્રી** : માનનીય સભ્યશ્રીનું પ્રવચન ચાલુ રહેશે.

**સભાગૃહનું કામકાજ સાંજના ૫.૧૫ વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર બુધવાર, તા. ૧લી માર્ચ, ૨૦૦૬ ના રોજ બપોરના ૧૨.૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા**
**બુધવાર, તા.૧લી માર્ચ,૨૦૦૬**
**ફાલ્ગુન ૧૦, ૧૯૨૭ શાકે**
**સભાગૃહ બપોરના ૧૨-૦૦ વાગ્યે મળ્યું.**
**અધ્યક્ષશ્રી પ્રો.મંગળભાઈ પટેલ અધ્યક્ષસ્થાને**

# તારાંકિત પ્રશ્નો

**કેશોદ તાલુકામાં આંગણવાડીઓ**

***૧૫૬૩૪ શ્રી માધાભાઈ લા. બોરીચા (કેશોદ) : માનનીય મહિલા અને બાળકલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) કેશોદ તાલુકામાં તા. ૩૧-૧૨-૨૦૦૫ની સ્થિતિએ કુલ કેટલી આંગણવાડીઓ કાર્યરત છે,
(૨) એ પૈકી કેટલી આંગણવાડીઓ પાસે સરકારી મકાનો ઉપલબ્ધ છે અને
(૩) જેમાં સરકારી મકાન ઉપલબ્ધ નથી ત્યાં મકાન ઉપલબ્ધ કરાવવા સરકારનું કોઈ આયોજન છે ખરું?

**મહિલા અને બાળકલ્યાણ મંત્રીશ્રી:**
(૧) તા. ૩૧-૧૨-૨૦૦૫ની સ્થિતિએ ૧૭૯ આંગણવાડીઓ કાર્યરત છે,
(૨) ૩૧ આંગણવાડીઓને સરકારી મકાન ઉપલબ્ધ છે.
(૩) હા, જી.

**શ્રી માધાભાઈ લા. બોરીચા** : માનનીય અધ્યક્ષશ્રી, તા. ૩૧-૧૨-૨૦૦૫ની સ્થિતિએ કુલ કેટલી આંગણવાડીઓ કાર્યરત છે, તેવા મારા પ્રશ્નના જવાબમાં ૧૭૯ આંગણવાડીઓ કાર્યરત છે એવી માહિતી આપવામાં આવી. ૩૧ આંગણવાડીઓ પાસે સરકારી મકાન ઉપલબ્ધ છે તો બાકીની આંગણવાડીઓને મકાન પૂરાં પાડવા માટે સરકાર કંઈ વિચારે છે કે કેમ?

**શ્રીમતી આનંદીબેન મ.પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, કેશોદ તાલુકામાં ૧૭૯ આંગણવાડીઓ ચાલે છે તેમાં ૩૧ આંગણવાડીઓને પોતાના મકાનો છે. બાકીની આંગણવાડીઓને પોતાના મકાનો નથી. પણ ભાડાના મકાનમાં આંગણવાડીઓ ચાલે છે. ૨૦૦૬-૦૭ના વર્ષમાં ૧૧૯૬ નવી આંગણવાડીઓ બાંધવા માટેનું આયોજન રાજય સરકારે કર્યું છે. તેમાંથી તેમને ભાગે પડતી જે આંગણવાડીઓ જિલ્લામાં આવશે તેના આધારે કેશોદ તાલુકાની પણ આંગણવાડીઓ બનશે.

**શ્રી કનુભાઈ મે. ભલાળા** : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત જાણવા માગું છું કે જુનાગઢ જિલ્લામાં આંગણવાડીના લાભાર્થીઓ તેમજ સગર્ભા તથા ધાત્રી માતાના આરોગ્યની ચકાસણી કરવાની કંઈ વ્યવસ્થા કરવામાં આવેલ છે કે કેમ? બીજો પ્રશ્ન છે કે જુનાગઢ જિલ્લામાં આંગણવાડીમાં આવતા કેટલા બાળકો અને માતાઓની આરોગ્યની તપાસ અને ચકાસણી કરવામાં આવેલી છે?

**શ્રીમતી આનંદીબેન મ.પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર જુનાગઢ જિલ્લામાં ૧,૨૮,૧૩૨ બાળકોને લાભ પ્રાપ્ત થાય છે. સગર્ભા માતાઓની સંખ્યા ૧૯,૯૭૫ છે. સ્વાસ્થ્ય ચકાસણી થઈ છે. ૧૦,૭૫૬ બાળકોની સ્વાસ્થ્ય ચકાસણી થઈ છે. તેમાંથી ૧,૬૭૬ બાળકો માંદગીવાળા નીકળ્યાં છે. તેની પણ ટ્રીટમેન્ટ ચાલુ છે. આંગણવાડીઓમાં શૌચાલયની સંખ્યા ૭૬૫ છે.

**શ્રી જગદીશ ઠાકોર** : હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે કેશોદ તાલુકામાં ૩૧ આંગણવાડીઓમાં સરકારી મકાનો ઉપલબ્ધ છે. તો આ ૩૧માં છેલ્લા ત્રણ વર્ષમાં કેટલા મકાનો બન્યા?

**શ્રીમતી આનંદીબેન મ.પટેલ** : છેલ્લા ત્રણ વર્ષમાં સાત મકાનો બન્યા છે, પરંતુ આખાય રાજયમાં છેલ્લા સાત વર્ષમાં ૭,૦૦૦ આંગણવાડીઓના મકાનો બનાવ્યા છે. (અંતરાય) છેલ્લા સાત વર્ષમાં ૭,૪૦૦ મકાનો બનાવ્યા. ૨૩ વર્ષમાં ૭,૬૦૦ મકાનો બનાવ્યા હતા.

**શ્રી જયંતિલાલ ૨ા. કવાડિયા** : માનનીય અધ્યક્ષશ્રી, આ તિથિ ભોજન યોજના મધ્યાહ્ન ભોજન યોજનામાં રાખી છે તો તેમાં લોકોનો સહકાર કેવો મળે છે, તે જાણવા માગું છું.

**અધ્યક્ષશ્રી** : આમાં મધ્યાહ્ન ભોજન નહીં આવે.

**શ્રીમતી આનંદીબેન મ.પટેલ** : આના પછીનો પ્રશ્ન આવે છે તેમાં તિથિ ભોજનની વાત છે.

**ડૉ. અનિલ જોષીયારા** : માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે ૧૪૮ આંગણવાડીને મકાનો નથી. બાળકો જ્યારે સ્કૂલમાં જાય છે. આપણે પ્રવેશ ઉત્સવની વાત કરીએ છીએ ત્યારે ૧૪૮ તાલુકામાં બાળકો

શાળામાં મકાન જોતાં નથી તો સરકાર યુદ્ધના ધોરણે પ્રયાસ કરીને બાળકો મકાન જૂએ, એમને ખબર પડે કે આ આંગણવાડીનું મકાન છે. તેમાં અમને ભણવા મળશે એવું કંઈ સરકાર કરવા માગે છે કે કેમ?

**શ્રીમતી આનંદીબેન મ.પટેલ** : યુદ્ધના ધોરણે જ રાજય સરકારે આ કામગીરી ઉપાડી છે. એટલે મેં કહ્યું કે છેલ્લા ચાર-પાંચ વર્ષમાં ૭,૦૦૦ આંગણવાડીઓ બાંધી છે અને આવતા ચાર-પાંચ વર્ષમાં આ પૂરું કરવાનું છે.

## મધ્યાહ્ન ભોજન યોજના સ્વૈચ્છિક સંસ્થાને સોંપવા અંગે

***૧૫૪૭૫ શ્રી અમિત અ. ચાવડા (બોરસદ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) મધ્યાહ્ન ભોજન યોજના અંતર્ગત રાજયમાં પ્રતિદિન કેટલા પ્રાથમિક શાળાના બાળકો લાભ લે છે અને પ્રતિદિન કેટલો ખર્ચ થાય છે,

(૨) આ યોજના અંતર્ગત રાજયમાં કેટલા કર્મચારીઓ કામગીરી બજાવે છે,

(૩) રાજય સરકાર દ્વારા આ યોજનાની કામગીરી સ્વૈચ્છિક સંસ્થાઓને સોંપવાની તજવીજ ચાલે છે તે હકીકત સાચી છે, અને

(૪) શા કારણોસર?

**શિક્ષણ મંત્રીશ્રી:**

(૧) ૩૬.૨૮ લાખ બાળકો. રૂા. ૮૭.૮૮ લાખ ખર્ચ.

(૨) ૧,૩૦૮ કર્મચારીઓ/અધિકારીઓ.

(૩) ચોક્કસ વિસ્તારોમાં પ્રાયોગિક ધોરણે આ યોજના સ્વૈચ્છિક સંસ્થાઓ મારફતે ચલાવવાની બાબત વિચારણા હેઠળ છે.

(૪) લાભાર્થી બાળકોને આધુનિક પદ્ધતિથી બનાવેલ એક સરખું ભોજન ઉપલબ્ધ કરાવી શકાય તે માટે.

**શ્રી અમિત અ. ચાવડા** : હું જાણવા માગું છું કે તેમણે કર્મચારીઓની સંખ્યા ૧,૩૦૮ બતાવી છે. મારી દૃષ્ટિએ તેમણે ફક્ત ઑફિસમાં બેસીને કામ કરનાર કર્મચારીઓની સંખ્યા બતાવી છે. જ્યારે રાજયમાં કાર્યરત મધ્યાહ્ન ભોજન કેન્દ્રોમાં વ્યવસ્થાપક તરીકે, રસોઈ કાર્યકર તરીકે રહીને અંદાજે ૮૦,૦૦૦ જેટલા લોકો માનદ્ વેતનથી રોજગારી મેળવે છે તો સ્વૈચ્છિક સંસ્થાઓને આ કામગીરી સોંપવામાં આવશે તો આ કર્મચારીઓના કુટુંબીજનોની આર્થિક પરિસ્થિતિ બગડશે અને તેમની રોજગારી છીનવાઈ જશે. તેના માટે સરકાર શું પગલાં લેવા માગે છે? બીજું કે ચોક્કસ વિસ્તારોમાં આ યોજના કાર્યરત થનાર છે. તો આ કયા કયા ચોક્કસ વિસ્તાર છે? ત્રીજું, જે પદ્ધતિથી સ્વૈચ્છિક સંસ્થાઓ ભોજન ઉપલબ્ધ કરાવવા માગે છે તે પદ્ધતિથી સરકાર પણ ભોજન ઉપલબ્ધ કરાવવા સંમત છે કે કેમ અને તેમ કરવા માગે છે કે કેમ?

**શ્રીમતી આનંદીબેન મ.પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, એમનો જે પ્રશ્ન હતો કે રાજયમાં કેટલા કર્મચારીઓ ફરજ બજાવે છે. એનો જવાબ આપ્યો છે કે, ૧૩૦૮ અધિકારીઓ/ કર્મચારીઓ ફરજ બજાવે છે. એમાં નાયબ કલેક્ટર વગેરે આવી જાય છે. સંચાલકોની કેટેગરીમાં જે કામ કરે છે એ અલગ છે. એટલા માટે જવાબ નથી આપ્યો. એ વાત સાચી છે. ૮૬૩૧૪ હેલ્પરો, રસોઈયાઓ અને સંચાલકો આ ત્રણેય ભેગા મળીને થાય છે. સુપ્રીમ કોર્ટના ચુકાદા અનુસાર પકાવેલું ભોજન બધા બાળકોને મળવું જોઈએ. આ ચુકાદો તા.૨૮-૧૧-૨૦૦૧ના રોજ આવ્યો. જેમાં ૩૦૦ કેલરી અને ૮થી ૧૨ ગ્રામ પ્રોટિન ધરાવતો ખોરાક આપવો જોઈએ. એની સામે આપણી સરકારે ૪૫૦ કેલરી અને ૧૫ ગ્રામ પ્રોટિનયુક્ત ખોરાક ૨૦૦ દિવસ સુધી આપીએ છીએ. સવાલ એ પેદા થાય છે કે, જુદા જુદા રાજયોની અંદર જે ખોરાક બાળકોને આપવામાં આવે છે એ કોઈને કોઈ સ્વૈચ્છિક સંસ્થાઓ અથવા સારા લોકો કે એન.જી.ઓ. સાથે મળીને કામ કરે છે. આનો આપણે માત્ર સ્ટડી કરીએ છીએ. જે માટે બધા ભેગા મળીને એમ.એલ.એ. અને એમ.પી.ની ટીમ મધ્યપ્રદેશમાં ગઈ હતી. હું ઇન્દોરમાં ગઈ હતી. ત્યાં મધ્યાહન ભોજન યોજના હમણાં શરૂ થઈ છે. નાન્દી નામની હૈદ્રાબાદની સંસ્થા, હૈદ્રાબાદ અને સીકંદરાબાદમાં લાખો બાળકોને એક સાથે ભોજન તૈયાર કરીને દાળભાત અથવા તો બીજી ગરમા-ગરમ રસોઈ તૈયાર કરીને બાળકોને જોઈએ એટલું ભોજન આપે છે. એનો અત્યારે આપણે અભ્યાસ કરી રહ્યા છીએ કે આ કેવી રીતે આપે છે, કેટલો ખર્ચ થાય છે? સારું ભોજન મળે છે કે કેમ? સ્વાદિષ્ટ ભોજન છે કે કેમ ? પેટ પૂરતું મળે છે કે નહીં? એનો અભ્યાસ કરાવ્યો. એ જ રીતે દિલ્હીની અંદર પણ ૧૦ એન.જી.ઓ.ને અભ્યાસ કરવા માટે આપ્યો અને એણે શરૂ પણ કર્યું. અમારા અધિકારીઓ દિલ્હી જઈને જોઈ પણ આવ્યા. દિલ્હીમાં ત્રણેક લાખ બાળકોને અત્યારે એ ભોજન મળી રહ્યું છે. એમણે ૧૦ એન.જી.ઓ.નો ઉપયોગ કર્યો છે અને ઘટ પાડીને આ કામનો આરંભ કર્યો છે. આનો પણ આપણે સ્ટડી કર્યો છે. એ જ રીતે હૈદ્રાબાદ ટીમ જઈને જોયું કે ત્યાં કેવી રીતે અપાય છે અને અમે ઈન્દોરમાં જઈને જોઈ આવ્યા છીએ એમાં

માત્ર પ્રશ્ન એ છે કે બાળકોને સારું અને સ્વાદિષ્ટ ભોજન સારી રીતે અપાય અને જે કર્મચારીઓ અને સંચાલકો વગેરે કામ કરે છે એમનો ઉપયોગ કરીને એન.જી.ઓ મારફત અથવા સારી એન.જી.ઓ.ને આપી શકાય કે કેમ? એટલી જ વિચારણા હાલ થઈ છે બાકી કોઈ નિર્ણય કરવામાં આવ્યો નથી. કોઈ એક જગ્યાએ પ્રાયોગિક ધોરણે કરીએ અને એમાં જો સફળ થઈએ તો જ વિચાર કરી શકાય, બાકી આજે કોઈ વિચાર થયો નથી.

**શ્રી મહેન્દ્ર શાં. ત્રિવેદી** : માનનીય અધ્યક્ષશ્રી, મંત્રીશ્રીએ કહ્યું કે, પ્રતિદિન-૮૭.૮૮ લાખ રૂપિયાનો ખર્ચ આપણે મધ્યાહન ભોજન યોજના પાછળ કરીએ છીએ. એમાં મારે એ જાણવું છે કે, કેન્દ્ર સરકારનો એમાં શું ફાળો છે? એક બીજી બાબત અત્યારના ધ્યાન ખેંચે એવી છે કે, માનનીય મંત્રીશ્રીએ એવું કહ્યું કે, ૨૦૦ દિવસ લગભગ આ પ્રકારનું, આટલી કૅલરી અને પ્રોટિન મળે એવો ખોરાક આપીએ છીએ. આ જે ખર્ચ પ્રતિદિન લખ્યો છે એ ૨૦૦ દિવસ લેખે લખ્યો છે કે ૩૬૦ દિવસ કરીને લખ્યો છે? એ મારે જાણવું છે.

**શ્રીમતી આનંદીબેન મ.પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્ર સરકાર દ્વારા ધોરણ ૧થી ૫ના બાળકો માટે બાળક દિઠ દૈનિક ૧૦૦ ગ્રામ અનાજ, ઘઉં કે ચોખા ઉપર કન્વર્ઝન, ટ્રાન્સપૉર્ટનો ખર્ચ અને વહીવટી ખર્ચ એ બધું મળીને બાળક દીઠ દૈનિક રૂ.૧.૧૦ કેન્દ્રિય સહાય આપવામાં આવે છે. ધોરણ ૬ અને ૭ના બાળકોનો બધો જ ખર્ચ રાજય સરકાર ભોગવે છે. આ દૈનિક ખર્ચ આપ્યો છે, એ ટોટલ ખર્ચ છે.

**શ્રી શંકરભાઈ દે. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, આપણે જ્યારે મધ્યાહન ભોજન યોજના દાખલ કરી ત્યારે સારાય વિશ્વમાં જાણીતી અમુલ ડેરીએ સુખડી, મમરી, ગાંઠિયા, બૂંદી, ચણા યા શીંગ આપવાનો વિચાર કર્યો હતો. આવી સંસ્થાઓ, ધાર્મિક સંસ્થાઓ શ્રી અક્ષર પુરષોત્તમ મંદિર છે અથવા એવી કોઈ સારી સંસ્થા હોય એનો સંપર્ક કરીને આ યોજના એને સોંપવા માગે છે કે કેમ?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આગળ મેં કહ્યું કે સારી સંસ્થાઓ આગળ આવશે તો એના ઉપર વિચાર કરી શકાય.

**શ્રી માધુભાઈ જે. ભોયે** : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે જે કર્મચારીઓ છે એ કર્મચારીઓ આજે માનો કે મધ્યાહન ભોજન યોજના બંધ થાય તો ફાજલ થઈ જવાના એમને કોઈ બીજી જગ્યાએ સમાવવા માગો છો કે કેમ? બીજું ગામડાની અંદર મોટા ભાગે મધ્યાહન ભોજન યોજનાની અંદર જે બાળકો ભોજન ચાલુ હોય ત્યારે આવે છે એમને તાજુ ખાવાનું, તાજી રસોઈ બનાવીને મળે છે તો બીજી રીતે આ જે કર્મચારીઓ ચાલુ હોય એ લોકોને પણ એ સંસ્થાને સોંપવા માગે છે કે કેમ? મારી વિનંતી છે કે અગાઉની યોજનાની પદ્ધતિ સરકાર બંધ ન કરે અને બીજી સંસ્થાઓને ન સોંપે તો ગામડાના કર્મચારી છે એનું પણ જે રીતે પોષણ થાય અને બાળકોને પણ તાજુ ખાવાનું મળે એવી મારી આપને અને સરકારને વિનંતી છે.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મેં અગાઉ એનો જવાબ આપ્યો જ છે કે કોઈ કર્મચારી છૂટા નહીં થાય, એન.જી.ઓ. એને સ્વીકારે એનો ઉપયોગ કરે એવો વિચાર કર્યો છે.

**શ્રી યોગેશભાઈ ના. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, એક બાળક દીઠ ૧ રુપિયો અને ૧૦ પૈસા જે આપવામાં આવે છે અને ૧૦૦ ગ્રામ અનાજ એમાં તેલ અને બધો પકવવાનો ખર્ચ પણ આવી જાય તો આ જે રકમ છે એ મોકલે છે એ બહુ ઓછી રકમ છે, એમાં કંઈ સુધારો કરવા માગે છે કે કેમ? બીજું જે સંસ્થાને આપવાની વાત બહુ સારી વાત છે કારણ કે અત્યારે જે બાળકોને જમવાનું મળી રહ્યું છે એ ઘણું ખરાબ મળી રહ્યું છે એટલે સંસ્થાને જે આપવામાં આવશે એ બહુ સારી બાબત છે.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, એમાં વધારો કરીને ૨ રૂપિયા કરવામાં આવ્યો છે અને એ ઉપરાંત આગળ કહ્યું એમ છેલ્લા એક વર્ષથી બાળકોને તિથિ ભોજન દ્વારા પણ વિશેષ ખોરાક ગ્રામજનો તરફથી અપાઈ રહ્યો છે અને એમાં ૩ વર્ષમાં ૧ કરોડ ૩૦ લાખ બાળકોને આ તિથિ ભોજનનો લાભ લીધો છે. ગ્રામજનો સ્વેચ્છાએ બાળકોને તિથિ ભોજન કરાવી રહ્યા છે અને બાળકોએ આ તિથિ ભોજનનો લાભ લીધો છે. છેલ્લા ૩ વર્ષથી દાન વગેરે પણ મળ્યું છે અને આણંદની અંદર એક પ્રયોગ શરૂ કર્યો છે એમાં ૧૦૦૦ બાળકોને અઠવાડિયાની અંદર એક દિવસ ૨૦૦ ગ્રામ કઠોળ એટલે કે ફણગાવેલા મગ પણ બાળકોને આપવા એ પણ પ્રયોગ આણંદ જિલ્લામાં હાથ ધરવામાં આવ્યો છે.

## અમદાવાદમાં રાંધણ ગેસના સિલિન્ડરોની તંગી

***૧૪૯૪૮ ડૉ. માયાબેન સુ. કોડનાની (નરોડા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી (રાજય કક્ષા)** જણાવવા કૃપા કરશે કે :-

(૧) અમદાવાદ શહેરમાં રાંધણ ગેસ સિલિન્ડરોની અછત વર્તાય છે એ હકીકત સાચી છે, અને

(૨) તા: ૩૧-૧-૦૬ની સ્થિતિએ કેટલો બેકલોગ છે અને બેકલોગના કારણો શાં છે?

**નાગરિક પુરવઠા મંત્રીશ્રી :**

(૧) હા, જી.

(૨) તા:૩૧-૧-૨૦૦૬ની સ્થિતિએ ૧,૨૦,૬૮૧ બેકલોગ હતો જેના કારણો નીચે મુજબ છે.

(અ) કેન્દ્ર સરકારના જાહેર સાહસોની ઓઈલ કંપનીઓ દ્વારા રાંધણગેસનો દુરુપયોગ અટકાવવાના હેતુસર ગેસ ધારકોની ખરેખર જરૂરિયાતને લક્ષમાં લઈ બે સિલિન્ડરોની ડિલિવરી વચ્ચેનો સમયગાળો ૨૧ દિવસનો ગણતરીમાં લેવાનું વલણ અપનાવતા ગેસ ધારકોની બીજું સિલિન્ડર મોડું મળવાની દહેશતથી તૂર્તજ બીજા સિલિન્ડરના બુકીંગ કરવાની માનસિકતાના લીધે ગેસ સિલિન્ડરના બુકિંગમાં એકાએક વૃદ્ધિ થવાથી,

(બ) શિયાળો તેમજ લગ્ન સિઝનના કારણે ગેસ સિલિન્ડરોની માંગ સામાન્ય કરતા વધારે હોવાથી સિલિન્ડરો બુકિંગમાં વધારો થવાથી અને,

(ક) રાંધણ ગેસના ભાવોમાં વધારો થવા અંગેના પ્રચાર માધ્યમો દ્વારા થતી જાહેરાતને કારણે ભાવ સરકાર તરફથી જથ્થો ઓછો મળવાનું કારણ નહોતું પણ જે સપ્લાયર કંપની છે એ ૨૧ દિવસ ન થવાને કારણે કેન્દ્રમાંથી એમને પોતાને સબસીડી વેઠવી એવું નક્કી કરવામાં આવ્યું છે કે અમુક ટકા સબસીડી એ કેન્દ્રની કંપનીએ ભોગવવી . એમનો મોટા ભાગનો ભાર વધારે કંપની ઉપર ન પડે એટલે ધીમેધીમે એ લોકો ઓછો સપ્લાય કરતા હતા વધે તે પહેલાં સિલિન્ડર મેળવી લેવાની વાપરનારા વર્ગની મનોવૃત્તિ વિગેરેને કારણોના લીધે બેકલોગ થવા પામેલ.

**ડૉ. માયાબેન સુ. કોડનાની** : માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદ શહેરમાં નવેમ્બર ડિસેમ્બર અને જાન્યુઆરીના મહીનામાં ખાસ કરીને ગેસના સિલિન્ડરની અછત હતી. ચારે બાજુ સવારે ૬-૦૦ વાગ્યાથી ગેસ સિલિન્ડર લેવા માટેની લાઈન લાગતી હતી. મધ્યમવર્ગના લોકો, ખાસ કરીને પોતાની નોકરી ધંધે ન જઈ અને લાઈનમાં, સિલિન્ડર મેળવવા માટેની લાઈનમાં ઊભા રહી જતા હતા. માનનીય મંત્રીશ્રીએ જે જવાબ આપ્યો છે એમાં ૧,૨૦,૬૮૧ ગેસ સિલિન્ડરનો બેકલોગ હતો. મંત્રીશ્રીએ જવાબમાં એમ પણ કીધું છે કે કેન્દ્ર સરકાર તરફથી ૨૧ દિવસની ગણતરીમાં લેવાનું વલણ અપનાવતા ગેસ ધારકોની બીજું સિલિન્ડર મોડું મળવાની દહેશતથી તૂર્ત જ બીજા ગેસ સિલિન્ડર લેવા જતા હતા તો આપના માધ્યમથી મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે આ દરમિયાન કેન્દ્ર સરકાર પાસેથી ઓછો જથ્થો મળતો હતો કે કેમ અને હાલની શું પરિસ્થિતિ છે, આજે કેટલો બેકલોગ છે અને ભવિષ્યમાં આવી તંગી ઉભી ન થાય એના માટેનું શું આયોજન છે?

**શ્રી છત્રસિંહ પું. મોરી** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછયો છે એ મુજબ કેન્દ્ર સરકાર તરફથી જથ્થો ઓછો મેળવવાનું કારણ નહોતું પણ જે સપ્લાયર કંપની છે એ ૨૧ દિવસ ન થવાને કારણે કેન્દ્રમાંથી એમને પોતાને સબસીડી વેઠવી એવું નકકી કરવામાં આવ્યું છે કે અમુક ટકા સબસીડી એ કેન્દ્રની કંપનીએ ભોગવવી. એમનો મોટા ભાગનો ભાર કંપની ઉપર વધારે ન પડે એટલે ધીમેધીમે એ લોકો ઓછો સપ્લાય કરતા હતા. એ વાત સાચી છે કે આ બેકલોગ હતો. જાન્યુઆરી ૨૦૦૬ના આંકડા મુજબ અમદાવાદ શહેરમાં ૬,૭૧,૫૮૮ સિલિન્ડરની જરૂરિયાત હતી એની સામે ઉપલબ્ધ સિલિન્ડરની સંખ્યા ૫,૭૦,૮૨૦ની હતી. જે સિલિન્ડરો કંપનીઓ તરફથી વિતરણ થયા એની સંખ્યા ૫,૫૮,૭૨૫ છે. માનનીય સભ્યશ્રીને જણાવીશ કે આજની તારીખે બેકલોગની જે વાત કરી છે તો છેલ્લી તા. ૨૮-૨-૨૦૦૬ની પરિસ્થિતિ મુજબ ૩૪૪૬૧ નો બેકલોગ છે અને હાજર જથ્થો ૧૯૦૮૪નો છે. રોજે રોજનો સપ્લાય ૨૨૦૦૦ કરતાં વધારે છે. એટલે હવે કોઈ બેકલોગ કોઈ જગ્યાએ ન રહે એના માટે પૂરતી કાળજી રાખવામાં આવી છે. એના માટે અનેક કંપનીઓ સાથે ચાર-પાંચ વખત બેઠકો પણ કરવામાં આવી છે અને કડક રીતે કામગીરી કરીને કોઈપણ જગ્યાએ આ બેકલોગ ઊભો ન થાય એના માટે તા. ૧૧-૧૦-૦૫ના રોજ બેઠક કરી છે, તા. ૧૯-૧૦-૦૫, તા. ૧૦-૧-૦૬, અને તા. ૨૭-૧-૦૬ના રોજ અગ્રસચિવશ્રીએ ઑઈલ કંપનીઓના અધિકારીઓ સાથે બેઠક કરી છે અને મેં પોતે તા. ૨-૨-૦૬ અને તા. ૧૬-૨-૦૬ના રોજ આ બધી જ કંપનીઓ સાથે મળીને આ બેકલોગ કોઈપણ જગ્યાએ ગુજરાતમાં ન રહે, અમદાવાદ શહેરમાં ન રહે એના માટે પૂરતી કાળજી લેવામાં આવી છે.

**શ્રી જીતેન્દ્રભાઈ બા. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, પહેલા તો માનનીય મંત્રીશ્રીનો અહીંયા આભાર માનવા ઊભો થયો છું. આ ગેસ એ ગૃહિણીની જરૂરિયાત છે અને ગૃહિણીની જરૂરિયાત જ્યારે હોય ત્યારે કેટલાક માથાભારે તત્ત્વો ગેસ એજન્સીના માલિક બની જવાના કારણે પ્રજા સાથે જે ગેર વહેવાર થતો હતો, ત્યારે હું ગયો હતો મારા ઉપર હુમલો થયો અને હુમલો થયાની ૧૫ મિનિટમાં જ માનનીય મંત્રીશ્રીનો મારા ઉપર ફોન આવ્યો અને તાત્કાલિક એની જે કાંઈ વ્યવસ્થા કરવાની હતી એ કરી એટલા માટે આભાર માનું છું. ત્યારબાદ આ ગેસની વ્યવસ્થા આખરે કેન્દ્ર સરકારે કરવાની છે, રાજય સરકારે તો માત્ર વિતરણની વ્યવસ્થા કરવાની હોય છે ત્યારે આ પરિસ્થિતિની ગંભીરતા સમજી અને એનો ઉકેલ લાવ્યા. મારે માનનીય મંત્રીશ્રીને પૂછવું છે કે, ગેસની એજન્સી કેટલીક વખત માથાભારે તત્ત્વોના હાથમાં હોવાથી, એજન્સીના માલિકો, પુરવઠા તંત્રના અધિકારીઓ અને આઈ.ઓ.સી. તંત્રના અધિકારીઓની મિલી ભગતના લીધે ક્યારેક આવા કૃત્રિમ પ્રશ્નો

ઊભા થતા હોય છે. એટલે મારે પૂછવું છે કે આવી ગેસ એજન્સીના માલિકોનો જે ભૂતકાળ હોય એની તપાસ કરી, એમની ચાલ ચલગત જાણી, એમની સામે કોઈ કેસ થયા હોય તો તે જાણી અને આખી પ્રક્રિયાને રીવ્યુ કરવા માગે છે કે કેમ?

**શ્રી છત્રસિંહ પૂં મોરી** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીના મત વિસ્તારમાં એક એકતા ગેસ એજન્સી છે એની ફરિયાદની રાહે એમનો ગ્રાહક એમની પાસે જવાથી એક બહેનને લાફો માર્યો અને એમના પી.એ. ત્યાં ગયા તો તેમની સાથે દુર્વ્યવહાર થયો. સભ્યશ્રી પોતે ગયા તો એમની સાથે પણ દુર્વ્યવહાર થયો. મને તરત સમાચાર મળ્યા કે આવો બનાવ ધારાસભ્યશ્રી સાથે બની રહ્યો છે ત્યારે મેં માનનીય ધારાસભ્યશ્રીનો સંપર્ક કર્યો. મારી ટીમને તુરત જ સતર્કતાથી મોકલીને તમામ વ્યવસ્થા સુદ્રઢતાથી થાય, લાઈન ન લાગે, દરેકને વ્યવસ્થિત બાટલો મળી રહે તે જોવા અને તેની ગેરરીતિ પકડીને અત્યારે ૬૦ દિવસ માટે પરવાનો રદ કરી દીધો છે. આવતા દિવસોમાં આવા કોઈ માથાભારે પરવાનેદારો હશે તો એની તપાસ કરી રહ્યા છીએ. અમદાવાદમાં ૭૦ જેટલા પરવાનેદારો છે એની વહેલામાં વહેલી તપાસ કરીને કડક હાથે કામ લેવાના છીએ.

**શ્રી મુકેશ ભૈ. ગઢવી** : માનનીય અધ્યક્ષશ્રી, આ ગેસના બાટલાની અછત જે ઊભી થઈ છે એનું મુખ્ય કારણ ગેરકાયદેસર રીતે ગેસથી ચાલતા વાહનો પણ એક પ્રશ્ન છે. એમાં એલ.પી.જી. ગેસથી ચાલતા આવા વાહનોના માલિકો અને વાહનને કોઈ રોકટોક કરવા માગે છે કે કેમ?

**શ્રી છત્રસિંહ પૂં મોરી** : માનનીય અધ્યક્ષશ્રી, LPG ના વાહન જે છે સમગ્ર રાજ્યની અંદર એમાં સરકાર દ્વારા ૩૩૭૪ ની તપાસ થઈ છે અને જાન્યુઆરીમાં ૮૯ ની ખૂબ મોટાપાયે આની ધરપકડ કરેલી છે, એ રીતના ધરપકડનું કામ કર્યુ છે. ૫૭ વાહનો કબજે કર્યા છે, ૮૨૬ નંગ LPG બાટલાનો જથ્થો કબજે કરેલ છે અને ૨૮ લાખ ૨૩ હજારનો કબજો પણ વાહનના સાધનો સહિત કબજે કરી લીધા છે. ૩૨૧ નંગ અને પાંચ મારૂતી રાજ્યસાત કરી છે તેની કિંમત ૩ લાખ ૩૫ હજાર થાય છે. ૨૫,૨૫૦ દંડની રકમ વસૂલ કરવાની કામગીરી સરકારે કરી છે.

**શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા** : માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદ શહેરમાં શોર્ટેઝ થઈ હતી એમાં માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે જ્યારે ૨૧ દિવસ પછી નોંધવાનું નક્કી થયું ત્યારે રાજ્ય સરકાર સાથે કોઈ કંપનીઓએ પરામર્શ કર્યો હતો કે કેમ? બીજું, આવી કૃત્રિમ અછત ઊભી થવાના કારણે એમાં વધઘટ સપ્લાયમાં ત્રણ મહિનામાં કોઈ તફાવત જોવા મળ્યો હતો કે કેમ? નહિ તો કોઈપણ કંપની ગમે ત્યારે નિર્ણય કરી નાંખશે અને સાચા અર્થમાં cylinder ઓછા વપરાતા ન થાય તો જનતાને હાલાકી ભોગવવી પડે એટલે છેલ્લા ત્રણ મહિનામાં આવું કરવાથી કેટલા cylinder ઓછા વપરાયા. જેથી કરીને આવું કોઈ કૃત્રિમ રીતે ના કરે એવું કાંઈ કરવા માગો છો કે કેમ?

**શ્રી છત્રસિંહ પૂં મોરી** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે વાત કરી છે ૨૧ દિવસનું નક્કી કરતા પહેલા બધી કંપનીઓએ રાજ્ય સરકાર સાથે પરામર્શ કર્યો ત્યારે એમની રજૂઆત એવી હતી કે કેટલાક વાહનોની અંદર અને હોટલોમાં ગેસ વપરાય છે. જનરલી એક કુટુંબને એક બાટલો ૨૦ દિવસ ચાલે છે એટલે ૨૧માં દિવસે મળી રહે એવું કરવું જોઈએ. એમની વ્યાજબી માગણીને લીધે રાજ્ય સરકારે એમને એવું કહ્યું કે ૨૧માં દિવસે લોકોને મળે એ રીતે વ્યવસ્થા ગોઠવો. જ્યારથી આ નક્કી થયું ત્યાર પછી ક્રમશઃ બેકલોગમાં વધારો થવા માંડ્યો એના કારણે ફરીથી કંપની સાથે બેઠક યોજીને આવતા દિવસોમાં બોટલની ડિમાન્ડ કરે અને બોટલ મળી રહે. આ બેકલોગ પૂરો થયે નિર્ણય કરીને પણ વ્યવસ્થા ગોઠવવા રાજ્ય સરકાર માગે છે.

**શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા** : સરવે કરીને બોટલની માંગમાં ઘટાડો થયો છે કે કેમ? અને જો ના થઈ હોય તો આવી અનુમતિ બીજીવાર ના આપવામાં આવે.

**શ્રી છત્રસિંહ પૂં મોરી** : માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા ત્રણ મહિનામાં આવો કોઈ ઘટાડો થયો નથી. જે પ્રમાણમાં બેકલોગ હતો એ ચાલુ રહ્યો હતો. એટલે હવે પછી એમનું સૂચન સ્વીકારીને રાજ્ય સરકાર એને નિયમિત રીતે ભવિષ્યમાં કોઈપણ બોટલ ધારકને આ ગેસની લાઈનમાં ના ઊભું રહેવું પડે, એને મુશ્કેલી ના પડે એની વ્યવસ્થા ગોઠવવાનો સરકાર નિર્ણય કરી રહી છે.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે ધારાસભ્ય તરીકે શહેરમાં આ ગેસની સમસ્યાના કારણે અમારે બહુ મોટી મુશ્કેલીનો સામનો કરવો પડે છે. આ સમસ્યાના મૂળમાં જ્યારે NDAની સરકાર હતી ત્યારે માગો ત્યારે કનૅક્શન અને માગો ત્યારે ગેસનું cylinder મળતું હતું, જ્યારથી આ UPAની સરકાર આવી છે ત્યારથી કનૅક્શન મળવાના તો બંધ થઈ ગયાં છે પણ cylinder પણ ૨૧ દિવસે મળે છે. મારે એ જાણવું છે કે UPAની સરકાર દ્વારા ગેસ બોટલમાં સતત ભાવ વધારાના કારણે સામાન્ય ગૃહિણીને પરેશાન છે ત્યારે આ ભાવ નિયમન માટે કેન્દ્ર સરકાર સાથે રજૂઆત કરીને ભાવ ઘટાડો કરવા એવું કોઈ આયોજન કરવા માગો છો કે કમે?

**શ્રી છત્રસિંહ પૂં મોરી** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જેમ વાત કરી તેમ કેન્દ્રના મંત્રીશ્રી સાથે રૂબરૂ એક કલાક આ બાબતે ચર્ચા કરીને મિટીંગ પણ કરી છે કે તમે જે ગેસનો ઉત્તરોત્તર ભાવ વધારો છો, ગૃહિણીને વાપરવાની વાત છે, સામાન્ય લોકો વાપરે છે. એમાં ભાવ ના વધે એની કાળજી રાખવી જોઈએ, સાથે સાથે હવે લોકો નોકરી તરફ વળ્યા છે, એમનો વિકાસ થયો છે ત્યારે ગેસ કનૅક્શન વધુ પ્રમાણમાં મળતા હતા એ પ્રમાણે મળે એવી કોઈ વ્યવસ્થા ગોઠવાય એવી કેન્દ્ર સાથે મિટીંગમાં પણ ચર્ચા થઈ છે અને જે માનનીય સભ્યશ્રીએ વાત કરી છે એ મુજબ કેન્દ્ર સરકાર જે રીતે ભાવ વધારો થયા પછી જે રીતે બકલોગ વધી રહ્યો છે તેના માટેની પણ ચિંતા કરીને રાજ્ય સરકારના બે વખત અમારા અગ્રસચિવ જઈ આવ્યા છે અને એ બાબતની કાર્યવાહી હાથ ધરી છે.

**સ્વનિર્ભર માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને મંજૂરી**

***૧૪૯૫૧ શ્રી માલજીભાઈ દે. દેસાઈ (ચાણસ્મા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા** કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧-૧-૦૬ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજય સરકારે કેટલી સેલ્ફ ફાયનાન્સ હાઈસ્કૂલો અને હાયર સેકન્ડરી સ્કૂલોને મંજૂરી આપી છે, અને

(૨) આ પૈકી કેટલી હાઈસ્કૂલો અને હાયર સેકન્ડરી સ્કૂલોને ગ્રાન્ટ આપવાની શરૂઆત કરી છે ?

**શિક્ષણ મંત્રીશ્રી :**

(૧)

| વર્ષ | માધ્યમિક શાળા | ઉચ્ચતર માધ્યમિક શાળા |
|---|---|---|
| ૨૦૦૩-૦૪ | ૨૬૨ | ૧૪૪ |
| ૨૦૦૪-૦૫ | ૨૮૬ | ૧૮૪ |
| ૨૦૦૫-૦૬ | ૨૦૬ | ૧૯૨ |

(૨) માધ્યમિક શાળા -૦૩ અને ઉચ્ચતર માધ્યમિક શાળા -૧૧.

**શ્રી માલજીભાઈ દે. દેસાઈ** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં માધ્યમિક શાળાઓ અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને ગ્રાન્ટ આપવાની નીતિ ક્યારથી શરૂ કરી? એના જવાબમાં મને મળ્યું છે કે, માધ્યમિક શાળામાં ત્રણ શાળાઓને ગ્રાન્ટ આપવાની શરૂઆત કરી છે અને ઉચ્ચતર માધ્યમિકમાં ૧૧ શાળાઓને મંજૂરી આપી છે. મારે મંત્રીશ્રી પાસે એ જાણવું છે કે, અત્યાર સુધીમાં રાજયમાં કેટલી અરજીઓ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિકની આવી?

માનનીય અધ્યક્ષશ્રી, મારો બીજો પ્રશ્ન એ છે કે, રાજયમાં ૪૩ તાલુકાઓ ટ્રાયબલના છે, આદિવાસી વિસ્તારના છે અને રાજયની આઈ.જી.પટેલ કમિટીની નિમણૂક કરી અને એ પછી મારી જાણ મુજબ પાર્થસારથી કમિટી નીમીને રાજયમાં આર્થિક રીતે પછાત, ઇકોનોમિકલ બેકવર્ડ તાલુકાઓ રાજયે નક્કી કરેલા છે એ વિસ્તારોને તમે અગ્રીમતા આપવા માગો છો કે કેમ અને એ વિસ્તારોની સ્કૂલોને તમે કેટલી ગ્રાન્ટેડ કરી એ મારે જાણવું છે?

**શ્રીમતી આનંદીબેન મ.પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રી માલજીભાઈનો પ્રશ્ન છે, છેલ્લા ત્રણ વર્ષમાં કેટલી નૉન ગ્રાન્ટેડ શાળાઓ આપી અને એમાંથી કેટલી શાળાઓને ગ્રાન્ટવાળી મંજૂરી આપી ? માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૩માં ઉચ્ચતર માધ્યમિક શાળાઓ -૧૪૪ આપી, ૨૦૦૪માં -૧૮૪ આપી અને ૨૦૦૫માં- ૧૯૨ આપી, આમ ૫૨૦ કુલ શાળાઓમાંથી એ ત્રણ વર્ષમાં શરૂ થયેલ શાળાઓમાંથી ૧૧ શાળાઓને ગ્રાન્ટ સાથેની મંજૂરી આપી છે.

માનનીય અધ્યક્ષશ્રી, જે શાળાઓને મંજૂરી આપી છે એમાં કન્યા વિદ્યાલય, માલપુર, સાબરકાંઠા, બીજી એક શાળા છે એસ.જી.બ્રહમભટ્ટ બધિર વિદ્યા મંડળ જે બધીરોની બહેરા-મૂંગાની શાળા છે એને આપી છે અને એક જય ચામુંડા આદર્શ માધ્યમિક શાળા, ચાંચ એ પણ એ એરિયામાં આવેલી છે એને આપણે શાળા આપી છે. વિજ્ઞાન પ્રવાહની આપે જે ચિંતા કરી અને જે તાલુકાઓમાં વિજ્ઞાન પ્રવાહની શાળાઓ નથી એની પણ રાજય સરકારે કાળજી લીધેલી છે અને એમાં સંસ્કાર વિદ્યા મંદિર -પાણી ખડક, તાલુકો ચીખલી-નવસારીમાંથી વિજ્ઞાન પ્રવાહની શાળા આપી છે જે આદિવાસી છે, ત્યાર પછી ઉત્તર બુનિયાદી વિદ્યાલય - નાના પૌંઢા એ પણ વિજ્ઞાન પ્રવાહની શાળા છે, આ વિસ્તારમાં તો ૨૬મી જાન્યુઆરીએ હું પોતે ત્યાં ગઈ હતી અને જઈને જોયું, મને પોતાને એમ લાગ્યું કે આખા વિસ્તારમાં વિજ્ઞાન પ્રવાહની શાળા આપવી જોઈએ એટલે આપી એ ઉપરાંત વલ્લભ વિદ્યાલય - ઉપલેટાને જેમાં વિજ્ઞાન પ્રવાહની શાળા આપણે આપી છે ત્યાર પછી ગાયત્રી વિદ્યા મંદિર- મેટોડા- તાલુકો લોધીકા એ પણ ઈન્ટિરીયર એરિયા છે એને પણ વિજ્ઞાન પ્રવાહની શાળા આપી છે. પી.આર. પટેલ સર્વોદય ઉચ્ચતર વિદ્યાલય, બી.એમ.પટેલ હાઈસ્કૂલ - હીરપુરા જે નદી કાંઠાનો આખો વિસ્તાર છે

વિજાપુર તાલુકાનો એમાં વિજ્ઞાન પ્રવાહની શાળા આપી છે અને ઉંડેલ હાઈસ્કૂલ, તાલુકો ખંભાત એમાં વિજ્ઞાન પ્રવાહની શાળા આપણે આપી છે, એટલે પ્રાયોરિટી વિજ્ઞાન પ્રવાહને વધુ આપણે આપીએ છીએ, તાલુકામાં વિજ્ઞાન પ્રવાહની શાળા નથી એ ઉપરાંત ઈન્ટિરીયર વિસ્તારમાં પણ જો શાળા આપવાની જરૂરિયાત લાગણી હોય તો આપણે આપતા હોઈએ છીએ, આમાં પ્રશ્ન મર્યાદિત એટલા માટે બની ગયો કે, આપે છેલ્લા ત્રણ વર્ષમાં જે શાળાઓ મંજૂર થઈ એની તમે આપી છે એ પ્રશ્ન હોવાના કારણે લાગે છે બાકી શાળાઓ લગભગ ૨૮ અને ૩૦ એમ કરીને ૫૮ શાળાઓને આપણે એક વર્ષમાં મંજૂરી આપી છે.

**શ્રી માલજીભાઈ દે. દેસાઈ** : તમે આની શરૂઆત કરી હશે એ સારી વાત છે, પરંતુ રાજયે જેને પછાત વિસ્તાર જાહેર કર્યા છે એને રાજય અગ્રીમતા આપવા માગે છે કે નહીં એ મારે જાણવું છે? આદિવાસી પટ્ટી, આર્થિક રીતે પછાત લોકો છે જે લોકો મોડા જાગ્યા છે, જેણે મંડળ નથી કર્યુ અને કર્યુ છે તો એને સેલ્ફ ફાયનાન્સ મળે તેના કારણે બાળકો નથી આવતા અને તેની સ્કૂલોનો આ વિસ્તારને લાભ નથી મળતો તો આને રાજય અગ્રીમતા આપવા માગે છે કે, કેમ એ મારે જાણવું છે ?

**શ્રીમતી આનંદીબેન મ.પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારનો એ જ મોટો છે કે ગામડામાં જે આવા પ્રકારના ગામડાં હોય એને અગ્રીમતા આપવી અને ભવિષ્યમાં આ જ પ્રમાણે અગ્રીમતા આપીને આ શાળાને ગ્રાન્ટવાળી મંજૂર કરવામાં આવશે. માલજીભાઈની વાત સાચી છે. કેટલીક જ્ઞાતિઓએ હવે પોતાના બાળકોને શહેરની શાળામાં ભણાવવા માટેની સગવડો ઉભી કરી છે. ખાસ કરીને ભીલ સમાજ, વણકર સમાજ, વાલ્મિકી સમાજ, પ્રજાપતિ સમાજ, આદિવાસી સમાજ વગેરેએ શહેરમાં પોતાની હોસ્ટેલ શરૂ કરી છે અને નૉન ગ્રાન્ટ શાળાની શરૂઆત કરી છે એને આપણે અગ્રીમતા આપી છે. એ જ્ઞાતિએ શિક્ષણમાં જાગૃતિ લાવવાની શરૂઆત કરી છે ત્યારે પ્રોત્સાહન આપવું જોઈએ. મને કહેતા આનંદ થાય છે કે કવાંટ જેવા તાલુકામાં, કપરાડા તાલુકામાં માલી જેવા આદિવાસી વિસ્તારમાં જયાં કોઈ ન જઈ શકે પણ રાજય સરકારે વિજ્ઞાન પ્રવાહ, સામાન્ય પ્રવાહની માધ્યમિક શાળા આપી છે અને જે વિસ્તારમાં કોઈ એન.જી.ઓ. શાળા ઉભી કરવા માટે આગળ ન આવે તો રાજય સરકાર પોતે પણ ત્યાં શાળા ઉભી કરે છે.

**શ્રી નરેન્દ્રભાઈ મોદી** : માનનીય અધ્યક્ષશ્રી, મુરબ્બીશ્રી માલજીભાઈને હું અભિનંદન આપું છું. ખૂબ સારો વિષય લાવ્યા છે. જેમાં આઈ.જી.કમિટીનો એક રિપોર્ટ હતો. ત્યારપછી આપણે એક બીજી કમિટી બનાવી. આ કમિટીનો રિપોર્ટ આવ્યો છે. એ રિપોર્ટના આધારે આ બજેટમાં આપણે આવા તાલુકા માટે ૩૦કરોડની બીજી જોગવાઈ કરી છે. બીજી ભૂતકાળમાં વ્યૂહાત્મક ભૂલ એ રહી કે એક તાલુકામાં ચાર વિજ્ઞાન પ્રવાહની શાળા થઈ જાય અને બીજા અનેક તાલુકા બાકી રહે ત્યારે આપણે એવી સ્ટ્રેટેજી નકકી કરી કે પહેલા વિજ્ઞાન પ્રવાહયુકત એક તાલુકો બનાવી શકાય એમાં ધીરેધીરે આપણને સફળતા મળી રહી છે. આપણી એ ચિંતા છે, આપણે ઈચ્છીએ છીએ કે સાર્વત્રિક લાભ મળે અને ખૂબ ઝડપથી સારા પરિણામો મળશે. થેન્ક યુ. આપે સારા મુદ્દાને સ્પર્શ કર્યો છે.

**શ્રી ધીરુભાઈ હ. ગજેરા** : માનનીય અધ્યક્ષશ્રી, માધ્યમિક શાળા-૩, ઉચ્ચતર માધ્યમિક શાળા ૧૧ મંજૂર કરી એ કયાં કયાં મંજૂર કરવામાં આવી? કયા વિસ્તારમાં?

**અધ્યક્ષશ્રી** : સ્કૂલના નામ બોલી ગયા. તમે બધા ધ્યાન રાખો, પ્લીઝ.

**ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, મુખ્યમંત્રીશ્રીએ જે વાત કરી એના અનુસંધાને જે તાલુકામાં વિજ્ઞાનના વર્ગ ન હોય અને કન્યા વિદ્યાલય ૧૧ અને ૧૨ ઉચ્ચતર માધ્યમિક ૩૦ કે ૩૨ ગામ વચ્ચે આવે એની વિજ્ઞાનના વર્ગ માટે માગણી આવે તો એને ગ્રાન્ટેબલ મંત્રીશ્રી કરવા માગે છે કે કેમ?

**શ્રીમતી આનંદીબેન મ.પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, એ જ ક્રાઈટ એરિયાના આધારે આપીએ છીએ, પરંતુ ગ્રાન્ટની મર્યાદામાં રહીને આપીએ છીએ.

**ડૉ. દિનેશ પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં હવે કેટલા તાલુકા બાકી છે કે જેમાં વિજ્ઞાન પ્રવાહની ગ્રાન્ટેડ માધ્યમિક શાળા અને ઉચ્ચતર માધ્યમિક શાળા ચાલતી હોય?

**શ્રીમતી આનંદીબેન મ.પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, પહેલા ૧૯૯૮માં જયારે આ વિષય મારી પાસે આવ્યો ત્યારે ૮૫ તાલુકા એવા હતા કે જયાં એક પણ વિજ્ઞાન પ્રવાહની શાળા ચાલતી નહોતી પણ ધીરેધીરે ૩૫ જેટલા તાલુકામાં શાળા આપી શકયા છીએ. જયાં જરૂર હોય ત્યાં વિજ્ઞાન પ્રવાહના વધુ વર્ગો આપીને પૂર્તતા કરી છે. ભવિષ્યમાં એકેએક તાલુકાદીઠ વિજ્ઞાન પ્રવાહની શાળા થાય એવા પ્રયત્નો કરીશું.

### રાજયની સ્વનિર્ભર માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને અનુદાનિત શાળાઓ તરીકે મંજૂરી

***૧૪૩૨૧ શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (જસદણ)** : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

ડિસેમ્બર-૦૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમ્યાન રાજય સરકાર દ્વારા કયા જિલ્લામાં કેટલી નોન ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને ગ્રાન્ટેડ શાળાઓ તરીકે મંજૂરી આપવામાં આવી?

**શિક્ષણ મંત્રીશ્રી :**

**પત્રક-૧**

**જૂન-૨૦૦૪ થી સરકારશ્રીએ મંજૂર કરેલ ગ્રાન્ટેડ શાળાઓની માહિતી દર્શાવતું પત્રક**

| ક્રમ | જિલ્લાનું નામ | માધ્યમિક શાળા | ઉચ્ચતર માધ્યમિક શાળા |
|---|---|---|---|
| ૧ | વલસાડ | ૦૨ | ૦૩ |
| ૨ | ડાંગ | ૦૧ | ૦૦ |
| ૩ | દાહોદ | ૦૮ | ૦૭ |
| ૪ | વડોદરા | ૦૩ | ૦૦ |
| ૫ | પંચમહાલ | ૦૩ | ૦૧ |
| ૬ | સાબરકાંઠા | ૦૧ | ૦૪ |
| ૭ | ખેડા | ૦૨ | ૦૦ |
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૮ | મહેસાણા | ૦૧ | ૦૧ |
| ૯ | પાટણ | ૦૨ | ૦૦ |
| ૧૦ | બનાસકાંઠા | ૦૩ | ૦૨ |
| ૧૧ | આણંદ | ૦૧ | ૦૧ |
| ૧૨ | અમરેલી | ૦૧ | ૦૧ |
| ૧૩ | અમદાવાદ (શહેર) | ૦૦ | ૦૧ |
| ૧૪ | અમદાવાદ (ગ્રામ્ય) | ૦૦ | ૦૧ |
| ૧૫ | જૂનાગઢ | ૦૦ | ૦૨ |
| ૧૬ | ભાવનગર | ૦૦ | ૦૧ |
| ૧૭ | રાજકોટ | ૦૦ | ૦૨ |
| ૧૮ | સુરેન્દ્રનગર | ૦૦ | ૦૧ |
| ૧૯ | નવસારી | ૦૦ | ૦૨ |
| કુલ | ૨૮ | ૩૦ | |

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા :** માનનીય અધ્યક્ષશ્રી, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા નવી શરૂ કરવા માટેના ધારાધોરણ અને નિયમો ઘડાયેલા છે. છેલ્લા કેટલાય વર્ષોથી રાજય સરકાર તરફથી નવી માધ્યમિક શાળા અને ઉચ્ચતર માધ્યમિક શાળા શરૂ કરવાની જાહેરાતના અનુસંધાને જાહેરાત અપાય અને અરજી મંગાવાય. અરજી મંગાવ્યા પછી નવી માધ્યમિક કે ઉચ્ચતર માધ્યમિક શાળાને મંજૂર કરવામાં આવે છે જે મંજૂર થયા પછી જે તે સંસ્થા પાસેથી સોગંદનામું કરાવી લેવામાં આવે છે કે હવે પછી અમે કયારેય ગ્રાન્ટેડ તરીકેની માંગણી કરીશું નહીં. હું એ જાણવા માગું છું કે ૨૦૦૪-૨૦૦૫ના વર્ષની અંદર માધ્યમિક શાળા શરૂ કરવા માટેની કુલ કેટલી અરજી આવેલી એમાંથી મંજૂર કરી છે એ પૈકીની ૨૮ માધ્યમિક શાળાને નૉન ગ્રાન્ટેડમાંથી ગ્રાન્ટેડ તરીકેની મંજૂરી આપવામાં આવી બીજી ઉચ્ચતર માધ્યમિક શાળાને મંજૂરી આપવામાં આવેલી. ૨૦૦૪-૦૫ માં એમાં કુલ મંજૂર થયેલ, એમાંથી ૩૦ નૉન ગ્રાન્ટેડમાંથી ગ્રાન્ટેડની મંજૂરી આપવામાં આવેલી. હું એ જાણવા માગું છું કે પહેલા સોગંદનામું થયા પછી પ્રથમ નૉન ગ્રાન્ટેડ તરીકે મંજૂરી આપે, પછી ગ્રાન્ટેડ કરવાની જે કુલ મંજૂરી આપવામાં આવેલ છે, તે ૨૮+૩૦ એમ થઈ કુલ ૫૮. આ સંચાલક મંડળની યાદી ભલે ટેબલ ઉપર મૂકાય તો ટેબલ ઉપર મૂકશો. છેલ્લી વાત જાણવા માગું છું કે ખાસ કરીને જે વિસ્તારની અંદર નૉન ગ્રાન્ટેડમાંથી ગ્રાન્ટેડ તરીકે મંજૂરી આપી એ સારી વાત છે, પણ એના નીતિ નિયમો છે, એ નીતિ નિયમો પ્રમાણે જો નૉન ગ્રાન્ટેડમાંથી ગ્રાન્ટેડમાં અપાય તો ખરેખર પછાત વિસ્તારમાં લાભ મળે, તો જે વિસ્તારમાંથી ઈન્ટિરિયર વિસ્તાર હોય અને અરજી આવેલ હોય, નૉન ગ્રાન્ટેડ તરીકે મંજૂરી મળેલ હોય એને ગ્રાન્ટેડ તરીકે રાજય સરકાર કરવા માગે છે કે કેમ?

**શ્રીમતી આનંદીબેન મ.પટેલ** : મારી પાસે વિગત છે, બોલી જાઉ.

**અધ્યક્ષશ્રી** : ટેબલ ઉપર મૂકી દો, ચાલશે.

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** : નૉન ગ્રાન્ટેડમાંથી ગ્રાન્ટેડમાં ફેરવવાનાં કારણો શાં?

**શ્રીમતી આનંદીબેન મ.પટેલ** : રાજય સરકારના શિક્ષણ વિભાગે નિયમ બનાવ્યો છે કે અરજી નૉન ગ્રાન્ટેડ તરીકેની કરવા દેવામાં આવે છે. નૉન ગ્રાન્ટેડની જાહેરાત આવે છે, એ જાહેરાત આવ્યા પછી ઈન્ફ્રાસ્ટ્રક્ચર વગરે અમે પૂરું પૂરી કરીશું. શિક્ષકોની બરોબર ક્વૉલિટી પ્રમાણે અમે લઈશું અને ભવિષ્યમાં ગ્રાન્ટેડની મંજૂરી નહિ માગીએ, એ પ્રમાણેની એફિડેવિટ કરાવવામાં આવે છે, પરંતુ જ્યાં જ્યાં જરૂરિયાત ઊભી થાય ત્યાં આપણે નીતિ નિયમને ધ્યાનમાં રાખીને ગ્રાન્ટેડ મંજૂર કરતા હોઈએ છીએ, ગ્રાન્ટ આપતા હોઈએ છીએ. ૨૦૦૪ ની અંદર જે ગ્રાન્ટ પાત્ર શાળાઓ થઈ છે, એમાં નામની યાદી ટેબલ ઉપર મૂકીશ, પરંતુ જે માધ્યમિક શાળા આપી છે એમાં છેલ્લે ૨૦૦૪ માં વડોદરામાં ૨, પંચમહાલ-ગોધરામાં-૨, ખેડા-નડિયાદમાં-૨, મહેસાણામાં ૧, પાટણમાં-૨, બનાસકાંઠામાં-૩, આણંદમાં-૧, અમરેલીમાં-૧ આદિવાસી વિસ્તારમાં જે માધ્યમિક શાળા આપી છે, એમાં વલસાડમાં-૨, આહવામાં-૧ દાહોદમાં-૮, વડોદરામાં-૧, પંચમહાલ-ગોધરામાં-૧, સાબરકાંઠામાં-૧. ઉચ્ચતર માધ્યમિક શાળાઓ બીન આદિવાસી વિસ્તારમાં શાળાઓ એમાં વલસાડમાં-૧, સાબરકાંઠામાં-૩, મહેસાણામાં-૧, બનાસકાંઠામાં-૨, આણંદમાં-૨, અમરેલીમાં-૧, અમદાવાદ શહેરમાં-૧, અમદાવાદ ગ્રામ્યમાં-૧, જૂનાગઢમાં-૨, ભાવનગરમાં-૧, રાજકોટમાં-૨, સુરેન્દ્રનગરમાં-૨ અને આદિવાસી વિસ્તારમાં જે શાળાઓ આપી છે એમાં વલસાડમાં-૨, દાહોદમાં-૭, પંચમહાલમાં-૧, સાબરકાંઠામાં-૧ અને

નવસારીમાં-૨ એમ કરીને ૧૩ શાળાઓ આપી છે. બીન આદિવાસીમાં ૧૭ અને માધ્યમિક શાળા બંનેમાં ૧૪-૧૪ શાળા કરી કુલ ૩૦ શાળા ઉચ્ચતર માધ્યમિકની અને માધ્યમિકની ૨૮ શાળા આપવામાં આવી છે, જેમાં મોટા ભાગની વિજ્ઞાન પ્રવાહની શાળા છે. બાકી શાળાને ગ્રાન્ટ સાથેની મંજૂરી આપી છે. એમાં કોણ એના ટ્રસ્ટી છે એની માહિતી અમારી પાસે હોય જ નહીં. ટ્રસ્ટનાં નામ છે એ હોય છે. કયા નામથી શાળા ચાલે છે તે હોય છે એ ટ્રસ્ટનાં નામ અને શાળાનાં નામ ક્યારે શરૂ થઈ અને ક્યારે ગ્રાન્ટ આપી એની ૨૦૦૪ ના વર્ષની વિગત ટેબલ ઉપર મૂકીશ. બધી વિગતો મારી પાસે છે.

**શ્રી કાળુભાઈ વી. વીરાણી** : સમગ્ર ગુજરાતમાં ૧૯ જિલ્લામાં માધ્યમિક શાળા ૨૮ અને ઉચ્ચતર માધ્યમિક શાળા ૩૦ ગ્રાન્ટેડ બનાવી તે બદલ રાજ્યના મુખ્યમંત્રીશ્રીને અભિનંદન આપું છું, કારણ કે એમાંય ૧૯ જિલ્લામાં જરૂરિયાતવાળા જિલ્લાને આપી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ ખૂબ જરૂરી હતું. ગરીબ માણસના છોકરાંઓ ફી ભરીને ભણી શકતા નથી. ખૂબ સારું પાયાનું કામ કર્યુ છે, પરંતુ મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે હજી પણ ઘણા તાલુકા પછાત છે તેમાં ખાસ કરીને સૌરાષ્ટ્રમાં જે લોકો ઉજળિયાત છે તે લોકો સુરત અને મુંબઇ ચાલ્યા જાય છે. બાકી રહેતા લોકો પછાત છે તેમના બાળકોને ભણાવવા ઘણા તાલુકાઓમાં આવી શાળાઓને ગ્રાન્ટેડ બનાવવા માગો છો. ફરીવાર હું માનનીય મંત્રીશ્રીને અભિનંદન આપું છું. ૧૯ જિલ્લાઓમાં જ્યાં જરૂરિયાત હતી ત્યાં આપી છે તે બદલ અભિનંદન આપું છું.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હમણાં માનનીય મુખ્યમંત્રીશ્રીએ જે વાત કરી કે ૪૩ તાલુકાઓ પછાત છે તેને પ્રાયોરિટી આપવામાં આવશે. સાથે સાથે શિક્ષણ વિભાગે બાયસેક દ્વારા સમગ્ર ગુજરાતની અંદર કયાં કયાં પ્રાથમિક શાળા છે, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ અને કૉલેજો છે તેનું પણ મેપીંગ કરાવ્યું છે અને તે મેપીંગ અને ૪૩ તાલુકા આ બંનેને ધ્યાનમાં રાખીને ભવિષ્યમાં શિક્ષણ વિભાગ આયોજન કરશે.

**શ્રી મોહનભાઈ ક. કુંડારિયા** : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૪ની સાલમાં જે મંજૂરીઓ આપવામાં આવી છે તેમાં રાજકોટ જિલ્લામાં કંઈ ઉચ્ચતર માધ્યમિક શાળાને મંજૂરી આપવામાં આવી છે **

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, રાજકોટ જિલ્લામાં બે ઉચ્ચતર માધ્યમિક શાળાને મંજૂરી આપવામાં આવી છે. તેમાં એસ.વી.પટેલ ચૅરીટેબલ ટ્રસ્ટ સંચાલિત વલ્લભ વિદ્યાલય ઉપલેટા જિલ્લો રાજકોટ અને શીવશકિત એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત ગાયત્રી વિદ્યામંદિર મીંટેડા તા. લોધીકા જી. રાજકોટ.

**શ્રી મહેન્દ્ર શાં. ત્રિવેદી** : માનનીય અધ્યક્ષશ્રી, કેટલીક જે નૉન ગ્રાન્ટેડ શાળામાંથી ગ્રાન્ટેડ શાળામાં મંજૂરી આપવામાં આવી છે તેના આંકડા આપવામાં આવ્યા છે. બીજી એક બાબત જાણવી છે કે દા.ત. ભાવનગર જિલ્લાની અંદર એક ઉચ્ચત્તર માધ્યમિક શાળા છે. અમારા જિલ્લામાં કેટલાક તાલુકાઓમાંથી દા.ત. મહુવા તાલુકો એ એવડો મોટો તાલુકો છે કે તેની અંદર ગ્રાન્ટેડ શાળાની સંખ્યા તાલુકાના વિસ્તાર અને વસ્તીની અને આ બધાના પ્રમાણમાં જોતાં સાવ નગણ્ય છે. મેં જિલ્લા પંચાયતની સમિતિમાં પણ આંકડા માગ્યા હતા અને ત્યારે પણ કહ્યું હતું કે આપણો નિયમ છે કે દસ કિલોમીટરે એક ગ્રાન્ટેડ શાળા ઉપલબ્ધ થાય પણ આવી વ્યવસ્થા જળવાણી નથી. તો મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે ફરીથી રીવ્યુ કરાવીને આવી ઉચ્ચતર માધ્યમિક શાળા ન મળે તો વાંધો નહીં પણ કમસેકમ માધ્યમિક શાળા તે વિસ્તારને મળે, તે વિસ્તારના ગામના લોકોને બહાર જવું ન પડે અને જ્યારે આપણે ગામમાં જ રોજગારી મળે અને યુવાનો ગામ છોડે નહીં તેના માટે જયોતિગ્રામ જેવી એક સરસ યોજના લાવ્યા છે ત્યારે લોકોને ભણવા સ્થળાંતર કરવું પડે અને જે એકવાર ગામ છોડે છે તે ગામમાં જલદી પાછો આવવાનો નથી એટલે તેનો ગામથી નાતો ન છૂટે એટલા માટે ઉચ્ચતર માધ્યમિક શાળા ન આપે તો વાંધો નહીં પણ માધ્યમિક શાળાની ઉપલબ્ધિ નજીક નજીક ગામની અંદર થાય અને યુવાનો ગામમાં રહીને જ ભણી શકે આવી કંઈ વ્યવસ્થા માનનીય મંત્રીશ્રી કરવા માગે છે કે કેમ?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મેં અગાઉ કહ્યું તેમ જરૂરિયાત ઉભી થતાં નજીકમાં પણ માધ્યમિક શાળા તાલુકાઓમાં મળે તે પ્રમાણે રાજય સરકાર વિચારી રહી છે.

**શ્રી હેમાજી દ. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે શાળાઓ મંજૂર કરવામાં કેટલીક *(xxxx) તે વાત સાચી છે?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આવો કોઈ પ્રશ્ન જ ન હોઈ શકે. પ્રશ્ન પૂછતાં વિચાર કરો.

## સુરત જિલ્લામાં વિધવાઓને સહાય

***૧૪૧૮૯ શ્રી મનીષ ન. ગીલીટવાલા (સુરત શહેર(પૂર્વ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,-

(૧) તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સુરત જિલ્લામાં તાલુકાવાર કેટલી નિરાધાર વિધવા
બહેનોને સહાયતા આપવામાં આવી, અને

(૨) આવેલ રજૂઆતો પૈકી કેટલી સહાય આપવાની બાકી છે?

**મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી:**

(૧) તાલુકાવાર માહિતી નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | સહાયતા આપવામાં આવેલ બહેનોની સંખ્યા |
|---|---|---|
| ૧ | ઉમરપાડા | ૫૩ |
| ૨ | ચોર્યાસી | ૩૮૩૪ |
| ૩ | કામરેજ | ૨૦૦ |
| ૪ | ઓલપાડ | ૭૩૨ |
| ૫ | મહુવા | ૩૬૯ |
| ૬ | માંડવી | ૩૪૧ |
| ૭ | માંગરોળ | ૩૧૧ |
| ૮ | બારડોલી | ૩૮૦ |
| ૯ | પલસાણા | ૧૧૯ |
| ૧૦ | સોનગઢ | ૨૭૪ |
| ૧૧ | સુરતસીટી | ૧૩૫૫ |
| ૧૨ | વ્યારા | ૭૦૧ |
| ૧૩ | ઉચ્છલ | ૯૦ |
| ૧૪ | નિઝર | ૩૫ |
| ૧૫ | વાલોડ | ૧૫૯ |
| | **કુલ** | **૮૯૫૩** |

(૨) ૧૬, બહેનોને માહે ૧૨/૦૫ની રૂા.૧૦,૦૮૦/- ની સહાય આપવાની બાકી છે.

**શ્રી મનીષ ન. ગીલીટવાલા** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, ૮૯૫૩ નિરાધાર વિધવા બહેનોને સહાયતા આપવામાં આવી છે, તો સુરત જિલ્લામાં ૧૨/૫ સુધીમાં, છેલ્લા બે વર્ષમાં કેટલી નિરાધાર વિધવા બહેનોએ સહાયતા માટે અરજી કરી હતી?

**અધ્યક્ષશ્રી** : અહીંયાં જે માનનીય હેમાજી રાજપૂતે જે શબ્દ પ્રયોગ કર્યો છે • * (xxxx) તે શબ્દો હું દૂર કરું છું, * (xxxx) એ શબ્દ દૂર કરું છું.

**શ્રી મનીષ ન. ગીલીટવાલા** : માનનીય અધ્યક્ષશ્રી, ડિસેમ્બર, ૦૫ સુધીમાં, સુરત જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલી નિરાધાર ત્યકતા બહેનોએ સહાયતા મેળવવા માટે અરજીઓ કરી હતી, એમાંથી કેટલી મંજૂર કરવામાં આવી, અને કેટલી નામંજૂર કરવામાં આવી, એ નામંજૂર કરવાના કારણો શું છે? ૧૬ બહેનોને સહાય આપવાની બાકી છે તો એ કયા તાલુકાની છે અને કયા કારણોસર સહાય આપવાની બાકી છે?

**શ્રીમતી આનંદીબેન મ.પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ૧૬ વિધવા બહેનોએ ખાતા નહીં ખોલાવાને કારણે એમને પેન્શન ચૂકવી શકાયું ન હતું પણ હવે એમના પેન્શનના ખાતા ખૂલી ગયાં છે અને એમાં રકમ ૧૫મી માર્ચ સુધીમાં જમા થઈ જશે.

**શ્રી મનીષ ન. ગીલીટવાલા** : માનનીય અધ્યક્ષશ્રી, અરજીઓ નામંજૂર કરવાના કયા કારણો છે?

**શ્રીમતી આનંદીબેન મ.પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ બધા માનનીય મિત્રો અવાજ કરતા હતા એટલે મને સંભળાયું નહીં, અગાઉની પડતર અરજીઓ ૪૯૧ હતી, ૨૦૦૫ની અંદર ૧૫૧૬ અરજીઓ આવી એટલે કુલ ૨૦૦૭ અરજીઓ થઈ, એમાંથી ૧૧૩૭ અરજીઓ મંજૂર કરી અને ૪૮૩ અરજીઓ નામંજૂર કરી અને

• * (xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

૩૮૭ અરજીઓ પડતર રહી, આ પડતર અરજીઓમાંથી અત્યાર સુધીમાં ૨૩૩ અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો છે, એમાંથી ૧૭૮ અરજીઓ મંજૂર થઈ ગઈ અને ૫૫ અરજીઓ નામંજૂર થઈ છે અને અત્યારે ૧૫૪ અરજીઓ બાકી છે જે બે મહિનાની અંદર પૂરી કરી દેવામાં આવશે.

**શ્રી મનીષ ન. ગીલીટવાલા** : માનનીય અધ્યક્ષશ્રી, જે ૪૮૩ અરજીઓ નામંજૂર થઈ છે એ કયા કારણોસર નામંજૂર થઈ છે?

**શ્રીમતી આનંદીબેન મ.પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી જે નામંજૂર થઈ છે એના ઘણા કારણો છે, પુખ્ત ઉંમરના પુત્ર હોય તેવી ૧૭૬ અરજીઓ નામંજૂર થઈ છે, આવક વધારે હોય તેવી ૧૬૭ અરજીઓ નામંજૂર થઈ છે, ઉંમર વધુ હોય અથવા ઓછી હોય તેવી ૧૯ અરજીઓ નામંજૂર થઈ છે. પુરાવાના અભાવે ૬૪ અરજીઓ નામંજૂર થઈ છે અને ડૂપ્લીકેશન થયું એક અરજીનું એટલે એ નામંજૂર થઈ છે.

**શ્રી ધનસુખભાઈ ના. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, વિધવા સહાય મેળવતી બહેનો પોતાનું જીવન સ્વનિર્ભરતાથી જીવી શકે એ માટે સરકાર કોઈ આયોજન કરવા માગે છે? બીજું જે આવક મર્યાદા છે એ આવક મર્યાદા વધારવા માગે છે કે કેમ?

**શ્રીમતી આનંદીબેન મ.પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આવક મર્યાદા અંગેનું માનનીય સભ્યશ્રીનું સૂચન છે અને રાજય સરકારે વિધવા બહેનો માટે સ્પેશિયલ વર્ગો શરૂ કર્યા છે, એમાં અત્યાર સુધીમાં ૪૫૦૦ બહેનોને આપણે તાલીમ આપી છે, અત્યાર સુધી હાલ એ બહેનો રોજના ૫૦-૬૦ રૂપિયાની કમાણી કરી રહી છે.

**શ્રી પ્રવિણભાઈ ટી. મારુ** : માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે પ્રશ્ન બહેનો અંગેનો હોય અને વિભાગના મંત્રીશ્રી પણ બહેન હોય ત્યારે તેઓશ્રી આ સમાજમાં ત્યક્તા બહેનોની પરિસ્થિતિ કેવી હોય છે એ જાણે છે, તો ત્યક્તા બહેનોની સહાયતા બંધ કરવામાં આવી છે એ કયા કારણોસર બંધ કરવામાં આવી છે અને હવે એ ચાલુ કરવા માગો છો કે કેમ ?

**શ્રીમતી આનંદીબેન મ.પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્ન વિધવા બહેનોનો છે.

**શ્રી જીતુભાઈ હ. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, નિરાધાર જ્યારે બહેન હોય એની જમીન એના સસરાના નામે હોય તો એ નિરાધાર બહેનની અરજી રદ કરવામાં આવે છે, ખરેખર એની જમીન એના સસરાના નામે હોય અને એ વિધવા હોય, અને એના પિતાથી એનો દીકરો અલગ રહેતો હોય, અને એ વિધવા થઈ હોય તો એને ખરેખર પેન્શન મળવાપાત્ર હોય છે તો પણ એની અરજી રદ કરવામાં આવે છે તો એ માટે વિચારણા કરવામાં આવશે કે કેમ?

**શ્રીમતી આનંદીબેન મ.પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આવા કેસ અત્યાર સુધીમાં અમારા ધ્યાન ઉપર આવ્યા નથી, માનનીય ધારાસભ્યશ્રી મારા ધ્યાન ઉપર લાવશે તો એના ઉપર ચોક્કસ વિચારણા કરવામાં આવશે.

## અમદાવાદ શહેરમાં પોલીસ આવાસના કામો

***૧૪૧૩૩ શ્રી કેશુભાઈ હી. નાકરાણી (શિહોર) : માનનીય પોલીસ આવાસ મંત્રીશ્રી (રાજય કક્ષા)** જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) છેલ્લા ત્રણ નાણાકીય વર્ષમાં અમદવાદ શહેરમાં કુલ કેટલી રકમના પોલીસ ખાતાના રહેણાંક/બિન રહેણાંકના કામો હાથ ઉપર લેવામાં આવેલ છે, અને

(૨) આ કામો પૈકી તા.૩૧-૧-૦૬ સુધીમાં કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે ?

**પોલીસ આવાસ મંત્રીશ્રી (રાજય કક્ષા) :**

(૧) રૂા.૧૫૪૬.૩૦ લાખ.

(૨) રૂા.૧૫૪૬.૩૦ લાખ.

**શ્રી કેશુભાઈ હી. નાકરાણી** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે, પોલીસ આવાસ નિગમની કામમાં થર્ડપાર્ટી ઈન્સ્પેકશનથી શું કાર્યવાહી કરવામાં આવેલ છે ?

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, પોલીસ આવાસ નિગમમાં જે કામગીરી કરવામાં આવે છે એમાં રહેણાંક અને બિન રહેણાંક એમ બન્ને પ્રકારના પોલીસ માટેના મકાનોની બાંધકામની કામગીરી કરવામાં આવે છે. એમાં જયાં ૫ કરોડથી વધુ રકમવાળું સંકુલ બનાવાતું હોય ત્યાં ગુણવત્તા જળવાય અને કોઈ મોટા કામમાં ગુણવત્તામાં બેદરકારી ન રહે એના માટે સરકાર દ્વારા થર્ડપાર્ટી ઈન્સ્પેકશન કરવાનો નિર્ણય કર્યો છે. આના માટે તજજ્ઞ સંસ્થાઓને સરકારે સિલેકટ કરી છે અને થર્ડપાર્ટી ઈન્સ્પેકટીંગ એજન્સી તરીકે નિમણૂક કરી છે.

**શ્રી ભવાનભાઈ જી. ભરવાડ** : માનનીય અધ્યક્ષશ્રી, પોલીસોને સમયસર પગાર અપાતો નથી. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન એ છે કે, છેલ્લા ત્રણ વર્ષમાં અમદાવાદ શહેરમાં કુલ કેટલા પોલીસ આવસોનું

કામ કરવાનો રાજય સરકારે લક્ષ્યાંક રાખ્યો હતો અને એમાંથી કેટલાં પૂરા કર્યા ? અને છેલ્લા એક વર્ષમાં કેટલા પોલીસ આવાસો બાંધવાની કામગીરી હાથ ધરવામાં આવી છે ?

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદ શહેરમાં છેલ્લા ત્રણ વર્ષમાં રહેણાંકોના કામો ટોટલ ૧૪ કરોડ ૯૫ લાખના ખર્ચે કરવામાં આવ્યા છે અને બિન રહેણાંકોના કામો ૫૦ લાખના ખર્ચે કરવામાં આવ્યો છે. આ વર્ષે જે કામ હાથ ઉપર લેવાના છે, એમાં ૧ કરોડ રૂપિયાના બિન રહેણાંકના કામો હાથ ધ ારવામાં આવ્યા છે અને રહેણાંકના કામોમાં ૨૬.૮૮ કરોડના ખર્ચે કેલીકો મીલ, નરોડા અને શાહીબાગ તથા ગાયકવાડ હવેલી ખાતે પોલીસ નિવાસની કામગીરી કરવામાં આવનાર છે. આ ઉપરાંત મારે ગૃહને જણાવવું છે કે, સંપૂર્ણ લોકસહયોગથી રાજય સરકારે પહેલીવાર રાજયમાં ૨૨ પોલીસ સ્ટેશનોનું નિર્માણ કર્યું છે. એમાં સેટેલાઈટમાં એક અદ્યતન પોલીસ સ્ટેશનનું હમણાં જ લોકાર્પણ કરવામાં આવ્યું છે.

**શ્રી પરેશભાઈ ધી. ધાનાણી** : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, હમણાં જ એમણે જવાબમાં કહ્યું કે, ૫ કરોડ ઉપરાંતની કિંમતના મકાન માટે થર્ડપાર્ટી ઈન્સ્પેકશન આપવામાં આવશે. સમાજના હિતોની રખેવાળી કરતા વ્યકિતઓને ગુણવત્તાવાળા મકાનો મળે, એમાંય રહેણાંકના મકાનો થાય છે એની ગુણવત્તા જળવાય એ માટે પોલીસ આવાસ નિગમમાં તાંત્રિક સ્ટાફ છે એ બહુ ઓછો છે ત્યારે માનનીય મંત્રીશ્રીને વિનંતી કરવા માગું છું કે, થર્ડપાર્ટી ઈન્સ્પેકશન માટે ૫ કરોડની મર્યાદા કરી છે એને બદલે પોલીસ આવાસ નિગમ મારફત જેટલા પણ રહેણાંકના મકાનો થાય છે એનું થર્ડપાર્ટી ઈન્સ્પેકશન આપીને ગુણવત્તાવાળા જ મકાનો આપવા માગો છો કે કેમ?

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, તાંત્રિક સ્ટાફની જયાં સુધી વાત છે ત્યાં સુધી હમણાં જ સરકારે જુદા જુદા વિભાગોમાંથી સરપ્લસ તાંત્રિક સ્ટાફને પોલીસ આવાસ નિગમના હવાલે કર્યો છે. ૫૦ કરતાં વધુ એન્જીનીયરો પોલીસ આવાસ નિગમને આપ્યા છે. એને લીધે અમારી કાર્યવાહીમાં જબરજસ્ત વેગ આવ્યો છે, આ સરકારે પહેલી જ વાર મને કહેતાં જરાય સંકોચ નથી કે પોલીસ કર્મચારીઓના આવાસો અને કામ કરવાની જગ્યા છે એને પ્રાયોરિટી આપી છે અને આજે એના પરિણામ સ્વરૂપ સમગ્ર દેશમાં આવાસોની બાબતમાં સંતોષકારક રેશિયામાં ગુજરાત પહેલા નંબરે છે. આ રાજયના ૭૪.૪૩ ટકા કર્મચારીઓને પાકા રહેવાના મકાનો સરકાર દ્વારા પૂરા પાડવામાં આવ્યા છે અને સમગ્ર દેશમાં એ વધુમાં વધુ સંખ્યા છે અને એ સમગ્ર ગૃહના માનનીય ધારાસભ્યોને ગૌરવ લેવા જેવી વાત છે.

**શ્રી પરેશભાઈ ધી. ધાનાણી** : માનનીય અધ્યક્ષશ્રી, મારો મુદ્દો એટલો હતો કે ૫ કરોડથી વધુ કિંમતના કામો છે એમાં થર્ડપાર્ટી ઈન્સ્પેકશનની માનનીય મંત્રીશ્રીએ જોગવાઈ કરી છે એ ૫ કરોડથી ઘટાડીને દરેક કામમાં થર્ડપાર્ટી ઈન્સ્પેકશન આપવા માગો છો કે કેમ ?

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, નાના નાના કામો માટે થર્ડ પાર્ટી ઈન્સ્પેક્ટીંગ એજન્સી એપોઈન્ટ કરવાથી કામની ગતિમાં અવરોધ આવવાની શક્યતા રહેલી છે, પરંતુ આ કામોમાં પણ ગુણવત્તાનું ધોરણ જળવાઈ રહે એના માટે ગુજરાત પોલીસ આવાસ નિગમ તરફથી ઈનબિલ્ટ ઈન્સ્પેક્શનની વ્યવસ્થા કરેલી છે અને આ પાંચ કરોડની વ્યવસ્થા માનનીય પરેશભાઈ અમે કરેલી છે પહેલાં તો રેઢિયાળું જ તંત્ર હતું બધું, આ વ્યવસ્થા તો અમે કરી છે.

**ડૉ. કનુભાઈ કળસરિયા** : મારે તો ખાસ એકંદરે પોલીસ કર્મચારીઓની અંદર સંતોષ કે અસંતોષનું પ્રમાણ જાણવું હતું પણ એ પ્રશ્ન પહેલાં જ માનનીય મંત્રીશ્રીએ ખુલાસો કર્યો અને જે સંતોષનો રેશિયો બતાવ્યો એ બદલ હું માનનીય મંત્રીશ્રીને ખૂબ ખૂબ અભિનંદન આપું છું અને હવે મારો કોઈ પ્રશ્ન રહેતો નથી.

## રાજ્યમાં ગરીબોને રોમિંગ રૅશનકાર્ડ

***૧૪૨૭૨ શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિદ્ધપુર) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી (રાજય કક્ષા)** જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) જાન્યુઆરી, ૨૦૦૬ની સ્થિતિએ છેલ્લાં એક વર્ષમાં સરકારે રાજ્યમાં કેટલા ગરીબ કુટુંબોને રોમિંગ રૅશનકાર્ડ આપ્યા,

(૨) કયા કયા જિલ્લાના આ કુટુંબો હતા, અને

(૩) હવે આ અંગેની કેટલી અરજીઓ પેન્ડિંગ છે?

**નાગરિક પુરવઠા મંત્રીશ્રી (રાજ્ય કક્ષા) :**

(૧) કોઈ રોમિંગ રૅશનકાર્ડ અપાયેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) તા.૩૧-૧-૨૦૦૬ની સ્થિતિએ ૭૩૪ અરજીઓ પ્રોસેસ હેઠળ છે.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્ન-૧ ના જવાબમાં જે જવાબ આપવામાં આવેલ છે કે કોઈ રોમિંગ રેશન કાર્ડ અપાયેલ નથી તો મારે માનનીય મંત્રીશ્રીને આપના દ્વારા પૂછવું છે કે, હમણાં રાજ્યપાલશ્રીએ પ્રવચન કર્યુ એમાં પાના નંબર-૨૫ ઉપર એવું બતાવવામાં આવ્યું છે કે આ કામ અમે ચાલુ કરી દીધું છે તો મને તો પહેલા પ્રશ્ન એ થાય છે કે, રાજ્યપાલશ્રીનું પ્રવચન સાચું કે જે મને જવાબ આપ્યો છે તે સાચો? બીજી વાત મારે એ કહેવી છે કે જો ખરેખર એક પણ કાર્ડ આપવામાં આવ્યા ના હોય તો આ પ્રોજૅક્ટ રાજ્ય સરકારે ક્યારે અમલી બનાવ્યો અને એમાં કેટલો ખર્ચ કર્યો એ મારે જાણવું છે.

**શ્રી છત્રસિંહ પૂં મોરી** : પહેલાં તો હું માનનીય સભ્યશ્રીને અભિનંદન આપું છું. આખા દેશની અંદર જે ગરીબ લોકો પોતાની મજૂરી મેળવવા માટે એક જગ્યાએથી પોતાના વતનમાંથી બીજા વતનમાં અથવા તો બીજા તાલુકામાં જાય છે એમને મળતા અનાજથી એ વંચિત ન રહી જાય એના માટે દેશમાં પહેલીવાર આ રાજ્ય સરકારે ચિંતા કરી છે. માનનીય સભ્યશ્રીએ જે વાત કરી છે કે રાજ્યપાલશ્રીના પ્રવચનની અંદર એવું કહેવામાં આવ્યું છે કે આ યોજના ચાલુ છે, હકીકતમાં ૧૫મી ઓગષ્ટ, ૨૦૦૪થી માનનીય મુખ્યમંત્રીશ્રીના હાથે આ પ્રોજૅક્ટ શરૂ કરવામાં આવ્યો હતો, પરંતુ આ પ્રોજૅક્ટ શરૂ થયા પછી એની જે તબક્કાવાર આપણે કામગીરી કરી છે એના ડેટા એન્ટ્રીની કાર્યવાહી કરી છે, એની તાલીમો આપવામાં આવી છે, એનું ડેમોસ્ટ્રેશન કરવામાં આવ્યું છે. પરંતુ ટૅક્નીકલ મુશ્કેલી વેબસાઈટ પર ઊભી થઈ એ બધી મુશ્કેલીઓનો જ નિકાલ કરીને ફેબ્રુઆરી માસથી માત્ર ત્રણ જિલ્લામાં આપણે પાયલોટ પ્રોજૅક્ટ તરીકે લીધેલ છે, એમાં પહેલાં પંચમહાલ, દાહોદ અને ગોધરા લીધા હતા પણ હવે સમગ્ર રાજ્યની અંદર કોઈપણ તાલુકામાંથી કોઈપણ પોતાની મજૂરી માટે જાય અને એના માટે એ એના રૅશનકાર્ડથી વંચિત ન રહી જાય એની પૂરતી કાળજી લેવા માટેના ડેટા કાઢી લીધા છે. કુલ ૭૩૪ અરજીઓ અમને જે મળી છે એ ડિસૅમ્બર પછી જાન્યુઆરીમાં મળી છે, જાન્યુઆરીમાં મળી પછી એના નિકાલની જે વાત છે એમાં દાહોદની અંદર ૭૫૧ મળી હતી, આજે ત્યાં એક પણ પૅન્ડિંગ નથી. ૭૫૧ને આપી દીધા છે એમના પ્રશ્ન પછીજ અરજીઓ આવી છે. આ પહેલાં કોઈ અરજીઓ મળી નહોતી અને પંચમહાલની અંદર ૭૩૪ પેન્ડીંગ અરજીઓ છે એ એમના પ્રશ્ન પછી અમને મળી છે એમાંથી ૫૩૯નો નિકાલ થઈ ગયેલ છે ૧૯૫ જે બાકી છે એ ત્યાં ટૅક્નીકલ મુશ્કેલી ઊભી થઈ એટલે કે અમારા ડેટા રિઓપન થતા નથી એટલે થયેલી પણ ટૂંક સમયની અંદર અમે એ ટૅક્નીકલ ખામી દૂર કરવાના છીએ અને એમનો છેલ્લો પ્રશ્ન છે કે, કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે તો ખર્ચની બાબતમાં ૨૦૦૪-૦૫ની અંદર દાહોદ, પંચમહાલ અને ગોધરાના પ્રોજૅક્ટ માટે ૩ લાખ ૫૧ હજારનો ખર્ચ થયો છે. આ રાજયના પ્રોજૅક્ટજના વિસ્તૃતીકરણ માટે એની સાથે સાથે સમગ્ર રાજયમાં આ યોજના થાય એનું પણ આયોજન કરવા માટે ૧.૯૩ લાખનો ખર્ચ કરવાનું આયોજન કરેલ છે. ૨૦૦૫-૨૦૦૬ માટે અને જુલાઇ, ૨૦૦૫ થી નવૅમ્બર, ૨૦૦૫ સુધીમાં ૨૫ હજારનો જે ખર્ચ કરવાનો છે દરેક તાલુકાવાઈઝ એના માટે થઈને ૧.૨૫ લાખનું આયોજન કરીને ખર્ચ કરવાની તૈયારી આ રાજ્ય સરકારે કરી છે આ યોજના માટે અમારી પાસે કૉમ્પ્યુટર હોઈ કૉમ્પ્યુટર સૅન્ટર માટે જી.આઈ.એલ આ બધા સાથે

**અધ્યક્ષશ્રી** : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે, નેકસ્ટ

# અતારાંકિત પ્રશ્નો

## (તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

### રાજ્યમાં પ્રાથમિક શિક્ષકોની ખાલી જ્ગાઓ

૧૫૪૭૨ **શ્રી વેચાતભાઈ હ. બારિયા (પાવી-જેતપુર)** : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ, રાજ્યમાં પ્રાથમિક શિક્ષકોની કુલ કેટલી જગ્યાઓ ખાલી છે, | (૧) ૧૧૬૯૦. |
| (૨) આ જગ્યાઓ ભરવા કોઇ આયોજન છે કે કેમ, અને | (૨) હા, જી. |
| (૩) આવી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરી દેવામાં આવશે ? | (૩) જેમ બને તેમ જલ્દી. |

-------------

## રાજ્યમાં અનુદાનિત કરેલ કોલેજો

૧૪૯૩૬ **ડૉ. સી. જે. ચાવડા (ગાંધીનગર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં આર્ટ્સ, કોમર્સ અને સાયન્સ કોલેજો કેટલી ગ્રાન્ટેબલ કરી, અને | (૧) ૨૧ (એકવીસ). |
| (૨) ગ્રાન્ટેબલ માટે કેટલી કોલેજોની અરજીઓ પડતર છે ? | (૨) એક પણ નહીં. |

-------------

## અમરેલી જિલ્લામાં શાળાઓના ઓરડાઓ બાંધવા અંગે

૧૪૨૦૬ **શ્રી બાલુભાઈ તંતી (ધારી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) અમરેલી જિલ્લામાં તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન સિન્થેટીક ઓરડા-તેમજ ફેબ્રીકેટેડ એલ એન્ડ ટી ડીઝાઇનના કેટલા ઓરડા તાલુકા પ્રમાણે કેટલી રકમના બનાવવામાં આવ્યા, | (૧) પત્રક ૧ મુજબ. |
| (૨) આમાંના કેટલા ઓરડા બિસ્માર હાલતમાં વાપરી ન શકાય તેવા અથવા રીપેરીંગ કરવા પડે તેવા છે, અને | (૨) એકપણ નહી. |
| (૩) આ પ્રકારની ડીઝાઈનના ઓરડા બનાવવા માટે સરકાર કોઈ ફેર વિચારણા કરવા માગે છે કે કેમ ? | (૩) ના, જી. |

**પત્રક--૧**

| અમરેલી જિલ્લામાં ત્રણ વર્ષ દરમ્યાન બાંધેલ પ્રી. ફેબ ઓરડાઓની વિગત | | | | | |
| --- | --- | --- | --- | --- | --- |
| ક્રમ | તાલુકો | સીન્ટેક્ષ લી | | એલ એન્ડ ટી | |
| | | બાંધેલ ઓરડા | થયેલ ખર્ચ | બાંધેલ ઓરડા | થયેલ ખર્ચ |
| ૧ | ધારી | ૧૧ | ૨૧૧૧૨૦૮ | ૦ | ૦ |
| ૨ | અમરેલી | ૨ | ૩૮૩૮૫૬ | ૦ | ૦ |
| ૩ | બગસરા | ૧ | ૧૯૧૯૨૮ | ૦ | ૦ |
| ૪ | રાજુલા | ૧૩ | ૨૪૯૫૦૬૪ | ૦ | ૦ |
| ૫ | બાબરા | ૧૯ | ૩૬૪૬૬૩૨ | ૦ | ૦ |
| ૬ | જાફરાબાદ | ૫ | ૯૫૯૬૪૦ | ૦ | ૦ |
| ૭ | સાવરકુંડલા | ૩૯ | ૭૪૮૫૧૯૨ | ૦ | ૦ |
| | કુલ | ૯૦ | ૧૭૨૭૩૫૨૦ | ૦ | ૦ |

-------------

## ભાવનગર જિલ્લામાં વિધવા સહાયની ચૂકવણી

૧૩૯૫૧ **શ્રી પ્રવિણભાઈ ટી. મારૂ (ગઢડા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) સન ૨૦૦૪-૦૫ અને ૨૦૦૫-૦૬ના વર્ષમાં તા. ૩૧-૧૨-૦૫ સુધીમાં ભાવનગર જિલ્લામાં તાલુકાવાર વિધવા સહાય માટે કેટલી અરજીઓ આવી, અને | (૧) સન ૨૦૦૪-૦૫ અને ૨૦૦૫-૦૬ના વર્ષમાં તા. ૩૧-૧૨-૦૫ સુધીમાં ભાવનગર જિલ્લામાં તાલુકાવાર વિધવા સહાય માટે નીચે મુજબ અરજીઓ આવી. |

| ક્રમ | તાલુકાનું નામ | કુલ આવેલ અરજીની સંખ્યા |
|---|---|---|
| ૧ | ભાવનગર | ૬૧૦ |
| ૨ | શીહોર | ૧૧૦ |
| ૩ | ઘોઘા | ૩૯ |
| ૪ | વલ્લભીપુર | ૨૨ |
| ૫ | મહુવા | ૧૩૯ |
| ૬ | તળાજા | ૭૯ |
| ૭ | પાલીતાણા | ૧૧૫ |
| ૮ | ગારીયાધાર | ૩૨ |
| ૯ | ગઢડા | ૫૮ |
| ૧૦ | બોટાદ | ૮૯ |
| ૧૧ | ઉમરાળા | ૩૦ |
| | **કુલ** | **૧૩૨૩** |

(૨) આવેલ અરજીઓ પેકી કેટલી અરજીઓ માન્ય રાખી સહાય ચૂકવવામાં આવે છે ?

(૨) ૬૯૮ અરજી માન્ય રાખી, ૫૬૨ને સહાય ચુકવવામાં આવે છે. ૧૩૬ને સહાય ચુકવવાની કાર્યવાહી ચાલુ છે.

-------------

## અમરેલી જિલ્લામાં પોલીસ આવાસના કામો

૧૪૧૩૫ **શ્રી શિરીષકુમાર મ. શુકલ (ખંભાત) : માનનીય પોલીસ આવાસો મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) છેલ્લા ત્રણ નણાકીય વર્ષમાં અમરેલી જિલ્લામાં કુલ કેટલી રકમના પોલીસ ખાતાના રહેણાંક / બિન રહેણાંકના કામો હાથ ઉપર લેવામાં આવેલ છે, અને | (૧) રૂા. ૪૨૩.૫૨ લાખ. |
| (૨) આ કામો પેકી તા. ૩૧-૧-૦૬ સુધીમાં કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે ? | (૨) રૂા. ૪૨૩.૫૨ લાખ. |

-------------

## કચ્છ યુનિવર્સિટીના કુલપતિની નિમણુંક

૧૪૯૨૯ **શ્રી છબીલદાસ ના. પટેલ (માંડવી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં અલગ યુનિવર્સિટીની રચના થવા છતાં કાયમી કુલપતિની નિમણુંક કરવામાં આવી નથી તે વાત સાચી છે; | (૧) હા, જી. |
| (૨) લાંબા સમયથી કુલપતિની નિમણુંક ન કરવાના કારણો શાં છે, અને | (૨) બાબત વિચારણા હેઠળ છે. અને (૩) |
| (૩) કેટલા સમયમાં નિમણુંક કરવામાં આવશે ? | |

-------------

**ભરૂચ જિલ્લામાં શિક્ષકોની ભરતી અને ઘટ**

૧૩૮૬૪ **શ્રીમતી રશીદા ઈ. પટેલ (વાગરા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભરૂચ જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તાલુકાવાર કેટલા પ્રાથમિક શિક્ષકોની ભરતી કરવામાં આવી, અને

(૨) તાલુકાવાર કેટલી ઘટ છે ?

**જવાબ**

(૧)

| તાલુકો | ભરતીની સંખ્યા |
|---|---|
| ભરૂચ | ૦૦૪ |
| વાગરા | ૧૩૦ |
| જંબુસર | ૧૧૩ |
| આમોદ | ૦૫૮ |
| અંક્લેશ્વર | ૦૦૨ |
| હાંસોટ | ૦૦૫ |
| જગડીયા | ૧૬૫ |
| વાલીયા | ૦૮૦ |

(૨)

| તાલુકો | ઘટની સંખ્યા |
|---|---|
| ભરૂચ | ૧૫ |
| વાગરા | ૦૧ |
| જંબુસર | ૧૩ |
| આમોદ | ૦૩ |
| અંક્લેશ્વર | ૦૦ |
| હાંસોટ | ૦૦ |
| જગડીયા | ૩૧ |
| વાલીયા | ૧૦ |

-------------

**ખેડા અને આણંદ જિલ્લામાં નિરાધાર-વિધવા બહેનોને પેન્શન**

૧૩૮૫૮ **શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર (મહુધા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ખેડા અને આણંદ જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૫ સુધીમાં છેલ્લા બે વર્ષમાં નિરાધાર-વિધવા બહેનોને પેન્શન મેળવવા બાબતની કેટલી અરજીઓ મળી,

(૨) મળેલ અરજીઓ પેકી કેટલી અરજીઓ મંજૂર કરી સહાય ચૂકવવામાં આવી, અને

(૩) બાકી રહેતી અરજીઓનો ક્યારે નિકાલ થશે?

**જવાબ**

(૧) ખેડા જિલ્લામાં - ૧૬૭૬ અને આણંદ જિલ્લામાં ૧૧૮૯.

(૨) -ખેડા જિલ્લામાં - ૩૯૮ અરજીઓ મંજૂર કરી ૩૭૦ ને સહાય ચૂકવવામાં આવી અને બાકીના ૨૮ ને સહાય ચૂકવવાની કાર્યવાહી ચાલુ છે.

-આણંદ જિલ્લામાં ૩૧૧ અરજીઓ મંજૂર કરી ૩૦૨ ને સહાય ચૂકવવામાં આવી અને બાકીના ૯ ને સહાય ચૂકવવાની કાર્યવાહી ચાલુ છે.

(૩) પ્રાન્ત ક્ચેરીઓ દ્વારા ચકાસણી કરી સત્વરે નિકાલ કરવામાં આવશે.

-------------

**વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે રાજ્યની યુનિવર્સિટીઓ ખાતે તાલિમ કેન્દ્રો**

૧૪૭૨૫ **શ્રી જેસાભાઈ ભા. બારડ (સોમનાથ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યની યુનિવર્સિટીઓના વડા મથકે સનદી સેવા સહિતની કેન્દ્રીય સંસ્થાઓ માટે યોજાતી સ્પર્ધાત્મક પરીક્ષાઓના તાલીમ કેન્દ્રોનું સરકારનું શું

**જવાબ**

(૧) રાજ્યમાં નીચેની ત્રણ યુનિવર્સિટીઓમાં આવા કેન્દ્રો ચાલે છે.

(૧) મ.સ.યુનિવર્સિટી, વડોદરા

| | |
|---|---|
| આયોજન છે, અને | (૨) ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ<br>(૩) ડૉ. બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,અમદાવાદ<br>બાકી યુનિવર્સિટીઓમાં પણ આવા કેન્દ્રો શરુ કરવા યુનિવર્સિટીઓને સુચના આપવામાં આવી છે. |
| (૨) જો હા, તો તેનો અમલ આવતા શૈક્ષણિક સત્રથી સરકાર કરાવવા માગે છે કે કેમ ? | (૨) ઉપર ખંડ-(૧) ના જવાબ મુજબ. |

-------------

**ચોટીલા અને સાયલા તાલુકામાં પ્રાથમિક શિક્ષકોની ઘટ**

૧૪૩૮૧ **શ્રી પોપટભાઈ સ. જીંજરિયા (ચોટીલા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૨૦૦૬ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા અને સાયલા તાલુકામાં કેટલા પ્રાથમિક શિક્ષકોની ઘટ છે, | (૧) ૧. ચોટીલા ૩૪<br>૨. સાયલા ૨૫ |
| (૨) ઘટ રહેવાના કારણો શાં છે, અને | (૨) અંદાજપત્રમાં પુરેપુરી જગ્યાઓ મંજુર ન થવાના કારણે. |
| (૩) શિક્ષકોની ઘટ પૂર્ણ કરવા સરકાર ક્યા પગલાં લેવા ધારે છે ? | (૩) આગામી વર્ષના અંદાજપત્રમાં નાણાંકીય જોગવાઈ કરી ક્રમશઃ ઘટ પૂર્ણ કરવામાં આવશે. |

-------------

**હાલોલ તાલુકામાં પોષ ડોડાના પરવાનેદાર સામે ફરિયાદ**

૧૫૪૯૫ **શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર (હાલોલ) :માનનીય નશાબંધી મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પંચમહાલ જિલ્લાના હાલોલ તાલુકાના ધારિયા ગામે પોષ ડોડાના પરવાનેદાર અંગે કોઇ ફરિયાદ સરકારને મળેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) આ અંગે સરકાર શું કાર્યવાહી કરવા માંગે છે અને કેટલા સમયમાં ? | (૨) મળેલ અરજીની વિગતોની તપાસ કરાવતાં કરવામાં આવેલ આક્ષેપો પુરવાર થતાં ન હોઈ કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી. |

-------------

**સરકારના ના-વાંધા પ્રમાણપત્ર વગર રાજ્યમાં બી.એડ. કોલેજોને મંજૂરી**

૧૪૯૨૪ **શ્રી ધીરૂભાઈ હ. ગજેરા (સુરત શહેર (ઉત્તર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સરકારની એનઓસી મેળવ્યા વગર બી.એડ. કોલેજો ચાલુ કરવા ભારત સરકારે તા. ૩૧-૧-૦૬ સુધીમાં છેલ્લા એક વર્ષમાં કેટલી મંજૂરી આપી, | (૧) ૫૦. |
| (૨) આવી પરિસ્થિતિમાં રાજ્ય સરકારનો ક્યા પ્રકારનો રોલ રહેશે, અને | (૨) રાજ્ય સરકારે કોલેજ શરૂ કરવા સૈધ્ધાંતિક પૂર્વ મંજૂરી આપવાની રહે છે. |
| (૩) આવી બાબત સરકાર ચલાવી લેવા માગે છે કે કેમ? | (૩) ના જી, રાજ્ય સરકારે એન.ઓ.સી. આપી ન હતી પરંતુ એન.સી.ટી.ઈ., ભોપાલની મંજૂરી તથા અદાલતી પ્રક્રિયાના અંતે આ સંસ્થાઓને બી.એડ. |

કોલેજ ચાલુ કરવા મંજૂરી અપાઈ છે.

-------------

**સુરેન્દ્રનગર જિલ્લામાં મૃત્યુ પામનાર વિદ્યાર્થીઓને વીમા સહાય**

૧૫૪૬૫ **શ્રી ધનરાજભાઈ કેલા (વઢવાણ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લામાં ચાલુ અભ્યાસે મૃત્યુ પામનાર વિદ્યાર્થીઓની સંખ્યા કેટલી, | (૧) ૭૯. |
| (૨) આ વિદ્યાર્થીઓ વીમા કવચ હેઠળ આવરી લેવામાં આવ્યા હોય તો તેમને વીમા સહાય ક્યારે ચૂકવી, અને | (૨) પાત્રતા ધરાવતા ૨૪ (ચોવીસ) કિસ્સામાં જે તે વર્ષમાં વિમા સહાય ચૂકવવામાં આવેલ છે. |
| (૩) આવી વીમા કવચની સહાય હજુ સુધી ચૂકવાઇ ન હોય તો તેના કારણો શાં છે ? | (૩) -કુદરતી મૃત્યુ થવાથી.<br>-પોસ્ટ મોર્ટમ રિપોર્ટ રજૂ ન કરવાને કારણે<br>-એફ.આઈ.આર. ની નકલ સામેલ ન હોવાને કારણે<br>-કંપની દ્વારા વિદ્યાર્થીના ઘેર રૂબરૂ ચકાસણી કરતાં મૃત્યુ અકસ્માતે ન થયેલ હોવાને કારણે. |

----------

**નવસારી જિલ્લામાં બી.પી.એલ. કાર્ડ માટેની અરજીઓ**

૧૫૫૧૮ **શ્રી આર. સી. પટેલ (જલાલપોર) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નવસારી જિલ્લામાં તા.૩૧-૧૨-૦૫ની સ્થિતિએ બી.પી.એલ. કાર્ડ મેળવવા માટેની કેટલી અરજીઓ પડતર છે, અને | (૧) નવસારી જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ બી.પી.એલ. રેશન કાર્ડ મેળવવા માટેની કોઇ અરજી પડતર નથી. |
| (૨) આ કાર્ડ ક્યારે આપવામાં આવશે ? | (૨) કોઇ અરજી પડતર ન હોઇ રેશન કાર્ડ આપવાનો પશ્ન નથી. |

-------------

**સુરત જિલ્લામાં બોગસ રેશન કાર્ડ પકડવા અંગે**

૧૫૫૦૩ **શ્રીમતી ભાવનાબેન હે. ચપટવાલા (સુરત શહેર (પશ્ચિમ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત શહેર અને જિલ્લામાં તા.૩૧-૧૨-૦૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બોગસ રેશનીંગ કાર્ડ પકડી પાડવા ક્યા પ્રકારની કાર્યવાહી કરવામાં આવી, | (૧) સુરત શહેર અને જીલ્લામાં સરકારશ્રીની પ્રવર્તમાન સુચના અનુસાર મામલતદાર કચેરી /ઝોનલ કચેરીએ બોક્ષ રાખવામાં આવેલ હતાં જેમાં સ્વેચ્છિક રીતે બોગસ કાર્ડ જમા કરાવવા જાહેરાત કરવામાં આવી હતી.<br>આ ઉપરાંત ઝોનલ ઓફિસરશ્રી/તાલુકાના નાયબ મામલતદારશ્રીઓની મીટીંગ બોલાવી આવા બોગસ રેશનકાર્ડ પકડવા ઝૂંબેશ હાથ ધરવા સુચના |

| | |
|---|---|
| | આપવામાં આવી હતી. |
| (૨) કેટલા બોગસ કાર્ડ પકડાયા, | (૨) ૩૧૨૪૩. |
| (૩) તે પૈકી કેટલા દુકાનદારો પાસેથી પણ આવા બેનામી કાર્ડ મળી આવ્યા છે, | (૩) ૧૧ દુકાનદારો પાસેથી પણ બેનામી કાર્ડ મળી આવ્યા છે. |
| (૪) તેની સાથે અધિકારી-કર્મચારીઓ સંકળાયેલા હતા કે કેમ, અને | (૪) એક ઝોનલ અધિકારી સંકળાયેલા હતા. |
| (૫) તે અંગે શા શિક્ષાત્મક પગલાં લેવામા આવ્યા? | (૫) ઉક્ત વિગત અન્વયે જે તે સમયના સબંધિત ઝોનલ ઓફિસરશ્રી સામે ખાતાકીય તપાસની કાર્યવાહી હાલ ચાલુ છે.<br>આ બાબતે દશ પરવાનેદાર તથા તેની સાથે સંકળાયેલ કેરોસીન ફેરીયાએ આચરેલ ગેરરીતિઓ બદલ તમામ ૧૧ પરવાનેદારોને પરવાનો દિન-૯૦ માટે તાત્કાલિક અસરથી મોકુફ કરવામાં આવેલ છે અને પરવાનેદારો વિરુધ્ધ પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવી છે.<br>કામરેજ તાલુકાના ખોલવડ ગામે જે પરવાનેદાર પાસેથી બોગસકાર્ડ મળી આવ્યા છે તેઓનો પરવાનો ૯૦ દિવસ માટે મોકુફ રાખેલ અને ત્યાર બાદ જિલ્લા પુરવઠા અધિકારીશ્રી સુરતના તા. ૩-૯-૨૦૦૪ના હુકમથી પરવાનો રદ કરવામાં આવેલ છે. |

-------------

**બનાસકાંઠા જિલ્લામાં પોલીસ આવાસોના કામો**

૧૪૧૩૭ **શ્રી નારાયણભાઈ લ. પટેલ (ઉંઝા) : માનનીય પોલીસ આવાસો મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) છેલ્લા ત્રણ નાણાકીય વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં કુલ કેટલી રકમના પોલીસ ખાતાના રહેણાંક / બિન રહેણાંક્ના કામો હાથ ઉપર લેવામાં આવેલ છે, અને | (૧) રૂા. ૧૭૪૯.૬૭ લાખ. |
| (૨) આ કામો પૈકી તા. ૩૧-૧-૦૬ સુધીમાં કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે ? | (૨) રૂા. ૧૭૪૯.૬૭ લાખ. |

-------------

**સુરેન્દ્રનગર જિલ્લામાં પ્રાથમિક શાળાઓના ઓરડા**

૧૪૨૯૭ **શ્રી મનહરલાલ મ. મકવાણા (દસાડા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરેન્દ્રનગર જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૫ સુધીમાં છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર એલ.એન્ડ ટી. દ્વારા કુલ કેટલા પ્રાથમિક શળાના ઓરડાઓ બનાવવામાં આવ્યા, અને | (૧) એકપણ નહીં. |
| (૨) હાલ એલ. એન્ડ ટી. ના ઓરડાની | (૨) આ ઓરડાઓના નિભાવ અને જાળવણી |

| | |
|---|---|
| જવાબદારી કોની પાસે છે ? | જિલ્લા શિક્ષણ સમિતિની હોય છે. |

-------------

**રાજ્યની ઈજનેરી કૉલેજોમાં પછાત વર્ગો માટે અનામત બેઠકો**

૧૫૫૨૫ **ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે ઃ

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યની એન્જિનીયરીંગ કોલેજોમાં પછાતવર્ગો (એસ.ટી., એસ.સી.ઓ.બી.સી.) માટે કુલ કેટલી સીટો કેટેગરી પ્રમાણે અનામત રખાયેલ છે, | (૧) વર્ષ ૨૦૦૫માં રાજ્યની એન્જિનીયરીંગ કોલેજોમાં અનુસૂચિત જનજાતિ માટે ૧૫૬૭ બેઠકો, અનુસૂચિત જાતિ માટે ૭૩૪ અને સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગ માટે ૨૮૩૩ બેઠકો અનામત રખાયેલ. |
| (૨) વર્ષ-૨૦૦૫માં છેલ્લા એડમીશન વખતે કેટલી જગ્યાઓ ભર્યા વગરની રહી ગઈ કે જે ઓપન કેટેગરીમાં તબદીલ કરવી પડી, અને | (૨) વર્ષ ૨૦૦૫માં પ્રવેશ કાર્યવાહી પૂર્ણ થયા બાદ ૧૭૫૩ બેઠકો ઓપન કેટેગરીમાં તબદીલ કરવી પડી. |
| (૩) તેના કારણો શા છે ? | (૩) મુખ્યત્વે અનુસૂચિત જનજાતિના ઉમેદવારોને ફાળવેલ બેઠકો કરતાં ઓછી પ્રવેશ અરજીઓ મળવાના કારણે. |

-------------

**ભરૂચ જિલ્લામાં પેટ્રોલપંપોમાં ભેળસેળના કિસ્સા**

૧૫૫૧૫ **શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ (અંકલેશ્વર) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૦૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભરૂચ જિલ્લામાં પેટ્રોલ પંપો અને ડિઝલ પંપોમાં ભેળસેળના કેટલા કિસ્સા સરકારના ધ્યાનમાં આવ્યા, અને | (૧) કોઇ કિસ્સા ધ્યાને આવેલ નથી. |
| (૨) તેના માટે સંચાલકો ઉપર સરકાર દ્વારા શું કાર્યવાહી કરવામાં આવી ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------

**બી. પી. એલ. કાર્ડ આપવાનું બંધ કરવા અંગે**

૧૪૯૩૨ **શ્રી સાબીરભાઈ અ. ખેડાવાલા (જમાલપુર) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સરકાર દ્વારા ગરીબી રેખા નીચે જીવતા લોકો માટે આપવામાં આવતા બી.પી.એલ. કાર્ડ આપવાનું સરકારે બંધ કર્યુ છે, તે હકીકત સાચી છે, | (૧) ના, જી. |
| (૨) આ કાર્ડ આપવાનું સરકારે ક્યારથી બંધ કર્યુ છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) આ કાર્ડ આપવાનું બંધ કરવાના કારણો શા છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------

## બનાસકાંઠા જિલ્લામાં તોલમાપ ખાતા દ્વારા દરોડા

૧૫૫૦૯ **શ્રી ગોવાભાઈ હ. રબારી (ડીસા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે-

**પ્રશ્ન**

(૧) સન ૨૦૦૫-૦૬ ના વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ માસવાર તોલમાપ ખાતા દ્વારા કેટલા દરોડા પાડવામાં આવ્યા, અને

(૨) તોલમાપ ગેરરીતિ અંગે માસવાર કેટલા ઈસમો સામે ફરીયાદો દાખલ કરવામાં આવી ?

**જવાબ**

(૧) કુલ-૨૯ દરોડા પાડવામાં આવ્યા. આ સાથેના પત્રક-૧ (૧) મુજબ.

(૨) આ સાથેના પત્રક-૧ (૨) મુજબ કુલ-૩૩૧, ઇસમો સામે ફરીયાદો દાખલ કરવામાં આવી.

### પત્રક-૧ (૧)

| અ.નં. | તાલુકાનું નામ | એપ્રિલ. ૦૫ | મે. ૦૫ | જુન. ૦૫ | જુલાઇ. ૦૫ | ઓગ. ૦૫ | સપ્ટે. ૦૫ | ઓક્ટો. ૦૫ | નવે. ૦૫ | ડીસે. ૦૫ | જાન્યુ. ૦૬ | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | પાલનપુર | ૦ | ૦ | ૦ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૨ |
| | વડગામ | ૨ | ૦ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૨ | ૦ | ૬ |
| | દાંતા | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૬ | ૦ | ૦ | ૦ | ૦ | ૭ |
| | અમીરગઢ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| | ડીસા | ૦ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૨ | ૨ | ૦ | ૦ | ૬ |
| | ધાનેરા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૧ | ૨ |
| | થરાદ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| | દાંતીવાડા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| | ભાભર | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ |
| | દીયોદર | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૧ | ૩ |
| | વાવ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| | કાંકરેજ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| | રાધનપુર | ૦ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૨ |
| | સાંતલપુર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| | કુલ : | ૩ | ૩ | ૩ | ૨ | ૨ | ૬ | ૨ | ૪ | ૨ | ૨ | ૨૯ |

### પત્રક-૧ (૨)

| અ.નં. | તાલુકાનું નામ | એપ્રિલ. ૦૫ | મે. ૦૫ | જુન. ૦૫ | જુલાઇ. ૦૫ | ઓગ. ૦૫ | સપ્ટે. ૦૫ | ઓક્ટો. ૦૫ | નવે. ૦૫ | ડીસે. ૦૫ | જાન્યુ. ૦૬ | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | પાલનપુર | ૦ | ૦ | ૦ | ૨૨ | ૨૨ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૪૪ |
| | વડગામ | ૬ | ૦ | ૬ | ૮ | ૦ | ૦ | ૦ | ૦ | ૫ | ૦ | ૨૫ |
| | દાંતા | ૦ | ૦ | ૦ | ૦ | ૨ | ૯૯ | ૦ | ૦ | ૦ | ૦ | ૧૦૧ |
| | અમીરગઢ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| | ડીસા | ૦ | ૧૬ | ૧૧ | ૦ | ૦ | ૦ | ૨૭ | ૨૦ | ૦ | ૦ | ૭૪ |
| | ધાનેરા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦૭ | ૦ | ૧૫ | ૨૨ |
| | થરાદ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| | દાંતીવાડા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| | ભાભર | ૦ | ૧૪ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧૪ |
| | દીયોદર | ૨૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૨ | ૦ | ૧૬ | ૩૯ |
| | વાવ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| | કાંકરેજ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| | રાધનપુર | ૦ | ૨ | ૧૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧૨ |

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| સાંતલપુર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| કુલ : | ૨૭ | ૩૨ | ૨૭ | ૩૦ | ૨૪ | ૯૯ | ૨૭ | ૨૯ | ૫ | ૩૧ | ૩૩૧ |

-------------

## રાજ્યમાં પ્રાથમિક શાળાઓમાં ઓરડાઓ અને શિક્ષકોની ઘટ

૧૩૮૬૧ **શ્રી પુંજાભાઈ ભી. વંશ (ઉના) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં તારીખ ૩૧-૧-૦૬ ની સ્થિતિએ જિલ્લાવાર પ્રાથમિક શાળામાં કુલ કેટલા ઓરડાઓની અને કેટલા શિક્ષકોની ઘટ છે, અને

**જવાબ**

(૧) પત્રક-૧ મુજબ.

**પત્રક-૧**

રાજ્યમાં જિલ્લાવાર ખુટતા ઓરડાની ઘટ અને શિક્ષકોની ઘટની વિગત

| ક્રમ | જિલ્લો | ઓરડાઓની ઘટ | શિક્ષકોની ઘટ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | અમદાવાદ | ૮૯૭ | ૧૦૯ |
| ૨ | અમરેલી | ૭૦૦ | ૪૩ |
| ૩ | આણંદ | ૫૭૦ | ૧૧૨ |
| ૪ | બનાસકાંઠા | ૧૮૦૫ | ૬૭૪ |
| ૫ | ભરૂચ | ૫૫૩ | ૭૩ |
| ૬ | ભાવનગર | ૧૩૮૦ | ૧૦૯ |
| ૭ | દાહોદ | ૧૨૮૯ | ૧૨૫૫ |
| ૮ | ડાંગ | ૯૧ | ૫૬ |
| ૯ | ગાંધીનગર | ૨૯૩ | ૮૭ |
| ૧૦ | જામનગર | ૧૧૧૫ | ૧૨૩ |
| ૧૧ | જુનાગઢ | ૧૫૬૫ | ૨૧૯ |
| ૧૨ | ખેડા | ૭૫૦ | ૨૬ |
| ૧૩ | કચ્છ | ૬૧૨ | ૩૬૬ |
| ૧૪ | મહેસાણા | ૩૭૮ | ૭૨ |
| ૧૫ | નર્મદા | ૧૭૨ | ૧૪૧ |
| ૧૬ | નવસારી | ૨૦૯ | ૮૦ |
| ૧૭ | પંચમહાલ | ૧૩૧૮ | ૨૦૨ |
| ૧૮ | પાટણ | ૪૯૨ | ૧૧૧ |
| ૧૯ | પોરબંદર | ૨૭૬ | ૦ |
| ૨૦ | રાજકોટ | ૧૦૫૧ | ૧૪૭ |
| ૨૧ | સાબરકાંઠા | ૧૧૬૦ | ૪૧૩ |
| ૨૨ | સુરત | ૪૩૫ | ૧૪૩ |
| ૨૩ | સુરેન્દ્રનગર | ૧૧૭૩ | ૧૮૩ |
| ૨૪ | વડોદરા | ૧૦૧૨ | ૩૭૫ |
| ૨૫ | વલસાડ | ૪૪૭ | ૧૬૦ |

| | | | |
|---|---|---|---|
| | કુલ : | ૧૯૭૪૩ | ૫૨૭૯ |

(૨) આ ઘટ ભરપાઇ કરવા સરકારે શું આયોજન કરેલ છે ?

(૨) ૬૦૬૫ નવા ઓરડાઓ બનાવવાનું આયોજન કરવામાં આવેલ છે. શિક્ષકોની ઘટ નવી જગ્યાઓ મંજૂર થયેથી જેમ બને તેમ જલ્દી પૂર્ણ કરવામાં આવશે.

-------------

**અમરેલી અને ભાવનગર જિલ્લામાં કેરોસીનની ફાળવણી**

**૧૫૫૧૯ શ્રી હીરાભાઈ ઓ. સોલંકી (રાજુલા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે-

**પ્રશ્ન**

(૧) અમરેલી અને ભાવનગર જિલ્લામાં તાલુકાવાર રેશનકાર્ડ ધારકોને દર માસે કેટલું કેરોસીન ફાળવવામાં આવે છે,

(૨) તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં માસવાર જરૂરિયાત સામે કાર્ડ ધારકોને કેટલું કેરોસીન આપવામાં આવ્યું, અને

(૩) નિયત કરેલ માપ કરતા ઓછું કેરોસીન ફાળવવાના કારણો શા છે ?

**જવાબ**

(૧) અને (૨) અમરેલી અને ભાવનગર જીલ્લામાં જરૂરીયાત સામે તાલુકાવાર અને માસવાર કાર્ડધારકોને ફાળવેલ તેમજ વિતરણ કરેલ કેરોસીનની વિગતો આ સાથેના અનુક્રમે પત્રક (અ) અને પત્રક (બ) મુજબ છે.

(૩) કેન્દ્ર સરકારશ્રી તરફથી રાજ્યને મળતી કેરોસીનની ફાળવણી જરૂરીયાત સામે અપૂરતી છે.

**પત્રક-અ**

**અમરેલી જિલ્લામાં સને-૨૦૦૫માં તાલુકાવાર/માસવાર જરૂરીયાત સામે ફાળવેલ તેમજ તે સામે વિતરણ કરેલ કેરોસીનની વિગતો દર્શાવતું પત્રક**

**(આંકડા કિ.લી.માં)**

| અ. નં. | તાલુકો | જાન્યુઆરી ૨૦૦૫ | | | ફેબ્રુઆરી ૨૦૦૫ | | | માર્ચ ૨૦૦૫ | | | એપ્રિલ ૨૦૦૫ | | | મે ૨૦૦૫ | | | જુન ૨૦૦૫ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | જરૂરીયાત | ફાળવણી | વિતરણ | જરૂરીયાત | ફાળવણી | વિતરણ | જરૂરીયાત | ફાળવણી | વિતરણ | જરૂરીયાત | ફાળવણી | વિતરણ | જરૂરીયાત | ફાળવણી | વિતરણ | જરૂરીયાત | ફાળવણી | વિતરણ |
| ૧ | અમરેલી | ૪૧૩ | ૩૫૧ | ૩૫૦ | ૪૧૩ | ૩૫૨ | ૩૫૩ | ૪૧૩ | ૩૫૫ | ૩૫૬ | ૪૧૫ | ૩૫૬ | ૩૫૫ | ૪૧૫ | ૩૫૧ | ૩૫૧ | ૪૧૫ | ૩૫૫ | ૩૫૪ |
| ૨ | ધારી | ૩૫૮ | ૩૧૦ | ૩૦૯ | ૩૫૮ | ૩૦૫ | ૩૦૬ | ૩૫૮ | ૩૦૩ | ૩૦૪ | ૩૫૮ | ૩૦૭ | ૩૦૬ | ૩૫૮ | ૩૦૦ | ૩૦૦ | ૩૫૭ | ૩૧૧ | ૩૧૦ |
| ૩ | ખાંભા | ૧૮૫ | ૧૫૭ | ૧૫૬ | ૧૮૫ | ૧૫૭ | ૧૫૮ | ૧૮૫ | ૧૫૬ | ૧૫૬ | ૧૮૫ | ૧૫૮ | ૧૫૭ | ૧૮૫ | ૧૫૬ | ૧૫૬ | ૧૮૫ | ૧૫૬ | ૧૫૫ |
| ૪ | રાજુલા | ૩૨૮ | ૨૮૦ | ૨૮૦ | ૩૨૮ | ૨૭૫ | ૨૭૫ | ૩૨૮ | ૨૭૫ | ૨૭૫ | ૩૨૮ | ૨૭૮ | ૨૭૯ | ૩૩૦ | ૨૮૨ | ૨૮૨ | ૩૩૦ | ૨૮૦ | ૨૮૦ |
| ૫ | જાફરાબાદ | ૧૮૦ | ૧૫૪ | ૧૫૪ | ૧૮૦ | ૧૫૪ | ૧૫૪ | ૧૮૦ | ૧૫૮ | ૧૫૮ | ૧૮૦ | ૧૫૪ | ૧૫૩ | ૧૮૦ | ૧૫૫ | ૧૫૫ | ૧૮૦ | ૧૫૭ | ૧૫૭ |
| ૬ | સાવરકુંડલા | ૪૭૯ | ૪૦૭ | ૪૦૭ | ૪૭૯ | ૪૧૦ | ૪૧૦ | ૪૭૯ | ૪૦૮ | ૪૦૮ | ૪૮૦ | ૪૧૧ | ૪૧૧ | ૪૮૦ | ૪૦૫ | ૪૦૫ | ૪૮૦ | ૪૧૧ | ૪૧૧ |
| ૭ | વડીયા | ૨૫૪ | ૨૧૬ | ૨૧૬ | ૨૫૪ | ૨૧૮ | ૨૧૮ | ૨૫૪ | ૨૧૬ | ૨૧૬ | ૨૫૪ | ૨૧૮ | ૨૧૭ | ૨૫૪ | ૨૧૭ | ૨૧૭ | ૨૫૪ | ૨૧૭ | ૨૧૭ |
| ૮ | બાબરા | ૨૭૦ | ૨૨૮ | ૨૨૭ | ૨૭૦ | ૨૩૧ | ૨૩૨ | ૨૭૦ | ૨૨૯ | ૨૨૯ | ૨૭૨ | ૨૩૬ | ૨૩૫ | ૨૭૪ | ૨૩૩ | ૨૩૩ | ૨૭૨ | ૨૩૨ | ૨૩૧ |
| ૯ | લાઠી | ૨૭૬ | ૨૩૪ | ૨૩૩ | ૨૭૪ | ૨૩૪ | ૨૩૫ | ૨૭૪ | ૨૩૨ | ૨૩૨ | ૨૭૪ | ૨૩૮ | ૨૩૭ | ૨૭૪ | ૨૩૧ | ૨૩૧ | ૨૭૪ | ૨૨૭ | ૨૨૬ |
| ૧૦ | લીલીયા | ૧૫૮ | ૧૩૪ | ૧૩૪ | ૧૫૮ | ૧૩૫ | ૧૩૫ | ૧૫૮ | ૧૩૭ | ૧૩૭ | ૧૫૬ | ૧૩૪ | ૧૩૩ | ૧૫૬ | ૧૩૦ | ૧૩૦ | ૧૫૬ | ૧૩૧ | ૧૩૧ |
| ૧૧ | બગસરા | ૧૭૫ | ૧૪૭ | ૧૪૭ | ૧૭૭ | ૧૫૫ | ૧૫૫ | ૧૭૮ | ૧૫૧ | ૧૫૧ | ૧૮૦ | ૧૫૪ | ૧૫૪ | ૧૮૦ | ૧૫૪ | ૧૫૪ | ૧૮૦ | ૧૫૫ | ૧૫૫ |
| | કુલ : | ૩૦૭૭ | ૨૬૧૮ | ૨૬૧૩ | ૩૦૭૬ | ૨૬૨૬ | ૨૬૨૯ | ૩૦૭૬ | ૨૬૨૦ | ૨૬૨૫ | ૩૦૮૧ | ૨૬૪૪ | ૨૬૩૭ | ૩૦૮૭ | ૨૬૧૪ | ૨૬૧૧ | ૩૦૮૩ | ૨૬૩૨ | ૨૬૨૭ |

| અ. નં. | તાલુકો | જુલાઇ ૨૦૦૫ | | | ઓગષ્ટ ૨૦૦૫ | | | સપ્ટેમ્બર ૨૦૦૫ | | | ઓક્ટોબર ૨૦૦૫ | | | નવેમ્બર ૨૦૦૫ | | | ડીસે. ૨૦૦૫ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | જરૂરીયાત | ફાળવણી | વિતરણ | જરૂરીયાત | ફાળવણી | વિતરણ | જરૂરીયાત | ફાળવણી | વિતરણ | જરૂરીયાત | ફાળવણી | વિતરણ | જરૂરીયાત | ફાળવણી | વિતરણ | જરૂરીયાત | ફાળવણી | વિતરણ |
| ૧ | અમરેલી | ૪૧૫ | ૩૬૧ | ૩૬૧ | ૪૧૬ | ૩૫૨ | ૩૫૨ | ૪૧૬ | ૩૪૭ | ૩૪૯ | ૪૧૪ | ૩૫૨ | ૩૫૨ | ૪૧૫ | ૩૭૧ | ૩૭૦ | ૪૧૫ | ૩૫૨ | ૩૫૧ |
| ૨ | ધારી | ૩૫૭ | ૩૦૫ | ૩૦૫ | ૩૫૭ | ૩૦૦ | ૩૦૦ | ૩૫૭ | ૨૯૯ | ૩૦૦ | ૩૫૮ | ૩૧૧ | ૩૧૧ | ૩૫૮ | ૩૧૧ | ૩૧૧ | ૩૫૮ | ૩૦૪ | ૩૦૩ |
| ૩ | ખાંભા | ૧૮૬ | ૧૬૧ | ૧૬૧ | ૧૮૬ | ૧૬૦ | ૧૬૦ | ૧૮૬ | ૧૫૬ | ૧૫૬ | ૧૮૬ | ૧૮૫ | ૧૫૬ | ૧૮૬ | ૧૫૫ | ૧૫૫ | ૧૮૬ | ૧૫૯ | ૧૫૯ |
| ૪ | રાજુલા | ૩૩૩ | ૨૭૯ | ૨૭૯ | ૩૩૩ | ૨૮૦ | ૨૮૦ | ૩૩૩ | ૨૭૭ | ૨૭૯ | ૩૩૫ | ૨૮૬ | ૨૮૬ | ૨૩૬ | ૨૮૫ | ૨૮૫ | ૩૩૬ | ૨૮૩ | ૨૮૨ |
| ૫ | જાફરાબાદ | ૧૮૧ | ૧૫૪ | ૧૫૪ | ૧૮૧ | ૧૫૪ | ૧૫૪ | ૧૮૧ | ૧૫૨ | ૧૫૨ | ૧૮૪ | ૧૫૮ | ૧૫૮ | ૧૮૪ | ૧૫૯ | ૧૫૯ | ૧૮૪ | ૧૬૦ | ૧૬૦ |
| ૬ | સાવરકુંડલા | ૪૮૨ | ૪૧૧ | ૪૧૨ | ૪૮૨ | ૪૧૦ | ૪૧૦ | ૪૮૨ | ૩૯૮ | ૪૦૩ | ૪૮૭ | ૪૨૯ | ૪૨૯ | ૪૮૭ | ૪૨૦ | ૪૨૦ | ૪૮૭ | ૪૧૬ | ૪૧૬ |
| ૭ | વડીયા | ૨૫૮ | ૨૧૮ | ૨૧૮ | ૨૬૧ | ૨૨૨ | ૨૨૨ | ૨૬૧ | ૨૧૫ | ૨૧૫ | ૨૫૮ | ૨૧૮ | ૨૧૮ | ૨૫૮ | ૨૧૭ | ૨૧૭ | ૨૫૮ | ૨૨૪ | ૨૨૩ |
| ૮ | બાબરા | ૨૭૫ | ૨૩૧ | ૨૩૧ | ૨૭૫ | ૨૩૦ | ૨૩૦ | ૨૭૫ | ૨૩૦ | ૨૩૧ | ૨૭૫ | ૨૩૧ | ૨૩૧ | ૨૭૫ | ૨૩૨ | ૨૩૧ | ૨૭૫ | ૨૨૮ | ૨૩૦ |
| ૯ | લાઠી | ૨૭૪ | ૨૩૪ | ૨૩૪ | ૨૭૪ | ૨૩૨ | ૨૩૨ | ૨૭૪ | ૨૨૯ | ૨૨૯ | ૨૭૪ | ૨૩૬ | ૨૩૬ | ૨૭૪ | ૨૩૪ | ૨૩૩ | ૨૭૪ | ૨૨૮ | ૨૨૭ |
| ૧૦ | લીલીયા | ૧૫૭ | ૧૩૫ | ૧૩૫ | ૧૫૭ | ૧૩૫ | ૧૩૫ | ૧૫૭ | ૧૩૭ | ૧૩૭ | ૧૫૬ | ૧૩૫ | ૧૩૫ | ૧૫૬ | ૧૩૫ | ૧૩૫ | ૧૫૬ | ૧૩૨ | ૧૩૨ |
| ૧૧ | બગસરા | ૧૮૭ | ૧૬૫ | ૧૬૭ | ૧૮૭ | ૧૫૯ | ૧૫૯ | ૧૮૭ | ૧૫૬ | ૧૫૬ | ૧૯૦ | ૧૭૦ | ૧૭૦ | ૧૯૨ | ૧૬૮ | ૧૬૭ | ૧૯૨ | ૧૬૩ | ૧૬૩ |

| | | | | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| કુલ : | ૩૧૦૮ | ૨૬૫૪ | ૨૬૫૬ | ૩૧૧૦ | ૨૬૩૪ | ૨૬૩૬ | ૩૧૧૦ | ૨૫૯૬ | ૨૬૦૩ | ૩૧૧૬ | ૨૬૮૨ | ૨૬૮૨ | ૩૧૨૦ | ૨૬૮૭ | ૨૬૮૩ | ૩૧૨૦ | ૨૬૪૯ | ૨૬૪૭ |

## પત્રક-બ
## ભાવનગર જિલ્લામાં સને-૨૦૦૫માં તાલુકાવાર/માસવાર જરૂરીયાત સામે ફાળવેલ તેમજ તે સામે વિતરણ કરેલ કેરોસીનની વિગતો દર્શાવતું પત્રક (આંકડા કિ.લી.માં)

| અ. નં. | તાલુકો | જાન્યુઆરી ૨૦૦૫ | | | ફેબ્રુઆરી ૨૦૦૫ | | | માર્ચ ૨૦૦૫ | | | એપ્રિલ ૨૦૦૫ | | | મે ૨૦૦૫ | | | જુન ૨૦૦૫ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | જરૂરીયાત | ફાળવણી | વિતરણ | જરૂરીયાત | ફાળવણી | વિતરણ | જરૂરીયાત | ફાળવણી | વિતરણ | જરૂરીયાત | ફાળવણી | વિતરણ | જરૂરીયાત | ફાળવણી | વિતરણ | જરૂરીયાત | ફાળવણી | વિતરણ |
| ૧ | ભાવ. સીટી | ૭૭૨ | ૬૬૪ | ૬૬૪ | ૭૭૮ | ૬૬૫ | ૬૬૫ | ૭૮૧ | ૬૬૬ | ૬૬૬ | ૭૬૨ | ૬૫૫ | ૬૫૫ | ૭૭૬ | ૬૫૮ | ૬૫૮ | ૭૮૨ | ૬૬૧ | ૬૬૧ |
| ૨ | ભાવ. તાલુકો | ૩૧૨ | ૨૬૮ | ૨૬૮ | ૩૧૬ | ૨૭૦ | ૨૭૦ | ૩૧૬ | ૨૭૦ | ૨૭૦ | ૩૧૧ | ૨૬૮ | ૨૬૮ | ૩૧૧ | ૨૬૪ | ૨૬૪ | ૩૧૧ | ૨૬૯ | ૨૬૯ |
| ૩ | બોટાદ | ૪૩૬ | ૩૭૪ | ૩૭૪ | ૪૩૬ | ૩૭૩ | ૩૭૩ | ૪૪૩ | ૩૭૩ | ૩૭૩ | ૪૪૩ | ૩૮૨ | ૩૮૨ | ૪૪૮ | ૩૮૦ | ૩૮૦ | ૪૫૧ | ૩૮૬ | ૩૮૬ |
| ૪ | ગઢડા | ૩૩૮ | ૨૯૦ | ૨૯૦ | ૩૩૭ | ૨૮૮ | ૨૮૮ | ૩૩૮ | ૨૮૮ | ૨૮૮ | ૩૩૮ | ૨૯૧ | ૨૯૧ | ૩૩૮ | ૨૮૭ | ૨૮૭ | ૩૩૮ | ૨૯૫ | ૨૯૫ |
| ૫ | ગારીયાધાર | ૨૪૪ | ૨૧૦ | ૨૧૦ | ૨૪૪ | ૨૦૯ | ૨૦૯ | ૨૪૪ | ૨૦૯ | ૨૦૯ | ૨૪૭ | ૨૧૩ | ૨૧૩ | ૨૪૫ | ૨૦૮ | ૨૦૮ | ૨૪૫ | ૨૦૯ | ૨૦૯ |
| ૬ | ઘોઘા | ૧૭૮ | ૧૫૨ | ૧૫૨ | ૧૭૭ | ૧૫૧ | ૧૫૧ | ૧૭૭ | ૧૫૧ | ૧૫૧ | ૧૭૭ | ૧૫૨ | ૧૫૨ | ૧૭૮ | ૧૫૧ | ૧૫૧ | ૧૭૮ | ૧૫૧ | ૧૫૧ |
| ૭ | મહુવા | ૭૫૦ | ૬૪૪ | ૬૪૪ | ૭૫૩ | ૬૪૫ | ૬૪૫ | ૭૫૩ | ૬૪૫ | ૬૪૫ | ૭૫૩ | ૬૪૯ | ૬૪૯ | ૭૭૦ | ૬૫૩ | ૬૫૩ | ૭૭૨ | ૬૭૬ | ૬૭૬ |
| ૮ | પાલીતાણા | ૩૭૨ | ૩૧૯ | ૩૧૯ | ૩૭૨ | ૩૧૮ | ૩૧૮ | ૩૭૨ | ૩૧૮ | ૩૧૮ | ૩૭૦ | ૩૧૯ | ૩૧૯ | ૩૭૬ | ૩૧૯ | ૩૧૯ | ૩૭૬ | ૩૨૧ | ૩૨૧ |
| ૯ | શિહોર | ૩૭૭ | ૩૨૪ | ૩૨૪ | ૩૮૨ | ૩૨૭ | ૩૨૭ | ૩૮૨ | ૩૨૬ | ૩૨૬ | ૩૮૨ | ૩૨૯ | ૩૨૯ | ૩૭૫ | ૩૧૮ | ૩૧૮ | ૩૭૫ | ૩૧૬ | ૩૧૬ |
| ૧૦ | તળાજા | ૫૨૩ | ૪૫૦ | ૪૫૦ | ૫૨૩ | ૪૪૭ | ૪૪૭ | ૫૨૩ | ૪૪૭ | ૪૪૭ | ૫૨૭ | ૪૫૪ | ૪૫૪ | ૫૨૮ | ૪૪૮ | ૪૪૮ | ૫૨૯ | ૪૫૪ | ૪૫૪ |
| ૧૧ | ઉમરાળા | ૧૬૭ | ૧૪૪ | ૧૪૪ | ૧૬૭ | ૧૪૩ | ૧૪૩ | ૧૬૭ | ૧૪૩ | ૧૪૩ | ૧૬૭ | ૧૧૫ | ૧૧૫ | ૧૮૨ | ૧૫૪ | ૧૫૪ | ૧૭૧ | ૧૪૩ | ૧૪૩ |
| ૧૨ | વલ્લભીપુર | ૧૭૦ | ૧૪૬ | ૧૪૬ | ૧૭૬ | ૧૫૦ | ૧૫૦ | ૧૭૫ | ૧૫૦ | ૧૫૦ | ૧૭૧ | ૧૪૮ | ૧૪૮ | ૧૭૭ | ૧૫૦ | ૧૫૦ | ૧૭૭ | ૧૪૮ | ૧૪૮ |
| | કુલ : | ૪૬૩૯ | ૩૯૮૫ | ૩૯૮૫ | ૩૯૮૫ | ૩૯૮૬ | ૩૯૮૬ | ૩૯૮૬ | ૩૯૮૬ | ૩૯૮૬ | ૩૯૮૬ | ૪૦૦૫ | ૪૦૦૫ | ૪૦૦૫ | ૩૯૯૦ | ૩૯૯૦ | ૩૯૯૦ | ૪૦૨૯ | ૪૦૨૯ |

| અ. નં. | તાલુકો | જુલાઇ ૨૦૦૫ | | | ઓગષ્ટ ૨૦૦૫ | | | સપ્ટેમ્બર ૨૦૦૫ | | | ઓક્ટોબર ૨૦૦૫ | | | નવેમ્બર ૨૦૦૫ | | | ડીસે. ૨૦૦૫ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | જરૂરીયાત | ફાળવણી | વિતરણ | જરૂરીયાત | ફાળવણી | વિતરણ | જરૂરીયાત | ફાળવણી | વિતરણ | જરૂરીયાત | ફાળવણી | વિતરણ | જરૂરીયાત | ફાળવણી | વિતરણ | જરૂરીયાત | ફાળવણી | વિતરણ |
| ૧ | ભાવ. સીટી | ૭૮૬ | ૬૬૭ | ૬૬૭ | ૭૯૦ | ૬૬૨ | ૬૬૨ | ૭૯૩ | ૬૫૭ | ૬૫૭ | ૭૯૮ | ૬૬૨ | ૬૬૨ | ૭૯૮ | ૬૬૨ | ૬૬૨ | ૮૦૫ | ૬૫૯ | ૬૫૯ |
| ૨ | ભાવ. તાલુકો | ૩૧૦ | ૨૭૦ | ૨૭૦ | ૩૧૦ | ૨૬૫ | ૨૬૫ | ૩૧૨ | ૨૬૫ | ૨૬૫ | ૩૧૪ | ૨૬૭ | ૨૬૭ | ૩૧૪ | ૨૬૬ | ૨૬૬ | ૩૧૪ | ૨૬૨ | ૨૬૨ |
| ૩ | બોટાદ | ૪૫૩ | ૩૮૯ | ૩૮૯ | ૪૫૩ | ૩૮૫ | ૩૮૫ | ૪૫૩ | ૩૮૦ | ૩૮૦ | ૪૪૭ | ૩૭૬ | ૩૭૬ | ૪૫૫ | ૩૮૩ | ૩૮૩ | ૪૬૭ | ૩૮૭ | ૩૮૭ |
| ૪ | ગઢડા | ૩૪૨ | ૨૯૯ | ૨૯૯ | ૩૪૧ | ૨૯૫ | ૨૯૫ | ૩૪૪ | ૨૯૩ | ૨૯૩ | ૩૪૪ | ૨૯૫ | ૨૯૫ | ૩૪૧ | ૨૯૨ | ૨૯૨ | ૩૪૧ | ૨૮૭ | ૨૮૭ |
| ૫ | ગારીયાધાર | ૨૪૫ | ૨૧૦ | ૨૧૦ | ૨૪૫ | ૨૦૭ | ૨૦૭ | ૨૪૫ | ૨૦૪ | ૨૦૪ | ૨૪૭ | ૨૦૮ | ૨૦૮ | ૨૪૭ | ૨૦૮ | ૨૦૮ | ૨૪૮ | ૨૦૫ | ૨૦૫ |
| ૬ | ઘોઘા | ૧૭૮ | ૧૫૧ | ૧૫૧ | ૧૮૦ | ૧૫૨ | ૧૫૨ | ૧૮૦ | ૧૫૦ | ૧૫૦ | ૧૮૧ | ૧૫૧ | ૧૫૧ | ૧૮૧ | ૧૫૧ | ૧૫૧ | ૧૮૩ | ૧૫૦ | ૧૫૦ |
| ૭ | મહુવા | ૭૭૨ | ૬૭૮ | ૬૭૮ | ૭૮૯ | ૬૭૬ | ૬૭૬ | ૭૭૯ | ૬૬૬ | ૬૬૬ | ૭૮૨ | ૬૭૧ | ૬૭૧ | ૭૮૨ | ૬૭૦ | ૬૭૦ | ૭૯૦ | ૬૬૫ | ૬૬૫ |
| ૮ | પાલીતાણા | ૩૭૯ | ૩૨૫ | ૩૨૫ | ૩૭૯ | ૩૨૨ | ૩૨૨ | ૩૭૯ | ૩૧૭ | ૩૧૭ | ૩૮૫ | ૩૨૪ | ૩૨૪ | ૩૮૬ | ૩૨૪ | ૩૨૪ | ૩૮૭ | ૩૨૦ | ૩૨૦ |
| ૯ | શિહોર | ૩૭૪ | ૩૧૭ | ૩૧૭ | ૩૭૯ | ૩૧૭ | ૩૧૭ | ૩૮૩ | ૩૧૭ | ૩૧૭ | ૩૮૩ | ૩૧૯ | ૩૧૯ | ૩૮૩ | ૩૧૮ | ૩૧૮ | ૩૮૩ | ૩૧૩ | ૩૧૩ |
| ૧૦ | તળાજા | ૫૨૯ | ૪૫૬ | ૪૫૬ | ૫૩૧ | ૪૫૩ | ૪૫૩ | ૫૩૧ | ૪૪૭ | ૪૪૭ | ૫૩૨ | ૪૫૦ | ૪૫૦ | ૫૩૨ | ૪૪૯ | ૪૪૯ | ૫૩૩ | ૪૪૩ | ૪૪૩ |
| ૧૧ | ઉમરાળા | ૧૭૧ | ૧૪૪ | ૧૪૪ | ૧૭૧ | ૧૪૨ | ૧૪૨ | ૧૭૨ | ૧૪૦ | ૧૪૦ | ૧૭૫ | ૧૪૨ | ૧૪૨ | ૧૭૫ | ૧૪૨ | ૧૪૨ | ૧૭૪ | ૧૪૦ | ૧૪૦ |
| ૧૨ | વલ્લભીપુર | ૧૭૭ | ૧૪૯ | ૧૪૯ | ૧૭૭ | ૧૪૭ | ૧૪૭ | ૧૭૭ | ૧૪૫ | ૧૪૫ | ૧૭૬ | ૧૪૬ | ૧૪૬ | ૧૭૬ | ૧૪૫ | ૧૪૫ | ૧૭૬ | ૧૪૩ | ૧૪૩ |
| | કુલ : | ૪૭૧૬ | ૪૦૫૫ | ૪૦૫૫ | ૪૭૩૫ | ૪૦૨૩ | ૪૦૨૩ | ૪૭૪૮ | ૩૯૮૧ | ૩૯૮૧ | ૪૭૬૪ | ૪૦૧૧ | ૪૦૧૧ | ૪૦૧૧ | ૪૦૧૦ | ૪૦૧૦ | ૪૮૦૧ | ૩૯૭૪ | ૩૯૭૪ |

---------

## મહિલા આજીવિકા પુનઃ સ્થાપન કાર્યક્રમના અમલીકરણમાં નાણાકીય ગેરરીતિ

**૧૪૫૪૭ શ્રીમતી રમીલાબેન રા. દેસાઈ (ખેરાલુ) : માનનીય મહિલા અને બાળકલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) મહિલા આજીવિકા પુનઃ સ્થાપન કાર્યક્રમમાં (ડબલ્યુ.એલ.આર.પી.) કેટલું ફંડ ફાળવવામાં કે ઉભું કરવામાં આવેલ છે,

(૨) સરકાર ડબલ્યુ.એલ.આર.પી. પ્રોજેક્ટના અમલીકરણમાં લોન સહાયની ક્રામગીરીમાં સ્પષ્ટતા ન કરીને આચરવામાં આવેલ નાણાંકીય ગોટાળાઓથી વાકેફ છે,

(૩) જો હા, તો જવાબદાર અધિકારીઓ સામે શું પગલાં ભરવામાં આવેલ છે,

(૪) જો ના, તો આ કાર્યક્રમના ગોટાળાઓમાં કસુરવારો સામે સરકાર શું પગલાં લેવા માગે છે,

**જવાબ**

(૧) એશીયન ડેવલપમેન્ટ બેંક તરફથી મળેલ સહાયને આધારે, ગુજરાત સ્ટેટ ડીઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરીટી (GSDMA) દ્વારા સંસ્થાઓને ગ્રાંટ/લોન મંજુર કરવા માટે કુલ રૂા. ૬,૭૦,૬૧,૦૧૮/- ની રકમ ફાળવવામાં આવેલ છે.

(૨) ડબલ્યુ.એલ.આર.પી. પ્રોજેક્ટના અમલીકરણમાં લોન સહાયની ક્રામગીરીમાં કોઇ સ્પષ્ટતા ન કરવાથી એક કેસમાં સંદિગ્ધતા નોંધાયેલ છે. જે બાબતે સ્વૈચ્છિક સંસ્થાને જાણ કરી સ્પષ્ટતા કરવામાં આવેલ હતી.

(૩) સ્વૈચ્છિક સંસ્થા સાથે જરૂરી સ્પષ્ટતા થયેલ હોવાથી આ બાબતે કોઇ પગલા ભરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

અને

(૫) કઈ કઈ સંસ્થાઓએ ડબલ્યુ.એલ.આર.પી. પ્રોજેક્ટમાં કામ કરેલ છે, તેઓને સહાયરૂપે કેટલાં નાણા ફાળવાયેલ છે ?

(૫) પત્રક સામેલ છે.

## ડબલ્યુ એલ.આર.પી પ્રોજેક્ટ હેઠળ સંસ્થાઓને ફાળવેલ નાણાંકીય સહાય અને લોનની વિગત દર્શાવતુ પત્રક

(રકમ રૂા.)

| ક્રમ | સંસ્થાનું નામ | જિલ્લાનું નામ | ફાળવેલ ગ્રાન્ટ | ફાળવેલ લોન |
|---|---|---|---|---|
| ૧ | કચ્છ વિકાસ ટ્રસ્ટ | કચ્છ | ૧૧૩૮૫૪૧ | ૬૮૦૦૦ |
| ૨ | કચ્છ મહિલા વિકાસ સંગઠન | કચ્છ | | ૧૧૨૦૦૦૦ |
| ૩ | તોલાણી ફાઉન્ડેશન | કચ્છ | ૨૪૮૯૫૩ | |
| ૪ | શ્રી પ્રજ્ઞાલક્ષી ટ્રસ્ટ | કચ્છ | ૨૫૭૪૩૦ | |
| ૫ | ઇન્ડીયન ઇન્સ્ટીટયુટ ઓફ રૂરલ ડેવલપમેન્ટ | કચ્છ | ૧૩૪૨૦૯૦ | |
| ૬ | પ્રયાસ, અંજાર | કચ્છ | ૫૩૦૯૨૫ | |
| ૭ | કચ્છ ફાસ્ટ એસોસીએશન | કચ્છ | ૧૮૨૭૦૫૭ | |
| ૮ | સમર્થ ચેરીટેબલ ટ્રસ્ટ | કચ્છ | ૨૧૩૪૩૩૫ | |
| ૯ | ડી. એન. પોલીટેક્નીક | કચ્છ | ૫૦૪૨૬૫ | |
| ૧૦ | મેઘાવી | કચ્છ | ૨૦૮૫૯૦ | |
| ૧૧ | અનમોલ રૂરલ ડેવલપમેન્ટ ફાઉન્ડેશન | કચ્છ | ૭૧૩૯૮ | |
| ૧૨ | મહિલા ઉત્કર્ષ મંડળ | સુરેન્દ્રનગર | ૫૮૧૦૨ | |
| ૧૩ | ચામુંડા વિકાસ મહિલા મંડળ | સુરેન્દ્રનગર | ૮૧૦૯૦ | ૧૪૦૦૦૦ |
| ૧૪ | શ્રી ઉદય ખાદી ગ્રામોદ્યોગ વિકાસ ટ્રસ્ટ | સુરેન્દ્રનગર | ૪૪૬૬૭૧ | |
| ૧૫ | શ્રી જાગૃતિ સેવા સંઘ | સુરેન્દ્રનગર | ૧૬૨૦૭૬ | |
| ૧૬ | સમર્થન ટ્રસ્ટ | સુરેન્દ્રનગર | ૪૫૪૭૭૯ | |
| ૧૭ | સ્વાતિ | સુરેન્દ્રનગર | ૧૬૪૮૨૧ | ૯૨૦૦૦ |
| ૧૮ | સેન્ટરફોર એન્ટપેરશીન સ્કીલ કર ડેવ. (cescd) | સુરેન્દ્રનગર | ૨૬૭૫૨૦ | |
| ૧૯ | શ્રી વર્ધમાન ગૃહ ઉદ્યોગ મહિલા સહકારી મંડળી | સુરેન્દ્રનગર | ૨૬૬૭૨૬ | |
| ૨૦ | શ્રી વહાણવટી ખાદીગ્રામોદ્યોગ મંડળ | સુરેન્દ્રનગર | ૧૮૬૫૦૨ | |
| ૨૧ | શ્રી ગ્રામ વિકાસ રચનાત્મક | સુરેન્દ્રનગર | ૧૨૯૧૬૦ | |
| ૨૨ | શ્રી વિવેકાનંદ ચેરીટેબલ ટ્રસ્ટ | સુરેન્દ્રનગર | ૧૦૩૪૪૩ | |
| ૨૩ | ઉદ્યોગભારતી | પાટણ | ૧૨૩૪૩૦ | |
| ૨૪ | શ્રી ભગીની સમાજ | પાટણ | ૧૨૪૨૮૭ | |
| ૨૫ | રાવલ યોગી ઉત્તેજક મંડળ | પાટણ | ૧૨૨૦૨૬ | |
| ૨૬ | લોક વિકાસ | પાટણ | ૪૩૮૯૨૭ | |
| ૨૭ | ગ્રામ વિકાસ સમર્થન કેન્દ્ર | પાટણ | ૩૫૦૦૦ | ૨૦૦૦૦૦ |
| ૨૮ | અવાજ | પાટણ | ૪૪૫૭૩૭ | |
| ૨૯ | શ્રી રિદ્ધિ સિદ્ધિ ઓદ્યોગિક મંડળ | પાટણ | ૩૯૧૭૯ | |
| ૩૦ | શ્રી વઢિયાર નિકેતન | પાટણ | ૧૩૪૩૭૫ | ૨૦૦૦૦૦ |
| ૩૧ | રાધનપુર મહિલા મંડળ | પાટણ | ૧૦૭૫૦૦ | |
| ૩૨ | યોગાંજલિ કેળવણી મંડળ | પાટણ | ૧૮૪૫૮૭ | ૮૦૦૦૦ |
| ૩૩ | નેસર્ગિક ટ્રસ્ટ | પાટણ | ૭૩૧૯૦ | |
| ૩૪ | રાધનપુર મહિલા મંડળ | પાટણ | ૨૭૮૨૫૦ | |
| ૩૫ | ભણસાલી ટ્રસ્ટ | પાટણ | ૧૪૩૮૩૨ | |
| ૩૬ | માનવ સાધના | પાટણ | ૯૯૬૪૨૭ | |
| ૩૭ | મહિલા પ્રગતિ મંડળ | રાજકોટ | ૧૫૬૦૦૬ | |
| ૩૮ | રિજીયોનલ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર | રાજકોટ | ૩૬૪૭૯૬ | |
| ૩૯ | શ્રી શિવશક્તિ એજ્યુ. ટ્રસ્ટ | રાજકોટ | ૧૧૮૯૨૦ | |
| ૪૦ | સોરાષ્ટ્ર સેવા સમાજ કલ્યાણ સમિતિ | રાજકોટ | ૩૨૪૭૭૫ | |
| ૪૧ | ડી. આર. ડી. એ. | રાજકોટ | | |
| | વેશ્વાનર રૂરલ ડેવ. | રાજકોટ | ૬૯૨૨૧ | |
| | જાગૃતિ મહિલા બચત | રાજકોટ | ૧૦૭૩૦૦ | |
| | નવચેતના | રાજકોટ | ૬૫૬૨૦ | |
| | શ્રી વિશ્વમાનવ ઉત્થાન ટ્રસ્ટ | રાજકોટ | ૩૧૫૨૦૦ | |
| | શ્રી ભીમજ્યોત મંડળ | રાજકોટ | ૧૮૨૪૦૦ | |
| | દૃષ્ટ મહિલા સમાજ | રાજકોટ | ૧૪૦૩૩૦ | |
| ૪૨ | સદ્દભાવના સાર્વજનિક ટ્રસ્ટ | રાજકોટ | ૪૮૦૦૦ | |
| ૪૩ | દલિત મહિલા એસજીએસવાય બચત | રાજકોટ | ૪૧૨૬૮૦ | |
| ૪૪ | મહિલા સામખ્ય | રાજકોટ | ૨૪૫૨૧૦ | |
| ૪૫ | શ્રી શક્તિ મહિલા ચેરી. એન્ડ એજ્યુ. ટ્રસ્ટ | રાજકોટ | ૧૫૧૦૪૦ | |
| ૪૬ | અગપે ટ્રસ્ટ | રાજકોટ | ૧૮૪૧૫૧ | |
| ૪૭ | વાંસફોડા મહિલા મંડળ | રાજકોટ | ૧૦૨૦૦૦ | |
| ૪૮ | માનવ કલ્યાણ ટ્રસ્ટ | રાજકોટ | ૨૮૭૮૭૮ | |
| ૪૯ | શ્રી જેતપુર શહેર મહિલા સ.મં.લી. | રાજકોટ | ૧૮૬૧૨૦ | |
| ૫૦ | પાયલ હસ્તકલા અને ગૃહ ઉદ્યોગ સ.હ.મં. | રાજકોટ | ૩૭૦૮૦૦ | |

| ક્રમ | સંસ્થાનું નામ | જિલ્લાનું નામ | ફાળવેલ ગ્રાન્ટ | ફાળવેલ લોન |
|---|---|---|---|---|
| ૫૧ | લઘુમતી ઉત્કર્ષ ટ્રસ્ટ | રાજકોટ | ૧૯૭૮૫૦ | |
| ૫૨ | સહયોગ ગ્રામ્ય મહિલા નવનિર્માણ સંઘ | રાજકોટ | ૮૦૦૦૦૦ | ૪૦૦૦૦૦ |
| ૫૩ | એસ. પી. મહિલા મંડળ | રાજકોટ | ૩૦૫૪૬૦ | |
| ૫૪ | જય યોગેશ્વર હસ્તકલા | રાજકોટ | ૧૯૪૨૯૦ | |
| ૫૫ | ગાયત્રી એજ્યુ. ટ્રસ્ટ | રાજકોટ | ૧૦૭૩૬૪ | |
| ૫૬ | શ્રી દિનહિન એજ્યુ. એન્ડ ચેરી. ટ્રસ્ટ | રાજકોટ | ૪૧૫૩૨૦ | |
| ૫૭ | શ્રી વિકાસ ટ્રસ્ટ | રાજકોટ | ૬૦૩૫૭ | |
| ૫૮ | મહિલા વિકાસ સેવા મંડળ | રાજકોટ | ૧૫૭૬૮૦ | |
| ૫૯ | પ્રેમલ જ્યોત સોસાયટી | રાજકોટ | ૮૧૯૫૨ | |
| ૬૦ | શ્રી રામેશ્વર ચેરીટેબલ ટ્રસ્ટ | રાજકોટ | ૧૨૪૨૪૫ | |
| ૬૧ | દસ્તગીરી સ્વરોજગાર ચેરી. ટ્રસ્ટ | રાજકોટ | ૫૪૮૩૬૦ | |
| ૬૨ | એનાર્ડ ફાઉન્ડેશન | રાજકોટ | ૧૪૭૮૫૨ | |
| ૬૩ | શ્રી એશ્વર્ય મહિલા ઓ.ઉ.સ.મં.લી. | રાજકોટ | ૧૫૫૯૭૦ | |
| ૬૪ | શ્રી એમ. ડી. મહેતા એજ્યુ. ટ્રસ્ટ | જામનગર | ૫૮૧૮૦ | ૨૮૦૦૦ |
| ૬૫ | શ્રી સર્વોદય મહિલા મંડળ | જામનગર | ૧૪૪૫૩૭ | |
| ૬૬ | ટાટા કેમીકલ્સ સોસાટી ફોર રૂરલ ડેવ. | જામનગર | ૫૨૨૦૦૦ | |
| ૬૭ | ગ્રામ્ય વિકાસ ટ્રસ્ટ | જામનગર | | ૩૧૭૩૩૧ |
| ૬૮ | સોરાષ્ટ્ર વોલન્ટરી એક્શન (sava) | જામનગર | ૩૫૩૩૩ | ૬૯૬૫૦ |
| ૬૯ | સોરાષ્ટ્ર ઇકો. ડેવ. સેન્ટર | જામનગર | ૨૮૦૪૫૨ | ૪૦૦૦૦ |
| ૭૦ | શ્રી લક્ષ્મી ચેરીટેબલ ટ્રસ્ટ | જામનગર | ૫૫૭૨૬૪ | |
| ૭૧ | મારગ | સુરેન્દ્રનગર | ૪૦૧૦૦૦ | ૨૯૩૩૦૦૦ |
| ૭૨ | ગ્રામીણ સેવા ટ્રસ્ટ | સુરેન્દ્રનગર | ૨૫૯૭૦૦૦ | |
| ૭૩ | ઉદ્યોગભારતી | પાટણ | ૩૫૫૦૦૦ | |
| ૭૪ | લોક વિકાસ | બનાસકાંઠા | ૩૭૩૦૦૦ | |
| ૭૫ | વર્ધમાન ગૃહ ઉદ્યોગ સ.મં.લી. | સુરેન્દ્રનગર | ૧૪૯૧૦૦૦ | |
| ૭૬ | જીવન | જામનગર | ૬૭૭૦૦૦૦ | |
| ૭૭ | હમ | કચ્છ | ૨૨૪૬૦૦૦ | |
| ૭૮ | યુસુફ મેહરઅલી સેન્ટર | કચ્છ | ૨૮૪૦૦૦૦ | |
| ૭૯ | દિપક ચેરીટેબલ ટ્રસ્ટ | સુરેન્દ્રનગર | ૫૪૧૫૪૪૧ | |
| ૮૦ | રૂડમી | સુરેન્દ્રનગર | ૧૧૨૬૨૧૦ | ૭૮૫૭૨૮ |
| ૮૧ | પ્રેમલ જ્યોત સોસાયટી | રાજકોટ | ૩૧૮૭૩૨૬ | ૨૮૯૫૦૦૦ |
| ૮૨ | COHESION | રાજકોટ | ૧૬૪૪૦૦૦ | |
| ૮૩ | COHESION | કચ્છ | ૧૯૫૫૦૦૦ | |

-------------

## રાજ્યમાં સરકારી અને સ્વનિર્ભર પોલીટેક્નીકો

૧૫૪૭૮ **શ્રી મનસુખભાઈ લ. માંડવિયા (પાલીતાણા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૦૬ ની સ્થિતિએ ગુજરાતમાં કુલ કેટલી સરકારી અને સેલ્ફ ફાઈનાન્સ પોલીટેક્નીકો આવેલી છે,

(૨) તેમાં કેટલા વિદ્યાર્થીઓને સમાવવાની ક્ષમતા છે, અને

(૩) કેટલી જગ્યા ભરેલી છે એને કેટલી ખાલી છે?

**જવાબ**

(૧) તા.૩૧-૧-૦૬ ની સ્થિતિએ ૨૪ સરકારી અને ૨૨ સેલ્ફ ફાઇનાન્સ પોલીટેક્નીકો આવેલી છે.

(૨) ઉપરોક્ત સંસ્થાઓમાં ૧૬૧૯૦ બેઠકો મંજુર થયેલ છે.

(૩) શૈક્ષણિક વર્ષ ૨૦૦૫-૨૦૦૬ ના પ્રવેશની કાર્યવાહી પૂર્ણ થતા સમયે ભરાયેલ ૧૫૯૧૦ બેઠકો અને ૨૮૦ ખાલી બેઠકો છે.

-------------

## બનાસકાંઠા જિલ્લામાં પછાત વિસ્તારોમાં આંગણવાડીઓના અપૂરતા મકાનો

૧૫૫૨૯ **શ્રી મુકેશ ભૈ. ગઢવી (દાંતા) : માનનીય મહિલા અને બાળકલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લાના આદિજાતિ તથા બક્ષીપંચના વિસ્તારોમાં આંગણવાડીઓના મકાનો પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ નથી તે સરકાર જાણે છે,

(૨) જો હા, તો તેવા મકાનો પૂરા પાડવા

**જવાબ**

(૧) હા,

(૨) રાજ્ય/જીલ્લા દ્વારા આંગણવાડી કેન્દ્રના

સરકારે કેવા પગલાં લીધેલ છે, અને

મકાન બાંધકામ અંગે નીચે મુજબ આયોજન કરવામાં આવેલ છે.

| | દાંતા | અમીરગઢ | કુલ |
|---|---|---|---|
| ૧. ન્યુ. ગુજરાત પેટર્ન યોજના | ૧૯ | ૧૪ | ૩૩ |
| ૨. પંચાયત વિભાગના ફંડમાંથી | ૨૫ | ૨૨ | ૪૭ |
| ૩. રીલાયન્સ ગૃપ દ્વારા | - | ૦૭ | ૦૭ |
| કુલ : | ૪૪ | ૪૩ | ૮૭ |

(૩) કોઈ ઓદ્યોગિક કે સામાજિક સંસ્થા આવા મકાનો બનાવવા તેયારી બતાવે તો સરકાર તરફથી આપનાર રાહત કે સહયોગની શું વિગતો છે ?

(૩) આંગણવાડી મકાન યુનિટ કોસ્ટ રૂા. ૨/- (બે) લાખના ૨૫ % (ટકા) રકમ કોન્ટ્રીબ્યુશન તરીકે રાજ્ય સરકાર તરફથી આપવામાં આવશે અને પંચાયત તરફથી જમીન ફાળવવામાં આવશે.

-------------

## ઉત્તર ગુજરાતમાં એમ. એડ. કોલેજ શરૂ કરવા અંગે

૧૫૪૭૪ **ડૉ. અતુલ કે. પટેલ (કલોલ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

**પ્રશ્ન**

ઉત્તર ગુજરાતમાં એમ. એડ. ચાલુ કરવા સેલ્ફ ફાઈનાન્સ કોલેજોને સરકાર મંજુરી આપવા માંગે છે કે કેમ ?

**જવાબ**

એન.સી.ટી.ઇ.ના નિયમો મુજબ જો આ સંસ્થાઓ શરતો પૂર્ણ કરતી હોય તો એન.સી.ટી.ઇ. ની મંજૂરી મેળવવાની રહેશે.

-------------

## સુરત જિલ્લામાં ટેકનિકલ કોલેજો

૧૫૪૮૧ **શ્રી ધનસુખભાઈ ના. પટેલ (ઓલપાડ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

**પ્રશ્ન**

(૧) સુરત જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૫ની સ્થિતિએ કેટલી ટેકનીકલ કોલેજો આવેલ છે,

(૨) જે પેકી સ્વનિર્ભર કોલેજોની સંખ્યા કેટલી,અને

(૩) છેલ્લા બે વર્ષમાં કેટલી સ્વનિર્ભર કોલેજોને માન્યતા આપવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) ૧૯

(૨) ૧૪

(૩) ૦૫

-------------

## વાંસદા તાલુકાની એક જ શિક્ષકથી ચાલતી શાળાઓ

૧૪૯૧૯ **શ્રી છનાભાઈ કો. ચૌધરી (ધરમપુર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

**પ્રશ્ન**

(૧) નવસારી જિલ્લાના વાંસદા તાલુકાની અંતરિયાળ પ્રાથમિક શાળાઓમાં છેલ્લા એક વર્ષથી એક જ શિક્ષકથી શાળાનું કાર્ય ચલાવાય છે તે હકીકતથી સરકાર વાકેફ છે, અને

(૨) જો હા, તો વધારાના શિક્ષકો ફાળવવા સરકારે તા. ૩૧-૧-૦૬ સુધીમાં શું કાર્યવાહી કરી ?

**જવાબ**

(૧) હા, જી

(૨) આ શાળાઓમાં નવી ભરતી થયેથી વધારાના શિક્ષકોની ફાળવણી કરવામાં આવશે.

-------------

**વિરમગામ તાલુકામાં પૂરતું કેરોસીન ફાળવવા અંગે**

૧૪૫૪૫ **શ્રી વજુભાઈ પ. ડોડિયા (વિરમગામ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વિરમગામ શહેર તથા તાલુકામાં કેરોસીનનો જથ્થો તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષથી જરૂરિયાત કરતાં ઓછો ફાળવવામાં આવે છે તે વાત સાચી છે, અને | (૧) કેન્દ્ર સરકારશ્રી તરફથી મળતી કેરોસીનની ફાળવણી રાજ્યની જરૂરીયાત સામે અપૂરતી છે. આથી તમામ જીલ્લાઓની ગેસ વગરના રેશનકાર્ડ ધારકોની સંખ્યા તેમજ નિયત કરેલ વિતરણ પ્રમાણને અનુલક્ષીને વિરમગામ શહેર તથા તાલુકા સહિત કેરોસીનની સમાન ધોરણે ફાળવણી કરવામાં આવે છે. |
| (૨) જો હા, તો પૂરતો જથ્થો ફાળવવા તેમજ દુકાનદારોને સપ્રમાણ કેરોસીન ફાળવવા શું આયોજન કરેલ છે ? | (૨) પાત્ર કાર્ડ ધારકોને નિયમિત રીતે સરળતાથી પૂરતું કેરોસીન ઉપલબ્ધ થઇ શકે તે માટે સતત દેખરેખ અને તકેદારી કાર્યાન્વિત રાખવામાં આવી છે. તેમજ ગેસ જોડાણ ધરાવતા રેશન કાર્ડો ઉપર ગેસ જોડાણ હોવાનું સ્ટેમ્પીંગ પૂરેપુરું કરાવવાનું આયોજન કરેલ છે. |

-------------

**અમદાવાદ મધ્યસ્થ જેલમાં ગેરકાયદે હથિયારો, મારામારીના બનાવો**

૧૫૫૨૧ **શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (અસારવા) : માનનીય જેલ મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદની મધ્યસ્થ જેલમાં તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગેરકાયદે હથિયારો રાખવાના, કેફી દ્રવ્યો મળી આવવાના અને કેદીઓમાં અંદરો-અંદર, મારામારીના કેટલા બનાવો બન્યા છે, | (૧) ગેરકાયદેસર હથિયાર રાખવાનો એક બનાવ, કેફી દ્રવ્ય રાખવાનો એક બનાવ, કેદીઓમાં અંદરોઅંદર મારામારીના ૪૪ બનાવો બન્યા છે. |
| (૨) આવા બનાવો અંગે સરકારે કેવા પ્રકારના પગલાં લીધાં છે, અને | (૨) જવાબદાર છ કેદીઓ સામે સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે ગુ.ર. નં. ૩૨૭/૨૦૦૫ થી ઇ.પી.કો. ક. ૩૦૨, ૩૦૭, ૩૨૪, ૧૨૦ બી અને ૩૪ મુજબ ગુનો દાખલ થયેલ છે તથા પાંચ જવાબદાર કર્મચારીઓ સામે પણ આજ કલમો હેઠળ ગુનો દાખલ થયેલ છે. જવાબદાર કર્મચારીઓ પૈકી ૩ હાઇકોર્ટમાંથી જામીન મુક્ત થયા છે તથા ૨ કર્મચારીઓ જુદી જુદી જેલમાં છે. |
| (૩) આ જેલોની ક્ષમતા પ્રમાણે જ કેદીઓ રાખવા બાબતે સરકારે શું વિચાર્યું છે ? | (૩) કેન્દ્ર પુરસ્કૃત જેલ સુધારણા યોજના હેઠળ રાજ્યમાં નવી જેલો બનાવવા તથા હયાત જેલોનું વિસ્તૃતિકરણ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. |

-------------

**પોલીસ આવાસોની ગુણવત્તા સુધારવા અંગે**

૧૪૧૩૨ **શ્રી કાંતિભાઈ ભા. તડવી (સંખેડા) :માનનીય પોલીસ આવાસ મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પોલીસ ખાતાના સ્ટાફ ક્વાટર્સની ગુણવત્તા સુધરે તે માટે છેલ્લા ત્રણ નાણાકીય વર્ષમાં આ મકાનોના મેઇન્ટેનન્સ અને રીપેર પાછળ કેટલી રકમ ફાળવવામાં આવી છે, અને | (૧) રૂા. ૪૫૦૦ લાખ |

(૨) તે પૈકી તા. ૩૧-૧-૦૬ સુધીમાં કેટલી રકમનો ખર્ચ થયેલ છે ?

(૨) રૂા. ૩૮૯૦ લાખ

-------------

**રાજ્યમાં જિલ્લાવાર વિદ્યાસહાયકોની ખાલી જગ્યાઓ**

૧૩૯૦૬ **શ્રી માધુભાઈ જે. ભોયે (ડાંગ-વાંસદા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યમાં જિલ્લાવાર કેટલી વિદ્યાસહાયકોની જગ્યાઓ ૩૧-૧૨-૦૫ ની સ્થિતિએ ખાલી છે, અને | (૧) પત્રક - અ - સામેલ છે. |
| (૨) આ ખાલી વિદ્યાસહાયકોની જગ્યા કેટલા સમયમાં ભરવાનું આયોજન છે ? | (૨) જેમ બને તેમ જલ્દી. |

**પત્રક-અ**

**જિલ્લાવાર શિક્ષક ખાલી જગ્યાઓ**

| ક્રમ | જિલ્લાનું નામ | ખાલી જગ્યાઓ | ક્રમ | જિલ્લાનું નામ | ખાલી જગ્યાઓ |
|---|---|---|---|---|---|
| ૧ | અમદાવાદ | ૬૬૪ | ૧૫ | જામનગર | ૫૯૩ |
| ૨ | વડોદરા | ૩૨૭ | ૧૬ | અમરેલી | ૪૩૧ |
| ૩ | રાજકોટ | ૫૯૪ | ૧૭ | કચ્છ | ૮૪૫ |
| ૪ | સુરત | ૩૮૭ | ૧૮ | ભરૂચ | ૨૫૫ |
| ૫ | ખેડા | ૨૪૩ | ૧૯ | નર્મદા | ૧૫૬ |
| ૬ | આણંદ | ૪૯૬ | ૨૦ | વલસાડ | ૨૩૪ |
| ૭ | પંચમહાલ | ૪૧૭ | ૨૧ | નવસારી | ૧૭૦ |
| ૮ | દાહોદ | ૧૦૮ | ૨૨ | બનાસકાંઠા | ૧૨૮૪ |
| ૯ | સાબરકાંઠા | ૨૭૯ | ૨૩ | સુરેન્દ્રનગર | ૬૭૧ |
| ૧૦ | જૂનાગઢ | ૬૭૫ | ૨૪ | ગાંધીનગર | ૨૬૪ |
| ૧૧ | પોરબંદર | ૧૬૯ | ૨૫ | ડાંગ | ૧૦૯ |
| ૧૨ | મહેસાણા | ૩૮૪ | | કુલ : | ૧૦૬૬૪ |
| ૧૩ | પાટણ | ૩૮૯ | | નગરપાલિકા કુલ : | ૧૦૨૬ |
| ૧૪ | ભાવનગર | ૫૨૦ | | એકંદર કુલ : | ૧૧૬૯૦ |

------------

**અમદાવાદમાં દારૂ પકડવાની કામગીરી**

૧૪૯૩૮ **શ્રી મોહંમદફારુક હુ. શેખ (કાલુપુર) : માનનીય નશાબંધી મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે-

**પ્રશ્ન**

(૧) અમદાવાદ શહેર પોલીસ કમિશનર હકુમત હેઠળના ક્યા ક્યા પોલીસ સ્ટેશન વિસ્તારમાં છેલ્લા એક વર્ષમાં તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ નશાબંધી વિભાગ દ્વારા કેટલી રકમનો દારૂ પકડવામાં આવ્યો, અને

**જવાબ**

(૧)

| પોલીસ સ્ટેશન | પકડાયેલ દારૂની કિંમત |
|---|---|
| નરોડા | રૂા. ૮૨૬૪૪૦ |
| શહેર કોટડા | રૂા. ૪૮૧૭૨૦ |
| બાપુનગર | રૂા. ૧૪૦૫૬૦ |
| ગોમતીપુર | રૂા. ૩૮૪૩૮૫ |
| રખીયાલ | રૂા. ૩૧૮૮૦ |
| અમરાઇવાડી | રૂા. ૧૨૦૩૦૭૨ |
| ઓઢવ | રૂા. ૨૪૦૩૫૦ |
| એલીસબ્રીજ | રૂા. ૧૭૦૫૦૦ |

| | |
|---|---|
| નવરંગપુરા | રૂા. ૪૪૦૦૦ |
| વેજલપુર | રૂા. ૨૦૧૯૦૦ |
| સેટેલાઇટ | રૂા. ૪૯૧૬૦૦ |
| સોલા | રૂા. ૧૯૪૭૫૦ |
| ઘાટલોડીયા | રૂા. ૨૯૨૬૦૦ |
| નારણપુરા | રૂા. ૭૧૯૦૯૦ |
| સાબરમતી | રૂા. ૬૭૦૨૪૦ |
| કારંજ | રૂા. ૩૮૭૨૦ |
| દરીયાપુર | રૂા. ૪૮૨૦૦ |
| માધુપુરા | રૂા. ૨૩૨૨૮૦ |
| શાહપુર | રૂા. ૧૩૪૮૮૦ |
| મેઘાણીનગર | રૂા. ૨૦૮૮૭૦ |
| કાલુપુર | રૂા. ૬૯૯૦ |
| સરદારનગર | રૂા. ૧૮૦૨૯૩૫ |
| શાહીબાગ | રૂા. ૨૧૧૨૪૦ |
| ગાયકવાડ હવેલી | રૂા. ૧૮૪૬૮૦ |
| કાગડાપીઠ | રૂા. ૧૪૪૪૪૦ |
| દાણીલીમડા | રૂા. ૨૩૭૦૨૦ |
| મણીનગર | રૂા. ૧૬૭૭૮૦ |
| ખાડીયા | રૂા. ૨૨૦૮૬૦ |
| વટવા | રૂા. ૧૧૮૯૧૦૦ |
| વટવા જી.આઇ.ડી.સી. | રૂા. ૫૩૨૦૦ |

(૨) ક્યા પોલીસ સ્ટેશન હેઠળ દસ હજાર કે તેથી વધુ રકમનો દારૂ પકડવામાં આવ્યો ?

(૨) કાલુપુર સિવાયના તમામ પોલીસ સ્ટેશન

-------------

## રાજ્યમાં ઓન-લાઇન રેશન કાર્ડ યોજનાનો અમલ

૧૪૯૪૫ **શ્રી પ્રવિણભાઈ મો. માકડિયા (ઉપલેટા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે-

**પ્રશ્ન**

(૧) સરકાર દ્વારા ઓન-લાઇન રેશનકાર્ડ આપવાની યોજના શરૂ કરવામાં આવી છે તેનો અમલ રાજ્યના કેટલા તાલુકાઓમાં થઇ ગયેલ છે, અને

(૨) બાકીના તાલુકામાં આ યોજના ક્યારે શરૂ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) ઓન-લાઇન રેશનકાર્ડ આપવાની યોજનાનો અમલે રાજ્યના તમામ તાલુકાઓમાં થઇ ગયેલ છે. ફક્ત અમદાવાદ શહેરની બાર ઝોનલ કચેરીઓમાં બાકી છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

## રાજ્યમાં દારૂની પરમિટો

૧૪૯૨૧ **શ્રી પરેશભાઈ ધી. ધાનાણી (અમરેલી) : માનનીય નશાબંધી મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે-

**પ્રશ્ન**

રાજ્યમાં તા. ૩૧ જાન્યુઆરી ૨૦૦૬ની સ્થિતિએ વર્ષ : ૨૦૦૩, ૨૦૦૪ તથા ૨૦૦૫ દરમ્યાન આરોગ્ય માટે આલ્કોહોલનું સેવન કરવા માટે છુટછાટ આપતા કુલ કેટલા પરવાના ફાળવવામાં આવેલા છે ?

**જવાબ**

રાજ્યમાં તા. ૩૧ જાન્યુઆરી ૨૦૦૬ની સ્થિતિએ વર્ષ ૨૦૦૩, ૨૦૦૪ તથા ૨૦૦૫ દરમ્યાન આરોગ્ય માટે આલ્કોહોલનું સેવન કરવા માટે છુટ-છાટ આપતાં કુલ-૪૭,૨૬૭ પરવાના ફાળવવામાં આવેલા છે. (પત્રક-૧ સામેલ છે.)

**પત્રક - ૧**

**રાજ્યમાં તા. ૩૧/૦૧/૨૦૦૬ની સ્થિતિએ વર્ષ : ૨૦૦૩, ૨૦૦૪ તથા ૨૦૦૫ આરોગ્ય માટે આલ્કોહોલનું સેવન કરવા માટે છુટ-છાટ આપતાં કુલ કેટલા પરવાના ફાળવવામાં આવેલા છે. તેની વિગત દર્શાવતું પત્રક :**

| અ. નં. | જિલ્લાનું નામ | વર્ષ :- ૨૦૦૩ | વર્ષ :- ૨૦૦૪ | વર્ષ :- ૨૦૦૫ તા. ૩૧/૧/૨૦૦૬ની સ્થિતિએ |
|---|---|---|---|---|
| ૧ | અમદાવાદ | ૧૭૦૫ | ૨૪૬૬ | ૨૮૯૩ |
| ૨ | ગાંધીનગર | ૧૬૫ | ૧૯૮ | ૨૬૭ |
| ૩ | વડોદરા | ૯૭૭ | ૧૦૨૨ | ૧૩૯૦ |
| ૪ | સુરત | ૨૧૫૦ | ૩૬૨૭ | ૪૫૩૩ |
| ૫ | રાજકોટ | ૪૨૦ | ૫૯૨ | ૬૬૬ |
| ૬ | ભાવનગર | ૨૧૭ | ૧૧૪ | ૨૦૭ |
| ૭ | વલસાડ | ૨૪ | ૨૫ | ૪૧ |
| ૮ | ડાંગ | ૧ | ૪ | ૦ |
| ૯ | નવસારી | ૮૬ | ૧૨૩ | ૯૧ |
| ૧૦ | ભરૂચ | ૨૪૭ | ૩૭૦ | ૫૧૯ |
| ૧૧ | નર્મદા | ૩૦ | ૧૮ | ૩૬ |
| ૧૨ | ખેડા | ૫૫૭ | ૧૭૧૬ | ૧૯૮૪ |
| ૧૩ | આણંદ | ૧૦૦૭ | ૨૬૮૫ | ૩૦૭૮ |
| ૧૪ | દાહોદ | ૩૧ | ૪૦ | ૩૭ |
| ૧૫ | ગોધરા | ૧૪૧ | ૧૪૨ | ૧૭૧ |
| ૧૬ | સાબરકાંઠા | ૨૫૯ | ૫૮૫ | ૩૭૮ |
| ૧૭ | મહેસાણા | ૨૪૬ | ૩૧૪ | ૩૦૪ |
| ૧૮ | પાટણ | ૬૬ | ૬૪ | ૫૮ |
| ૧૯ | બનાસકાંઠા | ૭૯ | ૬૯ | ૫૮ |
| ૨૦ | કચ્છ-ભૂજ | ૬૫૭ | ૨૪૮૭ | ૨૩૩૯ |
| ૨૧ | જામનગર | ૧૧૨ | ૧૫૩ | ૨૪૬ |
| ૨૨ | જુનાગઢ | ૨૨૫ | ૨૮૮ | ૨૬૧ |
| ૨૩ | પોરબંદર | ૧૭૧ | ૧૬૧ | ૧૭૪ |
| ૨૪ | અમરેલી | ૩૧ | ૪૨ | ૪૯ |
| ૨૫ | સુરેન્દ્રનગર | ૧૭૨ | ૧૬૨ | ૨૪૪ |
| | કુલ : | ૯૭૭૬ | ૧૭૪૬૭ | ૨૦૦૨૪ |

---------

**આદિવાસી વિદ્યાર્થીઓને અંગ્રેજી ભાષા શીખવવા અંગે**

**૧૫૫૩૪ શ્રી મહેશભાઈ છો. વસાવા (દેડિયાપાડા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

**પ્રશ્ન**

આદિવાસી વિદ્યાર્થીઓ અંગ્રેજીમાં જાણકાર બને અને એસ.એસ.સી. માં વધુને વધુ વિદ્યાર્થીઓ અંગ્રેજી વિષય રાખે તે માટે સરકાર કોઇ વ્યવસ્થા ગોઠવવા માગે છે કે કેમ ?

**જવાબ**

હા, જુન-૨૦૦૬ થી માધ્યમિક કક્ષાએ અંગ્રેજી વિષય રાજ્યની તમામ શાળાના બાળકો માટે ફરજિયાત કરવામાં આવેલ છે. તેમજ સરકારશ્રીના આદિજાતિ વિકાસ વિભાગ અંતર્ગત ધોરણ-૮ થી ૧૦માં અભ્યાસ કરતા આદિવાસી વિદ્યાર્થીઓ માટે અંગ્રેજી ઉપરાંત ગણિત અને વિજ્ઞાનના વિષયોના વધારાના કોચીંગ વર્ગો ચલાવવાની યોજના સહાયક અનુદાનથી ચાલતા છાત્રાલયો પૂરતી અમલમાં છે.

------------

**સુરત જિલ્લાના પ્રાથમિક શિક્ષકોને પગાર નિયમિત આપવા અંગે**

૧૪૯૩૯ **શ્રી અનિલકુમાર મો. પટેલ (બારડોલી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

**પ્રશ્ન**

(૧) સુરત જિલ્લાની સરકારી પ્રાથમિક શાળાઓના શિક્ષકોને પગાર ઘણા સમયથી સમયસર આપવામાં નથી આવતો એ હકીકતથી સરકાર વાકેફ છે કે કેમ, અને

(૨) જો હા, તો નિયમિત પગાર ચૂકવવા સરકારે ક્યાં પગલાં લીધા છે ?

**જવાબ**

(૧) ઘણા સમયથી શિક્ષકોને સમયસર પગાર ચૂકવાતો નથી તે વાત સાચી નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**ગુજરાત સંગીત નાટક અકાદમી અને લલીતકલા અકાદમી દ્વારા પુરસ્કારો**

૧૪૫૫૭ **શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર) : માનનીય સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| સન ૨૦૦૩-૨૦૦૪-૨૦૦૫ના વર્ષના સંગીત નાટક એકેડમી અને લલીત કલા એકેડમી દ્વારા વર્ષવાર કોને કોને ક્યારે ક્યારે પુરસ્કાર જાહેર કરવામાં આવ્યા અને કઈ તારીખે અર્પણ કરવામાં આવ્યા ? | પુરસ્કાર જાહેર કરવામાં આવ્યા નથી. |

-------------

**ઉમરગામ તાલુકામાં કોલેજો**

૧૪૭૨૮ **શ્રી શંકરભાઈ મં. વારલી (ઉમરગામ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકામાં વિનયન અને વાણીજ્ય કોલેજો તારીખ ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ કેટલી છે ? | ૦૧ (એક). |

--------------

**આંગણવાડીઓના બાંધકામ માટે મેચીંગ કોન્ટ્રીબ્યૂશન**

૧૫૫૧૩ **શ્રી અંબાલાલ આ. રોહિત (સોજીત્રા) :માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) આંગણવાડીના બાંધકામ માટે ખૂટતી રકમ માટે મેચીંગ કોન્ટ્રીબ્યૂશન અપાય છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો ના, તો આવું આયોજન છે કે કેમ ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------

**રાજ્યમાં ઐતિહાસિક સ્મારકો**

૧૫૪૮૯ **શ્રી ટપુભાઈ લીંબાસિયા (રાજકોટ-૧) : માનનીય સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગુજરાત રાજ્યમાં કુલ કેટલા ઐતિહાસિક સ્મારકોને રક્ષિત સ્મારકો તરીકે નોંધવામાં આવ્યા છે, | (૧) ૩૩૧ સ્મારકો. |
| (૨) રક્ષિત જાહેર કરેલ સ્મારકોની જાળવણી માટે શું વ્યવસ્થા કરવામાં આવી છે, અને | (૨) રાજ્યમાં આવેલ ઐતિહાસિક અને પુરાતત્વીય મહત્વ ધરાવતા પ્રાચિન સ્મારકોને કાયદા હેઠળ રક્ષિત જાહેર કરીને જરૂરિયાત મુજબ નિભાવ, સંભાળ, દેખભાળ અને મરામત કરી જાળવણી કરવામાં આવે છે. |
| (૩) પ્રવાસીઓને રિક્ષત સ્મારકો પાછળનાં ઐતિહાસિક મૂલ્યોની માહિતી મળી રહે તે માટે તેને પ્રકાશિત કરવામાં આવે છે કે કેમ ? | (૩) હા, જી. |

-------------

### આણંદ જિલ્લામાં પોલીસ આવાસના કામો

૧૪૧૩૬ **શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ (શહેરા) : માનનીય પોલીસ આવાસો મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) છેલ્લા ત્રણ નાણાકીય વર્ષમાં આણંદ જિલ્લામાં કુલ કેટલી રકમના પોલીસ ખાતાના રહેણાંક / બિન રહેણાંક્ના કામો હાથ ઉપર લેવામાં આવેલ છે, અને | (૧) રૂા. ૭૦૫.૩૪ લાખ. |
| (૨) આ કામો પૈકી તા. ૩૧/૧/૦૬ સુધીમાં કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે ? | (૨) રૂા. ૭૦૫.૩૪ લાખ. |

-------------

### રાજ્યમાં કન્યાઓને તેમના વતનમાં માધ્યમિક શિક્ષણની સવલત

૧૫૪૭૩ **શ્રી નરેશકુમાર મી. કનોડિયા (કરજણ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| સરકાર રાજ્યમાં કન્યાઓના આગળ અભ્યાસ માટે તેમના વતનમાં ધો.-૧૦ સુધીનું શિક્ષણ મળી રહે તે માટે વિચારે છે કે કેમ ? | રાજ્યમાં ધોરણ-૧૦ સુધીનું શિક્ષણ બધાને મળી રહે તે માટે રાજ્ય સરકાર પ્રયત્નશીલ છે. |

-------------

### રાજ્યમાંથી પકડાયેલા નશીલા પદાર્થો

૧૪૯૫૪ **શ્રી સિધ્ધાર્થ મા. પરમાર (રાજકોટ ગ્રામ્ય) : માનનીય નશાબંધી મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા ત્રણ વર્ષમાં કુલ કેટલી કિંમતના ઈંગ્લીશ દારુ, દેશી દારુ અને ગાંજો વગેરે પકડાયેલ છે ? | તા. ૩૧/૧/૦૬ ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા ત્રણ વર્ષમાં નીચે દર્શાવેલ કિંમતનો ઈંગ્લીશ દારૂ, દેશી દારૂ અને ગાંજો, વગેરે પકડાયેલ છે. |

| વિગત | કુલ કિંમત (રૂપિયામાં) |
|---|---|
| દેશી દારૂ | ૭૯૨૦૬૭૧૪ |
| વિદેશી દારૂ | ૭૦૯૩૨૩૦૦૪ |
| વોશ | ૭૮૯૯૮૩૫૯ |
| ગાંજો | ૪૧૭૪૫૩૩૩ |
| ચરસ | ૯૮૦૦૦ |
| બ્રાઉન સુગર | ૩૬૪૪૩૧૧૨ |
| પોષ ડોડા | ૧૨૯૩૧૭૦ |
| કુલ : | ૯૪,૭૧,૦૭,૬૯૨ |

-------------

### ભાવનગર જિલ્લામાં પોલીસ આવાસના કામો

૧૪૧૩૯ **શ્રી શંકરભાઈ વી. રાઠવા (છોટાઉદેપુર) : માનનીય પોલિસ આવાસો મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) છેલ્લા ત્રણ નાણકીય વર્ષમાં ભાવનગર જિલ્લામાં કુલ કેટલી રક્મના પોલીસ ખાતાના રહેણાંક / બિન રહેણાંક્ના કામો હાથ ઉપર લેવામાં આવેલ છે, અને | (૧) રૂા. ૫૦૯.૬૩ લાખ. |
| (૨) આ કામો પૈકી તા. ૩૧/૧/૦૬ સુધીમાં | (૨) રૂા. ૫૦૯.૬૩ લાખ. |

કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે ?

-------------

**રાજ્યના પછાતવર્ગોના વિદ્યાર્થીઓને સ્વનિર્ભર કોલેજોમાં અનામતનો લાભ**

૧૪૯૨૬ **શ્રી રાકેશ રાવ (માતર) :માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) ફેબ્રુઆરી ૨૦૦૬ની સ્થિતિએ કેન્દ્ર સરકારે એસ.સી., એસ.ટી. તથા ઓ.બી.સી. સમાજના વિદ્યાર્થીઓને સ્વનિર્ભર ખાનગી કોલેજોમાં અનામતનો લાભ આપવાનાં પસાર કરેલ કાયદા પછી રાજ્યમાં આ સમાજના વિદ્યાર્થીઓને અનામતનો લાભ આપવા રાજ્ય સરકારે શું યોજના બનાવી છે, અને | (૧) અને (૨) આ બાબત વિચારણા હેઠળ છે. |
| (૨) નવા શૈક્ષણિક વર્ષથી આ વિદ્યાર્થીઓને લાભ મળે તે માટે સરકારે શું આયોજન કરેલ છે ? | |

-------------

**અમદાવાદ જિલ્લામાં પોલીસ આવાસના કામો**

૧૪૧૩૪ **શ્રી મહેશભાઈ સો. ભુરિયા (ભા.જ.પ.) : માનનીય પોલીસ આવાસો મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) છેલ્લા ત્રણ નાણકીય વર્ષમાં અમદાવાદ જિલ્લામાં કુલ કેટલી રકમના પોલીસ ખાતાના રહેણાંક / બિન રહેણાંક્ના કામો હાથ ઉપર લેવામાં આવેલ છે, અને | (૧) રૂા. ૧૮૦.૧૬ લાખ. |
| (૨) આ કામો પેકી તા. ૩૧/૧/૦૬ સુધીમાં કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે ? | (૨) રૂા. ૧૮૦.૧૬ લાખ. |

-------------

**રાજ્યની માધ્યમિક શાળાઓમાં અનુદાનિત નવા વર્ગો નહીં આપવા અંગે**

૧૫૪૯૨ **શ્રી જગદીશ ઠાકોર (દહેગામ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| રાજ્યની માધ્યમિક શાળાઓમાં સરકાર ગ્રાન્ટેડ વર્ગો આપતી નથી તે હકિકત સાચી છે ? | ના, જી. |

-------------

**ખેડબ્રહ્મા અને વિજયનગર તાલુકાઓમાં વિદ્યાલક્ષ્મી બોન્ડ આપવા અંગે**

૧૪૧૭૮ **શ્રીમતી રમીલાબેન બે. બારા (ખેડબ્રહ્મા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ખેડબ્રહ્મા અને વિજયનગર તાલુકામાં કેટલા "વિદ્યાલક્ષ્મી બોન્ડ" અર્પણ કરવામાં આવેલ છે ? | ખેડબ્રહ્મા ૫૭૫૯<br>વિજયનગર--૪૫૨ |

-------------

## અમદાવાદ શહેરમાં આંગણવાડીઓ

૧૫૪૮૪ **શ્રી જીતેન્દ્રકુમાર ઉ. વાઘેલા (શહેર કોટડા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ શહેરમાં કેટલી આંગણવાડીઓ તા. ૩૧-૧-૨૦૦૬ની સ્થિતિએ ચાલે છે, | (૧) અમદાવાદ શહેરમાં તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ ૯૭૮ આંગણવાડીઓ ચાલે છે. |
| (૨) ક્યા ક્યા વિસ્તારોમાં ચાલે છે, | (૨) અમદાવાદ શહેરના મોટા ભાગના વિસ્તારોમાં આંગણવાડીઓ ચાલે છે (પત્રક-૧ સામેલ છે.) |
| (૩) આંગણવાડીઓ સ્વૈચ્છિક સંસ્થાઓ ધ્વારા ચલાવવામાં આવે છે, અને | (૩) હા,જી. |
| (૪) જો હા, તો કઈ કઈ સ્વૈચ્છિક સંસ્થાઓ ધ્વારા ચલાવવામાં આવે ? | (૪) જે સ્વૈચ્છિક સંસ્થા ધ્વારા આંગણવાડીઓ ચલાવવામાં આવે છે તેનું પત્રક-૨ સામેલ છે. |

### પત્રક ૧

### અમદાવાદ શહેરના નીચેના વિસ્તારોમાં આંગણવાડીઓ ચાલે છે.

| | | | |
|---|---|---|---|
| ૧. | મણીનગર | ૨૬. | ઈસનપુર |
| ૨. | અમરાઈવાડી | ૨૭. | નિકોલ |
| ૩. | ખોખરા/મહેમદાવાદ | ૨૮. | વટવા |
| ૪. | ભાઈપુરા | ૨૯. | બાગે ફીરદોશ |
| ૫. | રાજપુર | ૩૦. | હાટકેશ્વર |
| ૬. | ગોમતીપુર | ૩૧. | વાસણા |
| ૭. | રખિયાલ | ૩૨. | સરદારનગર |
| ૮. | વાડજ | ૩૩. | મુઠીયા |
| ૯. | જૂનાવાડજ | ૩૪. | ઓઢવ |
| ૧૦. | અસારવા | ૩૫. | ખોખરા |
| ૧૧. | નરોડા | ૩૬. | શાહપુર |
| ૧૨. | સેજપુર | ૩૭. | ગીરધરનગર |
| ૧૩. | કાંકરીયા | ૩૮. | માધુપુરા |
| ૧૪. | બહેરામપુરા | ૩૯. | કાલુપુર |
| ૧૫. | સરદાર પટેલ સ્ટેડીયમ | ૪૦. | દરિયાપુર |
| ૧૬. | સાબરમતી | ૪૧. | રાયખડ |
| ૧૭. | ગાંધીગ્રામ | ૪૨. | નારણપુરા |
| ૧૮. | રાયખડ | ૪૩. | નવરંગપુરા |
| ૧૯. | ખાનપુર | ૪૪. | માધવપુરા |
| ૨૦. | જમાલપુર | ૪૫. | દુધેશ્વર |
| ૨૧. | ખાડીયા | ૪૬. | કુબેરનગર |
| ૨૨. | સરસપુર | ૪૭. | હાંસોલ |
| ૨૩. | પોટલીયા | ૪૮. | ભદ્રેશ્વર |
| ૨૪. | બાપુનગર | ૪૯. | નોબલનગર |
| ૨૫. | દાણીલીમડા | ૫૦. | કોતરપુર |

### પત્રક ૨

### નીચેની સ્વૈચ્છિક સંસ્થા દ્વારા આંગણવાડીઓ ચલાવવામાં આવે છે.

| | |
|---|---|
| લોક સેવક મંડળ | વાત્સલ્ય ટ્રસ્ટ |

| | |
|---|---|
| સંગિનિ મહિલા સેવા | માનવ સાધના ટ્રસ્ટ |
| સાથ ચેરીટબલ ટ્રસ્ટ | કે.એચ.જાની ચેરીટેબલ ટ્રસ્ટ |
| પટણી શેરી સેવા સંઘ | જનહિત ચેરીટેબલ ટ્રસ્ટ |
| સખી સદન | અખંડ જ્યોત ફાઉન્ડેશન |
| ભારતીય ગ્રામીણ મહિલા સંઘ | સમર્થન ટ્રસ્ટ |
| ધ્રુવ ચેરીટેબલ ટ્રસ્ટ | કર્ણાવતી મહિલા સ્વાસ્થ્યસંઘ |
| જયશક્તિ એજ્યુકેશન ટ્રસ્ટ | શક્તિ પ્રતિષ્ઠાન |
| શ્રી સંગિનિ મહિલા બાળ સેવા | ઉન્નત ગામ સમાજ |
| સુલોચના મેમોરીયલ ટ્રસ્ટ | કર્ણાવતી ચેરીટેબલ ટ્રસ્ટ |

-------------

## વલસાડ જિલ્લામાં નિરાધાર વિધવાઓને સહાય

૧૪૫૫૦ **શ્રી લક્ષ્મણભાઈ બા. પટેલ (પારડી) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વલસાડ જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ છેલ્લા ૨ વર્ષમાં વિધવા પુનઃ સ્થાપના યોજના અન્વયે કેટલી નિરાધાર વિધવા બહેનોની સહાય માટે અરજીઓ આવી, | (૧) ૭૧૧. |
| (૨) કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૩૮૮. |
| (૩) કેટલી બહેનોની અરજી આવી હોય છતાં સહાય કરવામાં આવેલ નથી ? | (૩) ૨૧૩ અરજીઓ ચકાસણી હેઠળ છે, તથા ૧૧૦ અરજીઓ ના મંજુર થઈ છે. |

-------------

## વલસાડ જિલ્લામાં દારૂ પકડવા અંગે

૧૪૦૭૫ **શ્રી જીતુભાઈ હ. ચૌધરી (મોટાપોંઢા) : માનનીય નશાબંધી મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વલસાડ જિલ્લામાં તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તાલુકાવાર કેટલો દારૂ પકડવામાં આવ્યો,

**જવાબ**

(૧) વલસાડ જિલ્લામાં તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તાલુકાવાર નીચે મુજબ દારુ પકડવામાં આવ્યો છે.

| તાલુકો | દારૂની કિંમત (રૂા.) |
|---|---|
| વલસાડ | ૧,૫૦,૪૯,૭૬૮ |
| પારડી | ૧,૭૫,૧૫,૨૧૮ |
| ઉમરગામ | ૮૭,૬૧,૯૫૦ |
| ધરમપુર | ૧૦,૯૭,૨૭૯ |
| કપરાડા | ૩,૭૮,૧૫૫ |
| **કુલ :** | **૪,૨૮,૦૨,૩૭૦** |

(૨) ક્યા પોલીસ સ્ટેશન હેઠળ વધુ રકમનો દારૂ પકડાયો, અને

(૨) પારડી પોલીસ સ્ટેશન (વાપી નશાબંધી પોલીસ સ્ટેશન) હેઠળ વધુ રકમનો દારૂ પકડાયેલ છે.

(૩) વલસાડ જિલ્લા બહારથી આવતા દારૂ માટે નાકાબંધી કરવા સરકારે શા પગલાં લીધા ?

(૩) વલસાડ જિલ્લામાં બહારથી આવતો દારૂ રોકવા માટે સંઘપ્રદેશ દમણની હદ પાસે નાકાબંધી કરી તહેવારો વખતે, બાતમી મળે ત્યારે તેમજ અવાર-નવાર પ્રોહિબીશન ડ્રાઈવ રાખી વાહનોનું સઘન ચેકીંગ કરવામાં આવે છે.

**અમદાવાદ શહેરમાં ત્વરીત રેશન કાર્ડ બનાવવાની યોજના**

૧૩૮૮૮ **શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા (રખિયાલ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદ શહેરમાં ત્વરીત રેશન કાર્ડ બનાવવાની યોજના ક્યારથી બંધ છે, અને

(૨) નવા રેશન કાર્ડ બનાવવાનાં નાગરિક અધિકાર પત્રની જોગવાઈ પ્રમાણે અમદાવાદ શહેરમાં અમલ ન થવાનાં શાં કારણો છે ?

**જવાબ**

(૧) અમદાવાદ શહેરમાં ત્વરીત રેશન કાર્ડ બનાવવાની યોજના તા. ૧/૭/૦૧ થી બંધ છે. હાલમાં અમદાવાદ શહેરમાં કોમ્પ્યુટરાઈઝડ રેશનકાર્ડ આપવામાં આવે છે. અગાઉ મેન્યુઅલ રેશનકાર્ડ બનાવીને આપવામાં આવતા હતા. તેથી તાત્કાલીક ટેમ્પરરી રેશનકાર્ડ આપવામાં આવતા હતા. હાલમાં કાયમી ધોરણે કોમ્પ્યુટરાઈઝડ રેશનકાર્ડ આપવામાં આવતા હોય ત્વરિત રેશનકાર્ડ (ટેમ્પરરી-કાર્ડ) આપવામાં આવતા નથી.

(૨) નાગરિક અધિકાર પત્ર મુજબ ૨૧ દિવસમાં કાર્ડ આપવાની જોગવાઈ છે. પરંતુ નીચેના કારણોસર કેટલાક કિસ્સાઓમાં આ સમય મર્યાદામાં કાર્ડ આપી શકાતા નથી.

(૧) અરજદાર તરફથી પુરતા પુરાવા રજુ ન થવાથી

(૨) એક કાર્ડમાંથી અલગ કરવા સ્થળ તપાસ કરવામાં આવતી હોવાથી.

(૩) કાર્ડ આપવાની સત્તા ફક્ત ગેઝેટેડ અધિકારીને છે અન્ન અને નાગરિક પુરવઠા નિયંત્રક અમદાવાદ શહેરની ક્ચેરીમાં ગેઝેટેડ અધિકારીની જગા હોવાથી ઝોનમાં રજુ થયેલ અરજીઓ મંજુરી માટે અન્ન અને નાગરિક પુરવઠા નિયંત્રક અમદાવાદ શહેરની ક્ચેરીએ મોકલવામાં આવે છે.

(૪) ખાનગી એજન્સી પાસે કાર્ડ તૈયાર કરવામાં આવે છે.

-------------

**જૂનાગઢ જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં શિક્ષકો અને ઓરડાઓની ઘટ**

૧૫૫૦૨ **શ્રી ભીખાભાઇ ગ.જોષી (માળીયા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર કુલ કેટલા પ્રાથમિક શિક્ષકો અને ઓરડાઓની ઘટ છે, અને

**જવાબ**

(૧) પ્રાથમિક શિક્ષકો અને ઓરડાઓની ઘ ટની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકા | શિક્ષકોની ઘટ | ઓરડાઓની ઘ ટ |
|---|---|---|---|
| ૧ | જૂનાગઢ | ૨૩ | ૧૦૯ |
| ૨ | વંથલી | ૧૪ | ૧૧ |
| ૩ | માણાવદર | ૧૦ | ૩૩ |
| ૪ | કેશોદ | ૧૦ | ૪૦ |
| ૫ | માંગરોળ | ૩૨ | ૬૫ |
| ૬ | માળીયા હાટીના | ૧૩ | ૧૨૧ |
| ૭ | વેરાવળ | ૦૦ | ૧૩૨ |
| ૮ | સુત્રાપાડા | ૧૭ | ૧૦૮ |
| ૯ | કોડીનાર | ૧૯ | ૨૬૬ |

| | | | |
|---|---|---|---|
| ૧૦ | ઉના | ૩૦ | ૫૯૧ |
| ૧૧ | તાલાલા | ૧૧ | ૩૦ |
| ૧૨ | મેંદરડા | ૧૧ | ૨૨ |
| ૧૩ | વિસાવદર | ૨૧ | ૩૫ |
| ૧૪ | ભેંસાણ | ૦૮ | ૦૨ |
| | કુલ | ૨૧૯ | ૧૫૬૫ |

(૨) આ ઘટ પૂરી કરવા સરકારે શું કાર્યવાહી કરી ?

(૨) જૂનાગઢ જિલ્લામાં શિક્ષકોની ઘટ નિવારવા માટે ૯૦ શિક્ષકોની નવી જગ્યાઓ મંજુર કરવામાં આવી છે, બાકીની ઘટ જેમ બને તેમ જલ્દીથી પૂર્ણ કરવામાં આવશે.
-ઓરડાઓની ઘટ નિવારવા ૪૨૪ નવા ઓરડા બનાવવાનું આયોજન કરેલ છે. બાકી રહેતા ૧૧૪૧ ઓરડાઓનું તબક્કાવાર આયોજન કરી ઘટ પૂર્ણ કરવામાં આવશે.

-------------

**કડી તાલુકામાં દારૂના દરોડા**

૧૪૩૫૪ **શ્રી બળદેવજી ચં. ઠાકોર (કડી) : માનનીય નશાબંધી મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કડી તાલુકામાં કેટલા દારૂના દરોડા પાડવામાં આવ્યા,

(૨) કેટલા ઈસમો સામે કેસ કરવામાં આવ્યા, અને

(૩) કેટલો વિદેશી દારૂ પકડાયો ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કડી તાલુકામાં કુલ-૧૪૧૨ દારૂના દરોડા પાડવામાં આવ્યા.

(૨) ૧૨૫૭ ઈસમો સામે કેસ કરવામાં આવ્યા.

(૩) રૂા. ૭૬૩૧૭૦ની કિંમતનો ૧૭૪૬ બોટલ વિદેશી દારૂ પકડાયો.

-------------

**કચ્છ જિલ્લામાં નવા દિનદયાળ ગ્રાહક ભંડારો**

૧૪૭૩૦ **શ્રી ગોપાલભાઈ ગા. ધુઆ (મુંદ્રા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સન ૨૦૦૪-૦૫ તથા ૨૦૦૫-૦૬માં દીનદયાળ ગ્રાહક ભંડાર યોજના હેઠળ કચ્છમાં કેટલી નવી દુકાનો શરૂ કરવાનું સરકારે આયોજન કરેલ છે,

(૨) કેટલી નવી દુકાનો તા. ૩૧/૧૨/૨૦૦૫ની સ્થિતિએ શરૂ થઈ છે, અને

(૩) કેટલી દુકાનો શરૂ કરવાની બાકી છે તે શરૂ કરવા માટેની કાર્યવાહી હાલ ક્યા તબક્કે છે અને ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) ૧૦૩.

(૨) ૩૪.

(૩) ૬૯ દુકાનો શરૂ કરવાની બાકી છે.

| ક્રમ | દુકાનો | ક્યા તબક્કે છે. |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧ | ૧૪ | પરવાના અપાઈ ગયેલ છે કાર્યરત |
| ૨ | ૧૯ | જિલ્લા પુરવઠા સલાહકાર |
| ૩ | ૨૮ | બીજા પ્રયત્ન માટે નવી જાહેરાત |

| | | |
|---|---|---|
| | | બહાર પાડવામાં આવેલ છે. |
| ૪ | ૮ | અન્ય કારણોસર બાકી છે. |
| કુલ | ૬૯ | -- |

જરૂરી કાર્યવાહી પૂર્ણ થયેથી સત્વરે શરૂ કરવામાં આવશે.

-------------

**બનાસકાંઠા જિલ્લાની પ્રાથમિક શાળાઓની મરામત માટે ગ્રાન્ટ**

૧૪૫૪૦ **શ્રી કાંતિલાલ ધ. કચોરિયા (પાલનપુર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

બનાસકાંઠા જિલ્લાની પ્રાથમિક શાળાઓની મરામત માટે તા. ૩૧/૧/૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સરકાર ધ્વારા કેટલી રકમની ફાળવણી કરવામાં આવી ?

**જવાબ**

રૂા. ૧૦૪.૦૦ લાખ.

-------------

**પ્રાગમલજી શિષ્યવૃત્તિ પુનઃ શરૂ કરવા અંગે**

૧૫૪૬૨ **શ્રી શીવજીભાઈ ક. આહીર (ભૂજ)** : તા. ૧૧-૩-૦૫ ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ અતારાંકિત પ્રશ્ન ક્રમાંક:૨૦૬૧ ના અનુસંધાને **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પ્રાગમલજી શિષ્યવૃત્તિ (કચ્છ બોનીવોલન્ટ ફંડ શિષ્યવૃત્તિ) જે બંધ પડી છે તેને ફરી શરૂ કરવાની કામગીરી જાન્યુઆરી-૨૦૦૬ની સ્થિતિએ કયા તબકકામાં છે,

(૨) તમામ જરૂરી વિધિ પૂર્ણ થતાં કેટલો સમય થશે, અને

(૩) આ શિષ્યવૃત્તિ ક્યાં સુધીમાં પુનઃ શરૂ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) આ ફંડની રકમ એકાઉન્ટન્ટ જનરલ કચેરી હસ્તક છે તે સમિતિ હસ્તક લેવા અને કલેકટરશ્રીના હવાલે રહે તેવા નિર્ણય સમિતિ દ્વારા કરવામાં આવેલ છે.

(૨) અને (૩) સમિતિની ભલામણ અન્વયે શિષ્યવૃત્તિની રકમ કલેકટરશ્રી, કચ્છને હવાલે મૂકવા મંજૂરી આપવાની કાર્યવાહી આખરી તબક્કામાં છે,

-------------

**જૂનાગઢ જિલ્લામાં પ્રાથમિક શાળાઓના ઓરડા**

૧૪૪૪૦ **શ્રી ગોવિંદભાઈ વ. પરમાર (તલાલા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જૂનાગઢ જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાઈઝડ ડી.પી.ઈ.પી. / સર્વ શિક્ષા અભિયાન હેઠળ કુલ કેટલા ઓરડા બનાવવામાં આવ્યા,

(૨) તે પૈકી સૂત્રાપાડા, તાલાળા. અને વેરાવળ તાલુકામાં પ્રથમિક શાળા વાઈઝ કુલ કેટલા ઓરડાની ઘટ છે,

(૩) આ ઘટતા ઓરડાઓ બનાવવા માટે શું આયોજન કરવામાં આવેલ છે, અને

(૪) કેટલા સમયમાં પૂર્ણ થશે ?

**જવાબ**

(૧) પત્રક -૧ મુજબ

(૨) પત્રક -૨ મુજબ

(૩) સૂત્રાપાડા ૭૯, તલાળામાં ૧૬ અને વેરાવળમાં ૯૨ નવા ઓરડા બનાવવાનું આયોજન કરવામાં આવેલ છે.

(૪) જેમ બને તેમ જલ્દી.

## પત્રક - ૧

### જુનાગઢ જિલ્લામાં બાંધેલ નવા ઓરડાઓની તાલુકાવાર વિગત

| ક્રમ | તાલુકાનું નામ | વર્ષ | | |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | ભેંસાણ | ૬ | ૨ | ૮ |
| ૨ | જૂનાગઢ | ૫ | ૧૮ | ૨૩ |
| ૩ | કેશોદ | ૯ | ૧૦ | ૧૯ |
| ૪ | કોડીનાર | ૧૮ | ૬ | ૨૪ |
| ૫ | માળીયા-હાટીના | ૬ | ૧૩ | ૧૯ |
| ૬ | માંગરોળ | ૬ | ૭ | ૧૩ |
| ૭ | માણાવદર | ૩ | ૭ | ૧૦ |
| ૮ | મેંદરડા | ૮ | ૭ | ૧૫ |
| ૯ | સુત્રાપાડા | ૧૨ | ૨૫ | ૩૭ |
| ૧૦ | તલાલા | ૭ | ૭ | ૧૪ |
| ૧૧ | ઉના | ૨૭ | ૬૩ | ૯૦ |
| ૧૨ | વંથલી | ૦ | ૨ | ૨ |
| ૧૩ | વેરાવળ | ૩૨ | ૩૮ | ૭૦ |
| ૧૪ | વિસાવદર | ૪ | ૭ | ૧૫ |
| | કુલ | ૧૪૩ | ૨૧૨ | ૩૫૫ |

## પત્રક - ૨

### સુત્રાપાડા, તાલાળા અને વેરાવળ તાલુકાઓમાં ઓરડાઓની શાળાવાઈઝ ઘટની વિગત

| ક્રમ | તાલુકો | ક્રમ | શાળાનું નામ | ઓરડાની ઘટ |
|---|---|---|---|---|
| ૧ | સુત્રાપાડા | ૧ | વડોદરા ઝાલા | ૪ |
| | | ૨ | વાવડી પ્રાથમિક શાળા | ૧ |
| | | ૩ | બંદર પ્રા. શા. | ૨ |
| | | ૪ | ચિત્રકુટસીમ | ૨ |
| | | ૫ | વૃંદાવનસીમ | ૧ |
| | | ૬ | કન્યાશાળા લોઢવા | ૫ |
| | | ૭ | કન્યાશાળા પ્રશ્નાવડા | ૪ |
| | | ૮ | કન્યાશાળા પ્રશ્નાવડા | ૧ |
| | | ૯ | ગાયત્રી સીમ | ૧ |
| | | ૧૦ | થરેલી પ્રા. શા. | ૪ |
| | | ૧૧ | પે. સે. શાળા, લોઢવા | ૧ |
| | | ૧૨ | કનકેશ્વરસીમ | ૨ |
| | | ૧૩ | આત્મેશ્વરસીમ | ૩ |
| | | ૧૪ | ઠસિંગસર | ૪ |
| | | ૧૫ | સહયોગસીમ | ૧ |
| | | ૧૬ | ઉંબરી સીમ | ૧ |
| | | ૧૭ | ધામળેજ પે. એ. શાળા | ૧૫ |
| | | ૧૮ | બંદર શાળા | ૫ |
| | | ૧૯ | કણજોતર | ૨ |
| | | ૨૦ | થોરડી | ૨ |
| | | ૨૧ | મોરડીયા પે. સે. શાળા | ૨ |
| | | ૨૨ | મટાણા પ્રા. શા. | ૧ |
| | | ૨૩ | કડસલા પ્રા. શા. | ૧ |
| | | ૨૪ | પે. સે. શાળા - પ્રાંસલી | ૩ |
| | | ૨૫ | રંગપુર | ૧ |
| | | ૨૬ | વાંસાવડ | ૧ |
| | | ૨૭ | પીપળવા | ૨ |
| | | ૨૮ | ભુવાવાડા | ૩ |
| | | ૨૯ | રામેશ્વર સીમ | ૨ |
| | | ૩૦ | ઘંટીયા | ૨ |
| | | ૩૧ | પ્રાંચી | ૨ |
| | | ૩૨ | વિરોદર | ૩ |

| ક્રમ | તાલુકો | ક્રમ | શાળાનું નામ | ઓરડાની ઘટ |
|---|---|---|---|---|
| | | ૩૩ | લાખાપરા | ૧ |
| | | ૩૪ | ઘંટીયા સીમ | ૨ |
| | | ૩૫ | નવાપરા સીમ | ૩ |
| | | ૩૬ | સુંદરપરા | ૧ |
| | | ૩૭ | અમરાપુર | ૨ |
| | | ૩૮ | ચગીયાસીમ | ૧ |
| | | ૩૯ | બોસન | ૧ |
| | | ૪૦ | મોરાસા | ૫ |
| | | ૪૧ | નવાગામ | ૧ |
| | | ૪૨ | પે. સે. કદવાર | ૩ |
| | | ૪૩ | લાટી | ૪ |
| | | **કુલ** | | **૧૦૮** |
| ૨ | તાલાળા | ૧ | રમળેચી | ૧ |
| | | ૨ | ઘુંસીયા કન્યા શા. | ૧ |
| | | ૩ | આંબળાશ ક. શા. | ૧ |
| | | ૪ | સાસણ પે. સે. શા. | ૪ |
| | | ૫ | હડમતીયા પે. સે. શા. | ૧ |
| | | ૬ | મંડોરણા | ૨ |
| | | ૭ | જાવંત્રી | ૧ |
| | | ૮ | પ્રાચી રોડ | ૧ |
| | | ૯ | લીમધ્રા | ૧ |
| | | ૧૦ | આંકોલવાડી પે. સે. શા. | ૨ |
| | | ૧૧ | રાયડી | ૧ |
| | | ૧૨ | વડાળા | ૨ |
| | | ૧૩ | રાતીધાર | ૧ |
| | | ૧૪ | ગુંદરણ પ્રા. શાળા | ૭ |
| | | ૧૫ | બોરવાવ પ્રા. | ૪ |
| | | | **કુલ** | **૩૦** |
| ૩ | વેરાવળ | ૧ | પે. સે. નં.-૧, વેરાવળ | ૨ |
| | | ૨ | ડાભોર | ૧ |
| | | ૩ | તાંતીવેલા | ૩ |
| | | ૪ | ગોવિંદપરા કુમાર | ૧ |
| | | ૫ | ગોવિંદપરા કન્યા | ૧ |
| | | ૬ | હરસિધ્ધી | ૩ |
| | | ૭ | પે. સે. શાળા ભીડીયા | ૨ |
| | | ૮ | ભીડીયા કન્યા | ૬ |
| | | ૯ | ભાલપરા | ૧ |
| | | ૧૦ | ચાંદખતાલ સીમ | ૫ |
| | | ૧૧ | ભાલપરા નવા પ્લોટ | ૧ |
| | | ૧૨ | પે. સે. પ્રભાસપાટણ | ૨૨ |
| | | ૧૩ | પ્રભાસપાટણ કન્યા | ૨૨ |
| | | ૧૪ | મીઠાપુર | ૬ |
| | | ૧૫ | ચાંદવાવ કાદીસીમ | ૨ |
| | | ૧૬ | મીઠાપુર સીમ | ૧ |
| | | ૧૭ | પાંચપીર સીમ શાળા | ૨ |
| | | ૧૮ | વડોદરા સીમ | ૧ |
| | | ૧૯ | સિડોકર સીમ-૧ | ૧ |
| | | ૨૦ | સિડોકર સીમ-૨ | ૧ |
| | | ૨૧ | નાવદ્રા | ૨ |
| | | ૨૨ | બાદલપરા | ૧ |
| | | ૨૩ | ઈશ્વરીયા | ૨ |
| | | ૨૪ | મંડોર | ૨ |
| | | ૨૫ | ભેરાળા | ૧ |
| | | ૨૬ | પે. સે. શાળા, ઈણાજ | ૩ |
| | | ૨૭ | મોરાજ | ૧ |
| | | ૨૮ | ઉંબા | ૩ |
| | | ૨૯ | ઉમરાળા | ૧ |
| | | ૩૦ | આંબલીયાળા | ૩ |
| | | ૩૧ | પે. સે. શાળા સુપાસી | ૧ |
| | | ૩૨ | પાલડી | ૧ |
| | | ૩૩ | સીમાર | ૧ |
| | | ૩૪ | પાલડી સીમ | ૧ |
| | | ૩૫ | દેદા સીમ | ૧ |
| | | ૩૬ | ગુણવંતપુર | ૧ |
| | | ૩૭ | કોડીદરા | ૨ |

| ક્રમ | તાલુકો | ક્રમ | શાળાનું નામ | ઓરડાની ઘટ |
|---|---|---|---|---|
| | | ૩૮ | માથાસુરીયા | ૧ |
| | | ૩૯ | લુંભા | ૨ |
| | | ૪૦ | ઈન્દ્રોય | ૩ |
| | | ૪૧ | બીજ | ૨ |
| | | ૪૨ | બોળાશ | ૪ |
| | | ૪૩ | નાખડા | ૨ |
| | | ૪૪ | આજોઠા સીમ | ૧ |
| | | ૪૫ | છાત્રોડા | ૧ |
| | | ૪૬ | છાત્રોડા સીમ | ૧ |
| | | | **કુલ** | **૧૩૨** |

-------------

## આંગણવાડીઓમાં ક્રમ કરતી બહેનોને વીમા કવચ

૧૫૪૯૭ **શ્રી કાંતિલાલ રા. લકુમ (બાવળા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) આંગણવાડીમાં ફરજ બજાવતી બહેનોને વીમા કવચ પુરું પાડવામાં આવે છે કે કેમ, | (૧) હા. જી. |
| (૨) જો હા, તો તેમાં સરકાર વ્યક્તિદીઠ કેટલું પ્રિમિયમ ચૂકવે છે, અને | (૨) ભારત સરકાર તરફથી રૂા. ૧૦૦/- ભારતીય જીવન વીમ નિગમ સોસીયલ સિક્યુરીટી ફંડમાંથી ફાળો - રૂા. ૧૦૦/-નો ફાળો મળી કુલ રૂા. ૨૦૦/- વ્યક્તિદીઠ ચુકવાય છે. |
| (૩) કેટલી રક્મ વીમા ધારકે ચૂકવવાની હોય છે ? | (૩) રૂા. ૮૦/- |

-------------

## અમદાવાદ જિલ્લામાં મધ્યાહન ભોજન યોજનાની કામગીરી

૧૪૫૫૪ **ડૉ. જીતેન્દ્રભાઈ બા. પટેલ (સાબરમતી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૦/૬/૦૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમદાવાદ જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં મધ્યાહન ભોજન યોજના હેઠળ કેટલો ખર્ચ થયો, | (૧) રૂા. ૩,૯૯,૬૭,૨૧૦/- |
| (૨) મધ્યાહન ભોજન યોજનાની કામગીરી જાહેર સંસ્થાને સોંપવાનું કોઈ આયોજન છે કે કેમ, અને | (૨) ચોકક્સ વિસ્તારોમાં પ્રાયોગિક ધોરણે આ યોજના સ્વૈચ્છિક સંસ્થાઓ મારફતે ચલાવવાની બાબત વિચારણા હેઠળ છે. |
| (૩) જો હા, તો તે અંગે શું કામગીરી હાથ ધરવામાં આવી છે ? | (૩) બાબત હજુ વિચારણાના તબકકે હોઈ કામગીરીનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------

## તળાજા તાલુકાની શેઠ. ન. મો. મહેતા હાઈસ્કુલમાં ભરતીમાં શરત ભંગ

૧૫૪૯૮ **શ્રી સુનીલ બા. ઓઝા (ભાવનગર શહેર (દક્ષિણ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સન ૨૦૦૫-૦૬ ભાવનગર જિલ્લામાં તળાજા તાલુકામાં ત્રાપજ ગામે શેઠ ન. મો. મહેતા હાઈસ્કુલને સરકારે આપેલ એન.ઓ.સી.ની શરત નં. ૭ વિરુધ્ધ શાળામાં ભરતી થઈ છે તેની સરકારને માહિતી છે કે કેમ, અને | (૧) શાળાને આપેલ એન.ઓ.સી. ની શરત નં. ૭ની વિરુધ્ધ ભરતી થયેલ નથી. |
| (૨) જો હા, તો તે અંગે સરકારે શા પગલા લીધા છે? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------

**સુરેન્દ્રનગર જિલ્લામાં પોશ ડોડા વેચાણ પરવાના માટે અરજીઓ**

૧૫૪૭૧ **શ્રી જયંતિલાલ રા. કવાડિયા (હળવદ) : માનનીય નશાબંધી મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૧-૨-૦૬ના સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લામાં પોશ ડોડા વેચાણના પરવાના માટે કેટલી અરજીઓ તાલુકાવાર આવી, | (૧) તા. ૧-૨-૦૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લામાં પોશડોડા વેચાણના પરવાના માટે પાંચ અરજીઓ આવી હતી જે તાલુકાવાર નીચે મુજબ છે :- |

| તાલુકો | આવેલ અરજી |
|---|---|
| સાયલા | ૧ |
| ચોટીલા | ૧ |
| ધ્રાંગધ્રા | ૧ |
| હળવદ | ૧ |
| ચુડા | ૧ |
| કુલ | ૫ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) તે પેકી કેટલી અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો, | (૨) તે પેકી બે અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો. |
| (૩) કેટલી અરજીઓનો નિકાલ કરવાનો બાકી છે, અને | (૩) ત્રણ અરજીઓનો નિકાલ કરવાનો બાકી છે. |
| (૪) તેનો કેટલા સમયમાં નિકાલ કરવામાં આવશે? | (૪) આ અરજીઓ માન્ય વહીવટી પ્રક્રીયા અનુસાર જિલ્લા નશાબંધી સલાહકાર સમિતિમાં મુકાયા બાદ હકારાત્મક કે નકારાત્મક નિર્ણયની વિગતે જિલ્લા કચેરી તરફથી દરખાસ્ત કમિશનર કચેરી મારફતે વિભાગને મળ્યેથી નિર્ણય લઈને ત્વરીત નિકાલ કરવામાં આવશે. |

-------------

**રાજ્યના આદિજાતિ વિસ્તારોમાં માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓની ઘટ**

૧૫૫૩૨ **શ્રી વેચાતભાઈ હ. બારિયા (પાવી-જેતપુર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં ટ્રાયબલ વિસ્તારમાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક સ્કુલોની ઘટ છે તે સરકાર જાણે છે, અને | (૧) હા જી. |
| (૨) જો હા, તો તે ઘટ દૂર કરવા કોઈ આયોજન છે કે કેમ ? | (૨) આ ઘટ દૂર કરવા રાજ્ય સરકાર પ્રયત્નશીલ છે. |

-------------

**કેશોદ તાલુકામાં પ્રાથમિક શાળાના ઓરડાઓની ઘટ**

૧૫૬૩૫ **શ્રી માધાભાઈ લા. બોરીચા (કેશોદ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૦૫ની સ્થિતિએ કેશોદ તાલુકામાં પ્રાથમિક શાળાઓના કુલ કેટલા ઓરડાઓની ઘટ છે, અને | (૧) ૪૦ |
| (૨) આ ઘટ ક્યાં સુધીમાં પૂરી કરવા સરકાર વિચારે છે? | (૨) જેમ બને તેમ જલ્દી. |

-------------

## અમદાવાદમાં રમતગમત સંકુલ વિકસાવવા અંગે

૧૪૯૪૯ **ડૉ. માયાબેન સુ. કોડનાની (નરોડા) : માનનીય રમતગમત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ શહેરના ઉત્તર-પૂર્વ વિસ્તારમાં સરકાર રમતગમત સંકુલ વિકસાવવા માંગે છે કે કેમ, | (૧) હા જી. |
| (૨) જો હા, તો ક્યા વિસ્તારમાં, કેટલા એરિયામાં અને કઈ કઈ રમતો માટે, અને | (૨) નવા નરોડા ગ્રામ પંચાયત વિસ્તારમાં આશરે ૧૪ એકર જેટલી જમીનમાં એથ્લેટીક્સ, કુસ્તી, જૂડો, ટેબલ ટેનીસ, યોગ, બેડમિન્ટન, બાસ્કેટબોલ, વોલીબોલ, કબડ્ડી, ખો-ખો વગેરે રમતો માટે રમત સંકુલ વિકસાવવા માંગે છે. |
| (૩) હાલ કાર્યવાહી ક્યા તબકકે છે ? | (૩) જમીન પ્રાપ્તિ અંગેની કાર્યવાહી ચાલુ છે. |

-------------

## રાજ્યમાં દારૂની પરમીટો

૧૪૩૨૨ **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (જસદણ) : માનનીય નશાબંધી મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| ડિસેમ્બર-૦૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમ્યાન રાજ્યમાં જિલ્લાવાર દારૂના વેચાણ કે પીવા માટે કુલ કેટલી પરમીટો જિલ્લાવાર આપવામાં આવી? | ડીસેમ્બર-૨૦૦૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમ્યાન રાજ્યમાં જિલ્લાવાર દારૂના વેચાણ માટે કુલ-૧ એફ.એલ. ૧ અને એફ.એલ.-૨ પરવાનો રાજકોટ જિલ્લામાં તેમજ દારૂ પીવા માટે કુલ ૨૯૪૭૭ પરમીટો જિલ્લાવાર એનેક્ષર-"અ" પ્રમાણે આપવામાં આવેલ છે. |

**એનેક્ષર - અ**

તા. ૦૧-૦૧-૨૦૦૫ થી તા. ૩૧-૧૨-૨૦૦૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમ્યાન રાજ્યમાં જિલ્લાવાર દારૂ પીવાની આપવામાં આવેલ કુલ પરમીટોની વિગત દર્શાવતુ પત્રક

| અ.નં. | જિલ્લાનું નામ | કુલ પરમીટ |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧ | અમદાવાદ | ૫૬૦૬ |
| ૨ | ગાંધીનગર | ૨૬૭ |
| ૩ | વડોદરા | ૫૨૨૯ |
| ૪ | સુરત | ૪૦૫૪ |
| ૫ | રાજકોટ | ૨૯૮૯ |
| ૬ | ભાવનગર | ૧૭૦ |
| ૧ | ૨ | ૩ |
| ૭ | વલસાડ | ૯૫ |
| ૮ | ડાંગ | ૭ |
| ૯ | નવસારી | ૮૬ |
| ૧૦ | ભરૂચ | ૪૭૪ |
| ૧૧ | નર્મદા | ૩૫ |
| ૧૨ | ખેડા | ૧૯૩૦ |

| | | |
|---|---|---|
| ૧૩ | આણંદ | ૩૬૯૦ |
| ૧૪ | દાહોદ | ૩૬ |
| ૧૫ | ગોધરા | ૧૫૨ |
| ૧૬ | સાબરકાંઠા | ૩૨૯ |
| ૧૭ | મહેસાણા | ૨૭૮ |
| ૧૮ | પાટણ | ૫૨ |
| ૧૯ | બનાસકાંઠા | ૫૮ |
| ૨૦ | કચ્છ-ભૂજ | ૨૧૩૨ |
| ૨૧ | જામનગર | ૧૧૫૫ |
| ૨૨ | જૂનાગઢ | ૨૨૭ |
| ૨૩ | પોરબંદર | ૧૫૭ |
| ૨૪ | અમરેલી | ૪૫ |
| ૨૫ | સુરેન્દ્રનગર | ૨૨૪ |
| | કુલ... | ૨૯૪૭૭ |

-------------

**સુરત જિલ્લામાં સસ્તા અનાજની દુકાનોની ફાળવણી**

૧૪૧૮૭ **શ્રી મનીષ ન. ગીલીટવાલા (સુરત શહેર (પૂર્વ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સન ૨૦૦૫-૦૬ના વર્ષમાં તા. ૩૧-૧-૦૬ સુધીમાં સુરત જિલ્લામાં તાલુકાવાર સસ્તા અનાજની દુકાનો કેટલી ફાળવી. અને

**જવાબ**

(૧) સન ૨૦૦૫-૦૬ના વર્ષમાં તા. ૩૧-૧-૦૬ સુધીમાં સુરત જિલ્લામાં તાલુકાવાર નીચે મુજબ વ્યાજબી ભાવની દુકાનો ફાળવવામાં આવેલ છે.

| ક્રમ | તાલુકાનું નામ | ફાળવેલ દુકાનોની સંખ્યા |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧ | ચોર્યાસી | ૩૯ |
| ૨ | બારડોલી | ૧૧ |
| ૩ | વ્યારા | ૨૧ |
| ૪ | સોનગઢ | ૫ |
| ૫ | ઉચ્છલ | ૫ |
| ૬ | નિઝર | ૬ |
| ૭ | ઓલપાડ | ૧૩ |
| ૮ | પલસાણા | ૧૩ |
| ૯ | કામરેજ | ૧૦ |
| ૧૦ | મહુવા | ૧૪ |
| ૧૧ | વાલોડ | ૭ |
| ૧૨ | માંડવી | ૭ |
| ૧૩ | માંગરોળ | ૧૦ |
| ૧૪ | ઉમરપાડા | ૧૦ |
| | કુલ દુકાનો | ૧૭૧ |

(૨) આવી ફાળવણીમાં ગેરરીતિઓ થઈ છે તે હકીકત સાચી છે ?

(૨) ના, જી.

-------------

## રાજ્યમાં મહિલા આયોગની કામગીરી

૧૪૨૭૩ **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિધ્ધપુર) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં મહિલા આયોગની કુલ કેટલી મીટીંગો સરકાર ધ્વારા ડિસેમ્બર-૦૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં બોલાવવામાં આવી, ક્યારે, | (૧) સરકાર દ્વારા કોઇ બેઠક બોલાવવાની રહેતી નથી. આયોગ દ્વારા ત્રણ બેઠકો બોલાવવામાં આવેલ છે.<br>(૧) તા. ૪-૪-૦૫<br>(૨) તા. ૨૨-૭-૦૫<br>(૩) તા. ૨૭-૧૦-૦૫ |
| (૨) ક્યા હેતુસર અને ક્યાં, અને | (૨) ગુજરાત રાજ્ય મહિલા આયોગ અધિનિયમ-૨૦૦૨ના નિયમ-૧૪માં દર્શાવેલ કાર્યો માટે ત્રણે બેઠકો સરકીટ હાઉસ ગાંધીનગર ખાતે આયોગ દ્વારા બોલાવવામાં આવી હતી. |
| (૩) આ આયોગ ધ્વારા જાન્યુઆરી-૦૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં શું શું કાર્યવાહી કરવામાં આવી? | (૩) **૧.** વિગતો નીચે મુજબ છે.<br>(૧) રાજ્ય સરકારની કચેરીઓ રાજ્ય સરકાર હસ્તકના જાહેર સાહસોની કચેરીઓમાં ભરતીમાં મહિલાઓ માટે કરાયેલ અનામતની જોગવાઇનું પાલન કરવામાં આવે તે જોવા તમામ સંબંધીત વિભાગોને જણાવેલ છે.<br>(૨) રાજ્ય સેવા સંવર્ગો માટે મહિલા કર્મચારીઓની જાતીય સતામણી સંદર્ભમાં નિયમોમાં જોગવાઇ કરી છે. તે પ્રમાણે રાજ્ય સરકાર હેઠળના અન્ય સંવર્ગો/જાહેર સાહસોમાં જોગવાઇ કરવા વિભાગોને જણાવ્યું છે.<br>(૩) ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ, રાજ્યના મ્યુનિસિપલ કોર્પોરેશન્સ, નગરપાલિકાઓ વગેરે સંચાલિત બસ સેવામાં મહિલા મુસાફરો માટે અનામત બેઠકોની જોગવાઇનો અમલ કરાવવા અને જોગવાઇ ન હોય ત્યાં જરૂરી જોગવાઇ કરી તેનો અમલ કરાવવા સબંધિત વહીવટી વિભાગને જણાવ્યું છે.<br>(૪) વિદ્યાર્થીનીઓની રેગીંગ/છેડતી જેવી પ્રવૃત્તિ કરનાર સામે દાખલો બેસે તેવા કડક પગલાં માટેની જોગવાઇ કરવા ઉપરાંત વિદ્યાર્થીનીઓ આ પ્રકારના દુષણનો સામનો કરી શકે તે માટે તેમને માધ્યમિક કક્ષાએથી જુડો/કરાટે પ્રકારની વિશેષ તાલીમ આપવા વિચારણા કરવા શિક્ષણ વિભાગને ભલામણ કરી છે.<br>**૨.** આયોગને તા. ૩૧-૧-૦૬ સુધીમાં મળેલ કુલ ૧૮૧ અરજીઓ પર જરૂરી કાર્યવાહી હાથ ધરી સબંધીતોને સુચના આપવામાં આવી છે. |

૩. આયોગે જાન્યુઆરી-૦૬ સુધીમાં રાજ્યના અમદાવાદ, વડોદરા, નડિયાદ(ખેડા), આણંદ, ગાંધીનગર, બનાસકાંઠા, સાબરકાંઠા, જામનગર જિલ્લાની કુલ ૩૫ નારી સંસ્થાઓ/જેલ/મહિલા પોલીસ સ્ટેશન/કચેરીની મુલાકાત લીધી છે.

**૪.** અન્ય રાજ્યોના આયોગની કાર્યરીતિનો અભ્યાસ કરવાના હેતુથી તા. ૨૫-૫-૦૫થી તા. ૨૮-૫-૦૫ દરમ્યાન રાજસ્થાન મહિલા આયોગ અને જુલાઇ-૦૫માં દિલ્હી રાજ્ય મહિલા આયોગની મુલાકાત લીધી હતી. રાષ્ટ્રીય મહિલા આયોગ, દિલ્હી દ્વારા જુલાઇ-૦૫ તથા નવેમ્બર-૦૫માં યોજાયેલ સેમિનારમાં આયોગના માન. અધ્યક્ષશ્રીએ હાજરી આપી હતી. અને બહેનોના પ્રશ્નોની ચર્ચામાં સિનીયર સીટીઝન બહેનોના મિલ્કતના કેસોનો જલ્દી નિરાકરણ થાય અને ન્યાય મળે તો જ તેઓ પોતાની હયાતીમાં મિલ્કતનો સદઉપયોગ કરી શકે તેવી રજુઆત સેમિનારમાં કરી હતી.

**૫.** આયોગના સભ્યશ્રીએ પણ મહેસાણા, બનાસકાંઠા, સાબરકાંઠા જિલ્લાની સંસ્થા/જેલની મુલાકાત લીધી હતી.

-------------

## સ્વનિર્ભર પી.ટી.સી. અને બી.એડ. કોલેજોને માન્યતા

૧૪૨૦૭ **શ્રી બાલુભાઈ તંતી (ધારી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ચાલુ શૈક્ષણિક વર્ષમાં તા. ૩૧-૧-૦૬ સુધીમાં કેટલી નવી સેલ્ફ ફાઈનાન્સ પી.ટી.સી. અને બી.એડ. કોલેજોની માન્યતા અંગે અરજીઓ આવી હતી, અને | (૧) માન્યતા માટેની અરજીઓ એન.સી.ટી.ઇ.ને કરવાની રહે છે. |
| (૨) આમાંની કેટલી કોલેજોને માન્યતા આપવામાં આવી ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------

## રાજ્યની જેલોમાં ક્ષમતા કરતા વધુ કેદીઓ

૧૫૫૨૮ **શ્રી પ્રવિણભાઈ ટી. મારૂ (ગઢડા) : માનનીય જેલ મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા)જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ રાજ્યની જેલોમાં ક્ષમતા કરતાં કુલ કેટલા વધુ કેદીઓ છે, અને | (૧) ૫૭૮૩. |
| (૨) રાજ્ય સરકાર નવી જેલો બનાવા માંગે છે કે કેમ? | (૨) હા, જી. |

-------------

## કચ્છ જિલ્લાના બી.પી. એલ. અને એ.પી.એલ. કાર્ડ ધારકોને નાગરિક પુરવઠાની ફાળવણી

૧૪૯૩૦ **શ્રી છબીલદાસ ના. પટેલ (માંડવી) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા)જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) બી.પી.એલ. અને એ.પી.એલ. રેશનીંગ કાર્ડમાં કેરોસીન, ખાંડ, ઘઉં, ચોખા વગેરે વ્યક્તિ દીઠ કેટલી ફાળવણી કરવાની હોય છે,

(૨) તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લાને દર માસે કેટલી ફાળવણી કરવાની થતી હતી અને તે પૈકી કેટલી ફાળવણી કરવામાં આવી, અને

(૩) ઓછી ફાળવણી કરવાનાં કારણો શા શા છે?

**જવાબ**

(૧) પત્રક - ૧ મુજબ.

(૨) પત્રક-૨ અને પત્રક-૩ મુજબ.

(૩) (૧) કચ્છ જિલ્લાને કરવામાં આવેલ અનાજની ફાળવણીનો જથ્થો સંતોષકારક વિતરણ માટે પુરતો હતો. (૨) રાજ્યના તમામ જિલ્લાઓના નોન ગેસ ધારકોના કાર્ડની સંખ્યા તેમજ નિયત કરાયેલ વિતરણ પ્રમાણને અનુલક્ષીને સમગ્ર રાજ્યની કેરોસીનની થતી જરૂરીયાત સામે કેન્દ્ર સરકાર તરફથી મળતી કેરોસીનની ફાળવણી અપૂરતી છે.

### પત્રક-૧

સરકારશ્રી દ્વારા બીપીએલ, અંત્યોદય અને એપીએલ યોજના અન્વયે રેશનકાર્ડ દીઠ મહત્તમ અને વ્યક્તિગત કેરોસીન, લેવી ખાંડ, ઘઉ, ચોખાનું પ્રવર્તમાન વિતરણ પ્રમાણ નીચેની વિગતે નક્કી કરવામાં આવેલ છે

| ક્રમ નં. | માલની જાત | વિતરણ પ્રમાણ | |
|---|---|---|---|
| | | વ્યક્તિદીઠ કી. ગ્રામ | કાર્ડદીઠ મહત્તમ કી. ગ્રામ |
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | ઘઉં બીપીએલ યોજના | ૧.૫૦૦ | ૯.૦૦૦ |
| ૨ | ચોખા બીપીએલ યોજના | ૧.૦૦૦ | ૩.૫૦૦ |
| ૩ | ઘઉં બીપીએલ યોજના વધારાના | -- | ૫.૦૦૦ |
| ૪ | ચોખા બીપીએલ યોજના વધારાના | -- | ૨.૫૦૦ |
| ૫ | ઘઉ-અંત્યોદય અન્ન યોજના | -- | ૨૮.૦૦૦ |
| ૬ | ચોખા-અંત્યોદય અન્ન યોજના | -- | ૭.૦૦૦ |
| ૭ | ઘઉ-એપીએલ યોજના | ૫.૦૦૦ | ૨૫.૦૦૦ |
| ૮ | ચોખા-એપીએલ યોજના | ૨.૫૦૦ | ૧૦.૦૦૦ |
| ૯ | લેવીખાંડ બીપીએલ યોજના + અંત્યોદય અન્ન યોજના | ૦.૫૦૦ | -- |
| ૧૦ | કેરોસીન નોન ગેસ કાર્ડ | -- | ૧૦ લીટર |

### પત્રક - ૨

| ક્રમ | માસ-વર્ષ | ક્રેરોસીન કે.એલ. | | બીપીએલ ઘઉં મે. ટન | | બીપીએલ ચોખા મે. ટન | | અંત્યોદય ઘઉં મે. ટન | | અંત્યોદય ચોખા મે. ટન | | એપીએલ ઘઉં મે. ટન | | એપીએલ ચોખા મે. ટન | | બીપીએલ + અંત્યોદય-લેવીખાંડ મે. ટન | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | નોમ્સ મુજબ મળવાપાત્ર જથ્થો | સરકારશ્રી તરફથી ફાળવવામાં આવેલ જથ્થો | નોમ્સ મુજબ મળવાપાત્ર જથ્થો | સરકારશ્રી તરફથી ફાળવવામાં આવેલ જથ્થો | નોમ્સ મુજબ મળવાપાત્ર જથ્થો મહત્તમ | સરકારશ્રી તરફથી ફાળવવામાં આવેલ જથ્થો | નોમ્સ મુજબ મળવાપાત્ર જથ્થો મહત્તમ | સરકારશ્રી તરફથી ફાળવવામાં આવેલ જથ્થો | નોમ્સ મુજબ મળવાપાત્ર જથ્થો મહત્તમ | સરકારશ્રી તરફથી ફાળવવામાં આવેલ જથ્થો | નોમ્સ મુજબ મળવાપાત્ર જથ્થો મહત્તમ | સરકારશ્રી તરફથી ફાળવામાં આવેલ જથ્થો | નોમ્સ મુજબ મળવાપાત્ર જથ્થો મહત્તમ | સરકારશ્રી તરફથી ફાળવવામાં આવેલ જથ્થો | નોમ્સ મુજબ મળવાપાત્ર જથ્થો મહત્તમ | સરકારશ્રી તરફથી ફાળવવામાં આવેલ જથ્થો |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ | ૧૭ | ૧૮ |
| ૧ | જાન્યુ-૦૪ | ૩૨૭૮ | ૨૯૧૫ | ૨૧૨૮ | ૨૨૨૪ | ૯૩૭ | ૮૦૭ | ૪૭૨ | ૬૬૧ | ૧૧૮ | ૧૬૮ | ૫૭૯૭ | ૪૫૧૦ | ૨૩૧૯ | ૨૭૫૦ | ૪૧૭ | ૧૨૦ |
| ૨ | ફેબ્રુ-૦૪ | ૩૨૬૩ | ૨૯૧૫ | ૨૧૮૮ | ૨૨૨૪ | ૯૩૭ | ૮૦૭ | ૪૭૨ | ૬૬૧ | ૧૧૮ | ૧૬૮ | ૫૮૦૪ | ૪૫૧૦ | ૨૩૨૧ | ૨૭૫૦ | ૪૧૭ | ૧૨૦ |
| ૩ | માર્ચ-૦૪ | ૩૩૭૬ | ૨૯૩૬ | ૨૧૮૮ | ૨૨૨૪ | ૯૩૭ | ૮૦૭ | ૪૭૨ | ૬૬૧ | ૧૧૮ | ૧૬૮ | ૫૮૧૫ | ૪૫૧૦ | ૨૩૨૬ | ૨૭૫૦ | ૪૧૭ | ૧૨૦ |
| ૪ | એપ્રિલ-૦૪ | ૩૩૭૫ | ૨૮૩૬ | ૨૧૮૮ | ૨૫૯૧ | ૯૩૭ | ૯૨૦ | ૪૭૨ | ૪૭૦ | ૧૧૮ | ૧૨૦ | ૫૮૧૭ | ૪૫૧૦ | ૨૩૨૬ | ૨૭૫૦ | ૪૧૭ | ૨૫૦ |
| ૫ | મે-૦૪ | ૩૩૭૭ | ૨૮૪૦ | ૨૧૮૮ | ૨૫૯૧ | ૯૩૭ | ૯૨૦ | ૪૭૨ | ૪૭૦ | ૧૧૮ | ૧૨૦ | ૫૮૨૧ | ૪૫૧૦ | ૨૩૨૮ | ૨૭૫૦ | ૪૧૭ | ૨૭૦ |
| ૬ | જૂન-૦૪ | ૩૩૭૭ | ૨૯૫૦ | ૨૦૯૨ | ૨૫૯૧ | ૮૯૬ | ૯૨૦ | ૬૬૩ | ૪૭૦ | ૧૬૫ | ૧૨૦ | ૫૮૨૨ | ૪૫૧૦ | ૨૩૨૮ | ૨૭૫૦ | ૪૧૭ | ૨૮૦ |

| | | | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૭ | જુલાઇ-૦૪ | ૩૩૭૪ | ૨૯૩૪ | ૨૦૦૮ | ૨૫૯૧ | ૮૬૦ | ૯૨૦ | ૬૬૩ | ૪૭૦ | ૧૬૫ | ૧૨૦ | ૫૪૦૬ | ૪૫૧૦ | ૨૧૬૨ | ૨૭૫૦ | ૪૧૭ | ૨૮૦ |
| ૮ | ઓગષ્ટ-૦૪ | ૩૦૮૪ | ૨૯૧૬ | ૨૦૦૮ | ૨૫૯૧ | ૮૬૦ | ૯૨૦ | ૬૬૩ | ૪૭૦ | ૧૬૫ | ૧૨૦ | ૫૪૨૧ | ૪૫૧૦ | ૨૧૬૮ | ૨૭૫૦ | ૪૦૧ | ૪૧૪.૯ |
| ૯ | સપ્ટેમ્બર-૦૪ | ૩૦૮૪ | ૨૯૩૬ | ૨૦૦૮ | ૨૫૯૧ | ૮૬૦ | ૯૨૦ | ૬૬૩ | ૪૭૦ | ૧૬૫ | ૧૨૦ | ૫૪૩૧ | ૪૫૧૦ | ૨૧૭૨ | ૨૭૫૦ | ૪૦૧ | ૨૮૦ |
| ૧૦ | ઓકટો.૦૪ | ૩૦૮૪ | ૨૭૧૮ | ૨૦૦૮ | ૨૫૯૧ | ૮૬૦ | ૯૨૦ | ૬૬૩ | ૪૭૦ | ૧૬૫ | ૧૨૦ | ૫૪૪૧ | ૪૫૧૦ | ૨૧૭૬ | ૨૭૫૦ | ૪૦૧ | ૩૫૦ |
| ૧૧ | નવે.-૦૪ | ૩૦૮૪ | ૨૭૨૪ | ૨૦૦૮ | ૨૫૯૧ | ૮૬૦ | ૯૨૦ | ૬૬૩ | ૪૭૦ | ૧૬૫ | ૧૨૦ | ૫૪૫૨ | ૪૫૧૦ | ૨૧૮૦ | ૨૭૫૦ | ૪૦૧ | ૨૯૦ |
| ૧૨ | ડિસે.-૦૪ | ૩૦૮૪ | ૨૭૧૦ | ૨૦૦૯ | ૨૫૯૧ | ૮૬૧ | ૯૨૦ | ૬૬૩ | ૪૭૦ | ૧૬૫ | ૧૨૦ | ૫૪૭૨ | ૪૫૧૦ | ૨૧૮૮ | ૨૭૫૦ | ૪૦૧ | ૨૮૦ |

## પત્રક - ૩

| ક્રમ | માસ-વર્ષ | ક્રેરોસીન કે.એલ. | | બીપીએલ ઘઉં મે. ટન | | બીપીએલ ચોખા મે. ટન | | અંત્યોદય ઘઉં મે. ટન | | અંત્યોદય ચોખા મે. ટન | | એપીએલ ઘઉં મે. ટન | | એપીએલ ચોખા મે. ટન | | બીપીએલ + અંત્યોદય-લેવીખાંડ મે. ટન | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | નોમ્સ મુજબ મળવાપાત્ર જથ્થો | સરકારશ્રી તરફથી ફાળવામાં આવેલ જથ્થો | નોમ્સ મુજબ મળવાપાત્ર જથ્થો મહત્તમ | સરકારશ્રી તરફથી ફાળવવામાં આવેલ જથ્થો | નોમ્સ મુજબ મળવાપાત્ર જથ્થો મહત્તમ | સરકારશ્રી તરફથી ફાળવવામાં આવેલ જથ્થો | નોમ્સ મુજબ મળવાપાત્ર જથ્થો મહત્તમ | સરકારશ્રી તરફથી ફાળવવામાં આવેલ જથ્થો | નોમ્સ મુજબ મળવાપાત્ર જથ્થો મહત્તમ | સરકારશ્રી તરફથી ફાળવવામાં આવેલ જથ્થો | નોમ્સ મુજબ મળવાપાત્ર જથ્થો મહત્તમ | સરકારશ્રી તરફથી ફાળવવામાં આવેલ જથ્થો | નોમ્સ મુજબ મળવાપાત્ર જથ્થો મહત્તમ | સરકારશ્રી તરફથી ફાળવવામાં આવેલ જથ્થો | નોમ્સ મુજબ મળવાપાત્ર જથ્થો મહત્તમ | સરકારશ્રી તરફથી ફાળવવામાં આવેલ જથ્થો |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ | ૧૭ | ૧૮ |
| ૧ | જાન્યુ-૦૪ | ૩૦૮૪ | ૨૭૧૦ | ૨૦૦૯ | ૨૫૯૧ | ૮૬૧ | ૯૨૦ | ૬૬૩ | ૪૭૦ | ૧૬૫ | ૧૨૦ | ૫૪૯૯ | ૪૫૧૦ | ૨૧૯૯ | ૨૭૫૦ | ૪૦૧ | ૨૮૦ |
| ૨ | ફેબ્રુ-૦૪ | ૩૦૯૮ | ૨૭૧૧ | ૨૦૦૯ | ૨૫૯૧ | ૮૬૧ | ૯૨૦ | ૬૬૩ | ૪૭૦ | ૧૬૫ | ૧૨૦ | ૫૫૦૮ | ૪૫૧૦ | ૨૨૦૩ | ૨૭૫૦ | ૪૦૧ | ૨૯૦ |
| ૩ | માર્ચ-૦૪ | ૩૦૯૮ | ૨૭૧૧ | ૨૦૦૯ | ૨૫૯૧ | ૮૬૧ | ૯૨૦ | ૬૬૩ | ૪૭૦ | ૧૬૫ | ૧૨૦ | ૫૫૨૫ | ૪૫૧૦ | ૨૨૧૦ | ૨૭૫૦ | ૪૦૧ | ૨૮૦ |
| ૪ | એપ્રિલ-૦૪ | ૩૦૯૮ | ૨૭૨૯ | ૨૦૦૯ | ૨૧૯૦ | ૮૬૧ | ૮૦૦ | ૬૬૩ | ૭૪૯ | ૧૬૫ | ૧૮૭ | ૫૫૪૭ | ૪૫૧૦ | ૨૨૧૮ | ૨૭૫૦ | ૪૦૧ | ૨૬૦ |
| ૫ | મે-૦૪ | ૩૦૯૮ | ૨૭૧૯ | ૨૦૦૯ | ૨૧૯૦ | ૮૬૧ | ૮૦૦ | ૬૬૩ | ૭૪૯ | ૧૬૫ | ૧૮૭ | ૫૫૭૦ | ૪૫૧૦ | ૨૨૨૮ | ૨૭૫૦ | ૪૦૧ | ૨૩૦ |
| ૬ | જૂન-૦૪ | ૩૦૯૮ | ૨૭૪૬ | ૨૦૦૯ | ૨૧૯૦ | ૮૬૧ | ૮૦૦ | ૬૬૩ | ૭૪૯ | ૧૬૫ | ૧૮૭ | ૫૫૮૫ | ૪૫૧૦ | ૨૨૩૪ | ૩૪૭૫ | ૪૦૧ | ૩૩૦ |
| ૭ | જુલાઇ-૦૪ | ૩૦૯૮ | ૨૭૫૬ | ૨૦૦૯ | ૨૧૯૦ | ૮૬૧ | ૮૦૦ | ૬૬૩ | ૭૪૯ | ૧૬૫ | ૧૮૭ | ૫૬૦૩ | ૪૫૧૦ | ૨૨૪૧ | ૨૭૫૦ | ૪૦૧ | ૨૦૦ |
| ૮ | ઓગષ્ટ-૦૪ | ૩૦૯૮ | ૨૭૩૫ | ૨૦૦૯ | ૨૦૨૨ | ૮૬૧ | ૭૩૯ | ૬૬૩ | ૯૩૫ | ૧૬૫ | ૨૩૪ | ૫૬૨૬ | ૪૫૧૦ | ૨૨૫૦ | ૨૭૫૦ | ૪૦૧ | ૪૨૦ |
| ૯ | સપ્ટેમ્બર-૦૪ | ૩૦૯૮ | ૨૭૦૬ | ૨૦૦૯ | ૨૦૨૨ | ૮૬૧ | ૭૩૯ | ૬૬૩ | ૯૩૫ | ૧૬૫ | ૨૩૪ | ૫૬૪૫ | ૪૫૧૦ | ૨૨૫૮ | ૨૭૫૦ | ૪૦૧ | ૨૮૦ |
| ૧૦ | ઓકટો.૦૪ | ૩૧૩૬ | ૨૭૨૭ | ૨૦૦૯ | ૨૦૨૨ | ૮૬૧ | ૭૩૯ | ૬૬૩ | ૯૩૫ | ૧૬૫ | ૨૩૪ | ૫૬૪૮ | ૪૫૧૦ | ૨૨૫૯ | ૨૭૫૦ | ૪૦૧ | ૨૫૦ |
| ૧૧ | નવે.-૦૪ | ૩૧૩૬ | ૨૭૨૬ | ૨૦૦૯ | ૨૦૨૨ | ૮૬૧ | ૭૩૯ | ૬૬૩ | ૯૩૫ | ૧૬૫ | ૨૩૪ | ૫૬૭૪ | ૪૫૧૦ | ૨૨૬૯ | ૨૭૫૦ | ૪૦૧ | ૩૦૦ |
(૨) અમદાવાદ મધ્યસ્થ જેલ, અમદાવાદ તથા વડોદરા મધ્યસ્થ જેલ, વડોદરા.

(૩) આવા બનાવો ન બને તે માટે જેલ સુધારણાના ક્યા ક્યા કાર્યક્રમો સરકાર બનાવવા માગે છે?

(૩) ઓવરક્રાઉડીંગની સમસ્યા દુર કરવા માટે કેન્દ્ર પુરસ્કૃત જેલ સુધારણા યોજના હેઠળ નવી જેલો બનાવવાની તથા હયાત જેલોનું વિસ્તૃતીકરણ કરવાની કાર્યવાહી કરવામાં આવી રહી છે. ઉપરાંત જેલમાં શિસ્ત અને સલામતીની જાળવણી માટે આધુનિક ઉપકરણો વસાવવાની કાર્યવાહી પણ કરવામાં આવી રહી છે.

-------------

**રાજ્યમાં રાધણગેસની અછત**

૧૫૫૦૫ **શ્રીમતી ભાવનાબેન હે. ચપટવાલા (સુરત શહેર (પશ્ચિમ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ સમગ્ર રાજ્યમાં રાંધણગેસની અછત છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો અછત નિવારવા સરકાર ધ્વારા શું પગલાં લેવામાં આવ્યા છે ?

**જવાબ**

(૧) હા જી.

(૨)

(અ) ઓઈલ કંપનીઓના અધિકારીઓ અવાર-નવાર બેઠકો યોજી સતત સંપર્કમાં રહી સરળતાથી સમયસર ગેસ સીલન્ડરોની ઉપલબ્ધિ માટે બેક્લોગ દ ટાડવા જરૂરી જથ્થો ઉપલબ્ધ કરવા તથા વિતરણ પ્રણાલી સુવ્યવસ્થિત કરવા સુચના આપી અને તેનું સતત મોનીટરીંગ કરવામાં આવે છે.

(બ) રાંધણગેસનો દુરૂપયોગ ન થાય તે માટે ગેસ વિતરકો, હોટલ જેવા વ્યાપારી અને ઓદ્યોગિક એક્મોની સઘન તપાસણીઓ કરવામાં આવે છે અને ક્સુરવાનો સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવે છે.

-------------

**મહેસાણા જિલ્લામાં પ્રાથમિક શાળાના ઓરડાઓની ઘટ**

૧૪૫૩૮ **શ્રી નારાયણભાઈ લ. પટેલ (ઉંઝા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ડિસેમ્બર-૦૫ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં તાલુકાવાર પ્રાથમિક શાળાના ઓરડાઓની કેટલી ઘટ છે, અને

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકો | ઓરડાની ઘટ |
|---|---|---|
| ૧ | બેચરાજી | ૨૫ |
| ૨ | કડી | ૧૦૦ |
| ૩ | ખેરાલુ | ૧૮ |
| ૪ | મહેસાણા | ૮૪ |
| ૫ | સતલાસણા | ૨૪ |

| | | |
|---|---|---|
| ૬ | ઉંઝા | ૧૬ |
| ૭ | વડનગર | ૫૨ |
| ૮ | વિજાપુર | ૨૨ |
| ૯ | વિસનગર | ૩૭ |
| | કુલ | ૩૭૮ |

(૨) સરકાર આ અંગે શા પગલાં ભરવા માગે છે?

(૨) ૧૫૦ નવા ઓરડાઓ બનાવવાનું આયોજન કરવામાં આવેલ છે તથા બાકી રહેતા ૨૨૮ ઓરડાઓ તબક્કાવાર આયોજન કરી બાંધવામાં આવશે.

-------------

**રાજ્યની શૈક્ષણિક સંસ્થાઓમાં એન્ટી-સેક્સ્યુઅલ હેરેસમેન્ટ સેલની રચના**

૧૫૫૧૧ **શ્રી ગોવાભાઈ હ. રબારી (ડીસા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) શૈક્ષણિક સંસ્થાઓમાં વિદ્યાર્થીઓની જાતિય સતામણીના દૂષણોને નાબૂદ કરવા સુપ્રીમ કોર્ટે બહાર પાડેલ માર્ગદર્શન અન્વયે રાજ્યમાં શૈક્ષણિક સંસ્થાઓમાં એન્ટી-સેક્સ્યુઅલ હેરસમેન્ટ સેલની રચના આજદિન સુધી થઈ નથી તે હકીક્ત સાચી છે, | (૧) ના, જી. |
| (૨) જો હા, તો તેના કારણો શા છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) તેનો અમલ કેટલા સમયમાં રાજ્ય સરકાર કરવા માંગે છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------

**જૂનાગઢ જિલ્લામાં ટયુશન કરતાં પકડાયેલ શિક્ષકો**

૧૩૮૬૩ **શ્રી પુંજાભાઈ ભી. વંશ (ઉના) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) છેલ્લા એક વર્ષમાં જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર ટયુશન કરતા કેટલા શિક્ષકો સામે તા. ૩૧-૧-૦૬ સુધીમાં પગલાં લેવામાં આવ્યા, અને | (૧) એકપણ નહી. |
| (૨) હજુ કેટલા શિક્ષકો સામે પગલાં લેવાના બાકી છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------

**જેન્ડર રિસોર્સીસ સેન્ટરને સરકારી જગ્યા ફાળવવા અંગે**

૧૪૫૪૯ **શ્રીમતી રમીલાબેન રા. દેસાઈ (ખેરાલુ) : માનનીય મહિલા અને બાળ ક્લ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) શું એ હકીક્ત સાચી છે કે જેન્ડર રિસોર્સીગ સેન્ટર (જી.આર.સી.)એ સ્વાયત્ત સંસ્થા છે, અને | (૧) હા, જી, મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા યુનાઈટેડ નેશન્સ ફંડ ફોર પોપ્યુલેશન ડેવલપમેન્ટ જેવી સ્વૈચ્છિક સંસ્થાની નાણાકીય સહાયથી ઉભી કરાયેલી સ્વાયત્ત સંસ્થા છે. |

(૨) જો હા, તો આ સંસ્થાને પોલીટેક્નીક્ની સરકારી જ્ગ્યામાં શા માટે ઓફિસની જ્ગ્યા ફાળવવામાં આવેલ છે ?

(૨) સરકારશ્રીની જેન્ડર નીતિનો અમલ સંસ્થા કરે છે. સંસ્થાની ગર્વનીંગ બોડીના અધ્યક્ષશ્રી તરીકે મુખ્ય સચિવશ્રી છે, તથા સંસ્થા સરકારશ્રીની નિતિઓનો અમલ કરતી હોઈ, સંસ્થાને સરકારી જગા ઓફિસ માટે ફાળવેલ છે.

-------------

## આદિજાતિ વિસ્તારોમાં ગ્રામ રક્ષક દળ અને ગૃહ રક્ષક દળની સેવાઓ લેવા અંગે

૧૫૫૩૧ **શ્રી મુકેશ ભૈ. ગઢવી (દાંતા) : માનનીય ગ્રામ રક્ષક દળ અને ગૃહ રક્ષક દળ મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) આદિજાતિ વિસ્તારોમાં ચોરી-લૂંટના બનાવો રોક્વા પોલીસ પૂરતા પ્રમાણમાં ન હોઈ, ગ્રામરક્ષક કે ગૃહરક્ષક દળના જવાનોને આ પ્રકારની કામગીરીમાં સરકાર જોતરવા વિચારી રહી છે તે હકીક્ત સાચી છે, અને

(૨) જો હા, તો તેની વિગતો શું છે?

**જવાબ**

(૧) અને (૨) ગૃહ રક્ષક દળ અને ગ્રામ રક્ષક દળ પોલીસના પૂરક દળ છે અને આથી જરૂરીયાત મુજબ તેઓને નાઈટ રાઉન્ડની ફરજો સોંપવામાં આવે છે.

-------------

## સુરત જિલ્લામાં જેલોનું આધુનિકરણ

૧૫૪૮૩ **શ્રી ધનસુખભાઈ ના. પટેલ (ઓલપાડ) : માનનીય જેલ મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

સુરત જિલ્લામાં જેલોનું આધુનિકરણ કરવા શું આયોજન કરવામાં આવેલ છે?

**જવાબ**

સુરત ખાતે સચીન નજીક લાજપોર મુકામે નવી અદ્યતન સુવિધાવાળી મધ્યસ્થ જેલ બનાવવાનું આયોજન કરવામાં આવેલ છે. જેલના બાંધકામ માટે પર્સપેક્ટીવ એન્યુઅલ પ્લાન હેઠળ સને ૨૦૦૫-૨૦૦૬ અને ૨૦૦૬-૨૦૦૭ના વર્ષ માટે પ્રતિવર્ષ રૂા. ૮/-કરોડ નું આયોજન કરવામાં આવેલ છે.

-------------

## ડાંગ અને વલસાડ જિલ્લામાં આવશ્યક ચીજવસ્તુઓની ગેરરીતિ અંગે પકડાયેલ કેસો

૧૩૯૦૮ **શ્રી માધુભાઈ જે. ભોયે (ડાંગ-વાંસદા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સન ૨૦૦૪-૦૫ અને ૨૦૦૫-૦૬ના વર્ષ દરમ્યાન તા. ૩૧-૧૨-૦૫ સુધીમાં ડાંગ તથા વલસાડ જિલ્લામાં નાગરિક પુરવઠા ધ્વારા આવશ્યક ચીજવસ્તુઓની ગેરરીતિ અંગે કેટલા કેસો પકડવામાં આવ્યા, અને

(૨) તે અન્વયે કેટલા ઈસમો સામે ફરિયાદ થઈ ?

**જવાબ**

(૧) નીચે મુજબ

| જીલ્લાનું નામ | વર્ષ ૨૦૦૪-૦૫ | વર્ષ ૨૦૦૫-૦૬ |
|---|---|---|
| ડાંગ | ૫ | ૩ |
| વલસાડ | ૧૬૨ | ૧૧૬ |
| **કુલ :** | **૧૬૭** | **૧૧૯** |

(૨)

| જીલ્લાનું નામ | વર્ષ ૨૦૦૪-૦૫ | વર્ષ ૨૦૦૫-૦૬ |
|---|---|---|
| ડાંગ | -- | -- |

| | | |
|---|---|---|
| વલસાડ | ૬ | ૬ |
| **કુલ :** | **૬** | ૬ |

-------------

**કચ્છ જિલ્લામાં નિરાધાર વિધવાઓને સહાય ચૂકવવા અંગે**

૧૪૫૫૯ **શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છ જિલ્લામાં નિરાધાર વિધવા સહાય અન્વયે લાંબા સમયથી કેટલાંક બહેનોને ચુકવણું થયું નથી તે હકીક્ત સાચી છે, | (૧) ના, જી. |
| (૨) જો હા, તો તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ ૬ મહીનાથી વધુ સમયથી ચુક્વણું બાકી હોવાની કેટલી સંખ્યા કચ્છના જુદા જુદા તાલુકાની છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) જો ના, તો ગત બે વર્ષમાં તાલુકાદીઠ વિધવા બહેનોની સંખ્યા અન્વયે કેટલી રકમનું ચુક્વણું તા. ૩૧-૧૨-૦૫ સુધીમાં જમા કરવામાં આવ્યું કે ચુકવવામાં આવ્યું ? | (૩) તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ માહિતી નીચે મુજબ છે. |

| ક્રમ | તાલુકાનું નામ | લાભાર્થીઓની સંખ્યા | ચુક્વેલ રકમ (રૂા.લાખમાં) |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | ભુજ | ૭૩૬ | ૧૦૫.૪૪ |
| ૨ | મુન્દ્રા | ૨૪૦ | ૩૪.૧૫ |
| ૩ | માંડવી | ૩૫૨ | ૫૦.૩૮ |
| ૪ | નખત્રાણા | ૨૨૫ | ૩૨.૦૧ |
| ૫ | અબડાસા | ૧૯૩ | ૨૭.૪૬ |
| ૬ | લખપત | ૩૬ | ૫.૨૬ |
| ૭ | અંજાર | ૭૩૨ | ૧૦૫.૯૫ |
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૮ | ગાંધીધામ | ૫૫૮ | ૭૯.૪૧ |
| ૯ | ભચાઉ | ૫૪૩ | ૭૭.૨૬ |
| ૧૦ | રાપર | ૩૫૧ | ૪૯.૯૫ |
| | **કુલ** | **૩૯૬૬** | **૫૬૭.૨૭** |

-------------

**શહેરા અને લુણાવાડા તાલુકાઓમાં વિદ્યાર્થી અકસ્માત મૃત્યુ વીમા સહાયની ચૂકવણી**

૧૪૯૪૪ **શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ (શહેરા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ છેલ્લા ૩ વર્ષમાં શહેરા અને લુણાવાડા તાલુકાના કેટલા વિદ્યાર્થીઓના અકસ્માતે મૃત્યુ થયા,

(૨) વિદ્યાર્થી અકસ્માત વીમાની સહાય માટે કેટલા કેસો મંજુર કરવામાં આવ્યા, કેટલા નામંજૂર કરવામાં આવ્યા અને ક્યા કારણોથી,

**જવાબ**

(૧) શહેરા -૧૧
લુણાવાડા -૧૧

(૨)

| | મંજૂર કેસોની સંખ્યા | નામંજૂર કેસોની સંખ્યા |
|---|---|---|
| શહેરા | ૧ | ૭ |
| લુણાવાડા | ૨ | ૭ |

ના મંજૂર થવાના કારણો

-- કુદરતી મૃત્યુ થવાથી

-- પોસ્ટ મોર્ટમ રિપોર્ટ રજુ ન કરવાને

| | |
|---|---|
| | કારણે<br>-- એફ.આઈ.આર.ની નકલ સામેલ ન હોવાને કારણે<br>-- કંપની દ્વારા વિદ્યાર્થીના ઘેર રૂબરૂ ચકાસણી કરતાં મૃત્યુ અકસ્માતે ન થયેલ હોવાને કારણે |
| (૩) તે પૈકી વીમા કંપનીએ કેટલા કેસોની સહાય ચૂકવવાની હજુ બાકી છે, અને | (૩) શહેરા-૩, લુણાવાડા-૨ કુલ-૫ |
| (૪) સહાય ચૂકવવાની બાકી રહેવાના કારણો શાં છે ? | (૪) વીમા કંપની દ્વારા ચકાસણીની કાર્યવાહી પૂર્ણ થયેથી પાત્રતા ધરાવતા કેસોની ચૂકવણી કરવામાં આવશે. |

-------------

**ખેડબ્રહ્મા અને વિજયનગર તાલુકાઓમાં પ્રથમિક શાળાઓના ઓરડાઓ**

૧૪૧૮૦ **શ્રીમતી રમીલાબેન બે. બારા (ખેડબ્રહ્મા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ખેડબ્રહ્મા અને વિજયનગર તાલુકામાં તા. ૩૧- ૧-૦૬ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં પ્રાથમિક શાળાઓના કેટલા ઓરડાઓ બાંધવામાં આવેલ છે, | (૧) ૩૬૮. |
| (૨) હજી કેટલા ઓરડા બાંધવાના બાકી છે, અને | (૨) ૨૩૫. |
| (૩) ક્યારે પૂર્ણ કરવામાં આવશે ? | (૩) જેમ બને તેમ જલદી. |

-------------

**પારડી તાલુકાની સબ-જેલમાં કેદીઓની સંખ્યા**

૧૪૫૫૨ **શ્રી લક્ષ્મણભાઈ બા. પટેલ (પારડી) : માનનીય જેલ મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વલસાડ જિલ્લાના પારડી શહેરની સબ-જેલમાં એક ઓરડીમાં એકી સાથે કેટલા કેદીઓને રાખવામાં આવે છે, અને | (૧) સરેરાશ ૧૦ થી ૧૧. પરંતુ આ સંખ્યામાં વધઘટ થતી રહે છે. |
| (૨) આ સબ-જેલ તદ્દન જર્જરીત હાલતમાં છે તો સરકાર ધ્વારા નવી જેલ બનાવવાનું કોઈ આયોજન છે કે કેમ ? | (૨) હા, જી. |

-------------

**મરીન ઈજનેરી કોલેજ શરૂ કરવા અંગે**

૧૪૦૭૭ **શ્રી જીતુભાઈ હ. ચૌધરી (મોટાપોંઢા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકાર ધ્વારા મરીન એન્જીનીયરીંગ કોલેજ ચાલુ કરવા શું કાર્યવાહી કરી, અને

(૨) તેની કાર્યવાહી તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ ક્યા તબક્કે છે ?

**જવાબ**

(૧) અને (૨) મરીન એન્જીનીયરીંગ કોલેજનો અભ્યાસક્રમ શરૂ કરવા વાયબ્રન્ટ ગુજરાતની ૨૦૦૩-૦૪ ની પરિષદ વેળા ઓદ્યોગિક સાહસિકોને સમજૂતિના કરાર કરવા માટે પ્રોત્સાહિત કરવામાં આવેલ. બે ઓદ્યોગિક ગૃહોએ આ માટે સમજુતિના કરાર કરેલ પરંતુ તેમના તરફથી પ્રગતિ થયેલ નથી.

-------------

**કચ્છ જિલ્લામાં પ્રાથમિક શિક્ષકોની ઘટ**

૧૪૭૩૨ **શ્રી ગોપાલભાઈ ગા. ધુઆ (મુંદ્રા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં શિક્ષકોની તાલુકાવાર કુલ કેટલી ઘટ છે, અને

**જવાબ**

| (૧) તાલુકો | ઘટ |
|---|---|
| ભૂજ | ૧૦૨ |
| માંડવી | ૧૪ |
| મુન્દ્રા | ૦૪ |
| અંજાર | ૧૭ |
| ભચાઉ | ૫૬ |
| રાપર | ૧૧૧ |
| અબડાસા | ૧૫ |
| નખત્રાણા | ૦૧ |
| લખપત | ૧૮ |
| ગાંધીધામ | ૨૮ |
| **કુલ-** | ૩૬૬ |

(૨) શિક્ષકોની ઘટ નિવારવા સરકારે શું પગલાં લીધાં છે કે લેવા માંગે છે ?

(૨) ઘટ નિવારવા ૧૪૫ નવી જગ્યાઓ મંજૂર કરવામાં આવી છે. બાકીની ઘટ ૨૨૧ જેમ બને તેમ જલ્દીથી પૂર્ણ કરવામાં આવશે.

-------------

**બનાસકાંઠા જિલ્લામાં પ્રાથમિક અને માધ્યમિક શિક્ષકોની ભરતી**

૧૪૫૪૨ **શ્રી કાંતિલાલ ધ. કચોરિયા (પાલનપુર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લામાં પ્રાથમિક તથા માધ્યમિક શાળાઓમાં મંજૂર થયેલ પેકી કેટલા શિક્ષકોની જગ્યાઓ તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ ભરવાની બાકી છે, અને

(૨૦ ખાલી રહેલ જગ્યાઓ સરકાર ક્યાં સુધીમાં ભરવા માગે છે?

**જવાબ**

(૧) પ્રાથમિક શિક્ષકો - ૧૨૮૪
માધ્યમિક શિક્ષકો - ૫૪

(૨) જેમ બને તેમ જલદી

**કચ્છ યુનિવર્સિટીના ઉપકુલપતિની નિમણૂંક**

૧૫૪૬૪ **શ્રી શીવજીભાઈ ક. આહીર (ભૂજ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) કચ્છ યુનિવર્સિટીની સ્થાપના થયા બાદ નિયમિત ઉપકુલપતિની નિમણૂંક જાન્યુઆરી-૨૦૦૬ સુધીમાં કરાઈ નથી એ હકીકતથી સરકાર વાકેફ છે, | (૧) હા, જી |
| (૨) જો હા, તો ઉપકુલપતિની નિમણૂંક ન કરવાનું કારણ શું છે, અને | (૨) અને (૩) બાબત વિચારણા હેઠળ છે. |
| (૩) ઉપકુલપતિની નિમણૂંક કેટલા સમયમાં સરકાર કરવા ધારે છે ? | |

-------------

**તલાલા તાલુકાની પ્રાથમિક શાળાઓમાં સુવિધાઓ**

૧૪૪૪૨ **શ્રી ગોવિંદભાઈ વ. પરમાર (તલાલા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૦૫ની સ્થિતિએ તલાલા તાલુકામાં કેટલી પ્રાથમિક શાળાઓમાં વીજળી, પાણી અને શૌચાલયની પ્રાથમિક સુવિધાઓ નથી, અને | (૧) તલાલા તાલુકાની કુલ ૬૬ પ્રાથમિક શાળાઓ પૈકી,<br>વિજળીની સુવિધા વિનાની શાળાઓ -૦૧<br>પાણીની સુવિધા વિનાની શાળાઓ -૦૭<br>શૌચાલયની સુવિધા વિનાની શાળાઓ-૦૬ |
| (૨) આ તાલુકાઓની પ્રાથમિક શાળાઓમાં સદરહુ સુવિધાઓ પૂરી પાડવાં સરકારનું શું આયોજન છે? | (૨) ભૌતિક સવલતોની સુધારણા હેઠળ ફાળવવામાં આવેલ ગ્રાન્ટ અન્વયે અગ્રતાને ધ્યાને રાખી સદર સુવિધાઓ પુરી પાડવામાં આવનાર છે. |

-------------

**અમદાવાદ શહેરમાં આવશ્યક ચીજવસ્તુઓનું વિતરણ**

૧૪૫૫૬ **ડૉ. જીતેન્દ્રભાઈ બા. પટેલ (સાબરમતી) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૧-૧-૨૦૦૫ થી તા. ૩૧-૧૨-૨૦૦૫ સુધીમાં અમદાવાદ શહેરમાં કેટલા ઘઉં, ચોખા અને કેરોસીનનું વિતરણ કરવામાં આવ્યું, | (૧) નામ — વિતરણ કરેલ જથ્થો<br>ઘઉં. — ૨,૧૧,૪૭૧ ક્વિન્ટલ<br>ચોખા — ૬૩,૫૧૧ ક્વિન્ટલ<br>કેરોસીન — ૮૧,૬૨૨ કિલો લીટર |
| (૨) પ્રજાજનોને ઘઉં, ચોખા અને કેરોસીન પૂરતા પ્રમાણમાં મળી રહે તે સારૂં સરકાર દ્વારા શું આયોજન કરવામાં આવ્યું છે, અને | (૨) ઘઉં-ચોખાના જથ્થાનું વિતરણ ઠરાવેલ ભાવે નિયત કરેલ પ્રમાણથી સમયબધ્ધ કાર્યક્રમ મુજબ કરવામાં આવે છે.<br>જ્યારે કાર્ડધારકોને નિયમીત રીતે સરળતાથી પૂરતું કેરોસીન ઉપલબ્ધ થઈ શકે તે માટે સતત દેખરેખ અને તકેદારી કાર્યન્વિત રાખવામાં આવી છે તેમજ ગેસ જોડાણ ધરાવતા રેશનકાર્ડ ઉપર ગેસ જોડાણ હોવાનું સ્ટેમ્પીંગ પૂરેપુરૂ કરાવવાનું આયોજન કરેલ છે. |
| (૩) ઘઉં, ચોખા અને કેરોસીનના વિતરણ કાર્યમાં કોઈ ગેરરીતિ માલુમ પડેલ છે ? | (૩) હા, જી. |

------------

**ભાવનગર જિલ્લા જેલનું સ્થળ બદલવા અંગે**

૧૫૫૦૦ **શ્રી સુનીલ બા. ઓઝા (ભાવનગર શહેર (દક્ષિણ) : માનનીય જેલ મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| ભાવનગર જિલ્લા જેલની સ્થળફેર બાદ ખાલી પડતી આ જગ્યામાં શું કરવા સરકારનું આયોજન છે ? | ભાવનગર શહેર અને જિલ્લાના વિકાસને અનુરૂપ સાર્વજનિક હેતું માટે જમીન ઉપલબ્ધ રહે તે માટે ભાવનગર જિલ્લા જેલની જમીન લાંબા ગાળા માટે ઉપયોગમાં લેવાનું આયોજન હતું પરંતુ પર્યાપ્ત જમીન જેલ પાસે ન હોવાના કારણે ભાવનગર જિલ્લા જેલનું સ્થળ બદલાયેલ નથી. |

-------------

# તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬)

**અમદાવાદ શહેરના વટવા પોલીસ સ્ટેશનની હદમાં સૅક્સ મેનિયાકના ત્રાસ અંગે**

**શ્રી જગદીશ ઠાકોર (દહેગામ)** : માનનીય અધ્યક્ષશ્રી, હું નિયમ ૧૧૬ અન્વયે નીચે જણાવેલી તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય મંત્રીશ્રી(ગૃહ)નું ધ્યાન દોરું છું અને તે અંગે તેમને નિવેદન કરવાની વિનંતી કરું છું.

"તાજેતરમાં અમદાવાદ શહેરના વટવા પોલીસ સ્ટેશનની હદમાં આવેલા પીપળજ ગામે સેક્સ મેનિયાકનો ત્રાસ વધી ગયો છે. નાની બાળકીઓને ઉપાડી જઈ બળાત્કાર કરી તેમની જિંદગી બરબાદ કરી નાંખે છે. વારંવાર બાળકીઓ ઉઠાવી જવાના બનાવો નોંધાયા છે. છતાં હજુ સુધી સૅક્સ મેનિયાક પકડાતો નથી. જેથી લોકો ભયના માર્યા પોતાની બાળકીઓને સ્કૂલે પણ મોકલતા નથી. આવા સંજોગોમાં સેક્સ મેનિયાકને તાકીદે જબ્બે કરી પ્રજામાં ફેલાયેલ ભય અને રોષની લાગણી દૂર કરવા સરકારે લીધેલાં કે લેવા ધારેલાં પગલાં"

**શ્રી અમિત અ. શાહ (રાજય કક્ષાના ગૃહમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, વટવા પોલીસ સ્ટેશનની હદમાં આવો કોઈ બનાવ બન્યો નથી તેથી નિવેદન કરવાનો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી જગદીશ ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, વટવા પોલીસ સ્ટેશનની હદમાં આવો કોઈ બનાવ બન્યો નથી એવું માનનીય મંત્રીશ્રી કહે છે તો હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માંગુ છું કે, આમ તો ગૃહ મંત્રીશ્રી ટૅક્નીકલ અને શબ્દોની માયાજાળમાં ખૂબ માહિર છે. આ બનાવ બન્યો હતો તેને અપહરણમાં ખપાવવામાં આવ્યો છે અને અપહરણનો ગુન્હો દાખલ થયો છે. મારે એટલું જ જાણવું છે કે એક અઢી વર્ષની બાળકીને એક માણસ ઉપાડી જાય છે અને પોલીસ અને ગામલોકોના સહકારથી બાળકી મોડી રાત્રીના પાછી મળે છે, આ ઉપાડી જનાર વ્યકિત કયા આશયથી આ બાળકીને ઉપાડે છે આ બાળકી ટૂંકાગાળામાં મળી ના હોત તો શું થાત ? આ જે વ્યકિત ઉપાડી જવાવાળો છે તેનો પોલીસ નિવેદનો લઈ તેનો સ્કેચ કે એવું બનાવી અમદાવાદ અને ગુજરાતમાં જે સેકસ મેનિયાકવાળા લોકોને પકડવા માગે છે કે કેમ ?

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, મેં કોઈ ટેકનીકાલીટીથી જવાબ નથી આપ્યો. ખરેખર વટવા પોલીસ સ્ટેશનમાં કોઈ બળાત્કાર થયો નથી કે સેકસ મેનિયાક દ્વારા બાળકી ઉઠાવી જવાની ઘટનાઓ વારંવાર બની છે એમણે એવો શબ્દ પ્રયોગ કર્યો છે. નાની બાળકીઓને ઉઠાવી જઈ બળાત્કાર કરી જિંદગી બરબાદ કરી નાખે છે. આવી કોઈ ઘટના બની નથી. એક ઘટના જે માનનીય સભ્યશ્રીએ ઉલ્લેખ થયો જે બાળકીને ઉપાડી

જવાની થઈ હતી પોલીસે તરતજ ચૂસ્તતાપૂર્વક કાર્યવાહી કરી બાળકીને શોધી નાખી છે અને તેને કોઈ શારીરિક હાનિ થઈ નથી તે મૅડિકલ રિપોર્ટના આધારે પ્રસ્થાપિત થયું છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિઆ** : માનનીય અધ્યક્ષશ્રી, કેટલાય સમયથી આ સેકસ મેનિયાકનો ત્રાસ છે અને આખું ગુજરાત નહીં ગુજરાતની બહાર પણ જાણે છે. વટવાની અંદર જે બનાવ બન્યો હતો તે આ બાળકીને ઉપાડી જવાનો બનાવ આ સેકસ મેનિયાકે જ કરેલો હતો. પોલીસે નહીં પણ ગ્રામજનોની અને બીજા લોકોની જાગૃતિથી તે બાળકી મળી આવી અને તેના ઉપર અત્યાચાર ના ગુજારાયો. ગૃહ જ્યારે જાણવા માગે છે, આ નોટિસ દ્વારા કે અમદાવાદની અંદર જે સેકસ મેનિયાકનો ત્રાસ છે. આટલા વખતથી આ અમદાવાદની અંદર જે મા-બાપ પોતાની બાળકીને સ્કૂલે મોકલે છે તે ભયથી મેઘાણીનગર અને એવા વિસ્તારોની અંદર આજે બાળકીઓની સંખ્યા ઉપર મોટી અસર થઈ છે. તો આ ગૃહ જાણવા માગે છે કે ઘણી બાબતો ઉભી કરી અને આ એવી છાપ ઉભી કરવામાં આવી છે કે પોલીસ તંત્ર, ગૃહ વિભાગ ખૂબ જાગૃત છે. કોઈ ઈ-મેઈલ કરે મજાકની અંદર તો તેને પકડીને અંદર કરી દેવાય અને પછી માફ કરી દેવાની ઘટનાઓ પણ બને છે. તો આ સેકસ મેનિયાક પકડવાની અંદર ગૃહ વિભાગને કયાં તકલીફ પડે છે અને તે બાબતની અંદર તે ગંભીર છે કે કેમ ?

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, આ વાત આખી આમાંથી ઉપસ્થિત થતી જ નથી, પરંતુ માનનીય અર્જુનભાઈએ કહ્યું કે આ સેકસ મેનિયાકે આ ઘટના કરી છે એટલે મને લાગે છે કે સેકસ મેનિયાકને ઓળખતા લાગે છે અને તેમની જોડે માહિતી હોય તો તરતજ ગૃહ વિભાગને તેમણે આપી દેવી જોઈએ. (અંતરાય)

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિઆ** : માનનીય અધ્યક્ષશ્રી, આ ગંભીર બાબતને ઉડાવી દેવામાં આવે છે, આ ચલાવી ના લેવાય. આ ગંભીર બાબત છે એને ઉડાવી દેવામાં આવે છે. માનનીય મંત્રીશ્રી, આપ તો અમદાવાદમાંથી ચૂંટાયેલા ધારાસભ્ય છો, આ રીતે આવી ગંભીર બાબતને ઉડાવી ના દો. આપ તેમની ચિંતા કરો.(સતત અંતરાય,
ઘોંઘાટ)

**શ્રી અમિત અ. શાહ** : હું જવાબ આપવા માગું છું, પરંતુ આપ બધા વચ્ચે ઉભા થઈ જાઓ તો કેવી રીતે જવાબ આપું.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિઆ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી આ રીતે આ બાબતને ઉડાવી દઈને મજાક કરે છે.(સતત ઘોંઘાટ)

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી જવાબ આપે છે, જવાબ તો સાંભળો, એ જવાબ આપે છે (સતત અંતરાય)

**શ્રી જગદીશ ઠાકોર** : ધારાસભ્યોને ત્યાં સી.ડી.ઓ આવે છે અને (સતત ઘોંઘાટ)

**શ્રી અમિત અ. શાહ** : હું જવાબ આપવા માગતો હતો (અંતરાય) હું જવાબ આપવા માગતો હતો અને એને પકડવાની ચિંતા સ્વરૂપે જ મેં કહયું છે કે એની માહિતી હોય તો પોલીસને આપવી જોઈએ. એમાં મેં ખોટું શું કહયું છે? મેં એટલું જ કહયું છે કે આ સેકસ મેનિયાકની માહિતી હોય તો એમણે પોલીસને આપવી જોઈએ. (સતત અંતરાય)

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિઆ** : કોઈ માહિતી હોય તો પોલીસને આપી જ હોય ને. પરંતુ મારે તો એટલું જ કહેવું છે એની સામે કે આ સેકસ મેનિયાક કોઈને ઓળખે છે એટલે પકડાતો નથી કે કારણ શું છે એનું? કોઈનો ઓળખીતો છે એટલે પકડાતો નથી?

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અર્જુનભાઈ, મારો જવાબ તો પૂરો થવા દો.(સતત અંતરાય) સાહેબ, આપે મને રક્ષણ આપવું જોઈએ. મને લાગે છે કે આપ એક જ તરફના સભ્યશ્રીઓ પ્રત્યે ઉદાર વલણ દાખવો છો એવું મારું સ્પષ્ટ મંતવ્ય છે. મંત્રીશ્રી જવાબ આપતા હોય અને(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી, તમે અધ્યક્ષશ્રી માટે આવું મંતવ્ય ના આપી શકો. આપ આ પ્રકારનું મંતવ્ય ના બતાવી શકો, પ્લીઝ, બધા બેસો, મંત્રીશ્રી, જવાબ આપો ચાલો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિઆ** : માનનીય અધ્યક્ષશ્રી, આ બાબતને મજાકમાં ના લેવાય એવી મારી વિનંતી છે.

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, આ ઘટનાને ગૃહ વિભાગે ગંભીરતાથી જ લીધી છે, જરાક પણ મજાકમાં લીધું નથી.

**ડૉ. દિનેશ પરમાર** : આમાં જે ગંભીરતા હોવી જોઈએ એ ગંભીરતા દેખાતી નથી.

**શ્રી ભવાનભાઈ જી. ભરવાડ** : ભરવાડની દીકરીને ઉઠાવી ગયો હતા, (અંતરાય)

**શ્રી જગદીશ ઠાકોર** : એ બાળકીને પોલીસે શોધી કાઢી નથી, પરંતુ પ્રજાએ શોધી કાઢી છે. (સતત અંતરાય)

**અધ્યક્ષશ્રી** : ચાલો બેસો, મંત્રીશ્રીને જવાબ આપવા દો.

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, આ આખીય ઘટના જે છે એને પોલીસે ખૂબ જ ગંભીરતાથી લીધી છે અને વટવાની ઘટનાનો ઉલ્લેખ છે એ ઘટના થતાંની સાથે જ પોલીસ તંત્ર, ડોગ સ્કવોડ અને ડી.સી.પી સ્થળ ઉપર પહોંચ્યા છે, ચારે બાજુ એલર્ટ કર્યું હતું અને એના પરિણામે એણે બાળકી મૂકીને ભાગી જવું પડયું હતું અને બાળકી મળી આવી છે. જયાં સુધી આ સેકસ મેનિયાકનો સવાલ છે અને એ ઘટના જે માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ ઉપસ્થિત કરી એ બાબતમાં પણ ગૃહ વિભાગ ગંભીર જ છે. અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ અને જે પોલીસ સ્ટેશનમાં આ ઘટના નોંધાઈ છે એ બન્ને સંયુકત રીતે આ ઘટનાની તપાસ કરી રહયા છે. અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ અને આઈ.જી.ની સીધી દેખરેખ નીચે તપાસ કરવામા આવી છે. સ્કેચ બનાવવો કે ના બનાવવો એ બધી વાત એટલા માટે કહેતો નથી કારણ કે તપાસને એનાથી નુકસાન થવાની પૂરી સંભાવનાઓ છે, પરંતુ મને ચોકકસ વિશ્વાસ છે કે ટૂંક સમયમાં જ આ સેકસ મેનિયાક પકડાઈ જશે.(અંતરાય)

**શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ** : ભરવાડની દીકરીને ઉપાડી ગયો હતો.

**ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્ન ૧૧૬ ની નોટિસ દ્વારા આવ્યો છે ત્યારે મારે બહુ વિનંતી સભર વાત કરવી છે કે દરેક સભ્યશ્રી, બધા મંત્રીશ્રીઓ અને આ સરકાર આ પ્રશ્નને બહુ જ મહત્વ આપે એટલા માટે કે અહીં બેઠેલા આપણે સૌ દીકરીઓના મા-બાપ છીએ. મારી વિનંતી છે કે આ બનાવ વટવામાં બન્યો નથી, પણ મેઘાણીનગરમાં બન્યો, કેસ નોંધાયો છે. મારી આપના દ્વારા મંત્રીશ્રી અને સરકારને વિનંતી છે કે ઘણીવાર દીકરીની આબરૂનો સવાલ હોય એટલે માબાપ કેસ નોંધાવતા હોતા નથી એવી સામાજિક પરિસ્થિતિ નિર્માણ થાય છે. દીકરી ગૂમ થાય અને પછી મળી જાય એટલે મા-બાપ કેસ નોંધાવવામાં પડતા હોતા નથી. ત્યારે મારી વિનંતી છે કે જયારે આપણે બધા જ દીકરીઓના મા-બાપ છીએ ત્યારે આ બાબતને ગંભીરતાથી લઈને આવી જે કોઈ વ્યકિત હોય એના માટે શૂટ એન્ડ સાઈટનો હુકમ કરવો જોઈએ અને આવી વ્યકિતને કોઈપણ હિસાબે પકડવી જોઈએ અને એને પકડવામાં આ સભાગૃહના તમામ સભ્યશ્રીઓએ સંપૂર્ણ સાથ અને સહકાર આપવો જોઈએ.

**શ્રી અમિત અ. શાહ** : હું આ સભાગૃહની લાગણી સાથે સંપૂર્ણ સંમત થાઉં છું. સરકાર આ વાતને ગંભીરતાથી લે છે, સરકારની ટોપ મોસ્ટ પ્રાયોરિટીમાં આ સેકસ મેનિયાકને શોધવાનું કામ છે, મેં એટલા માટે આવો જવાબ આપ્યો હતો કે વટવા પોલીસ સ્ટેશનનો પ્રશ્ન પૂછયો છે, અને હવે મેઘાણીનગરનો જવાબ આપું તો મારું તથ્ય રેકોર્ડ ઉપર ખોટું પડે, એટલે તે પ્રશ્ન પૂછતી વખતે થોડું ધ્યાન રાખ્યૂં હોત તો ચોકકસ તેની આખે આખી વિગત લઈને આવ્યો હોત. (અંતરાય) મારો જવાબ તો પૂરો થવા દો, F.I.R. નોંધાઈ નથી તેવું મેં કહ્યું નથી, F.I..R. અપહરણની નોંધાઈ છે, નોટિસમાં બળાત્કાર શબ્દ પ્રયોગ કર્યો છે એટલા માટે મેં કહ્યું હતું, પણ આવો ટેકનિકલ જવાબ આપ્યા પછી મેં જવાબ આપવાની ના નહોતી પાડી, શા માટે ધીરજ ગુમાવો છો, સરકારની ટોપ મોસ્ટ પ્રાયોરિટી આ બનાવ અંગે છે, મને વિશ્વાસ છે કે સત્વરે આ સેકસ મેનિયાક પકડાઈ જશે.

**શ્રી માલજીભાઈ દે. દેસાઈ** : માનનીય અધ્યક્ષશ્રી, અતિ ગંભીર પ્રશ્ન અંગેની ચર્ચા આ ગૃહમાં થઈ રહી છે, (અંતરાય) જાડેજા સાહેબ, સાંભળો, અને ટ્રેઝરી બેચના મંત્રીશ્રીઓ ઓછું બોલે તેવી મારી વિનંતી છે, અમને તો બોલવા દો, તમે તો બોલો જ છો અને જવાબ આપો જ છો. મારે આ સભાગૃહનું ધ્યાન દોરવું છે ખાસ કરીને આંતરિક સલામતીની આખી જવાબદારી એ પોલીસની છે. લો એન્ડ ઓર્ડરની સીચ્યુએશન સાચવવી, પ્રજાને સાચી માહિતી આપવી, અને તેનું પગેરું લેવાથી, માહિતી આપવાથી આમ થશે કે તેમ થશે એ વાત મારા ગળે ઉતરતી નથી. ચોર છે તેને ચોર તરીકે પકડવો તેમાં કોઈ ગુનો નથી, છતાં માનનીય મંત્રીશ્રી જે રીતે ***(xxx)** ઉડાઉ જવાબો આપે છે તેનાથી મને લાગે છે કે આ બાબતમાં આપણે બહુ ગંભીર થવાની જરૂર છે.રાજયમાં જે કંઈ ગુના બની રહ્યા છે, દિવસે લૂટો થઈ રહી છે, લોકોના ખૂન થઈ રહ્યા છે, ઘરમાં ચોરીઓ થઈ રહી છે. અમદાવાદ શહેરમાં પણ સલામતી નથી. ત્યારે ગૃહ વિભાગે આની બધી જવાબદારી લઈને (અંતરાય) માનનીય અશોકભાઈ, સાંભળો, અશોકભાઈ સાંભળો,

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય માલજીભાઈને મારી વિનંતી છે કે ***(xxxx)** શબ્દ ન વાપરે, મંત્રીશ્રી જે જવાબ આપે છે તેના માટે આવો શબ્દ ન વાપરી શકાય.

**અધ્યક્ષશ્રી** : માનનીય માલજીભાઈ, ***(xxxx)** શબ્દ વાજબી નથી એટલા માટે.

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, મેં જરા પણ ઉતાવળે જવાબ નથી આપ્યો, જરા પણ ગંભીરતા વગર જવાબ નથી આપ્યો, સંપૂર્ણ સભાનતાથી અને જવાબદારી પૂર્વક જવાબ આપ્યો છે, આજે આખા ગૃહ વિભાગની ચર્ચા કરવી હોય તો પણ મારી તૈયારી છે, આ પ્રશ્નમાં ખૂન, ધાડ, ચોરી બધી ચર્ચા કરવી હોય તો મારી તૈયારી છે, આપ પરમિશન આપતા હો તો હું તૈયાર છું.

**અધ્યક્ષશ્રી** : આ પ્રશ્ન પૂરતી વાત કરો.

**શ્રી અમિત અ. શાહ** : આ પ્રશ્ન પૂરતી વાત તો પતી ગઈ સાહેબ.

**અધ્યક્ષશ્રી** : ઓ. કે. નેકસ્ટ.

# સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

## ગૃહ વિભાગની અધિસૂચના

**શ્રી અમિત અ. શાહ (રાજય કક્ષાના ગૃહમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગૃહ વિભાગની-

(૧) સન ૧૯૫૫ના મુંબઈ સ્પિરિટયુકત બનાવટો (આંતરરાજય વેપાર અને વાણિજય) નિયંત્રણ અધિનિયમ અન્વયેની તા. ૬-૧૦-૨૦૦૫ની અધિસૂચના ક્રમાંક: જીજી/૭૫/એમટીપી/૧૦૯૭/૧૮૪૮(૧)/ઈ.૧

(૨) સન ૧૯૪૯ના મુંબઈ નશાબંધી અધિનિયમ અન્વયેની-

(ક) ગુજરાત સ્પિરિટયુકત બનાવટો બાબતના નિયમો, ૨૦૦૫ ઘડતી તા. ૬-૧૦-૦૫ની અધિસૂચના ક્રમાંક:જીજી/૭૬/એમટીપી/૧૦૯૭/૧૮૪૮/ઈ.૧

(ખ) તા. ૧૧-૧૦-૦૫ની અધિસૂચના ક્રમાંક:જીજી/૭૭/બીપીએ/૧૦૯૭/૭૩૦/ઈ.૧ ને સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અધિસૂચના સભાગૃહના મેજ ઉપર મૂકવામાં** આવી

# રાજયપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (બીજો દિવસ)

**અધ્યક્ષશ્રી** : રાજયપાલશ્રીના સંબોધન માટે તા. ૨૩મી ફેબ્રુઆરી, ૨૦૦૬ના રોજ માનનીય સભ્યશ્રી માધાભાઈ બોરીચા તરફથી જે આભાર પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો છે અને જેને માનનીય સભ્યશ્રી મોહનભાઈ કુંડારિયાએ અનુમોદન આપ્યું છે તે આ પ્રમાણે છે.

" રાજયપાલશ્રીને નીચે મુજબનો સંદેશો પાઠવીએ:-

"અમો, આ સત્રમાં એકત્ર થયેલા ગુજરાત વિધાનસભાના સભ્યો, રાજયપાલશ્રીએ આ સભાગૃહ સમક્ષ કરેલા સંબોધન બદલ તેમનો આભાર માનીએ છીએ."

**શ્રી મોહનભાઈ ક. કુંડારિયા (ટંકારા) (ક્રમશ:)**: માનનીય અધ્યક્ષશ્રી, ગઈ કાલે આ ગૃહમાં ગ્રામ્ય વિસ્તાર માટે રસ્તાઓ માટે કૃષિ માટે ઘણી ચર્ચાઓ કરી. ગઈ કાલે કેન્દ્રનું બજેટ રજૂ થયું છે એ અંગે મારે થોડીક વાત મારા મિત્રોને કરવી છે. કાયમ આ કોંગ્રેસના મિત્રો એમ કહે કે ગરીબ લોકો અમારા, આદિવાસી લોકો અમારા, ગરીબ માણસો અમારા. દરેક માણસ એમ કહે કે ઘરતીનો છેડો એટલે ઘર. માણસ બંગલામાં રહેતો હોય કે પછી નળિયાવાળા ઝૂંપડાંમાં રહેતો હોય કે પછી એ ઘાસના ઝૂંપડામાં રહેતો હોય, પરંતુ એ માણસ ઘેર પહોંચે ત્યારે એમ થાય કે મારા ઘેર આવ્યો. ગરીબ ઝૂંપડામાં રહેનારો આદમી, નળિયાના કાચા ઘ ારમાં રહેતો આદિવાસી છે. ગઈકાલે બજેટમાં રૂફિંગ ટાઈલ્સ નળિયા ઉપર ટેકસ નાખવામાં આવ્યો છે. ગરીબ માણસો નળિયા વાપરે છે. જ્યારે ૩૦૦ રૂપિયે ફૂટ મારબલ વાપરે એના ઉપર કોઈ ટેકસ નહિ. નળિયા ઉપર આ કેન્દ્રની યુ.પી.એ. ની સરકારે ટેકસ નાખ્યો છે. અત્યારે ગામડાંની અંદર નાના નાના ગરીબ માણસો ઘેર એક શૌચાલય બનાવતા હોય છે એમાં સિરામીકની ગ્લેઝ ટાઈલ્સ નાખવામાં આવે છે. એના ઉપર પણ સરકારે ટેકસ નાખ્યો છે.

મારે ખાસ એ વાત કરવી છે, પાણી અને સિંચાઈ બાબતમાં અમારા મોરબીની અંદર નર્મદાના પાણીની જૂથ યોજનાના પમ્પીંગ સ્ટેશનનું ભૂમિ પૂજન હતું, એમાં ગુજરાતના માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ આવ્યા હતા. ત્યારે મોરબીના કોંગ્રેસના મિત્રો હાંસી ઉડાવતા હતા કે આવડી મોટી પાઈપ લાઈન એમાં પાણી આવશે ખરું? એ પાઈપ લાઈનમાં હું પોતે ચાલી શકું તેવી મોટી પાઈપ લાઈનમાં પાણી આવે? ૧૯૮૫માં મોરબી તાલુકાની એક જૂથ યોજના મંજૂર થઈ હતી એ જૂથ યોજના ૨૦ ગામોની હતી. એનું કામ પૂર્ણ થયું ત્યારે તે વખતના પાણી પુરવઠા મંત્રીશ્રી અર્પણવિધિના કાર્યક્રમમાં આવ્યા અને એમણે વાલ્વ ખોલ્યો એટલે પાણી ચાલુ થયું. એક, બે ત્રણ દિવસ થયા ત્યારે છેલ્લા ૩-૪ ગામો હતાં એમાં પાણી નહોતું આવતું તેથી અમે

અધિકારીઓની મિટિંગ બોલાવી એમાં ચર્ચા કરી તો કહેવામાં આવ્યું કે વાલ્વ ઓછો ખોલીએ છીએ, પરંતુ એ જો વધારે ખોલીએ તો છેલ્લા ગામોને પાણી મળે. તેથી કોંગ્રેસના આગેવાનો વાલ્વને ખોલવા માટે ગયા. વાલ્વ વધારે ખોલ્યો એટલે આગળના ગામના માણસો આવ્યા કે જલદી આવો જલદી આવો અમારે ત્યાં પાઈપ લાઈન ઊભી થઈ ગઈ છે. અમારી સરકારે નર્મદાનું પાણી મધ્ય ગુજરાત, સૌરાષ્ટ્ર, કચ્છના છેવાડાના ગામો અને જામનગર જિલ્લાના ગામો સુધી પાઈપ લાઈન મારફતે પહોંચાડ્યું છે. જે રાજયના મુખ્ય મંત્રીશ્રી સ્વપ્નદૃષ્ટા અને વિચારશીલ હોય એને જ આવો વિચાર આવે.

ઉત્તર ગુજરાતની વાત કરું તો ઉત્તર ગુજરાતમાં ક્ષારવાળું પાણી નીકળે છે. આવું પાણી પીવાના કારણે ત્યાંના યુવાનો યુવાનીમાં વૃદ્ધ થઈ જતા હતા. રાત્રે સૂતા પછી ઉઠવું હોય તો રાંઢવું પકડીને ઉઠવું પડે એવી હાડકાની પરિસ્થિતિ થઈ હતી. ઉત્તર ગુજરાતના આ ગામડાંને પાણી આ ભારતીય જનતા પાર્ટીની સરકારે આપ્યું છે. ગામડાંની નદીઓની અંદર વરસો પહેલા પાણીના વહેણ ચાલતા હતા એ છેલ્લા ઘણાય વરસોથી બંધ થઈ ગયા હતા. જ્યારે આજે દરેક નદીમાં હજી પાણીના વહેણ ચાલુ છે. આ ભારતીય જનતા પાર્ટીની સરકારની દૃષ્ટિ હતી જેણે દરેક નદીઓની અંદર મોટા મોટા ચેકડેમો બનાવ્યા, નાના નાના ચેકડેમો બાંધ્યા, બોરીબંધ બનાવ્યા, ખેત તલાવડીઓ કરી એના કારણે પાણીના તળ આજે ઉંચા આવ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે એ વાત કરવી છે કે ગઈકાલે બલવંતસિંહ ભાઈ કહેતા હતા કે સરસ્વતી નદીમાં પાણી નાખ્યું, આટલો ખર્ચ કર્યો. આ કર્યું, તે કર્યું. વર્ષોથી આ નદીમાં પાણી નહોતું. જે યાત્રાધામ છે. એ નદીમાં ભારતીય જનતા પાર્ટીની સરકારે જે બાજપાઈજીનો વિચાર હતો કે રીવર ગ્રીડ, દરેક નદીના બીજી નદીમાં પાણી લઈ જવાનો જે પોતાનો વિચાર હતો એ વિચાર ગુજરાતની જનતા પાર્ટીની સરકારે સાર્થક કર્યો છે કે નર્મદાના પાણી સરસ્વતીમાં લઈ ગયા. નર્મદાના પાણી અહીં સાબરમતીમાં, બલવંતસિંહભાઈ, આપણે જોઈએ તો હબેહબ ભરી છે અને તળ ઉંચા ગયા છે. આપણે કામ થાય તે પણ જોઈ શકતા નથી અને ન થાય તો રહી શકતાં નથી. અમુક વસ્તુ તો આપણે સ્વીકારવી જોઈએ કે આટલું બધું પાણી જો નદીમાં ભરાયું હોય તો ખરેખર ભારતીય જનતા પાર્ટીની સરકારને અભિનંદન આપવાં જોઈએ.

મારે એ વાત કરવી છે, ગામડાંમાં વસતો માણસ, જ્યારે સ્વરાજય આવ્યું ત્યારે ગામડાંના માણસોની એક રૂઢિ હતી કે ઉત્તમ ખેતી, મધ્યમ વેપાર અને કનિષ્ઠ નોકરી. ગમે તેવો માણસ હોય એક જ વિચાર કરે કે આખો ખાતા અડધો ખાશું પણ આપણે ત્યાં નથી જવું. આપણે ખેતી કરવી છે. પણ તેમાંથી બહાર આવીને આ મિત્રોની સરકાર ઘણા વર્ષ રહી, એ વાક્યને અવળું કરી નાખ્યું હતું. ઉત્તમ નોકરી, મધ્યમ વેપાર અને કનિષ્ઠ ખેતી. જેને પાછું સુલટાવવા માટે આ ભારતીય જનતા પાર્ટીની સરકારે કૃષિ ઉપર પૂરું ધ્યાન આપ્યું છે. પાણી રીચાર્જ કરવાનું હોય, આધુનિક ખેતી કરવાની હોય કે ડ્રીપ ઈરીગેશન હોય, આના માટેનો પ્રયત્ન ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યો છે.

મારે એ કહેવું છે કે થોડા દિવસ પહેલાં પ્રવાસન વર્ષ નિમિત્તે અમે રાજસ્થાન ગયા હતા. અમારી સાથે કોંગ્રેસના મિત્રો પણ હતા. રાજસ્થાનમાં જયપુરમાં ઉતરીને અમે સરકીટ હાઉસ ગયા. ભવાનભાઈ અને બધા સાથે હતા. ૮-૦૦ વાગે સરકીટ હાઉસ ગયા. ત્રીજા માળે રૂમ આપ્યા. અમે લિફ્ટ આગળ જઈને ઉભા રહ્યા. લિફ્ટમેને કહ્યું કે અત્યારે લિફ્ટ બંધ છે. તો અમે પૂછયું કે કેમ બંધ છે? તો કહે કે અમારે અહીં સવારે ૮-૦૦ થી ૧૦-૦૦ વાગ્યા સુધી પાવરનો કાપ છે. મેં કહ્યું કે બે કલાકનો કાપ? તો કહે કે સાહેબ, આ તો ભારતીય જનતા પાર્ટીની સરકાર આવ્યા પછી બે કલાક, નહીં તો છ કલાકનો હતો. એટલે તમને કહેવાનો અધિકાર નથી કે ગુજરાતમાં ગામડાંમાં ૨૪ કલાક થ્રી ફેઝ વીજળી ૧૫૦૦ ગામમાં મળે, કુંવરજીભાઈ, તમને પણ ખબર છે. તમે પણ રાજી થાવ છો કે ગામડાંમાં થ્રી ફેઝ વીજળી મળે.

મારે પ્રવાસન વર્ષની વાત કરવી છે. રાજસ્થાનમાં જ્યારે પ્રવાસન વર્ષ માટે ગયા ત્યાં દરેક ક્ષેત્રના લોકો સાથે મિટિંગ કરી. ત્યાંની ટ્રાવેલ એજન્સી અને ચેમ્બર ઑફ કૉમર્સ સાથે જ્યારે અમે મિટિંગ કરી ત્યારે એ લોકોની કહેવાની એક જ વાત હતી. અમારું રાજસ્થાન જે કંઈ છે એ પ્રવાસન ક્ષેત્રના કારણે છે અને ગુજરાતી પ્રવાસીઓને કારણે છે. ગુજરાતમાં જો તમે પ્રવાસનને વિકસાવો તો અમારા રાજસ્થાનમાં આવતા ગુજરાતીઓ બંધ થઈ જાય તો રાજસ્થાનની હાલત ખરેખર ખરાબ થાય. આટલી પ્રવાસન ક્ષેત્રની તાકાત છે. તેના કારણે ગુજરાતના મુખ્યમંત્રીશ્રીને વિચાર આવ્યો કે આ વર્ષ પ્રવાસન વર્ષ તરીકે ઉજવીને આપણે પ્રવાસન ક્ષેત્રનો વિકાસ કરીને બહારથી લોકો ગુજરાતમાં પ્રવાસ કરવા આવે અને ગુજરાતની આવકમાં વૃદ્ધિ થાય. ગામડાંના ગરીબ માણસને તેમાંથી રોજી મળે. એ દૃષ્ટિથી પ્રવાસન વર્ષ ઉજવવાનો આ સરકારે વિચાર કર્યો.

કાલે માધાભાઈએ પણ વાત કરી હતી. જ્યારે ગામડાંનો ખેડૂત રાતદિવસ મજૂરી અને મહેનતનું કામ કરતો હોય શિયાળામાં, ઉનાળામાં અને ચોમાસામાં ખેતીનું કામ કરવું પડે. ખેતીના કામને કારણે ગમે ત્યારે રાત્રે પણ પાણી વાળવા જવું પડે. રાત્રે કોઈ પણ કામ કરવા જવું પડે. તેમાં જો અકસ્માતે મૃત્યુ થાય તો તેને એક લાખની વીમાની સહાયની યોજના આ ભારતીય જનતા પાર્ટીની સરકારે કરી છે. આ દુષ્કાળને દેશવટો આપવાનું કામ આ ભારતીય જનતા પાર્ટીની સરકારે શરૂ કર્યું છે. એ પૂર્ણ કરવાની છે અને અત્યારે મારે ખાસ કહેવું છે કે ઔદ્યોગિક ક્ષેત્રમાં આખા ગુજરાતની અંદર કે આખા દેશમાં જે ઔદ્યોગિક ક્ષેત્રમાં સીરામીક ઉદ્યોગ

છે, આખા ભારતમાં ૭૦ ટકા ઉત્પાદન ગુજરાતમાં થાય છે અને તેમાંથી ૬૦ ટકા ઉત્પાદન મોરબી-૧માં થાય છે. આ સિરામીક ઉદ્યોગને ધમધમતો કરવા માટે ૭૦૦ કિલોમીટર ગેસ ગ્રિડ પાઈપલાઈનનું કામ ચાલુ છે. આ જુલાઇના એન્ડ સુધીમાં મોરબીના તમામ ઉદ્યોગોને ગેસ મળવાનો છે. જ્યારે ગુજરાતનો આ સિરામીક ઉદ્યોગ ચાઈના અને ઈટાલી સામે ટકી શકે, હરિફાઈ કરી શકે, સારી કવોલિટિનો માલ આપી શકે એના માટેના પગલાં ભર્યા છે. કચ્છની અંદર બાબુભાઈનો વિસ્તાર છે. કચ્છમાં આજ સુધી કોઈ ઉદ્યોગો આવતા નહોતા. સુરજબારીનો પૂલ મૂકીને એવી ઈન્ડસ્ટ્રીઝ છે કે, ત્યાં નગરીયા ઉભી થઈ ગઈ છે. આ ભારતીય જનતા પાર્ટીની દેન છે. ત્યાં એન.ડી.એ.ની સરકાર હોય અને અહીં ભારતીય જનતા પાર્ટીની સરકાર હોય તો જ આ શકય બન્યું છે. આજે ત્યાં કરોડો રૂપિયાની ઇન્ડસ્ટ્રીઝ ઉભી થઈ છે, મોટા મોટા નગરો ઊભા થયાં છે. ઉદ્યોગ ક્ષેત્રે પણ ભારતીય જનતા પાર્ટીની સરકારે ઘણું કામ કર્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, પછી રસ્તાની વાત કરીએ. અમે પહેલીવાર ૧૯૯૫માં ધારાસભ્ય તરીકે ચૂંટાયા. અમે મોરબીથી નીકળીને ગાંધીનગર આવીએ ત્યારે ઘરના લોકો ચિંતા કરતા હોય. કારણ કે, સવારે છાપું ઉઘાડીએ તો અમદાવાદથી બાઉન્ડ્રી સુધીમાં ૨-૪ એકસીડેન્ટ થયા જ હોય. એટલે ઘરનાને એમ થાય કે, આ અમદાવાદ- ગાંધીનગર જાય એ સાંજે પાછા તો આવી જશેને? એકસીડેન્ટ તો નહીં થાયને? એટલે ઘરવાળા દીવો માને કે સાંજે એમનું મોઢું જોઈશું એટલે અમે દીવો કરીશું. આ ભારતીય જનતા પાર્ટીની સરકારે અમદાવાદ-રાજકોટ લાઈનનો ફૉર લેનનો રોડ પોતાની તાકાતથી કર્યો. આજે ફૉર લેનના રસ્તા હોય, રાજકોટ - મોરબી હોય, રાજકોટ- જામનગર હોય કે કચ્છની બૉર્ડરે ફૉર લેન ચાલુ છે. આ કચ્છનો રોડ કેન્દ્રમાં એન.ડી.એ.ની સરકાર હતી ત્યારે મંજૂર થયો છે. ગામડાઓના રસ્તાઓની સામાન્ય વાત કરું તો, ૧૯૯૫માં ટંકારા-પડધરીમાં હું પહેલીવાર ધારાસભ્ય તરીકે ચૂંટાયો.

પડધરી તાલુકાના એના ૩ જ ગામોને ડામરના રસ્તા હતા. પડધરીથી વિસામણ, પડધરીથી સડકદર, પડધરીથી ખાખરા બેલા, ખોડા પીપર, આ ત્રણ જી ગામોના ટોટલ ૪૫ કિલોમીટરના રસ્તા સ્વરાજ મળ્યાના ૪૫ વર્ષે થયા હતા. આજે પડધરી તાલુકાના ૫૮ ગામ છે એમાં એકપણ ગામ એવું નથી કે ત્યાં એકપણ પાકો રસ્તો ન હોય. કાલે બળવંતસિંહ કહેતા હતા કે, આટલા રૂપિયા ફાળવ્યા અને આટલા જ વપરાયા. એમની એ વાત સાચી છે. કેમ કે એ વખતે રૂપિયા પૂરેપૂરા વપરાઈ જતા હતા. કારણ કે, કામ ચોપડા ઉપર કરવાના હોય, પેપરવર્ક જ કરવાનું હોય, એટલે ઝડપથી રૂપિયા પૂરેપૂરા વપરાઈ જ જતા. મને યાદ છે કે, મોરબી તાલુકાના અદેપર ગામ ત્યાં પડધરી અદેપરનું કામ થવાનું હતું. ધારાસભ્ય નહોતો ત્યારે એવું કહેવામાં આવ્યું કે, અદેપર રસ્તાનું કામ મંજૂર થયું છે. આ રસ્તાનું કામ થવાનું છે. હું ધારાસભ્ય તરીકે ચૂંટાયો એ ગામનો રસ્તો થયો કે નહીં એ પૂછયું તો કહે કે રસ્તો થયો. કોન્ટ્રાકટ અપાયો અને પૈસા પણ વપરાઈ ગયા છે. ઘણીવાર આ રીતે ઝડપી ગ્રાન્ટ વપરાતી હોય છે. એમાં હું ૧૦૦% સંમત છું. ૫૦ વર્ષમાં કૉન્ગ્રેસે શું શું કર્યું? આ જે જગ્યા ઉપર બેઠા છે એ કૉન્ગ્રેસે બનાવી. જે કાંઈ કરવાનું છે એ કર્યું છે. ગામડાના ગરીબ માણસોની કોઈ દિવસ ચિંતા કરી નથી, ગામડાના ગરીબ માણસો પાસે ગયા નથી, ગામડાના ગરીબ માણસોની ખબર નથી. અગાઉના ધારાસભ્યો સરકીટ હાઉસમાં બેસીને રાજય કરતા હતા, એમણે ગામડા જોયા નહોતા. આજના ધારાસભ્યો તમારે પણ અમારા ચીલે ચાલવું પડે છે. અગાઉના ધારાસભ્યો ગામડાઓમાં નહોતા જતા. આજે કૉન્ગ્રેસના મિત્રોને ગામડાનો પ્રવાસ કરવો પડે છે, નાનામાં નાના માણસને સાચવવા પડે છે તો જ ચૂંટાય. પહેલાં ગામડાના લોકોને જોબનંબરની ખબર નહોતી. આજે એમને ખબર છે કે, જોબનંબર આવે તો જ રોડ થાય. નાનામાં નાનો કાર્યકર પણ જાણે છે. એ કહે છે કે પહેલાં તમે જોબનંબર અપાવો. પછી જ રોડ બનશે. જોબનંબર જિલ્લા પંચાયતમાં આવે પછી જ કામ થાય. એના ટેન્ડર બહાર પડે લોકો માહિતગાર છે. આ જાગૃતિનો મુખ્ય હિસ્સો છે એ ભારતીય જનતા પાર્ટીનો છે. ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓએ એકેએક ગામડાઓનો પ્રવાસ કર્યો. ગામડાઓની અંદર જઈને લોકોના પ્રશ્નોને વાચા આપી. આ બેઈઝ ઉપર ભારતીય જનતા પાર્ટીની સરકારે ગ્રામ સભાઓ કરી છે. ૧૦ તબક્કા પૂરા કર્યા. ગામડાનો જે કોઈ પ્રશ્ન આવે એ પ્રશ્નનું તાત્કાલિક નિરાકરણ થાય. એના માટે તાલુકા પંચાયતના ટી.ડી.ઓ. ધારાસભ્યને વિનંતી કરીને કહે છે કે આટલા આટલા તમારા વિસ્તારના પ્રશ્નો આવ્યા છે એમાંથી તમારાથી શકય હોય તો તમારી ગ્રાન્ટ આપો, બાકી રાજય સરકારમાં અમે ભલામણ કરી આ કામો તાત્કાલિક પૂર્ણ કરાવવાના છીએ. આ ધ્યેય ઉપર આ ભા.જ.પ.ની સરકાર કામ કરતી આવી છે અને કહેવત છે કે જેનો સેનાપતિ જે પોતે સેનાપતિ હોય એનામાં તર્કબુદ્ધિ હોય, તાત્કાલિક નિર્ણય શકિત હોય તો એ સેના જીતીને આવે. જે ઘરની અંદર વડીલ હોય એની અંદર જો દીર્ઘદષ્ટિ હોય, કામની આવડત હોય તો એ કુટુંબ તરી જાય.

ગુજરાતની અંદર નરેન્દ્રભાઈ મોદી મુખ્યમંત્રી છે, દીર્ઘદૃષ્ટા છે એ કંઈ કરવાનું વિચારે છે , જયારે આપણે ઘેર બેઠા બેઠા નકકી કરીએ કે મારે અહીંથી અમદાવાદ જવું છે પણ આપણે પહેલા ઘરની બહાર નીકળવું પડે, ગાડી પડી હોય તો અંદર ચાવી ભરાવી ગાડી ચાલુ કરવી પડે તો અમદાવાદ આવે પણ ઘેર સોફા ઉપર પગ ચડાવીને બેઠા હોઈએ અને આપણે એમ કહીએ કે મારે અમદાવાદ જવું છે તો અમદાવાદ ન આવે, આના કારણે આ ગુજરાતની અંદર જે અત્યારે સરકાર ચાલી રહી છે એનો એક બીજો પણ દાખલો આપું.

અત્યારે નગરપાલિકાની ચૂંટણીઓ જાહેર થઈ છે અને ગુજરાતનું બજૅટ જાહેર થઈ ગયું આ ગુજરાતનું બજૅટ જો આ જનતાને ન ગમ્યું હોત તો ૫૦ સીટ ભારતીય જનતા પક્ષની બીનહરીફ ન થાય, ૨ નગરપાલિકામાં ભારતીય જનતા પક્ષ બીનહરીફ જાહેર થયો. આ લોકો કહે છે કે આ ગુજરાતની સરકારે જે બજૅટ આપ્યું છે ગુજરાતના જે મુખ્યમંત્રી છે એના ઉપર બધાને પૂરેપૂરો વિશ્વાસ છે એના કારણે ૫૦ સીટ આવે, ૨ નગરપાલિકામાં બીન હરીફ જીતાય એટલે એના ઉપરથી તમારે વિચારવાનું છે કે આવતી વખતે શું કરવું, ૨૦૦૭માં ખાલી વિરોધ કરવાને બદલે એમાં તમે કંઈ સૂચન કરો, એ સૂચનને કારણે આ સરકાર હજી કંઈ સારા કામ કરે, લોકો ૧૦૦ ટકા તમને સ્વીકારવાનો વિચાર કરે પણ આ તો તમારે વિરોધ જ કરવો કે સરસ્વતીમાં પાણી શું કરવા નાખ્યા, એના માટે લાઈટબીલ કેટલું આવશે, સરસ્વતીમાં પાણી આવ્યા, તમે લોકો પાસે જઈ અને ગામ વચ્ચે બોલો કે આ સરસ્વતીમાં ભા.જ.પ.વાળાએ ખોટા પાણી નાખ્યા આ ન નાખવા જોઈએ , તો તમને અહીંથી લેવા માટે એમ્બ્યુલન્સ મોકલવી પડે એ પરિસ્થિતિ લોકો કરે. આ સ્થિતિની અંદર આ જે આ ભા.જ.પ.ની સરકાર જે કામ કરી રહી છે એમાં હકારાત્મક સૂચનો કરો અને સારા કામો થાય એને તમે સારી રીતે કહો કે સારા કામો કર્યા છે. આ બાબતમાં ગઈકાલે અને આજે મને બોલવાની તક આપી એ માટે આભાર.

. **શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા (વિરોધપક્ષના નેતાશ્રી)**: માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાજયપાલશ્રીના પ્રવચન ઉપર હું મારાં મંતવ્યો આપવા ઉભો થયો છું. માનનીય અધ્યક્ષશ્રી, આપણા રાજયપાલ મહોદય છે એ જૂની પેઢીના આગેવાન છે, ગાંધીવાદી છે. જીવનના સાત દાયકા એમણે જાહેર જીવનની અંદર પસાર કરેલા છે. ખૂબ ઉંચી પ્રતિભા ધરાવે છે, આ પ્રવચન શરૂ થયું એ પ્રવચનની શરૂઆતમાં જ રાજય સરકારે મહાત્મા ગાંધીનો ઉલ્લેખ કર્યો, મહાત્મા ગાંધીજીનો વિચાર છે એની અંદર એક-એક વાકયની અંદર સત્ય ટપકતું હતું અને એનું પ્રિય ભજન છે એની બે પંકિત પણ એવી છે કે, "જીહવા થકી અસત્ય ન બોલે પરસ્ત્રી જેની માત રે,' વૈષ્ણવજન તો તેને રે કહીએ જે પીડ પરાઈ જાણે રે." સત્યના પાયા ઉપર મહાત્મા ગાંધીજી ઉભા હતા પણ સરકાર જે રીતે ચર્ચા અને પ્રવચનો જે રીતે છે એમાં તો જીવા થકી સત્ય ન બોલે પરસ્ત્રીની બાબતમાં મારે નથી કહેવું કે ગોઠવાય છે પણ આપને ગમશે નહીં એટલા માટે નથી બોલવું મારે અને સી.ડી.ઓ ઘણી બધી આવે એમાંથી જ જજ કરી શકાય પણ એમાં મારે નથી પડવું પણ જીવા થકી સત્ય ન બોલે પછી આગળનું અધૂરું મૂકીને બીજી પંકિતનું કહુ છું કે વૈષ્ણવજન તો તેને રે કહીએ કે જે પીડ પરાઈ માણે રે. જે શાસન ચાલે છે અને માનનીય રાજયપાલશ્રીના પ્રવચનની અંદર જે મુદ્દાઓ બહાર આવે છે એની અંદર મને સત્યનો અંશ બહુ ઓછો દેખાય છે. માનનીય મોહનભાઈ હમણાં બોલતા હતા, નીકળી ગયા. મોરબીમાંથી આવે છે. એમણે સરસ્વતી નદીની વાત કરી, ભલે આજે ત્યાં ક્રિકેટનું મેદાન હોય. એમણે થોડી ચિંતા કરી હોત કે સૌરાષ્ટ્રના એક મિલિયન એકર ફીટ પાણીનું શું થયું? બે વર્ષથી હું જોઉ છું કે સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. કચ્છને એક મિલિયન એકર ફીટ પાણી આપવાની વાતનું શું થયું? સૈદ્ધાંતિક મંજૂરી આપી છે ત્યાં પાઈપલાઈન નાખવાની જરૂર પડવાની નથી. પણ માનનીય મોહનભાઈ **(xxxx) એ જે આપ્યું હોય એ બોલવું પડે.

**અધ્યક્ષશ્રી** : * * (xxxx) આ શબ્દ રેકર્ડમાંથી દૂર કરું છું.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિઆ** : માનનીય અધ્યક્ષશ્રી, એ શબ્દ હું પાછો ખેંચું છું. મોહનભાઈ મારા મિત્ર છે. મારા વડીલ મિત્ર છે માધાભાઈ એ ગઈ કાલે કહેતા હતા કે ૧૮ હજાર ગામડાઓને પાણી આપ્યું છે. એમણે એક પ્રશ્ન પણ કર્યો કે મારા કેશોદ ગામને પાણી મળતું નથી. (અંતરાય) વીજળીનો પણ એ જ પ્રશ્ન હતો અને પાણીનો પણ પ્રશ્ન હતો. પણ આપેલું વાંચવું પડે એનો મને વાંધો નથી. હું વાત કહેતો હતો કે એમણે જૂથ યોજનાઓની વાત કરી. મારે ત્યાં પણ ૧૯૯૫ પછી જૂથ યોજના બની. એમણે પાઈપલાઈનમાં વાલ તો ખોલ્યો, પાણી પણ આવ્યું, મને મારા વિસ્તારના લોકો આવીને એમ કહે કે, અર્જુનભાઈ, આપણે ત્યાં બરડા જૂથ પાણી પુરવઠાની યોજનાની પાઈપલાઈન નખાઈ પણ પાણી ગયું એટલે મડદા ઊભા થાય એમ ઊભી થઈ ગઈ અને એક ટકો પાણી ન આવ્યું અને રૂપિયા ખર્ચાયા. હમણાં નરોત્તમકાકાને કહ્યું કે આ નવી જૂથ યોજનાના સુધારણાના નામે અમને આપો. એમણે કહ્યું છે કે આપવાના છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું મૂળ વાત ઉપર આવું છું. જીલ્વા થકી અસત્ય ન બોલવું જોઈએ. કયાં કયાં અસત્ય બોલ્યા? મારે થોડીક વિગતો આપવી છે. મારી પાસે સરકારે આપેલી એક જાહેરાત, છાપામાં આવેલી એક જાહેરાત છે. એમાં એમ લખ્યું છે કે શ્રેષ્ઠ આર્થિક શકિત ધરાવતું આગવું ગુજરાત, લ્યો એવોર્ડસ આપણા ચરણોમાં. કયા કયા એવોર્ડ આપ્યા છે ખબર છે? ઈન્ડિયા ટુ ડે દ્વારા એન્વાર્યમેન્ટ એન્ડ મોસ્ટ ઈકોનોમિક ફ્રીડમનો એવોર્ડ, કમ્પ્યુટર સોસાયટી ઓફ ઈન્ડિયા દ્વારા એવોર્ડ, શ્રેષ્ઠ સર્વિસ ઓરિએન્ટેશન માટેનો એવોર્ડ એ

---

* * (xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દ અહેવાલમાંથી કાઢી નાખવામાં આવ્યો છે.

સહિતના ૯ એવોર્ડ આપ્યા. મેં સરકાર પાસે એક મહિના પહેલા આ એવોર્ડો અંગેની વિગતો માગી છે કે આ એવોર્ડો કોણે આપ્યા? આ એવોર્ડ આપનારી સંસ્થાના નામો શું છે? એ એવોર્ડમાં કાઈન્ડ એન્ડ કેશ મળેલ છે કે કેમ? માહિતી ખાતા પાસે માગ્યું તો એમણે કહ્યું કે આ જી.એ.ડી.ને લગતું છે એટલે ત્યાં અમે મોકલ્યું છે. જે માહિતી ન માગીએ એ તરત જ આપી દેવાની અને જે માગીએ એને ખોઈ દેવાની? એટલા માટે કે એમાં સચ્ચાઈ બહાર આવે છે. રાજીવ ગાંધી ફાઉન્ડેશન એવોર્ડ અપાયો, સૂચનાઓ અપાઈ કે અમદાવાદ, વડોદરા, સુરતના ચેમ્બર ઓફ કોમર્સ છે એ મુખ્યમંત્રીશ્રીનું સન્માન કરે. મેં પૂછયું કે એવોર્ડ તો અમને બતાવો. આ જે એવોર્ડ છે એની માત્ર અને માત્ર જાહેરાતો થઈ કે પછી એવોર્ડ અપાયા જ નથી? પછી કહે અહેવાલ આવ્યો એમાં ગુજરાતને નંબર વન અપાયો. અમને પણ આનંદ થાય. કારણ કે ગુજરાતને નંબર અપાયો છે. એ અપાયો એ પણ ૧૯૯૧ થી ૨૦૦૧ સુધીના આંકડા લઈને અપાયો. એમાંય કયાંય આ શાસન આવ્યું નહિ. લખતરમાં એક ગુરુદ્વારા છે એ ગુરુદ્વારાને યુનેસ્કો એવોર્ડ અપાયો. કેમ કે ગામના લોકોએ સાથે મળીને ૪૦૦ વર્ષ જૂનું છે અને બહારની સંસ્થાની સહાય લઈને કારસેવા કરીને ઊભું કર્યું. હિન્દુ, મુસલમાન, શીખ બધાએ ભેગા મળીને કર્યું. આવા ૯ એવોર્ડની માહિતી માગી છે તેની માહિતી આપવામાં આવે કે આ સંસ્થાના નામ, સરનામા કયા છે તો હું ગુજરાતની પ્રજાને બતાવી શકું.

નંબર-૧ ની જાહેરાત થાય,ગુજરાત નંબર-૧ આપવાની જાહેરાત થતી હોત તો હું આનંદ અનુભવત. ભારતની અંદર કેટલીક વખત કેટલાક લોકો કે સંસ્થા દ્વારા, કયા મેગેઝીન દ્વારા મળ્યા છે પણ કોઈએ બસની અંદર પાછળ ફોટા મૂકીને નંબર-૧ મુખ્યમંત્રી એવી જાહેરાત નહિ કરેલી હોય. બે-બે વર્ષથી આવી વાત ચાલે છે. નંબર-૧ના રાજની અંદર ગુજરાતને શું થયું છે? એની ચિંતા કરી હોત, 'હા' એક બાબતમાં ગુજરાત નંબર-૧ આપવાની વાત આવી છે અને સ્વીકારું છું કે તો કોઈ Industrial Entrepreneur Memorandumએટલે આવેદન આપે. માધુભાઈ કહે કે મારે ૩૦૦ કરોડનો ઉદ્યોગ સ્થાપવો છે એટલે એને industrial માં ગણાવી દે. પણ મૂડીરોકાણની સ્થિતિ ગુજરાતમાં શું છે? એ મારે કહેવું છે કે જે સંસ્થાએ માનનીય મુખ્યમંત્રીશ્રી નંબર-૧ આપવાની વાત છે એ સંસ્થાએ જ એક special issue બહાર પાડેલ અને Exclusive Reports - India's Best and Worst States. માનનીય અધ્યક્ષશ્રી, આ જે અહેવાલ આવ્યો છે એ અહેવાલની અંદર શું સ્થિતિ છે? એ હું આપને કહેવા માગું છું. એ અહેવાલ પ્રમાણે ગુજરાત કયાં, કેટલામાં In search of human face એમાં ગુજરાતનો સાતમો નંબર છે. કેરાલા એ નંબર-૧ છે, સૌથી વધારે સુંદર કામગીરી કરવાની દિશાની અંદર હિમાચલ પ્રદેશ છે, સૌથી વધારે ખર્ચ કરવાની અંદર પણ હિમાચલ પ્રદેશ છે અને સૌથી કાર્યક્ષમ છે એ ઓરિસ્સા છે. ગુજરાતનું નામ એમાં નથી. Most literate State છે એણે જે વાત કરી છે એમાં ગુજરાતનો ૧૩ મો નંબર છે. એમાં પણ આપણે આ ચાર રાજ્યો છે એમાં ચાર ખાતા છે જે improvement વધારેમાં વધારે ખર્ચ કરવામાં આવ્યો છે અને વધારે કાર્યક્ષમતામાં કયાંય આવતું નથી. સૌથી તંદુરસ્ત રાજ્ય એમાં ગુજરાત આઠમા ક્રમે છે. પાણી અને સેનીટેશન એમાં ગુજરાત છઠ્ઠા ક્રમે છે અને Most pro-poor ગરીબલક્ષી બજૅટ આપવાની અંદર ગુજરાત સાતમાં ક્રમે છે.

માનનીય અધ્યક્ષશ્રી આ વખતે ગુજરાતના બજૅટની અંદર ગુજરાતનો આર્થિક-સામાજિક સરવે આવ્યો એમાં પહેલી વખત એવું સ્વીકાર્યુ કે ગુજરાત મૂડીરોકાણના ક્ષેત્રની અંદર અત્યાર સુધી જે મૂડીરોકાણ થયું છે એમાં ચોથા ક્રમે છે. અમે શાસન કરતા હતા પણ કોઈ દિવસ પહેલા કે બીજા નંબરથી પાછળ નહોતા ગયા. ચોથા ક્રમે આવ્યું. ગુજરાતને કયાંય કોઈએ ચોથા ક્રમે, કોઈએ છઠ્ઠા ક્રમે મૂક્યું. ૧૯૯૧ થી ૨૦૦૧ની વસ્તી ગણતરી થઈ છે. ૧૯૯૧ ની અંદર ગુજરાત ૯ માં ક્રમે હતું. આજે સાક્ષરતાના દરની અંદર વસ્તી ગણતરીના રિપોર્ટ પ્રમાણે ગુજરાત આજે ૧૫મા ક્રમે છે.

માનનીય અધ્યક્ષશ્રી, બાળક અને મહિલાની ખૂબ ચિંતા થઈ. એક હજાર બાળકોના જન્મે એમાં મરવાના બાળક ૦ થી ૬ વર્ષમાં મૃત્યુદર છે એમાં આખા દેશમાં ૪૫ બાળકોના મૃત્યુ થાય છે અને ગુજરાતમાં ૫૫ ના થાય છે. દીકરો કે દીકરી જન્મનો દર છે એમાં ગુજરાત છેવાડાના રાજ્ય ૨૨ માં સ્થાને, સાક્ષરતા દરની અંદર પાંચ વર્ષની અંદર એક ટકાનો વધારો થાય. આપણી પાછળના બિમારું રાજ્યો હતા મધ્યપ્રદેશ, રાજસ્થાન, આંધ્રપ્રદેશ. બિહારને બાદ કરતા તમામ લોકો આપણી આગળ નીકળી ગયા અને તમે બધા તોય હજુ એમ કહો કે અમે નંબર-૧. તમે નંબર-૧ પણ તમે બધાએ ગુજરાતને છેલ્લી કક્ષાએ ધકેલી દીધું.એ તમારા આંકડાના આધારે કહું છું. હું આંકડા આપું છું, મારી પાસે Monthly Renewal of Gujarat Econo-my ડિસૅમ્બર-૦૫નો મારી પાસે issue છે Centre for Monitoring of Indian Economy આ દેશની સૌથી આધારભૂત સંસ્થા, જે સરકારી આંકડાના આધારે analysis કરીને આપે છે, એમાં ઓરિસ્સા સૌથી છેવાડાનું રાજય એનું મૂડી રોકાણ છે ૨,૭૨,૪૦૧ કરોડ, મહારાષ્ટ્ર બીજા નંબરે છે ૨,૧૫,૮૦૦ કરોડ, આંધ્રપ્રદેશ ૨,૦૯,૮૦૫ કરોડ અને ગુજરાત ૨,૦૩,૭૪૪ કરોડ, ગુજરાત ચોથા ક્રમે છે. માનનીય અધ્યક્ષશ્રી, જે આપણો projects under implementation છે એમાં પણ આપણે બીજા-ત્રીજા ક્રમની આજુબાજુ છીએ, કયાંય પહેલા ક્રમે નથી. F.D.I. માં આપણે વાત એવી કરીએ છીએ કે, Foreign Direct Investmentની, છઠ્ઠા ક્રમે છીએ ૧૩,૦૦૦/-કરોડના મૂડી રોકાણ સાથે. માનનીય અધ્યક્ષશ્રી, Governance ની વાત આવી, ગ્રામ વિકાસની વાત

આવી, આ વખતના રાજયપાલશ્રીના પ્રવચનમાં એમ કહેવાયું કે, પાંચ હજાર ગામોને અમે e-governance થી જોડવાના છીએ. માનનીય અધ્યક્ષશ્રી, રાજીવ ગાંધી Internet Village Project થી આંધ્રપ્રદેશના બાવીસ હજાર ગામો છેલ્લા એક વર્ષમાં જોડીને આપ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગ્રામ વિકાસની વાત આવે છે, હમણાં ગ્રામ વિકાસ ખાતાના મંત્રીશ્રી અહીંયા ઉપસ્થિતિ છે, આપણા શ્રી રઘુવંશ પ્રતાપસિંહ જે ત્યાંના કેન્દ્રના મંત્રી છે એમને બોલાવ્યા, પૂજય મોરારીબાપુને બોલાવ્યા, એમાં પ્રેરણા લઈ શકાય એવું માનનીય મુખ્ય મંત્રીશ્રી બોલ્યા હોત તો વાંધો નહતો, સુરૂચિ ભંગ થાય, એટલા માટે જે બહેન જેને રસ્તા ઉપર ટોયલેટ બેસી જવું પડે છે, જાજરૂ બેસી જવું પડે છે એના વિશે જેમની મશ્કરીજનક ઉલ્લેખ થયો, એનો ઉલ્લેખ અહીંયા મારે કરવો નથી, મારે માત્ર એટલી જ વાત કરવાની છે કે, મારી મા ને પણ એક વખત આવી રીતે બેસવું પડતું હતું કારણ કે, અમારા ઘરમાં ટોયલેટ નહતું. આમાં ઘણી બહેનો એવી હશે, આપે જોયું હશે કે, રસ્તા ઉપર મજબુરીવશ એને બેસવું પડતું હશે, એની મશ્કરી કરવાની જરૂર નહતી.(અંતરાય)

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : મુખ્યમંત્રીશ્રીના જે તે વખતના પ્રવચનમાં કોઈ મશ્કરીરૂપ વાત થઈ નથી. માનનીય વિરોધપક્ષના નેતાશ્રીને મારી વિનંતી છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિઆ** : હું કહેવા માગું છું કે, મારી કૅસૅટ આપવાની તૈયારી છે,

**અધ્યક્ષશ્રી** : આપણે વિવાદમાં ન પડવું, પ્લીઝ (અંતરાય)

**શ્રી અશોક ભટ્ટ** : સાહેબ જે ન બોલ્યા હોય તો આવી વાત કહેવી..

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિઆ** : નહીં, કહેતા હોય તો હું ઈન્વર્ટેડ કોમામાં કહેવા તૈયાર છું, મારે હાઉસની ગરિમા જાળવવી છે એટલે બોલ્યો નથી.

**અધ્યક્ષશ્રી** : વિવાદાસ્પદ ન બોલવું. બેસો પ્લીઝ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિઆ** : માનનીય અધ્યક્ષશ્રી, મારે વાત એટલી કરવી છે કે, છેલ્લા ત્રણ વર્ષમાં કેન્દ્ર સરકારે total sanitation project માં ૪૪ કરોડ રૂપિયા આપ્યા અને માત્ર ૧૧ કરોડ રૂપિયા વાપરી શક્યા છીએ, વાપરો એના પછી પૈસા લેવાના છે પણ ગુજરાત સરકાર વાપરી શકી નથી. જો આ પૈસા વાપર્યા હોત તો આજે મારી કેટલીય મા, બહેનો અને દીકરીઓને રસ્તા ઉપર ટોયલેટ બેસવું પડે છે. ગરીબીના કારણે એ બેસવું પડ્યું ન હોત. હું આ કાર્યક્રમ પછી એમને મળ્યો હતો, એમણે કહ્યું કે, કાયદો લઈ આવવો જોઈએ. હું પણ વિનંતી કરીશ કે, પંચાયતમાં જે ચૂટાય એ ચૂટાનારા સભ્યો છે એના ઘરમાં ટોયલેટ હોવું જોઈએ એ કાયદો છતીસગઢમા લાવવામાં આવ્યો છે, આ કાયદો અહીંયા પણ લાવવામાં આવે. એના દ્વારા લાખો પંચાયતના સભ્યો છે એના ઘરમાં આવશે તો એનો પ્રચાર થશે, પ્રસાર થશે. પણ વાતો કરવાથી મેળ નહીં પડે. પ્રચાર કરવો વ્યકિતગત એ જુદી વાત છે અને કામ કરવું એ જુદી વાત છે. એઈડસ રોગ શતકનો સૌથી ખતરનાક રોગ છે. એની સામે લડવું જોઈશે. આરોગ્ય મંત્રી બેઠા છે. અવેરનેસ કેમ્પેઈન ચલાવવું જોઈએ. એના માટે વાત થઈ નથી. કેન્દ્ર સરકાર પૈસા મોકલે અને એના સાઈન બોર્ડ બને એનો વાંધો નથી પણ એમાં મુખ્યમંત્રીશ્રી અને આરોગ્ય મંત્રીશ્રીના ફોટા મુકાય એ જરૂરી નથી. એનાથી ડરીને ભાગી જવાનો નથી એઈડસ રોગ. કેન્દ્ર સરકાર પૈસા આપે એનો સદુપયોગ થવો જોઈએ. પણ થતો નથી. ગૌવંશ હત્યાની વાત થઈ. મારા જેવો શાકાહારી માણસ હોય એને ખૂબ આનંદ થાય કે આવું બનવાનું અટકે. વાત એવી કરી કે મારી સરકાર સુપ્રીમ કોર્ટમાંથી ચુકાદો લાવી. સુપ્રીમ કોર્ટમાંથી ચુકાદો લેવાતો નથી. સુપ્રીમ કોર્ટ ચુકાદો આપે છે. કાયદો ધારાગૃહ બનાવે છે. અશોકભાઈ ૧૯૯૫ પહેલાં સરકારમાં હતા એ સરકારમાં ગૌવંશ હત્યાનો કાયદો કેમ ન બનાવી શકયા? ૧૯૯૫માં છબીલભાઈની સરકાર, અમારી સરકાર કાયદો લાવી પણ રાજયપાલના પ્રવચનમાં એનો ઉલ્લેખ નથી. (અંતરાય) હા, ૧૯૯૪માં ચીમનભાઈ પટેલ લાવ્યા. પર્યુષણ નિમિત્તે આપ બધા મ્યુનિસિપલ કોર્પોરેશનમાં બેસતા હતા પણ કોઈ દિવસ ઠરાવ કરાવવાનું તમને ન સૂઝયું. કોંગ્રેસનું બોર્ડ હતું પર્યુષણ દરમિયાન કતલખાના બંધ કરવાનું પણ અમે કર્યું અને જયારે એને કોર્ટે નામંજૂર કર્યું ત્યારે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન ત્યાં ગયું અહીં ઠરાવ થયો. કોણ ગયું કોણ નહીં પરંતુ કેન્દ્રના એડવોકેટ જનરલ ગુલામ નાણાવટી બે કલાક ઊભા રહીને લડયા. અમારૂં કમિટમૅન્ટ બતાવ્યું ચુકાદો કોર્ટે આપ્યો છે. અમે નથી આપ્યો. નવરાત્રી મહોત્સવનો ઠરાવ થયો પણ ચુકાદો અમે એમ નથી કીધું કે અમે લાવ્યા એ તો સુપ્રીમ કોર્ટે આપ્યો છે પણ અમે જોડાયા, યુથ કોંગ્રેસ જોડાયા, ચંદ્રિકાબેન જોડાયા. આમાં પણ અમે પહેલ કરી પણ અમે એમ નથી કહ્યું કે પર્યૂષણ દરમિયાન કતલખાના બંધ કરવાનું અમે લાવ્યા એટલે અમારૂં સન્માન કરો પણ ૧૯૯૪-૯૫માં (અંતરાય) અમે વટથી કહીએ છીએ. અમે અહિંસાને વરેલા છીએ. ૧૯૯૪-૯૫માં સરકાર કતલખાનાનો કાયદો લાવી. ગામેગામ અમે સન્માન નથી કરાવ્યા. આ તો સુપ્રીમ કોર્ટનો નિર્ણય છે. સુપ્રીમ કોર્ટના નિર્ણયે કોંગ્રેસે કરેલા કાયદાને સમર્થન આપ્યું છે. ઘણી બધી બીજી વાતો આવી છે.

મોહનભાઈ નીકળી ગયા. તેઓ રસ્તાની વાત કરતા હતા. આજે જ રસ્તાની જાહેરાત આવી છે. જાડેજા સાહેબ મારા મિત્ર છે. એ નોંધી લે. હાલોલથી ગોધરા અને શામળાજી સુધીનો ફોર લેન રસ્તો રાજકોટથી શરૂ

કરી વાળીનાથ સુધીનો ફોર લેનીંગ રસ્તો અને અમદાવાદથી વિરમગામ ફૉર લેન રસ્તો કેન્દ્ર સરકારે મંજૂર કર્યો છે. વડોદરાથી શરૂ કરીને મુંબઈ એકસપ્રેસ વેની કેન્દ્ર સરકારે જાહેરાત કરી છે. ગુજરાતને પહેલી વખત તમે ૬ વર્ષમાં મેટ્રો જાહેરાત ન કરી શકયા. મેટ્રો રેલવેની આ બજૅટમાં જાહેરાત કરી છે. મેગાસિટીની જાહેરાત શેની કરી? ૬ વર્ષ શાસનમાં રહ્યા અને જાહેરાત જાહેરાત જ રહી. આ વખતે આપવાનું છે. મારા મિત્ર જાડેજા મેગાસિટી અમદાવાદમાં એમ કહેતા હતા કે મેગાસિટી મંજૂર થયું નથી. મારે અભિનંદન આપવા છે કે મેગાસિટી મંજૂર થયું છે. તમે આ વખતે બજેટમાં કબુલ કર્યુ. અહીયા બીજી મારે વાત નથી કરવી. માત્ર ઘણી બધી યોજનાઓની વાત આવે છે. હમણાં જે મોહનભાઈ વાત કરતા હતા કે ગુજરાતને પાણી પુરવઠાની આટલી પાઈપલાઈન આપી છે, પણ રાજીવગાંધી પેયજલ કમિશન છે, એનો કયાંય ઉલ્લેખ કરવાનું સૂઝયું ખરું? આટલું બધું ફંડ આવે છે, એનો કયાંય ઉલ્લેખ કર્યો ખરો?

ગ્રામ વિકાસ ખાતાના મંત્રીશ્રીને વિનંતી એટલી કરવાની છે કે રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના આવી છે, એની ગુજરાત ગ્રામીણ રોજગાર યોજના નહિ બનાવતા. એ કેન્દ્ર સરકારના નામે ચાલુ રાખજો, કારણ કે સોએ સો ટકા ફંડ એ આપવાના છે. સર્ક્યુલરમાં લખ્યું છે, જોબકાર્ડમાં લખ્યું છે કે ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના ગુજરાત સરકારની. ગુજરાત સરકારની નથી. ૧ લાખ કરોડની કેન્દ્ર સરકારની છે. પોતાના ખાતે ચડાવવાની જરૂર નથી. જે રાજીવ ગાંધી ઊર્જા વિકાસ યોજના છે, એનો પણ કયાંય ઉલ્લેખ થયો નથી. આટલા બધા પૈસા લઈ આવીએ છીએ તો કોઈક જગ્યાએ ઉલ્લેખ કરવો જોઈતો હતો, આપણે કરતા નથી. જવાહરલાલ નહેરુ નેશનલ અર્બન રિન્યુઅલ મિશન એને ગુજરાત અર્બન રિન્યુઅલ મિશનના નામે ચડાવી દેવાની પછી ત્યાંથી લઈ આવવાની અને આપણા નામે ચડાવવાની. જીવા થકી અસત્ય ન બોલે. કોઈક જગ્યાએ સત્યનો અંશ રાખ્યો હોત તો અમને વખાણ કરવાની ઇચ્છા થાત. સેન્ટ્રલ રોડ ફંડના પૈસા આવે. મોહનભાઈ કહેતા હતા. મોરબીથી નીકળીએ રાજકોટ થઈને અમદાવાદ આવીએ ચિંતા થાય વાત સાચી. ચિંતા થતી હતી. ટ્રાફિક ખૂબ વધ્યો હતો. મારે ધન્યવાદ આપવાના છે. મારે ધન્યવાદ આપવાના છે શ્રી શંકરસિંહ વાઘેલાને કેબિનેટ રાજકોટમાં બોલાવીને નિર્ણય કરાવ્યો. રસ્તો અમારે બનાવવાનો છે, કોઈને ન સૂઝયું? કેન્દ્ર સરકારની યોજના પોતાના ખાતે ચડાવતા રહેવાની? કેટલી વખત ચડાવશો. ફોટો છપાવવાના થાય એમાં મર્યાદા રખાય તો સારું. એઈડસના સાઈનબોર્ડમાં ન છપાવતા. બીજે છપાવો તો ચાલશે.

ગેસ પેટ્રોલિયમની વાત થઈ. ગેસ આવે ગુજરાતમાં આટલાં વર્ષો પછી. ગેસ હબ બનવાનું છે. ખોટું નથી. ગુજરાતમાં નહિ આવે તો કયાં આવશે, એમાં સત્ય બોલતાં શીખવું જોઈએ. અહીંયાં જાહેરાત થઈ હતી. ધોળકાની અંદર આટલો ગેસ મેળવ્યો. આજે ધોળકાની અંદર શું સ્થિતિ છે. એવી જાહેરાત થઈ. નિષ્ણાંતોએ ચેતવ્યા હતા. ગોદાવરી બેઝીનની અંદરથી જે તેલ ક્ષેત્રો ગેસના ક્ષેત્રો મળ્યા છે, એનું રિઝર્વોયર ઑડિટ કર્યા પહેલા ન કરો. કરીશું તો આપણા ગુજરાતના હિતને નુકસાન થશે. મુખ્યમંત્રીશ્રીએ જાહેરાત કરી અને આપણે ત્યાંની ભાગીદારી કંપની નાખી. એમણે કહ્યું ના ભાઈ અમો એને સર્ટિફાઈડ કરતા નથી. ગેસ હજુ મળતો નથી. મુખ્યમંત્રીશ્રી બોલે એટલે આખું રાજ્ય બોલતું હોય એમ બોલવું જોઈએ, પણ ઉતાવળમાં એટલું બધું થઈ જાય. આજે ૯ કૂવા ખોદવાના છે, એની જગ્યાએ ૯ કૂવા સારકામ કરવાના છે. ૩ નથી થયા. સ્પષ્ટતા કરવી પડે. ડાયરેકટર જનરલ ઑફ હાઇડ્રોકાર્બનને જણાવ્યું કે રિઝર્વેયરની ઑડિટ થાય પછી જ સાચો આંકડો બહાર આવશે. સપનાનું વેચાણ થાય વાંધો નહિ.

મને એક પ્રેસ રિપૉર્ટ યાદ આવે છે. સરકારની અંદર બેઠેલા એક ખૂબ મોટા મહાનુભવ ઉત્તર ગુજરાતની અંદર ખેડૂતોની જાહેરસભાને સંબોધતા હતા અને કહેતા હતા કે મહેસાણાનો ખેડૂત અત્યાર સુધી ઊંડે સુધી પાણીના બોર કરી કરીને થાકી ગયો છે, ખૂબ વીજળીના બીલ આવે છે, બરબાદ થઈ ગયો છે. હવે પાણી હું આપવાનો છું એટલા માટે તમારે પાણીના બોર નહીં કરવા પડે પણ હવે આ વિસ્તારના ખેડૂતો બોર કરશે તો ઑઈલના બોર કરશે અને તે ઑઈલના બોર કરી તે ઑઈલ આંતરરાષ્ટ્રીય માર્કેટમાં વેચશે. સપનાં વેચવાની મર્યાદા રાખવી જોઈએ. જીહ્વા થકી અસત્ય ન બોલવું જોઈએ, સત્ય બોલવું જોઈએ. અહીંયાં અમને પણ લાગુ પડે છે. સચ્ચાઈને બહાર લઈ આવવી જોઈએ. ગઈકાલે તેના માટે ખૂબ ચર્ચાઓ થઈ કામદારોની. આખા ભારતની અંદર પહેલી વખત કૉર્પોરેટ માફીયાગીરીએ પ્રવેશ કર્યો છે. ચર્ચા થઈ હોત સામસામે આ દેશમાં ગુજરાતના હિતની અંદર જે કામદારો છે તે કામ કરીને રોજીરોટી મેળવે છે અને કામ કર્યા વગર ચાલવાનું નથી . પણ કૉર્પોરેટ ગૃહો, ઉદ્યોગગૃહો કાયદા કાનૂન મુજબ વર્તે, માફીયાગીરી ન ચલાવે તેની વાત ગઈકાલે કરવી હતી. પોરબંદરના સૌરાષ્ટ્ર કૅમિકલ્સનું કારખાનું નિરમા ગૃપે ખરીદ્યા પછી છ મહિના ચલાવ્યા પછી રાતોરાત બંધ કરી દીધું, ચિંતા કરવા જેવી હતી જે દિશામાં તેમાં મારા મિત્રોએ સૂર પુરાવ્યો નહીં તેનું દુ:ખ છે. ચિંતા કરી શકાય અને પગલાં લઈ શકાય.

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં બે દિવસ પહેલાં અમારા રૂપાભાઈ ટ્રક ટ્રાન્સપોર્ટના આગેવાન છે. મોટા ગજાના આગેવાન છે. તાલુકા પંચાયતમાં રહ્યા છે, ચૂંટાયેલા સભ્ય છે. ૫૦ વર્ષની ઉંમરમાં એક કેસ નથી થયો તેમની ઉપર અને રાતોરાત પાસામાં મોકલી દીધા બરોડાની અંદર. ત્રણ ઉપરાઉપરી કેસ કરી એને પકડી શકાય છે. કૉર્પોરેટ માફીયાગૃહો છે તેની સામે પગલાં લઈ શકાતાં નથી. સૅક્સ મેનીયાકનો પ્રશ્ન પૂછાય તો તે ઉડાવી

દેવાય છે. ગઈકાલે પોટાની વાત થતી હતી. પોટા છે અને હોય તો શાસન ચાલે. ૧૯૪૭ થી શાસન ચાલે છે. પોટા ન હતો તે દિવસે કાનૂન વ્યવસ્થા સારી રીતે ચાલતી હતી. આજે પોટાની વાત આવે છે અને કહે છે અમે નથી કરી શકતા. પોટાનું પેલું છે. દિલ્હીમાંથી ઈમેઈલ કરવાવાળાને કયાં પોટાની જરૂર હતી. જેલમાં મોકલી આપ્યો. બધાને મોકલી આપો. કોણ રોકે છે?

માનનીય અધ્યક્ષશ્રી, હું એક ગંભીર વાત આપને કહેવા માગું છું. પોટાનો કાયદો હોય તો આ રૂપાભાઈને પાસામાં ઘાલી દીધા. હું પરમ દિવસે ટીવી જોતો હતાં. જેમાં જે દયા નાયક્ની સુપ્રીમ કોર્ટે જમાનત અરજી રદ કરી અને તેની ઘરપકડ કરી અને તેણે પાછળથી સ્ટેટમેન્ટ શું આપ્યું? એન્કાઉન્ટરના જે માણસો છે તે હું ગુજરાતની ક્રાઈમ બ્રાન્ચને પૂરો પાડતો હતો અને ગુજરાતની ક્રાઈમ બ્રાન્ચ એક રાજકારણીને ખૂન કરવા માટે એન્કાઉન્ટર કરાવતા હતા. નામજોગ અખબારી અહેવાલ આવેલો છે. સાદીક નામનો એક મજૂર કક્ષાનો માણસ ભાવનગરમાંથી દુબઈ ગયો અને આ દયા નાયકના હાથમાં આવ્યો. અહીંયાં મોકલીને એન્કાઉન્ટર કરાવી દીધું પછી મોટી સ્ટોરી છપાય કે આઈએસઆઈના એક મોટા આતંકવાદીનું આ સરકારે ઢીમ ઢાળી દીધું. ઢીમ ઢાળી દેવાય વાંધો નહીં. પણ તમે સેકસ મેનીયાકને નથી પકડી શકતા. અહીંયાં જેતપુરની અંદર તમારી સાથે જોડાયેલા કાર્યકર હતા તેમના બાળકનું અપહરણ થયું અને ગળે ટૂંપો દઈ મારી નાંખ્યો અને પછી કહે છે કે પકડી લીધો છે. વાતાવરણ કેવું થઈ ગયું છે. તમામ લોકોને હિંમત આવી જાય છે. મારા મત વિસ્તારના એક બાળકનું અપરહણ થયું અબરાળા ગામે. પછી મારી નાખ્યો. પૈસા માટે લઈ ગયા હતા. હું ગઈકાલે બોલ્યો હતો. આજના દિવસ સુધી તેના તહોમતદારો રખડતા ફરે છે. મારા ટેકેદારનું ખૂન થયું, હું ઉપવાસ ઉપર બેઠો અને એનાખૂનમાં સંડોવાયેલા જે માણસો માનનીય મુખ્ય મંત્રીશ્રીની સાથે દેખાય અને એની સામે હજી કોઈ પગલાં ન લેવાય, રાજયાશ્રય આપવાનું બંધ કરો, હું લાગણીથી વાત કરવા માગું છું. કાનૂન અને વ્યવસ્થાની સ્થિતિ સારી નહીં હોય ત્યાં સુધી ગુજરાતનો વિકાસ થવાનો નથી, કાનૂન અને વ્યવસ્થાની સ્થિતિ કદાચ સારી ન પણ હોય પણ સરકારનું એમાં કમિટમૅન્ટ હોવું જોઈએ.

માનનીય અધ્યક્ષશ્રી, હું એ વાત કરતો હતો કે આંધ્રપ્રદેશ- હૈદરાબાદમાં આઈ.એસ.આઈ. સૌથી વધારે છે, વધારે એકટીવ છે ત્યાં પબ્લિક વોરનું ગૃપ છે એ પણ વધારે એકટીવ છે, ત્યાં મૂડીરોકાણ વધારેને વધારે જાય છે એટલા માટે કે સરકારનું કમિટમૅન્ટ છે, આપણે આ બેમાંથી એકય ત્રાસ નથી, આયાતી થયેલા આવે છે અને છતાં પ્રવાસનની વાત કરી છે, છેલ્લા ત્રણ વર્ષમાં, ત્રણ વર્ષ પહેલાં ૮૧ લાખ પ્રવાસીઓ ગુજરાતમાં આવતા હતા, આજે કેટલા આવે છે? ૭૫ લાખ આવે છે એટલે પાંચ લાખ ઘટી ગયા, વિદેશી પ્રવાસીઓ ૩૧ હજાર આવતા હતા એ ઘટીને ૨૫ હજાર થયા. એ રેકર્ડ ઉપરની વાત છે અને તમારા રેકર્ડ ઉપરથી જ હું બોલું છું અને છતાં આપણે આત્મખોજ કરવા તૈયાર નથી. જ્યાં સુધી માફિયા પ્રવૃત્તિઓને રાજયાશ્રય મળતો રહેશે ત્યાં સુધી ગુજરાતને જે દિશાની અંદર નંબર એક પર લઈ જવાનું છે, જે પહેલાં હતું એ શકય બનવાનું નથી, તો એના માટેનું કમિટમૅન્ટ જોઈશે.

માનનીય અધ્યક્ષશ્રી, કહ્યાગરા અધિકારીઓને પોલીસ સ્ટેશનોમાં મોકલી દેવાય કે અમે કહીએ એટલાને પકડી લો અને કહીએ એને છોડી દેવાના.તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતની ચૂંટણી આવી, રેકર્ડ ઉપર આ સમય દરમિયાન કેટલા લોકોને પેરોલ ઉપર છોડ્યા, એની માહિતી આપે તો આખું ગુજરાત દંગ રહી જાય એમ છે. જે અધિકારીઓ કામ કરતા હતા, એમને બ્રાન્ચોમાં મોકલી દેવાયા અને જે લોકો કહ્યાગરા હતા એમને બહાર લઈ આવ્યા. કાનૂન અને વ્યવસ્થા જ્યાં સુધી સબળ નહીં હોય ત્યાં સુધી ગુજરાતને આગળ લઈ જવાની વાત છે એ શકય બનવાની નથી, એકાદ બે વ્યકિતઓ સુરક્ષિત રહેશે, એનાથી ચાલવાનું નથી. આખી પ્રજા સુરક્ષિત હોવી જોઈએ, મેં તો એમ પણ કહ્યું છે કે, આ ગુંડાઓની, માફિયાઓની ગોળીની અંદર કોઈનું નામ લખેલું હોતું નથી, તમે એમ માનતા હોય કે આજે અર્જુનભાઈનું નામ લખેલું છે, પણ એ તો પરિવર્તનની સાથે બીજાનું નામ લખાય, તો આવા લોકોને તક ન આપવી જોઈએ તમે આવી તક આપતા રહ્યા છો. સંસ્કૃત્તિ જે ઊભી થઈ છે કે ડીસેન્ટ વોઈસ હોય એ ડીસેન્ટ વોઈસને દબાવી દેવાનો, એ વહીવટી તંત્રથી, માફિયાઓથી સાઉટિંગ કરીને દબાવીએ, એ પ્રવૃત્તિ સારી નહીં.

રાજયના વિકાસની વાત હોય ત્યારે બધાએ સામૂહિક પ્રયાસ કરવો જોઈએ. મેં કહ્યું છે કે નર્મદા યોજના એ આપણી સૌથી પહેલી પ્રાયોરિટી યોજના છે અને એના માટે થઈને કોઈપણ બાબતનો વિચાર કર્યા વગર જ્યાં જવું હશે ત્યાં તમારી સાથે અમારી આવવાની તૈયારી છે. અમારા માટે રાજનીતિનો મુદ્દો નથી, ગુજરાતના વિકાસનો મુદ્દો છે, જે અડચણો હોય, આપણે નક્કી કરેલું હતું કે ૨૦૦૫માં પૂર્ણ કરવી પાછું નક્કી કર્યુ કે ૨૦૦૭માં પૂર્ણ કરવી, આ ગતિથી ચાલશું તો ૨૦૧૦ સુધીમાં થવાનું નથી. ૮૫ હજાર કિલોમીટર લાંબી કેનાલો બનાવવાની છે, દશ હજાર કિલોમીટર બની છે અને જે ડૅમ બનાવવાનો હતો એ ઊંડો, એ ફાઉન્ડેશનની અંદર સૌથી વધારેમાં વધારે કાંક્રિટ આવે ત્યાંથી શરૂ કરી અને ૮૦ મીટર અને પછી ઉપર ૧૧૦ મીટર, ૮૦ પછીનું, આટલો બન્યો છે. થોડોક બાકી છે પણ ડૅમની બહું ચિંતા નથી, નૅટવર્ક બાકી છે. અમે એમ નહીં કહીએ, ટોણા નહીં મારીએ કે હવે મધ્યપ્રદેશમાં તમારી સરકાર છે, મહારાષ્ટ્રમાં તમારી સરકાર છે, રાજસ્થાનમાં તમારી સરકાર છે. ૮૦ કિલોમીટર સુધી અમે લઈ આવ્યા. રાજનીતિની વાતની મારે ચર્ચા નથી

કરવી. અમે એવા ટોણા નહીં મારીએ. અમે એમ કહીએ છીએ કે ત્રણે જગ્યાએ આપણી સરકાર છે. કેન્દ્રમાં આપણી સરકાર છે, અહીંયા પણ આપણી સરકાર છે, ચાલો સાથે મળીને યોજનાઓ બનાવીએ. આણે પૈસા નથી આપ્યા, આણે અડચણ રાખી છે એવી વાત આપણે નહીં કરીએ. પણ આપની તૈયારી નથી. એવો અખતરો ફરી પાછો નહીં કરતા કે નર્મદાનું પાણી ફલાણા ભાઈ લાવ્યા તાણી અને પછી એ કેવડિયાની અંદર માર ખાઈને આવ્યા પાછા, એવું ન કરતા. માર ખાઈશું તો ભેગા ખાઈશું એમ કહેજો. અમને બોલાવજો અમેય આવીશું માર ખાવા.

માનનીય અધ્યક્ષશ્રી, વાતો વધારે કરવી કામ કશું જ નહીં કરવાનું. આરોગ્યની વાત આવે એટલે કહે કે આરોગ્ય રથ કાઢ્યો, એની બીકથી કોઈ રોગ ભાગી જતો નથી. એના માટે તો ડૉકટરો મોકલવા જોઈએ ત્યાં. પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને કૉમ્યૂનિટિ હેલ્થ સૅન્ટર ગામડામાં આ બે જ સગવડ છે. આજે ૪૦ ટકા જગ્યાઓ ભરાયેલ નથી, બધી જ ખાલી છે. કેટલા ઑપરેશન થિયેટરો છે અને કેટલા ચાલુ છે એનો આંકડો આપે તો પ્રજાને ખબર પડે. અમે આરોગ્ય રથ કાઢ્યો, આટલા બાળકોના આરોગ્યની ચકાસણી કરાવી, આ પોલીસ અધિકારીઓ અને પેલાના બધાના ચકાસણી રિપોર્ટ કરાવ્યા એ સાચી વાત પણ ગામડાની વાત કોઈ દિવસ કરી ખરી ? એ નથી કરવી. ચિંતાજનક હદે આરોગ્યની સ્થિતિ હોય, મજૂરોની સ્થિતિ હોય કે પછી શિક્ષણની સ્થિતિ હોય, આજે જ આ બૂકમાં એમ કહ્યું કે ૧૧૦૦૦ શિક્ષકોની જગ્યાઓ ખાલી છે. અનેક વખત આંકડો આપ્યા રાખીશું અને આ પૂરો થશે એટલે ૧૧૦૦૦ ભરાશે પછી ફરી પાછી બીજી ૧૧૦૦૦ ખાલી થઈ જશે. એક વખત તો એવો થવા દઈએ કે કોઈ પણ ગામમાં જ્યાં આપણા બાળકો ભણે છે અને સર્વ શિક્ષા અભિયાન હેઠળ આપણને પ્રાથમિક શિક્ષણની અંદર આ બધા વિકાસના કામો માટેના પૈસા મળે છે એનો આમાં એકાદ વખત તો ઉલ્લેખ કરીએ સર્વ શિક્ષા અભિયાન હેઠળ આટલી વાત પણ નહીં. હું કરું છું, હું કરું છું એજ અજ્ઞાન બીજા કોઈએ કશું જ કરેલું નથી. મેટ્રો રેલ અમે લઈ આવ્યા, મેગા સીટી અમે લઈ આવ્યા. અરે ભાઈ, તમે કર્ણાવતી ન કરાવી શકયા એ મેગા સીટી કેવી રીતે લઈ આવવાના હતા ? ખાલી નામ બદલવાનું હતું એ નામ બદલીને શું કરવાનું હતું ? એ પણ ન કરી શકયા અને એમાંય તમારું ચાલ્યું નહીં તો મેગા સીટીમાં તમારું કયાંથી ચાલે ? અમે તો મેગા સીટી આપ્યું અને વડોદરા-રાજકોટ અને સુરત એ ત્રણેય શહેરો માટેની વન મિલિયન પ્લસની યોજના પણ આપી. (અંતરાય) એટલા માટે મત ન આપ્યા કે આપના મુખ્યમંત્રીશ્રી જામનગર જઈને એમ કહી આવ્યા કે અમારે જામનગરને નંબર વન બનાવવું છે, અમદાવાદ આવ્યા ત્યારે કહ્યું કે અમારે અમદાવાદને નંબર વન બનાવવું છે અને વડોદરા ગયા ત્યારે પણ એવી જ વાત કરી. (અંતરાય) માનનીય અમિતભાઈ, વધુ વખત આ ચાલવાનું નથી. એકાદ વખત સ્વપ્નમાં છેતરાય જાય, કાયમ છેતરાવાના નથી. સ્વપ્નોનું વેચાણ છે એ પેલા ઑઈલના કૂવા જેવું છે. માનનીય નરોત્તમ કાકા, આપ પૂછી જોજો. ઑઈલના કૂવામાંથી ખેડૂત ઑઈલ વેચવાના છે.(અંતરાય)

માનનીય અધ્યક્ષશ્રી, જ્યોતિ ગ્રામ યોજનાની ગાઈ વગાડીને વાત કરી કે અમે ૨૪ કલાક વીજળી આપીશું. ૧૦ વર્ષ પહેલા ૨૪ કલાક વીજળી ગામડામાં મળતી હતી, સિંગલ ફેઝ વીજળી ૨૪ કલાક મળતી હતી પણ આપની પધરામણી થઈ એના પછી ઘટી-ઘટીને આઠ કલાક થઈ ગયા અને વચન શું આપ્યું હતું પેપર ઉપર કે ૧૪ કલાક વીજળી આપીશું. મારા જેવા એક ઉત્સાહી અને માનનીય અશોકભાઈ જેવા ઉત્સાહી હતા એણે એમ કહ્યું કે નહીં, અમારે ૨૫ કલાક વીજળી આપવી છે. પછી કોઈએ ઝભ્ભો ખેંચ્યો કે ભાઈ, દિવસના ૨૪ કલાક જ હોય છે અને ૨૪ કલાક જ વીજળી આપી શકાય, ૨૫ કલાક નહીં. માનનીય અધ્યક્ષશ્રી, જ્યોતિ ગ્રામના નામે ફરી પાછો આમ કાન પકડ્યો ઊંધો, (અંતરાય) મારા કરતા માનનીય અશોકભાઈ ઉત્સાહી છે. હવે ખેડૂતોને આઠ કલાક વીજળી મળતી નથી અને જ્યોતિગ્રામ યોજનાની વાત કરો છો, હું એ વાત કરવા માગું છું. મેં માનનીય ઉર્જામંત્રીશ્રીને કાગળ લખ્યો, માનનીય મુખ્યમંત્રીશ્રીને કાગળ લખ્યો અને રસ્તા અને મકાન વિભાગના મંત્રીશ્રીને પણ કાગળ લખ્યો, આ ત્રણેયને પત્રો લખ્યા. માનનીય મુખ્યમંત્રીશ્રીને તો બે કાગળો લખ્યા કે આ જ્યોતિગ્રામ યોજનાનું જે કામ ચાલે છે એની અંદર જે ભ્રષ્ટાચાર થાય છે અને જે નબળી ક્વોલિટિનું કામ થાય છે એવું ક્યારેય કોઈ દિવસ કામ થયું નથી, મેં મારે ત્યાંના વિસ્તારની અંદર ચાર મિટિંગો કરી કે જે રસ્તાઓ થાય છે માનનીય આઈ.કે. સાહેબ આપ સાંભળજો જે રસ્તાઓ થાય છે એ રસ્તાઓના સોલ્ડરની બાજુમાં થાંભલાઓ નંખાય છે અને જ્યારે એ રસ્તાનું કામ એ રસ્તા પહોળા કરવાનું કામ આવે ત્યારે એ થાંભલા હટાવવા માટેના પૈસા રસ્તા અને મકાન વિભાગ પાસે માગે છે, અમારે ત્યાં એકાદ જગ્યાએ આના કારણે કામો અટકી પડેલા છે અને કેવા કામો થાય છે માત્ર રાજકોટથી પોરબંદરનો નેશનલ હાઈવે બન્યો પહોળો કરવાનો એમાં સરકારને યુટિલિટિ શિફટીંગ માટે ૨૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ થયો. આ જે થાંભલા નંખાય છે એ એવી રીતે છે કે રસ્તાની સાઈડે ચાલીસ વર્ષ સુધી ઝાડ વાવતા રહ્યા અને એ ઝાડ કાપીને હવે ત્યાં જીવતા ઈલેકટ્રીકના થાંભલાઓ નંખાય છે. એક કરોડ ઝાડ કપાયાં છે, અત્યાર સુધીમાં (અંતરાય) સી.ડી. મારી તૈયારી છે હું આ તમને બતાવી આપું મારી સાથે ચાલો કોઈને આવવું હોય તો અને જો એ ઝાડ ન કપાયાં હોય તો મારી રાજીનામું આપવાની તૈયારી છે. (અંતરાય) ગંભીરતાથી લો આ વાત, એક હજાર કરોડ રૂપિયા છે સરકારના એમાંથી પાંચસો કરોડ રૂપિયા એવી રીતે વેડફાઈ ગયા છે (અંતરાય) મારી તૈયારી છે જો

તમારી તૈયારી હોય તો મારી સાથે ચાલો, મજાકનો વિષય ના બનાવો, મજાકનો વિષય બનાવવાની જરૂર નથી એક કરોડ ઝાડ કપાઈ ગયાં છે (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : માનનીય અર્જૂનભાઈ, આપ પ્લીઝ અસંખ્ય એવો શબ્દ બોલો, એક કરોડ એવું બોલવાની જરૂર નથી. (અંતરાય)

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિઆ** : માનનીય અધ્યક્ષશ્રી, મારી બતાવવાની તૈયારી છે, મારી સાથે આવવું હોય તો મારી બતાવવાની તૈયારી છે.

**અધ્યક્ષશ્રી** : અર્જૂનભાઈ એકઝેક્ટ આંકડા નહિ બોલો, અસંખ્ય બોલો,

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિઆ** : માનનીય અધ્યક્ષશ્રી, મેં બે વખત માનનીય મંત્રીશ્રી રસ્તા અને મકાન વિભાગનાને અને મુખ્યમંત્રીશ્રીને  કાગળો લખ્યા..

**અધ્યક્ષશ્રી** : એક મિનિટ, સભ્યોને વિનંતી છે કે, આપ જ્યારે આંકડા બોલો ત્યારે એનો કોઈ સરવે થયો હોય, ગણતરી થઈ હોય તો જ એ આંકડા આપવા જોઈએ અને નહિ તો અસંખ્ય, વધુ એવું કંઈ કહેવું જોઈએ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિઆ** : માનનીય અધ્યક્ષશ્રી, મારી આ ઝાડ બધા બતાવવાની તૈયારી છે (અંતરાય) ગરીબ માણસોના કલ્યાણની વાત આવે છે ત્યારે..

**અધ્યક્ષશ્રી** : સી.ડી. પ્લીઝ, બેસો માધુભાઈ બેસો, માધુભાઈ,

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિઆ** : માનનીય અધ્યક્ષશ્રી, મારી સાથે આવવાની તૈયારી હોય તો હું જંગલ કપાયેલા બતાવી શકું તેમ છું, છે કોઈની તૈયારી?

**અધ્યક્ષશ્રી** : માનનીય પ્રવીણભાઈ, પ્લીઝ બેસો, અજૂર્નભાઈ, ચાલો તમે પ્રવચન ચાલુ રાખો,

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિઆ** : માનનીય અધ્યક્ષશ્રી, અહીંયાં આ તો જંગલના માણસ છે આવા નિર્દોષ માણસ ઉપર આવી મશ્કરી રહેવા દો. સી.ડી.,તમારે બોલવું હોય તો મારી સામે બોલો માધુભાઈ સામે બોલવાની જરૂર નથી. તમારે ત્યાં તમારા વિભાગની અંદર જ ૩૫ કરોડ રૂપિયા તમારા ટેકેદારો આશાપુરી સહકારી મંડળીમાં ખાઈ ગયા આણંદની અંદર તેનું કાંઈક કરો.

**અધ્યક્ષશ્રી** : પ્લીઝ, સમય નથી.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિઆ** : માનનીય અધ્યક્ષશ્રી, એસ.ટી/એસ.સ./ઓ.બી.સી.નું કલ્યાણ તેની વાત આવી.વંચિતો છે,સમાજના છેવાડાના લોકો છે તેની ચિંતા સૌએ કરવી જોઈએ. એસ.ટી/ એસ.સી/ ઓ.બી.સી/ માયનોરીટી આ સમાજના વંચિતો છે. કેન્દ્ર સરકારના બજેટની ચર્ચામાં નથી પડતો પણ માનનીય નાણામંત્રીશ્રીને કહું કે થોડાક આંકડા તેમના જોઈ જાય અને જો જોઈ ગયા હોત તો તેમને થોડીક પ્રેરણા મળી હોત કે તેના કલ્યાણ માટેની કેટલી કેટલી જોગવાઈઓ થયેલી છે. ઘણાં બધા ફંડો તો આપણને આ વર્ગો માટે ત્યાંથી મળે છે પણ તેને માટેની ચિંતા આ રાજયપાલશ્રીના પ્રવચનમાં એવી બધી કરવામાં આવી નથી. મેં કહ્યું તેમ જીહવા થકી સત્ય ના બોલે એના જેવું પ્રવચન આ વિભાગની અંદર રાખવામાં આવ્યું છે. બહુ સાચી વાત કરી સાથીપક્ષમાંથી જ કોઈ બોલ્યું કે અમુક વર્ગ શિક્ષણની અંદર પહેલાં આગળ આવ્યો. તેને પોતાની સ્કૂલો બનાવી, તેણે પોતાના છાત્રાલયો બનાવ્યા, કોલેજો બનાવી કારણકે સૌથી આગળ આવ્યા. આઝાદીના ફળ તે વર્ગને સૌથી વધારે મળ્યા. તેનાથી આગળ નીકળી એ વર્ગ છે તે આગળ કોન્વેન્ટ સ્કૂલની અંદર અંગ્રેજી મિડિયમ સ્કૂલની અંદર, ટેકનીકલ સ્કૂલોની અંદર જાય છે એક ડગલું તેનાથી આગળ. બીજો વર્ગ છે તે એવી જ રાહ જોઈને બેઠો છે અમારા ગામની અંદર સ્કૂલો બને, અમારા ગામની અંદર છાત્રાલયો બને, અમારે ત્યાં કૉલેજો બને તે વર્ગ જાગૃત થયો ત્યારે શિક્ષણ મંત્રીશ્રીને નાણાંમંત્રીશ્રી પાસે તેના માટેની જોગવાઈઓ હતી નહી. લિસ્ટ આપ્યું હતું માનનીય શિક્ષણમંત્રીશ્રીએ ટેબલ ઉપર આવશે ત્યારે હું કહીશ કે અમદાવાદ જિલ્લાની અંદર તો ઠીક છે પણ અમદાવાદ શહેરની અંદર હાઈસ્કૂલ મંજૂર કરવાની કેમ જરૂર પડી ? માત્ર પોતાના લોકો હતા એટલા માટે?  જ્યાં વિસ્તારોમાં ભરવાડ સમાજ, તેને એમ થયું કે અમારે હવે ભણવું છે. તરગારા સમાજ, વાઘરી સમાજ, દેવીપૂજક સમાજ તેમને એમ થયું કે અમારે ભણવું છે. તેમના માટે ગ્રાન્ટ આવતી નથી. રબારી સમાજ, સગર સમાજ, સથવારા સમાજ જે લોકો નાના નાના સમાજો છે તેને ભણવું છે તેને માટે છાત્રાલયો મંજૂર કરવા નથી , તેને માટે સ્કૂલો મંજૂર કરવી નથી, તેમના બાળકો માટેની કોઈ યોજના બનાવવી નથી. જ્યારે વિકાસના ફળ લેવા માટેની જાગૃતિ તે વર્ગમાં આવી ત્યારે તમારું બધું જ બંધ થઈ જાય. કેટલાં વર્ષોથી છાત્રાલયની અંદર જે બાળકો ભણે છે તેની ગ્રાન્ટ વધારી નથી. આશ્રમશાળાઓ છે, કન્યાશાળાઓ છે કેટલા વખતથી કરી નથી. ગણવેશની અંદર તેને કપડાં આપવાના તો તેને માટે પૈસા નથી. પણ મહોત્સવો પાછળ પૈસા છે.  પતંગોત્સવમાં અને રણોત્સવમાં ખૂબ પૈસા મળી રહે, ઘોડા ખેલવવામાં પૈસા મળી રહે. વાંધો નહીં, કરો પણ અમારા બાળકો માટેની થોડીક ચિંતા કરો. તેમાં બધામાં પૈસા મળે મહોત્સવપ્રિય સરકાર આવી છે. આ વખતે ૧૦૦ કરોડ રૂપિયાનું બજેટ આપ્યું છે કોના માટે? પોતાના પ્રચાર માટે ટુરીઝમનાં નામે થોડું ઘણું પણ આમાંથી સાચું કામ થાય અને આ જે નંબર પાંચમો, છઠ્ઠો, સાતમો, બારમો, પંદરમો, બાવીસમો આવેલો છે તેમાંથી એકાદને ક્યાંક

આગળ લઈ આવીને આગળના નંબરે મૂકો તો આપોઆપ કોઈક એમ કહેશે કે આ શાસન ચલાવવાની અંદર નંબર વન છે.

અહીંયાં આઈ.ટી. અંગે ખૂબ વાતો થઈ, મારું કહેવું છે કે આ આઈ.ટી. વિભાગનું ગુજરાતનું ૧ થી ૧૦ માં સ્થાન છે ખરું? એ નથી, છતાંય આઈ.ટી.માં અમે તો નંબર વન છીએ એ જાતનો અસત્યનો આશરો પ્રચારમાં લઈ રહયા છો એ ના લેવાય. અસત્યના પાયા ઉપર આયોજન ના થાય અને આના માટે સામૂહિક પ્રયત્નો થાય તો જ આ ગુજરાતની પ્રજાને સાચો ન્યાય આપ્યો ગણાશે નહીંતર તો એક વખતે તો ખોટું બોલી શકાય, બે વખત ખોટું બોલી શકાય, પરંતુ વારંવાર ખોટું બોલીને પ્રજાને છેતરી નહીં શકાય. જર્મનીની સાથે આપણે હરીફાઈ કરવી છે, એક જર્મનીના જૂના મિનિસ્ટર હિટલરના વખતના હતા તેમની સાથે હરીફાઈ કરવી નથી, જર્મનીના ઉદ્યોગોની સાથે આપણે હરીફાઈ કરવાની છે, જર્મનીની કવોલિટી છે, એની કવોલિટી ઓફ લાઈફ છે એની સાથે હરીફાઈ કરીને એની સાથે ના થાય તો કોઈ વાંધો નથી, પરંતુ છેવાડાના આંધ્રપ્રદેશ એની સાથે હરીફાઈ કરીએ તો મને લાગે છે કે આપણે બરાબર વિકાસ કરી શકીશું. હું પછી બજેટ પ્રવચન ઉપર પણ બોલવાનો છું કે આપણે બીજા રાજયોની સ્થિતિએ કેવા છીએ એ પછી વાત કરીશ, પરંતુ ફરીથી કહું છું કે સત્યના ઓછા અંશવાળું અને અસત્યના મહદ અંશોવાળું એવું આ રાજયપાલશ્રીનું પ્રવચન છે,આપે એક ગાંધીવાદી મહાનુભાવના મુખે આ વંચાવ્યું છે એની સાથે હું સંમત થઈ શકતો નથી.

**શ્રી બિમલ શાહ (કપડવંજ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મહામહીમ રાજયપાલશ્રીના પ્રવચન ઉપર આભાર પ્રસ્તાવ માનનીય ધારાસભ્યશ્રી માધાભાઈ બોરીચા લાવ્યા છે એને અનુમોદન આપવા માટે હું ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય વિરોધપક્ષના નેતાશ્રીને સાંભળી રહયો હતો અને એ વારંવાર ગાંધીજીને યાદ કરીને કેટલીક કડીઓ બોલતા હતા ત્યારે હું આપની ઉપરના ગાંધીજીની સામે જોયા કરતો હતો અને તેમના આંસું મને દેખાયા નહીં, પરંતુ એનો પ્રભાવ આપની ઉપર પડયો કે તેમને ૨-૧૫ થી ૨-૩૦ સુધી બોલવા દીધા, પરંતુ તેમની કડીઓ ઉપરથી મને એક કડી યાદ આવી. (અંતરાય) એ જ ગાંધીજીની કડીની મને વાત યાદી આવી કે "જીવ્યા થકી સત્ય ના જુએ એ વિરોધપક્ષના નેતા કોને રે કહીએ." જેણે સત્ય જોયું જ નથી, તેમણે એટલું જોયું નથી કે જયોતિગ્રામ યોજનાના માધ્યમ દ્વારા ૧૪૦૦૦ ગામડા જયોતિગ્રામ થયાં છે એ એમને દેખાતું નથી. ઈજુશેખ અને એના જેવા બાકીના ગુંડાઓ પકડાયા, પોરબંદરના ગુંડાઓ પકડાયા એ તેમને આજસુધી દેખાતું નથી અને એનાથી આગળ તેમણે છેલ્લે વંચિતોની વાત કરી ત્યારે મારે તેમણે કહેવું છે કે આ બૂકનો બરાબર અભ્યાસ કર્યો હોત તો આનંદ થાત અને બાકીનાં પોલિટીકલ અવલોકનો વધારે કર્યા છે. પોલિટીકલ અવલોકનમાં તેમણે એમ કહયું કે મેં માહિતી ખાતા પાસેથી આંકડા અને નામ માગ્યાં. અરે એ તો ઈન્ડિયા ટુડે એ પોતે કહયું છે અને ચિત્રલેખાએ પોતે કહયું છે, એમાં તમારે કોઈ નામ માગવાની જરૂર નથી. આમાં એકેએક આંકડા, ઈવિલેશન બધા અલગ અલગ પ્રકારના કર્યા છે એની ચકાસણી કરી જુઓ તો ચોકકસ ખ્યાલ આવશે કે ગુજરાત શું પ્રગતિ કરી રહયું છે અને વિરોધપક્ષના નેતાશ્રીએ, ગુજરાતના એક ધારાસભ્યશ્રી તરીકે ગૌરવ લેવું જોઈએ, પરંતુ દુઃખની વાત એ છે કે ગુજરાતના ગૌરવની વાત બાજુએ મૂકીને.

**અધ્યક્ષશ્રી** : વિરામનો સમય થયો છે, ગૃહ ફરીથી ૩-૧૫ વાગ્યે મળશે. આપનું પ્રવચન ચાલુ રહે છે.

**વિરામ બપોરના ૨-૩૦ થી ૩-૧૫**

**અધ્યક્ષશ્રી પ્રો. મંગળભાઈ પટેલ અધ્યક્ષસ્થાને**

**શ્રી બિમલ શાહ (ક્રમશઃ)** : માનનીય અધ્યક્ષશ્રી, હું એમની જ વાત એમને યાદ કરાવતો હતો. એ વાતને આગળ લઈને માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ સત્યતાની વાત જ ન કરી. ફકત મુખ્ય મંત્રીશ્રીને ફોકસમાં રાખીને, એમના ફોટાને ફોકસમાં રાખીને અને તેની આજુબાજુ જ વાતો કરી, આજે આ સભાગૃહમાં વિરોધપક્ષના નેતાશ્રી પાસે ઘણી બધી અપેક્ષાઓ હતી. તેના બદલે તેઓ •*(xxxx) એટલું બધું બોલ્યા, એમણે કહ્યું કે એક કરોડ ઝાડ કાપી નાખ્યા.....

**અધ્યક્ષશ્રી** : આપણે * (xxxx) શબ્દ રેકોર્ડ ઉપરથી રદ કરીએ છીએ.

**શ્રી બિમલ શાહ** : પરંતુ સાહેબ, સત્યથી વેગળું બોલ્યા, અસત્ય બોલ્યા, એટલા માટે મારે કહેવું પડે છે.

**અધ્યક્ષશ્રી** : ચાલો હવે આગળ વધો.

**શ્રી બિમલ શાહ** : સાહેબ, એમણે એક કરોડ ઝાડ કાપી નાખવાની વાત કરી, એમણે થોડાક આંકડાનો અભ્યાસ કરી લીધા હોત તો સારું હતું, પરંતુ અભ્યાસ કરવાની આદત ઓછા પ્રમાણમાં છે.અત્યાર સુધીમાં એક લાખ કિલોમીટર લાઈન નાખવામાં આવી છે, એકલાખ કિલોમિટર નાખવામાં આવી છે, આ વીસ હજાર ગામડાંમાં નાખવામાં આવી છે, દરેક ગામ વચ્ચેનું અંતર પાંચ કિલોમીટર થાય તો એક લાખ કિલોમિટર થાય.

• * (xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

હવે આ અંતરમાં વીસ લાખ થાંભલા આવે, તો શું દરેક બે થાંભલાની વચ્ચે પાંચ ઝાડ આવી ગયા? હું એટલા માટે આ અસત્ય વાત છે એ કહું છું.

**અધ્યક્ષશ્રી** : એ કહેવાઈ ગયું છે જયાં સુધી ગણતરી ન થાય અને સરવે ન થાય ત્યાં સુધી એકઝેટ ન કહી શકાય.

**શ્રી બિમલ શાહ** : ધોળકામાં એમણે કહ્યું કે ગેસ નીકળ્યો, પણ ધોળકામાં ગેસ નથી નીકળ્યો, ત્યાં તો ઓઈલ નીકળ્યું છે, ત્રીજી વાત એમણે એ કરી કે કેનેડીયન કંપનીએ એમ કહ્યું કે ત્યાં ટવેન્ટી ટી.સી.એફ. ઓઈલ નથી, પણ હું સાબિતી સાથે કહું છું કે કયારેય કેનેડીયન કંપનીએ એવું નથી કહ્યું કે ત્યાં ટવેન્ટી ટી.સી.એફ. ઓઈલ નથી, અને એમની પાસે સાબિતી હોય તો બતાવે. સાહેબ આ પ્રમાણે વાત કરીને ગૃહને ગેરમાર્ગે દોરવાની વાત છે. એક પણ મલ્ટીનેશનલ કંપનીએ પણ એવું નથી કહ્યું કે આ પ્રમાણે ટવેન્ટી ટી.સી.એફ. થી વધારે ઓઈલ નથી નીકળ્યું પરંતુ આ બધી કમનસીબ ઘટના એટલા માટે છે કે મને એક કાલ્પનીક વાત યાદ આવે છે. બે માણસો લડતા હતા. અને તેથી ભગવાને એમને કહ્યું કે તમે બન્ને તમારા નિયમો નક્કી કરો. તેથી એકે કહ્યું કે હું મારા નિયમો નક્કી કરીશ, તું તારા નિયમો નક્કી કરજે. પછી જે સીન્સીયર હતો તેમણે નિયમ લખી નાખ્યા કે સવારે વહેલા ઉઠીશ, પછી સૂર્યની પૂજા કરીશ, આ પ્રમાણે કરીશ, આટલું દાન કરીશ, આવા નિયમો લખી નાખ્યા, બીજો આળસુ હતો તેમણે આવા કોઈ નિયમો નક્કી ન કર્યા, પછી સવારે બન્ને ભેગા થયા અને ભગવાન પાસે ગયા, અને ભગવાને એમને પૂછયું કે તેં નિયમો કેમ નક્કી નથી કર્યા? ત્યારે એમણે કહ્યું કે એમણે જે નિયમો લખ્યા છે તેનાથી વિરૂદ્ધ મારા નિયમો, એમણે કહ્યું કે સવારે સૂર્યની પુજા કરીશ, તો હું ચંદ્રની પૂજા કરીશ, એમણે કહ્યું કે હું આમ કરીશ, તો પેલો કહે કે હું આમ કરીશ, પછી પાછળથી એમને હિન્દુ અને મુસ્લિમ એવા નામો આપવામાં આવ્યા. એટલે જે પ્રમાણે અહીં માનનીય ગવર્નર સાહેબના પ્રવચનમાં જે વિગતો આપવામાં આવી છે એની એમણે વાત નથી કરી. (અંતરાય) એટલા માટે મારે ગંભીરતાથી વાત કરવી છે. મારી અપેક્ષા હતી કે વિરોધપક્ષના નેતાશ્રી આજે ગવર્નરસાહેબના પ્રવચનના આભાર પ્રસ્તાવના સંદર્ભમાં આ રાજકીય અવલોકનો કરીને ગુજરાતમાં જે થયું છે એમાં જ્યારે કોંગ્રેસ તરીકે પોતે સત્તામાં બેઠા હતા ત્યારે વિચાર કરે કે ૫૦ વર્ષના ગાળા દરમિયાન એમણે જે પ્રવૃત્તિઓ કરી છે, આ ગુજરાતના વિકાસના સંદર્ભમાં એમણે જે ચિંતા કરી અને આજે ગુજરાતની પરિસ્થિતિ છે એનું થોડુંક કમ્પેરીઝન ૧૯૮૦ થી લઈને ૧૯૯૫ સુધીની વાત કરીએ અને ૧૯૯૫ થી લઈને ૨૦૦૫ સુધીની વાત કરીએ. આ બંનેની સરખામણીને નજર સમક્ષ રાખીએ તો એમને ખ્યાલ આવશે કે આપણે કયાં જઈને ઊભા છીએ?

અહીંયા વંચિતોના સંદર્ભમાં વાતો કરવામાં આવે, આદિવાસીઓના સંદર્ભમાં વાતો કરવામાં આવે, અનુસૂચિત જાતિના સંદર્ભમાં વાતો કરે, બક્ષીપંચના સંદર્ભમાં વાતો કરે, હું આ સંદર્ભમાં કહીશ કે એમને એક પણ શબ્દ બોલવાનો અધિકાર કે હક્ક નથી. એ એટલા માટે નથી કે એ ફક્ત દલિતોની વાત કરે, દલિતોના સંદર્ભમાં ફક્ત રાજકારણ કરીને દલિતોમાં કેમ ભાગલા પડાવવા અને એમના મત લેવા, આદિવાસી વિસ્તારમાં કેમ ભાગલા પડાવવા અને કેમ મત લેવા. આમ એકલા મતના રાજકારણ સિવાય કોંગ્રેસે કશું કર્યુ નથી. એટલા માટે કોંગ્રેસના મિત્રોને વંચિતોના વિકાસની વાત કરવાનો અધિકાર નથી. (અંતરાય) સાહેબ આ મારી વાત મશ્કરીમાં લેવાય છે એનું મને દુ:ખ થાય છે.

છેલ્લા ૫૦ વર્ષથી હું જે વિસ્તારમાંથી આવું છું ત્યાં મેં નજીકથી જોયું છે. ૧૯૯૮ની સાલથી ધારાસભ્ય તરીકે ચૂંટાયો ત્યારે મારા વિસ્તારના ગામોમાં પીવાના પાણીની કોઈ વ્યવસ્થા નહોતી, વીજળીની વ્યવસ્થા નહોતી. દલિતોના ઘરમાં જઈએ, ગામમાં પ્રવેશ કરીએ ત્યારે મોઢું ફેરવી લેવું પડે તેવું કોંગ્રેસના રાજમાં થયું છે. અનેક દાખલા જોયા છે, વીજળી ન હોય, રાત્રે વરસાદ પડતો હોય અને બહેન ડિલિવરી પર હોય તો કાં બહેન ગુમાવવી પડે કે બાળકને ગુમાવવો પડે એવી પરિસ્થિતિ હતી. સાહેબ પોતે મિનિસ્ટર હોય, આલીશાન બંગલામાં એરકન્ડિશનમાં રહેતો હોય, એરકન્ડિશન ઓફિસમાં બેસતો હોય પરંતુ પોતાના ગામમાં વીજળી છે કે નહિ એની કોઈ ચિંતા ન હોય. પરંતુ અમારી સરકાર જ્યોતિ ગ્રામ યોજના લાવી અને ગામે ગામ ૨૪ કલાક વીજળી મળવા માંડી એનાથી એમને મન દુ:ખ થાય છે. એમને બોલવાનો અધિકાર જ નથી. વંચિતોની વાત કરવાનો એમની પાસે કોઈ રાઈટ રહ્યો નથી. પીવાના પાણીની વાત કરવાનો એમને અધિકાર નથી. એમના આખા કાળ દરમિયાન જેટલી વખત કોંગ્રેસ સત્તા પર રહી એ દરમિયાન ફક્ત ૪૯ પાણી પુરવઠા યોજના મૂકી, પાઈપ ઊભી કરી અને આડી થઈ એની વાત થઈ ત્યારે દુ:ખ થાય. તમે કશું કરતા નથી અને મશ્કરી કરો છો. કોંગ્રેસ પક્ષે પોતાના સત્તાકાળ દરમિયાન ૪૯ યોજનાઓ પાણી પુરવઠાની મૂકી એમાંથી ફક્ત ૯ યોજનાઓ પૂરી કરી છે. એની સામે ભારતીય જનતા પાર્ટીની સરકારો જ્યારથી આવી છે, ત્યારથી ૧૫૯ પાણી પુરવઠાની યોજનાઓ મૂકી છે અને આ બધી જ પાણી પુરવઠા યોજનાઓ પૂર્ણ કરી છે. એ ભૂલી ગયા એમને પેટમાં એટલા માટે દુ:ખે છે કે તેઓ ટેન્કરોથી પાણી પુરુ પાડતા હતા, પોતે પોતાના ટેન્કરો ભાડે આપતા હતા એ અત્યારે ભાડું આવતુ નથી એ બંધ થઈ ગયા છે એનું દુ:ખ છે, એટલા માટે આ

નવા મિત્રો અહીંયા બેઠા છે એમને સ્વાભાવિક રીતે આ વાત ન ગમે. એમના પૂર્વજો આ કરી ગયા છે એટલે એમને ખબર ન હોય, પરંતુ અમારા મુરબ્બી શંકરકાકા જાણતા હોય.બાકીના બીજાં કોઈને કદાચ ખબર નહીં હોય કે આપણાં ગામડાંમાં આ પ્રમાણેની પરિસ્થિતિ હતી. હું એમ માનું છું કે કદાચ માનનીય વિરોધપક્ષના નેતાશ્રી ગુજરાતના સંદર્ભમાં કરેલી કામગીરી અને તેના સંદર્ભમાં માનનીય ગવર્નરશ્રીએ જે વાતો અહીં મૂકી હતી તેને એપ્રિશિયેટ કરશે. તે વાત બાજુએ મૂકીએ તો તેમાં ખૂબ સારા સજેશન કરશે પરંતુ તેના બદલે રાજકીય અવલોકનો અને તેમણે કહયું કે મેગાસિટીમાં અમારા તરફથી જાહેરાત થઈ. સાહેબ, હમણાં જ એક કાગળ મારી પાસે આવ્યો છે. આ રાજયસભાની અંદર હમણાં જ એક જવાબ તેમના મંત્રીશ્રીએ આપ્યો છે કે તમે કેરાલા અને અમદાવાદમાં મેગાસિટીના સંદર્ભમાં તમે જાહેરાત કરી છે તે વાત સાચી છે? તેમણે જવાબમાં ના લખી છે. તેમને જવાબ જોઈતો હોય તો હું આપીશ. આજની વાત છે. રાજયસભામાં પૂછાયેલ પ્રશ્નના સંદર્ભમાં આ જવાબ આવ્યો છે. (અંતરાય) એટલા માટે ફકત ગેરમાર્ગે..(અંતરાય)

**અઘ્યક્ષશ્રી** : ચાલો, પ્લીઝ.

**શ્રી બિમલ શાહ** : હું વાંચી સંભળાવું. Chief Minister of Gujarat and Kerala sent a request for the inclusion of Ahmedabad and Thiruvanthapuram respectively under megacity scheme. These two cities do not come under the Centrally Sponsored Scheme for the infrastructure development being megacities. Therefore, cities having a population of ૪૦ lakhs as per the ૧૯૯૧ census, the scheme, since has been submitted under Jawaharlal Nehru Urban Renewal Mission (JNNURM) launched by the Government on December ૩, ૨૦૦૫ for providing reformed links of Central assistance sanctioned to ૬૩ cities. This include Thiruvanthapuram and Ahmedabad. સાહેબ, તમને ખબર નથી પણ આ કાગળ તેમનો જવાબ છે. This information is given by the Minister of State of the Union. (અંતરાય)

**અઘ્યક્ષશ્રી** : કાગળ વાંચે છે, પ્લીઝ, (અંતરાય) નો,નો. (અંતરાય) આપ પણ આપની વાત કરી શકો. તેઓ પણ એમની વાત કરી શકે. પ્લીઝ, મનહરભાઈ, એ તેમની વાત કરી શકે. કાગળ જે છે એ વાંચે છે.આપણે સાંભળવું પડે.

**શ્રી બિમલ શાહ** : હું તો રેકોર્ડ ઉપરથી વાત કરું છું. ઈન્ફર્મેશન જે આપેલી છે તે વાંચું છું.

**અઘ્યક્ષશ્રી** : બિમલભાઈ, પત્ર વાંચે છે. વાંચે છે અને બોલે છે તેમાં ફેર છે.

**શ્રી બિમલ શાહ** : ગુજરાતના સર્વાંગી વિકાસના સંદર્ભમાં મેં આપને કહયું છે તે પ્રમાણે અપેક્ષા હતી કે તેમણે સાચા અર્થમાં ગુજરાતની પ્રગતિના સંદર્ભમાં, હવે તો Now it is an era of globalisation. તેમણે પણ ગ્લોબલ થીંકીંગના સંદર્ભમાં વિચાર કરવો જોઈએ.તેમણે પોતાનો mindset change કરવો જોઈએ. અનફોર્ચ્યુનેટલી mindset ચેઈન્જ થતો નથી. અત્યાર સુધીના વિરોધપક્ષો વિરોધ કરતા હતા એટલે મારે વિરોધ કરવો. આ વાત હવે રહેતી નથી. આપણે તો ગુજરાતમાં બેઠાં છીએ. ગુજરાતની જયારે વાત કરીએ તો ગુજરાત આજે પણ નંબર-૧ છે, ગુજરાત આવતી કાલે પણ નંબર-૧ રહેશે અને એટલા માટે તેમને ખબર નથી કે ગુજરાતનું મહત્વ. આજે એ આંધ્રપ્રદેશના સંદર્ભમાં બોલ્યા ત્યારે મને દુ:ખ થયું હતું. આજે પણ ગુજરાતની potentiality તેમને ખબર નથી, ગુજરાતમાં વધુમાં વધુ એરપોર્ટ આવેલા છે. ગુજરાતમાં વધુમાં વધુ optical fibre line એટલે potentiality of information technology એ એમને ખબર નથી અને ગુજરાતની business were there in Gujarat. એવી છે કે Each and every district is developing in Gujarat. તમે જામનગરમાં જાવ, તમે કચ્છમાં જાવ, તમે ચારેય સિટીમાં જાવ આટલી મોટી ગુજરાતમાં potentiality હોય ત્યારે સી.એમ. આ સંદર્ભમાં પતંગોત્સવના કાર્યક્રમ દરમ્યાન, નવરાત્રિ મહોત્સવના કાર્યક્રમ દરમ્યાન કે લોકોને બોલાવીને કાર્યક્રમ કરતાં હોય ત્યારે તેના માટેની મશ્કરી કરવી અથવા તેને અલગ સ્વરૂપે વાત કરવી એ પણ શરમજનક વાત છે. આ નિષ્ઠાપૂર્વકના પ્રયત્નમાં આપણે શું વધુ કરી શકીએ તે વિચાર મૂકવાને બદલે અલગ વાતો કરવાની? અને આંકડા ખોટા આપવામાં આવે છે કે, પ્રવાસીઓની સંખ્યા ઘટી છે. એન.આર.આઈ. પ્રવાસીઓની સંખ્યા ગુજરાતમાં વધી છે એના આંકડા આપું છું. આજેપણ એરપોર્ટ ઉપરના આંકડા તમે લો.

**અઘ્યક્ષશ્રી** : તમે બેસો, પરેશભાઈ પ્લીઝ...બહાર મોકલવા પડશે, બેસો.

**શ્રી બિમલ શાહ** : જરૂર પડશે તો ઈમિગ્રેશનના પણ આંકડા આપીશ. આપણા ગુજરાતમાં એન.આર.જી. આવે છે, એન.આર.આઈ. તો બાજુએ રહ્યા. એમને એનો અંદાજ નથી કે અહીંયાં કેટલા એન.આર.જી. પરદેશમાંથી આવે છે? મેકસીમમ સંખ્યામાં આવે છે. હું તો અઠવાડિયા પહેલાં જ અમેરિકાથી આવ્યો છું. અનેક ઉદ્યોગકાર મિત્રો મને કહે છે કે, આજે અમારે ગુજરાતમાં ઈન્વેસ્ટમેન્ટ કરવું છે, એમની શ્રદ્ધા વધી છે. આજે પાંચ-પાંચ મિલિયનની મોટેલ મૂકનાર વ્યકિત એમ કહે છે કે, અમારે રોકાણ કરવું છે. મેં માનનીય મંત્રીશ્રીને એમ કહ્યું છે કે, અનેક લોકો આવવા માગે છે, ગુજરાત એક આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. આ આટલું બધું થતું હોય તો આપને બધાને વિનંતી કરીશ કે, આપણા બધાની સામૂહિક ચિંતા હોવી જોઈએ કે,

આપણે આપણા ગુજરાતને ડેવલપ કરવું છે, આપણે ગુજરાતના સંદર્ભમાં બેઠા છીએ, પક્ષાપક્ષીથી પર રહીને, કોઈપણ જાતના વાંધા-વચકા બાજુએ મૂકીને, આપણા રાજયનું ડેવલપ કેવી રીતે થઈ શકે? જેમ નર્મદા યોજનાના સંદર્ભમાં એમણે વાત કરીને, આજ સંદર્ભમાં એમની વાત ગુજરાતના વિકાસના સંદર્ભમાં હોવી જોઈએ. જયાં ગુજરાતના વિકાસની વાત આવે છે ત્યારે ભારતીય જનતા પાર્ટીએ, તમે ૧૯૯૫ની સાલથી ૨૦૦૫ સુધીનો સરવાળો કરીએ તો ખબર પડે કે કેટલો વિકાસ થયો છે?

માનનીય અધ્યક્ષશ્રી, ગ્રામ વિકાસની વાત હોય, શહેરી વિસ્તારના વિકાસની વાત હોય, નગરપાલિકાની વાત હોય. આ બધાને અલગ અલગ ભાગમાં વહેંચીને જોઈએ તો એમને ખબર પડે કે કેટલું ડેવલપ થયું છે. આ તો પાણીમાંથી પોરા કાઢવા છે. આજે સમર્પિત ગામ કેટલા થયા? સમરસ ગામ કેટલા થયા? આ તો કેમ કરીને ગામડાઓ ઝઘડે, એ ઝઘડે તો કેમ કરીને મારા મતનું રાજકારણ ઉભું થાય? આ ફકતને ફકત રાજકારણની આજુબાજુની વાત હોય. ગુજરાતની આ પ્રકારની હાલત કોંગ્રેસે કરી છે અને એના પરિણામ આજે એ ભોગવે છે, રાજકીય પરિણામ ભોગવે છે ત્યારે મારે આગળ નથી કહેવું. આ મુખ્યમંત્રીના સંદર્ભમાં, ગમે ત્યાં ફોટા લગાવવાના સંદર્ભમાં ગમે તે વાત કરે છે. તો પણ એમને દરેક ચૂંટણીમાં આ લપડાક પડી છે અને એનું પરિણામ આ છે. ગુજરાતના લોકોને ખબર પડી ગઈ છે. ગુજરાતના સર્વાંગી વિકાસના સંદર્ભમાં વિચાર કરીએ. ગોકુળ ગ્રામ યોજના હોય, શ્રમયોગી યોજના હોય, ઈ-ગ્રામ યોજના હોય કે, સમરસ ગામ હોય, તિર્થગામ યોજના હોય, પંચવટી યોજના હોય કે ગ્રામ સભાના સંદર્ભમાં વિચાર કરવાનો હોય, સુવર્ણ જયંતિ યોજના હોય. ત્યારે આ બધી યોજનાની વાત કરતાં કરતાં એમ કહે કે આ પૈસા કેન્દ્ર સરકારમાંથી આવે છે. અમે આજ સુધી કેન્દ્ર, રાજય, ગામ કે શહેર જુદા નથી પાડયા. અમારા મનમાં એક જ ધ્યેય છે કે, અમારે અમારા ગુજરાતને બેઠું કરવું છે, ગુજરાતના ગામડાઓને બેઠા કરવા છે. જયાંથી પૈસા આવે ત્યાંથી પૈસા લાવીને આ ગામડાને બેઠાં કરવાં છે. આ ગુજરાતના ગામડાઓનો વિકાસ આ રીતે કરવો છે. એ જ પ્રમાણે નગરપાલિકા અને મહાનગરપાલિકાઓનો વિચાર કર્યો છે. ૧૯૯૫ પહેલાંનું કોઈ ગામ, નગરપાલિકા કે શહેર જોશો તો ચોક્કસ અંદાજ આવશે કે, ૧૦ વર્ષમાં કેટલી પ્રગતિ કરી શકયા છીએ. સાથેસાથે આંતરમાળખાકીય વ્યવસ્થા જે પ્રમાણે અહીં ઉભી થઈ છે. ઈન્ડસ્ટ્રીઝના સંદર્ભમાં આજે એમ કહે છે કે, ઈન્વેસ્ટમેન્ટ તમારે ત્યાં ઓછું આવે છે, આના આંકડા જુઓ. એક ચોપડામાં આવેલા આંકડા સાચા, બાકીના ચોપડાઓના આંકડા ખોટા? મુખ્યમંત્રી બતાવે, સરકાર બતાવે એ આંકડા ખોટા, બાકીના ચોપડાઓમાં આવેલા આંકડા સાચા. સાચા અર્થની અંદર આ આખો દેશ દુનિયામાં અહીંથી આજે concentration થયું છે કે, આ દેશની અંદર આજે વેપાર, ઉદ્યોગ-ધંધામાં પ્રગતિ કરી શકાય તેમ છે એ આપણા માટે ગૌરવ લેવાની વાત એ છે કે, આપણે આપણા ગુજરાતને પ્રોજેકટ કરી શકીએ. એની potentiality છે. બંદરોના સંદર્ભમાં અનેક SEZ એટલા બધા કર્યા છે. SEZ. માટેની પ્રપોઝલ કેન્દ્ર સરકારમાં પડી છે. હું એમ કહું છું કે, એમણે પ્રયત્ન કરવો હોય તો આ પ્રમાણે કરે. SEZ ગુજરાતમાં વધુને વધુ કેવી રીતે આવે? જેથી કરીને ગુજરાતની economy માં ફેરફાર થાય. આ ચિંતા કરવાના બદલે, ગુજરાતના પ્રશ્નના સંદર્ભમાં પાણીમાંથી પોરા કાઢવા મારી દૃષ્ટિએ શરમજનક છે. હું એકેએક વસ્તુની વાત કરીશ.

આરોગ્યની વાત કરીશ. આરોગ્યના સંદર્ભમાં પણ આજે એમને ખબર નથી કદાચ એમને ખ્યાલ હોય કે ન હોય કેથરેકના કેસ એક એક જિલ્લામાં દસ-દસ હજાર છે. મેં મારા તાલુકામાં સરવે કરાવ્યો , એક હજાર કેથરેકના કેસ તો ફકત મારા તાલુકામાં હતા. રકતપિતના સંદર્ભમાં ગુજરાત સરકારે રસ લઈ રકતપિત્તના દર્દી નાબૂદ કર્યા, રકતપિત્તનો રોગ જ ના રહ્યો, ધીરે ધીરે પોલિયો પણ રક્તપિત્તની જેમ નાબૂદ થતો ગયો છે. એ જ રીતે આજે કેથરેકના કેસમાં ઓવર એકટીવ રહીને સરકાર પ્રયત્ન કરી રહી છે. એક એક વસ્તુની ચિતા કરી છે. મારો કહેવાનો ભાવાર્થ સર્વાંગી વિકાસ થયો છે. ગામડાનો માણસ ગામડામાં રહે એને ત્યાં અને ત્યાં સારી સુવિધા મળે, કેળવણીના સંદર્ભમાં પણ સુવિધા છે. એ નાની વસ્તુ છે કે ગુજરાતના બધા જ મંત્રીશ્રીઓ અને ગુજરાતના બધા જ અધિક સચિવશ્રી , ગુજરાતના બધા જ ધારાસભ્યશ્રીઓ ગામડામાં જઈ કન્યા કેળવણી માટેની વાતો કરે, દીકરાને ભણાવવાની વાત કરે પણ એમને આ નહીં પચે એ સ્વાભાવિક છે અને એટલા માટે આ કન્યા કેળવણીની દિશામાં આપણે ચિંતા, વિચાર એટલા માટે કર્યો છે કે ભણતર હશે તો બધું ઓટોમેટીક ડેવલપ થવાનું છે. આજે બધું જ અટકયું છે એ એમણે ફકત અત્યાર સુધી જ્ઞાતિઓનું રાજકારણ કર્યુ છે એટલા માટે અટકયં હતું, મતોનું રાજકારણ કર્યુ છે એટલા હિસાબે અટકયુ હતું અને હવે જ્યારે સર્વાંગી વિકાસ થઈ રહ્યો છે ત્યારે હું સ્પષ્ટ કહીશ કે એક એક વસ્તુની નાનામાં નાની ચિંતા કરીને ભા.જ.પ.ની સરકાર આપ જોઈ શકશો અને એટલા માટે આજે ગુજરાત નંબર-૧ના સ્થાને ધીરે ધીરે જઈ રહ્યું છે. માનનીય રાજયપાલશ્રીના પ્રવચનની અંદર એક ક્ષેત્રમાં ગુજરાતનું સ્થાન મોખરે છે. ગુજરાત અનેક વસ્તુમાં મોખરે છે. હું આંકડામાં પડવા નથી માગતો એટલા માટે કે અહીં ફકત આંકડાની માયાજાળમાં આપણે નથી ફસાવાનું, આપણી બધાની સંપૂર્ણ જવાબદારી થઈ પડી છે. આંકડાની વાત કરી ત્યારે હું એટલું જ કહું કે નિશાન ચૂક માફ, નહીં માફ નીચું નિશાન.

**ડૉ.દિનેશ પરમાર (જામનગર(રુરલ)** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના રાજયપાલશ્રીનો આભાર માનતો પ્રસ્તાવ આ ગૃહ સમક્ષ જે લઈને આવ્યા છે, એમાં હું મારા વિચારો વ્યકત કરવા માટે ઉભો થયો છું. મેં આ પ્રવચન વાંચ્યુ છે એમાં લખ્યું છે કે ગૌવંશ હત્યાબંધીનું જે વચન પ્રજાને આપ્યું હતું એ વચન પરિપૂર્ણ કરવામાં મારી સરકારે ગત વર્ષમાં જે સફળતા ન્યાયિક જંગમાં પ્રાપ્ત કરી છે તે દેશ માટે દિશાસૂચક બની છે. કોણે વચન આપ્યું હતું અને કોણ આ ઐતિહાસિક કાયદો લાવ્યા અને કોણે આ વચન પૂરું કર્યુ એ બધું જ જો પોતાના માથે ઓઢી લેવામાં આવતું હોય તો એનાથી વધુ બીજું •* (xxxx) હોઈ શકે નહીં.

**અધ્યક્ષશ્રી** : દિનેશભાઈ * (xxxx) શબ્દને આપણે નથી બોલતા, રદ કરીએ છીએ.

**ડૉ. દિનેશ પરમાર** : તો અસત્ય કહુ છું સાહેબ. માનનીય અધ્યક્ષશ્રી, ૧૯૯૪માં માનનીય ચીમનભાઈ સરકારમાં હું પણ રાજયકક્ષાનો પ્રધાન હતો, મને પણ એ ગૌરવ પ્રાપ્ત થયું છે કે એ ઐતિહાસિક કાયદો જયારે બનાવવામાં આવ્યો ત્યારે ૧૯૯૪માં ચીમનભાઈ વખતે ગૌવંશ પ્રતિબંધ ધારો લાગુ પડયો (અંતરાય) ૧૯૯૪માં ચીમનભાઈના વખતમાં કાયદો દાખલ થયો અને ત્યાર પછી છબીલદાસના વખતમાં એ લોકો કોર્ટમાં ગયા અને પછી એની સામે ગુજરાત સરકાર કોર્ટમાં ગઈ અને જયારે ગુજરાત સરકારની વિરુદ્ધમાં ચુકાદો આવ્યો ત્યારે આ જ ગુજરાતની શ્રી છબીલદાસ મહેતાની સરકાર સુપ્રીમ કોર્ટમાં ગઈ અને સુપ્રીમ કોર્ટમાં સમયને અંતે કાયદાના અર્થઘટનને નજરમાં રાખી અને જે ચુકાદાને અંજામ આપ્યો, જે પરિણામ આવ્યું એ પરિણામ આપણા બધા સમક્ષ છે. મને તો એ બાબતમાં આશ્ચર્ય થાય છે કે ગામોગામ સન્માન સમારંભ થાય છે પણ ગુજરાતના સપુત ચીમનભાઈ પટેલ કે જે કાયદો લાવ્યા હતા અને સપુત છબીલદાસ મહેતા કે જેણે આ કાયદાની અંદર આંટીઘૂંટીથી જે લોકો કોર્ટમાં ગયા હતા એની સામે લડત આપવા માટે કોર્ટની અંદર જજુમ્યા અને અંતે જે વિજય પ્રાપ્ત થયો એ વિજયનો આખો આંચળો માથે ઓઢી લેવાનો હોય તો અમારે કંઈ કહેવાનું રહેતું નથી. અમારે યાદ કરાવવું ઘટે એટલા માટે હું કહુ છું કે આવો ઐતિહાસિક ચુકાદો જે અહિંસા માટેનો હતો, આ ઐતિહાસિક ચુકાદો અને અહિંસા માટેની વાત આ કોંગ્રેસના લોકો જ કરી શકે, ગાંધી વિચારધારા વાળા લોકો જ કરી શકે. બાકી તો આ દેશની અંદર કેટલી હિંસાઓ થતી હતી એ બધા જાણતા હતા. કરૂણા અને મૈત્રીના અવતાર એવા ભગવાન બુદ્ધના સમયથી હિંસા ઓછી થઈ ગઈ છે. નહિ તો અગાઉના સમયમાં અસંખ્ય પશુઓના બલિ ચડાવવામાં આવતા હતા. એક રાજા પ્રસન્નજીતના લગ્નમાં તો ૫૦૦ દૂઝણી ગાયો, ૫૦૦ આખલા, ૫૦૦ બળદો, ૫૦૦ ઊંટો, ૫૦૦ ઘોડા, ૫૦૦ ઘેટા, ૫૦૦ બકરાઓની એકી સાથે કતલ કરવામાં આવેલ હતી. આ સંસ્કૃતિમાં અહિંસાના પૂજારી એવા મહાવીર સ્વામી અને ભગવાન ગૌતમ બુદ્ધ આ દેશમાં અહિંસા પરમો ધર્મની વાત લાવ્યા છે. આ વાતને વળગી રહેવા માટે બંધારણના ઘડવૈયા ડૉ. બાબાસાહેબ આંબેડકરે જે ભગવાન બુદ્ધના સિદ્ધાંતોનું બંધારણ બનાવ્યું એને અનુરૂપ અહિંસા પરમો ધર્મના કાયદાને દાખલ કરવાનું કામ ચીમનભાઈ પટેલની સરકારે કર્યું છે, નહિ કે અહિંસાની બાંગો ફૂંકવા વાળા લોકોએ. મારે પૂછવું છે કે ભગવાન શ્રી કૃષ્ણને ગોપાલકનું બિરુદ મળ્યું શા માટે? હિંસા થતી હતી ત્યારે દેશમાં વ્યાપક આંદોલન કરી એ હિંસાને રોકવાનું કામ કર્યું. દેશવ્યાપી આંદોલનના પ્રણેતા હતા એ કારણે ગોપાલક તરીકેનું બિરુદ આપવામાં આવ્યું. આ આપણો ઈતિહાસ છે, આપણી સંસ્કૃતિ છે. ૯

માનનીય ગવર્નરશ્રીની સ્પીચમાં મેં જોયું કે મહામહિમ રાજયપાલશ્રીએ કહ્યું કે સોઈલ હેલ્થ કાર્ડ, લેબ ટુ લેન્ડ અને કૃષિ બન્યો મહોત્સવ. ક્રેડિટ કાર્ડ બાબતે એમ કહ્યું કે, ૧,૫૪,૮૨૦ ક્રેડિટ કાર્ડ આપવામાં આવ્યા. એ જ બુકમાં પાના નંબર ૫ ઉપર લખવામાં આવ્યું છે કે ૧૯.૧૨ લાખ ખેડૂતોને ક્રેડિટ કાર્ડ આપવામાં આવ્યા. આ બે આંકડાઓમાં કયો આંકડો સાચો એ મારા માટે દ્વિધા છે. ૧,૫૪,૮૨૦ આંકડો સાચો કે ૧૯.૧૨ લાખનો આંકડો સાચો? જો આવી જાતની દ્વિધાભરી વાતો એક જ બુકમાં આવતી હોય તો એમાં કયો આંકડો સાચો એની કૃષિ મંત્રીશ્રી ચોખવટ કરશે તો યોગ્ય ગણાશે. આ ક્રેડિટ કાર્ડ એટલા માટે આપવામાં આવે છે કે આપણા ખેડૂત ભાઈઓનું આર્થિક રીતે શોષણ ન થાય, એ પગભર થઈ શકે અને સ્વમાનભેર પોતાનો માલ જ્યારે વેચવા જાય ત્યારે વેચી શકે. મારે પૂછવું છે કે આટલા ક્રેડિટ કાર્ડ આપ્યા તો તમે કેટલા રૂપિયાનું ધિરાણ કર્યું એ બતાવવા પ્રયત્ન કરો. માત્ર શોભારૂપ કાર્ડ આપવાથી ખેડૂતોનું કાંઈ કલ્યાણ નથી થઈ જવાનું. કેશુભાઈને નારાજ કરી કૃષિ મહોત્સવ કરવાથી ખેડૂતો ખુશ નહિ થઈ જાય. ખેડૂતોને ખુશ કરવા માટે એને મદદરૂપ થવું પડશે. એની મુશ્કેલીને દૂર કરવા પ્રયત્ન કરવો પડશે. એની તકલીફોમાં હામી થવું પડશે. એને મદદરૂપ થઈને એને મુશ્કેલી શું છે એ જાણવું પડશે. એને પાણીની તકલીફ છે, એને વીજળીની તકલીફ છે, એને ખાતર બિયારણ બધાના ભાવ વધી ગયા છે. પોષણક્ષમ ભાવો મળતા નથી એ ભાવો આપવા માટે શું કર્યું? ગત વર્ષમાં ખેડૂતોની મગફળી વેચાતી લઈ સરકારે નફો કરીને ખેડૂતોના હક્કના પૈસા સરકાર પોતાની તિજોરીમાં મૂકવા પ્રયત્ન કરે તો એ કઈ રીતે ચલાવી લઈ શકાય? આ વખતે ખેડૂતો ભાગ્યશાળી છે કે કપાસ મબલખ થયો છે અને ચીનના લોકોએ ખરીદી કરી એટલે ભાવો થોડા ઘણા જળવાઈ રહ્યા. મારે બીજું એ કહેવું છે કે લેબ ટુ લેન્ડ બાબતમાં

• * (xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

હમણાં મેં ૨૦ ગામની મુલાકાત લીધી એમાં જે ખેડૂતોને હું મળ્યો એમણે કહ્યું કે, દિનેશભાઈ, અમારા ખેતરના અર્થ એનાલિસિસ માટે નમૂનાઓ લીધા છે. ગ્રામ સેવકે અમને કહ્યું કે તમારા ઘેર રાખજો. સાડા ત્રણ મહિના રાખ્યા અને કોઈ લેવા આવ્યું નહિ. અમને કઈ રીતે જવાબ મળે? એક થી દોઢ વર્ષથી નમૂના લઈ ગયા છે એનો રિપોર્ટ આવ્યો નથી. અમારે કઈ વસ્તુ વાવવાની, શું કરવાનું? જો આવી જ રીતે માત્ર વાતો કરી લેબ ટુ લેન્ડના નામથી, પૃથ્થકરણના નામથી ખેડૂતોને માથે લટકતી તલવાર રાખવા માટેનું કામ થતું હોય તો એ હરગિજ યોગ્ય નથી. લેન્ડ ટુ લેબ સુવિધા બાબતે અધિકારીઓ અને કર્મચારીઓ સરકારને જે બેન્ડ વાળવા માટેનું કામ કરી રહ્યા છે ત્યારે સરકારે બેન્ડ ન વળવું હોય તો અધિકારીઓ પાસેથી સક્ષમ રીતે (અંતરાય) અત્યારે લેન્ડ ટુ લેબ એટલે જમીન પાસે લેબોરેટરી જાય પણ અત્યારે લેન્ડ લેબ પાસે જઈ શકતી અને અને લેબ પણ લેન્ડ પાસે જતી નથી એટલા માટે આવું બોલવું પડે છે.

**અધ્યક્ષશ્રી** : દરેક ભૂલનો ખુલાસો ન હોય, દિનેશભાઈ.

**ડૉ. દિનેશ પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, આમાં બેમાંથી એકનું પણ ઠેકાણું નથી એટલે વાત કરવી પડે છે. નર્મદા, સરસ્વતી મહા સંગમમાં આપનું ધ્યાન દોરવાનું કે સમગ્ર દેશમાં નદીઓના જોડાણની રીવર ગ્રીડ કલ્પના સાકાર કરવા પગલા ભરવાની વાત થઈ. સાબરમતી અને મહી નદીમાં નર્મદાનો જળાભિષેક અને સિદ્ધપુર પાસે નર્મદા સરસ્વતિનો મહાસંગમ ઐતિહાસિક રીતે કર્યો એની વાત થઈ.

માનનીય અધ્યક્ષશ્રી, હમણા હમણા દોલતભાઈ પરમારની દીકરીના લગ્નમાં જતો હતો ત્યારે રસ્તાની અંદર સિદ્ધપુર આવ્યું ત્યારે ગાડી અચાનક ઊભી રહી ગઈ અને મેં જોયું કે છોકરાં ત્યાં એ સરસ્વતીના મેદાનની અંદર ક્રિકેટ રમતા હતા, એટલે મને વિચાર આવ્યો કે હું કાંઈ ઊંઘી ગયો હોઉં કે સ્વપ્ન તો નથીને? મારા ડ્રાઈવરે કહ્યું કે ના, ના, સાહેબ આ હકીકત છે કે છોકરા રમી રહ્યાં છે. જો આવી રીતના પાણી નાંખી અને સૂકી ભઠ્ઠ નદીઓ કરી લોકોને માત્ર આ દેશની અંદર જળાભિષેક અને આ મોટા સંગમ એના માટે મોટા ઉત્સવો પાછળ કરોડો રૂપિયાના ખર્ચા ગુજરાતના ખજાનાના પૈસાને વાપરવા માટે જરાક હ્રદયની અંદર દયા રાખવી જોઈએ, પ્રજાની પસીનાના કમાણીના પૈસા છે એને યોગ્ય દિશામાં વાપરવાનો પ્રયત્ન કરે. માત્ર આ સરકારે બેકારોમાં વધારો કરીને ૧૨ લાખ લોકો સરકારના ચોપડે બેકાર નોંધાયેલા છે અને નોંધાયા વગરના કેટલા હતા? એ શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જાણે. ભાજપે ચૂંટણી ઢંઢેરાની અંદર બેકાર લાકોને રોજીરોટી આપવાનું વચન આપ્યું હોવા છતાં રોજીરોટી ના આપે તો એમને ભથ્થું આપવાની વાત થઈ, અરે આ બેકારો રાહ જુએ છે. તમે તો લાવતાં લાવશો. ભારત સરકારે 'ગ્રામીણ રોજગાર ગૅરન્ટી'નો કાયદો લાવીને કાયદેસર રીતે એને મીનીમમ ૧૦૦ દિવસ માટેનું રોજ આપવાની ખાતરી આપવામાં આવી છે. એટલું જ નહિ. જો એ પ્રમાણે કામ ના આપી શકે તો ૬૦ રૂપિયા લેખે રોજ આપી ૧૦૦ દિવસના પૈસા આપવાનો કાયદો પ્રસ્થાપિત કરતા હોય તો ખાલી વાતો કરવાથી કાંઈ વળવાનું નથી. કોંગ્રેસ શાસિત UPA સરકારે કોઈ વચન આપવાને બદલે સીધુ કરીને દેખાડી દીધું છે એ આપ જોઈ શકો છો. પોકળ પ્રચારથી પાણીયારાની અંદર પાણી દેખાતું નથી. અમારા જામનગરને શુદ્ધ, આરોગ્યપ્રદ પાણી આપવા માટે પણ આ સરકાર સક્ષમ નથી. ૧૭૮ ગામોની અંદર આજની તારીખે બિનઆરોગ્યપ્રદ પાણી લોકો પીએ છે એ પાણીમાં ફ્લૉરાઇડ, નાઈટ્રેટ, ક્ષારનું પ્રમાણ પીવાલાયક ના હોય એ કક્ષાએ પહોંચ્યું છે. અરે, ચોમાસાની અંદર ટૅન્કરથી પાણી પૂરું પાડવું પડે એવી પરિસ્થિતિ ગુજરાતની અંદર નિર્માણ થઈ છે. મોટી મોટી વાતો કરીને 'નર્મદાના નીર લાવ્યા તાણી' અને મોટા ઉત્સવો કર્યા, પણ કયાં છે એ પાણી? મારે એમને પૂછવું છે કે, લોકો પાસે કેમ ટેંકર જાય છે? લોકો પાણી વગર હેરાન થઈ રહ્યાં છે. દરવખતે આ વિધાનસભામાં કહુ છું કે મારા જામનગરની આજુબાજુનો વિસ્તાર એ નગર સીમનો વિસ્તાર છે. મેં નરોત્તમભાઈ સાથે પણ વાત કરી છે. ૬૨૦૦૦ લોકોનો વિસ્તાર છે, નથી એને ગ્રામપંચાયત કે બરો, મ્યુનિસિપાલિટી કે કોરપોરેશન જેવી સ્થાનિક સ્વરાજની સંસ્થા ના હોવાથી ૧૨માં નાણાપંચના પૈસા પણ વાપરી શકતા નથી અને ત્યાં કોઈ કામ કરવા તૈયાર ના થાય તેવી સ્થિતિ છે, યોજના બનાવે પણ કોઈ સંભાળવા તૈયાર નથી. એટલે યોજના થાય નહિ. સરકારમાં આને સંભાળવાની ત્રેવડ ના હોય તો મારે એને પૂછવું છે કે તમે સત્તા ઉપર બેઠેલા લોકો તમારી બનાવેલી યોજના કોઈ સંભાળવા કોઈ તૈયાર થતા ના હોય અને ૬૨૦૦૦ લોકા પાણી વગર તરફડતા હોય તો આ કઈ જાતનું શાસન ચલાવો છો? એ મારો પ્રશ્ન એટલો જ છે કે અમરેલી જેવા શહેરમાં આઠ દિવસે પાણી મળે છે, ભાજપના શાસનની અંદર જામનગરમાં એકાંતરે પાણી મળે છે, કોઈ દિવસ કાયમ મળ્યું નથી. મત લેવા માટે મુખ્યમંત્રી કહ્યું કે દરરોજ પાણી આપીશું પણ હજુ સુધી દરરોજ પાણી મળ્યું નથી.

મારે એ વાત કરવી છે કે ઈ-ગવર્નન્સની, વિડિયો કોન્ફરંસીંગ, જીસ્વાનની વાત કરી પણ આ ગુજરાતના ગરીબ લોકોને રેશન કાર્ડ મળતા નથી અને ૨૨ લાખ BPL યાદીના લોકોના કાર્ડ, કાગળ પર રદ કરી નાંખી અને અમીર બનાવી દેવા માટેનું કામ આ સરકારે કર્યુ છે. અરે, રણ પ્રદેશના સોલ્ટ વકર્સમાં કામ કરતા અગરિયાઓને પણ BPL કાર્ડ નથી, છેલ્લા બે વર્ષથી BPL કાર્ડ અપાયા નથી. ગરીબ માણસ અનાજ વગર ટળવળે છે. એટલું જ નહિ, APL ધારકોને પણ અનાજ મળતું નથી. અધિકારીઓનું એક હપ્તા રાજ

ચાલુ થયું છે અને જે રીતે ઈન્સ્પેકશન રાજ ચાલે છે એ રીતે જોવાનો પ્રયત્ન કરે તો દુકાન પર પૂરતું અનાજ મળતું નથી. દર મહિને હપ્તો લેવા અધિકારી પહોંચી જતા હોય છે. અંત્યોદય યોજનાની તો વાત શું કરવી? કેરોસીન, ખાંડ, ચોખા એમાં ભ્રષ્ટાચારની ગંગોત્રી આ બધું ગાયબ થઈ જાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે દુ:ખ સાથે જણાવવાનું કે ગુજરાત જેવા સમૃદ્ધ રાજ્યમાં અતિશય ગરીબ અને કંગાળ લોકો ભૂખમરાની નીચે જીવે છે. 'ભૂખમરો' આ શબ્દનો ઉપયોગ અધિકારીઓ નથી કરતા અને સીફતપૂર્વક અધિકારી એમ જણાવે છે કે કુપોષણથી આ ગુજરાતની અંદર ૧/૩ બાળકો under weight છે અને કુપોષણથી રોગચાળામાં સપડાય છે અને અસંખ્યના મૃત્યુ થઈ રહ્યાં છે.

માનનીય અધ્યક્ષશ્રી, જો આ કક્ષાએ પહોંચેલા એકવીસમી સદીમાં ગયેલા આપણા રાજયના લોકો જો ભૂખમરાથી પીડાતા હોય અને સરકારના પેટનું પાણી હાલતું ન હોય તો એનાથી મોટી કમનસીબી કઈ હોઈ શકે અને આપણે દેશમાં નંબર-વન કહેવડાવાની વાતો કરતા હોઈએ ત્યારે મારે કહેવું છે કે, મધ્યાહન ભોજન યોજનાનો પૂરો લાભ મળતો નથી, મધ્યાહન ભોજન યોજનાનો માલ વગે થઈ જાય છે, તમારામાં કામ લેવાની આવડત નથી એટલે તમે પ્રાયવેટ ટ્રસ્ટોને આપવાની વાતો કરો છો, વહીવટમાં કામ કરવાની શકિત તમારામાં હોવી જોઈએ, તમારામાં ક્ષમતા હોવી જોઈએ, ગેરરીતિ દૂર કરવાની આવડત તમારામાં હોવી જોઈએ,

માનનીય અધ્યક્ષશ્રી, પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને વીમા સુરક્ષા કવચ આપ્યું, પણ નામનું આપ્યું, ૫૩ વિદ્યાર્થીઓના જામનગરની પ્રાથમિક શાળાના અકસ્માતમાં મૃત્યું થયા એમાંથી ચાર વિદ્યાર્થીઓને પૈસા મળ્યા બાકીનાને તો કહે કે, આ ખૂટે છે પેલું ખૂટે છે એટલે રિજેકટ કરવામાં આવે છે. સો એ સો ટકા વિર્દ્યાથીઓને વીમો મળવો જોઈએ. આ વીમા કંપનીઓને પ્રિમિયમ આપી ગુજરાતના ખજાનાના નાણાં જો વીમા કંપનીઓને આપવા માટેનો કારસો હોય તો આવી યોજના બંધ કરવાની જરૂર છે કાં અમલ કરો, સો ટકા અમલીકરણ થવું જોઈએ. આ રીતે વીમા કંપનીઓ જો મનસ્વી રીતે વર્તતી હોય તો આપણે એની સાથે કાર્ય કરવા માટેની ક્ષમતા સરકારમાં હોવી જોઈએ.

માનનીય અધ્યક્ષશ્રી, મારે એક એ વાત કરવી છે કે, જેમાં ગુજરાતની અંદર અત્યારે જે શિક્ષણની પ્રવૃત્તિ ચાલી રહી છે એમાં શિક્ષણનું સ્તર એટલું નીચું ગયું છે કે જેને લીધે ઝીરો રિઝલ્ટવાળી શાળા કેટલી, પહેલાં કેટલી હતી અને અત્યારે કેટલી છે? જે ઝીરો રિઝલ્ટવાળી હાઈસ્કૂલોમાં બારમા ધોરણમાં કેટલા કેટલા વર્ગો ચાલે છે અને વિદ્યાર્થીઓને સરકારી શાળાઓમાં યોગ્ય શિક્ષણ આપવામાં આવતું નથી. સાતમું ધોરણ પાસ થયેલાને વાંચતા ન આવડતું હોય તો આનાથી મોટી કમનસીબી બીજી કઈ હોઈ શકે ? એટલે મારે ગંભીરતાપૂર્વક માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરવું છે કે, તમે પોતે જો વિદ્યાર્થીનું હિત ઇચ્છતા હોય તો અને ખરેખર વિદ્યાર્થીઓના ભલામાં જો તમારી પોતાની લાગણી હોય તો આ બાબતમાં તમે પૂરો પ્રયત્ન કરો, હમણાં મને પ્રચારમાં જાણવા મળેલ કે, આ સરકાર આવ્યા પછી વાડી શાળા શરૂ કરી, અરે વાડી શાળા તો ડૉકટર દિનેશ પરમારે ૧૯૯૦માં શરૂ કરેલી અને સ્કૂલના ઓરડાઓ પણ ફાળવ્યા હતા ૧૯૯૦ની સાલમાં હતી કંઈ નવું તમે ચમત્કાર કરી પ્રચાર કરવાનું ચાલુ ન કરો કે વાડી શાળા અને સીમ શાળા બનાવી, અરે વાડી શાળા અને સીમ શાળા બનાવવામાં પંદર-પંદર વર્ષ થયા વાડી શાળા ચાલે છે. તમને એનું જો ભાન ન હોય તો તમારા સારા અધિકારીને પૂછો કે આ વાડી શાળા અને સીમ શાળા ક્યારે ચાલુ થઈ છે ? પોતાના ઉપર ઓઢી લો કે અમારી સરકારે વાડી શાળા ચાલુ કરી અમારી સરકારે સીમ શાળાઓ ચાલુ કરી. જરા વિચાર કરો કે તમને એટલી પણ ખબર નથી કે તમારી પૂર્વની સરકારોમાં કેટલી સરકારોએ કેટલા સારા કામો કર્યા છે? એ કામો પણ તમારા ઉપર ઓઢી લેવાનું કામ કરતા હોય તો તમારી મેળે નંબર વન થઈ ગયા છો તો અમને કોઈ વાંધો નથી.

માનનીય અધ્યક્ષશ્રી, ગ્રામ સભામાં અસંખ્ય પ્રશ્નો આવ્યા, મને જવાબ આપે સરકાર કે કેટલા પ્રશ્નો હલ થયા ? આજની તારીખે એક પણ પ્રશ્ન હલ નથી થયો અને ગામડામાં ગ્રામ સભાઓ ઉપર આજની તારીખે લોકોને વિશ્વાસ ઊઠી ગયો છે, માત્ર અધિકારીઓ સિવાય જેના ઉપર ફરજ છે એવા કર્મચારીઓ સિવાય ગ્રામજનો કોઈ ગ્રામ સભામાં હાજર રહેતા નથી કોઈ ઉપસ્થિત રહેતા નથી. ગ્રામ સભા જે આખી સ્કીમ છે સ્કીમ બહુ ઉમદા છે પણ અમલ કરવાની આવડત નથી અમલ થઈ શકતો નથી, એના પરિણામનું કારણ એ છે કે, total power is centralised in one person અને લોકશાહીમાં એકે એક ધારાસભ્યને સત્તા હોવી જોઈએ, એકે એક પ્રધાનને સતા હોવી જોઈએ, જ્યારે અહીંયા તો માત્ર એક વ્યકિતના હાથમાં શાસન ચાલતું હોવાથી અધિકારીઓ પણ બેફામ થઈ ગયા છે. અધિકારીઓ પણ કાબૂ બહાર બની ગયા છે, અધિકારીઓને ડર નથી કે કોઈ ધારાસભ્યનું કાંઈ સાંભળશે, અને સાંભળ્યા પછી કોઈ અધિકારી ઉપર કાબૂ મેળવવાનો પ્રયત્ન

થશે? એને લીધે મારે એટલી વાત ચોક્કસ કરવી છે કે, જો માત્ર અધિકારીઓનું રાજ ચાલતું હોય, ઈન્સ્પેકટર રાજ ચાલતું હોય , ડંડા રાજ ચાલતું હોય તો એમાંથી પ્રજાને બચાવવાની જવાબદારી આ ગૃહમાં બેઠેલા લોકોની છે. ધારાસભ્યોનું મહત્ત્વ છે, એકે એક ધારાસભ્યના પ્રશ્નને વાચા મળવી જોઈએ, ધારાસભ્ય એ ગુજરાતનો પ્રતિનિધિ છે, એ ગુજરાતનો હામી છે, ગુજરાતનો મુખ્ય માણસ છે એમ માનીને એને ઈજજત મળવી જોઈએ, પણ આ તો, આ ગ્રુપનો, આ પેલા ગ્રુપનો, કામ થાય, ન થાય, તમે તમારી રીતે ચૂંટાયા નથી, અમુક સ્કીમથી ચૂંટાયા છો એમ કહીને જો ધારાસભ્યોનું અપમાન થતું હોય તો આ હરગિજ ચલાવી ન લઈ શકાય. માનનીય અધ્યક્ષશ્રી, નર્મદા યોજનાની અંદર મેં વાત કરી, મેં વાત કોઈ ખોટી નથી કરી. કારણ કે, ટ્રિબ્યુનલનો એવો ચુકાદો હતો કે, આમાં રિવ્યુ થઈ શકે નહીં.

**અધ્યક્ષશ્રી** : ધારાસભ્યો બોલે ત્યારે ઓછામાં ઓછા આ પ્રવચનના ૧-૨ મુદ્દા તો આવવા જ જોઈએ. આમાં અત્યાર સુધીમાં કોઈએ ધ્યાન રાખ્યું નથી.

**શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ (માંડલ)**: માનનીય અધ્યક્ષશ્રી, માધાભાઈ આ સન્માનનીય સભાગૃહમાં રાજયપાલશ્રીનો આભાર પ્રસ્તાવ લઈને આવ્યા છે. આભાર પ્રસ્તાવમાં મારું સમર્થન આપીને મારું મંતવ્ય રજૂ કરું છું.

લોકશાહી પ્રણાલિકામાં સરકાર ઉપર જેટલો પ્રજાને વિશ્વાસ છે એટલી જ શ્રદ્ધા વિરોધ પક્ષના વર્તન ઉપર છે. કોઈપણ સરકારના નિર્ણયમાં કોઈ ક્ષતિ જણાય તો વિરોધ પક્ષને એમાં વાંધો ઉઠાવવાનો, અવાજ ઉઠાવવાનો એમનો ધર્મ છે પરંતુ જયારે સારા કામો સરકાર કરતી હોય ત્યારે એને વખાણવાનું વિરોધ પક્ષનું વિશાળ દિલ નથી. મૌન રહેવામાં પણ મોટાઈ છે પણ વિપક્ષના દુર્ભાગ્યથી મારા ગુજરાતમાં સમર્થનું શાસન ચાલતું હોય, સમર્થ એવા મુખ્યમંત્રી આગોતરા આયોજન માટે ઉજાગરા કરતા હોય, કાંઈપણ નવું કરતા પહેલા નિષ્ણાતો સાથે ચર્ચા કરતા હોય અને પૂર્ણ વિચારણાને અંતે કોઈપણ નિર્ણય કરતા હોય ત્યારે સ્વાભાવિક છે કે વિરોધ કરવાનો એમને કોઈ મુદ્દો ન મળે. ગુજરાતીઓનું ગણિત બહુ પાકું છે. પાંચ કરોડની પ્રજાએ સરવાળા, બાદબાકી અને ગુણાકાર પછી જે નિર્ણય લીધો છે એ આખા દેશ અને દુનિયાએ નિહાળ્યો છે. વર્ષોના વર્ષો સુધી કારભાર કરનારા કોંગ્રેસના લોકોએ પ્રજાને વાસ્તવિક વિકાસથી વંચિત રાખી છે એટલા માટે કે જેટલું બોલે એટલું કરી બતાવે એવી સરકારમાં પ્રજાએ વિશ્વાસ મૂકયો છે. દેશ આઝાદ થયો ત્યારથી સાડાચાર દાયકા સુધી આ ગુજરાતમાં ભૌતિક સંપત્તિનો બેફામ દુરઉપયોગ થયો. જંગલ કપાતાં ગયાં, વરસાદનું પાણી વહી ગયું. પાતાળમાંથી પાણી ઉલેચાતાં ગયાં, પ્રદૂષણ વધ્યું, લોકોનું આરોગ્ય બગડયું તેમ છતાં કોંગ્રેસની સરકારે ખાધુ, પીધું અને રાજ કર્યું કારણકે એમના શાસનમાં સરકાર પાસે હિસાબ માગે એટલું શિક્ષણ લોકોને પહોંચ્યુ નથી.

આ વર્તમાન સરકારે પ્રાથમિક શિક્ષણથી માંડીને કન્યા કેળવણીનું શિક્ષણ, છેવાડાના ગામડા સુધી પહોંચાડવા માટે ભગીરથ પ્રયત્ન કર્યા છે. મુખ્યમંત્રીશ્રી, શિક્ષણ મંત્રીશ્રી અને સરકારના બધા મંત્રીશ્રીઓ અને ધારાસભ્યશ્રીઓ અને ઉચ્ચ કક્ષાના અધિકારીઓએ ઉનાળામાં જૂન મહિનામાં ૧૬, ૧૭, ૧૮ તારીખે કન્યા કેળવણી માટે ગામડે ગામડે ફરી પ્રાથમિક શિક્ષણને વધુ પ્રાધાન્ય મળે એ માટે અને શિક્ષણનો દર ઊંચો આવે એના માટે પૂરેપૂરા પ્રયત્નો કર્યા છે. માનનીય મુખ્યમંત્રીશ્રીએ કન્યા કેળવણી નિધિ માટે વિચારણા કરી છે અને અવિરત દાન આપ્યું છે. માનનીય મુખ્યમંત્રીશ્રીને જે ભેટ સોગાદ મળે છે એ તોશાખાનામાં જાય છે અને એની હરાજી કરી, ભેટ સોગાદમાંથી જે પૈસા ઉપજે એનું કન્યા કેળવણીમાં દાન કરે છે. છેવાડાના ગામડાં સુધી શિક્ષણ પહોંચે એને માટે ચિંતા કરે છે. પ્રાથમિક શિક્ષણની ખૂબ ચિંતા કરે છે. ૮૨૦૦૦ ઉપરાંત વિદ્યા સહાયકોની ભરતી કરી હોવા છતાં સભાગૃહમાં શિક્ષણ વિભાગની ટીકા કરી છે. દિલ્હીમાં એક માત્ર મેડમ વડાપ્રધાનના સહાયક તરીકે આખા દેશનું શાસન ચલાવે તો આ તો ૮૨૦૦૦ શિક્ષકોની ભરતી કરી છે. એક શિક્ષકદીઠ એક ઓરડાનો ભૌતિક સિદ્ધાંત બનાવ્યો છે આના માટે રાજય સરકાર પાસે પૂરતા ઓરડા પૂરતા શિક્ષકો છે. આથી શિક્ષણનું સ્તર ઉંચુ આવ્યું છે. સભાગૃહમાં જ્યારે જ્યારે જ્યોતિ ગ્રામની વાત કરે ત્યારે વિપક્ષે ભરપેટ ટીકા કરી છે. ઓપનીંગ ભાષણમાં કોંગ્રેસ પક્ષના દંડકે ટીકા કરી. મારે એમને એમનો સમય યાદ કરાવવો છે. એમના સમયમાં કેવી પરિસ્થિતિ હતી? ગામડામાં પરસેવો પાડીને પૈસા ભેગા કર્યા હોય અને લગ્નનો અવસર ઊજવાતો હોય એ સમય યાદ કરાવવો છે. જ્યારે જાનૈયા જમવા બેઠા હોય ત્યારે અચાનક લાઈટ જતી રહે અને જાનૈયા પરસેવે રેબઝેબ થઈ જાય. આ પરિસ્થિતિ જેણે ભોગવી હોય એને ખબર પડે. ચૈત્ર, વૈશાખનો તીખો તાપ હોય અને કોઈના વડીલ કે કોઈનો લાડકવાયો બીમાર પડ્યો હોય. બપોરના બે વાગ્યા હોય અને પંખો ઉપર લટકતો હોય અને વીજળી ન હોય તો બીમાર માણસને તકલીફ પડે. આ બધી એમના જમાનાની તકલીફ હતી. ચોમાસાનો સમય હોય, વરસાદ વરસતો હોય અને મચ્છરનો ઉપદ્રવ હોય, આખું ગામ ઉજાગરા કરતું હોય આ સમય એમના શાસનનો એમને યાદ કરાવવાનો છે. આજે વર્તમાન સમયની અંદર ગામડે ગામડે લોકો બોલે છે પેલો જમાનો હવે ગયો, અમારું ગામ તો જ્યોતિગ્રામ છે. ગુજરાતનાં ૧૮,૦૨૭ ગામ છે. આજે ૧૫,૦૦૦ કરતાં પણ વધારે ગામની અંદર ૨૪ કલાક વીજળી થ્રી ફેઈઝ ચાલે છે.

ગામડાની અંદર પ્રાથમિક શાળાની અંદર કૉમ્પ્યૂટર બાળકો ચલાવતાં થયાં છે. ગામડાની અંદર રોજગારીની તકો વધી છે. લુહાર, સુથાર, હીરાની ઘંટી શહેરમાંથી ગામડામાં આવી છે અને કારીગરોની બચત વધી છે. રાત્રે દૂધ મંડળી ચાલતી હોય. ફેટ કાઢવા હોય તો વીજળી નહોતી. આજે પશુપાલન ઉદ્યોગમાં ક્રાન્તિ આવી છે. ધાર્મિક પ્રસંગ હોય તો જનરેટર નથી લગાવવું પડતું. હમણાં ઈલેક્ટ્રિક એમ્પલાયન્સીસના ઉત્પાદકોનો એક સરવે થયો કે ગુજરાતની અંદર વીજળીનાં જે સાધનો ટીવી, ફ્રીજ, મિક્સર જેવાં સાધનો ગામડામાં વધુ વેચાયાં છે. નાના નાના તાલુકાની અંદર શોરૂમ ઓપનિંગ થતા રહ્યા છે. મારા મત વિસ્તારની અંદર મેં પ્રવાસ કર્યો. ત્યાં ડે-નાઈટ ટુર્નામૅન્ટનું ઉદ્‌ઘાટન કર્યુ. ગામડાની અંદર ક્રિકેટ જોવાતી થઈ છે. ક્રિકેટ રાત્રે રમાતી થઈ છે. આ બધુ જ્યોતિગ્રામના ફાયદાને કારણે શક્ય બન્યું છે. બીજી વાત કરું. સભાગૃહના ધ્યાન ઉપર મૂકવા માગું છું. પશુપાલન ઉદ્યોગને કેટલી રાહત થઈ છે. ગામડાની અંદર ૨૪ કલાક વીજળી આપતા, ખેતરમાં વીજળી આપવાની શરૂઆત કરતાં ગામડાની અંદર ભેંસો, ગાયોના તબેલા નવા ખોલ્યા છે. ગામડાની અંદર જાતે જોવા ગયો હતો. ભેંસ પંખા નીચે આરામ કરતી હતી. આ એમને શરમ આવવી જોઈએ. દેત્રોજ તાલુકામાં આવેલ બામરોલી ગામમાં ૮૧૭ ઢોરો છે. ૪૦૦ દુધાળાં ઢોર છે. ૧૫૦ વલોણા ગામની ગૃહિણી વાપરે છે. છાશ બનાવવા માટે ૨ વ્યકિતની જરૂર પડે. વલોણામા સવા કલાકે છાશ બને. ૧ વલોણાથી ૨ કલાકનો સમય બચ્યો. ૧૫૦ વલોણા ચાલવાથી ૧ દિવસમાં ૧ ગામમાં ૩૦૦ કલાક અને ૧ મહિનામાં આ ગામની અંદર ૯,૦૦૦ કલાક કાર્યશક્તિ બચે છે. આના કારણે ૯,૦૦૦ કલાક પશુપાલનમાં અને ખેતીની અંદર કાર્યશક્તિ વપરાતી થઈ છે. આવી યોજના કેન્દ્રના નાણા પંચે પણ વખાણી. આ યોજનાને કોંગી શાસિત રાજ્યોએ પણ ગૌરવપૂર્વક અનુકરણ કરવાની દ્રષ્ટિ દેખાડી છે. લોક સાહિત્યકારના એક મત પ્રમાણે મારે કહેવું છે કે કોઈપણ વ્યકિત ગમે એટલો મહાન હોય, મહાનતા ગમે એટલી હોય. ત્રણ વ્યક્તિઓ મહાનતા ન માને: એક પત્ની, બીજી પાડોશી અને ત્રીજી પિતરાઈ. એટલી બધી આ યોજના મહાન છે કે કેન્દ્ર વખાણે, કોંગ્રેસ શાસિત રાજ્ય વખાણે, પણ ગાંધીનગરમાં બેઠેલા આપણા પાડોશી અને વિપક્ષના સભ્યો વખાણી નથી શકતા. મારે એમને કહેવું છે. એ વખાણી તો નથી શકતા, પરંતુ કમળમાંથી દુર્ગંધ શોધવા પ્રયત્ન કરે. એમને ખ્યાલ નથી કે કમળની અંદર દુર્ગંધ ન હોય. આ સમસ્યા થાય ત્યારે નાક સાફ કરવાની જરૂર પડે. 'અહિંસા પરમો ધર્મ' આખા દેશે સ્વીકાર્યો છે, પરંતુ ન્યાયિક સફળતા બાદ આ ગુજરાતે આ સિદ્ધાંતનો ગુજરાતમાં અમલ કર્યો છે. ગૌવંશ હત્યાના કાયદાને ન્યાયિક સફળતા મળી અને ગુજરાતનાં ૧૮,૦૦૦ ગામની ગ્રામસભાઓએ સમર્થન આપ્યું છે. આ કાયદો પશુપાલન ઉદ્યોગની શ્વેત ક્રાન્તિ અને ખરેખર આ ગાંધીજીનું ગુજરાત છે.

શ્રી સ્વામીનારાયણ ભગવાનની ભૂમિ છે, મહર્ષિ દયાનંદ, ભગવાન શ્રીકૃષ્ણની તીર્થભૂમિ છે ત્યારે મારે એમને કહેવું છે કે ખરેખર સાચું રામરાજય આ રીતે આવશે અને જ્યારે જ્યારે પશુપાલનની વાત આવે ત્યારે મારે પણ કહેવું છે કે જ્યારે સરકારે ૨૦૦૫ને જેમ શહેરી વિકાસ વર્ષ તરીકે ઉજવ્યું અને ચાલુ વર્ષને પ્રવાસન વર્ષ તરીકે ઊજવાય છે ત્યારે ખરેખર ૨૦૦૭ને ગૌસંવર્ધન વર્ષ તરીકે ઊજવાય તેવું સૂચન છે. હું કહેવા માગું છું કે કૃષિ વિકાસમાં ગુજરાતમાં એક મોટી ક્રાંતિ આવશે. આ મારું સૂચન ધ્યાનમાં લે તેવી મારી વિનંતી છે. માનનીય રાજયપાલશ્રીએ તેમના પ્રવચનમાં કહ્યું છે કે ૨૧મી સદીના પડકારોને જોવા હશે તો ગુજરાતના વહીવટને નવી દિશા આપવી પડશે. ખૂબ જ મોટી વાત કરી. ભારતના વિકાસ માટે ગુજરાતનો વિકાસ કરવો પડશે. આના માટે જનભાગીદારીથી એક સર્વાંગી વિકાસ માટે ખૂબ આવશ્યક હોવાની અને ગુજરાતને ગૌરવવંતુ બનાવવાની વાત માનનીય રાજયપાલશ્રીએ કરી છે. હમણાં વાત ચાલતી હતી રોમીંગ રૅશનકાર્ડની. અછતના સમયમાં ઘણા જિલ્લાઓમાંથી બીજા જિલ્લાઓમાં મજૂરો જતા હોય છે. ત્યારે તેમની સૌથી મોટી સમસ્યા હોય છે રૅશનકાર્ડ નહીં મળવાની. તો એના માટે આ રાજય સરકારે જે પ્રયત્નો કર્યા છે અને રોમીંગ રૅશનકાર્ડ ઓનલાઈન પ્રોજૅકટ જે હાથ ધર્યો છે તે ખરેખર આવકારદાયક છે.

માનનીય અધ્યક્ષશ્રી, પ્રાથમિક શિક્ષણની વાત કરું તો વર્ગખંડોની સાથે સાથે ૨૨૩૮૦ શાળાઓમાં સેનીટેશન સંકુલો બનાવ્યા, ૨૦૪૮૮ શાળાઓને વીજળીની સુવિદ્યા આપી છે, ૨૧૩૧૦ શાળાઓને પીવાના પાણીની સુવિદ્યા આપી છે. ૧૬૨૮૭ શાળાઓમાં કંપાઉન્ડ વોલની સુવિદ્યા આપી છે. પ્રયોગશાળા, વાંચનાલય, રમતગમતના સાધનો, નવી બૅન્ચો, ફર્સ્ટ એઈડ બૉક્સ, કૉમ્પ્યુટર વગેરે પૂરા પાડવામાં આવી રહ્યા છે. આ બધી સગવડો શિક્ષણ વિભાગે આજે પૂરી કરી છે. તેના કારણે ૧૯૯૦-૯૧ માં જે દર ૫૦.૯૮ ટકા હતો તે ૨૦૦૪-૦૫માં ૨૮.૨૩ થયો છે. તેના કારણે શાળા છોડી જવાનું જે પ્રમાણ ૨૦૦૨ની સરખામણીમાં ઘટીને ૧૧.૭૭ થયું છે. ડ્રોપ આઉટ રેટ ઘટયો છે. શિક્ષણ વિભાગના પ્રયત્નોથી ઘટી રહ્યો છે. મારું પ્રવચન પૂરું કરતાં પહેલાં બે પંક્તિ કહી મારી વાત પૂરી કરીશ.

***"દેશ નહીં સારી દુનિયામે ગુજરાતકી ચર્ચા કયું હોતી હૈ***
***ચાહે લાખો જૂઠે ઈલ્ઝામ લગાયે, સરકાર હમારી નહીં ડરતી***

***તૂફાન અભી તો હૈ તટપે, ચીક ઉનકી નાંવસે કયુ નીકલતી હૈ,***
***સબ સમજદાર સમજ ગયે હૈ યે તો હૈ મોદી સરકારકી મસ્તી હૈ.***

ધન્યવાદ.

**શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર)** : માનનીય અધ્યક્ષશ્રી, નામદાર રાજયપાલશ્રીનું પ્રવચન આ ગૃહ સમક્ષ રજૂ થયું તેની ઉપર આભાર પ્રસ્તાવની ચર્ચામાં જ્યારે બોલવા ઊભો થયો છું ત્યારે મારે દુ:ખ સાથે કહેવું પડે છે કે સતત ચોથા વર્ષે પણ નામદાર રાજયપાલશ્રીના પ્રવચનમાં કચ્છ વિકાસ બોર્ડ અંગે કોઈ કાર્યવાહી થઈ હોય તેનો ઉલ્લેખ કરવામાં આવ્યો નથી. કચ્છને જ્યારે જિલ્લા તરીકે ગણવામાં આવે છે, પરંતુ આ રાજય દ્વારા જ્યારે તે પહેલાં દ્વિભાષી મુંબઈ રાજય થયું ત્યારે સૌરાષ્ટ્ર, કચ્છ, મુંબઈ રાજય, વિદર્ભ, મધ્ય ભારત વગેરે મળીને દ્વિભાષી રાજય થયું તેમાંથી છૂટું થયું ત્યારે લોકોને તેઓનું પોતાનું રાજય જોઈએ છે કે ગુજરાતમાં ભળવું છે તેના માટેનો કોઈ પ્રજામત લેવામાં આવ્યો ન હતો. રાજયસભાની અંદર કચ્છના સભ્ય ડો. મહિપતભાઈ મહેતાએ ચિંતા વ્યકત કરી હતી કે મોટા રાજયમાં એમને ભેળવવામાં આવે તો કમસેકમ અમારો મત લો ત્યારે આ દેશના વડાપ્રધાન પંડિત જવાહરલાલ નહેરૂએ વચન આપેલું કે આપની કાળજી લેવામાં આવશે અને ન લેવાય તો બંધારણની કલમ-૩૭૧ માં આ સગવડ એમાં ઉમેરીએ છીએ કે તેને સ્વાયત્ત બોર્ડ આપવામાં આવશે.

માનનીય અધ્યક્ષશ્રી, વારંવાર અમે માગણી કરીએ છીએ, જે નવી સરકારો આવે એને ૩૭૧(૨) નીચેનું સ્વાયત્ત બોર્ડ આપવાની કેન્દ્રની સરકારને કે માનનીય રાષ્ટ્રપતિને ભલામણ કરવી જરૂરી હોય છે, કોંગ્રેસની સરકારો આવી એ કોંગ્રેસની સરકારોએ ભલામણો કરી હતી પણ ભાજપની જે સરકારો આવી એ સરકારોએ આવા બોર્ડની ભલામણ કરી નથી અને આ પરંપરા આ સરકારે પણ ચાલુ રાખી છે એ તરફ માનનીય અધ્યક્ષશ્રી આપની મારફતે માનનીય ગૃહ સમક્ષ મારે દુ:ખ વ્યક્ત કરવું પડે છે. કચ્છ એ સરહદી વિસ્તાર છે, કચ્છની પ્રજા એ શાંત પ્રજા છે, વારેઘડીએ કહેવામાં આવે કે અમે કચ્છ માટે આ કર્યુ તે કર્યુ એમ કરીને વાતો કરવામાં આવે, આવી રૂપાળી વાતો, નામદાર રાજયપાલશ્રીના પ્રવચનમાં કચ્છના ઔદ્યોગિક વિકાસની વાત કરી. માનનીય અધ્યક્ષશ્રી, કોઈ માનનીય સભ્યશ્રીના પ્રશ્નના જવાબમાં કહેવામાં આવેલું કે, કચ્છમાં ૪૦૬૨૧ કરોડના મૂડી રોકાણના ઇરાદા હોય તો એમાંથી ૩૨૦૦૦ કરોડ રોકાણના તો લોકોએ કામ શરૂ કરવાની તૈયારી કરી દીધી છે. એકસાઈઝ માફીની યોજના માનનીય અટલબિહારી બાજપાઈએ કચ્છમાં આવીને કરેલી, આ અદ્‌ભુત યોજના હતી પણ એનું અમલીકરણ કરવાની જવાબદારી રાજય સરકારની હતી, ત્યાં પાયાની સગવડો ઊભી કરવાની જવાબદારી રાજય સરકારની હતી, જ્યારે આ ઉધોગ આવે ત્યારે નાણાકીય સંસ્થાઓને ધીરાણ આપે તો એમાં ઝડપ આવે. પાણી ઉદ્યોગો માટે આપવામાં આવે તો ઉદ્યોગો આગળ વધી શકે, આ પાયાની સગવડો નહીં ઊભી થવાને કારણે મુદત વધારવા માટેની જ્યારે વાત કરી ગઈ સરકારે ત્યારે માત્ર પાંચ મહિનાનો સમય વધારી આપ્યો, અને પછી કેન્દ્રમાં યુ.પી.એ.ની સરકાર આવ્યા પછી અમે એક વર્ષનો સમય વધારી આપ્યો, પણ એ સમય ગાળા દરમિયાન પણ પાણીની સગવડો નહીં હોવાને કારણે ત્યાં ઉદ્યોગો આવી ન શક્યા, અત્યારે પાણીની સગવડો થઈ છે અને એની મુદત વધારવા માટેની રજૂઆત રાજય સરકારે કરી છે પણ હાફહાર્ટલી કરી છે એટલું મારે કહેવાનું છે. આપણા ત્યાં બધી પાર્ટીના ૨૫ જેટલા માનનીય સંસદસભ્યશ્રીઓએ માનનીય વડાપ્રધાનશ્રીને મળીને વાત કરી છે ત્યારે એમના પ્રત્યે હું આભારની લાગણી વ્યક્ત કરું છું. પણ અહીયાં વિરોધપક્ષના નેતાશ્રીને સાથે લઈને, સંયુક્ત રીતે શા માટે આપણે ત્યાં નથી જતા? કચ્છમાં ૭ હજાર કરોડના ઉદ્યોગો થયા એમાં કયું મોટું કામ થયું? આજે જામનગરમાં રિલાયન્સ ફેંકટરી છે એ એક જ ૨૫૦૦૦ કરોડના રોકાણ સાથેની છે, હજીરામાં રિલાયન્સ, એસ્સાર આ બધુ મળીને ૪૦ હજાર કરોડના રોકાણ સાથે અને વડોદરામાં આઈપીસીએલ, ગુજરાત આલ્કલીઝ, જીએસએફસી, આ બધી કંપનીઓનું રોકાણ ગણવા જઈએ તો એ કયાંય આગળ વધી જાય, અને કચ્છ એ તો ઘણો મોટો વિસ્તાર છે. અને એની અંદર આટલા રોકાણોથી જાણે કચ્છનો સર્વાંગી વિકાસ થયો છે એ નામદાર રાજયપાલશ્રીના પ્રવચનમાં રાજય સરકારે જે કહયુંને એની સાથે હું સહમત થઈ શકતો નથી, મારો વિસ્તાર છે, હું જે વિસ્તારમાંથી આવું છું, પૂર્વ કચ્છમાંથી, રાપરમાંથી તો એક પણ ઉદ્યોગ ત્યાં થયો નથી પણ એનો મને વસવસો નથી, ઉદ્યોગો કરવા માટે પાયાની સગવડો જોઈએ, આજે અમારે ત્યાંથી સીરેમિક ગ્રેડની માટી રોજની સો ટ્રકો બહાર જાય છે, સીરામીક ઉદ્યોગ માટે, પરંતુ ગેસની વાત કરી, ગેસની પાઈપલાઈન કચ્છમાં લાવવા માટેનું આયોજન થયું છે ખરું? હાલના નૅટવર્કમાં કચ્છનો સમાવેશ થયો છે ખરો? આજે તમે જે ૧૮ જિલ્લાઓને પાઈપ લાઈન નાખો છો ત્યારે કચ્છનો કયો વાંક કે કચ્છની અંદર પાઈપ લાઈન ન નાખી જ્યારે ઔદ્યોગિકીકરણ થઈ રહ્યું છે ત્યારે? માનનીય અધ્યક્ષશ્રી, મારે એ કહેવાનું છે કે ૮૦૦ કિલોમીટરની પીવાના પાણીની લાંબી પાઈપ લાઈન નાખી અને વિશ્વ વિક્રમ કર્યો છે. માની લે કે વિશ્વ વિક્રમ જે છે એના ફળ અમને કેવા મળ્યા છે? ખબર છે? ગઈ કાલે જ માનનીય જળ સંપત્તિ અને પાણી પુરવઠા વિભાગના માનનીય

મંત્રીશ્રીએ કહ્યું કે, ૮૮૬ ગામોને પાણી આપવાનું હતું એમાંથી માત્ર ૨૦૫ ગામોને જ પાણી અપાયું છે. મે મહિનામાં, ત્રણ વર્ષ પહેલાં કચ્છના સામખીયાળી મુકામે આ નર્મદાનું પીવાના પાણીને આવકારવા માટે ખૂબ ઉત્સાહભેર લોકો આવ્યા હતા. વિશ્વભરમાંથી કચ્છીઓ આવેલા કેમ કે નર્મદાનું પાણી કચ્છને મળવાનું હતું. એમાં ખાસ કરીને કંઠી, અબડાસા, માંડવી, રાપર ત્યાંના લોકો બહાર વસતા લોકો ખૂબ મોટી સંખ્યામાં છે. મુંદ્રાના જે ગામો છે એમાંથી માત્ર દસ ગામોને પાણી ગયું છે. અંજાર-માંડવી જતા વચ્ચે જે ગામો આવે છે એ ગામોને પાણી શા માટે નથી આપ્યું? આ પીવાના પાણી માટે આપણા બધાની લાગણી છે. મારી લાગણી વિશેષ એટલા માટે છે કે, પાઈપ લાઈન અમલીકરણ સમિતિની રચના કરવામાં આવેલ હતી એ સમિતિનો હું ચેરમેન હતો. ૧૭ ડિસેમ્બર, ૧૯૯૭ના દિવસે બોટાદમાં ખાતમુહૂર્ત કરેલ. ભલે એ કૉન્ટ્રેક્ટનો અમલ ન થયો પણ એ પછી એજ એલાઈનમેન્ટ અનુસાર પાણી આપ્યું છે. જેટલા ગામોને પાણી આપવાનું હતું એટલો તો ખર્ચ થઈ ગયો છે પણ એના અર્ધા ગામોને પણ આપણે પાણી આપી શકયા નથી. આ માત્ર કચ્છની જ વાત નથી પણ કચ્છ અને સૌરાષ્ટ્રની ૪૭૦૦ કરોડ રૂપિયાની યોજના હતી, ફેઝ-વન-ટુ-થ્રી એમાં પાણી અપાયું છે ખરું? ઠાલા આપણે સિદ્ધિઓના •* (xxxx) ૮૦૦ કિલોમીટરની પાઈપ લાઈન કરી અને એની લંબાઈ કેવડિયા કૉલોનીથી નારાયણ સરોવર સુધીની ૮૦૦ કિલોમીટરની છે (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : માનનીય સભ્યશ્રી, આપનો * (xxxx) એ શબ્દ કાર્યવાહીમાંથી રદ કરવામાં આવે છે.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, શબ્દોની માયાજાળમાં હું નહીં જાવ. એટલા માટે કે, આનાથી કોઈ સચ્ચાઈ છે એ દૂર થઈ શકશે નહીં, આ વાસ્તવિકતા છે. આ હાઉસમાં, આ ગૃહમાં જ્યારે કચ્છની વાત આવે છે.(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : આજે મારે જોવું છે કે, તમે કચ્છની બહાર નીકળો છો કે નહીં ? આજે મારી ઈચ્છા છે કે તમે કચ્છની બહારની પણ કોઈ વાત કરો.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, મારી લાગણી કચ્છ માટે એટલા માટે છે કે આ ગૃહના ૧૮૨ સભ્યોમાંથી કચ્છના માત્ર ૬ સભ્યો છે. કચ્છના પ્રશ્ન અંગે જ્યારે કોઈ પણ સભ્ય બોલે ત્યારે હું એમના પ્રત્યે આભારની લાગણી વ્યકત કરું છું. મારી વિશેષ ફરજ એટલા માટે છે કે, કચ્છ સરહદી વિસ્તાર છે અને સરહદી વિસ્તારની જે ચિંતા રાખવી જોઈએ એ અગાઉની મોટા ભાગની સરકારોએ નથી રાખી. હું કોઈ એક સરકારને બ્લેઈમ કરવા માગતો નથી. અમે જો આપના ઉપર બોજારૂપ લાગતા હોઈએ તો આ સરકારને હું વિનંતી કરવા માગું છું આપના મારફત કે કચ્છને અલગ કરવાની વાત છે એને તમે સમર્થન આપો. અને જો તમારા આધાર ઉપર આ અમારું અસ્તિત્વ હોય તો અમને છૂટા કરી દો. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : પ્લીઝ, પ્લીઝ. બાબુભાઈ, આ વાત ન કરવી જોઈએ. પ્લીઝ, અલગતાની વાત ન કરવી જોઈએ.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, આના માટે તો હું એક વખત આ ગૃહમાં પ્રસ્તાવ લાવેલો પણ એ ચર્ચામાં આવી શકેલ નહીં, કચ્છના લોકોની લાગણી છે એટલે વાત કરું છું. માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા એમ કહેવામાં આવ્યું કે ભૂકંપ ગ્રસ્ત વિસ્તારનું અમે આટલું કામ કર્યું, આ કર્યું. ભૂકંપના નામે એકત્રિત થયેલી રાશી છે એ ગુજરાત અર્થકવેક રિલીફ ફંડમાં ૧૬૦ કરોડ રૂપિયા ભેગા થયા છે. નહીં માત્ર કચ્છ માટે, ભૂકંપ ગ્રસ્ત વિસ્તાર માટે છે એમાંથી ચાર વર્ષ કરતાં પણ વધુ સમય થયો છે છતાં પણ ૯૦ કરોડ રૂપિયા ખર્ચો કર્યા વગરના પડી રહ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપે જે કહ્યું કે, કચ્છથી બહાર આવવાની વાત કરો તો મારે માનનીય મંગુભાઈ પટેલને ધન્યવાદ આપવા છે. એમણે આ ગૃહમાં હકારાત્મક અભિગમ રાખ્યો એના કારણે ૧૧૦૦ શો મિલ એમ્પાવર કમિટી પાસે રજૂઆતને કારણે શરૂ થઈ શકી છે એમાં મોટા ભાગના કચ્છી પાટીદારોની શો મિલો છે. પણ એમના પોતાના વિસ્તારમાં વાંસફોડિયાનો જવાબ એમણે આપ્યો એના તરફ તેમનું ધ્યાન દોરવા માગુ છું. આ વાંસફોફિયાને ૮૦૦ વાંસ વર્ષમાં આપવાના છે એમણે જ જવાબ આપ્યો છે વિરોધ પક્ષના નેતાશ્રીને એમાં એમણે ૧૫૭૦, ૧૬૯૦ અને કુલ મળીને લગભગ ૪૦૦૦ વાંસ ટોટલ બે વર્ષમાં આપવામાં આવ્યા છે એમ કહ્યું છે. આ ૪૦૦૦ વાંસ પાંચ કુટુંબોને પણ ન થાય. આપણે ત્યાં જંગલની પેદાશોમાં વાંસ એ ખૂબ કિંમતી છે, એનો ઈજારો કોઈ કંપનીને આપેલ છે એની પાસેથી ૧૬૦૦૦ ટન વાંસ મેળવીને વાંસફોફિયા અને કોટવાળિયા પરિવારોને આપવાના છે.

આનું પાલન જો કોઈ કંપની ના કરતી હોય તો કરાર શા માટે રદ કરાતો નથી? અને વાંસનો ઉપયોગ.. આપણે જંગલ પેદાશો મેળવીને આપણે વેચીએ છીએ એ પ્રમાણે બીજા ઉપયોગ લેનારાને શા માટે નથી વેચતા?

ખૂબ કહેવાયું એ પ્રમાણે ગૌહત્યા માટે રાજય સરકાર માટે કે જે સુપ્રીમ કોર્ટનો ચુકાદો આવ્યો એને કારણે ગૌહત્યાના પ્રતિબંધ માટે એક નવું આશાનું કિરણ પેદા થયું છે અને એનો યશ અત્યારની રાજય સરકાર

• * (xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

લે એનો વાંધો નથી પરંતુ ૧૯૯૮માં આની અપીલ તૈયાર કરનાર એ કૃષિ વિભાગના અધિકારીઓને જાય છે. આ કોઈ લાગણીશીલતાને કારણે કે ધાર્મિક મુદ્દાએ નામદાર સુપ્રીમ કોર્ટે નથી કર્યુ પરંતુ આપણા કૃષિ વિભાગના અધિકારીઓ અને કૃષિ યુનિવર્સિટીએ એવું પુરવાર કરતા મુદ્દાઓ આપેલા કે આ બળદો જે છે ને એ સરેરાશ ૧૮.૫ વર્ષ જીવે છે એમાંના કેટલાક બળદો ૨૧ વર્ષ સુધી પણ જીવે છે અને જુવાન ૧૬ વર્ષથી ઉપરના જે બળદો છે એની ક્ષમતા છે એમાં બહુ તફાવત નથી. ગુજરાત ટ્રેડીશનલી હંમેશા અહિંસાને વરેલું રાજ્ય છે અહીંની જે સરકારો આવી એ સરકારોએ હંમેશા આ વાતનો સ્વીકાર કર્યો છે આપણે સંપૂર્ણ હિંસા બંધ કરી શકતા નથી પરંતુ ગૌહત્યા બંધ કરવા માટે કટિબદ્ધ છીએ અને હમણાં માનનીય એક સભ્યશ્રીએ કહ્યું એમ અગાઉની સરકારોમાં ચીમનભાઈ પટેલની સરકાર અને એ પછી આ ગૃહની અંદર હું, અશોકભાઈ બધા અમે એક પાર્ટીમાં હતા અને ત્યારે સર્વાનુમતે આ ઠરાવ પસાર કરેલો છે અને એ માટે માત્ર એક વ્યકિતને આમાં આગળ ધરવામાં આવે એના કરતા આખરે ટીમ વર્ક હું તો કહુ છું અશોકભાઈ કાયદા મંત્રી નહોતા ૧૯૯૮માં? ૧૯૯૮ની સરકારમાં કોણ હતું કાયદા મંત્રી (અંતરાય) સદ્‌ગત ચપટવાલાને યાદ કરવા જોઈએ. એ વખતે જે અપીલ દાખલ કરી ત્યારે એ વખતના એટર્ની જનરલ સોલી સોરાબજીએ આપણને ક્રોસ કરેલા કે હરિયાણા અને મધ્યપ્રદેશની અરજીઓ આવી હતી એ નીકળી ગઈ છે ત્યારે તમારી ક્યાંથી ટકશે? તે વખતે આપણા અધિક મુખ્ય સચિવ અને કૃષિ વિભાગના અધિકારી વી.આર.એસ. કૌલગીએ એમને કન્વીન્સ કરેલા, આપણા અધિકારીઓએ જે મુદ્દા આપેલા એને કારણે એમણે પણ એપ્રિસિએટ કરેલ. એ પછી આ કેસ સુપ્રીમ કોર્ટમાં એ લડ્યા ત્યારે સોલી સોરાબજી નિવૃત્ત થઈ ગયા હતા પણ આ કેસની અંદર એ એપીયર થયાં હતા અને આ બધા કાયદા નિષ્ણાતો અને એની સાથે જે આધારો હતા એને આધારે આપણે સફળ થયા છીએ અને આવતા દિવસોની અંદર આ દેશમાં ગૌહત્યા બંધ થાય, સંપૂર્ણ બંધ થાય એ માટેના જે વિચારો છે એ મૂર્તિમંત થાય એમાં અમારા બધાની સંમતિ છે.

આ રાજયના વિકાસનો જે દર આંકવામાં આવે છે એમાં અતિરેક થાય છે એ વાત કરું તો હું આપના મારફતે કહેવા માગું છું કે આ રાજયની અંદર ઔદ્યોગિકરણ વધ્યું છે એને કારણે રોજગારી વધી છે ખરી? રોજગારીના આંકડા છેલ્લાં પાંચ વર્ષના લઈએ તો પાંચ ટકાના આધારે જો ખાનગી ઉદ્યોગોની અંદર જો રોજગારી વધતી હોય તો આંકડાની અંદર બે લાખ લોકોની ઘટ છે કચ્છમાં જ્યારે ઔદ્યોગિકરણ થઈ રહ્યું છે ત્યારે કેન્દ્રીય એમ્પલોયમેન્ટ ઈન્સ્યોરન્સ સ્કીમનો અમલ થતો નથી તો આ કામદારોને આ રક્ષણ ક્યાંથી મળે? કચ્છની બાબતમાં આ રાજય સરકાર વધુ ચિંતિત બને અને હું ફરીથી એક વખત દોહરાવું છું કે કચ્છ છેને એ પીરાણો પટ છે અમારે ત્યાં ખૂટલોની કમી નથી. કુવાડાના હાથા પણ અમારે ત્યાંથી જ મળે છે. ઝારાના યુદ્ધ માટેના ગુલામશા કાલારાને પણ અમારા જ લોકો લઈ આવેલા પરંતુ આખરે વિજય તો છે ને કચ્છની પ્રજાનો થયો હતો. આ પીરાણો પટ (પૂણ્યભૂમિ) છે એની સાથેનો વ્યવહાર બહુ સાવચેતીપૂર્વક થાય તે ખૂબ જરૂરી છે આ સરહદી વિસ્તારના લોકો ખૂબ શાંત છે. માનનીય અધ્યક્ષશ્રી, આ વિસ્તારની અંદર અમે ગૌરવભેર કહી શકીએ આ કચ્છની અંદર કયારેય પણ કોમી ભેદભાવો ઉભા થયા નથી. ભાઈચારા માટે દાખલો દેવાય છે એવા ટાણે ખાવડા વિસ્તારમાંથી માત્ર એક ખનિજ ચોરીના નામે પાસાની અંદર ત્રણ જણાને લેવામાં આવેલા છે મારી જે ભાઈચારાની શાંતિ છે સરહદી વિસ્તારની અંદર તેમાં ડખ્ખો શું કામ નંખાવવામાં આવે છે મને સમજાતું નથી. કરોડો રૂપિયાની કરચોરી કરનારાઓને કંઈ થાય નહીં અને એક ફોરેસ્ટની જમીન છે તેની અંદર ખનિજ કોઈક ખોદી જાય અને ગામનાં સરપંચે તો રજૂઆત કરી હોય કોઈએ જંગલ ખાતાના કર્મચારીઓ ઉપર હુમલો કર્યો હોય અને તે હુમલો જેના ઉપર થયો હોય તે કર્મચારી તેના સાક્ષી, તેના નિવેદનની અંદર કરે કે મને રફીકભાઈએ બચાવ્યો હતો અને રફીકભાઈને પાસામાં નાંખવામાં આવે. આપના મારફતે ગૃહમંત્રીશ્રીનું અને માનનીય મુખ્યમંત્રીશ્રીનું ધ્યાન દોરવા માંગુ છું કે કચ્છની અંદર આ પ્રકારના પગલાંઓ લઈ અને કચ્છની પ્રજાને જે ઉશ્કેરવામાં આવે છે તેનાથી ચિંતિત રહે. કચ્છની પરિસ્થિતિ અને બે દિવસ પહેલાં આ ગૃહના પૂર્વ સભ્ય અને પૂર્વ લોકસભાના સભ્ય હરિભાઈ પટેલના પંપ ઉપર સાંજના સાત વાગ્યે રોબરી થઈ અને સાત વાગ્યે રોબરીની અંદર બંધૂકના ધડાકા કરીને સિત્તેર હજાર રૂપિયાની રકમ લૂંટી લેવામાં આવી. આજ દિવસ સુધી તેના સગડ મળ્યાં નથી. કાયદો અને વ્યવસ્થાની અંદર આ કચ્છની અંદર ચિંતિત રહે તે આપને કહેવાનું છે અને રાજયપાલશ્રીના પ્રવચનની અંદર રાજય સરકારની જે સિદ્ધિઓ વર્ણવવામાં આવેલી છે તેમાંથી કાંઈક હશે નહીં હોય તેમ નહીં પણ મહદઅંશે આ માત્ર વાતોના વડા છે, શબ્દોના સાથિયા છે અને આભારની લાગણી તો ગૃહ પસાર કરશે. કારણકે બહુમતીએ પસાર થશે. આ ફોર્માલીટી છે અને આમાં કંઈ પસાર ન થાય એટલે સરકાર ઉપર જોખમ નથી આવવાનું. કારણકે રાજયપાલશ્રીના પ્રવચનની આભારવિધિ તે તો ફોર્માલીટી છે. એક વખત લોકસભાની અંદર પણ રાષ્ટ્રપતિના પ્રવચન ઉપરની ચર્ચાની અંદર મને અનુભવ છે કે તેમાં કદાચ બહુમતિ ના થાય તો તેમાં આભ તૂટી પડવાનું નથી, પરંતુ અમારી વાત છે તે આપના મારફતે કરી છે. ધન્યવાદ.

**શ્રીમતી રમીલાબેન બ. બારા (ખેડબ્રહ્મા)** : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનીય ગૃહ સમક્ષ મહામહીમ રાજયપાલશ્રીના પ્રવચન ઉપર આદરણીય બોરીચાભાઈ જે આભાર પ્રસ્તાવ લઈને આવ્યા છે તેના માટે મારા વિચારો તેમના સમર્થનમાં રજૂ કરવા માટે ઉભી થઈ છું.

સવારથી આ પ્રવચનના વિરોધમાં વિપક્ષી નેતાઓ જ્યારે બોલતા હતા અને નરસિંહ મહેતાનું જયારે ભજન ગાઈને તે કહેતા હતા ત્યારે એક નારી હોવાને નાતે મને મનમાં થતું હતું કે સાસરે આવેલ દીકરી ગમે તેટલી કુલીન હોય, સંસ્કારી હોય, ખૂબ સારા કામ કરતી હોય પરંતુ સાસરી પક્ષે એક આંખે જોવાની જે નીતિ છે તે જોઈને મને લાગતું કે વિપક્ષી નેતા કહેતાં કે પીડ પરાઈ માણે રે તે ખૂબ જ યથાશકિત તેને લાગું પડે અને એટલું જ નહીં સત્ય ના બોલવું તે પણ તેમને લાગુ પડે એવું લાગે છે. જાન્યુઆરી, ૨૦૦૪માં છત્તીસગઢ રાજયના રાયપુર મુકામે એક નેશનલ કૉન્ફરન્સ ઓન એલીમીનેશન ઓફ લેપ્રસીમાં ભારતના મહામહીમ રાષ્ટ્રપતિ ડો.એ.પી.જે અબ્દુલ કલામને હાજર રહેવાનું થયુ હતું ત્યારે તેમના પ્રવચનમાં તેમને ગુજરાત રાજયની રિકન્સ્ટ્રકશન સર્જરી કેમ્પ તેમજ આર્થિક પુનઃવસનની સિદ્ધિઓને યાદ કરીને અન્ય રાજયોને ગુજરાત રાજયને એક મોડલ સ્ટેટ તરીકે અનુસરવાનો અનુરોધ કરેલો હતો અને તેના ઉપરથી આપણે સૌ જાણીએ છીએ કે ગુજરાત રાજયની અંદર જ્યારથી ભાજપ શાસન આવ્યું અને પ્રજાએ ભારતીય જનતા પાર્ટીના હાથમાં શાસન સોંપ્યું ત્યારથી આ ગુજરાતના વિકાસની હરણફાળ આપણે બધા જોઈ શકીએ છીએ. તેમાં અનેક બાબત છે પછી કૃષિને લગતી હોય, આરોગ્યને લગતી હોય કે શિક્ષણને લગતી હોય કે અનેકવિદ બાબતોમાં આજે ગુજરાત નંબર વન રાજય છે અને ગુજરાત રાજયના મુખ્યમંત્રી આદરણીય નરેન્દ્રભાઈ અણનમ રહ્યા છે.એટલું જ નહીં, પરંતુ આપણે જોઈએ છીએ કે આપણે બધા આપણું તંદુરસ્ત ગુજરાત, સમૃધ્ધ ગુજરાત અને આપણી ભાવી પેઢીના સાચવવાનું ભગીરથ કાર્ય આપણા સૌના સહકારથી આપણે સૌ કરી રહયા છીએ એ આપણે અનુભવીએ છીએ.

આપણે જાણીએ છીએ કે ગુજરાત રાજયમાં શાળાઓમાં જે આરોગ્ય ચકાસણી કાર્યક્રમ છે એ આપણા સૌના માટે ગૌરવવંતો કાર્યક્રમ છે અને છેલ્લા ૩ વર્ષમાં જોઈએ તો એક કરોડ જેટલાં બાળકોની આરોગ્ય ચકાસણી કરવામાં આવી છે એ કોઈને દેખાતું નથી. એટલું જ નહીં પરંતુ આ આરોગ્ય ચકાસણી કર્યા પછી લગભગ ૭૦ હજાર જેટલા બાળકોને વિના મૂલ્યે ચશ્મા આપવામાં આવ્યા છે. છેલ્લા પાંચ વર્ષના આંકડા જોશો તો ૫ હજાર જેટલાં બાળકોને લગભગ કીડની, હૃદય કે કેન્સર જેવી ગંભીર અસાધ્ય બિમારીઓ હતી જેની સારવાર રાજયની અંદર કે રાજયની બહારની જે આધુનિક હોસ્પિટલમાં છે એમાં વિના મૂલ્યે સારવાર કરાવવામાં આવી છે. એટલું જ નહીં, પરંતુ નંબર વન ગુજરાતની વાત કરીએ છીએ ત્યારે વિપક્ષના મિત્રોને કહું કે નવી દિલ્હી ખાતેની ડ્રગ કંટ્રોલર ઓફ ઈન્ડિયાએ ગુજરાતની કેટલીક આધુનિક બ્લડ બેંકોની મુલાકાત લીધી ત્યારે એ મુલાકાત દરમ્યાન તેમણે એવો અભિપ્રાય આપ્યો હતો કે આ સુવિધા જોયા પછી આવી સગવડ ધરાવતી અતિ આધુનિક બ્લડબેંકો હોઈ શકે એવું માનવામાં આવતું નથી અને ત્યારે તેમણે પોતે કહયું હતું કે અતિ આધુનિકતા ધરાવતી આ બ્લડબેંકો છે એવું તેમના રિપોર્ટમાં કહયું છે અને આપણે બધા આ જોઈ શકયા છીએ. એટલું જ નહીં, પરંતુ આપણે જોઈએ કે વલ્ડબેંકના ૨૦૦૪ ના રિપોર્ટમાં પણ આરોગ્ય સેવાઓની ઉપયોગીતા, એની વિશ્વસનિયતા અને લાભાર્થીઓનો સંતોષ જેવી અનેક બાબતોને ધ્યાનમાં રાખીને જે સર્વેક્ષણ થયું છે તેમાં આપણે ગુજરાત રાજયને નંબર વન જ જોઈએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, અતિ ગંભીર ગણાતા એવા રકતપિત્ત જેવા રોગને પણ આપણે નિર્મૂળ કરેલ છે, તેમાં પણ ગુજરાત રાજયની સેવા અનેરી છે. આપણે જોઈએ છીએ કે ગુજરાત રાજય અને ખાસ કરીને મારા આદિવાસી વિસ્તારમાં બાળ મરણ અને માતાઓનું મરણ વધારે છે એની ચિંતા કરીને રાજય સરકારે અનેકવિધ યોજનાઓ કરી છે તેમાં ચિરંજીવી યોજના હોય, માતૃ વંદનાની યોજના હોય કે પછી વંદે માતરમ્ યોજના હોય આ યોજનાઓજના અમલ માટે રાજય સરકારે વિશેષ કાર્યક્રમ કરેલ છે. આ વંદે માતરમ્ યોજના જોઈએ તો એવી યોજના છે અને હમણાં સવારે જ માનનીય વિરોધપક્ષના નેતાશ્રી એમ કહેતા હતા કે ગુજરાત રાજયમાં ડોકટરોની ઉણપ છે. તેમણે ૪૫ વર્ષ સુધી રાજ કર્યુ અને આદિવાસીઓની ચિંતા ના કરી, પરંતુ રાજયના આ માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ એની ચિંતા કરી છે અને ડોકટરોની તંગીને પહોંચી વળવા માટે અને ખાસ કરીને માતૃમરણ અટકાવવા માટે ૫૪૭ જેવા ખાનગી ગાયનેક તબીબો સાથે સંપર્ક કરીને તેવા તબીબો એક દિવસ આવી પ્રસુતિવાળી અને આવી સર્ગભા બહેનોને સેવા આપે એ માટે આ વંદેમાતરમ્ યોજના અમલમાં મૂકી છે અને એ માટે રાજયના મુખ્યમંત્રીશ્રીને હું અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, અહીંયાં શિક્ષણમંત્રી શ્રીમતી આનંદીબહેન બેઠાં છે તેમને અભિનંદન એટલા માટે આપું છું કે હું આદિવાસીની દીકરી છું અને આદિવાસી વિસ્તારમાંથી આવું છું અને અમારા વિસ્તારમાં આજે પણ અમૂક વિસ્તારોમાં કન્યા કેળવણી નહીંવત જ છે અને છેલ્લા ત્રણ વર્ષમાં આનંદીબહેને અને આપણા માનનીય મુખ્યમંત્રીશ્રીએ બીડું ઝડપ્યું અને શિક્ષણ રથ કાઢીને તેઓ શ્રી અને માનનીય મુખ્યમંત્રીશ્રી પણ આદિવાસી વિસ્તારોમાં ગયા અને એ આદિવાસી બાળાઓને ભણાવવાનું બીડું ઝડપ્યું. તેમણે દીકરીઓને શાળાએ જતી કરવા માટે લક્ષ્મી બોન્ડ આપ્યાં, ડ્રો બેક અટકાવ્યો અને શાળાઓના સંકુલોમાં સેનિટેશનની

વ્યવસ્થા કરી. શાળાએ જતી દીકરીઓ શાળામાંથી ઉઠી એટલા માટે જતી હતી કે શાળાઓમાં સેનિટેશનની કોઈ વ્યવસ્થા નહોતી. આ વ્યવસ્થા માનનીય આનંદીબેને શાળાઓમાં કરી આપી છે, એના માટે હું તેમને અભિનંદન આપું છું અને એ રીતે આ ડ્રોપઆઉટ રેશિયો ઘટાડયો છે અને દીકરીઓ શાળાએ જતી થઈ છે અને શાળામાંથી ઉઠી જતી નથી.

આજે ખેડૂતોના હિતોની વાત કરવામાં આવી છે, પરંતુ મારે કહેવું છે કે ખેડૂતોની ચિંતા કોણ કરે છે? તો આજે લેબ ટુ લેનનો ભગીરથ કાર્યક્રમ માનનીય કૃષિમંત્રીશ્રીએ અને માનનીય મુખ્યમંત્રીશ્રીએ કર્યો છે. આજસુધી વૈજ્ઞાનિકો પોતે લેબોરેટરીમાં બેસીને પ્રયોગો કરતા હતા અને ખેડૂતો આ વૈજ્ઞાનિક પધ્ધતિથી અજાણ હતા, પરંતુ ૧૮ હજાર ગામડાંમાં ધોમ ધખતા તાપમાં રાજયનું સમગ્ર મંત્રી મંડળ, મુખ્યમંત્રીશ્રી અને અધિકારીઓ ગામડાંમાં ગયા, ખેડૂતોને સમજ આપી, ટપક સિંચાઇ પદ્ધતિની સમજ આપી, અને ૫૦ હજાર રૂપિયાની ટપક સિંચાઇ પદ્ધતિ માટેની સબસિડીની સહાય પેટે જાહેરાત કરી. અને આજે મારા ખેડૂતો કૃષિ ઉત્પાદનમાં આગળ વધ્યા છે, આજે વિશ્વ બજારમાં ગુજરાતની ખેતી પહોંચી છે. કપાસના ઉત્પાદનમાં વિશ્વભરમાં ગુજરાત પ્રથમ નંબરે આવ્યું છે.

એવી જ રીતે આપણે પાણીની બાબતમાં જોઈએ તો અમારા આદિવાસી વિસ્તારો છે જ્યાં પીવાનું પાણી નહોતું મળતું, ઉનાળામાં પાણીના ફાંફા પડતા હતા. ટેન્કર મારફત પાણી પહોંચતું હતું, અગાઉની સરકારોમાં આવા પાંચ ટેન્કર ગયા હોય અને ૨૫ ટેન્કરો લખવામાં આવતા હતા. એ બધા પૈસા કયાં જતાં હતાં? એ બધા પૈસા ચાંઉ કરી જવાતા હતા. આજે તેનું સર્વેક્ષણ કરવામાં આવે તો ટેન્કરો ઘટ્યા છે અને લોકોને પાણી મળી રહ્યું છે. ચેક ડેમો થયા છે, આડબંધો થયા છે, માનનીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રાર્થનાથી આ વખતે કુદરતે પણ મહેર કરી છે. સારો વરસાદ થયો છે અને આદિવાસી વિસ્તારોમાં પીવાના પાણીની સમસ્યા હલ થઈ છે. કૂવાના તળો ઊંચા આવ્યા છે, આજે સમગ્ર ગુજરાતના ગામડાંમાં પાણીની વ્યવસ્થા આપણે કરી શકયા છીએ. સિંચાઇ ક્ષેત્રે પણ સિદ્ધિ હાંસલ કરી શકયા છીએ. આવી અનેકવિધ સિદ્ધિ મેળવીને રાજય સરકાર આગળ વધી રહી છે ત્યારે તેની પ્રશંસા કરવી જોઈએ તેના બદલે એક આંખે સાસુની આંખે જોવામાં આવે છે. માનનીય મુખ્ય મંત્રીશ્રી અને તેની ટીમ સારું કામ કરી રહી છે ત્યારે તેને ધન્યવાદ આપવા જોઈએ. એટલા માટે આજે મારે આ આભાર પ્રસ્તાવ આવ્યો છે તેની તરફેણમાં મારા વિચારો રજૂ કરી મારું મંતવ્ય પૂર્ણ કરું છું. ભારત માતાકી જય.

**શ્રી પુંજાભાઈ ભી. વંશ (ઉના)** : માનનીય અધ્યક્ષશ્રી, મહામહિમ રાજયપાલશ્રીના પ્રવચન ઉપરનો આભાર પ્રસ્તાવ મુરબ્બી શ્રી માધાભાઈ લઈને આવ્યા છે તેમાં મારા વિચારો વ્યકત કરવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય રાજયપાલશ્રીના પ્રવચનમાં રાજય સરકારે પોતાની સિદ્ધિઓ શબ્દો દ્વારા અને ખાસકરીને યાત્રા અને મહોત્સવો દ્વારા વ્યકત કરી છે. રાજયપાલશ્રીના પ્રવચનમાં કૃષિ મહોત્સવ, અન્ય મહોત્સવો, એમાં વિગતવાર જુદી જુદી બાબતો રાજય સરકારે વર્ણવી છે, ગૃહની અંદર સન્માનનીય સભ્યશ્રીઓએ લેબ ટુ લેન્ડ, સોઈલ હેલ્થ કાર્ડ વિતરણ અંગે વિજ્ઞાનીકોને ખેડૂતના ખેતર સુધી મોકલવામાં આવ્યા તેની સિદ્ધિ વર્ણવી અને સારી કામગીરી કરી છે. પણ આટલેથી આ વાત પતી જાય તેવું નથી. હકીકત એ છે કે વિકસિત ગુજરાતમાં ગ્રામીણ સ્તરે નાના અને સીમાન્ત ખેડૂતો આજે જમીન વિનાના થતા જાય છે, ભૂમિ હિન થતા જાય છે, ગરીબી રેખાની નીચે જીવતા કુટુંબોની યાદીમાં તેના નામો દિવસે દિવસે ઉમેરાતાં જાય છે. એવા સંજોગોમાં સોઈલ હેલ્થ કાર્ડ આપ્યા, પણ તેના દ્વારા ખેડૂતોને ખબર પડી કે મારી જમીન આ પ્રકારની છે મારી જમીનમાં આ પ્રકારનું વાવેતર કરવું જોઈએ, પણ વાવવા માટે એમની પાસે પૂરતું બિયારણ નથી, બિયારણના પૈસા નથી, એમની પાસે ખાતર નથી, પૂરતી વ્યવસ્થા નથી, પૂરતા સાધનો નથી. રાજય સરકારે એ કરવાની જરૂર છે કે આટલું કર્યા પછી આ ખેડૂતને જો બેઠો કરવો હોય તો તેને આપણે સાધનો પૂરાં પાડવાં પડશે, એના માટેનો આ રાજયપાલશ્રીના પ્રવચનમાં કોઈ ઉલ્લેખ કરવામાં આવ્યો નથી.

ગ્રામ સભાઓ અંગે ગઈ વિધાનસભામાં પણ આ ગૃહમાં આંકડા દ્વારા વાત કરવામાં આવી હતી. હકીકતો અને વાસ્તવિકતા આ સરકાર સ્વીકારવા તૈયાર થતી નથી એનું અમને દુ:ખ છે. ગ્રામ સભાનો આ દસમો તબક્કો ચાલે છે. મારે આ સન્માનનીય સભાગૃહના સભ્યશ્રીઓને કહેવું છે કે આપણે આપણા મત વિસ્તારની અંદર જઈએ છીએ ત્યારે અચૂક ગ્રામ પંચાયત અને ગામડાંની મુલાકાત લઈએ છીએ ત્યારે વાસ્તવિકતા રજૂ થાય છે ત્યારે એ અહીંયા રજૂ નથી કરતા. શાસક પક્ષના સભ્યોને મર્યાદા હોય છે એ પોતે સાચી હકીકત સ્વીકારતા હોય તો પણ અહીંયા મૂકી શકે નહિ કારણ કે એમની પણ મર્યાદા છે. પરંતુ વિરોધ પક્ષ તરીકે અમે વાત રજૂ કરીએ છીએ એ સાચી હકીકત સરકાર સ્વીકારવા તૈયાર નથી એ વાજબી નથી. ગ્રામ સભાની અંદર ૫૨ ટકા પ્રશ્નો હલ થઈ ગયા, સ્થળ ઉપર હલ થઈ ગયા જ્યારે બાકીના પ્રશ્નો એ પાછળથી હલ થઈ ગયા એટલે ૯૪ ટકા પ્રશ્નો હલ થઈ ગયા. હું આજે પણ રાજય સરકારને દાવા સાથે કહેવા માગું છું કે આ હકીકત તથા આ આંકડા સંપૂર્ણપણે ખોટા છે અને એ એટલા માટે છે કે આજની તારીખે પણ

પહેલી ગ્રામ સભામાં જે પ્રશ્નો રજૂ કરવામાં આવ્યા એ જ પ્રશ્નો મોટા ભાગની ગ્રામ પંચાયતોએ છેલ્લા દસમાં તબક્કામાં પણ રજૂ કર્યા છે. એ પ્રશ્નો આજે પણ હલ નથી થયા. હું એમ સમજુ છું કે સ્થળ ઉપર પર ટકા પ્રશ્નો હલ થઈ ગયા અને પાછળથી બીજા હલ થઈ ગયા એટલે જે તે અધિકારીને પોતાને જ્ઞાન નથી. આરોગ્ય વિભાગના અધિકારી ગ્રામ પંચાયતમાં ગ્રામસભા લેવા જાય, એ જ રીતે સિંચાઈ વિભાગના અધિકારી બીજા ગામની અંદર ગ્રામ સભામાં જાય. એમને ગ્રામ્ય કક્ષાએ મોકલવામાં આવે અને ગ્રામસભા મળે ત્યારે ૨૦ જણા હોય અથવા બે યુવાનોને મોકલી સહીઓ કરાવી લે, અથવા ગામમાં સરપંચના ઘેર એક જગ્યાએ બેસીને ગ્રામ સભા પૂર્ણ કરવામાં આવે અને એ અધિકારીઓ એમ કહે છે કે અમારી પાસે કોઈ પ્રકારની સત્તાઓ નથી. એનો અર્થ એ થાય કે તમારા જે કંઈ પ્રશ્નો હોય એ જે તે વિભાગને મોકલી આપવાના. ગ્રામ સભા દ્વારા પ્રશ્નો આવે જે તે અધિકારી હાજર રહ્યા હોય એ જે તે વિભાગને પ્રશ્નો મોકલી આપે એટલે ૧૦૦ ટકા સિદ્ધિ થઈ ગઈ એ હકીકત છે. નાના નાના પ્રશ્નો હોય એનો સ્થળ ઉપર નિકાલ થઈ શકે છે. પરંતુ જે ગૌચરના પ્રશ્નો હોય છે, પેશકદમીના પ્રશ્નો હોય છે એનો સ્થળ ઉપર નિકાલ થતો નથી. જુદા જુદા વિભાગોમાં વરસોથી તુમારો પડ્યા હોય છે એનો નિકાલ નથી થતો એનો ગ્રામ સભામાં નિકાલ કેવી રીતે થાય? પરંતુ અહીંયા એક વાતાવરણ ઊભું કરવામાં આવે છે કે સ્થળ ઉપર અમે આટલા પ્રશ્નોનો નિકાલ કર્યો પરંતુ હકીકતમાં એનો નિકાલ થતો નથી. તેથી હું ગ્રામસભાને •*(xxxx) કહું તો ચાલે આ પ્રકારનું રાજય સરકાર ચલાવે છે.

**અધ્યક્ષશ્રી .** : હું *(xxxx) શબ્દ કાર્યવાહીમાંથી રદ કરુ છું.

**શ્રી પુંજાભાઈ ભી. વંશ** : માનનીય અધ્યક્ષશ્રી, હું એ શબ્દ પાછો ખેંચી લઉં છું. સરદાર આવાસ યોજના, શ્રમયોગી યોજના દ્વારા જે ગરીબી રેખા નીચે જીવે છે અને સંપૂર્ણ ગરીબ છે તેવા પાંચ કુટુંબોનો સમાવેશ કરવામાં આવ્યો છે. ૧૮ હજાર ગામો એમાં એક ગામમાં પાંચ લેખે ૯૧૧૧૫ જેટલા શ્રમયોગીની યાદી કરવામાં આવી છે એને પ્રથમ આવાસ આપવાનું રાજય સરકારે ઠરાવ્યું છે. મારે રાજય સરકારને પૂછવું છે, દરેક જિલ્લાઓ પાસેથી માહિતી મંગાવવી જોઈએ કે એમણે દરેક જિલ્લાની યાદી બનાવી હતી એમાંથી કેટલાના મકાનો બનાવી શક્યા? આજે ૫૦ ટકાથી ઓછા મકાનો શ્રમયોગીના બનાવી શક્યા છીએ, તેના મૂળમાં જો હોય તો તેમને પ્લોટ જ મળ્યા નથી. એ ગામોની અંદર ગામતળ નથી. તેના કારણે પ્લોટ મળ્યા નથી અને પ્લોટ ન હોવાને કારણે શ્રમયોગીમાં તેમના નામ આવી ગયા છે પણ મકાનો બનાવી શક્યા નથી. રાજય સરકારને આપના મારફત વિનંતી કરું છું કે શ્રમયોગી યોજના દાખલ કરીને ખરેખર ગરીબોને મદદ કરવા માટેની આપની લાગણી અને ભાવના હોય તો પહેલાં ગામતળ મંજૂર કરે અને આવા ગરીબીની રેખા નીચે જીવતા કુટુંબોને તેમાં પ્લોટની ફાળવણી કરીને ત્યાર પછી મકાન બનાવો. સરદાર આવાસ યોજના નીચે આ વખતે લક્ષ્યાંક ઘટાડી દેવામાં આવ્યો છે. ગરીબો પ્રત્યે સરકારની લાગણી છે. વંચિતોના વિકાસની રાજય સરકાર વાત કરે છે પરંતુ સરદાર આવાસ યોજનામાં ચાલુ વર્ષના બજૅટમાં ઘટાડો કરવામાં આવ્યો છે. ઘટાડો કરવો હોય તો તમે મહોત્સવમાં ક્યાંક કાપ મૂકો. જાહેરાતમાં કાપ મૂકો. ફોટાઓ જ્યાં આપવામાં આવે છે. બસની પાછળ કે ગમે ત્યાં જોઈએ ત્યાં ફોટાઓ દેખાય છે. તેમાં કાપ મૂકો. પણ ગરીબોની યોજનામાં કાપ મૂકવાનું વલણ અપનાવ્યું છે એ આ ગરીબોની કુસેવા ગણાશે તેમ હું માનું છું. જ્યારે મહોત્સવમાં ખર્ચ કરવામાં આવે છે, લાખો રૂપિયાનો ખર્ચ કરવામાં આવે છે. તેમાં કાપ મૂકીને સરદાર આવાસ યોજનાના લક્ષ્યાંકમાં કાપ મૂકવામાં આવ્યો છે એ કાપ ન મુકાય અને તેમાં વધારો થાય એ પ્રકારની રાજય સરકારને આપના મારફત વિનંતી કરું છું.

રોજગારીની વાત કરવામાં આવી. અમારી સરકારે આટલી રોજગારી આપી. રોજગારીની સમસ્યા ગંભીર પ્રકારની સમસ્યા છે. બેરોજગારોની સંખ્યા રાજયમાં દિવસે-દિવસે વધતી જાય છે. જુદા જુદા લશ્કરી ભરતી મેળાઓ મારફત આટલી ભરતી કરી. બે દિવસ પહેલાં પ્રશ્નોત્તરીમાં જવાબ આપ્યો હતો કે ઉદ્યોગોમાં ૮૫ ટકા રિઝર્વેશન રાખીને સ્થાનિક લોકોને નોકરી આપવી. રેકર્ડ ઉપર આવ્યું કે આપતા નથી. સરકાર એમ કહે છે કે પગલાં લઈ શકતાં નથી. સરકારે બેરોજગારોને રોજગારી આપવા માટે ૨૦૦૪-૦૫ના વર્ષમાં માનનીય નાણાંમંત્રીશ્રી વજુભાઈ વાળાએ ગ્રામમિત્ર યોજનાની જાહેરાત કરી. ગ્રામમિત્ર યોજનાની જાહેરાત કર્યા પછી આજની તારીખે દર વર્ષે બજૅટમાં નાણાંકીય જોગવાઈ કરવામાં આવવા છતાં એક પણ ગ્રામમિત્રની નિમણૂંક કરવામાં આવી નથી કે તેની પાછળ ખર્ચ કરવામાં આવ્યો નથી. આનાથી બીજી કમનસીબી કઈ હોઈ શકે? રાજય સરકાર જાહેરાતો કરે છે. મોટી મોટી જાહેરાતો કરે છે પણ તેનું અમલીકરણ કરવામાં આવતું નથી. રાજય સરકાર આયોજન કરે છે પણ આયોજન એ પ્રકારનું હોવું જોઈએ કે માનવનો સર્વાંગી વિકાસ થાય. સર્વાંગી વિકાસ થાય તેમાં ગાંધીજીના શબ્દમાં કહીએ તો સર્વોદય અને તેમાં પણ અંત્યોદય વિસરાવો ન જોઈએ એ પ્રમાણે ગામડાંના અને છેવાડાના લોકોની, અંત્યોદયથી માનવ વિકાસની શરૂઆત થવી જોઈએ.

• *(xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

રાજય સરકાર પોતાના અભિગમમાં ફેરફાર કરીને અમલીકરણ કરવા માટે જે યોજનાની જાહેરાત કરે તેનું પૂરેપૂરું અમલીકરણ થાય અને ગામડાંના છેવાડાના માણસ સુધી પહોંચે તેના માટે આપના મારફત રાજય સરકારને વિનંતી કરું છું. વંચિતોના વિકાસમાં અને ખાસ કરીને ઓ.બી.સી., રાજયમાં જે તાલુકાઓ ઓ.બી.સી. તરીકે જાહેર કરવામાં આવ્યા છે, પછાત તરીકે જાહેર કરવામાં આવ્યા છે અને આઈ.જી. પટેલે જે જાહેર કર્યા છે એ તાલુકાઓમાં આ વંચિતોના સર્વાંગી વિકાસ માટે રાજય સરકારે જે બજૅટ ફાળવવું જોઈએ એ બજૅટ ફાળવવામાં આવતું નથી. જિલ્લા કક્ષાએ પાંચ-પાંચ લાખ રૂપિયા આપવા માટેની જાહેરાત કરી હતી, અગાઉ આપવામાં આવતા હતા તેમાંથી ઘટાડીને ત્રણ લાખ કર્યા અને તે પછી આજની તારીખે આપવામાં આવતા નથી. તો જે જોગવાઈઓ હતી તેને બંધ કરીને એક બાજુ વંચિતોના વિકાસની વાત કરે છે ત્યારે આઈ.જી. પટેલે જે તાલુકાને બક્ષી પંચના જાહેર કર્યા છે એ તાલુકાઓને બજૅટની ફાળવણી અંગે આ પ્રવચનમાં કયાંય ઉલ્લેખ કરવામાં આવ્યો નથી. બક્ષી પંચના છાત્રાલયો શરૂ થાય, આશ્રમશાળાઓ શરૂ થાય. એનો પણ આ બજૅટની અંદર, રાજયપાલશ્રીના પ્રવચનમાં કયાંય ઉલ્લેખ કરવામાં આવ્યો નથી. મારે આપના મારફતે રાજય સરકારને એ પૂછવું છે કે, ઓ.બી.સી.ના આધારે આઈ.જી.પટેલે તાલુકાઓની જાહેરાત કરી છે એને પૂરેપૂરું ભંડોળ મળે એ પ્રકારની વ્યવસ્થા કરવામાં આવે.

માનનીય અધ્યક્ષશ્રી, વાહનવ્યવહારને લાગે વળગે છે ત્યાં સુધી એસ.ટી. ડેપો,, બસો મોટા ભાગે જે હતી એ બંધ થઈ ગઈ છે. સરકારે નવી બસો લેવા માટેની જાહેરાત કરી છે, સી.એન.જી. બનાવવાની જાહેરાત કરી છે. ગ્રામ વિસ્તારની અંદર જે બસોના રૂટ ચાલુ હતા એ મોટા ભાગના બંધ થઈ ગયા છે. રાજયની અંદર જે એસ.ટી. ડેપો હતા, એ એસ.ટી. ડૅપોની અંદર જે જગ્યાઓ હતી એ પોતાના મળતિયા લોકોને આપવા માટેની, ૯૯ વર્ષના પટે આપવાની જોગવાઈ કરી અને જે વ્યવસ્થા હતી અને જે સુવિધા હતી એમાં ઘટાડો કર્યો છે. મોટા ભાગના એસ.ટી. ડૅપોની જગ્યાઓ આ રીતે અપાઈ ગઈ છે.

માનનીય અધ્યક્ષશ્રી, મહેસૂલની અંદર એક નવો પરિપત્ર કર્યો છે. ઉદ્યોગગૃહોને જમીન આપી દેવી. ૨૦૦૦ એક સુધીની જમીન આપવી અને એને ડેવલપ કરવું અને એના ડૅવલપીંગ દ્વારા ગ્રામ વિસ્તારોમાં રહેતા લોકોને રોજગારી મળશે, આ વાત સાથે હું સંમત થતો નથી. આજે જ્યારે કોઈ ઉદ્યોગગૃહને જમીન આપવામાં આવે ત્યારે ભૂમિહીન ખેડૂતો હતા, ભૂમિહીન ખેત મજૂરો છે એને આ જમીન આપો તો જેથી કરીને એમને જમીન મળે અને પોતાના પરિવારનું ગુજરાન ચલાવી શકે. આ રીતે એમને રોજગારી આપવાની વાત કરી છે. રાજય સરકાર ટૅક્નૉલૉજીની વાત કરે છે, ઝડપી ડૅવલપમૅન્ટ થાય એના માટેની વાત કરે છે.

**અધ્યક્ષશ્રી** : અનિલભાઈ ત્રિ. પટેલ, પ્લીઝ.

**શ્રી અનિલભાઇ ત્રિ. પટેલ (રાજય કક્ષાના ઉદ્યોગ અને ખાણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, આ સભાગૃહના સભ્ય માધાભાઈ બોરીચા મહામહિમ રાજયપાલશ્રીએ જે આ સભાગૃહ સમક્ષ પ્રવચન કર્યું એના માટેનો આભાર પ્રસ્તાવ લઈને આવ્યા છે એને અનુમોદન આપવા માટે હું ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, હું અહીં બેઠો બેઠો સાથી પક્ષના સભ્યશ્રીઓના વિચારો સાંભળતો હતો. વિશેષ કરીને સાથી પક્ષના નેતા અને એમના મુખ્ય દંડકશ્રીએ જે રજૂઆતો કરી અને પૂજ્ય નરસિંહ મહેતાનું ભજન રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીને પ્રિય હતું. સત્ય અને અસત્ય વિશે એમણે જે ટિપ્પણો કરી એના ઉપરથી મને એક નાનકડી વાર્તા યાદ આવે છે. ટૂંકી છે. ખલિલ ઝિબ્રાન..

**અધ્યક્ષશ્રી** : નો.,નો, વાર્તા નહીં, પ્લીઝ.

**શ્રી અનિલભાઈ ત્રિ. પટેલ** : સત્ય અને અસત્ય, સત્યને અસત્યનું આવરણ કરવાની અને અસત્યને સત્યનું આવરણ કરવાની એમની જે ટૅક્નીક હતી. એમણે જે સત્યના અવળા વિચારો રજૂ કર્યા. એના ઉપરથી એમને કદાચ ખ્યાલ આવી ગયો હશે કે, જે પ્રચંડ જનાદેશ મેળવીને ભારતીય જનતા પાર્ટીની સરકાર આજે જે ગુજરાતમાં શાસન ચલાવી રહી છે અને છેલ્લા ૩ વર્ષમાં જે કામગીરી કરી છે, એની સિદ્ધિઓનું વર્ણન જ્યારે મહામહિમ રાજયપાલશ્રીએ સભાગૃહ સમક્ષ કર્યું. એ વર્ણનની સાથે એમણે જે અસત્યનું લેબલ લગાડ્યું છે એનો જવાબ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણીઓમાં આ ગુજરાતની જનતાએ આપી દીધો છે. સત્ય શું છે અને અસત્ય શું છે? સત્ય, સાચું કોણ બોલે છે? અસત્ય કોણ બોલે છે? એનો જવાબ ગુજરાતની પ્રજાએ સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓમાં આપી દીધો છે.

ભારતીય જનતા પાર્ટીની આ સરકારે જેના વીઝનરી મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ જે પ્રકારનું શાસન ગુજરાતને છેલ્લા ૩ વર્ષથી જે આપી રહ્યા છે એનું જો આપણે ઓછામાં ઓછું વર્ણન કરીએ તો પણ એક મોડેલ વહીવટ, રાજય સરકારનો કેવી રીતે થઈ શકે એના મૉડલ સ્વરૂપ મૉડલ વહિવટી શાસનરુપ એને ગણાવી શકાય અને એના માટે દેશના અનેક રાજયો એ આ રાજયના જુદાજુદા જે ઈનીશીએટીવ્સ એ આ સરકાર દ્વારા લેવામાં આવ્યા છે એના માટેનો અભ્યાસ કરવા માટે, એની કાર્યપદ્ધતિ નિહાળવા માટે રાજયના જુદા જુદા વિભાગોની મુલાકાત લઈ અને પોતાના રાજયમાં આ પ્રકારનો વહીવટ કેવી રીતે દાખલ કરી શકાય

એના માટે હંમેશા એ તત્પર રહે છે. આ સરકારે જે નવા ઈનીશીએટીવ્સ લીધા, ગુજરાતના મુખ્યમંત્રીની દૃષ્ટિ કે જે દૃષ્ટિને કારણે ગુજરાતને દેશના અન્ય રાજયોની સરખામણીમાં આગળ લઈ જવા માટે જ માત્ર નહીં પણ વિશ્વના વિકસિત દેશોની સાથે સરખામણી કરવા માટે જર્મની, ચીન,કારણ કે ગુજરાતનો જે છેલ્લા ૩ વર્ષનો જે વિકાસ દર છે એ ચીનના વિકાસ દર કરતા પણ અધિક વિકાસ દર, ડબલ ડીઝીટ વિકાસ દર કહેવામાં આવે છે એ વિકાસ દર ગુજરાતે હાંસલ કરી બતાવ્યો છે અને એના કારણે ગુજરાત આજે એક વિકસિત રાજય તરીકે, દેશના સૌથી વધારે વિકસિત રાજય તરીકે ઉભરી રહ્યું છે અને જેની નોંધ એ દેશના પ્લાનિંગ કમિશને પણ પોતાનું પંચવર્ષીય આયોજન છે એની અંદર પણ દેશનો વિકાસ દર નિર્ધાર કર્યો છે, એના કરતાં ૨૫ ટકા વધારે વિકાસ દર ગુજરાતનો નિર્ધારીત કરી અને દેશના બધા જ રાજયોમાં સૌથી વધારે ટાર્ગેટ વિકાસનો આ ગુજરાતને આપ્યો છે અને એ જ બતાવે છે કે ગુજરાતની ક્ષમતા ભારતના વિકાસ માટે, ગુજરાતનો વિકાસ એ ગુજરાતની વિકાસ ક્ષમતાની નોંધ પણ કેન્દ્ર સરકારે એના આયોજન પંચ મારફતે લીધો છે એની હું આપને ટૂંકમાં જાણ કરું તો ગ્રામસભા, તિર્થગ્રામ, સમરસ ગામ, પંચવટી આ બધા આયોજનો તો થયા છે સાથેસાથે જે પાયાની બાબત કન્યા કેળવણી, રથયાત્રા કરી, મેં મારી જિંદગીમાં કદી આદિવાસી ગામડું જોયું નહોતું અને આ મુખ્યમંત્રીશ્રીના નવા ઈનીશીએટીવ્સને કારણે મેં છેલ્લા ૨ વર્ષમાં ખાસ કરીને નર્મદા જિલ્લો અને બનાસકાંઠા જિલ્લાનો ૧૫-૧૫ દિવસ સુધી પગપાળા પ્રવાસ કરીને આદિવાસી ભાઈઓ અને બહેનોની સાથે કન્યા કેળવણી કાર્યક્રમ નિમિત્તે ૧૦૦ ટકા બહેનોને, ૧૦૦ ટકા કન્યાઓના શિક્ષણ માટે પ્રોત્સાહિત કરવાના કાર્યમાં જે કામ કરવાનો મને આનંદ મંત્રી તરીકેના કોઈપણ કામ કરતા વિશેષ આનંદ છે. કન્યા કેળવણીના આદિવાસી ભાઈબંધુઓને એમાં પ્રવેશ આપવા માટે મને મળ્યો છે.

કૃષિ મહોત્સવના ઈનીશીએટીવ દ્વારા જે કામગીરી થઈ ગુજરાતની અંદર ૩ વર્ષ પહેલાં સમગ્ર રાજયનું વાર્ષિક કૃષિ ઉત્પાદન જેમાં દરેક પ્રકારના પાકો આવી જાય, કપાસ, તમાકુ, જીરુ,ધઉ, વરિયાળી, મગફળી, ફળફૂલ આ બધા જ પાકો જેમાં આવી જાય એવા પાકોની કુલ કૃષિ ઉપજ ૩ વર્ષ પહેલા ૧૦ હજાર કરોડ કરતા ઓછી હતી જ્યારે આ કૃષિ ઉપજ એ ચાલ વર્ષે ૨૫ હજાર કરોડ રૂપિયા સુધી પહોંચી જવાની છે. આ આંકડા જે બતાવે છે કે આ કૃષિ ઉપજને કારણે ગામડામાં જે ખેડૂતો અને ગામડામાં કૃષિ ઉપર આધારિત જે પરિવારો છે એ પરિવારોની આવકમાં જે વધારો થયો છે અને એના આંકડા સ્પષ્ટ રીતે ગામડાઓમાં ખરીદશકિત વધી છે અને ખરીદ શકિતને કારણે જે વેચાણો વધ્યા છે એના ઉપરથી પણ એ ફલિત થાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, કૃષિમાં ૧૫૦૦ કરોડ રૂપિયાની ડ્રીપ ઈરીગેશન યોજના. ગયા વર્ષના કેન્દ્રના બજેટમાં સમગ્ર દેશ માટે કેન્દ્રના નાણામંત્રીશ્રીએ ૫૦૦ કરોડ રૂપિયાની ફાળવણી કરેલી. જ્યારે આ રાજય સરકારે આ કૃષિની અંદર ટપક સિંચાઈ અને ફુવારા પદ્ધતિથી સિંચાઈ કરવા માટે ૧૫૦૦ કરોડ રૂપિયાની યોજના લાવી અને કૃષિ ઊપજ કેવી રીતે વધે અને ખેડૂતોનું ઉત્પાદન બમણું કેવી રીતે થાય એનું આયોજન કર્યું છે. એના કારણે એક જબરદસ્ત શક્યતા ઊભી થઈ છે કે સમગ્ર દેશમાં જેમ પ્રથમ ગ્રીન રિવોલ્યુશન પંજાબે લીડ કર્યું હતું એમ સેકન્ડ ગ્રીન રિવોલ્યુશન ગુજરાત લીડ કરશે અને કૃષિના માધ્યમ મારફત ગુજરાતમાં સમૃદ્ધિ આવશે.

માનનીય અધ્યક્ષશ્રી, ઉત્તર ગુજરાત જેને ૫૦ વર્ષથી પાણી માટે અન્યાય થતો હતો. ઉત્તર ગુજરાતમાં પાણીની જે તકલીફો હતી એના નિવારણ માટે માનનીય મુખ્યમંત્રીશ્રીની લાંબાગાળાની દ્રષ્ટિના કારણે સુજલામ્-સુફલામ્ યોજના જે ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતના ૯ જિલ્લાઓને આવરી લે છે. એના મારફતે ઉત્તર ગુજરાતના ગામડાના લોકોને હિજરત કરવી પડે એવી સ્થિતિનું નિર્માણ થયું હતું એમાંથી બચાવવાની જો યોજના હોય તો એ સુજલામ્-સુફલામ્ યોજના છે. જેના માધ્યમ મારફતે મહી નદીનું વધારાનું પાણી અને નર્મદાનું પાણી મેળવીને ઉત્તર ગુજરાતની તરસી ભૂમિમાં રિચાર્જીંગ કરવાનું કામ આ નહેર દ્વારા થશે. એ કામગીરી રેકોર્ડ ઝડપે આપણા રાજયમાં ચાલી રહી છે એ આ મુખ્યમંત્રીશ્રીનો એક નવો ઈનિશિએટીવ છે. જેનો ચૂંટણી ઢંઢેરામાં ઉલ્લેખ પણ ન હતો એવી ૬૦૦૦ કરોડ રૂપિયાની યોજના બનાવી અને ઉત્તર ગુજરાત અને જે તરસી ભૂમિ હતી એના માટે કર્યું છે. આ રાજયની અંદર જે આપણા મહત્ત્વના ઉત્સવો ૧૫મી ઑગસ્ટ, ૨૬મી જાન્યુઆરી, ગુજરાતનો સ્થાપના દિન ૧લી મે વગેરે દિવસો ભૂતકાળમાં માત્ર ટ્રેડિશનલ ગાંધીનગર કે અમદાવાદ મુકામે થતા. એના કારણે કોઈપણ પ્રકારના રાજયના અંતરિયાળ વિસ્તારના લોકોને એની ભાગીદારીનો અનુભવ થતો ન હતો. એ માટે આદરણીય મુખ્યમંત્રીશ્રીએ આ બધા જ પ્રસંગોને રાજ્યના જુદા જુદા ભાગોમાં જિલ્લાવાર દક્ષિણ ગુજરાત, ઉત્તર ગુજરાત આ દરેક જગ્યાએ આવા કાર્યક્રમોનું આયોજન કરી અને જે તે જિલ્લાઓમાં આ કાર્યક્રમોને લઈ જઈ એ જિલ્લાના લોકોને સાચા અર્થમાં વિકાસના ભાગીદાર બનાવવા માટે એમણે આ દિવસોની ઉજવણીના કાર્યક્રમો ત્યાં લઈ ગયા છે. સૌથી અગત્યની બાબત કદાચ આખાય દેશમાં કોઈએ ઈનિશિએટીવ નહિ લીધું હોય એવું ઈનિશિએટીવ રાજયના પાંચ લાખ કર્મચારીઓને કર્મયોગી બનાવવાના અને માત્ર કર્મચારીઓને જ નહિ પણ સચિવશ્રીઓ હોય કે મંત્રીશ્રીઓ હોય એમની પણ ચિંતન શિબિર મારફતે રાજયના વહીવટમાં કેવી રીતે ક્ષમતા વધે અને કેવી રીતે એને ન્યાય આપી શકાય એના માટેની ચર્ચાઓ અને વિચારણાઓ આ નિમિત્તે કરેલ છે. બીન નિવાસી ગુજરાતી પરિવારોને કોઈએ યાદ

નહોતા કર્યા. જ્યારે આદરણીય મુખ્યમંત્રીશ્રીએ દર વર્ષે જાન્યુઆરી મહિનામાં બીન નિવાસી ગુજરાતી પરિવારોને (સમય સૂચક ઘંટડી) માનનીય અધ્યક્ષશ્રી, મંત્રીશ્રીને થોડો વધારે સમય મળવો જોઈએ.

માનનીય અધ્યક્ષશ્રી, જયોતિગ્રામ યોજના, અર્બન ડેવલપમેન્ટ વર્ષ, ગેસ ગ્રીડ સિસ્ટમ જેના કારણે આખા દેશમાં માત્ર ગુજરાત જ એક રાજય છે કે જ્યાં ગેસના ટેન્કર પોર્ટ ઉપર લાવી શકીએ છીએ. વાયબ્રન્ટ ગુજરાત દ્વારા મૂડીરોકાણની જે ચર્ચા વિપક્ષના નેતાશ્રીએ કરી એમાં મારે સ્પષ્ટ કહેવાનું છે કે વર્ષ ૨૦૦૫માં આઈ.આઈ.એમ.માં ૭૯,૫૪૮ કરોડ સમગ્ર દેશના મૂડી રોકાણના ૨૨.૫ ટકા થાય છે. ઓરિસ્સા ૪૧,૮૩૧ કરોડ, છત્તીસગઢ કરતાં આગળ ગુજરાત પ્રથમ ક્રમે છે અને બાકીના પ્રથમ ત્રણમાં સાથી પક્ષ શાસિત એક પણ રાજય એમાં આવતું નથી.

માનનીય અધ્યક્ષશ્રી, જ્યારથી આ I.I.M. ફાઈલ કરવાની પદ્ધતિ શરૂ થઈ, ઑગસ્ટ-૯૧થી ત્યારથી અત્યારે ડિસૅમ્બર-૨૦૦૫ સુધીમાં ગુજરાતે ૨,૯૮,૬૦૩ કરોડ સાથે પ્રથમ ક્રમે, મહારાષ્ટ્ર બીજા ક્રમે ૨,૬૫,૦૦૦ કરોડ જે ૧૪.૯૨ ટકા અને આંધ્ર ૧,૫૮,૦૦૦ કરોડ સાથે ત્રીજા ક્રમે આવી છે. આવી રીતે ગુજરાતનો પ્રથમ ક્રમાંક કોઈ છીનવી શકે તેમ નથી.

માનનીય અધ્યક્ષશ્રી, ટૅક્નૉલૉજીનો ઉપયોગ કરવા ગુજરાતના મુખ્યમંત્રીનું ઈનીસીએટીવએ સમગ્ર ગુજરાત રાજ્યની અંદર જેને હાઈટેક કોમ્યુનીકેશન ટૅક્નૉલૉજીનો ઉપયોગ, ઈગવર્નસ, બાયસેગ, વિડિયો કોન્ફરસિંગ, નેનો ટૅક્નૉલૉજી, ગુજરાત સ્ટેટ વાઈડ એરિયા નેટવર્ક મારફતે ગામડાને ગાંધીનગર સાથે જોડવાનું કામ, આઈ.ટી. ઈન્ફરમેશન ટૅક્નૉલૉજી આ બધીજ બાબતની અંદર નવા ઈનીસીએટીવ મારફતે રાજ્ય સરકારે ગુજરાતના વિકાસ માટેની એક હરણફાળ અને એક નવી કેડી કંડારી છે અને દેશના પ્રેસીડન્ટ ડો. અબ્દુલ કલામનું સ્વપ્ન છે કે દેશને ૨૦૨૦ની સાલમાં વિકસિત દેશ તરીકે જોવા માટેનો જે અભિગમ છે એમાં જો સૌથી વધારે ગ્રોથનું એન્જિન, જે વિકાસની લિડરશીપ લેનાર જો કોઈ રાજ્ય હોય તો એ ગુજરાત રાજ્ય છે અને દેશમાં સૌથી પહેલું વિકસિત રાજ્ય ગુજરાત ઊભરી આવવાનું છે. આ બધા ઈનીસીએટીવના કારણે મેટ્રો રેલની વાત બજૅટની અંદર કરવામાં આવી છે. પણ એ ઈનીસીએટીવ ગુજરાત સરકારે ઈન્ફ્રાસ્ટ્રકચર ડૅવલપમેન્ટ બોર્ડ મારફતે BOTના ધોરણે કરવાનું છે. વડોદરા-બૉમ્બે એકસપ્રેસ વે કરવાની વાત છે.

**ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા)** : માનનીય અધ્યક્ષશ્રી, માધાભાઈ બોરીચાએ માનનીય રાજ્યપાલશ્રીના પ્રવચન પર જે આભાર પ્રસ્તાવ લઈને આવ્યા છે એમાં મારા વિચારો વ્યકત કરવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યપાલનું પ્રવચનએ ગુજરાતના વિકાસની ગતિ બતાવતું હોય છે. ગુજરાતની ગત વર્ષની કામગીરી અને ચાલુ વર્ષની વિકાસની દિશા બતાવતું પ્રવચન હોય છે. એમના પ્રવચનમાં ઘણા બધા ફેકટર રહી ગયાં છે. ગુજરાતની ઓળખ ગાંધી વિચારધારા સાથે સરખાવવામાં આવે છે. ગુજરાતની વિચારધારા એટલે ગાંધી વિચારધારા. ગરીબ વિચારધારા ગરીબ માણસને ધ્યાને રાખીને જે યોજના બને એ ગાંધી વિચારધારા. પરંતુ અહીં એવું દેખાતું નથી. સાથે સાથે સત્યની વાત ગુજરાતના આ તમામ મંત્રીશ્રીઓને અને તમામ સભ્યશ્રીઓને દરેક જગ્યાએ છેલ્લા ઘણા સમયથી એવું કહે છે કે અગાઉની સરકારે ૫૦ વર્ષમાં કશું કર્યુ નથી. મારે આ મંત્રીશ્રીઓને અને સભ્યશ્રીઓને કહેવું છે કે જે તે વખતે રિસોર્સિસ હતા, જે જનસંખ્યા હતા એ જનસંખ્યાને આધારે આપ નક્કી કરો કે તે વખતે ગામડામાં પ્રાથમિકશાળા, હાઈસ્કૂલ, કૉલેજો, યુનિવર્સિટીઓ, ૭૪૦૦૦ રસ્તાઓ, તાલુકા કક્ષાની કચેરીઓ, જિલ્લા કક્ષાની કચેરીઓ, કલેકટર કચેરીઓ અને આ સચિવાલય અને આ વિધાનસભાગૃહ તે વખતે હતું કે કેમ? આ વિકાસ હતો કે નહિ? એ સ્વીકારો છો કે કેમ? આટલું બધું જો ના સહન થાય તેવી વાત આ લોકો કરતા હોય છે એટલે થોડુંક સ્વીકારે કે અગાઉની સરકારમાં ખૂબ સારી કામગીરી થઈ છે.

માનનીય અધ્યક્ષશ્રી, સરકાર લોક ભાગીદારીની વાત કરે છે. પરંતુ મારે એ જાણવું છે કે સરકાર એમાં ઊંડે જાય છે? લોક ભાગીદારીના કામ બહુ સારા લાગે કે લોકોનું ઈન્વોલ્વમેન્ટ પણ ગામડાનો ગરીબ માણસ રોજનું કમાનારો માણસ રોજના ૪૦ રૂપિયા કમાય છે એ લોક ભાગીદારીના કામ માટે પૈસા આપી શકવાનો નથી એના લીધે ગામડાનો વિકાસ અટકી ગયો છે. સરકારે આમાં વિચારવાની જરૂર છે, જે પછાત ગામડા છે એમાં ૧૦૦ ટકા ગ્રાન્ટ આપીને કામ લેવું જોઈએ.

માનનીય અધ્યક્ષશ્રી, આ સરકારે ૫,૭૨,૦૦૦ કર્મચારીઓને કર્મયોગી બનાવ્યાં, પણ ગામડાનો માણસ તાલુકા કક્ષાએ જાય છે ત્યારે સમાચાર મળે છે કે તાલુકાના TDO બહાર ગયા છે, મિટિંગમાં જિલ્લા કક્ષાએ જાય છે ત્યારે એમ કહેવામાં આવે છે કે મિટિંગમાં ગયા છે, સચિવાલયમાં જાય છે સોમવાર અને મંગળવાર એ સરકારે નક્કી કરેલો દિવસ છે એ દિવસે પણ સેક્રેટરી અને બધા મિટિંગમાં હોય છે. સરકારનું એટલું બધું ભારણ છે, દબાણ છે જેને લીધે આજે કર્મચારીઓને યોગ કરવાની ફરજ પડે છે અને સરકાર પણ કર્મયોગીઓને યોગ તરફ લઈ જાય છે કારણ કે, એમને ડાયાબીટીસ અને બ્લડ પ્રૅશર ન વધી જાય. બીજું એક કહેવું છે કે, ગુજરાતના મુખ્ય મંત્રી તા.૨૩-૧-

૦૬નારોજ સુરત ખાતે રામદેવજી સ્વામીની ત્યાં યોગની એક શિબિર ચાલતી હતી, આમ તો એ વહેલી સવારે ૫ થી ૭ ચાલતી હોય છે પણ એમના કહેવાથી સાંજના સમયે ૫ થી ૭ ચાલુ કરવામાં આવી, બે લાખની મેદની હતી, મેદની જોઈને એમણે કહ્યું કે, હું પણ ગુજરાતમાં યોગની એક યુનિવર્સિટી ચાલુ કરવા માગું છું.

**સભાગૃહનો સમય લંબાવવા અંગે.**

**શ્રી જીતેન્દ્ર સુખડીઆ (મુખ્ય દંડક) :** માનનીય અધ્યક્ષશ્રી, આ ચર્ચામાં બધા સભ્યો ભાગ લઈ શકે તે હેતુથી સભાગૃહનો સમય એક કલાક માટે લંબાવવાં આવે તેવી દરખાસ્ત કરું છું.

**શ્રી પૂંજાભાઈ વંશ** : સંમત છીએ.

**અધ્યક્ષશ્રી** : સભાગૃહનું કામકાજ એક કલાક લંબાવવામાં આવે છે.

**ડાં.અનિલભાઈ જોષીયારા** : માનનીય અધ્યક્ષશ્રી, હું વાત કરતો હતો કે, માનનીય મુખ્યમંત્રીશ્રીએ આટલી મેદની જોઈને એમ વાત કરી કે, ગુજરાતમાં એક યોગની યુનિવર્સિટી સ્થાપવામાં આવશે અને પ્રાથમિક શાળાઓમાં પણ આ યોગ ચાલુ કરવામાં આવેશે. બહુ સારી વાત, એનાથી રોગો અટકશે, બહું સારું કામ પણ આ જે મેં બજૅટ જોયું એમાં સિફતપૂર્વક એનો કોઈ ઉલ્લેખ કરવામાં આવ્યો નથી.

માનનીય અધ્યક્ષશ્રી, સરકાર પારદર્શકતાની વાતો કરે છે, બહુ સારી વાત છે, પારદર્શકતાની વાતો કરે છે પણ આજનો જે બાળક જન્મે છે એ બાળક ૧૬૦૦ રૂપિયાનું દેવું લઈને જન્મે છે અને આ ગુજરાતની જનતા ઉપર ૧૬ હજાર કરોડનું દેવું છે. આ સરકારની કામ કરવાની પદ્ધતિ ખૂબ નોખી છે, કોઈ પણ કામ મંજૂર કરે એટલે પછી એનું ફંકશન ગોઠવે અને એની પાછળ ખર્ચો ઘણો બધો થાય, કામ મંજૂર થાય ત્યારે, ફરી પાછું કામનું ખાતમૂર્હત થાય એટલે ફરી પાછું ફંકશન ગોઠવે અને માનનીય અધ્યક્ષશ્રી, કદાચ કામ ચાલુ થઈ જાય અને પૂર્ણ થઈ જાય એટલે ફરી પાછું એનું ઉદ્ઘાટન કરે ત્યાં સુધી સરકાર અટકતી નથી.

**અધ્યક્ષશ્રી** : તમને કેટલી વાર બોલાવેલા ?

**ડાં.અનિલભાઈ જોષીયારા** : એટલા માટે આ કહું છું કે, છેલ્લે કામ પૂરું ભૂલેચૂકે થઈ ગયું હોય તો લોકાર્પણનો કાર્યક્રમ કરી નાખે છે, આ એટલા માટે કહું છું કે, ગુજરાતની જનતાનો બિનપ્રોડકટિવ ખર્ચ આ સરકાર કરી રહી છે અને એનાથી ગુજરાતની જનતા ઉપર ભાર વધી રહ્યો છે સરકારે એનો વિચાર કરવો જોઈએ, એના કરતાં ગરીબ માણસોના થોડા ઘણાં કામો વધારવા જોઈએ.

સરકાર ખૂબ ખુશ થઈ, આ વખતે કૃષિ મહોત્સવ ઉજવ્યો, નાની-નાની કીટ આપી, ૨૦૦ ગ્રામ વરિયાળી આપી, ૨૦૦ ગ્રામ ગવાર આપ્યો, કોઈકને પાંચ કિલો મગ આપ્યા એનાથી ખૂબ ખુશ થઈ ગઈ, એક ગામમાં પાંચ જણાને આ વસ્તુ આપી છે અને સોઈલ હેલ્થ કાર્ડ આપ્યા. મને એમ થયું કે, મારા વિસ્તારમાં સોઈલ હેલ્થ કાર્ડની શું પરિસ્થિતિ છે? સોઈલ હેલ્થ કાર્ડમાં જોયું તો, મેં પેલા ગ્રામ સેવકને પૂછ્યું કે તમે કેવી રીતે આ જમીનની ચકાસણી કરો છો? તો એ કહે છે કે ખેતર છે એ ખેતરની ચારે બાજુથી એક-એક કિલો માટી લઈ લઈએ અને આપણે તપાસ કરીએ છીએ. મેં કહ્યું કે આપણા ગામમાંથી કેટલા લીધા? ૨૦૦ પરિવારોના જે ખેતરો હતા એમાંથી અમે નમૂના લીધા. તો મેં કહ્યું કે કેટલા થાય ? તો એ કહે કે,૮૦૦ કિલો થાય. મેં કહ્યું કે, ૮૦૦ કિલો કયાં લઈ જાઓ છો? તો એ કહે કે, આપણી લૅબૉરૅટરી તાલુકા મથકે હતી એ તો બંધ છે, ચાર વર્ષથી બંધ છે એટલે અમે એને ખેડબ્રહમા લઈ જઈએ છીએ એની તપાસ કરાવીએ છીએ. મેં કહ્યું કે ૮૦૦ કિલો માટી લઈ જવા તમારી પાસે કોઈ સાધન છે? આ એટલું બધું ખોટું ચાલી રહ્યું છે કે, એની તપાસ થવી જોઈએ, આજે જ્યારે ખેડૂતો ખરેખર એના ઉપર આધાર રાખતા હોય છે એનું સોઈલ હેલ્થ કાર્ડ છે એના ઉપર આધાર રાખતા હોય છે, કયું બિયારણ અને કયું ખાતર વાપરવું એ એના ઉપર આધાર રાખતા હોય છે ત્યારે આ સરકાર ખેડૂતોને ગુમરાહ કરે છે. સરકાર ત્યાં સુધી અટકતી નથી. સરકારે એમ કહ્યું કે અમે તમને આ હોર્સ પાવર પદ્ધતિ ચાલુ રાખીશું. છેલ્લે સુધી ખેડૂતોને ગુમરાહ કર્યા , મીટર પ્રથા નહીં આવવા દઈએ એવી વાતો કરી હતી પણ છેલ્લે મીટર પ્રથા દાખલ કરી દીધી અને આજે ખેડૂત દેવાના ડુંગરોમાં ડૂબી રહ્યો છે. મંત્રીશ્રીએ વાત કરી હતી કે, દસ હજાર કરોડના ઉત્પાદનમાંથી આજે પચીસ હજાર કરોડ રૂપિયા સુધી પહોંચી ગયા છીએ પણ મારે એમને કહેવું છે કે, આજે ગુજરાતનો ખેડૂત આજે કેમ દબાયેલો છે, એની શું મુશ્કેલીઓ છે ? સાહેબ, એ જ્યારે ઉત્પાદન કરે છે ત્યારે પછી માલ લઈને માર્કેટ યાર્ડમાં જાય છે ત્યારે જે તે ભાવે માલ આપી દેવો પડે છે અને પછી એને પૈસા લઈને પોતાનું દેવું ભરવું પડે છે., સસ્તું બિયારણ મળે એટલા માટે કહું છું કે મકાઈ પાકે ત્યારે ૮૦ રૂપિયે મણ કોઈ લેતું નથી અને બિયારણ લેવા જઈએ ત્યારે ૧૨૦૦ રૂપિયે મણ મળે છે. બિયારણ મોંઘુ હોવાને કારણે આ પરિસ્થિતિ પેદા થાય છે. એ જ રીતે જે લોકો શાકભાજી પકવે છે એમની પણ આ જ હાલત છે. પાકે છે ત્યારે કોઈ લેતું નથી. પાણીના ભાવે આપી દેવું પડે છે કે રોડની બાજુમાં નાખી દેવું પડે છે.

સરકારે ટપક સિંચાઈની વાત કરી, અમે ખૂબ ખુશ થઈ ગયા કારણકે ઉત્તર ગુજરાતમાં નર્મદાનું કે સુજલામ સુફલામ કે બીજી કોઈ રીતે પાણી મળતું નથી ત્યારે અમને ટપક સિંચાઈથી પાણી મળશે એવી આશા

હતી પણ એક પણ ટપક સિંચાઈ કેસ થયો નથી અને તપાસ કરી તો જાણવા મળ્યું કે ગ્રીલવર્સન કંપની જે જી.એન.એફ.સી. કે જી.એસ.એફ.સી. દ્વારા ચાલે છે એના દ્વારા બોગસ ખેડૂતો ઊભા કરી કેસ કરી પૈસા ઉપાડી લેવામાં આવે છે. સરકાર આની તપાસ કરે. આ રીતે ખેડૂતોને હેરાન કરવામાં આવે છે. સુજલામ સુફલામ યોજના માટે મંત્રીશ્રીએ ખૂબ સારી વાત કરી છે. ૬૨૩૭ કરોડનો ખર્ચ કર્યો પણ ટ્રાયબલ વિસ્તાર માટે પાણી લિફ્ટ કરવાની કોઈ યોજના નથી. ડૅમ છે ત્યાંથી પાણી લિફ્ટ કરી નાખો. પીવાના પાણી માટે કોઈ કાયમી ઉકેલ નથી. જિલ્લા કક્ષાના અધિકારી સાથે મિટિંગ કરી તો કહે અમે પ્લાન બનાવ્યો છે પણ સરકાર ગ્રાન્ટ આપતી નથી. આ મુશ્કેલી છે. આ સરકારે પ્રાથમિક શિક્ષણ સુધારવાની વાત કરી. ઓરડા વધારવાની વાત કરી.

**શ્રી જીતેન્દ્રભાઈ બા. પટેલ (સાબરમતી)** : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના માનનીય સદસ્યશ્રી મોહનભાઈ કુંડારીયાના ટેકા સાથે માધાભાઈ બોરીચાના રાજયપાલના આભાર પ્રસ્તાવને હું અનુમોદન આપવા અને મારા વિચારો રજૂ કરવા ઊભો થયો છું. મહામહિમ રાજયપાલશ્રીએ પોતાના ભાષણની શરૂઆત મહાત્મા ગાંધી, સરદાર વલ્લભભાઈ પટેલ અને રવિશંકર મહારાજથી કરેલી. મહાત્મા ગાંધીનો ઈજારો કોઈ એક પક્ષનો ન હોઈ શકે. દુનિયાના તે વખતના મહાન વૈજ્ઞાનિક આઈનસ્ટાઈને કહ્યું હતું કે "generations to come will cease to believe that such a man with flesh and bones have ever moved on this earth." આવનારી પેઢી એ માનવાનો ઇનકાર કરશે કે હાડમાસનો બનેલો માનવી કયારેક આ પૃથ્વી ઉપર વિચરતો હતો. મહાત્મા ગાંધી ગુજરાતનો પનોતો પુત્ર હતો. આઝાદીની લડાઈ વચ્ચે હિન્દુસ્તાનની સૂતેલી પ્રજાને ઢંઢોળવાનું કામ , પ્રજાની સૂતેલી ચેતનાને જગાડવાનું કામ કરી દેશ ૧૫ મી ઑગસ્ટ, ૧૯૪૭ ના રોજ આઝાદ બન્યો ત્યારે મહાત્મા ગાંધીની છેલ્લી એક ઈચ્છા હતી. આ ઈચ્છા કોણે પૂરી કરી? પંડિત જવાહરલાલ નહેરુએ? તો મારો જવાબ ના છે. અનેક પરગણામાં વહેંચાયેલા આ દેશને એક કરી અખંડ ભારતના નકશાની લકીરો જેણે ખેંચી છે એ સરદાર વલ્લભભાઈ પટેલ? તો એ પણ પૂરી ન કરી શકયા. 'જય જવાન જય કિસાન' સાથે વામન છતાં વિરાટ સ્વરૂપ ધરાવતા શાસ્ત્રીજી પણ છેલ્લી ઈચ્છા પૂરી ન કરી શકયા. ઇન્દિરાજી પણ પૂરી ન કરી શક્યા. સ્વ. રાજીવ ગાંધીએ? તો ના. આ ઇચ્છા અગર કોઈ પૂરી કરી શક્યું હોય તો અત્યારના કોંગ્રસના અધ્યક્ષા અને વિપક્ષના નેતા શ્રી અર્જુનભાઈ મોઢવાડીયાએ પૂરી કરી છે. આ સત્ય છે. સત્યનો સ્વીકાર કરું છું. મહાત્મા ગાંધીજીએ કહેલું કે આઝાદી મળે એટલે કોંગ્રેસ પક્ષને વિખેરી નાખજો. તાજેતરના મ્યુનિસિપલ કોર્પોરેશન, જિલ્લા અને તાલુકા પંચાયતના પરિણામો બતાવે છે કે ગાંધીજીની ઈચ્છા ઝડપથી પરિપૂર્ણ થવાની છે. આ પરિપૂર્ણ થવાની છે.

આજે સવારે એક દર્દીને તપાસતો હતો. મને દરેક જગ્યાએ બતાવતો, હાડકાનો ડૉકટર છું. અહીયા ફ્રૅક્ચર લાગે છે, અહીયા ફ્રૅક્ચર લાગે છે, અહીયા ફ્રૅક્ચર લાગે છે, તપાસ્યા પછી ખબર પડી ક્યાંય ફ્રૅક્ચર નથી. એમની આંગળીમાં ફ્રૅક્ચર હતું. મારે તો અશોકભાઈ છે નહિ. એમણે ઘણાં બધાં ચશ્માં આપવાની વાત

કહી છે. ૩૭,૦૦૦. હું એમ માનું છું કે નીમાબેનની આંખો સારી છે. બાકીનાં બીજા ૪૮ સારાં ચશ્માં આપી દો, તો આંકડા સારી રીતે વાંચી શકે. નીમાબેન ડૉકટર છે, એટલે એમની આંખોની પૂરતી કાળજી લે છે. મહામહીમ રાજ્યપાલે આવનારા વર્ષને રાજ્ય સરકારે એક પ્રવાસન વર્ષ તરીકે જાહેર કર્યું છે. આપણે દુનિયાના લોકોને આહ્વાન કર્યુ છે કે આવા ભીષણ ભૂકંપની ભયાનકતામાંથી ગુજરાતની પ્રજાના પુરુષાર્થ વડે નવસર્જિત કરેલા કચ્છના દર્શન કરો. આવો, મોગલ સામ્રાજ્યના વિનાશ થકી અને સરદાર વલ્લભભાઈના મહેનતથી નવસર્જિત થયેલા ભવ્યાતિભવ્ય સોમનાથના દર્શન કરો, જે રાષ્ટ્રીય સંસ્કૃતિની નિશાની છે. સાંસ્કૃતિક રાષ્ટ્રવાદના નિશાનીના પ્રતીક સમા સોમનાથના દર્શન કરો. આવી ઇજનેરી એક ઉપલબ્ધી ગણાય છે અને ગુજરાતની તૃષ્ણાને નીભાવવાની જેમની જવાબદારી છે, એવા સરદાર ડેમનું પણ નિરીક્ષણ કરો. આ ડાંગની અંદર ઘટાદાર જંગલની અંદર એના દર્શન કરો. હિંદુસ્તાનની સાંસ્કૃતિક વિરાસતને પરદેશમાં સ્વામી વિવેકાનંદે એક ઓળખ આપેલી, એ ઓળખને આજે જેણે બરકરાર રાખી છે, એવા પ્રમુખસ્વામીનું સર્જન એવા અક્ષરધામના મંદિરને જુઓ. આ ગુજરાતનો પ્રદેશ છે. જ્યાં મંદિરો છે, દેવાલયો છે, શિવાલયો છે, ઘટાદાર જંગલો છે, કચ્છનું રણ છે, ૧૭૦૦ કિ.મી.નો લાંબો દરિયાકિનારો છે. આ બધાનું વ્યવસ્થિત રીતે વર્ણન પ્રવાસનની ચોપડીમાં કરેલ છે. સી.ડી.પટેલ હાજર નથી, મુખ્યમંત્રીશ્રી પણ હાજર નથી. સી.ડી. પટેલને કહેવું છે કે એક વસ્તુ ઉમેરવાની રહી ગઈ છે એ મારું સૂચન સાચું લાગતું હોય તો ઉમેરી દે. કોઈ દિવસે આવી ઘ ટના બની નથી અને એ ઘટનાનું અસ્તિત્વ આવનારાં દોઢ વર્ષમાં મટી જવાનું છે, એ ભવ્ય ભૂતકાળ બની જાય એ પહેલા ઘટના ૧૫ વર્ષની જોવા જેવી છે. દુનિયાના લોકોએ આવીને માણી લેવી જોઈએ. મારા તબીબી વ્યવસાય તરીકે, એક તબીબ તરીકે ૧૫-૨૦ વર્ષની કારકિર્દીની અંદર કોઈ વસ્તુ ૧૫ વર્ષથી ડચકા ખાતી હોય અને જીવી જાય એવું બન્યું નથી. આ ૧૫ વર્ષની કોંગ્રેસ ૧૯૯૦ થી હજુ સુધી ડચકા ખાતી ખાતી જીવે છે અને ૨૦૦૭ માં ભવ્ય ભૂતકાળ બની જાય એ પહેલા દુનિયાના દેશોએ આ કોંગ્રેસને જોઈ લેવાની જરૂર છે. હું આદિવાસીઓની વાત કરું. અનેક વાર આદિવાસીઓની વાત કહેવામાં આવી છે. વિપક્ષના સભ્યો દ્વારા અનેક

વખત વંચિતોના વિકાસમાં પાછળ રહ્યાની વાત કરવામાં આવી છે. હું શબરીકુંભની વાત કરવા માગું છું. માધુભાઈએ શબરીકુંભની વાત કરી કે શબરીકુંભ કેમ કરવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, એક નિવેદન વાંચું છું. ખ્રિસ્તી મિશનરીઓનો એકમાત્ર ઉદ્દેશ વનવાસીઓનું ધર્માંતરણ કરવાનો છે અને એમ કરવા મોટાભાગની આચરવામાં આવતી પ્રવૃત્તિઓ સમાજ સેવામાં દંભી રૂપ કરતાં ઘણી જ આગળ નીકળીને ગેરકાનૂની કહેવાતી હરકતો સુધી પહોંચી જાય છે. આજે ૧૯૪૮માં ૫૦૦ની જે વટલાયેલી આદિવાસી સંખ્યા હતી તે આજે ૪૦ હજાર સુધી પહોંચી ગઈ છે અને ૧.૩૫ હજારની વસ્તીમાં તે ૩૦ ટકા જેટલી થવા જાય છે. આનું કારણ શું? આ નિવેદન આ રાજયના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ નથી કર્યુ, આ નિવેદન સરસંચાલક સુદર્શનજીએ નથી કર્યુ, આ નિવેદન ડો.પ્રવિણ તોગડીયાએ નથી કર્યુ પરંતુ આ નિવેદન ૧૯૯૯માં ડાંગના ગાંધીવાદી સમાજ સેવક શ્રી ઘેલુભાઈ નાયકે લઘુમતી પંચને આપેલ આવેદનપત્રની નિશાની છે. મારે એમ કહેવું પડે છે કે આ પ્રવૃત્તિ કેમ શરૂ થઈ? કારણકે ૪૦-૪૦ વર્ષો સુધી આરોગ્ય અને શિક્ષણની સેવાઓમાં પ્રતિપક્ષની સરકારે ત્યારે દરકાર રાખી નહીં અને એટલે જ હવે હું ડીટેઈલ નહીં કહું. પરંતુ રાજયપાલશ્રીના આભાર પ્રસ્તાવના ૨૦, ૨૧, ૨૨ અને ૨૩ પાના ઉપર કદાચ ઊંડાણની અંદર આદિવાસીઓની, વંચિતોના વિકાસની યોજનાઓનું વિવરણ છે. મને એમ લાગે છે કે આ ક્રાંતિ દ્વારા હિંદુસ્તાનની સંસ્કૃતિનું જતન થવાનું છે અને આદિવાસી પ્રજા જે ધર્માંતરણ તરફ દોરાઈ રહી છે તે અટકવાની છે. તેનો શ્રેય અગર કોઈને જતો હોય તો આ ભારતીય જનતા પાર્ટીની સરકારને જવાનો છે અને આ સ્વીકારવું રહ્યું. આપની ભૂલોનો ભોગ આ ગુજરાત બની રહ્યું છે અને આ ભૂલો સુધારવાનું કામ સરકારના વિકાસના માધ્યમ દ્વારા આપણે કરવાનું છે.

**અધ્યક્ષશ્રી** : માનનીય પરેશભાઈ.

**શ્રી પરેશભાઈ ધી. ધાનાણી (અમરેલી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાજયપાલશ્રીના પ્રવચનનો આભાર પ્રસ્તાવ માનનીય સભ્યશ્રી માધાભાઈ લઈને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ધન વિનાના કાર્યનો પ્રારંભ એ રેતીમાંથી તેલ કાઢવા બરાબર છે તેવું પરમ જ્ઞાનેશ્વર ચાણક્યે કહ્યું છે. આજે ગુજરાત રાજય ઉપર ૮૨ હજાર કરોડ ઉપરાંતનું દેવું છે. રાજયપાલશ્રીના પ્રવચનમાં એમણે શબ્દોની શરૂઆત કરી આ ગુજરાતની ઓળખ ગાંધી વિચારધારા અને આ દેશની સંસ્કૃતિ સાથે જોડાયેલી છે. ઘણો આનંદ થયો કે ગોડસેને સમર્થન આપનારા મિત્રો કમસેકમ રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીને પોતાનું ગૌરવ સમજવા લાગ્યા છે. રાજયપાલશ્રીના પ્રવચનમાં આ રાજયને ગાંધી વિચારધારા સાથે જોડવામાં આવ્યું છે, આ સન્માનનીય સભાગૃહ સમક્ષ આજની પ્રશ્નોત્તરીમાં મારા એક પ્રશ્નના જવાબમાં આ રાજય સરકારે છેલ્લા ત્રણ વર્ષની અંદર ૪૭૨૬૭ જેટલા દારૂના પરવાના આપ્યા છે. આ ઓન રેકર્ડ વાત છે. શું દારૂના પરવાના આપવા તે ગાંધી વિચારધારા છે? આ સરકાર દ્વારા ગાંધી વિચારધારાને આ રાજયની સંસ્કૃત્તિને લાંછન લગાડાય તેવું જણાઈ રહ્યું છે. આ સન્માનનીય ગૃહ સમક્ષ શાસક પક્ષના મિત્રો ઘણા સમયથી કહેતા આવ્યા છે કે તમે શું કર્યુ? ૫૦ વર્ષની અંદર જે કંઈ કર્યુ છે તે અમે કર્યુ છે.

માનનીય અધ્યક્ષશ્રી બીજ વાવ્યા જેણે બીડમાં તે નર નીપજમાં કોઈદિ ન હોય. સંત કબીર ભોજલરામે કહ્યું છે. બીડમાં ખેતી કરવાથી બીજનું ઉત્પાદન ન થાય. આ રાજય અને આ દેશની અંદર જે બિનઉપજાઉ ખેતી હતી તે ખેતીની અંદર ૫૦-૫૦ વર્ષો સુધી અમે ખેડાણ કર્યુ છે તે ખેડાણનો પાક લડવાનો સમય થયો છે. ત્યારે આ ભાજપની સરકારના માનનીય મિત્રો માત્ર પાક લણી અને મફતના નંબર વન મેળવવાની વૃત્તિ કેળવે છે એ વૃત્તિમાંથી બહાર નીકળવાની એમને હું વિનંતી કરું છું. મારે આજે વિષયની બહાર જઈને વાત નથી કરવી. સન્માનનીય ગૃહ સમક્ષ આંકડાશાસ્ત્ર વિભાગ દ્વારા જે પૃથ્થકકરણનો અહેવાલ થયો છે એના થોડાંક અવતરણો ટાંકવાં છે આ રાજયમાં મૂડી રોકાણની બાબતમાં રાજય સમગ્ર દેશમાં ૭.૬ ટકાના હિસ્સા સાથે ચોથા ક્રમે રહ્યો છે. હમણાં માનનીય ઉદ્યોગ મંત્રીશ્રી એમના મંતવ્યમાં બહુ સારી વાત કરતા હતા કે ૨,૯૮,૬૦૩ કરોડના કુલ ૭૭૨૮ આઈ ઈ એમ રજૂ થયેલા છે, અને એની અંદર આ રાજયમાં પ્રથમ નંબર આવ્યો છે બહુ સાચી વાત છે પણ માનનીય મંત્રીશ્રી એટલું કહેવાનું ખાલી ભૂલી ગયેલા કે, ૧૯૯૧થી ચાલુ કરેલી ગણતરીનો આંકડો આપે જે વાત કરી એ એ છે.

ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમીટ ૨૦૦૩ અને ૨૦૦૫ એ વિદેશી મૂડીને આકર્ષવા માટે થઈને આ રાજય સરકારે આયોજન કર્યુ હતું. ૧૭૨૨૨૮ કરોડના આ બે સમીટની અંદર કુલ એમઓયુ કરવામાં આવ્યા, આ ગ્રંથના આંકડાઓ એવું કહે છે કે, ૧૭૨૨૨૮ કરોડ રૂપિયાના થયેલા

એમઓયુ એ પૈકી માત્ર આઠ ટકા મૂડી રોકાણ આ રાજયની અંદર થયું છે. ૯૨ ટકા ઉદ્યોગકારો આ રાજયની અંદર અશાંત પરિસ્થિતિ જોઈને રફૂચક્કર થઈ ગયા છે. આ આંકડાઓ છે, આપની સરકારે આપ્યા છે, ગમે ત્યારે આપ જોઈ લેજો. ૯૨ ટકા ઉદ્યોગકારો આ રાજયની અંદર ઊભી થયેલી અશાંત પરિસ્થિતિને કારણે રફુચક્કર થઈ ગયા છે. આ સન્માનનીય ગૃહ સમક્ષ જળ સિંચન વિશે બહુ સારી વાત થઈ. રાજયની મહત્તમ સિંચાઈ ક્ષમતા ૩૯.૪૦ લાખ હેકટરની સામે માત્ર ૧૫.૯૯ લાખ હેકટરનો આપણે અત્યાર સુધી વપરાશ કરી શક્યા છીએ.

ચેકડેમ યોજના, સરદાર પટેલ સહભાગીની જળ સંચય યોજના, માનનીય અધ્યક્ષશ્રી, ૧૨૨૦૦ જેટલા ચેકડેમો આ યોજનાઓ અન્વયે રાજયમાં થયા, એનો જિલ્લાવાર આંકડો આ સન્માનનીય ગૃહ સમક્ષ મૂકવામાં આવ્યો, ૧૨૨૦૦ જેટલા છેલ્લા બે વર્ષમાં અત્યાર સુધી બનેલા ચેકડેમો પૈકી સાત જિલ્લાઓ- જામનગર, રાજકોટ, ભાવનગર, સુરેન્દ્રનગર, જુનાગઢ, અમરેલીની અંદર કુલ ૨૦૦ ચેકડેમો બન્યા, આ આપે જવાબ આપ્યો છે એ આપ વાંચી લેજો. માનનીય અધ્યક્ષશ્રી, ખેતતલાવડીઓની વાત થઈ, આ સન્માનનીય ગૃહ સમક્ષ નામદાર રાજયપાલશ્રીએ એમના ગતવર્ષના પ્રવચનમાં કહ્યું હતું કે, મારી સરકારે એક લાખ જેટલા ખેતતલાવડીઓ- ચેકડેમો બનાવવા માટે થઈને કટિબદ્ધ છે, આ રાજયમાં આ ખેતતલાવડીઓ બની હોય તો રાજય સરકારને અભિનંદન આપવા ઘટે. માનનીય અધ્યક્ષશ્રી, આજે હું વિષય વાર વાત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગત વર્ષમાં કુદરતે જે પ્રકોપ કર્યો અને ફલડ આવ્યું એને કારણે રાજય સરકારે કદાચ એક લાખ ખેત તલાવડી નહીં બનાવી હોય પણ જે બની છે એ પૈકી કેટલી ખેત તલાવડી જીવંત છે? એટલો જવાબ માત્ર માનનીય મંત્રીશ્રી આપી દે તો હું આ આભાર પ્રસ્તાવ સાથે સંમત થાઉં.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ઉર્જામંત્રીશ્રી આજે આ સન્માનીય ગૃહમાં અત્યારે હાજર નથી પણ મારે એમને અભિનંદન આપવા છે. જયોતિ ગ્રામ યોજનામાં આ રાજયના ૧૭૦૦૦ ઉપરાંતના ગામોને ૨૪ કલાક વીજ પુરવઠો આપવા માટેનો વિચાર અહીંયા રાજય સરકારે રજૂ કર્યો છે. એ માટે એમને અભિનંદન આપવા છે. પણ મારે એ સાથે આ સન્માનીય ગૃહ સમક્ષ એ વાત મૂકવી છે કે, આ રાજય સરકારે તાજેતરમાં ધારાસભ્યશ્રીઓની એક હાઈપાવર કમિટી બનાવીને દેશના અન્ય રાજયોની સાથે તુલનાત્મક અભ્યાસ કરવા માટે મોકલી હતી. માનનીય ઉર્જામંત્રીશ્રીના પ્રતિનિધિ મંડળ સાથે હું પણ જોડાયેલો. માનનીય અધ્યક્ષશ્રી, કર્ણાટક રાજયમાં ગામડાઓને ૨૪ કલાક વીજ પુરવઠો આપવાનું જે આ બીજ રોપાયું છે એનો સ્વીકાર કરીએ તો એમની પાસે જે ઉપલબ્ધ વીજ લઈનો છે એ જ લાઈનો મારફત ખેતીને નકકી કરેલ ૧૨ કલાક વીજળી મળે અને એજ લાઈન મારફત ગામડાની પ્રજાને ૨૪ કલાક વીજ પુરવઠો મળે. કર્ણાટકની અંદર એક જ વીજ લાઈનમાંથી ગામડાઓને વીજ પુરવઠો મળી શકતો હોય અને આ રાજયમાં ૨૪ કલાક વીજ પુરવઠા માટે થઈને કેટલા થાંભલા, કેટલા તાર.... (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : માનનીય પરેશભાઈ, આપનું પ્રવચન પૂરું થાય છે.

**શ્રી ઈશ્વરભાઈ ધ. મકવાણા (જોટાણા)**: માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય માનનીય રાજયપાલશ્રીએ જે પ્રવચન આપ્યું એ પ્રવચન માટે આભાર માનતો પ્રસ્તાવ આ ગૃહના માનનીય સભ્યશ્રી માધાભાઈ બોરીચાએ રજૂ કર્યો છે એને સમર્થન આપવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાજયપાલશ્રીએ પોતાની જૈફ વયે પણ દોઠ-પોણા બે કલાક જેટલો સમય આપીને જે પ્રવચન આપ્યું છે એ પ્રવચન છે એ કોઈ સામાન્ય પ્રવચન નથી. દોઢ-પોણા બે કલાક સુધી આદરણીય રાજયપાલશ્રીએ આ ગૃહ સમક્ષ જે વાત કરી છે એ માત્ર વાત નથી, આ વાત એ માત્ર કાગળ ઉપરની વાર્તા નથી. આદરણીય રાજયપાલશ્રીનું પ્રવચન એ હકીકતમાં ગુજરાત રાજયના વિકાસનું એક 'પુરાણ' હતું. એ 'પુરાણ' વર્ષોથી આપણે સાંભળતા આવ્યા હતા એમાં ઉમેરો કરીને આજે રાજયના મુખ્યમંત્રીશ્રી આદરણીય નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં આ રાજયમાં ગોકુળ ગ્રામથી શરૂ કરીને વિશ્વ ગ્રામ સુધીની જે સંકલ્પનાઓને સાકાર કરતા કરતા અહીંયા સુધી આવ્યા છીએ એ વિકાસ યાત્રા અને આ વણથંભી વિકાસ યાત્રાના કારણે આજે કોંગ્રેસનું જે વામણું સ્વરૂપ જોવા મળ્યું છે એનાથી વ્યથિત થયેલા મારા કોંગ્રેસના મિત્રો પોતે સાચા અર્થમાં પ્રમાણિકપણે આદરણીય રાજયપાલશ્રીના પ્રવચનનું અનુમોદન પણ કરી શકતા નથી. આ એમની દ્વિધા છે, એટલે જ શાસ્ત્રોમાં કહ્યું છે 'દુર્યોધનની દ્વિધા'

***'જાનામી ધર્મ નચ મેવ પ્રવૃત્તિ***
***જાનામી અધર્મ નચ મેવ નિવૃત્તિ''***

માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહ મારફત હું માનનીય કોંગ્રેસના સભ્યશ્રીઓનું એ વાત તરફ ધ્યાન દોરવા માગું છું, હકીકતમાં આ રાજયમાં વિકાસ થઈ રહ્યો છે એ કોંગ્રેસના મિત્રો જાણે છે. સતત વિકાસ થઈ રહ્યો છે અને પ્રગતિશીલ રાજય તરીકે તેની નામના માત્ર ગુજરાતમાં જ નહીં પણ ગુજરાતની બહાર પણ, એથી પણ વિશેષ કહેવાનું મન થાય છે કે પડોશી રાજયોને ગુજરાતમાંથી માર્ગદર્શન મળે એ પ્રમાણેનું માતબર રાજય, એક વિકાસશીલ રાજય તરીકે જ્યારે પ્રગતિશીલ રાજય તરીકેની પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી રહ્યું છે ત્યારે કોંગ્રેસના મિત્રોને મારે કહેવું છે કે આ દુર્યોધનની દ્વિધામાંથી બહાર આવો,તમે ધર્મ શું છે તે જાણો છો વિકાસ શું છે તે જાણો છો અને છતાં તમે એનું અનુમોદન કરતા નથી, સ્વીકારતા નથી, તમે પચાસ વર્ષ કામ કર્યુ નથી., કોંગ્રેસે પચાસ વર્ષ રાજ કર્યુ દલિત, ગરીબ, પછાત વર્ગના નામે વાતો કરી અને વાતોના વડા ક્યાંય પાક્યા નહિ અને જ્યારે પરિણામો આવી રહ્યા છે પ્રત્યક્ષ પરિણામ, આદરણીય રાજયપાલશ્રીના પ્રવચનની એક એક વાત એ ઠોસ હકીકત છે અને આ હકીકતને નજર અંદાજ કરવાનું જે પાપ આપ કરી રહ્યા છે તે બરાબર નથી એટલા માટે હું કહુ છું કે થતાં કામોને તમે જૂઓ, આ રાજયના દલિત અને આદિવાસીઓની મારે વાત કરવાની નથી, મારે માત્ર દલિતોની વાત કરવાની છે. દલિત સમાજનો સર્વાંગી વિકાસ થાય, એના માટે છેલ્લાં પચાસ વર્ષથી જે કામો ચાલતા હતા, દલિતો, આદિવાસીઓ એટલે મતદાર, એ માણસ નહિ અને આ મતદારોને માનવી બનાવીને ડૉકટર બાબા સાહેબ આંબેડકરે જે સંકલ્પના કરી હતી એ સંકલ્પનાને સાકાર કરવા, સક્ષમ બનાવવા અને કાર્યક્ષમ બનાવવા આ રાજયની અંદર આ દેશની અંદર આ વિશ્વની અંદર જે પ્રગતિ થઈ રહી છે, જે હરીફાઇ આવી રહી છે આ હરીફાઇમાં મારો દલિત સમાજના ભાઈ-બહેન ટકી રહે એવા પ્રમાણેનું ખમીર એનામાં પેદા કરવાનું જે કામ આ રાજય સરકારે કર્યુ છે અને એટલા માટે મારે કહેવું છે કે, દલિત સમાજના ઉચ્ચ અભ્યાસ કરવા માગતા હોય એવા વિદ્યાથી ભાઈ-બહેનોને વિદેશમાં અભ્યાસ કરવા જવું હોય તો આ રાજય સરકારે હિંદુસ્તાનમાં પહેલીવાર વિદેશ મોકલવા માટે પાંચ લાખ રૂપિયાની જે સહાય આપેલ છે, મને કહેતાં આજે ગૌરવ થાય છે કે ૨૦ જેટલા ભાઈ-બહેનને એક કરોડ રૂપિયા ખર્ચીને આ રાજયની સરકારે વિદેશમાં અભ્યાસ કરવા માટે મોકલ્યા છે.

સ્કૉલરશિપની વાત કરું તો આર્થિક રીતે, શૈક્ષણિક રીતે, સામાજિક રીતે કચડાયેલ આ વર્ગને એના બાળકોને સારું શિક્ષણ પ્રાપ્ત થાય એને સ્કૉલરશિપ મળે, એને અનુદાન મળે એ માટેની યોજના કરીને ૨૮ કરોડ રૂપિયાથી વધુ રૂપિયાની સ્કૉલરશિપ ગત વર્ષમાં ચૂકવી છે. ૨૪૦ જેટલા દલિત વકીલોને તાલીમ મળે, એને સિનિયર વકીલ સાથે કામ કરવાની તક મળે અને સારા વકીલ તરીકે એ પ્રૅક્ટિસ કરીને પોતાનું નામ બનાવે એ માટે ૯૩ લાખ રૂપિયા જેટલી માતબર રકમ વર્ષના અંતે ખર્ચી છે.

અતિ પછાત અને સફાઈ કામદારોના વિકાસ માટેની વાત કરું તો ડૉકટર બાબા સાહેબ આંબેડકર આવાસ યોજના તળે ૧૯૫ લાખ રૂપિયાનો ખર્ચ કરીને આજે સફાઈ કામદારોના પુનઃવસન માટેની કામગીરી કરી છે. એ જ રીતે દલિત સમાજનો સર્વાંગી વિકાસ થાય એ માટેનું કામ આ રાજયની સરકારે કરી બતાવ્યું છે કરી રહી છે એમ નહિ, કરી બતાવ્યું છે.

વિશેષ કરીને હું મહેસાણા જિલ્લાનો પ્રતિનિધિ છું ઉત્તર ગુજરાતમાંથી આવું છું હું જ્યારે ૧૯૯૮માં વિધાનસભામાં ચૂંટણી લડવા માટે ગયો ત્યારે મારા મત વિસ્તારની જ હું વાત કરું તો ત્યારે હું જોતો હતો કે ત્યાં પીવાના પાણી માટે લોકો વલખાં મારતા હતા અને વખ જેવા ઝેર જેવા પાણી પીતા હતા એ વિસ્તારના લોકો અને મને યાદ છે અમારા પાણીદાર મંત્રી નરોત્તમભાઈ એક વખત અમારા મત વિસ્તારના ગામે આવ્યા હતા મને કહેતાં ગૌરવ થાય છે કે માનનીય નરોત્તમભાઈનું સાસરું અમારા મત વિસ્તારમાં આવે છે અને એ વખતે મેં એમને કહ્યું હતું કે નરોત્તમભાઈ તમે આજે આવ્યા છો મારા વિસ્તારમાં ત્યારે હું આપને અપીલ કરું છું કે મારા મત વિસ્તારનો આ માનવી ઝેર પીવે છે, પાણી પીતો નથી અને એને પાણી પિવડાવવું છે, મીઠું પાણી, સારું પાણી પિવડાવવું છે આજે મને કહેતાં ગૌરવ થાય છે કે આજે માત્ર જોટાણા મત વિસ્તારમાં જ નહિ મહેસાણા જિલ્લામાં જ નહિ, ઉત્તર ગુજરાતની અંદર પણ માનવીને પીવાલાયક પાણી મળી રહે એ પ્રમાણેની વ્યવસ્થા કરી છે મને ખબર છે હમણાં જ હું એક સાઈટ ઉપર જોઈ આવ્યો, કરોડો રૂપિયાનો ખર્ચો કરીને ચોખ્ખું અને બિસલેરી લાયક સારું પાણી મળે એ માટે ખુદ આખું તંત્ર કામ કરી રહ્યું છે. વર્ષો સુધી રાહ જોવાની નથી મહિનાઓ સુધી પણ રાહ જોવાની નહિ મને ખબર છે ત્યાંસુધી આ વિસ્તારને, આ મહેસાણા જિલ્લાને થોડા સમયની અંદર પીવાલાયક પાણી અને તે પણ નર્મદા માતાના નીર, એ નીર એના નળમાં આવે તે પ્રમાણેનું માતબર આયોજન કરેલ છે અને એ પૂર્ણતાના આરે છે ત્યારે આ સ્થાન પરથી હું આ રાજય સરકારને અભિનંદન આપવા માગું છું અને એનો આભાર માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, પિયતના પાણી માટે અમારો ખેડૂત ટળવળે છે તેને બહુ જ મુશ્કેલી પડે છે. મહેસાણા જિલ્લાનો ખેડૂત ૧૮૦૦-૧૫૦૦ ફૂટથી નીચે પાણી લઈ આવે, વીજળી મોંઘી પડે પીવાના પાણીની જ્યાં જરૂર છે ત્યાં પિયતનાં પાણીની કેટલી મોટી સમસ્યા છે. આ પિયતનું પાણી ખેતરના શેઢે પહોંચે તેને માટે સુજલામ સુફલામ યોજનાથી શરૂ કરીને અનેક પ્રકારના તળાવો ખાસ પ્રકારે સિંચાઈને લગતા ડેમો અને આજે મને કહેતા ગૌરવ થાય છે કે આ રાજયનો ખેડૂત ખાસ કરીને ઉત્તર ગુજરાતનો ખેડૂત જે નિરાશ થઈ ગયો હતો

તેને ખેતીમાં ફજેતી લાગતી હતી આજે તે ખેડૂત હિંમતભેર આગળ વધી રહ્યો છે. તેની હામ વધી છે અને તેને આવનારા દિવસોમાં આ કામ કરવાની એક જબરજસ્ત તાકાત વધે. મારી વાત હું બે મિનિટમાં પૂરી કરી દઈશ અને એટલા માટે મને કહેવાનું ગૌરવ થાય છે આજે કિસાનોમાં હિંમત વધી છે, હામ વધી છે અને તેને કારણે આ રાજયનું કૃષિ ઉત્પાદનનું જે માપ હતું, જે લક્ષ્યાંક હતો તે દિન-પ્રતિદિન વધતો જાય છે. કોંગ્રેસના રાજયમાં જે ફજેતી હતી કિસાનોની, આજે કિસાન એક જગતનો તાત બનીને પુનઃપ્રતિષ્ઠા પ્રાપ્ત કરતો આગળ વધી રહ્યો છે ત્યારે આ કિસાનોની તાકાતના આધારે આ કૃષિપ્રધાન દેશ હમણાં કહયુંને મારા ભાઈએ કે હિન્દુસ્તાનની ધ ારતી તે પાંચ હજાર વર્ષ પહેલાં સોના પાકતા હતાં. " જહાં ડાલ ડાલ પર સોનેકી ચીડિયાં કરતીથી બસેરા, વો ભારત દેશ હૈ હમારા.

આ દેશ હતો અમારો. આ દેશને તમે એક નબળો દેશ બનાવી દીધો. તેની ગરિમા ખતમ કરી નાંખી હતી. આ રાજયમાં, આ દેશમાં ગુજરાત આ રાજયની ગરિમા બનીને બહાર આવી રહ્યું છે અને આ રાજયની અંદર ગુજરાતના મુખ્યમંત્રી આદરણીય નરેન્દ્રભાઈ મોદી માત્ર અને માત્ર ગુજરાતના નહીં હિન્દુસ્તાનના એક પ્રખર વૈજ્ઞાનિક ઢબે કામ કરનારા મુખ્યમંત્રી તરીકે તે આવી રહ્યા છે ત્યારે હું તેમને વંદન કરું છું.

**શ્રી પ્રવિણભાઈ ટી. મારુ (ગઢડા)** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયપાલશ્રીના પ્રવચન ઉપર માનનીય માધાભાઈ જે આભાર પ્રસ્તાવ લઈને આવ્યા છે તેમાં મારા મંતવ્યો રજૂ કરવા ઉભો થયો છું. મારી પહેલાંના ઘ ણા બધા મિત્રોએ પોતાની વાત મૂકી છે. આ ગાંધીના ગુજરાતના મૂલ્યોની વાત પણ કરી છે. ગાંધીના અને સરદારના મૂલ્યોની વાત કરવી અને ગાંધીના મૂલ્યોને પોતાના જીવનમાં ઉતારવા તે અલગ વાત છે. સરકારશ્રી મારફતે જે કામગીરી થઈ તે કામગીરીના વખાણ કરવા સિવાય આ સરકારે કંઈ કર્યુ નથી. સરકાર જે કંઈ કામ કરે છે તેની ફરજના ભાગરૂપે કામ કરતી હોય છે. તેમાં સરકારે જે કંઈ યોજનાઓ વારંવાર બહાર પાડી છે તે યોજનાઓનું લિસ્ટ દિવસે દિવસે લાંબુ થતું જાય છે. તેની પાછળ બંધ જે થવાની પ્રક્રિયા પણ સતત ચાલુ રહે છે. જે યોજના મારી પહેલાંના મિત્રો ઈશ્વરભાઈ જે વાત કરતા હતા, માનનીય મંત્રીશ્રી દલિતોના વિકાસની વાત, વંચિતોના વિકાસની વાત તો મારે આપના મારફતે તેમને જણાવવું છે કે જે દલિતો, જે પીડિતોની આજે મુશ્કેલી છે તે દિન-પ્રતિદિન વધતી જાય છે. આજે એક ધારાસભ્યશ્રીએ એમ પણ કહ્યું કે હિજરતનો એક પણ બનાવ બન્યો નથી. મારા મત વિસ્તારના ઉમરાળા ગામની અંદર એક દલિત દીકરીના અપહરણને સવા મહિનો થઈ ગયો ં અને તેની ધરપકડ કરવા માટે નામજોગ ફરિયાદ થવા છતાં ભાવનગર જિલ્લાના એસ.પી.ને બે બે વખત રૂબરૂ મળી તે ગુનેગાર છે તેનો મોબાઈલ નંબર આપીને તેની ધરપકડ કરવાની વાત કરી. મોબાઈલ ટ્રેસ કરવાની વાત કરી, આજસુધી તે ગુનેગારને પકડી શકયા નથી. ઈશ્વરભાઈ ટ્રેઝરી બેંચમાં બેઠાં એટલે સ્વભાવિક વખાણ કરવા પડે પણ દલિતોના વિકાસની વાત હોય ત્યારે તેમ સત્ય વાત કરી હોત તો મને આનંદ થાત. આજે દલિતોની પરિસ્થિતિ થોડીક સાયકલો આપી દેવાથી સુધરી જવાની નથી. કન્યા કેળવણીની વાત કરનાર માનનીય મુખ્યમંત્રીશ્રીને અને માનનીય શિક્ષણમંત્રી શ્રીમતી આનંદીબેન હાજર હોત તો મારે કહેવું છે કે મારા મત વિસ્તારના ઢસા ગામમાં કન્યા શાળાની મંજૂરી માટે પાંચ પાંચ વર્ષથી અરજી પડતર છે. નોન ગ્રાન્ટેબલ હાઈસ્કૂલ માગવા છતાં માત્ર ને માત્ર ભેદભાવભરી વૃત્તિના કારણે એની મંજૂરી મળતી નથી. ગાંધીજીના ઐતિહાસિક મૂલ્યોને વટાવવાના જે પ્રયત્નો થઈ રહયા છે અને એમનું વારંવાર નામ વટાવવાના પ્રયત્નો થઈ રહયા છે. ભગવાન બુદ્ધની આગળ એક વખત એક બહેન પોતાના બાળકને લઈને આવે છે અને ભગવાન બુદ્ધને એ વિનંતી કરે છે કે મારું આ બાળક ગોળ બહુ ખાય છે તો આપ એને બોધ આપો.

**અધ્યક્ષશ્રી** : માનનીય પ્રવિણભાઈ, બધા જાણતા હોય એ વાત ના કરો, ચાલો આગળ વધો. એવા દાખલાઓ ના આપો.

**શ્રી પ્રવિણભાઈ ટી. મારુ** : સાહેબ બધા દાખલા આપે છે.

**અધ્યક્ષશ્રી** : એમાં સામાન્ય વાત છે, એમાં શું છે? ચાલો આગળ ચાલો.

**શ્રી પ્રવિણભાઈ ટી. મારુ** : માનનીય અધ્યક્ષશ્રી, જયોતિગ્રામના થાંભલા પડી જતા હોય અને એમાં એ ગૌરવ લેતા હોય તો આનાથી શરમજનક બાબત બીજી કઈ હોઈ શકે? મેં જે વિગતો માગી હતી પડી ગયેલા થાંભલાઓની તો મને કહેવામાં આવ્યું કે થાંભલાઓ નાંખ્યા હતા એમાંથી આટલા જ પડી ગયા છે, તો પડયા એની પાછળ માનનીય મંત્રીશ્રીએ એમ કહયું હોતકે જે પડી ગયા છે એની તપાસ કરીને જે તે અધિકારીની સામે પગલાં લેવામાં આવશે એવી વાત કરી હોત તો મને આનંદ થાત અને ગૌરવની વાત કહી શકાય.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી માધાભાઈ બોરીચાએ એમના આભાર પ્રસ્તાવ પ્રવચનમાં રજૂઆત કરી હતી કે મારા વિસ્તારમાં પાણીની સમસ્યા પહેલાં કોંગ્રેસના શાસનમાં હતી, પરંતુ તેમણે તા. ૨૮

મી ફેબ્રુઆરીની તારાંકિત પ્રશ્નોત્તરીમાં અગ્રતાક્રમ ૧૪૭ થી કેશોદ તાલુકાને પીવાના પાણીની મુશ્કેલી અંગેનો સવાલ પૂછયો છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ સરકારની નીતિ હંમેશાં ગરીબ વિરોધી અને દલિત વિરોધી રહી છે. માત્ર આંબેડકર ભવનો બાંધવાથી દલિતોનો ઉદ્ધાર થઈ જવાનો નથી. આજે એક બૂટપોલિસ કરનાર વ્યકિત એ બસ સ્ટેન્ડ ઉપર બૂટપોલિસ કરવા માટે ના બેસી શકે એવો અહીંથી પરિપત્ર થયો છે અને એ રીતે આ બૂટપોલિસ કરનાર કોઈ વ્યકિત બસ સ્ટેન્ડ ઉપર ના બેસી શકે એવું * (xxxx)અહીંથી થઈ રહયું છે. •=* (xxxx)

**અધ્યક્ષશ્રી** : પ્રશ્નમાં તેમનો અધિકાર નથી, પરંતુ એ રદ કરવાનો વિધાનસભા સચિવાલયનો અધિકાર છે માટે આ પ્રશ્ન દોહરાવી શકાય નહીં, આપના આ શબ્દો રેકર્ડ ઉપરથી રદ કરવામાં આવે છે. (અંતરાય) એ શબ્દો મેં રેકર્ડ ઉપરથી રદ કરી નાંખ્યા છે.

**શ્રી પ્રવિણભાઈ ટી. મારુ** : માનનીય અધ્યક્ષશ્રી, આદિજાતિઓના વિકાસની વાત કરનાર આ સરકાર ૧૪૪૩ કરોડ રૂપિયાની સામે માત્ર ૧૮ ટકા જ ખર્ચ કરી શકી છે. દલિતોના વિકાસ માટે ૪૮૭ કરોડ રૂપિયાની સામે ૨૦૦૫ સુધીમાં માત્ર ને માત્ર ૩૫ ટકા જ ખર્ચ કરવામાં આવ્યો છે. દલિતો અને પછાતવર્ગોની કાયમ વાત કરનાર સરકાર વિકસતી જાતિઓને મફત તબીબી સહાય માટે અંદાજીત ખર્ચ સામે માત્ર ૪૦ ટકા રકમ જ વાપરી શકી છે. આમને ફોટાનો શોખ છે,માત્રને માત્ર ફોટા, બસ બંધ પડી હોય, પરંતુ પાછળ ફોટા લટકાવેલા હોય. આજે હમણાં જ સરકારે જાહેરાત કરી છે કે ગુજરાતમાં ગમે ત્યાં ૭૦૦ રૂપિયામાં એક અઠવાડિયા માટે તમે ફરી શકશો. તો બસ હોય તો એ ફરે ને? જયાં બસની જ ઉપલબ્ધિ ના હોય તો કેવી રીતે ફરી શકશે. તો આવી ખોટી જાહેરાતો કરીને પ્રજાને ગુમરાહ કરવાનો રાહ અપનાવ્યો છે અને આ ૭૦૦ રૂપિયા પણ પડી જાય એવી પરિસ્થિતિ આ સરકારે નિર્માણ કરી છે.

કન્યા કેળવણીમાં ૨૦૦૩-૦૪ માં ૮૨.૬૫ લાખ વિદ્યાર્થીઓ, એમાં ૨૦૦૪-૦૫માં એક હજાર વધ્યા, આ નવો રાજકી સ્ટંટ, ભાડૂતી વાહનોનો ઉપયોગ કરીને બે લાખ નવા વિદ્યાર્થીઓ વધ્યાનો દાવો, ભાજપનું * (xxxx) નંબર --વન. વિદ્યાલક્ષ્મી બોન્ડ, ૨૦૦૪-૦૫ માં ૧.૫૨ લાખ કન્યાઓને આવરી લેવાઈ, ૨૦૦૫-૦૬ માં દોઢ લાખ, એટલે બે હજારનો ઘટાડો કરવામાં આવ્યો, આ ગુજરાતની સરકારે મફત કન્યા કેળવણીની વાત કરી અને ૨૦૦૪-૫માં ૧૨.૬૦ લાખ ખર્ચવાનો અંદાજ હતો જે ૨૦૦૫-૦૬ માં દસ લાખ અને ડિસેમ્બર સુધીમાં મારા મતે માત્ર ૩ લાખનો જ ખર્ચ કરવામાં આવ્યો છે. પ્રાથમિક શાળાના બાળકોની નોંધણી વધે તેના માટે ૨૦૦૫-૦૬ માં.

**અધ્યક્ષશ્રી** : બસ પૂરું થયું, માનનીય અંબાલાલ રોહિત.

**શ્રી અંબાલાલ આ. રોહિત (સોજીત્રા)** : માનનીય અધ્યક્ષશ્રી, મહામહિમ રાજયપાલશ્રીએ જે પ્રવચન આપ્યું છે તે અંગેનો આભાર પ્રસ્તાવ આદરણીય માધાભાઈ બોરીચા લાવ્યા છે, તેને સમર્થન આપવા માટે ઉભો થયો છું.

વિરોધપક્ષના નેતાશ્રી આદરણીય અર્જુનભાઈ મોઢવાડીઆ બોલતા હતા તેનો જવાબ મારે થોડો આપવો છે. ગાંધીના નામ ઉપર, ગાંધીજીની કહેવત ટાંકી ટાંકી ને તેઓએ ખૂબ લાંબુ પ્રવચન આપ્યું, મારે એમને એટલું જ કહેવું છે કે આ સરકારની પ્રગતિ, સરકારની પ્રમાણિકતા, સરકારની નિષ્ઠા અને સરકારની સારી કામગીરી તમે જોઈ શકતા નથી? કયાંક તો સારી વાત કરો, આજે જો કદાચ કોઈપણ સરકાર હોય, કોંગ્રેસની હોય કે ભાજપની હોય, કે કોઈપણ પક્ષની હોય, તેની કામગીરીનું મુલ્યાંકન જયારે જનતાની વચ્ચે જઈએ ત્યારે થતું હોય છે. હમણાં જ સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં ગુજરાતની જનતા જનાર્દને આપણને દેખાડી આપ્યું છે કે આદરણીય મોઢવાડીઆ સાહેબ કયાં ઉભા છે અને ગુજરાતના મુખ્ય મંત્રીશ્રી કયાં ઉભા છે, છતાં તેઓ તેમની નેગેટીવ વાત, ગુજરાતને નકારાત્મકવાદ તરફ લઈ જાય તેવી ખોટી વાત કરે છે, મને સમજાતું નથી કે આદરણીય વિરોધપક્ષના નેતાશ્રીને શું થઈ ગયું છે? નકારાત્મક વાત કરીને તેઓએ આજે પણ એમની નકારાત્મકવાદના દર્શન કરાવ્યા છે. મારે એટલું જ કહેવું છે કે પરાજયની પીડા આદરણીય વિરોધપક્ષના નેતાશ્રીને મુંઝવે છે, જેથી ગુજરાતનો વિકાસ તેઓ જોઈ શકતા નથી એવું લાગે છે.

રાજયનું કૃષિ ઉત્પાદન ૨૦૦૨ માં ૯ હજાર કરોડ હતું તે ૨૦૦૪માં ૨૧ હજાર કરોડે પહોંચ્યું છે અને ૨૦૦૫ માં ૨૫ હજાર કરોડનું થયું. તે હું નથી કહેતો કે બધું સરકારે કર્યુ છે પણ સરકારે ખેડૂતોને માર્ગદર્શન આપ્યું, ધોમ ધખતા તાપમાં અખાત્રીજના દિવસે ૧૧મી મે, ૨૦૦૫ના દિવસે ગુજરાતના ધારાસભ્યો, મંત્રીઓ, તમામ અધિકારીઓ અને વૈજ્ઞાનિકો ગામે ગામ ખૂંદી વળ્યા, આપની જમીનમાં કઈ ખેતી કરવી જોઈએ કયો પાક કરવો જોઈએ તેના માટે માર્ગદર્શન પુરું પાડયું. કુદરતે પણ અમી છાંટણા કર્યા, સમયસર વરસાદ આવ્યો, અને સારો વરસાદ પડયો, સારા વરસાદના કારણે અને સરકારના માર્ગદર્શનના કારણે આજે ગુજરાત પાકની

• * (xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

દૃષ્ટિએ વિશ્વમાં નંબર વન બન્યું અને ચીન જેવા દેશોએ પણ અહીં કપાસ ખરીદવા માટે આવવું પડશે. આ સરકારની દેન છે, ગુજરાતના સ્વપ્નદૃષ્ટા, ગુજરાતના પ્રણેતા આદરણીય મુખ્યમંત્રીશ્રીની એક કલા મને યાદ આવે છે, ૨૮-૨૯ અને ૩૦મી જૂનના દિવસોએ આખું ગુજરાત વરસાદના ભરડામાં આવી ગયું, ધોધમાર વરસાદ પડયો, કલ્પી ન શકાય એટલું પાણી પહેલી વખત પડયું, મારા પિતાશ્રી ૯૨ વર્ષની ઉંમરના છે તેઓ બોલ્યા કે મારી જિંદગીમાં મેં પહેલી વખત આવો વરસાદ જોયો છે. માનનીય મુખ્ય મંત્રીશ્રીને જેટલા ધન્યવાદ આપીએ એટલા ઓછા છે કે કોઈ ભારતીય જનતા પાર્ટીના કાર્યકર નહીં, કોઈ કોંગ્રેસના કાર્યકર્તા નહીં, પણ મારા ૧૮ ગામડાં પાણીમાં ડૂબી ગયાં હતાં, સાબરમતી માતાના પાણીએ વિકરાળ સ્વરૂપ ધારણ કર્યુ હતું ત્યારે મોબાઈલ હોવાના કારણે એમણે સરપંચોના ફોન લીધા, એમની જોડે સીધી ફોન પર વાત કરી અને ૧૮ ગામડાંમાં તે આગેવાનો જે જગ્યાએ કહે તે જગ્યાએ તે પ્રમાણે એમની સૂચના પ્રમાણે મહા મુશ્કેલીએ અધિકારીઓને ફૂડ પેકેટ્સ લઈને હેલીકોપ્ટર સાથે ત્યાં ઉતાર્યા. બે દિવસની અંદર દરેક ગામમાં ફુડ પેકેટ મળી જાય તેવી વ્યવસ્થા ગુજરાતના આદરણીય મુખ્યમંત્રીશ્રીએ કરી હતી. એ જ રીતે બીજા આદરણીય માનનીય કૃષિ મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહભાઈ ચુડાસમા આણંદ જિલ્લાના પ્રવાસે આવી ગયા. માનનીય ધારાસભ્યશ્રી રાજેન્દ્રભાઈ અને માનનીય સભ્યશ્રી અમીતભાઈ ચાવડાએ પણ એમનો લાભ લીધો હતો. આ સભ્યશ્રીઓએ જે જે સૂચનો કર્યા એ એમણે પૂરા કર્યા છે એટલું જ નહિ.

**શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઈન્ટ ઓફ ઓર્ડર છે. અમારા સાથી મિત્ર અંબાલાલભાઈ રોહિતે વાત કરી કે એમણે લાભ લીધો છે. તો અમે કયા પ્રકારનો લાભ લીધો છે એ બતાવે?

**અધ્યક્ષશ્રી** : આવી નાની વાતમાં આપ પડશો નહિ.

**શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, અમે કોઈ વ્યકિતગત લાભ લીધો નથી.

**અધ્યક્ષશ્રી** : હું એમના શબ્દો જોઈ લઈશ એમાં એવું લાગશે તો હું યોગ્ય નિર્ણય કરીશ.

**શ્રી અંબાલાલ આ. રોહિત** : જે તે વખતે પૂર રાહતનું કામ ચાલતું હતું તે વખતે તમે જાહેરાત કરતા હતા કે અમારી કેન્દ્ર સરકારે ૫૦૦ કરોડ રૂપિયા આપ્યા છે. પરંતુ આ રાહત કામ ચાલતું હતું ત્યાં સુધી એક પણ રૂપિયો આપવામાં આવ્યો નહોતો. ગુજરાત સરકારે પૈસા ચૂકવ્યા એ પછી કેન્દ્ર સરકારે પૈસા આપ્યા છે. કેન્દ્ર સરકાર ૫૦૦ કરોડ રૂપિયા આપે એ મોટી વાત નથી. ગુજરાત સરકાર એનું કામ કરે અને કેન્દ્ર સરકાર એનું કામ કરે એમાં કોઈ નવાઈની વાત નથી. મારે એ વાત કરવી છે કે આજ દિન સુધી ૫૦ વર્ષના ઈતિહાસમાં ૧૯૬૦થી ગુજરાત અલગ થયું એને આજે ૪૬ વર્ષ થયા છે. અત્યાર સુધી વરસાદ ખૂબ પડ્યો હશે, ખેડૂતોની જમીનો ધોવાણી હશે, ઘરો નાશ પામ્યા હશે, ખેડૂતોનું પશુપાલન નાશ પામ્યું હશે, એનું શાકભાજી નાશ પામ્યું હશે અત્યાર સુધી કોઈપણ મુખ્યમંત્રીશ્રીએ એક પૈસો પણ વળતર ખેડૂતોને નથી આપ્યું. આ સૌથી પહેલા મુખ્યમંત્રીશ્રી છે કે જેમણે ખેડૂતો માટે તરત જ જાહેરનામું બહાર પાડયું અને ટૂંકા ગાળામાં દરેક ખેડૂતને એનું ઘર નાશ પામ્યું હોય તો એના માટે વળતર આપ્યું છે, જમીનનું ધોવાણ થયું હોય તો એના માટે વળતર આપ્યું છે, પાકના પૈસા આપ્યા છે. માત્રને માત્ર ખેડૂતો, ગરીબો અને છેવાડાના માનવીની આ સરકારે કેર લઈને દરેક લોકોને વળતર આપવાનું કામ સૌ પ્રથમ ગુજરાતના ઈતિહાસમાં આ સરકાર કરી શકી છે. માનનીય કૃષિમંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહભાઈ ચુડાસમાને જે જે સૂચનો અમે સૌએ કર્યા, કલેકટરશ્રી પણ હાજર હતા તેઓએ ફુડ પેકેટ, અનાજ વગેરેની જરૂરિયાત પૂરી કરી હતી. માનનીય સભ્યશ્રી અત્યારે આ ગૃહમાં બીજુ બોલતા હશે. બહાર મને કહેશે કે તમે બિલકુલ સાચા હતા પરંતુ ગૃહમાં અમારે બોલવું પડે.

માનનીય સભ્યશ્રી પરેશભાઈ હમણાં જ બોલ્યા કે આ સરકારે ૮૩ હજાર કરોડનું દેવું કર્યુ છે. એનો મારે ટૂંકમાં જવાબ આપવો પડશે. આ સરકારે ૮૩ હજાર કરોડનું દેવું કર્યુ હશે પરંતુ એણે કેટલા પ્રોજેકટો ઊભા કર્યા, કેટલી મિલકતો ઊભી કરી એ તો જૂઓ. નર્મદાની પાણીની પાઈપ લાઈન નાખી જેમાં મોટો માણસ પણ ચાલીને જઈ શકે એવી પાઈપ લાઈનો છેક કચ્છના છેવાડાના ગામ સુધી નાખવામાં આવી છે. લોકો પીવાના પાણી વગર ટળવળતા હતા એ લોકોને આ પાઈપ લાઈન દ્વારા પાણી પહોંચાડયું છે. આ રીતે નર્મદાનું પાણી છેક કચ્છ સુધી પહોંચાડયું છે. આવડું મોટું કામ થાય ત્યારે ખર્ચ થઈ શકે, કોઈપણ સરકારે કામ તો કરવું જ પડે, સરકારે જે જે પ્રોજેકટો કર્યા છે એના પ્રમાણમાં ગુજરાત સરકારનું દેવું નહિવત છે.

**શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર (ભાદરણ)** : માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય રાજયપાલશ્રીના પ્રવચન ઉપર વડીલ આદરણીય માધાભાઈ બોરીચા જે આભાર પ્રસ્તાવ લઈને આવ્યા છે, એમાં મારા વિચારો રજૂ કરુ છું.

આપણે સૌ અહીંયા ભારત દેશના ગામડાંની વાત કરીએ છીએ. ૧૮ હજાર ગામોનું બનેલું આ રાજય છે. આપણે અહીંયા ગામડાંના વિકાસની વાત કરીએ છીએ, ખેડૂતોના વિકાસની વાત કરીએ છીએ. હમણાં આદરણીય ઈશ્વરભાઈએ કહ્યું કે ખેડૂત એ જગતનો તાત છે. હું આપને એ જ વાત કરું છું કે ખાસ તો મારે ખેડૂતની વાત એટલા માટે કરવી છે કે આ પ્રવચનમાં ખેડૂતને કોઈ પ્રાધાન્ય આપવામાં આવ્યું નથી. અમારા

અંબાલાલભાઈ હમણાં જ કહેતા હતા કે અતિવૃષ્ટિમાં છેલ્લે અમારા જિલ્લામાં ખૂબ જ પાણી આવ્યું હતું. માનનીય મુખ્યમંત્રીશ્રીના અને માનનીય ભૂપેન્દ્રસિંહજીના ખૂબ પ્રયત્નો હતા. તેમની વાત સાચી હતી. અમે સ્વીકારીએ છીએ. પણ જે ન મળ્યું તેની નોંધ લેજો. ૩૩ માણસો મરી ગયા હતા. પાંચ-પાંચ દિવસ સુધી પાણી હતું. મૃત્યુ પામેલા ૧૫ માણસોના ચેક ફાડવામાં આવ્યા. ૧૮ મૃત્યુના કેસ તેમણે આપ્યા નહીં. ન આપવાનું કારણ એક જ હતું કે તેમનું પોસ્ટમોર્ટમ નથી થયું. બીજાં કારણોસર કાઢી નાખવામાં આવ્યા. અમારા અંબાલાલભાઈને પૂછવું છે કે ચાર દિવસ કોઈ અધિકારી ત્યાં ગામડે પહોંચ્યો હતો ખરો? માનનીય ભૂપેન્દ્રસિંહજી આવ્યા હતા. અમે સ્વીકારીએ છીએ. હું પણ તેમની સાથે હતો. એ નોંધ લીધી હશે. કેશડોલ્સમાં પણ અન્યાય થયો. આજે પણ કેટલાય પડતર કેસો છે, ધોવાણના કેસોની વાત કરી. તેમાં પણ કેટલાય ખેડૂતોને પૈસા મળ્યા નથી. મારે ખાસ એક-બે ખેતી વિષે, પાણી વિષે માનનીય નરોત્તમકાકા બેઠાં છે એટલે વાત કરવી છે. ખેડૂતોની ખેતીની જમીનો છે એ દિવસે દિવસે ઓછી થતી જાય છે. ખાસ અમારા વિસ્તારમાં ખારાશનું પાણી ખૂબ આગળ વધે છે. ત્યારે ખેડૂતોની જમીન ખેતી લાયક રહેતી નથી. તેનો આ બજૅટમાં કે પ્રવચનમાં કોઈ ઉલ્લેખ કરવામાં આવ્યો નથી. અમારા તાલુકામાં ખાસ કરીને આકલા અને બોરસદ, સરકારનો રિપૉર્ટ એવો છે કે એક પણ ગામનું પાણી પીવા લાયક નથી. એવી કોઈ જૂથ પાણી પુરવઠા યોજનાનો ઉલ્લેખ કરવામાં આવ્યો નથી.

ખેડૂતોને માટે વીજળીની પણ વાત કરવી છે. ખેડૂતને વીજળી ત્રણથી ચાર કલાક મળે છે. ખેડૂત પાયમાલ થતો જાય છે. કેનાલો તૂટી ગઈ છે. તેમાં પાણી મળતું નથી. અત્યારે તત્કાલ યોજના બંધ કરવામાં આવી છે. તેમાં હજારો અરજીઓ પેન્ડીંગ છે. તેનો કોઈ ઉલ્લેખ કરવામાં આવ્યો નથી. જે રાજયનું સંરક્ષણ મજબૂત તેનો વિકાસ મજબૂત, જે રાજયનું સંરક્ષણ મજબૂત તેની લોકશાહી મજબૂત. ખાસ મારા જિલ્લાની એટલા માટે વાત કરવી છે કે હમણાં હાઈકોર્ટે ચુકાદો આપ્યો છે. આણંદ નગરપાલિકાનો. આણંદ નગરપાલિકાના પંચાયત પ્રમુખ અને ઉપપ્રમુખનું ઈલેકશન હતું. તેમાં સભ્યો તેના કૉન્ફરન્સ રૂમમાં જાય ત્યાંથી અમારા પોલીસ મિત્રોએ બે સભ્યો ઉઠાવી લીધા અને ભારતીય જનતા પાર્ટીના પ્રમુખ પ્રમુખ બન્યા. હાઈકોર્ટમાં રીટ પિટીશન થઈ અને હાઈકોર્ટે જજમૅન્ટ આપ્યું. અગાઉના પ્રમુખને જીતેલા જાહેર કર્યા. આનાથી બીજી કોઈ શરમજનક બાબત ન હોય. કંઈ પણ હોય, પણ હંમેશા લોકશાહીમાં આપણે બધા આ ગૃહ સમક્ષ જ્યારે વાત કરતાં હોઈએ ત્યારે સરખી કરવી જોઈએ. આજે અમારો વારો છે. આવતી કાલે તમારો વારો હશે. આ સારું નથી.

અમારી વિશ્વવિખ્યાત અમૂલ ડેરીના ચેરમેન માનનીય રામસિંહભાઈ, તેમની સોપારી આપવામાં આવી. દુ:ખ એ વાતનું છે કે વિજયભાઈ ફુલાભાઈ પટેલ જ્યારે તહોમતદારે કહ્યું કે રામસિંહભાઈ પરમારની સોપારી આપી છે અને ચાર દિવસ અગાઉ તેની જાણ થઈ. અમૅરિકા જતો રહ્યો. એ આપણી નિષ્કાળજી છે. સારા માણસો રાજકારણમાં રહેશે નહીં. એ આપણે કરવાનું છે? સૌ સાથે મળીને આ રાજયની જે ત્રુટિઓ છે તેમાં સહિયારો પુરુષાર્થ કરીને આગળ વધવું પડશે. અત્યારે જેની વાત કરવામાં આવી, કિસાનલક્ષી સરદાર આવાસ. અમારા પુંજાભાઈ વંશે કહ્યું કે ૩૬,૦૦૦ અમારા આવાસો મંજૂર કર્યા છે. તેમાં ૧૬,૦૦૦ આવાસો પૂર્ણ કરી શક્યા. ૨૦૦૬માં તેનો લક્ષ્યાંક ઘટાડવામાં આવ્યો.ગામડાઓમાં જે ૧૫ ટકા વિવેકાધીન યોજનાઓ છે એમાં ઘ ટાડો કરવામાં આવ્યો છે. આ જે મારા વિચારો છે એ રજૂ કર્યા છે.

સમય લંબાવવા અંગે

**અધ્યક્ષશ્રી** : હજુ ઘણા મિત્રો બોલનાર છે અને આવતીકાલે બોલવાનો સમય મળે એમ નથી, આથી હું ગૃહનો સમય ૬-૩૦નો કરું છું. શ્રી શંકરભાઈ રાઠવા.

**શ્રી શંકરભાઈ વી. રાઠવા (છોટાઉદેપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, મહામહિમ રાજયપાલશ્રીએ આ ગૃહને સંબોધન કર્યું. એનો આભાર પ્રસ્તાવ લઈને માનનીય સભ્યશ્રી માધાભાઈ આવ્યા છે ત્યારે એને અનુમોદન આપી મારા વિચારો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, મહામહિમ રાજયપાલશ્રીના શબ્દોમાં ગુજરાતના સર્વાંગી વિકાસ માટે, એમના શબ્દોની અંદર ભારોભાર વજન હતું કે, આ ગુજરાત રાજય ગૌરવ લઈ શકે, ગુજરાતનો એકે એક વ્યકિત ગૌરવભેર એમ કહેતો થાય કે હું ગુજરાતી છું. એવી વાત જ્યારે મૂકવામાં આવી ત્યારે એની પ્રશંસા થવી જોઈએ, આપણે ગૌરવભેર કહેવું જોઈએ કે, અમે ગુજરાતી છીએ અને ગુજરાતના વિકાસ માટે અમે સાથે મળીને સહકાર આપીશું. ત્યારે સાથી મિત્રો બીજી બધી વાતો કરે છે. આ કૃષિમાં આમ થયું તેમ થયું. ત્યારે એમ થાય છે કે, મારે કહેવું છે કે,ઉત્સવો પ્રિયાઃ જનાઃ. માનવ સહજ સ્વભાવ છે કે એને ઉત્સવ પ્રિય હોય અને ગુજરાતની ઓળખ જ ઉત્સવથી થાય છે. જ્યારે કોઈપણ કામનો આરંભ ઉત્સવથી કરવામાં આવે તો એનો વાંધો શું હોઈ શકે?

માનનીય અધ્યક્ષશ્રી, કૃષિની વાત કરવામાં આવી. જ્યારે કૃષિ મહોત્સવ કરવામાં આવ્યો, એની અખાત્રીજથી શરૂઆત કરવામાં આવી અને તે દિવસથી લઈને ગામડે ગામડે એક મહિના સુધી ખેડૂતોને એમ કહેવામાં આવ્યું કે, અખાત્રીજનો દિવસ એટલા માટે પસંદ કરવામાં આવેલો કે તે દિવસે ખેડૂતો ખાત્રી કરતા કે આગામી વર્ષ કેવું આવશે? કેવી રીતે ખેતી કરવામાં આવશે? જમીનની અંદર કેવા પ્રકારનો પાક લેવામાં આવશે? તે સમય કૃષિ વૈજ્ઞાનિકો, કૃષિના જાણકારો, લગભગ ૭૫૦ જેટલા તજજ્ઞો ગુજરાતમાં ભડભડતા બપોરની અંદર આ ભારતીય જનતા પાર્ટીની સરકારે વાડી પ્રોગ્રામ કરેલો અને વાડી પ્રોગ્રામ કરીને લોકોને જાણકારી આપેલ. આંબા ઉપર કેરીઓ આવેલી, તે કેરીઓ આરોગીને કૉન્ગ્રેસના મિત્રો બપોરે ઊંઘી રહ્યા હતા અને ભાજપના ધારાસભ્યો અને કાર્યકર્તાઓ અને અધિકારીઓ ગામડે ગામડે ખેડૂતોને સમજાવવા માટે ફરતા હતા. આવી રીતે ખેતી થાય? ખેતીનો વિકાસ કેવી રીતે થાય? એના માટે આપણે જોઈ રહ્યા છીએ કે વર્ષ ૨૦૦૧, ૨૦૦૨ અને એમ કરતાં કરતાં સતત ૩ વર્ષ સુધી કૃષિ દરોમાં વધારો થયો છે, ૧૧.૧ ટકાનો વધારો થયો છે અને ત્યાં સુધી કે, સુરેન્દ્રનગરનો કપાસ ખરીદવા માટે ચીનના લોકો ભારતના બજારમાં આવે તો આ નાની સૂની વાત નથી, આ મોટી વાત છે. આના કારણે ગુજરાતનું મહત્ત્વ છે એ મળી રહ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, સાહિત્યની અંદર કહેવાય છે. કોઈપણ જગ્યાએ ટીકાટીપ્પણ કરતા હોય તો એને વિવેચક કહેવાય. વિવેક બુદ્ધિથી એનું વિવેચન કરવું જોઈએ. પણ વિવેચક બબૂચક ન હોવો જોઈએ અહીંયાં એવું થઈ રહ્યું છે. આટલા બધા વિકાસના કામ થયા, આટલું બધું સારું થયું, ગુજરાત વિકાસના પંથે આગળ વધી રહ્યું છે. દેશ માટે, દેશના વિકાસ માટે જો કોઈ દાખલો લેવો હોય તો ગુજરાત રાજયનો દાખલો લેવો પડે એવી પરિસ્થિતિનું નિર્માણ આ ભારતીય જનતા પાર્ટીની સરકારે અને માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની સરકારે કરેલ હોય તો એને બિરદાવવા જોઈએ. ગામડામાં જઈને પૂછો, ગામડાના લોકો શું કહે છે? હવે આઝાદી આવી હોય એવું લાગે છે ૫૦-૫૦ વર્ષો તો પાણીમાં ગયા પણ આ ભારતીય જનતા પાર્ટીની સરકાર આવ્યા પછી ગામડાઓનો વિકાસ થઈ રહ્યો છે. એમને લાગે છે કે ખરેખર આવા દિવસોની અમે રાહ જોઈ રહ્યા હતા. આતુરતાપૂર્વક અને એ દિવસો આવી રહ્યા છે. બીજી વાત કરું જયોતિ ગ્રામ યોજનાની, પહેલાના વખતમાં ઘણા મોટા ગામડાની અંદર વિકાસશીલ ગામડાઓ હતા એ ગામડાની અંદર આખા દિવસ દરમિયાન લાઈટ ન આવે એમના જમાનામાં અને એ લાઈટ રાત્રે આવે અને ત્યારે દરજીનો ધંધો કરનારા લોકો, લુહારનો ધંધો કરનારા, નાના મોટા પીણાનો ધંધો કરનારાઓને મુશ્કેલી પડતી હતી અને ત્યાં સુધી કે બહેનોને પાણી ભરવા માટે થ્રી ફેઈઝ લાઈટ એ રાત્રે ૧૨-૦૦ વાગ્યા પછી આવે, એ શિયાળો હોય, ઉનાળો હોય કે ચોમાસુ હોય, રાત્રે ૧૨-૦૦ વાગ્યે પાણી ભરવા માટે વોટરવર્કસ શરૂ થાય કારણ કે થ્રીફેઈઝ લાઈટો ત્યારે આવતી હતી અને મિત્રો એમ કહેતા હતા કે આ થાંભલા બધા પડી જાય છે લાઈટના, તે પડી જાય કારણ કે ચોમાસાની અંદર વાવાજોડું આવે ત્યારે ૨-૩ થાંભલા પડી જાય પણ એમના કોંગ્રેસના જમાનાની અંદર તે વખતે તો લાઈટના થાંભલા જ નહોતા તો કયાંથી પડી જાય.

**શ્રી મોહંમદફારુક હુ. શેખ (કાલુપુર)**: માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયના રાજયપાલશ્રીના પ્રવચનમાં, આભાર પ્રસ્તાવ લઈને આવ્યા છે એના ઉપર મારાં સૂચનો રજૂ કરુ છું. સૌથી પહેલા આપણે ગુજરાતની અંદર ગુજરાતીઓ જે શિક્ષિત છે પણ બેરોજગાર છે. આપણે બીજા રાજયોની માફક જે ટકાવારી નકકી કરેલી છે, મહારાષ્ટ્રમાં જાવ તો મહારાષ્ટ્રીયનો ૬૦ ટકા હોય, તામિલનાડુમાં જાવ તો ૬૦ ટકા હોય જ્યારે આપણા રાજયની અંદર આપણી કોઈ ટકાવારી નથી. બીજા રાજયોમાંથી આપણે ત્યાં ધંધો-રોજગાર કરવા માટે આવતી પેઢીઓ, ઉદ્યોગપતિઓ એના ઉદ્યોગની અંદર આપણે ખાસ કરીને ગુજરાતના નવયુવાનોને રોજી આપવા માટે હું તો માનું છું કે ૬૦ થી ૭૦ ટકા આપણી ભાગીદારી હોવી જોઈએ. એની અંદર નોકરીમાં રોજગારી હોવી જોઈએ એના માટે હું ખાસ આપને વિનંતી કરુ છું કે આ એક પ્રશ્ન મુકાવો જ જોઈએ. બીજી વાત કરું આપણી ગુજરાતી ભાષા આપણા બધા માટે અતિ મહત્વની છે. બીજા રાજયોમાં જાવ એ લોકોને એમની ભાષા માટે ઘણું માન અને પ્રેમ હોય છે. આપણા ત્યાં પણ માન અને પ્રેમ હોવા જોઈએ. આપણે પણ જાણીએ છીએ કે તામિલમાં ભાષા માટે આંદોલનો થયા છે. આંધ્રમાં પણ ભાષા માટે આંદોલનો થયા છે. આપણા ત્યાં આદોલનો થયા નથી એનો મતલબ એ નથી કે આપણી ભાષા લોકપ્રિય નથી, આપણા ત્યાં ગુજરાતી ફિલ્મો ઉતરે છે એના માટે માન હોવું જોઈએ પણ આપણને કેટલું છે? બીજા રાજયોમાં જાવ ત્યાં ૫૦ ઉપર કે ૧૦૦ ઉપર ફિલ્મો ઉતરે છે જયારે આપણા ત્યાં ગયા વર્ષે માંડ માંડ ૧૦ પીકચર ઉતર્યા છે. આ વખતે ૧૫ પીકચર ઉતર્યા એનું કારણ એક જ છે કે સબસીડી છે એ સાવ ઓછી છે. ૫ લાખ રૂપિયા, બીજા રાજયોમાં જાવ તો ૪૦ અને ૫૦ લાખ રૂપિયા સબસીડી છે. જ્યારે આપણા ત્યાં ૫ લાખ રૂપિયા છે પછી કયાંથી ગુજરાતી પીકચર ઉતરે, કયાંથી ગુજરાતી ભાષા માટે પ્રેમ જાગે, આપણે મલ્ટીપ્લેકસ થિયેટરોને લાભો આપીએ છીએ, બજેટમાં રાહત આપીએ છીએ, જયાં ગુજરાતી પીકચર રીલીઝ થાય એના માટે થિયેટર માલિકોને કહેવું જોઈએ કે તમારે ૫૦ ટકા ભાડું લઈ અને ગુજરાતી પીકચર ચલાવવા જોઈએ. ૧૯૯૫થી આ ભા.જ.પ.ની સરકાર આવી છે અને આ ભા.જ.પ.ની સરકારે આજ સુધી મુસ્લિમો માટે, લઘુમતી સમાજ માટે નાઈન્સાફી જ

કરી છે. એમણે કોઈ મુસ્લિમ સમાજ માટે ધ્યાન આપ્યું નથી. આજે ગુજરાત રાજયની અંદર મોટી મોટી સ્કૂલો છે, મોટી મોટી કોલેજો છે જયાં મુસ્લિમ નામ આવે છે તો એમને એડમિશન આપતા જ નથી. એમને નોકરી ધંધો આપતા જ નથી આ બદનસીબી છે. આપણો લોકશાહી દેશ છે. મુસ્લિમો પ્રત્યે નાઈન્સાફી થાય છે એ દુ:ખની વાત છે અને મુખ્યમંત્રીશ્રી એમ કહે છે કે ૫ કરોડની પ્રજા મારી છે. ૫ કરોડમાં અમે નથી આવતા? (સતત અંતરાય) હજી ૫ મિનિટ થઈ નથી સાહેબ.

**અઘ્યક્ષશ્રી** : પૂરું કરો. પૂરું કરો.

**ડૉ. નીમાબેન બી. આચાર્ય (અંજાર)** : માનનીય અધ્યક્ષશ્રી, નામદાર રાજયપાલશ્રીના પ્રવચન પરના આભાર પ્રસ્તાવ પર ચર્ચા કરવા હું ઉપસ્થિત થઈ છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયપાલશ્રીના પ્રવચનમાં મને વિકાસની ગાથા દેખાઈ છે તો સાથોસાથ ગુજરાતના ઉજ્જવળ ભવિષ્યના પણ દર્શન થયાં છે. આ ગૃહમાં આવ્યા પછી જે વિકાસના અમે સાક્ષી બન્યા છીએ એ વાતનું મને ગૌરવ છે. હમણાં જ શ્રી જીતુભાઈએ મારી દ્રષ્ટિના વખાણ કર્યા હતા. મને સ્પષ્ટ વસ્તુ દેખાય છે એ વાત કરવા માટે ઊભી થઈ છું. સૌથી સારું મને દેખાયું છે એ ગ્રામ્ય વિકાસની વાત દેખાઈ છે. પહેલા પણ કૃષિ વિકાસ વર્ષની ઊજવણી જે કરવામાં આવી અને એની સાથે જે કૃષિરથ કાઢવામાં આવ્યા અને ગામડે ગામડે કિસાનોની વચ્ચે બેસીને લોકોને શિક્ષણ આપવામાં આવ્યું. ટૅક્નીકલ એજ્યુકેશન, ટૅક્નીકલ પદ્ધતિથી કેવી રીતે ખેતી કરવી એની વાત મને બહુ ગમી. મને લાગે છે કે જે ડ્રીપ ઈરીગેશનની વાત છે એનાથી હરિયાળી ક્રાંતિ આવશે અને એ હરિયાળી ક્રાંતિની વાત, અમારા કચ્છ માટે અમે જોઈ રહ્યા છીએ કે સતત દુષ્કાળગ્રસ્ત રહેતા આ વિસ્તારમાં ડ્રીપ ઈરીગેશન એક જ સોર્સ છે. એટલા માટે ગ્રામ વિકાસની આ વાતો મને ખૂબ ગમી છે. સાથોસાથ જે જયોતિગ્રામ યોજના લાવવામાં આવી, ૨૪ કલાક વીજળી ગામડાના લોકોને નસીબ થઈ અને એના લીધે ગામનો વિકાસ નિશ્ચિત બન્યો છે. તેની સાથોસાથ માત્ર ગામડાની વાત નહિ પણ શહેરી વિકાસ વર્ષ પણ ઉજવવામાં આવી રહ્યું છે. આ શહેરી વિકાસ વર્ષમાં જે યોજનાઓ મૂકવામાં આવી તેના લીધે શહેરો સધ્ધર અને સુવિધાયુકત બન્યા છે એ વાતનું આજે મને ગૌરવ છે. તે સિવાય જે રીવર કનેક્ટિવિટીની વાત કરવામાં આવી એ દ્વારા જે રીતે નદીઓમાં પાણી ભરવામાં આવ્યા અને સાબરમતી રીવર ફ્રન્ટ ડેવલપમેન્ટ, અને વઢવાણના ભોગાવાના રીવર ફ્રન્ટના વિકાસની વાત છે એ લોકો માટે ઉપયોગી વાત છે. તેની સાથોસાથ નર્મદાનું પીવાનું પાણી ગામડે ગામડે પહોંચાડીને જે ભગીરથ કાર્ય કરવામાં આવ્યું છે એને ક્યારેય ભૂલી ન શકાય એની વાત કરવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારા કચ્છની જો હું વાત કરું અને તેમાંય ખાસ કરીને મારા મત વિસ્તારની વાત કરું તો જે ઔદ્યોગિક વિકાસની હરણફાળ અમારા વિસ્તારે ભરી છે અને જે રીતે ભૂકંપ પછી પુન:વસનની પ્રક્રિયા થઈ છે અને જે નવસર્જન થયું છે, હું તમામ સભ્યશ્રીઓને આમંત્રણ આપું છું કે આપ કચ્છમાં આવો અને અમારા પુન:વસનને જુઓ અને નવસર્જન જુઓ, જે ક્ચ્છમાં થયું છે એના આપ દર્શન કરો તો ખ્યાલ આવશે અને આ વાતની પ્રતીતિ દરેકને થશે. કારણ કે શાળાઓ, હેલ્થ સેન્ટરો, મોટા મોટા રસ્તાઓ ગામડામાં પણ ડબલ રસ્તાઓ બનાવવામાં આવ્યા છે. જોવાલાયક સ્થળો બને એવું પુન:વસન કચ્છમાં થયું છે અને ઔદ્યોગિક વિકાસની સાથોસાથ પાઈપલાઈન દ્વારા ગેસ પહોંચાડવાની વાત કરી છે, મને લાગે છે કે જ્યારે પાઈપલાઈન દ્વારા ગેસ અમારા કચ્છ સુધી પહોંચશે ત્યારે તો એ ઉદ્યોગો પણ ખૂબ જ વિકસશે. અંતિમ એક વાત કરવા માગું છું કે જે બેટી બચાવ આંદોલનની ની વાત, ભૃણ હત્યા અટકાવવાની વાત કરી છે એ ખૂબ જ સાચી છે.

માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લે એક જ વાત કરવી છે કે ગરીબ દર્દીઓને મુખ્યમંત્રી રાહત ફંડમાંથી જે પૈસા આપવામાં આવે છે અને તેના બિલ ચૂકવવામાં આવે છે, અમારા કચ્છના ધારાસભ્ય શીવજીભાઈ આહીરની પ્રેસ નોટમાં એમણે લખ્યું છે કે દોઢ કરોડ રૂપિયા જેવી સહાય મુખ્યમંત્રીશ્રીના રાહત ફંડમાંથી ગરીબ દર્દીઓને આપવામાં આવી છે. કોઈ ગરીબ દર્દી લાચાર નથી. એને ખબર છે કે મારે હાર્ટનું ઑપરેશન કરાવવાનું છે તો મુખ્યમંત્રીશ્રીના રાહત ફંડમાંથી રાહત મળશે. એટલી બધી સરળ પ્રક્રિયા છે કે ગરીબ અને અભણ માણસ પણ ત્યાં સુધી પહોંચી શકે

અંતમાં એટલું જ કહીશ કે નંબર-૧ ની જે વાત છે, હરિફાઈની જે વાત છે, સ્પર્ધા કરે એ જ માણસ આગળ આવે અને એનો જ વિકાસ થાય અને જે સ્પર્ધા કરે છે એને મારું અનુમોદન પણ આપુ છું. તમે નંબર-૧ની હરિફાઈમાં રહો તો તમારો બીજો, ત્રીજો નંબર પણ આવે, પણ તમે છેલ્લી પાટલીએ બેસી જાવ તો તમારો વિકાસ ના થાય એટલે સ્પર્ધા જે નંબર-૧ની છે એ ખરેખર ગુજરાત માટે ગૌરવની વાત છે અને આજે ગુજરાતના લોકોને બહારના સ્ટેટની અંદર ખૂબજ ગૌરવથી જોવામાં આવે

**શ્રી છનાભાઈ કો. ચૌધરી (ધરમપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યપાલનું પ્રવચન આ ગૃહમાં રજૂ થયું એના પર મારા વિચારો રજૂ કરવા હું ગૃહ સમક્ષ ઉપસ્થિત થયો છું.

આ ગૃહમાં કૃષિ, ડેરી વિકાસ, આરોગ્ય અને ઘણી બધી બાબતની ચર્ચા થઈ. શુદ્ધ પાણી, શુદ્ધ હવા, શુદ્ધ ખોરાકની જે વાત થાય છે. શુદ્ધ પાણીની અત્યારે મારા વિસ્તારની વાત કરું તો પાણી પુરવઠા યોજનાનો મેં એક તારાંકિત પ્રશ્ન પૂછયો એમાં પાણી પુરવઠા યોજના ચાલુ છે. છેલ્લા ચાર વર્ષથી બે-બે, ત્રણ-ત્રણ યોજના ચાલુ છે. હજુ સુધી નળમાં હવા આવે છે પાણી પહોંચ્યું નથી. જ્યારે જ્યારે અમે પ્રશ્ન પૂછયો છે, ત્યારે અમને જવાબ મળ્યો છે કે આ બે-ત્રણ મહિનામાં લોકાપર્ણ થવાનું છે. ગયા વર્ષે પણ અમારી જૂથ સિંચાઈ યોજના અને કેલીયા સિંચાઈ યોજના છે એમાં ૧૩-૧૩ ગામોનો સમાવેશ કરેલ છે, પણ ગયા વર્ષે કહેવામાં આવેલ છે કે જૂન મહિનામાં અમે એનું લોકાપર્ણ કરવાના છીએ. જિલ્લા કક્ષાએ પણ એની રજૂઆત કરી, પણ હજુ સુધી એ પાણી પુરવઠા યોજના પૂરી થઈ નથી. મને અહીં પણ જવાબ આપવામાં આવ્યો છે કે આટલી યોજના મંજૂર કરી છે અને આ યોજના પૈકી એ બધી ચાલે છે પણ કોઈ હજુ લોકાપર્ણ થઈ નથી.

શુદ્ધ હવા, શુદ્ધ ખોરાક આરોગ્ય ક્ષેત્રે એમ કહેવામાં આવે કે ભાઈ દરેક શાળાના બાળકોની તપાસણી થાય છે અને આરોગ્ય ક્ષેત્રે ખૂબ સારી સુવિધા ઉપલબ્ધ થાય છે. PHC, CHC Center, હૉસ્પિટલ છે પણ અહીંથી કહેવામાં આવે છે કે ભાઈ ત્યાં એક હૉસ્પિટલની માહિતી માગી તો ત્યાં ફકત ૫૦-૬૦ ટકા સ્ટાફ ભરેલો છે. જે ટૅકનિકલ સ્ટાફ છે, ડૉકટર છે એ ભરેલા નથી. જ્યારે જ્યારે કોઈ દિવસ એકસીડન્ટ થાય ત્યારે અમે દર્દીને લઈને જઈએ છીએ ત્યારે તરત જ એમ કહે છે કે તમે નવસારી કે સુરત લઈ જાવ ત્યારે એવા સંજોગોમાં આ જે ટૅકનિકલ અને ડૉકટરની જગ્યા છે એ જલદીથી પૂરવી જોઈએ. એનો કોઈ ઉલ્લેખ નથી અને ગ્રામ વિસ્તારમાં જે PHC, CHC Center છે એમાં ખરેખર ડૉકટરની જગ્યા ખાલી હોય તો તાત્કાલિક સુવિધા આપવી જોઈએ.

માનનીય અધ્યક્ષશ્રી, જ્યોતિગ્રામ યોજનાની ઘણી ચર્ચા થઈ અને મારા વિદ્વવાન સદસ્યશ્રીઓએ વાત કરી કે ભાઈ ગામડામાં તો અમે લાઈટ આપી છે. આજે વર્ષોથી અમારી સરકાર જ્યારે હતી અને તે વખતે પણ અમે વીજળીમાં જીવતાં હતા અને કોંગ્રેસ સરકારે અને માનનીય સ્વ.અમરસિંહભાઈ જ્યારે મુખ્યમંત્રી હતા ત્યારે ખેડૂતોને જે વીજળી આપી હતી તે ખેડૂતોને ૧૨૦૦ રૂપિયામાં જેટલી વીજળી વાપરવી હોય તેટલી ખેતરમાં વાપરતા હતા. આજે એક વીજળી થ્રીફેઈઝ અને ત્રણ હોર્સ પાવરની મોટર માટે આજે ખેડૂતને ૩૫૦૦ થી ૪૦૦૦ રૂપિયા વીજ બીલ ભરવું પડે છે. આજે ખેડૂત આઠ વર્ષથી લાઈનમાં ઊભો છે કે અમને ખેતી માટે વીજળી આપો. પણ આઠ વર્ષથી એ ખેડૂતને વીજળીનું કનૅક્શન મળતું નથી. અહીંયા જ્યોતિગ્રામ યોજનાની વાત થઈ છે કે અમે એકેએક ગામને જ્યોતિગ્રામ હેઠળ આવરી લઈને ૨૪ કલાક થ્રીફેઈઝ વીજ કનૅક્શન આપવાના છીએ, ખૂબ સારી વાત છે પણ ગામડાના ખેડૂતને ખેતી એ મુખ્ય વ્યવસાય છે, બાકીના જે ઉદ્યોગો છે એ ગૌણ છે તો ખેતી માટે પહેલા પ્રાયોરિટી આપવી જોઈએ ભલે આઠ કલાક આપે, પણ બીજે ઘર વપરાશ માટે ૨૪ કલાક વીજળી મળતી હોય તો ખેતી માટે પણ કલાકો વધારવા જોઈએ અને જે ખેડૂતોના બાકી કનૅક્શન છે એ તાત્કાલિક આપવા જોઈએ.

**સભાગૃહનું કામકાજ સાંજના ૬-૩૦ વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર ગુરુવાર, તા. ૨જી માર્ચ,૨૦૦૬ના રોજ બપોરના ૧૨-૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહયું.**

**ગુજરાત વિધાનસભા**
**ગુરૂવાર, તા.૨જી માર્ચ, ૨૦૦૬**
**ફાલ્ગુન ૧૧, ૧૯૨૭ શાકે**
**સભાગૃહ બપોરના ૧૨-૦૦ વાગ્યે મળ્યું.**
**અધ્યક્ષશ્રી, પ્રો.મંગળભાઈ પટેલ અધ્યક્ષસ્થાને**

# તારાંકિત પ્રશ્નો

### રાજયમાં તલાટીઓની ઘટ

***૧૫૫૮૫ શ્રી જગદીશ ઠાકોર (દહેગામ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-
(૧) તા.૩૧-૦૧-૦૬ની સ્થિતિએ રાજયના દરેક જિલ્લામાં તલાટીઓની મહેકમ મુજબ કેટલી ઘટ છે,
(૨) આ ઘટ છેલ્લા કેટલા વર્ષોથી છે,
(૩) આ ઘટ પૂરવા સરકારને કેટલી ફરિયાદો મળી છે, અને
(૪) સરકાર આ બાબતે શું કરવા માગે છે?

**પંચાયત મંત્રીશ્રી :**
(૧) પત્રક સામેલ છે.
(૨) જુદા જુદા સમયથી ખાલી છે.
(૩) જિલ્લા કક્ષાએ તથા સરકાર કક્ષાએ કેટલીક રજૂઆતો મળેલ છે.
(૪) પંચાયત સહાયકની ભરતી દ્વારા તથા રહેમરાહે નોકરીથી નિમણૂક દ્વારા જગ્યા ભરવાની પ્રક્રિયા ચાલે છે.

**પત્રક**
**તા.૩૧-૧-૦૬ની સ્થિતિએ રાજયના દરેક જિલ્લામાં તલાટીઓના મહેકમ મુજબની ચોખ્ખી ઘટ દર્શાવતું**

| ક્રમ | જિલ્લાનું નામ | ઘટની સંખ્યા |
|---|---|---|
| ૧ | અમદાવાદ | ૧૨૫ |
| ૨ | અમરેલી | ૧૫૦ |
| ૩ | આણંદ | ૭૯ |
| ૪ | બનાસકાંઠા | ૧૩૯ |
| ૫ | ભાવનગર | ૧૧૭ |
| ૬ | ભરૂચ | ૧૧૮ |
| ૭ | દાહોદ | ૨૫ |
| ૮ | ડાંગ | ૧૨ |
| ૯ | ગાંધીનગર | ૫૫ |
| ૧૦ | જામનગર | ૧૩૧ |
| ૧૧ | જુનાગઢ | ૧૨૧ |
| ૧૨ | ખેડા | ૮૧ |
| ૧૩ | કચ્છ | ૧૪૭ |
| ૧૪ | મહેસાણા | ૯૬ |
| ૧૫ | નર્મદા | ૩૬ |
| ૧૬ | નવસારી | ૫૦ |
| ૧૭ | પંચમહાલ | ૭૫ |
| ૧૮ | પાટણ | ૯૦ |
| ૧૯ | પોરબંદર | ૪૦ |
| ૨૦ | રાજકોટ | ૧૩૬ |
| ૨૧ | સુરેન્દ્રનગર | ૧૧૮ |
| ૨૨ | સાબરકાંઠા | ૬૫ |
| ૨૩ | સુરત | ૧૪૨ |
| ૨૪ | વડોદરા | ૧૫૫ |
| ૨૫ | વલસાડ | ૨૮ |
| | કુલ- | ૨૩૩૧ |

**શ્રી જગદીશ ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને એ પૂછવું છે કે, ખૂબ જ અગત્યનો પ્રશ્ન ગઈ વખતે પણ ચર્ચાયો હતો, એ આજે પણ ત્યાંને ત્યાં છે. સાહેબ, આ પછાત જિલ્લાઓ છે એમાં પછાત તાલુકાઓ પણ છે અને ત્યાં પંચાયત તલાટીઓની ઘટ વધારે છે. માનનીય મંત્રીશ્રીએ જવાબ આપ્યો છે કે, આ ઘટ પૂરવા સરકારને કેટલી ફરિયાદો મળી? તેમાં જિલ્લા કક્ષાએ તથા સરકાર કક્ષાએ કેટલીક રજૂઆતો મળેલ છે એવું જણાવ્યું છે. સરકાર આ બાબતે શું કરવા માગે છે? એમાં જવાબ આપ્યો છે કે, પંચાયત સહાયકની ભરતી દ્વારા રહેમરાહે નોકરીથી નિમણૂક દ્વારા જગ્યા ભરવાની પ્રક્રિયા ચાલુ છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રીને એ પૂછવા માગું છું કે, છેલ્લે પંચાયત સહાયકની ભરતીની પ્રક્રિયા ક્યારે ચાલુ કરવામાં આવી? કેટલા તલાટીઓને ઑર્ડર આપવામાં આવ્યા છે? બાકીના તલાટીઓની ભરતી કરવાની પ્રક્રિયા કયા સ્ટેજે છે? રહેમરાહે નોકરીમાં કેટલા તલાટીઓને છેલ્લા ૫ વર્ષમાં મૂકવામાં આવ્યા હતા અને રહેમરાહેની નોકરીની પ્રક્રિયા છે એમાં સરકાર ફિક્સ પગારમાં લઈ જવા માગે છે એ વાત સાચી છે ?

**શ્રી ભરત બારોટ** : માનનીય અધ્યક્ષશ્રી, એમણે કહ્યું એ પ્રમાણે આ પ્રશ્ન અગત્યનો છે અને જટિલ પણ છે. ૧૯૯૧ પછી સરકારની વિવિધ નોકરીઓમાં ભરતી કરવા ઉપર પ્રતિબંધ રહ્યો. ૧૯૯૧થી માંડીને ૧૯૯૮ સુધી આ પ્રતિબંધ ચાલુ રહ્યો. આ રાજય સરકાર આવ્યા પછી ૨૦૦૦માં આ પ્રતિબંધ ઉપાડી લીધો. ૨૦૦૨ની અંદર પંચાયત સહાયકની ભરતી માટે નિર્ણય લેવામાં આવ્યો.૧૯૯૧થી ૨૦૦૦ સુધીમાં નજીવી ભરતી થયેલી. ૨૦૦૦માં આ નિર્ણય થયો એ પછી ૨૦૦૨માં આ નિર્ણયના અનુસંધાને છેલ્લે ૧૦૦૦ પંચાયત સહાયકની ભરતી ફિક્સ પગારથી કરવાનું નક્કી કર્યું અને છેલ્લા બે-અઢી વર્ષે સુધીમાં આ ૧૦૦૦માંથી, આ ગૃહને કહેતાં મને આનંદ થાય છે કે, ૭૭૬ જેટલી જગ્યાઓ ભરાઈ અને ૨૩૪ની ભરતીની પ્રક્રિયા ચાલુ છે.

**શ્રી જગદીશ ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, મેં પ્રશ્ન પૂછ્યો છે કે, પહેલી પ્રક્રિયામાં ૧૦૦૦ પંચાયત સહાયક લીધા, એમાં ૨૩૬ બાકી છે. એ પછી પંચાયત સહાયકની ભરતીની પ્રક્રિયા ચાલુ છે અને રહેમરાહે જે લોકોને નોકરીઓ આપી એમાં છેલ્લા ૫ વર્ષમાં કેટલા તલાટીઓને નોકરી આપી. આ પંચાયત સહાયકોને રહેમરાહે માટે ઓપ્શન આપ્યો અને આવા પંચાયત સહાયકોમાંથી ઓપ્શન દ્વારા ૪૦૦ તલાટીઓની ભરતી કરવામાં આવી. આમ કુલ ૧૪૦૦ની ભરતી પ્રક્રિયા થઈ. એમાંથી ૭૭૬ અને ૪૦૦ જગ્યાઓ ભરાઈ અને ૨૩૪ જેટલા પંચાયત સહાયકો હાજર થયા નથી. એમને હાજર કરવાની પ્રક્રિયા ચાલુ છે.

**ડૉ. સી. જે. ચાવડા** : માનનીય અધ્યક્ષશ્રી, તાલુકા મથકે લીવ રિઝર્વ તલાટી ૫-૫, ૧૦-૧૦ બેસી રહેતા હોય છે એવા સેજા ઉપર ઘટાડો કરવા માગો છો કે કેમ? સુખી ગામના એક સેજા ઉપર ૨-૨, ૩-૩ તલાટી રહેતા હોય છે. જ્યારે બીજા સેજા બિલકુલ ખાલી છે. જયોતિગ્રામમાં વિસ્તરણ વ્યવસ્થા ગોઠવી તેવી તલાટીઓની વિસ્તરણ વ્યવસ્થા ગોઠવવા માગો છો કે કેમ?

**શ્રી ભરત બારોટ** : માનનીય અધ્યક્ષશ્રી, આમ તો એમનું સૂચન છે. સરખી જવાબદારી અને સરખા સેજમાં જાય અને સરખું કામ થાય એના માટે પ્રયત્ન કરીશું.

**શ્રી મહેન્દ્ર શાં. ત્રિવેદી** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીના જણાવ્યા પ્રમાણે ગુજરાતના બધા જિલ્લાઓમાં થઈને લગભગ ૨૩૩૧ જગ્યાની ઘટ છે. મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે એટલા બધા મોટા પ્રમાણમાં જે તલાટીઓની સંખ્યાની ઘટ છે તો એમની જવાબદારીમાં જે ગામનું કામ આવતું હશે એ ગામના લોકોને સહન ન કરવું પડે એના માટે સરકારે બીજી કોઈ વૈકલ્પિક વ્યવસ્થા હાલમાં કરી છે કે કેમ? અને એવી વ્યવસ્થા બરાબર નહીં ચાલતી હોવાની, તલાટીઓ નહીં હોવાથી એ ગામના કામો રોકાય છે એવી કોઈ ફરિયાદ સરકારશ્રીને મળી છે કે કેમ?

**શ્રી ભરત બારોટ** : માનનીય અધ્યક્ષશ્રી, મેં કીધું એમ રાજય સરકારે તલાટીઓની વચ્ચે જવાબદારીઓ વહેચી દીધી, જયાં ઘટ હોય ત્યાં એને બાજુના ગામની જવાબદારી આપી અને તલાટીઓને કામની વહેંચણી કરી દીધી છે અને આવી કામની જવાબદારીઓ આવતા, એ દિશામાં ફરિયાદ ન થાય એના માટે રાજય સરકાર ઈ-ગ્રામ પંચાયત તરફ આગળ વધી રહી છે અને આવતા દિવસોમાં આ આખી પ્રક્રિયાને આપણે જેને કહેવાયને ઈ-ગ્રામ તરફ જઈને કુલ આખા દેશમાં ન થઈ હોય એ પ્રકારની પ્રક્રિયા આપણે હાથ ઘરવાના છીએ.

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** : માનનીય અધ્યક્ષશ્રી, કુલ રાજયમાં બધા જિલ્લાઓમાં થઈ ૨૩૩૧ જગ્યાઓ ખાલી છે. સામાન્ય રીતે લગભગ તલાટીઓની એવી જગ્યાએ નિમણૂકો કરવામાં આવતી હોય છે કે જયાં શહેરની આજુબાજુ હોય અને જયાં મલાઈ મળે ત્યાં તલાટીઓની ૨-૨ જગ્યાઓ ભરાયેલી હોય છે. ગામડાની અંદર ગામડામાં હોય અને એ જગ્યા એટલી મહત્વની છે કે જેમાં જિલ્લા કક્ષાએ જિલ્લા કલેકટરનું મહત્વ છે એવી જ રીતે આ નાના ગામડાની અંદર તલાટી મંત્રીનું મહત્વ હોય છે. જો તલાટી મંત્રીની જગ્યાઓ ૨ કે ૩ ગામની વચ્ચે ન અપાય તો એ ગામનો વિકાસ રૂંધાય છે. કોઈપણ પ્રકારનું કામ થતું નથી ત્યારે અમારા રાજકોટ જિલ્લામાં પણ ૧૩૬ જગ્યાઓ ખાલી છે. મને ખબર છે કે એક તલાટી મંત્રીને ૪-૪ ગામડા આપેલા

છે. તાલુકામાં મામલતદાર કક્ષાએ મીટિંગ હોય, જિલ્લા કક્ષાએ મીટિંગ હોય, તાલુકા પંચાયતમાં અમુક યોજનાઓને લગતી મીટિંગ હોય, એક તલાટી પાસે ચાર ગામ હોય તો એ કોઈ ગામનો વહીવટ વ્યવસ્થિત સંભાળી શકતો નથી. જ્યારે માનનીય મંત્રીશ્રીએ એમ કીધું કે ૨૩૬ જગ્યાઓ ભરવાની બાકી છે તો બધી બાકીની જગ્યાઓ વહેલી તકે ભરવા માનનીય મંત્રીશ્રી પાસે શું આયોજન છે?

**શ્રી ભરત બારોટ** : માનનીય અધ્યક્ષશ્રી, મેં કહ્યું એમ ભૂતકાળ કરતા આ રાજય સરકારે ૨૦૦૨ પછી પ્રામાણિક પ્રયત્નો કર્યા. સઘન પ્રયત્નો કર્યા, અને ૧૪૦૦ ભરાયા, ભૂતકાળમાં ૧૦ વર્ષમાં નહોતા ભરાયા અને રાજય સરકાર અગાઉના દિવસમાં આ જગ્યાઓ ઝડપી ભરાય એ પ્રકારની કાર્યવાહી આગળ કરવાની છે.

**શ્રી રણજિતસંહ ન. ચાવડા** : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે સાબરકાંઠા જિલ્લામાં તલાટીઓની ભરતીની પ્રક્રિયા સામે હાઈકોર્ટમાં રીટ થયેલી એ વાત સાચી છે અને જો એ વાત સાચી હોય તો એ કયા સ્ટેજે અત્યારે છે?

**શ્રી ભરત બારોટ** : માનનીય અધ્યક્ષશ્રી, એમણે બીજી નોટિસ આપવી પડશે. મારી પાસે વિગતો નથી.

## નવસારી જિલ્લામાં કૃષિ રથ પાછળ થયેલ ખર્ચ

***૧૪૫૬૬ શ્રીમતી ભારતીબેન ન. પટેલ (ચીખલી)** : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) નવસારી જિલ્લામાં ૨૦૦૫ના વર્ષમાં કૃષિરથમાં કેટલો ખર્ચ થયો, અને

(૨) તેમાં કેટલા ખેડૂતને લાભ મળ્યો, તેની પાછળ કેટલો વધારે ખર્ચ કરવામાં આવ્યો?

**કૃષિ મંત્રીશ્રી** :

(૧) રૂપિયા ૯,૧૪,૮૬૬..૦૦ નો ખર્ચ કરવામાં આવેલ છે.

(૨) જુદી જુદી પ્રવૃત્તિઓ અને કામગીરી દ્વારા જિલ્લાના તમામ ખેડૂતોને લાભ મળેલ છે અને બજેટ જોગવાઈ કરતા વધારાનો કોઈ ખર્ચ કરવામાં આવેલ નથી.

**શ્રીમતી ભારતીબેન ન. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, નવસારી જિલ્લાના દરેક તાલુકામાં ૨૦૦૪-૦૫માં જે કૃષિરથ કાઢવામાં આવ્યો તેના કારણે કૃષિને લગતી કેટલી પ્રવૃત્તિઓ અને કામગીરી દ્વારા કુલ કેટલા ખેડૂતોને લાભ આપવામાં આવ્યો અને કુલ કેટલો ખર્ચ થયો? હાલના તબક્કે પણ જે કામો કરવામાં આવ્યા છે એના પૈસા હજી પણ ચૂકવાયા નથી એ વાત સાચી છે અને બીજું કૃષિ રથયાત્રા દરમિયાન કુલ કેટલા વાહનોનો ઉપયોગ કરવામાં આવ્યો? આ પૈકી સરકારી અને ભાડૂતી વાહનો કેટલા હતા અને ભાડૂતી વાહનો માટે કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો? આ જે અરજીઓ રાજય સરકારને મળી છે એમાં કેટલી અરજીઓ પેન્ડિંગ છે અને કેટલીનો નિકાલ કરવામાં આવ્યો છે?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, નવસારી જિલ્લામાં અલગ અલગ પ્રવૃત્તિઓ દ્વારા રાજય સરકારે ખેડૂતલક્ષી આ કાર્યક્રમ કરીને માત્ર ખેડૂત ખેતી સાથે સંકળાયેલો છે એવું નથી, પરંતુ ખેડૂત ગામડામાં રહે છે એટલે સર્વાંગી અને સમતોલ વિકાસ થાય એટલા માટે રાજયના ૧૮ જેટલા વિભાગોને જોડીને એક ખેતી ઉપરાંત એને લગતી તમામ સુવિધાઓ પણ એને પ્રાપ્ત થાય એ હેતુને ધ્યાનમાં રાખીને ૫૪૮૯ ખેડૂતોને સોઈલ હેલ્થ કાર્ડની વહેંચણી કરી, ૨૩૧૭ ખેડૂતોને કિસાન ક્રેડીટ કાર્ડની વહેંચણી કરી, ૩૮૫ ખેડૂતસભા અને ખેડૂત સંમેલનો થયાં. જળસંચયના કામમાં ૧૫૭ ચેકડેમ, ૫૮ તળાવો ૨૪૭ બોરીબંધ અને ૩૬ નવી દૂધ મંડળી થઈ. કૃષિ, બાયાગત અને પશુપાલન કીટની વહેંચણી ૧૧૦૪૮ ખેડૂતોને મફતમાં કરવામાં આવી. ૩૧,૪૦૯ ખેડૂતોને બાગાયતની વિવિધ જાણકારી અને માર્ગદર્શન આપવામાં આવ્યું. ૧૧,૬૫૫ કિસાનોના ખેતરમાંથી નમૂના લેવામાં આવ્યા. ૧,૮૩,૧૫૦ પશુઓને રસીકરણ કરવામાં આવ્યું. ૨૯૮ નવા સ્વસહાય જૂથોની રચના કરવામાં આવી અને એક રથ પાછળ ૧,૮૨,૯૭૩ રૂપિયાનો ખર્ચ થયો. પાંચ તાલુકામાં આ રથ ફર્યો જેની પાછળ ૯,૧૪,૮૬૬ રૂપિયાનો ખર્ચ થયો.

**શ્રી કરસનભાઈ ભી. પટેલ** : નવસારી જિલ્લામાં એક માસમાં આ કૃષિ રથ કેટલા ગામોમાં ફર્યો અને એની સાથે કયા અધિકારીઓ અને કયા વૈજ્ઞાનિકો ફર્યા એની વિગતો હું જાણવા માગું છું.

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, નવસારી જિલ્લાના પાંચ તાલુકા ગણદેવી, ચીખલી, વાંસદા વગેરે મળી કુલ ૩૮૫ ગામો ૧૦૦ ટકા ગામોમાં કૃષિ રથ ફર્યો. તેની સાથે કૃષિ, બાગાયત, પશુપાલનના વૈજ્ઞાનિકો, પહેલીવાર યુનિવર્સિટીના વૈજ્ઞાનિકો માનનીય મુખ્યમંત્રીશ્રીના આદેશ અનુસાર લેબ ટુ લેન્ડ કે જે ભૂતકાળમાં કદી થયું નથી. કૃષિ વિભાગની કામગીરી એ શિક્ષણ, સંશોધન અને વિસ્તરણની કામગીરી છે. એ પાયાની કામગીરી કરવા એની સાથે વૈજ્ઞાનિકો મારફત ખેડૂતોને માર્ગદર્શન આપી શકાય એટલા માટે ટી.વી., વી.સી.આર., કૃષિ રથમાં જે તે પાકની જાણકારી, પાકનું વૈજ્ઞાનિક ટપક સિંચાઈ પદ્ધતિનું જીવંત પ્રદર્શન એમ કરીને ૩૮૫ ગામોમાં આટલા કર્મચારીઓ સાથે રથ ફર્યો.

**શ્રી ગોવાભાઈ હ. રબારી** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે રથ લઈને ફર્યા એમાં સોઈલ હેલ્ડ કાર્ડ કે પશુઓને રસીકરણ કરવામાં આવ્યું ત્યારે એવા કેટલા ગામો હતા કે જ્યાં કૃષિ રથ કાર્યક્રમ પહેલીવાર કરવામાં આવ્યો. કૃષિ રથ દ્વારા પહેલીવાર રસીકરણ કરવામાં આવ્યું? સાથોસાથ ગામોની કેટલી ફરિયાદો આવી અને કેટલી ફરિયાદોનું નિરાકરણ કર્યું? કૃષિ રથની અંદર તમે વધારાનું શું કર્યું એ જાણવું છે.

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, આ બધું જ પહેલા ચાલતું હતું. વર્ષ દરમિયાન આ પ્રવૃત્તિ કરવામાં આવતી હતી. પરંતુ આ બધી પ્રવૃત્તિને ઝુંબેશના સ્વરૂપમાં મેં કહ્યું તેમ આખા દેશમા પહેલીવાર જે કામગીરી થઈ હોય તો એ એક્સટેન્શન વર્ક છે. કૃષિને સમૃદ્ધ કરવા માટે શિક્ષણ, સંશોધન અને વિસ્તરણમાં વિસ્તરણની કામગીરી પહેલીવાર આખા દેશમાં એક મહિનામાં ૧૮૬૦૦ ગામો સુધી પહોંચવાની કામગીરીને આખા દેશના વૈજ્ઞાનિકો, જાણકારો, દેશના કૃષિ મંત્રીશ્રીએ અને મને કહેતા આનંદ થાય છે કે રાષ્ટ્રપતિજીએ આ વિસ્તરણની કામગીરીને વખાણી છે. જે કાંઈ ફરિયાદો આવી એનો સ્થાનિક જ ઉકેલ કરવામાં આવ્યો છે.

**શ્રી માધુભાઈ જે. ભોયે** : માનનીય અધ્યક્ષશ્રી, મારે જાણવું છે કે કૃષિ યાત્રામાં નાના અને સિમાંત ખેડૂતો કેટલા હતા અને કેટલું સબસિડીના ધોરણે બિયારણ કે ઓજારો આપ્યા છે? એની પાછળ કેટલો ખર્ચ થયો? બીજું કે જે ભાડાના વાહનો હતા એ દરેક વાહન પાછળ રોજના કેટલા રૂપિયા ચૂકવવામાં આવ્યા છે?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : નવસારી જિલ્લામાં ૪.૫૦ કરોડનો ખર્ચ થયો અને ૯૨,૬૩૫ ખેડૂતોને આમાં લાભ મળ્યો છે.

### ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ના અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને ટયુશન ફી

*૧૫૬૨૦ **શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (અસારવા)** : માનનીય **સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) ધો-૧૦ અને ધો-૧૨માં અભ્યાસ કરતા અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ પૈકી સાયન્સ પ્રવાહમાં ખાનગી ટ્યુશન સહાય આપવાની યોજના અમલમાં છે કે કેમ, અને

(૨) જો હા, તો આ યોજના પ્રમાણે કેટલા વિદ્યાર્થીઓને ૨૦૦૫ના શૈક્ષણિક વર્ષમાં કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી છે?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી :**

(૧) હા, જી.

(૨) જાન્યુઆરી-૦૬ અંતિત કુલ ૧૦૪ વિદ્યાર્થીઓને રૂા. ૧૨.૨૩ લાખ.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ પૈકી સાયન્સ પ્રવાહમાં ખાનગી ટ્યુશન સહાય આપવાની યોજના અંગે આમ સમાજમાં બહુ ઓછા લોકો જાણે છે. એટલા માટે આ સહાય માટે અરજીઓ કેવી રીતે મેળવવામાં આવી છે અને એમાં વધારે વિદ્યાર્થીઓ લાભ લઈ શકે તે માટે કોઈ સુધારો કરવા માગો છો કે કેમ? છેલ્લા ત્રણ વર્ષમાં કેટલી રકમ ચૂકવાઈ અને શિક્ષણ વિભાગ દ્વારા ટ્યૂશન પર પ્રતિબંધ છે તો આ ટ્યૂશન સહાયનું અમલીકરણ આ વિભાગ દ્વારા કેવી રીતે કરવામાં આવે છે?

**શ્રી રમણલાલ વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, આ યોજનાનો વધારે પ્રમાણમાં વ્યાપ વધે એટલા માટે દરેક સમાચારપત્રમાં આ અંગેની જાહેરાત આપવામાં આવે છે. જે તે વિદ્યાર્થીએ આ અંગેના અરજી ફોર્મની અંદર પોતે અરજી કરે છે. સામાન્ય રીતે અત્યાર સુધી આ ટકાવારીનું ધોરણ ૮૦ ટકા હતું, વધારે વિદ્યાર્થીઓને લાભ મળે તે હેતુથી આ ૮૦ ટકાથી ઘટાડીને ૭૫ ટકા સુધીનું કરવામાં આવ્યું છે. શિક્ષણ વિભાગમાં શૈક્ષણિક અને બિન-શૈક્ષણિક તાલીમી કર્મચારીઓના ટ્યૂશન પર પ્રતિબંધ છે. પરંતુ અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ ખાનગી ટ્યૂશન માટે જ્યારે આ રકમ આપવામાં આવે છે, જેની આર્થિક સ્થિતિ નબળી છે એવા વિદ્યાર્થીઓને આનો લાભ મળે છે. છેલ્લા ત્રણ વર્ષમાં ૨૦૦૨-૦૩ માં ૭૦, ૨૦૦૩-૦૪ માં ૯૯ અને ૨૦૦૪-૦૫ માં ૮૯ વિદ્યાર્થીઓએ આનો લાભ લીધો છે.

**શ્રી કાંતિભાઈ રા. લકુમ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને હું પૂછવા માગું છું કે સાયન્સ પ્રવાહમાં ખાનગી ટ્યૂશનની યોજના કરવામાં આવી છે એ ક્યારથી કરવામાં આવી છે અને કેટલી સહાય આપવામાં આવે છે?

**અધ્યક્ષશ્રી** : લગભગ આનો જવાબ આવી ગયો છે, પ્લીઝ,

**શ્રી જીતેન્દ્રકુમાર ઉ. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસે હું પૂછવા માગું છું કે વિદ્યાર્થી દીઠ કેટલી ટ્યૂશન ફી આપવામાં આવે છે અને ભવિષ્યમાં અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને અપાતી ટ્યૂશન ફીમાં વધારો કરવા માગો છો કે કેમ?

**શ્રી રમણલાલ વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, જે વિદ્યાર્થી ધોરણ ૧૦માંથી વિજ્ઞાન પ્રવાહમાં જવા માગતો હોય તેને ૧૧માં ધોરણમાં વ્યકિતદીઠ ૧૫,૦૦૦ રૂપિયા અને ૧૨માં ધોરણના વિદ્યાર્થીને ૧૦,૦૦૦ રૂપિયા આપવામાં આવે છે. બાકી જે રકમ વધારવાની છે એ એમનું સૂચન છે.

**શ્રી લક્ષ્મણભાઈ બા. પટેલ** : ધોરણ ૧૦ અને ૧૨ ધોરણમાં અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓની રાજ્ય લેવલે કુલ કેટલી અરજીઓ આવેલ હતી અને તેમાં વલસાડ જિલ્લો અને આહવા-ડાંગમાં કુલ કેટલી અરજીઓ મંજૂર થઈ?

**શ્રી રમણલાલ વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, મેં આગળ કહ્યું એ પ્રમાણે આ જાહેરાત દૈનિક સમાચારપત્રોમાં આપીએ છીએ. જાહેરાત આવ્યા પછી જેટલા વિદ્યાર્થીઓએ એપ્લાય કર્યુ છે, આ ૧૦૦ ટકા વિદ્યાર્થીઓની એલીજીબલ હોય એમને ક્રાઈટેરિયા પ્રમાણે આવતા હોય એમ આપણે આપીએ છે.દાહોદ જિલ્લામાંથી માત્ર બે વિદ્યાર્થીઓએ પોતાની અરજી કરી છે અને બંને વિદ્યાર્થીઓને આ સહાય ચૂકવવામાં આવી છે. ડાંગ અને વલસાડ જિલ્લામાંથી એક પણ વિદ્યાર્થીએ અરજી કરેલ નથી.

**શ્રી પુંજાભાઈ ભી. વંશ** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસે એ જાણવા માગું છું કે અનુસૂચિત જાતિના વિદ્યાર્થીને ખાનગી ટ્યૂશન સહાય આપવા માટેની યોજના છે તો આ યોજના પ્રમાણે ઓ.બી.સી.ના વિદ્યાર્થીઓને આ પ્રમાણે ખાનગી ટ્યૂશન સહાય આપવા માગો છો કે કેમ?

**શ્રી રમણલાલ વોરા** : ખૂબ સારું સૂચન છે, સરકાર એ દિશામાં ચોક્કસ વિચારી શકે.

**શ્રી મહેન્દ્ર શાં. ત્રિવેદી** : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસે એ જાણવા માગું છું કે અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને ખાનગી ટ્યૂશન સહાય મળે છે એ ખૂબ સારું છે, એમને આ વધારાનું પ્રોત્સાહન આપીને બીજા વિદ્યાર્થીઓની સમકક્ષ લઈ જવામાં આવે છે એ ખરેખર સ્તુત્ય પગલું છે એના માટે વિભાગને અભિનંદન આપું છૂં.
મારે એ જાણકારી મેળવવી છે કે જે ૧૦૪ વિદ્યાર્થીઓને રૂા.૧૨.૨૩ લાખના ખર્ચે આ ખાનગી ટ્યૂશન માટે અપાયા આના માટે જાહેરાત ટ્યૂશન માટે અપાય છે એમ આ ક્યા ટ્યૂશન કલાસમાં આપણે એમને માન્ય કલાસ કર્યા છે ત્યાં જાય. આમ તો અત્યારે જે ખાનગી ટ્યૂશન સ્કૂલમાં તો બંધ છે એટલે આ ટ્યૂશન કલાસમાં જાય છે તો અમારે કોઈ વિદ્યાર્થીની ભલામણ કરવી હોય તો અમને એનું લિસ્ટ મળે કે આટલા આટલા કલાસ ખાનગી ટ્યૂશન માટે માન્ય કરવામાં આવ્યાં છે તો એ મંત્રીશ્રી આપવા માગે છે કે કેમ?

**શ્રી રમણલાલ વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, અગાઉ કહ્યું એ પ્રમાણે શિક્ષણ વિભાગના શિક્ષકો માટે એ પોતે ટયુશન ન કરે એના માટે બાન છે પરંતુ અનુસૂચિત જાતિના વિર્દ્યાર્થીઓ આવી કોઈ પણ ખાનગી સંસ્થામાંથી એની માત્ર રસીદ - પાવતી રજૂ કરશે એટલે આ યોજનાનો લાભ આપવામાં આવશે.

## ડૉ. બાબાસાહેબ આંબેડકર એવોર્ડ આપવા અંગે

***૧૪૦૧૩ શ્રી ભવાનભાઈ જી. ભરવાડ (લીંબડી) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) ડૉ. બાબાસાહેબ આંબેડકર એવોર્ડ છેલ્લા ત્રણ નાણાકીય વર્ષમાં તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ વર્ષવાર અપાયા નથી તે સરકાર જાણે છે,
(૨) જો હા, તો આ એવોર્ડ ક્યારે અપાયા છે, અને
(૩) બાકીના એવોર્ડ ક્યારે આપવામાં આવનાર છે, અને
(૪) એવોર્ડ આપવામાં વિલંબ થવાના શાં કારણો છે?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી :**

(૧) અને (૨) સને વર્ષ ૨૦૦૨-૦૩ના વર્ષનો એવોર્ડ અપાઈ ગયેલ છે. જ્યારે સને ૨૦૦૩-૦૪ તથા ૨૦૦૪-૦૫ના વર્ષના એવોર્ડ માટેના નામોની પસંદગીનું કામ પૂર્ણ થયેલ છે.
(૨) અને (૪) આગામી તા.૧૪મી એપ્રિલે આંબેડકર જયંતીના દિવસે.

**શ્રી ભવાનભાઈ જી. ભરવાડ** :માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે, ડૉ. બાબાસાહેબ આંબેડકર એર્વોડ વર્ષ ૨૦૦૩-૦૪ અને ૨૦૦૪-૦૫ના વર્ષનો કયા કારણોસર આજ દિવસ સુધી આપવામાં આવ્યો નથી? બીજો પ્રશ્ન એ છે કે, આ અંગે રાજય સરકારે છેલ્લા ત્રણ વર્ષોમાં શું શું કાર્યવાહી કરી અને ૨૦૦૨-૨૦૦૩નો એવોર્ડ ક્યારે આપવામાં આવ્યો, કોને આપવામાં આવ્યો અને કેટલી રકમનો આપવામાં આવ્યો?

**શ્રી રમણલાલ વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૨-૦૩નો એવોર્ડ આપી દેવામાં આવ્યો છે આ એવોર્ડ જેને પણ આપવામાં આવે છે એને એક લાખ રૂપિયા ચેક દ્વારા અને પ્રશસ્તિ પત્ર આપવામાં આવે છે બાકીના

બે વર્ષ માટેના જે એવોર્ડ છે એના માટેના નામની જાહેરાત કરવામાં આવી છે, જે તે એવોર્ડ લેનાર છે એમની એની માહિતી પણ આપી દેવામાં આવી છે અને આગામી હવે પછીની ૧૪મી એપ્રિલે ડૉ. બાબાસાહેબ આંબેડકરની જન્મ જયંતીના દિવસે એવોર્ડ આપવામાં આવશે.

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** : માનનીય અધ્યક્ષશ્રી, આ ડૉ. બાબાસાહેબ આંબેડકર એવોર્ડ આપવાનો ક્રાઈટેરિયા શું છે અને છેલ્લા ૨૦૦૩-૦૪ અને ૨૦૦૪-૦૫ના વર્ષોના નામોની જાહેરાત કરવામાં આવી છે એના નામો કયા કયા છે?

**શ્રી રમણલાલ વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, અનુસૂચિત જાતિના વર્ગોમાં, સામાજિક અને શૈક્ષણિક રીતે જે લોકો ઉમદા કાર્ય કરે છે એવા દસ વર્ષથી જે લોકો કામ કરતા હોય છે લોકોને એવોર્ડ આપવામાં આવે છે, માત્ર બે લોકોના જે એવોર્ડ આપવાના બાકી છે એમાં એક શ્રી સોમચંદભાઈ જશાભાઈ મકવાણા અને શ્રી જેઠાભાઈ જાદવ , આ બંનેને એવોર્ડ આપવાની કામગીરી બાકી છે.

**શ્રી ધનરાજભાઈ કેલા** : આ એવોર્ડ લેટ આપવાના કારણ શું, ૨૦૦૩-૨૦૦૪ અને ૨૦૦૪-૦૫ના હજી સુધી જાહેર નથી કર્યા અને હવે એપ્રિલમાં આપીશું એનું કારણ શું અને આ એવોર્ડ આપવા માટે કોઈ સમિતિની રચના કરવામાં આવી છે કે કેમ? અને ક્રાઈટેરિયા શુ છે ?

**શ્રી રમણલાલ વોરા** : આ સમિતિની છેલ્લી જે બેઠક તા.૨૯-૪-૨૦૦૫ના રોજ થઈ એમાં સરકારના જી.આર. પ્રમાણે આપણે ડૉ. બાબાસાહેબ આંબેડકરની જન્મ જયંતીના દિવસે આપવાના હોવાના કારણે ૧૪મી એપ્રિલ ના રોજ આપવાનું હોવાના કારણે હવે પછી ડૉ. બાબાસાહેબ આંબેડકરની જન્મ જયંતી ૨૦૦૬ના દિવસે આવે છે એટલે આમાં કોઈ વિલંબ થવાની સંભાવના નથી. હવે જે ૨૯-૪-૨૦૦૫ના રોજ સમિતિએ નિર્ણય લીધો છે એના પછી હવે પછીના ૧૪મી એપ્રિલ, ૨૦૦૬નો દિવસ આવે એ દિવસે આપણે આ એવોર્ડ આપવાના છીએ, આ એવોર્ડ આપવા માટેની સમિતિ છે આ સમિતિમાં અનુસૂચિત જાતિના કોઈ ધારાસભ્યશ્રી અથવા સંસદસભ્યશ્રી, આ ક્ષેત્રમાં કામ કરનાર મહાનુભાવનો સમાવેશ છે, મંત્રીશ્રી હોય છે એ સિવાય વિભાગના સચિવશ્રી અને નિયામકશ્રી આ સમિતિના સભ્યો છે.

**શ્રી માધુભાઈ જે. ભોયે** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસે હું એ જાણવા માગું છું કે, છેલ્લા ત્રણ વર્ષ સુધી જે વિલંબ થયો એના કારણો શું ? કારણ કે, નંબર-વન સરકાર જ્યારે એમ કહેતી હોય કે, ગુજરાતમાં નંબર-વન સરકાર છે ત્યારે ત્રણ- ત્રણ વર્ષો સુધી જ્યારે આ પ્રશ્ન ગરીબ લોકોનો અને બાકી રહેતા હોય એ બાબતે જવાબદારી કોની અને કયા કારણોસર આ વિલંબ થયો એ હું જાણવા માગું છું.

**શ્રી રમણલાલ વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, આ એવોર્ડ ભા.જ.પ.ની સરકારમાં આપવાની શરૂઆત થઈ છે, જ્યાં સુધી ભા.જ.પ.ની સરકાર ૧૯૯૫માં આવી એ પહેલાં દસાડાના દફતરમાં આખી સરકારમાં કયાંય ડૉ. બાબાસાહેબ આંબેડકરનું નામ નહતું, આ સરકારે ડૉ. બાબાસાહેબ આંબેડકરના તમામ કુટુંબીજનો સાથે કોઈને કોઈ યોજના અમે શરૂ કરી અને એટલા માટે આ ડૉ. બાબાસાહેબ આંબેડકરની, મેં અગાઉ કહ્યું એ પ્રમાણે ૨૯-૪-૨૦૦૫ના રોજ આ નામોનું ફાયનલ થયું છે એટલે હવે પછીની જન્મ જયંતીના દિવસે આ એવોર્ડ આપવામાં આવશે.

## મહેસાણા જિલ્લામાં તાલુકાવાર દબાણો

***૧૪૫૧૦ શ્રી નારાયણભાઈ લ. પટેલ (ઉંઝા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

(૧) ડિસેમ્બર-૨૦૦૫ના અંતે મહેસાણા જિલ્લાની ગ્રામ પંચાયતોમાં દબાણો રજિસ્ટરે તાલુકાવાર કેટલા દબાણો નોંધવામાં આવેલ છે,

(૨) કેટલા દબાણો દૂર થયાં અને,

(૩) બાકીના દબાણો કયારે દૂર થશે?

**પંચાયત મંત્રીશ્રી :**

(૧) ડિસેમ્બર-૨૦૦૫ના અંતિત મહેસાણા જિલ્લાના તાલુકાવાર દબાણ રજિસ્ટરે નોંધાયેલ દબાણો નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | દબાણોની સંખ્યા |
|---|---|---|
| ૧. | બેચરાજી | ૭૫૧ |
| ૨. | મહેસાણા ૪૪૫૨ | |
| ૩. | વિસનગર ૧૩૩૭ | |
| ૪. | વિજાપુર | ૬૨૮ |
| ૫. | સતલાસણા ૧૬૨ | |
| ૬. | ખેરાલુ | ૪૨૩ |
| ૭. | વડનગર | ૬૧૭ |
| ૮. | કડી | ૨૫૮૪ |
| ૯. | ઉંઝા | ૨૫૦૧ |

| કુલ | ૧૩૪૫૫ |
|---|---|

(૨) ૪૫૬

(૩) ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩ની કલમ-૧૦૫ હેઠળ દબાણો. અંગે ગ્રામ પંચાયતોને અધિકારો પ્રાપ્ત થયેલ છે. જે મુજબ કાર્યવાહી કરવા ગ્રામ પંચાયતોને જરૂરી સૂચનાઓ આપવામાં આવેલ છે.

**શ્રી નારાયણભાઈ લ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારા પહેલા પ્રશ્નના જવાબમાં માનનીય મંત્રીશ્રીએ જણાવ્યું છે કે ૧૩૪૫૫ દબાણો હતા એ દબાણોમાંથી ૪૫૬ આજની તારીખ સુધીમાં દૂર કરવામાં આવ્યાં.મારા બીજા પ્રશ્નમાં દબાણો દૂર કરવાની કામગીરીમાં પંચાયતના પદાધિકારીઓ અને દબાણકર્તા સાંઠગાંઠ કરી કોર્ટનો મનાઈહુકમ લાવ્યા છે અને આવો મનાઈહુકમ ઉઠાવવા છતાં પણ એ કામગીરી પૂર્ણ કરવામાં આવતી નથી. મારા ગામમાં મેં વારંવાર રજૂઆત કરી તેમ છતાં એ દબાણો દૂર થતા નથી. ત્રીજા પ્રશ્નમાં સરકારશ્રીએ સૂચના આપવા છતાં સરપંચના હોદ્દા ઉપરથી દૂર કરવામાં આવ્યા છે. તો કાયદો દરેકને લાગે એકલા સરપંચ ઉપર ન લાગે. તો દરેક પંચાયતને તમે સુપરસીડ કરવા માગો છો કે કેમ? અત્યાર સુધીમાં કેટલા સરપંચને અને કેટલી પંચાયતોને દૂર કરી?

**શ્રી ભરત બારોટ** : માનનીય અધ્યક્ષશ્રી, સુપ્રીમ કોર્ટે દિલ્હીમાં દબાણ વિરોધી જજમૅન્ટ આપીને શહેરમાં પણ દબાણ દૂર કરવાનું ચાલુ કર્યું છે. ગુજરાતમાં શહેરી વિકાસ વર્ષમાં આ દબાણ દૂર કરવા માટે રાજય સરકારે સઘન પ્રયત્નો કર્યા. રાજય સરકારનો પ્રયત્ન કોઈપણ જગ્યા ઉપર દબાણ થાય એને અટકાવવાનો છે એની આ બધી સાબિતી છે. ધારાસભ્યશ્રીએ જે લાગણી વ્યકત કરી એના અનુસંધાને એક જ વર્ષમાં ૪૫૬ દબાણો દૂર થયા. બાકીના દબાણો એમના સંદર્ભમાં ટૅક્નીકલ મુદ્દા છે એમને ખબર છે. એ પોતે પંચાયત મંત્રી હતા. પંચાયતને સુપરસીડ કરવી હોય, સરપંચને કાઢવા હોય તો એની જયુડીશીયલ પ્રક્રિયા છે. ગ્રામ વિકાસ કમિશ્નરને અપીલ કરવી પડે, સાંભળવા પડે, બધી પ્રક્રિયા કર્યા પછી એ દૂર થતાં હોય છે અને એમણે કહ્યા પછી ૬ સરપંચને દૂર કર્યા છે.

**શ્રી જગદીશ ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે જે દબાણો કરવાવાળા, માથાભારે વ્યકિત હોય, જરૂરિયાત ન હોય અને દબાણ કર્યું હોય, દબાણ કરીને ભાડા ખાતા હોય, રોડ રસ્તામાં હોય એવા દબાણો ચોક્કસ દૂર કરવા જોઈએ પણ જરૂરિયાતવાળા લોકોના દબાણો નિયત કરવા માગો છો કે કેમ? બીજો સવાલ એ છે કે આ દબાણની પ્રક્રિયામાં એકલું રાજકારણ છે. હું સાબિત કરીશ. મંત્રી પાસે બેસીને પણ આ વાત કરીશ કે અમુક જગ્યાએ અમુક વર્ગના લોકોના દબાણો દૂર કરવાની પ્રક્રિયા અમુક ચોકકસ તાલુકામાં ચોકકસ હિત ધરાવતા લોકો કરે છે. હું સાબિતી સાથે કહેવા માગું છું કે દબાણની પ્રક્રિયા પછી મહેસાણા તાલુકાના મેવડ ગામના એમના જ પક્ષના સરપંચ, ઉપસરપંચ પાછા પોતે દબાણ કરે એવી ફરિયાદનો પણ નિકાલ થતો નથી.

**શ્રી ભરત બારોટ** : વહીવટ અને વિકાસની દ્રષ્ટિએ કોઈ પાર્ટી કે એવું કાંઈ ધ્યાનમાં લેવામાં આવતું નથી. વહીવટમાં બેસે ત્યારે બંધારણમાં નિયમ છે કે વહીવટ કેમ ચાલે, સરકાર કેમ ચાલે અને પંચાયત ધારા પ્રમાણેના નિયમ છે. દબાણ કેવી રીતે હટાવી શકાય. પંચાયત અપીલ કરે છતાંપણ પછી દૂર થાય. કુલ મળીને વિકાસની વાતને ધ્યાનમાં રાખીને કામ કરનારી સરકાર છે. આખા દેશમાં પહેલીવાર રાજય સરકાર ગામના સંદર્ભમાં ગામનું આયોજન, ગામનો પ્લાન બને એ માટે આ વર્ષે રાજય સરકારે વિચાર કરીને કોઈપણ ગામનું હિત બાજુ પર પણ ગામનો નકશો બને. એના માટે આવતા દિવસોમાં વિચાર કરી રહી છે. આ કાયદેસર કરવા, કેવી રીતે કરવા એ માટે આવતા દિવસમાં રાજ્ય સરકાર વિચારશે.

**શ્રી ટપુભાઈ લીંબાસિયા** : મહેસાણા જિલ્લામાં ૧૩,૪૫૫ દબાણો છે, તે પૈકી જે દબાણમાં ખેતી કરવામાં આવતી હોય તેવા દબાણો કેટલા અને પડતર જમીન નવસાધ્ય કરવાના સરકારશ્રીના અભિગમ રૂપે આવા ખેડૂતોની જમીન રેગ્યુરલાઈઝ કરી આપવામાં આવશે કે કેમ?

**શ્રી ભરત બારોટ** : ખેતીની વિગતો માટે ફરીવાર નોટિસ આપે.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે જે ૪૫૬ દબાણો હટાયા, એ જ રીતે ઉંઝા મારા મત વિસ્તારમાં આવે છે. મારે મંત્રીશ્રીને પૂછવું છે કે જે રીતે દબાણો હટાવવામાં આવ્યા છે, ચોક્કસ કોઈ ગામ સુખી સંપન્ન હોય, કેટલાય સમયથી રાહતના પ્લોટ માટેની કેટલાય ટાઈમની દરખાસ્ત આવેલ હોય, છતાં દબાણ હોય એવા મારા મત વિસ્તારનાં બે ગામ એક વિંસોર અને બીજું લીંડી આ ગામના દબાણો હટાવવા માગો છો કે કેમ?

**શ્રી ભરત બારોટ** : ફરીવાર કહોને?

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : ઘણાં ગામ એવાં છે કે આખે આખા ગામે દબાણ કર્યુ હોય અને સરકાર પાસે નેઈમ કરવાની દરખાસ્ત પડી હોય છતા કેટલાય ટાઈમથી નિકાલ ન થતો હોય, એના કારણે ગરીબ

માણસોને આજે દબાણના કારણે પ્લોટ નથી મળતા માટે હું કહું છું કે મારા મત વિસ્તારના બે ગામ વિંસોર અને લીંડી એ ગામના દબાણો હટાવવા માગે છે?

**શ્રી ભરત બારોટ** : સૂચન છે અને વિચારી લેશે સરકાર. ( અંતરાય)

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિઆ** : સૂચન નથી. પ્રશ્ન પૂછ્યો છે કે આ બે ગામની અંદર દબાણ છે, એના કારણે પ્લોટ મળતા નથી. દબાણ દૂર કરવા માગો છો કે કેમ?

**શ્રી ભરત બારોટ** : મેં આગળ કહ્યું દબાણ હટાવવાની પ્રક્રિયા લાંબી છે. કવાસી જ્યુડિશિયલ હોય છે, પંચાયત ધારામાં ગામની પાસે સત્તા હોય છે. એ ન કરે તો સરપંચને દૂર કરવાની પ્રક્રિયા હોય છે. કાયદાકીય પ્રક્રિયા હોય છે. એક સાથે દૂર ન કરી શકાય.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિઆ** : સભ્યશ્રીની વાત એટલી છે કે બે ગામનાં દબાણો છે. પ્રક્રિયા કરીને દબાણો હટાવવા માગો છો કે કેમ? આટલી વાત હતી. સભ્યશ્રી રમીલાબેનનો બંગલો રાતોરાત તોડવા માટેનો હુકમ કલેકટરશ્રી કરી શકે, એમાં વાંધો નહિ. રાજકીય વાંધો હોય, એટલે ગરીબ માણસોનું નહિ કરવા દેવાનું?

**અધ્યક્ષશ્રી** : પ્લીઝ, પ્લીઝ બેસો. આમાં મારે વચ્ચે નહિ આવવું જોઈએ, છતાં માહિતી આપી દઉં. ગામડાઓમાં ગામઠાણના જે દબાણો હોય એ પંચાયતે દૂર કરવાના હોય છે. સીધો પ્રશ્ન આવતો નથી. નેકસ્ટ (અંતરાય) આખી પદ્ધતિ પંચાયતની છે. તમે પ્રશ્નને વળાંક નહિ આપો.

## મહેસાણા ખેતીવાડી માર્કેટયાર્ડ દ્વારા રાયડો, કપાસ અને એરંડાની આવક

***૧૪૩૫૬ શ્રી બલદેવજી ચં. ઠાકોર (કડી) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :

(૧) મહેસાણા જિલ્લામાં તાલુકાવાર ખેતીવાડી માર્કેટયાર્ડ દ્વારા છેલ્લા બાર માસમાં તા. ૩૧-૧૨-૨૦૦૫ની સ્થિતિએ રાયડો, કપાસ અને એરંડાની કેટલી આવક રહી છે અને

(૨) એ પૈકી સરકારે કેટલી ખરીદી કરી?

**કૃષિ મંત્રીશ્રી :**

(૧) મહેસાણા જિલ્લામાં તાલુકાવાર ખેતીવાડી માર્કેટયાર્ડ દ્વારા છેલ્લા બાર માસમાં તા. ૧-૧-૨૦૦૫ થી તા. ૩૧-૧૨-૨૦૦૫ ના સમય દરમ્યાન રાયડો, કપાસ અને એરંડાની આવક તાલુકાવાર પત્રક પ્રમાણે છે.

**પત્રક**

| તાલુકાવાર બજાર સમિતિનું નામ. | રાયડો | | કપાસ | | એરંડા | |
|---|---|---|---|---|---|---|
| | આવક ક્વિ. | કિંમત રૂા. લાખમાં | આવક ક્વિ. | કિંમત રૂા. લાખમાં | આવક ક્વિ. | કિંમત રૂા. લાખમાં |
| કડી | ૪૧૩૯૩ | ૬૩૧.૨૪ | ૧૯૧૭૨૦ | ૩૦૯૩.૨૬ | ૧૪૩૪૮૩ | ૨૨૨૩.૯૮ |
| બેચરાજી | ૪૧૪૨૯ | ૬૬૪.૫૧ | ૩૦૦૩ | ૫૧.૦૬ | ૧૭૯૧૨ | ૨૭૪.૬૪ |
| વિસનગર | ૨૨૦૨૬૫ | ૨૯૪૪.૧૫ | ૨૮૨૫૬૬ | ૪૧૫૨.૨૫ | ૨૦૭૦૯૮ | ૩૨૫૭.૪૬ |
| વિજાપુર | ૩૨૫૨૭ | ૪૭૧.૬૪ | ૪૭૫૬૩૭ | ૯૦૩૭.૧૦ | ૯૧૧૨૪ | ૧૩૬૬.૮૬ |
| મહેસાણા | ૮૪૭૦૨ | ૧૨૭૮.૧૭ | ૧૫૭૬ | ૨૮.૬૫ | ૩૪૫૧૩ | ૫૪૧.૭૯ |
| ઉંઝા | ૨૮૦૮૭૭ | ૪૨૬૯.૩૩ | -- | -- | ૧૧૩૬૮૭ | ૧૬૮૮.૨૫ |
| વડનગર-ખેરાલુ | ૪૩૯૮ | ૬૨.૨૪ | ૨૨૬૫ | ૧૧.૯૭ | ૨૪૮૯૬ | ૩૮૭.૧૮ |
| ઉનાવા | ૦૬ | ૦.૦૮ | ૨૦૪ | ૩.૬૭ | -- | -- |
| **કુલ :-** | **૭૦૫૫૯૭** | **૧૦૩૨૧.૩૬** | **૯૫૬૯૭૧** | **૧૬૩૭૭.૯૬** | **૬૩૨૭૧૩** | **૯૭૪૦.૧૬** |

**શ્રી બલદેવજી ચં. ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આ આપની આ છત્રીસની છાતીવાળી દેવાદાર સરકાર નં. ૧ ખેડૂતોને પોષણક્ષમ ભાવો મળી રહે તે માટે કપાસ, એરંડા અને રાયડાની ખરીદી કરવા માગે છે કે કેમ? બીજો પ્રશ્ન માર્કેટ યાર્ડમાં સરકારશ્રીના નીતિનિયમો પ્રમાણે જે સેસ ઉઘરાવવામાં આવે છે તે ઉચ્ચક રકમથી ઉઘરાવવામાં આવે છે કે ખરીદી ઉપર ઉઘ રાવવામાં આવે છે?

**શ્રી સી.ડી. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ સરકાર નં.૧ છે હું એ જે કહે છે તેના જવાબરૂપે કહું છું સ્પષ્ટ વાત છે. ભારત સરકારના ટેકાના ભાવની યોજના હેઠળ રાજય સરકાર જે તે સમયે પ્રવર્તમાન બજાર ભાવ કરતાં ટેકાના બજારભાવ નીચા હશે તો ભારત સરકારના નિયમોને આધીન આ સરકાર તે પાક ખરીદશે. તેમાં કોઈ શંકાને સ્થાન નથી. મેં સ્પષ્ટ કહ્યું છે કે ભારત સરકારના ટેકાના ભાવની યોજના હેઠળ જે પાકનો સમાવેશ થાય છે અને જે તે સમયે પ્રવર્તમાન ભાવ ટેકાના બજારભાવ કરતાં ઓછા ભાવ હશે તો સરકારની યોજના મુજબ કેન્દ્ર સરકારની યોજના મુજબ આ સરકાર ખરીદી કરે છે અને કરશે.

**શ્રી જગદીશ ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જવાબ આપ્યો છે કે રાજય સરકાર જરૂર લાગશે તો ખરીદી કરશે. આ કપાસ આટલો ઉત્પન્ન થાય કે ભારત સરકાર ખરીદી કરે, બીજા રાજયો પણ આ ખરીદીમાં ખેડૂતોને વધારાના ભાવો મળી રહે તેવી વ્યવસ્થા કરે, ભૂતકાળમાં ગુજરાતની સરકારે આવી વ્યવસ્થાઓ કરી હતી. ચીનના વેપારીઓ સુરેન્દ્રનગરમાં આવે એટલો સારો કપાસ ખેડૂત પકવે. આ રાજય સરકાર તેમાં કોઈપણ જાતનો રૂપિયો આપ્યા વગર ઉજવણી અને વધામણીઓ કરતાં જો તેમાં પૈસા વધારે આપીને ખેડૂતોને ઉપયોગી થવા માગે છે કે કેમ?

**શ્રી સી.ડી. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, કપાસના ભાવ ટેકાના ભાવની પરિયોજનામાં સમાવિષ્ટ થાય છે. ભૂતકાળમાં મહેસાણા અને વિજાપુર કેન્દ્ર ઉપર સકારે આ ટેકાના ભાવની યોજના નીચે ખરીદીની પ્રક્રિયા શરૂ કરી હતી. પરંતુ તે સમયે ખેડૂતોને કપાસના ટેકાના ભાવ કરતાં બજાર ભાવ પોષણક્ષમ મળી શકતા હોવાથી ખરીદી કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થયો નથી.

**અધ્યક્ષશ્રી** : માનનીય રણછોડભાઈ, પુંજાભાઈ બેસો. બીજા સભ્યો પણ છે. આ ગૃહમાં ૧૮૨ સભ્યો છે. બીજા સભ્યો ન બોલ્યા હોય તેમને ચાન્સ આપવો પડે.

**શ્રી રણછોડભાઈ ચ. ફળદુ** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આ ટેકાના ભાવે આ ખેતીના પાકોની ખરીદી કરવાની બાબત ખૂબ સરાહનીય છે. પ્રશ્ન ક્રમાંક-૨ માં કહ્યું આ પૈકી સરકારે કેટલી ખરીદી કરી છે? તો તેમાં જવાબ આપ્યો છે ના જી. પરંતુ મહેસાણા જિલ્લામાં રાયડાની ખરીદી કરવામાં આવેલ છે કે કેમ? અને જો રાયડાની ખરીદી કરવામાં આવી હોય તો કઈ સંસ્થાઓ પાસેથી ખરીદી કરવામાં આવી છે. સરકાર પાસે કોઈ ગેરવહીવટ થયો હોય તેવી ફરિયાદ આવેલ છે અને જો આવી ફરિયાદ આવી હોય તો કોઈ એજન્સીને તે બાબતની તપાસની કામગીરી સોંપવામાં આવેલ છે કે કેમ અને આ તપાસની અત્યારે શું સ્થિતિ છે તે આપના માધ્યમથી આ ગૃહને જણાવે.

**શ્રી સી.ડી. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, રાયડાની ખરીદી મહેસાણા જિલ્લામાં ૨૦૦૪-૦૫માં થઈ હતી. ભારત સરકારના ભાવોની અંતર્ગત યોજના નીચે ત્યાં ખરીદી થઈ હતી. કુલ ત્રણ સંસ્થાઓ કે જે સંસ્થાઓ દ્વારા આ સરકારની મંજૂરી છે તેમાં એફસીઆઈ, નાફેડ અને સીસીઆઈ. તેમાં રાયડાની ખરીદી ગ્રોફેડ દ્વારા તેના અંતર્ગત આવતી ગુજકોમાસોલ દ્વારા કરવામાં આવેલ છે. તેમાં ગેરરીતિ અંગેની ફરિયાદ મળેલ છે. આ ફરિયાદની સમીક્ષા માનનીય કૃષિમંત્રીશ્રીના અધ્યક્ષપદ નીચે તા. ૧૪-૧૨-૨૦૦૫ના રોજ થઈ હતી. આ સમીક્ષા દરમ્યાન જે જે ફરિયાદો આવી છે તે ફરિયાદોને જિલ્લા રજીસ્ટ્રારશ્રીને ફરિયાદી તરીકે ઓથોરાઈઝડ કરી અને કયાંય પણ ગેરરીતિ માલૂમ પડશે ત્યાં સંપૂર્ણપણે તેની સામે સરકાર કાયદેસરના પગલાં ભરશે અને આ સરકાર આવું ખોટું કરવાવાળાને, ખેડૂતોના નામે ખેડૂતોનું અહિત કરનારને છોડશે નહીં તેની હું આ ગૃહમાં ખાતરી આપું છું.

**શ્રી નારાયણભાઈ લ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ બીજા પ્રશ્નના જવાબમાં નાજી કહ્યું છે અને હવે જવાબમાં જણાવે છે કે રાયડાની ખરીદી કરી હતી. ૨૦૦૪-૦૫માં તો રાયડાની અને કપાસની કેટલા ક્વિન્ટલ ખરીદી કરવામાં આવી તે મને જણાવે.

**શ્રી સી.ડી. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, બીજો જે પ્રશ્ન પૂછવામાં આવ્યો છે એ સ્વયં સ્પષ્ટ છે કે મહેસાણા જિલ્લામાં રાજય સરકારે કેટલી ખરીદી કરી હતી, એનો જવાબ સ્પષ્ટ છે કે રાજય સરકારે કોઈ ખરીદી કરી નથી. માનનીય અધ્યક્ષશ્રી, આ ખરીદી કેન્દ્રની અંતર્ગત યોજના નીચે ટેકાના ભાવથી ખરીદી કરવામાં આવે છે તે સમયે ગત વર્ષમાં રાયડાની જે વાત કરવામાં આવે છે તે રાયડાની જે ખરીદી થઈ છે એની નોંધ અને પત્રક મૂકેલ છે. જ્યારે કપાસના ભાવો પ્રવર્તમાન બજાર કિંમતે ટેકાના ભાવથી ઊંચા હોવાથી ખરીદીનો પ્રશ્ન થયો નથી. એરંડાની જે વાત કરવામાં આવે છે તો એમાં સ્પષ્ટ છે કે ભારત સરકારના આ મંજૂરી માટેના નિયમોને આધીન એરંડામાં સ્પષ્ટ છે કે, એ સંપૂર્ણ આહાક સામૂહિક પોષણ ભાવ સમ ન હોવાને કારણે કેન્દ્ર સરકારે એરંડાનો સમાવેશ કરેલ નથી એટલે બીજો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## ઉમરગામ ખાતે ફીશીંગ બંદર બનાવવાની કામગીરી

***૧૪૭૦૦ શ્રી શંકરભાઈ મં. વારલી (ઉંમરગામ) : માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

વલસાડ જિલ્લાના ઉમરગામ ખાતે ફીશીંગ બંદર બનાવવાની કામગીરી તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ કયા તબક્કે છે અને તે કેટલા સમયમાં પૂર્ણ થશે ?

**મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી :**

ઉમરગામ ખાતે મત્સ્ય બંદર બનાવવા માટે આયોજન કરી લે આઉટ પ્લાન બનાવવામાં આવેલ છે.પ્રોજેક્ટ રીપૉર્ટની કામગીરી હાથ ઉપર લેવામાં આવેલ છે. ભારત સરકારની મંજૂરી પછી ગત

વર્ષમાં કામગીરી પૂર્ણ કરવાનું આયોજન છે.

**શ્રી શંકરભાઈ મં. વારલી :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગું છું કે, આ ફીશીંગ બંદર બનાવવા માટે લે આઉટ પ્લાન ક્યારે બનાવવામાં આવ્યો ? બીજો પ્રશ્ન એ છે કે, આ બંદર બનાવવા માટે કુલ પ્રોજૅક્ટ કોસ્ટ કેટલી અંદાજવામાં આવી છે, ત્રીજો પ્રશ્ન એ છે કે, આ અંગે પ્રોજૅક્ટ રિપૉર્ટ હાલ કયા તબક્કામાં છે અને ક્યારે પૂર્ણ કરાશે અને આ અંગે ભારત સરકારને રજૂઆત કરી છે કે કેમ અને જો કરી હોય તો ક્યારે અને આ ફીશીંગ બંદર બનવાથી રાજયને કેટલો ફાયદો થશે ?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, ઉમરગામ ખાતે મત્સ્યબંદર બનાવવાની પ્રક્રિયા ૧૯૯૯થી એના ફીઝીબીલીટી રિપૉર્ટ અને શકયતાદર્શી અહેવાલ તૈયાર કરવામાં આવ્યો છે, સ્થાનિક વિરોધને કારણે આખી બાબત સ્થગિત થઈ ગઈ છે, આ બંદર બને તો દક્ષિણ ગુજરાતના બધા માછીમારો જે અત્યારે સૌરાષ્ટ્ર આવે છે એના બદલે આ બધા માછીમારોને સૌરાષ્ટ્રમાં આવે છે તો મુંબઈ જવું પડે છે, આ બંદર બને તો માછીમારોને ત્યાં સગવડ મળી રહે પણ આનો સ્થાનિક માછીમારો દ્વારા જ વિરોધ થાય છે. આવી ત્રણ રજૂઆતો અમને નેશનલ પ્રોપર્ટી જસ્ટીસ હ્યુમન રાઈટ્સ, ચૂનીભાઈ વૈદ અને નારગોલ ગામના સ્થાનિક માછીમારોએ અમને એનો વિરોધ કરતી રજૂઆતો કરી છે, રાજય સરકારે એક કરતાં વધારે મીટિંગો કરીને સમજાવવાના પ્રયાસો પણ કર્યા છે, જાન્યુઆરી, માર્ચ, એપ્રિલ અને જુલાઇ-૨૦૦૫માં અધિકારી કક્ષાએ આ સમજાવવાની કોશિશ કરી છે એક મીટિંગમાં તો ધારાસભ્યશ્રી પણ હાજર હતા અને લાભ ખૂબ મોટા પ્રમાણમાં મેં કહ્યું એમ કે દક્ષિણ ગુજરાતના બધા માછીમારોને મહારાષ્ટ્રમાં જવું પડે છે એના બદલે સ્થાનિક બંદર થાય તો લાભ મળે. રાજય સરકારે ત્યાં જે શકય છે એવા ધોલાઈ, ઉમરગામ અને ભદેલી જગાવાલા આ ત્રણ બંદરોમાંથી એક ધોલાઈ બંદર ચૌદ કરોડના ખર્ચે એની કામગીરી ચાલુ છે.

**શ્રી લક્ષ્મણભાઈ બા. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ગયા વર્ષે પણ મેં આ જ પ્રશ્ન પૂછ્યો હતો અને ગયા વર્ષે જે જવાબ મળ્યો હતો એ જ જવાબ આજની પ્રશ્નોત્તરીમાં છે. ત્યારે માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, મંજૂરી માટે ગુજરાત સરકારે ભારત સરકાર પાસે એક વર્ષ દરમિયાન શી શી કાર્યવાહી કરી છે?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, મેં મારા જવાબમાં અગાઉ કહ્યું કે રાજય સરકારે મંજૂરી માટે સંપૂર્ણ કાર્યવાહી પૂરી કરી છે, ધારાસભ્યશ્રી જો એ સ્થાનિક વિરોધને અટકાવે અને વિરોધ કરતા બંધ થાય તો તાત્કાલિક આ કામગીરી ચાલુ થઈ શકે એમ છે.

**શ્રી લક્ષ્મણભાઈ બા. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન એ છે કે ભારત સરકાર સાથે મંજૂરી માટે એક વર્ષ દરમિયાન શું વાતચીત થઈ છે ?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, મંજૂરી માટે દરખાસ્ત અમે મોકલી છે.

### અઠવા કૃષિ ફાર્મની જમીન વેચવા અંગે

***૧૪૧૮૮ શ્રી મનીષ ન. ગીલીટવાલા (સુરત શહેર(પૂર્વ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) સુરત ખાતે અઠવા વિસ્તારમાં અઠવા કૃષિ ફાર્મની કુલ કેટલી જમીન છે,
(૨) આ જમીન બિન નિવાસી ભારતીયોને વેચવા સરકારે નક્કી કરેલ છે તે હકીકત સાચી છે, અને
(૩) જો હા, તો તેના કારણો શા છે અને શા ભાવે વેચાણ આપવાનું નક્કી થયેલ છે.

**કૃષિ મંત્રીશ્રી :**

(૧) ૧૦૧.૦૦ હેકટર જમીન
(૨) અને (૩) ઉપરોક્ત જમીન પૈકી અંદાજે ૬.૫ હેકટર જમીન પ્રવાસના હેતુ માટે બિન નિવાસી ભારતીયો તરફથી માગણી થયેલ છે, જે બાબત વિચારણા હેઠળ છે.

**શ્રી મનીષ ન. ગીલીટવાલા** : માનનીય અધ્યક્ષશ્રી, આ અઠવા કૃષિ ફાર્મની જમીન બિન નિવાસી ભારતીયને જે વેચવા અંગેનો નિર્ણય સરકારે કરેલ છે એ ૧૨૫ વર્ષ જૂની સંસ્થામાં કૃષિ સંશોધનનું કેન્દ્ર ચાલે છે જેમાં કપાસની વિવિધ જાતોનું સંશોધન થાય છે અને ત્યાં એમને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય એવોર્ડો પણ મળેલા છે. તો આ જ જમીન વેચવા માટે કેમ સરકારે નિર્ણય કર્યો છે, બીજી કોઈ જમીન નથી? કે આમાં કોઈનો •*(XXX) છે?

• (XXX) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

**અધ્યક્ષશ્રી** : (XXX) શબ્દ કાર્યવાહીમાંથી દૂર કરવામાં આવે છે.

**શ્રી મનીષ ન. ગીલીટવાલા** : માનનીય અધ્યક્ષશ્રી, (XXX) શબ્દ બિનસંસદીય નથી.

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, પોતાની ઈચ્છાનું પ્રતિબિંબ તો નથી પાડતાને? આ આખી બાબતમાં કોઈ નિર્ણય લેવાયો નથી. આખી બાબતમાં મેં જવાબમાં સ્પષ્ટપણે જણાવેલ છે કે, આખી બાબત વિચારણા હેઠળ છે.

**અધ્યક્ષશ્રી** : આ બાબત વિચારણા હેઠળ છે. માનનીય મંત્રીશ્રીએ આ જવાબ આપેલ જ છે.

**ડૉ. સી. જે. ચાવડા** : માનનીય અધ્યક્ષશ્રી, કૃષિ હસ્તકના ૫ કૃષિ ફાર્મ સમગ્ર ગુજરાતમાં અને મહેસાણા જિલ્લામાં કરણનગરમાં દર ચોરસ મીટરના ૧૦ હજાર રૂપિયાના ભાવે ૧૦૦ વિઘાનું ફાર્મ વેચાવાની પણ સરકાર વિચારણા કરી રહી છે. આ જમીનનો ભાવ દર ચોરસ મીટરના ૬૦ હજાર રૂપિયા ચાલે છે. આવી કિંમતી જમીન માટે કૃષિ રથ ફેરવીને આપણે એનો વિકાસ કરવો જોઈએ, એ કરો. એને બદલે વેચવાની વાત ચાલે છે એમાં સરકાર કોઈ નિયમ ઘડવા માગે છે કે કેમ? અથવા એમાં કોઈ ઉત્પાદન વધારવા માગે છે કે કેમ?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, સઘળી બાબત વિચારણા હેઠળ છે અત્યારે કંઈ કહેવું મુશ્કેલ છે. આમાં ઉદ્યોગ વિભાગ, મહેસૂલ વિભાગ, કૃષિ વિભાગ અને નાણા વિભાગ આ બધા વિભાગો સાથે મળીને નક્કી કરશે ત્યાર બાદ નિર્ણય લેવામાં આવશે.

**શ્રી બાલુભાઈ તંતી** : માનનીય અધ્યક્ષશ્રી, આ કૃષિ યુનિવર્સિટીનું ફાર્મ છે ૧૦૧ હેકટર જેટલું એની અંદર માનનીય સભ્યશ્રીએ કહ્યા મુજબ કપાસનો જિલેટિક પ્લાન્ટ છે એ વર્ષો જૂનો છે એ સંશોધન ક્ષેત્રે ઉપયોગમાં કૃષિ યુનિવર્સિટી દ્વારા લેવામાં આવતો હતો. ખેડૂતોને માટે નજીકનું સ્થળ હોય, ખેડૂતો એની મુલાકાત અવાર-નવાર લઈ શકે એવી સગવડ હતી અને આ અગાઉ પણ કૃષિ યુનિવર્સિટીના બોર્ડ ઓફ મેનેજમેન્ટ દ્વારા આ ફાર્મ કોઈ સંજોગોમાં કૃષિ યુનિવર્સિટીથી અલગ ન કરવું અને કૃષિ યુનિવર્સિટી પાસે જ રહેવા દેવું એવો ઠરાવ થયેલ છે કે કેમ?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, સઘળી બાબત કોઈ નિર્ણય થયો હોય તો એનો જવાબ હું આપી શકું પણ સઘળી બાબત હજુ વિચારણા હેઠળ છે. એટલે માનનીય અધ્યક્ષશ્રી, આખી બાબત વિચારણા હેઠળ છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિઆ** : માનનીય અધ્યક્ષશ્રી, મારે એક જ મુદ્દાની વાત કરવી છે..(અંતરાય)

**અધ્યક્ષશ્રી .** : આમાં માનનીય મંત્રીશ્રીએ એમનો જે જવાબ છે એ સુધારવા માટે મને વિનંતી કરેલ, મેં એ વિનંતીનો સ્વીકાર કરેલ. એમણે પહેલાં જ કહેવું જોઈએ કે મેં જવાબમાં આ સુધારો કર્યો છે. એ એમણે કહ્યું નથી. એ હું તમારી સમક્ષ મૂકું છું. 'ઉપરોકત જમીન પૈકી અંદાજે ૬.૫ હેકટર જમીન પર્યટન હેતુ માટે બિન નિવાસી ભારતીય તરફથી માગણી થયેલ જે બાબત વિચારણા હેઠળ છે."

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિઆ** : માનનીય અધ્યક્ષશ્રી, આમાં છાપેલ છે કે, (અંતરાય) નરોત્તમ કાકા એની વાત નથી. મારી વાત એટલી જ છે કે, માનનીય કૃષિ મંત્રીશ્રીએ ગયે વખતે એવી ખાતરી આપી હતી કે આ પ્રકારનું કોઈ ફાર્મ વેચાશે નહીં. ગયા વર્ષે માનનીય કૃષિ મંત્રીશ્રીએ ખાતરી આપેલ હતી. આજ પ્રકારનો પ્રશ્ન હતો કે જે કૃષિ ફાર્મ ગુજરાતમાં છે એ વેચવા ન જોઈએ અને કૃષિ યુનિવર્સિટી માટે આ ફાર્મ એના સંશોધનના હેતુ માટે અનામત રાખવા જોઈએ. આ ૧૦૧ હેકટરનું ફાર્મ છે એ આ પ્રકારનું ફાર્મ સરકારે લેવું હોય તો કયારેય એ ફરી મળી શકવાનું નથી. એટલે ઔદ્યોગિક કે વેપારી હેતુ માટે એનું પરિવર્તન થાય એ ગુજરાતના હિતોને સૌથી મોટું નુકશાન છે, એટલા માટે ગયા વખતે પણ માનનીય કૃષિમંત્રીશ્રીએ ખાતરી આપી હતી અમને અહીંયા જ બેસીને કે આ પ્રકારના કૃષિ ફાર્મ વેચાશે નહિ. માનનીય સભ્યશ્રી ડો. ચાવડાએ જે વાત કરી એ પ્રમાણે આ પ્રકારના ફાર્મ વેચાઈ રહ્યા છે, એનું પરિવર્તન થઈ રહ્યું છે અને સરકાર એમ કહે છે કે લેબ ટુ લેન્ડ પ્રોગ્રામ કરવા છે પણ જો પ્રયોગો નહિ થયા હોય આ કાર્યક્રમ ફક્ત કાગળ પર જ રહેવાના છે. માનનીય મંત્રીશ્રી ખાતરી આપે કે આ પ્રકારના ફાર્મ અમે વેચવાના નથી તો અમારે બીજા કોઈ રાજકીય અવલોકન કરવાં નથી.

**અધ્યક્ષશ્રી** : માનનીય અશોકભાઈ, (અંતરાય) પ્લીઝ, પ્લીઝ,

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વિરોધપક્ષના નેતાશ્રી આવી ખાતરીનું દબાણ કરે આ વાત તો વ્યાજબી નથી. આમાં મેં જણાવ્યું તેમ નિર્ણય થયો નથી, વિચારણા હેઠળ છે એટલે કોઈપણ નિર્ણય થઈ શકે છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિઆ** : માનનીય અધ્યક્ષશ્રી, એ નિર્ણય ગુજરાતના હિતમાં નહિ હોય..

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, બહુ સ્પષ્ટ જવાબ આપ્યો છે. પ્રશ્ન વિચારણા હેઠળ છે. (અંતરાય) પ્રશ્ન વિચારણા હેઠળ છે. કોઈપણ સભ્ય કોઈપણ મંત્રીશ્રીને આવી ખાતરી આપવા માટેનું દબાણ કરી શકે નહિ કે આ પ્રકારનો જ જવાબ આપે. માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ (અંતરાય) નહિ નહિ..

માગણી આવી છે આ વાત કહી છે એમણે અને માનનીય મંત્રીશ્રીએ કહ્યું છે કે માગણી વિચારણા હેઠળ છે વિચારણામાં 'હા' પણ થાય અને 'ના' પણ થાય, એમને રક્ષણ આપવું જ જોઈએ.

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, આ બાબત વિચારણા હેઠળ છે, પછી તો (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : પ્લીઝ પ્લીઝ, (અંતરાય) જગદીશભાઈ બેસો, માનનીય સભ્યશ્રીઓ, અહીંયા માનનીય મંત્રીશ્રીએ તમને ખુલ્લા દિલે જવાબ આપ્યો છે (અંતરાય) પ્લીઝ બેસી જાઓ, બેસો બધા પ્લીઝ, અહીંયા એમણે જે જવાબ આપ્યો છે (અંતરાય) ભાઈ પ્લીઝ, અહીંયા જે જવાબ આપ્યો છે જે જવાબ માહિતીસભર જવાબ છે એમાં સહેજ પણ શંકા કર્યા સિવાય એમાં જે વિગતો છે એનો વિગતવાર જવાબ માનનીય મંત્રીશ્રીએ મૂક્યો છે, આ જવાબમાં કોઈ કચાશ લાગતી હોય તો આપણે બૂમો પાડી શકીએ, એટલે આ પ્રશ્નનો જવાબ છે એ સાચો જવાબ છે, બહુ સ્પષ્ટ જવાબ છે. નેકસ્ટ.. (અંતરાય)

**(આ તબક્કે વિરોધપક્ષના નેતાશ્રી સહિત સભાગૃહમાં ઉપસ્થિત રહેલા વિરોધપક્ષ-કોંગ્રેસના તમામ સભ્યશ્રીઓ સભાગૃહ છોડી ગયા)**

## અમદાવાદ જિલ્લામાં ખેડૂત ખાતેદારનું મૃત્યુ થતાં વળતર

***૧૫૫૮૧ શ્રી કાંતિભાઈ રા. લકુમ (બાવળા)** : **માનનીય કૃષિમંત્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તારીખ ૩૧-૧-૨૦૦૬ની સ્થિતિએ છેલ્લાં એક વર્ષમાં અમદાવાદ જિલ્લામાં ખેડૂત ખાતેદારોને અકસ્માતે મૃત્યુ થાય કે ઈજા થાય તે વળતર ચૂકવવા વીમા યોજના છે તે કઈ વીમા કંપની કામગીરી કરે છે,

(૨) આ વીમા કંપની દ્વારા કેટલા કેસો થયાં, અને

(૩) કેટલા કેસોને નાણાં ચૂકવ્યા અને કેટલા કેસો પડતર છે, આ બાકી કેસોમાં ક્યારે નાણાં ચૂકવવામાં આવશે?

**કૃષિ મંત્રીશ્રી :**

(૧) આઈ.સી.આઈ.સી.આ. લોમ્બાર્ડ જનરલ ઈન્સ્યોરન્સ કંપની લિમિટેડ, અમદાવાદ

(૨) આ વીમા કંપનીને છેલ્લા એક વર્ષમાં કુલ ૩૦ દાવા અરજીઓ મળેલ છે,

(૩) ૮ કેસોને નાણાં ચૂકવાયેલ છે અને ૧૪ કેસો પડતર છે, વીમા કંપની દ્વારા દાવાઓની ચકાસણી પૂર્ણ થયે મંજૂર થવા પાત્ર દાવાઓની ચૂકવણી કરશે.

**શ્રી કાંતિભાઈ રા. લકુમ** : માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્નની ત્રીજી કોલમમાં આપ્યું છે કે ૮ કેસોને નાણાં ચૂકવાયા છે અને ૧૪ કેસો પડતર છે. વીમા કંપની દ્વારા ચકાસણી પૂર્ણ થયે મંજૂર કરવામાં આવશે તેમ કુલ ૨૨ કેસો થાય છે અને કુલ ૩૦ અરજીઓ થયેલી છે. તો ૮ કેસો કયા સ્ટેજે છે અને કેટલું પ્રીમિયમ સરકારે ચૂકવ્યું અને કેટલા દાવા ચૂકવ્યા ? ત્રીજો પ્રશ્ન મારો એ છે કે, અગાઉની કંપનીઓએ પણ જે કેસો કર્યા હતા તેમાં અમુક કેસો બાકી છે. એફ.આઈ.આર.ની નકલ, પી.એમ.રિપોર્ટ તમામ કાગળો પૂર્તતા હોવા છતાંય આ કેસોને નામંજૂર કરવામાં આવે છે અને જિલ્લા સંકલનમાં કલેકટર કચેરીમાં તેમને બોલાવવામાં આવે છે છતાં પણ તે લોકો હાજર રહેતા નથી.

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, અત્યાર સુધી જે પ્રીમિયમ ચૂકવવામાં આવ્યું છે તે ૨૦૦૩-૦૪ના ગાળા દરમિયાન ૩ કરોડ ૫૭ લાખ અને ૫૮ હજાર રૂપિયા અને વીમા કંપનીએ સામે દાવા જે ચૂકવ્યા છે ૪ કરોડનાં. ૦૪-૦૫માં ૫ કરોડ ૫૭ લાખ રૂપિયા અને દાવા ચૂકવણી થઈ છે ૩ કરોડ ૬૮ લાખ રૂપિયા. ચાલુ વર્ષમાં આપણે પ્રીમિયમ ચૂકવ્યું છે ૩ કરોડ ૪૦ લાખ રૂપિયા અને તેની ચૂકવણીના સ્ટેજીસ હવે શરુ થયા છે. આમાં અલગ અલગ પુરાવાના અભાવે તે ચકાસણી હેઠળ રાખવામાં આવેલ છે. કોઈ કેસમાં પંચનામું ના હોય, એફ.આઈ.આર.ના હોય, પોલીસ રિપોર્ટ ના હોય, કુટુંબના સભ્યોના નાવાંધા ના હોય આ બધી ચકાસણીમાં વિભાગ લેવલે અને મારી કક્ષાએ અત્યારસુધીમાં ૬ થી વધારે બેઠકો થઈ છે અને આ બધી કંપનીઓને વારા ફરતી બોલાવીને ઝડપથી આનું નિરાકરણ આવે તે માટે પ્રયત્નો રાજય સરકાર દ્વારા કરવામાં આવી રહ્યા છે.

**શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા** : માનનીય અધ્યક્ષશ્રી, ગયા વિધાનસભા સત્રમાં પણ મેં ખેડૂત અકસ્માત વીમા માટે આ જ પ્રશ્ન કર્યો હતો. કરમદીયા ગામનાં મહુવા તાલુકાના ખેડૂતોને ખાતેદાર નથી એવો જવાબ વિધાનસભામાં મળ્યો હતો. હું તેના પછી લડયો અને ૫૦ હજાર રૂપિયા ચૂકવાયા અને ૫૦ હજાર બાકી છે. મારે મંત્રીશ્રીને એ પૂછવું છે કે એ જ્યારે ૫૦ ટકા કરતાં વધારે કેસો બે વર્ષ ઉપરાંતથી બાકી છે ભાવનગર અને અમરેલી બન્નેમાં ત્યારે જયારે અરજીની ચકાસણી કરીએ છીએ ત્યારે કેમ બધી પૂર્તતા આપણે નથી કરી લેતા. આપણે જ્યારે નાગરિક અધિકારપત્ર હેઠળ આ જોગવાઈઓ છે તો શું કામ નથી કરતાં ? અને આવી કોઈ

બાકી ખાતરીબંધ એકપણ કેસ જેન્યુન હોય અને પડયા ના રહે તે માટેની કમિટીની રચના સરકારશ્રી કરવા માગે છે કે કેમ ?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, કમિટીની રચના કરવાની કોઈ જરૂર નથી. હું જાતે જ વીમા કંપનીને બોલાવું છું અને કોઈકવાર માનનીય ધારાસભ્યશ્રી કોઈ જેન્યુન કેસ લઈને આવે છે તો માનનીય ધારાસભ્યશ્રી, અમારો વિભાગ અને વીમા કંપનીઓના અધિકારીઓની સાથે બેસીને તે એકે એક કેઈસ ટુ કેઈસનો નિર્ણય કરવામાં આવે છે. જે કેઈસની વાત કરવામાં આવે છે માનનીય સભ્યશ્રી દ્વારા તે કેસમાં પચાસ ટકા રકમ જો ચૂકવાઈ ગઈ હશે તો બાકીની પચાસ ટકા રકમ સત્વરે ચૂકવવા માટેની કાર્યવાહી કરવામાં આવશે. શકય છે કે તે ઈન્જર્ડ હોય જો મૃત્યુ સર્ટિફિકેટ હોય તો લાખ રૂપિયા મળી જ જાય.

**શ્રી બેચરભાઈ વી. ભાદાણી** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માંગુ છું કે,આ આઈ.સી.આઈ.સી.આઈ.કંપની જે છે તે ખોટી રીતે આ વીમાના કેસીઝ ના ચૂકવવા પડે એટલા માટે પરત કરે છે આ વાત સાચી છે ?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, આ વાત ખોટી છે અને ગૃહના કોઈપણ ધારાસભ્યને.

**અધ્યક્ષશ્રી :** પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

# અતારાંકિત પ્રશ્નો
# (તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

### કચ્છ જિલ્લામાં વોટરશેડ માટે ફાળવેલ રકમ

૧૪૯૬૧ **શ્રી છબીલદાસ ના. પટેલ (માંડવી) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લામાં તા.૩૧-૧-૦૬ની સ્થિતિએ વોટરશેડના મંજૂર થયેલા કામો માટે ફાળવાયેલી રકમનો છેલ્લા ત્રણ નાણાકીય વર્ષમાં પુરો ઉપયોગ થયો નથી તે હકીક્ત સાચી છે,

(૨) જો હા, તો આ સમયગાળા દરમ્યાન કેટલી રકમની ફાળવણી સામે ક્યા ક્યા તાલુકામાં કેટલું ખર્ચ થયું, અને

(૩) તા.૩૧-૧-૦૬ની સ્થિતિએ તાલુકા દીઠ કેટલા કામો અન્વયે ફાળવાયેલી રકમમાંથી કેટલા કામો પૂર્ણ થયા ?

**જવાબ**

(૧) અંશતઃ હકીક્ત સાચી છે.

(૨) કચ્છ જિલ્લામાં ત્રણ નાણાંકીય વર્ષ દરમ્યાન કુલ રૂા. ૫૯૮૮.૩૩ લાખની ફાળવણી સામે કુલ રૂા. ૪૭૦૯.૪૭ લાખનો ખર્ચ થયેલ છે. જેની તાલુકાવાર વિગતો પત્રક--અ માં સામેલ છે.

(૩) તા. ૩૧/૧/૦૬ની સ્થિતિએ કુલ ૫૮૮૮ કામો મંજૂર કરવામાં આવ્યા, તે પેકી ૫૭૧૫ કામો પૂર્ણ થયેલ છે. જેની વિગતો પત્રકબ માં સામેલ છે.

**પત્રક-અ**

| ક્રમ | તાલુકાનું નામ | ઉઘડતી સિલક ૨૦૦૨-૦૩ | ફાળવેલ ગ્રાન્ટ રૂા. લાખમાં | | | કુલ ફાળવેલ ગ્રાન્ટ | ઉપલબ્ધ ફંડ | થયેલ ખર્ચ રૂા. લાખમાં | | | કુલ ખર્ચ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | ૨૦૦૨-૦૩ | ૨૦૦૩-૦૪ | ૨૦૦૪-૦૫ | | | ૨૦૦૨-૦૩ | .૦૦૩-૦૪ | ૨૦૦૪-૦૫ | |
| ૧ | ભુજ | ૩૩૦.૭૭ | ૭૭૭.૮૦ | ૪૩૫.૬૫ | ૩૦૮.૩૮ | ૧૫૨૧.૮૩ | ૧૮૫૨.૬૦ | ૬૩૮.૨૭ | ૫૬૦.૬૩ | ૩૧૫.૮૮ | .૫૧૪.૭૮ |
| ૨ | રાપર | ૧૫૬.૧૮ | ૩૨૩.૧૯ | ૨૪૭.૫૦ | ૨૦૦.૬૯ | ૭૭૧.૩૮ | ૯૨૭.૫૬ | ૨૨૮.૭૪ | ૩૩૩.૨૮ | ૧૯૯.૯૦ | ૭૬૧.૯૨ |
| ૩ | માંડવી | ૭૮.૦૯ | ૧૯૨.૯૬ | ૧૦૯.૦૦ | ૮૮.૦૦ | ૩૮૯.૯૬ | ૪૬૮.૦૫ | ૧૬૨.૩૯ | ૧૫૦.૭૪ | ૭૫.૬૩ | ૩૮૮.૭૬ |
| ૪ | અંજાર | ૬૯.૮૭ | ૯૧.૨૦ | ૭૪.૩૦ | ૮૪.૧૭ | ૨૪૯.૬૭ | ૩૧૯.૫૪ | ૬૫.૪૨ | ૧૦૮.૩૧ | ૬૫.૧૩ | ૨૩૮.૮૬ |
| ૫ | નખત્રાણા | ૧૦૨.૭૫ | ૨૧૯.૩૬ | ૧૪૧.૧૪ | ૧૨૬.૨૫ | ૪૮૬.૭૫ | ૫૮૯.૫૦ | ૧૫૫.૩૯ | ૧૯૩.૯૫ | ૧૪૪.૩૩ | ૪૯૩.૬૭ |
| ૬ | અબડાસા | ૨૩૫.૬૭ | ૩૫૬.૪૫ | ૧૨૨.૨૯ | ૫૭.૭૮ | ૫૩૬.૫૨ | ૭૭૨.૧૯ | ૩૬૯.૫૯ | ૨૦૦.૭૫ | ૪૧.૦૯ | ૬૧૧.૪૩ |
| ૭ | ભચાઉ | ૧૩૧.૩૧ | ૧૫૧.૫૦ | ૧૯૧.૨૫ | ૧૭૫.૩૭ | ૫૧૮.૧૨ | ૬૪૯.૪૩ | ૧૬૬.૦૪ | ૧૮૧.૯૧ | ૧૭૭.૮૪ | ૫૨૫.૭૯ |
| ૮ | મુન્દ્રા | ૮૩.૫૫ | ૯૫.૯૯ | ૮૪.૫૪ | ૮૨.૯૪ | ૨૬૩.૪૭ | ૩૪૭.૦૨ | ૬૩.૯૯ | ૮૯.૮૮ | ૫૭.૧૮ | ૨૧૧.૦૫ |

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | ગાંધીધામ | ૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૧.૦૦ | ૧.૦૦ | ૧.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૧૦ | લખપત | ૧૬.૪૪ | ૪૩.૬૦ | ૦.૫૦ | ૧.૪૦ | ૪૫.૫૦ | ૬૧.૯૪ | ૩૨.૯૯ | ૯.૪૭ | ૧.૭૫ | ૪૪.૨૧ |
| **કુલ** | | **૧૨૦૪.૬૩** | **૨૨૫૨.૦૫** | **૧૪૦૬.૧૭** | **૧૧૨૫.૯૮** | **૪૭૮૪.૨૦** | **૫૯૮૮.૮૩** | **૧૮૮૨.૮૨** | **૧૮૨૮.૯૨** | **૧૦૭૮.૭૩** | **૪૭૯૦.૪૭** |

**પત્રક-બ**

**વર્ષ ૨૦૦૨૦૩ થી ૨૦૦૫-૦૬ (તા. ૩૧/૧/૨૦૦૬ અંતિત) વોટરશેડ યોજના હેઠળ કરેલ કામગીરી દર્શાવતું પત્રક**

| ક્રમ | તાલુકો | વર્ષ ૨૦૦૨-૦૩ | | વર્ષ ૨૦૦૩-૨૦૦૪ | | વર્ષ ૨૦૦૪-૨૦૦૫ | | વર્ષ ૨૦૦૫-૨૦૦૬ (૩૧-૧-૨૦૦૬)અંતિત | | કુલ કામોની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | મંજુર થયેલ કામોની સંખ્યા | પૂર્ણ થયેલ કામોની સંખ્યા | મંજુર થયેલ કામોની સંખ્યા | પૂર્ણ થયેલ કામોની સંખ્યા | મંજુર થયેલ કામોની સંખ્યા | પૂર્ણ થયેલ કામોની સંખ્યા | મંજુર થયેલ કામોની સંખ્યા | પૂર્ણ થયેલ કામોની સંખ્યા | મંજુર થયેલ કામોની સંખ્યા | પૂર્ણ થયેલ કામોની સંખ્યા | બાકી રહેતા કામોની સંખ્યા |
| ૧ | ભુજ | ૮૨૬ | ૮૨૬ | ૬૪૦ | ૬૪૦ | ૪૦૧ | ૪૦૧ | ૨૭૦ | ૨૪૨ | ૨૧૩૭ | ૨૧૦૯ | ૨૮ |
| ૨ | માંડવી | ૮૭ | ૮૭ | ૮૧ | ૮૧ | ૨૬ | ૨૬ | ૧૯ | ૧૯ | ૨૧૩ | ૨૧૩ | ૦ |
| ૩ | નખત્રાણા | ૧૭૦ | ૧૭૦ | ૧૮૬ | ૧૮૬ | ૨૮૧ | ૨૮૧ | ૧૨૨ | ૧૦૫ | ૭૫૯ | ૭૪૨ | ૧૭ |
| ૪ | રાપર | ૧૭૮ | ૧૭૮ | ૫૫૮ | ૫૫૮ | ૧૪૭ | ૧૪૭ | ૧૦૩ | ૮૯ | ૯૮૬ | ૯૭૨ | ૧૪ |
| ૫ | અંજાર | ૫૭ | ૫૭ | ૮૧ | ૮૧ | ૪૧ | ૪૧ | ૧૯૮ | ૧૬૬ | ૩૭૭ | ૩૪૫ | ૩૨ |
| ૬ | મુન્દ્રા | ૪૦ | ૪૦ | ૩૯ | ૩૯ | ૪૮ | ૪૮ | ૮૮ | ૬૧ | ૨૧૫ | ૧૮૮ | ૨૭ |
| ૭ | ભચાઉ | ૧૨૬ | ૧૨૬ | ૨૧૯ | ૨૧૯ | ૧૭૦ | ૧૭૦ | ૯૪ | ૮૬ | ૬૦૯ | ૬૦૧ | ૮ |
| ૮ | લખપત | ૧૬ | ૧૬ | ૫ | ૫ | ૨ | ૨ | ૮ | ૮ | ૩૧ | ૩૧ | ૦ |
| ૯ | અબડાસા | ૨૪૪ | ૨૪૪ | ૧૪૯ | ૧૪૯ | ૨૮ | ૨૮ | ૧૨૩ | ૮૫ | ૫૪૪ | ૫૦૬ | ૩૮ |
| ૧૦ | ગાંધીધામ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧૭ | ૮ | ૧૭ | ૮ | ૯ |
| | **કુલ** | **૧૭૪૪** | **૧૭૪૪** | **૧૯૫૮** | **૧૯૫૮** | **૧૧૪૪** | **૧૧૪૪** | **૧૦૪૨** | **૮૬૯** | **૫૮૮૮** | **૫૭૧૫** | **૧૭૩** |

--------------------

**ડૉ. આંબેડકર આવાસ યોજના હેઠળ ચૂકવેલ સહાય**

૧૪૯૭૯ **શ્રી સિધ્ધાર્થ મા. પરમાર (રાજકોટ ગ્રામ્ય) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં તા.૩૧-૧-૦૬ની સ્થિતિએ ડૉ. આંબેડકર આવાસ યોજના હેઠળ આવેલ અરજીઓ અંગે છેલ્લા ત્રણ વર્ષમાં જેને સહાય ચૂકવાયેલ ન હોય તેવા કુલ કેટલા કેસો પડતર છે, અને

(૨) સહાય ન ચૂકવવાના કારણો શું છે ?

**જવાબ**

(૧) ૧૭૪૬ કેસો.

(૨) તા. ૮-૬-૨૦૦૫ના ઠરાવ મુજબ વર્ષ ૨૦૦૫-૦૬ અગાઉની જૂની પડતર અરજીઓ રદ કરવા પાત્ર થતી હતી આથી સહાય ચૂકવાયેલ નથી.

-------------

**ભાવનગર જિલ્લામાં પશુ સારવારના કેમ્પો**

૧૫૫૬૯ **શ્રી મનસુખભાઈ લ. માંડવિયા (પાલીતાણા) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લામાં તા.૩૧-૧-૨૦૦૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પશુ સારવાર માટે કુલ કેટલા નાના અને મોટા કેમ્પો યોજાયા, અને

(૨) કેટલા પશુઓને સારવાર અપાઇ ?

**જવાબ**

(૧)

| અ.નં. | કેમ્પનો પ્રકાર | કેમ્પની સંખ્યા |
|---|---|---|
| ૧. | નાના | ૧૭૦ |
| ૨. | મોટા | ૩૩ |
| | કુલ : | ૨૦૩ |

(૨) કુલ ૭૯૬૦૫ પશુઓને સારવાર અપાઈ છે.

-------------

**ખેડૂત ખાતેદારના આશ્રિતોને વીમાની ચૂકવણી**
૧૫૫૯૯ **શ્રી દિપસિંહ શં. રાઠોડ (પ્રાંતિજ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૦૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડૂત ખાતેદારોની વીમા અંગેની કેટલી અરજીઓ મળી છે, અને

(૨) તે પૈકી રાજ્યમાં જિલ્લાવાર કેટલા ખેડૂતોના આશ્રિતોને વીમાની કેટલી રકમની ચૂકવણી કરવામાં આવી છે ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૦૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડૂત ખાતેદારોની વિમા અંગે ૧૯૨૭ અરજીઓ મળેલ છે, અને

(૨) તે પૈકી તા.૩૧-૧૨-૦૫ની સ્થિતિએ રાજ્યમાં જીલ્લવાર ખેડૂત/ખેડૂતોના આશ્રિતોને વિમાના દાવાઓની ચુકવણી અંગેની વિગત પત્રક-૧ મુજબ છે.

**પત્રક--૧**

ખાતેદાર ખેડૂતોના અક્સ્માતે મૃત્યુ /કાયમી અપંગતા સહાયતા વિમા યોજના હેઠળ જીલ્લાવાર છેલ્લા બે વર્ષમાં ખેડૂતોના આશ્રિતોને/ખેડૂતોને ચુક્વેલ દાવાઓની વિગત.

| અ. નં | જિલ્લાનું નામ | ચુક્વેલ દાવાઓની સંખ્યા | ચુક્વેલ રક્મ (રૂા.લાખમાં.) |
|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) |
| ૧ | અમદાવાદ | ૪૫ | ૪૪.૫ |
| ૨ | અમરેલી | ૩૩ | ૩૨.૫ |
| ૩ | આણંદ | ૩૩ | ૩૩ |
| ૪ | બનાસકાંઠા | ૩૧ | ૩૧ |
| ૫ | ભરૂચ | ૮ | ૮ |
| ૬ | ભાવનગર | ૫૨ | ૫૨ |
| ૭ | દાહોદ | ૫ | ૫ |
| ૮ | ગાંધીનગર | ૧૬ | ૧૬ |
| ૯ | જામનગર | ૪૦ | ૩૯.૫ |
| ૧૦ | જુનાગઢ | ૪૬ | ૪૬ |
| ૧૧ | ખેડા | ૩૪ | ૩૪ |
| ૧૨ | કચ્છ | ૧૪ | ૧૪ |
| ૧૩ | મહેસાણા | ૫૩ | ૫૦.૫ |
| ૧૪ | પંચમહાલ | ૨૮ | ૨૮ |
| ૧૫ | નવસારી | ૧૯ | ૧૯ |
| ૧૬ | પાટણ | ૨૨ | ૨૧.૫ |
| ૧૭ | પોરબંદર | ૭ | ૭ |
| ૧૮ | રાજકોટ | ૮૧ | ૮૧ |
| ૧૯ | સાબરકાંઠા | ૬૫ | ૬૫ |
| ૨૦ | સુરત | ૨૮ | ૨૮ |
| ૨૧ | સુરેન્દ્રનગર | ૧૬ | ૧૬ |
| ૨૨ | વડોદરા | ૪૨ | ૪૦.૫ |
| ૨૩ | વલસાડ | ૧૧ | ૧૧ |
| ૨૪ | નર્મદા | ૨ | ૨ |
| ૨૫ | ડાંગ | ૦ | ૦ |
| | કુલ | ૭૩૧ | ૭૨૫ |

-------------

**રાજ્યમાં નવીન પશુ દવાખાના**

૧૪૯૬૫ **ડૉ. સી. જે. ચાવડા (ગાંધીનગર) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા રાજ્યમાં કેટલા નવીન પશુ દવાખાના (વેટરનરી ડીસ્પેન્સરી) શરુ કરવામાં આવ્યા,

(૨) કેટલા પ્રાથમિક પશુ સારવાર કેન્દ્રો શરૂ (એફ.એ.વી.સી.) કરવામાં આવ્યા,

(૩) કેટલા પશુદીઠ એક પશુ દવાખાનું હોવું જોઇએ, અને

(૪) તા.૩૧-૧-૦૬ની સ્થિતિએ કેટલા પશુ દવાખાના છે ?

**જવાબ**

(૧) તા.૩૧-૧-૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા રાજ્યમાં ૯ નવીન પશુ દવાખાના શરૂ કરવા મંજૂરી આપવામાં આવેલ છે. જે ટુંક સમયમાં શરૂ કરવામાં આવશે.

(૨) શૂન્ય.

(૩) રાષ્ટ્રીય કૃષિપંચની ભલામણ અનુસાર ૫૦૦૦ પશુધન એકમદીઠ એક પશુ સારવાર સંસ્થા હોવી જોઈએ.

(૪) તા. ૩૧-૧-૨૦૦૬ની સ્થિતિએ

૪૫૧ પશુ દવાખાના
૨૭ શાખા પશુ દવાખાના
૩૫ ફરતા પશુ દવાખાના
૧૪ વિવિધલક્ષી પશુ ચિક્તિ્સાલય

**૫૨૭ કુલ પશુ દવાખાના છે.**

-------------

**ખેડબ્રહ્મા તેમજ વિજ્યનગર તાલુકામાં તલાટી-ક્મ-મંત્રી/ગ્રામ સેવકની ઘટ**

૧૪૧૮૧ **શ્રીમતી રમીલાબેન બે. બારા (ખેડબ્રહ્મા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સન ૨૦૦૫ના વર્ષમાં ખેડબ્રહ્મા અને વિજ્યનગર તાલુકામાં તલાટી-ક્મ-મંત્રી તેમજ ગ્રામ સેવકોની કુલ કેટલી ઘટ છે, અને

(૨) આ ઘટ ક્યારે પુરવામાં આવશે ?

**જવાબ**

(૧)

| | તાલુકાનું નામ | તલાટી ક્મ મંત્રી | ગ્રામસેવક |
|---|---|---|---|
| (૧) | ખેડબ્રહ્મા | ૧૨ | ૧૮ |
| (૨) | વિજ્યનગર | ૦૧ | ૦૩ |
| | કુલ | ૧૩ | ૨૧ |

(૨) જેમ બને તેમ જલ્દીથી.

-------------

**વલસાડ અને ડાંગ જિલ્લામાં તલાટી-ક્મ-મંત્રીની ખાલી જ્ગ્યાઓ**

૧૩૯૦૯ **શ્રી માધુભાઈ જે. ભોયે (ડાંગ-વાંસદા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વલસાડ અને ડાંગ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૦૫ની સ્થિતિએ તલાટી-ક્મ-મંત્રીઓની કુલ કેટલી જ્ગ્યાઓ ખાલી છે, અને

(૨) આ ખાલી જ્ગ્યાઓ સત્વરે ભરવા સરકારે શી કાર્યવાહી કરી ?

**જવાબ**

(૧) **વલસાડ--૨૮**
**ડાંગ--૧૨**

(૨) સરકાર ધ્વારા આ ખાલી જ્ગ્યાઓ પર પંચાયત સહાયક તરીકે નિમણૂંકો આપવામાં આવેલ છે અને રહેમરાહે નોકરી અન્વયેની નિમણૂકોમાં પણ તલાટી ક્મ મંત્રી તરીકેનો વિકલ્પ મેળવી નિમણૂંકો આપવામાં આવે છે.

## કચ્છ જિલ્લામાં ફિમેલ હેલ્થ વર્કરની ખાલી જગ્યાઓ

૧૫૪૨૯ **શ્રી શીવજીભાઈ ક. આહીર (ભૂજ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) કચ્છ જિલ્લામાં જાન્યુઆરી-૨૦૦૬ની સ્થિતિએ જિલ્લા પંચાયત હસ્તકના દવાખાનાઓમાં કેટલી ફિમેલ હેલ્થ વર્કરની જગ્યાઓ ખાલી છે, | (૧) ૫૪. |
| (૨) આ ખાલી જગ્યાને કારણે ઉભી થયેલી અછત કાયમી રીતે નિવારવા સરકારે જગ્યા ભરવાનું શું આયોજન કરેલ છે, અને | (૨) સરકારશ્રીએ જગ્યાઓ ભરવા મંજુરી આપેલ છે. |
| (૩) આ જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે ? | (૩) સરકારશ્રીના પ્રર્વતમાન નીતિને ધ્યાનમાં લઈ લાયકાત ધરાવતા યોગ્ય ઉમેદવારો ઉપલબ્ધ થયેથી. |

-------------

## બનાસકાંઠા જિલ્લામાં વોટરશેડની કામગીરી સ્થગિત કરવા અંગ

૧૫૬૨૮ **શ્રી મુકેશ ભૈ. ગઢવી (દાંતા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) બનાસકાંઠા જિલ્લામાં હરિયાળી પ્રોજેકટ અને વોટર શેડની કામગીરી સામાજીક સંસ્થાઓ અને રાજ્ય સરકાર દ્વારા છેલ્લા એક વર્ષથી સ્થગિત કરી દેવામાં આવેલ છે તે હકીકત સાચી છે, | (૧) ના, જી. |
| (૨) તેના શું કારણો છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) એ કામગીરી પૂર્ણ કરવા સરકારે કરેલ આયોજનની વિગતો શું છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------

## જામનગર, ધ્રોળ અને જોડીયા તાલુકાની ગ્રામ પંચાયતોના વિભાજન

૧૫૫૪૮ **શ્રી પરસોત્તમભાઇ ભોજાણી (જોડીયા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) ધ્રોળ, જોડીયા અને જામનગર તાલુકામાં ગ્રામ પંચાયતના વિભાજનની કેટલી દરખાસ્તો જિલ્લા કક્ષાએ અને રાજ્ય કક્ષાએ ડિસેમ્બર-૦૫ની સ્થિતિએ પડતર છે, તેના શા કારણો છે, અને | (૧) ડિસે. ૦૫ની સ્થિતિએ ૧ દરખાસ્ત જિલ્લા કક્ષાએ પડતર છે જ્યારે રાજ્ય કક્ષાએ એકપણ દરખાસ્ત પડતર નથી. આ દરખાસ્ત વહીવટી પ્રકીયા પૂર્ણ કરવા અને હાલમાં વિધાનસભા મત વિસ્તારના સિમાંકનની કાર્યવાહી દરમ્યાન યથાવત સ્થિતિ જાળવી રાખવાની હોવાથી પડતર છે. |
| (૨) કેટલા સમયમાં ગ્રામ પંચાયતના વિભાજનની દરખાસ્તો મંજૂર કરવામાં આવશે ? | (૨) વિધાનસભા મત વિસ્તારની સિમાંકનની કાર્યવાહી દરમ્યાન યથાવત સ્થિતિ જાળવી રાખવાની છે. |

-------------

## ખેડા અને આણંદ જિલ્લામાં ભારે વરસાદથી થયેલ નુકસાન પેટે ચૂકવેલ સહાય

૧૩૮૭૪ **શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર (મહુધા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) રાજ્યમાં ચાલુ વર્ષે આવેલ ભારે વરસાદ અને પુરના કારણે ખેડા અને આણંદ જિલ્લામાં ખેડૂતોને પાક અને જમીનનું ભારે નુક્સાન થયેલ છે તે અન્વયે રાજ્ય સરકારે તા.૩૧-૧-૦૬ સુધીમાં | (૧) ખેડા જીલ્લામાં રૂા. ૨૩૬.૯૨ લાખ તથા આણંદ જીલ્લામાં રૂા. ૪૧૭.૮૮ લાખની સહાય ચુકવવામાં આવી છે. |

ખેડૂતોને કેટલી સહાય ચૂક્વી, અને

(૨) કેટલી સહાય ચૂક્વવાની બાકી છે ?

(૨) અતિ વરસાદ અને પુરના કારણે થયેલ નુક્શાન માટેના કૃષિ સહાય પેકેજ ૪ (અ) હેઠળ ખેડૂતોની જમીન ધોવાણ સંદર્ભે તબક્કાવાર સહાય ચુક્વવાની છે, જે પૈકી ખેડા અને આણંદ જિલ્લામાં પેકેજ ૪(અ) હેઠળ અનુક્રમે ૧૮૪.૧૭ લાખ તથા ૧૩૫.૧૧ લાખ રૂપિયાની સહાય ચુક્વવાની બાકી છે. પેકેજ ૪(બ) તથા ૪(ક) હેઠળની અરજીઓની ચકાસણી પુરી થયે ચુક્વવાની ચોક્કસ રક્મની ગણતરી કરી શકાશે.

-------------

**સાબરકાંઠા જિલ્લામાં વોટરશેડના પ્રોજેક્ટની કામગીરી**

૧૫૬૨૪ **ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર કઇ કઇ એજન્સીઓ વોટરશેડના પ્રોજેકટ ચલાવે છે,

| (૨) જો હા, તો આ યોજનામાં તેઓના પરિવારને કેટલી સહાય આપવામાં આવે છે ? | (૨) રૂા. ૫૦,૦૦૦/- |

-------------

**અતિવૃષ્ટિથી જમીન ધોવાણનું વળતર ચૂકવવાના પડતર કેસો**

૧૪૯૫૯ **શ્રી રાકેશ રાવ (માતર) :માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) તા. ૩૧ જાન્યુઆરી, ૨૦૦૬ની સ્થિતિએ ખેડા જિલ્લામાં આવેલ ભારે અતિવૃષ્ટિના કારણે ધોવાઇ અને નાશ પામી ગયેલી જમીનોને વળતર ચૂકવવાના કેટલા કેસો પડતર છે, | (૧) કૃષિ પેકેજ ૪ (અ) મુજબના ૧૩૭૪ કેસો. |
| (૨) આ અસરગ્રસ્તોને ક્યાં સુધી તેમના વળતરની રકમ ચૂકવાશે, | (૨) જેમ બને તેમ જલદી. |
| (૩) તાત્કાલિક વળતર ચૂકવવા વિભાગ દ્વારા શી કાર્યવાહી હાથ ધરવામાં આવી, અને | (૩) વિભાગના તા. ૨૫-૭-૨૦૦૫ના ઠરાવ મુજબ મોજણીની કામગીરી કરી, જરૂરી દરખાસ્ત જિલ્લા કક્ષાની કમિટીમાં રજૂ કરી કૃષિ પેકેજ ૪ (અ) મુજબ મળેલ મંજુરી અન્વયે લાભાર્થીના વ્યક્તિગત હુકમો કરી કુલ મંજૂર થયેલ સહાયની રકમ પૈકી ૩૦ ટકા રકમ સંબંધિત રાષ્ટ્રીયકૃત બેંકોમાં અરજદારોના શૂન્ય બેલેન્સથી ખોલાવેલ ખાતામાં જમા કરાવીને વળતરની રકમ તાત્કાલિક ચૂકવવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે. |
| (૪) માતર અને ખેડા તાલુકાની કેટલી અરજીઓ તા.૩૧-૧-૦૬ની સ્થિતિ ક્યા કારણોસર નિકાલ થયા વગર પડી રહેલ છે ? | (૪) શૂન્ય. |

-------------

**વલસાડ જિલ્લામાં ડૉ. આંબેડકર ભવનનું બાંધકામ**

૧૪૦૭૯ **શ્રી જીતુભાઈ હ. ચૌધરી (મોટાપોંઢા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) વલસાડ જિલ્લામાં ડૉ. આંબેડકર ભવન બનાવવાનું ક્યારે નક્કી થયું, તેનું બાંધકામ તા.૩૧-૧-૦૬ ની સ્થિતિએ ક્યા તબક્કે છે, અને | (૧) વલસાડ જિલ્લામાં ડૉ. આંબેડકર ભવન બનાવવા માટે તા. ૮-૧૨-૨૦૦૪ના ઠરાવથી વહીવટી મંજૂરી આપવામાં આવેલ. ભવનના બાંધકામમાં આર.સી.સી.ની કામગીરી મહદ્ અંશે પૂર્ણ થયેલ છે. |
| (૨) કેટલા સમયમાં તે પૂર્ણ કરવામાં આવશે ? | (૨) શક્ય તેટલી ત્વરાએ. |

-------------

## સુરેન્દ્રનગર અને રાજકોટ જિલ્લામાં ખેતી વિષયક મંડળીઓ

૧૫૫૫૪ **શ્રી જયંતિલાલ ર઼ા. કવાડિયા (હળવદ) : માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૦૬ની સ્થિતિએ સુરેન્દ્રનગર અને રાજકોટ જિલ્લામાં ખેતી વિષયક મંડળીઓ તાલુકાવાર કેટલી, અને | (૧) પત્રક સામેલ છે. |
| (૨) આવી મંડળીઓને ખેતી કરવા માટે કેટલા એકર જમીનો મંડળીવાર આપવામાં આવી છે ? | (૨) પત્રક સામેલ છે. |

**પત્રક**

(૧) તા. ૩૧-૧-૨૦૦૬ની સ્થિતિએ સુરેન્દ્રનગર અને રાજકોટ જિલ્લામાં ખેતી વિષયક મંડળીઓ તાલુકાવાર નીચે પ્રમાણે છે.

**સુરેન્દ્રનગર જિલ્લો**

| અ. નં. | તાલુકાનું નામ | મંડળની સંખ્યા |
|---|---|---|
| (૧) | વઢવાણ | ૨ |
| (૨) | લીંબડી | ૮ |
| (૩) | ચુડા | ૪ |
| (૪) | સાયલા | ૪ |
| (૫) | ચોટીલા | ૧ |
| (૬) | મુળી | ૩ |
| (૭) | હળવદ | ૮ |
| (૮) | ધાંગધ્રા | ૨ |
| (૯) | દસાડા | ૧૨ |
| (૧૦) | લખતર | ૩ |
| | કુલ | ૪૭ |

**રાજકોટ જીલ્લો**

| | | |
|---|---|---|
| (૧) | ધોરાજી | ૧ |
| (૨) | જસદણ | ૫ |
| (૩) | રાજકોટ | ૧ |
| (૪) | પડધરી | ૨ |
| (૫) | માળીયા મીયાણા | ૧ |
| (૬) | વાંકાનેર | ૧ |
| (૭) | કોટડા સાંગાણી | ૧ |
| (૮) | જામકંડોરણા | ૧ |
| (૯) | ઉપલેટા | ૧૦ |
| (૧૦) | લોધિકા | ૧ |
| (૧૧) | ટંકારા | ૧ |
| (૧૨) | મોરબી | ૧ |
| | કુલ | ૨૬ |

જવાબ : (૨) આવી મંડળીઓને ખેતી કરવા માટે સુરેન્દ્રનગર જિલ્લાની ૪૭ મંડળીઓ પેકી ૩૩ મંડળીઓને ૮૦૭૯ એકર ૧૩૮ ગુંઠા જમીન તથા રાજકોટ જિલ્લાની ૨૬ મંડળીઓ પેકી ૧૭ મંડળીઓને ૨૩૩૭ એકર ૧૧૩.૫ ગુંઠા જમીન આપવામાં આવેલ છે. જેના મંડળીવાર જમીનની વિગતના પત્રકો સામેલ છે. બાકીની મંડળીઓને જમીન આપવામાં આવેલ નથી.

**પત્રક**

સુરેન્દ્રનગર જિલ્લાની ખેતી વિષયક મંડળીઓને આપવામાં આવેલ મંડળીવાર જમીનની વિગતનું પત્રક

| ક્રમ | તાલુકાનું નામ | મંડળીનું નામ | નોંધણી નંબર/વર્ષ | મંડળીને આપવામાં આવેલ જમીનની વિગત એકર ગુંઠા | રિમાર્કસ |
|---|---|---|---|---|---|
| ૧ | વઢવાણ | વેળાવદર સામુ. ખેતી સ.મં.લિ. વેળાવદર | ૬૬૭/૧૯૬૫ | ૧૨૫-૦૦ | |
| ૨ | "" | વઢવાણ તા. અનુ.જાતિ સામુ. ખે. સ.મં.લિ. વઢવાણ | ૬૯૪/૧૯૮૯ | ૧૦૩-૦૬ | |
| ૩ | લીંબડી | ધોળી ચુ.કો. સામુ. ખેતી સ.મં.લિ. ધોળી | ૬૬૬/૧૯૬૫ | ૬૩-૩૪ | |
| ૪ | "" | લીંબડી તા. અનુ.જાતિ. સામુ. ખે. સ.મં.લિ. અંકેવાળીયા | ૬૯૨/૧૯૮૪ | ૦૦-૦૦ | |
| ૫ | "" | હડાળા (ભાલ) હરીજન સામુ. ખે. સ.મં.લિ. હડાળા | ૧૮૫૧/૧૯૭૭ | ૫૪-૦૮ | |
| ૬ | "" | ભારત જુથ હરી. સા મં. ખે. સ.મં.લિ. રાણાગઢ | ૪૦૫૨/૧૯૯૬ | ૨૭-૦૦ | |
| ૭ | "" | હિંગળાજ કૃપા સામુ. ખે. સ.મં.લિ. નાની કઠેચી | ૪૦૮૨/૨૦૦૦ | ૦૦-૦૦ | |
| ૮ | "" | ભવાની સામુ. ખેતી સ.મં.લિ. ઉંટડી | ખે-૪૦૭૫/૧૯૯૯ | ૦૦-૦૦ | ફડચામાં |
| ૯ | "" | ખોડીયાર સામુ. ખેતી સ.મં.લિ. લક્ષ્મીસર | ૪૦૮૦/૧૯૯૯ | ૦૦-૦૦ | ફડચામાં |
| ૧૦ | "" | રામ સામુ. ખેતી સ.મં.લિ. નાની કઠેચી | ૧૫૬૦૮/૧૯૮૯ | ૦૦-૦૦ | ફડચામાં |
| ૧૧ | ચુડા | રંગપુર સામુ. ખેતી સ.મં.લિ. રંગપુર | ૧૮૫૦/૧૯૭૭ | ૩૫-૦૬ | |
| ૧૨ | "" | ચચાણા હરી. સામુ. ખેતી સ.મં.લિ. ચચાણા | ૧૮૫૬/૧૯૮૭ | ૩૦-૦૦ | |
| ૧૩ | "" | રોહીદાસ સામુ. ખેતી સ.મં.લિ. ચુડા | ૬૬૮/૧૯૭૧ | ૬૦-૦૯ | |
| ૧૪ | "" | કંથારીયા હરીજન સામુ. ખેતી સ.મં.લિ. કંથારીયા | ૧૮૫૩/૧૯૭૭ | ૨૭-૦૦ | |
| ૧૫ | સાયલા | સંજકપર સામુ. ખેતી સ.મં.લિ. સેજકપર | ૬૫૮/૧૯૬૩ | ૨૦૨-૩૦ | |
| ૧૬ | "" | સાયલા અનુ.જાતિ સામુ. ખેતી સ.મં.લિ. સાયલા | ૧૮૫૮/૧૯૮૪ | ૧૩૫૧-૦૬ | |
| ૧૭ | "" | કાનપુર સંયુક્ત સામુ. ખેતી સ.મં.લિ. કાનપુર | ૬૧૯/૧૯૫૯ | ૮૯૪-૧૪ | |
| ૧૮ | "" | કસવાળી સામુ. ખેતી સ.મં.લિ. કસવાળી | ૪૦૮૧/૨૦૦૦ | ૦૦-૦૦ | |
| ૧૯ | ચોટીલા | ચોટીલા તા.અનુ. જાતિ  સામુ. ખેતી સ.મં.લિ. ચોટીલા | ૧૮૬૪/૧૯૯૧ | ૨૬૦-૦૦ | |
| ૨૦ | મુળી | આણંદગઢ સામુ. ખેતી સ.મં.લિ. ઉમરડા | ૩૯૨/૧૯૫૦ | ૫૭૦-૦૦ | |
| ૨૧ | "" | પાંડવરા ગણોતિયા જૂથ સામુ. ખેતી સ.મં.લિ. પાંડવરા | ૪૦૯૯/૨૦૦૬ | ૦૦-૦૦ | |
| ૨૨ | "" | રાણીપાટ-જેપર વિભા. સંયુક્ત ખેતી સ.મં.લિ. રાણીપાટ | ૪૦૮૪/૨૦૦૧ | ૪૦-૦૦ | |
| ૨૩ | હળવદ | અન્નકોટ સામુ. ખેતી સ.મં.લિ. ઘનશ્યામપુર | ૬૫૭/૧૯૬૩ | ૨૦૦-૦૦ | |
| ૨૪ | "" | અન્નપુર્ણા સામુ. ખેતી સ.મં.લિ. ઘનશ્યામપુર | ૬૫૧/૧૯૬૨ | ૩૫૫-૧૨ | |
| ૨૫ | "" | ઢ વાણા. સામુ. ખેતી સ.મં.લિ. ઢ વાણા | ૮૮/૧૯૬૦ | ૯૯-૦૦ | |
| ૨૬ | "" | ગોલાસણ જુથ અનુ.જાતિ સામુ ખેતી સ.મં.લિ. ગોલાસણ | ૪૦૭૧/૧૯૯૯ | ૦૦-૦૦ | |
| ૨૭ | "" | પુરષાર્થ અનુ.જાતિ સામુ. ખેતી સ.મં.લિ. ચરાડવા | ૪૦૯૬/૨૦૦૪ | ૦૦-૦૦ | |
| ૨૮ | "" | અરૂણોદય સામુ. ખેતી સ.મં.લિ. સાપકડા | ૬૮૬/૧૯૫૯ | ૩૩૮-૩૭ | ફડચામાં |
| ૨૯ | "" | ઉત્કર્ષ સામુ. ખેતી સ.મં.લિ. કોયબા | ૩૮૦૯/૧૯૯૨ | ૦૦-૦૦ | ફડચામાં |
| ૩૦ | "" | અંબિકા સામુ. ખેતી સ.મં.લિ. શિરોઈ | ૬૫૯/૧૯૬૪ | ૦૦-૦૦ | ફડચામાં |
| ૩૧ | ધ્રાંગધ્રા | શક્તિવિજ્ય સામુ. ખેતી સ.મં.લિ. બાવળી | ૮૮/૧૯૮૩ | ૪૯૨-૦૦ | |

| ક્રમ | તાલુકાનું નામ | મંડળીનું નામ | નોંધણી નંબર/વર્ષ | મંડળીને આપવામાં આવેલ જમીનની વિગત એકર ગુંઠા | રિમાર્કસ |
|---|---|---|---|---|---|
| ૩૨ | "" | ધ્રાંગધ્રા તા. અનુ.જાતિ સામુ ખેતી સ.મં.લિ. ધ્રાંગધ્રા | ૬૯૩/૧૯૮૪ | ૨૬૪-૦૪ | |
| ૩૩ | દસાડા | આદરીયાણા હરી. સામુ. ખેતી સ.મં.લિ. આદરીયાણા | ૬૫૫/૧૯૬૩ | ૧૩૭-૦૦ | |
| ૩૪ | "" | આલમપુરા સામુ. ખેતી સ.મં.લિ. આલમપુરા | ૬૭૦/૧૯૭૦ | ૧૧૦-૦૦ | |
| ૩૫ | "" | એછવાડા સામુ. ખેતી સ.મં.લિ. એછવાડા | ૬૬૮/૧૯૬૫ | ૧૦૦-૦૦ | |
| ૩૬ | "" | મુલાડા સામુ. ખેતી સ.મં.લિ. મુલાડા | ૬૫૬/૧૯૬૩ | ૧૭૫-૦૦ | |
| ૩૭ | "" | વિસાવડી હરી. સામુ. ખેતી સ.મં.લિ. વિસાવડી | ૬૮૨/૧૯૬૮ | ૩૭-૧૮ | |
| ૩૮ | "" | હરેકૃષ્ણ સામુ. ખેતી સ.મં.લિ. માલણપુર | ૧૮૫૨/૧૯૭૮ | ૪૪-૦૦ | |
| ૩૯ | "" | મેઘસ્વાની હરી. સામુ. ખેતી સ.મં.લિ. સેડલા | ૧૮૫૩/૧૯૮૩ | ૧૨૬-૦૦ | |
| ૪૦ | "" | વચ્છરાજપુરા સામુ. ખેતી સ.મં.લિ. વચ્છરાજપુરા | ૮૩૩/૧૯૫૪ | ૧૨૯૩-૨૦ | |
| ૪૧ | "" | નગવાડા સામુ. ખેતી સ.મં.લિ. નગવાડા | ૧૮૪૯/૧૯૭૭ | ૧૦૦-૦૦ | |
| ૪૨ | "" | જયશ્રી ચામુંડા સામુ. ખેતી સ.મં.લિ. ખેરવા | ૪૦૮૫/૨૦૦૨ | ૦૦-૦૦ | |
| ૪૩ | "" | આંબેડકર સામુ. ખેતી સ.મં.લિ. પીપળી | ૧૮૪૬/૧૯૭૫ | ૧૯૫-૨૦ | ફડચામાં |
| ૪૪ | "" | હરીજન સામુ. ખેતી સ.મં.લિ. વણોદ | ૪૦૮૩/૨૦૦૦ | ૦૦-૦૦ | ફડચામાં |
| ૪૫ | લખતર | મહાત્મા ગાંધી હરીજન સામુ. ખેતી સ.મં.લિ. તાવી | ૬૭૮/૧૯૬૮ | ૬૯-૨૮ | |
| ૪૬ | "" | લખતર તા. અનુ.જાતિ. સામુ. ખેતી સ.મં.લિ. મોઢવાણા | ૧૮૫૧/૧૯૮૪ | ૧૦૩-૦૬ | ફડચામાં |
| ૪૭ | "" | ભડવાણા સામુ. ખેતી સ.મં.લિ. ભડવાણા | ૧૮૬૯/૧૯૯૨ | ૦૦-૦૦ | ફડચામાં |

**રાજકોટ જિલ્લામાં આવેલ સમુદાયીક ખેતી સહકારી મંડળીઓને ફાળવાયેલ જમીનની વિગતનું પત્રક**

| ક્રમ | તાલુકો | મંડળીનું નામ | નોંધણી નં. તા. | મંડળીને આપવામાં આવેલ જમીનની વિગત એકર ગુંઠા | | મંડળી ફડચામાં હોય તો તેની વિગત | રીમા-ર્કસ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ધોરાજી | શ્રી મોલીક ગ્રુપ ઓફ ધોરાજી તાલુકા સામુ. ખેતી સ.મં.લિ. મુ. સુપેડી | એ-૨૫૧૯ ૧૫-૧-૯૦ | -- | -- | -- | -- |
| ૨ | જસદણ | શ્રી મોમાઈ જસાપર હરીજન સામુ. ખેતી સ.મં.લિ. મુ. જસાપર | એ-૨૨૪૩ ૫-૧૨-૭૬ | -- | -- | -- | -- |
| ૩ | --""-- | શ્રી જયચામુંડા હરીજન સામુ. ખેતી સ.મં.લિ. મુ. રાજાવડલા | ૨૨૪૪ ૧-૨-૭૭ | -- | -- | -- | -- |
| ૪ | --""-- | શ્રી જસદણ તાલુકા અનુ. સામુ. ખેતી સ.મં.લિ. મુ. શીવરાજપુર | ૨૫૦૪ ૧૫-૧-૮૫ | ૨૧૭ | ૧૫,૫ | -- | -- |
| ૫ | --""-- | શ્રી ખોડીયાર હરીજન સામુ. ખેતી સ.મં.લિ. મુ. જસદણ | ૨૫૦૭ ૫-૩-૮૬ | -- | -- | -- | -- |
| ૬ | --""-- | શ્રી સંત રોહીદાસ સામુ. ખેતી | ૨૮૬૧ | ૭૧ | -- | -- | -- |

| ક્રમ | તાલુકો | મંડળીનું નામ | નોંધણી નં. તા. | મંડળીને આપવામાં આવેલ જમીનની વિગત એકર | ગુંઠા | મંડળી ફડચામાં હોય તો તેની વિગત | રીમા-ર્કસ |
|---|---|---|---|---|---|---|---|
| | | સ.મં.લિ. મુ. આંબરડી | ૨૮-૨-૯૪ | | | | |
| ૭ | રાજકોટ | શ્રી રાજકોટ તાલુકા અનુ. જાતિ સામુ. ખેતી સ.મં.લિ. મુ. રાજકોટ | એ-૭૪૬ ૨૦-૧૧-૮૩ | ૧૦૨૪ | ૨૪ | -- | -- |
| ૮ | પડધરી | શ્રી પડધરી તાલુકા અનુ.જાતિ. સામુ. ખેતી સ.મં.લિ. મુ. પડધરી | એ-૨૫૦૮ ૮-૩-૮૬ | ૧૨૯ | ૦૯ | -- | -- |
| ૯ | --""-- | શ્રી આશાપુરા સંયુક્ત ખેતી સ.મં.લિ. મુ. હડમતીયા | ૨૫૦૨ ૨૫-૧૦-૮૩ | -- | -- | -- | -- |
| ૧૦ | માળીયા (મી) | શ્રી માળીયા તાલુકા અનુ. જાતિ. સામુ. ખેતી સ.મં.લિ. મુ. માળીયા | ૨૨૧૦૭ ૨૮-૭-૮૬ | -- | -- | -- | -- |
| ૧૧ | વાંકાનેર | શ્રી વાંકાનેર તાલુકા અનુ. જાતિ સામુ. ખેતી સ.મં.લિ. મુ. વાંકાનેર | એ-૭૪૯ ૭-૧-૮૫ | ૧૫૦ | ૩૫ | -- | -- |
| ૧૨ | કોટડાસાંગાણી | શ્રી કોટડાસાંગાણી તાલુકા અનુ. જાતિ સામુ. ખેતી સ.મં.લિ. મુ. કોટડાસાંગાણી | એ-૨૫૦૩ ૧૫-૧-૮૫ | -- | -- | -- | -- |
| ૧૩ | જામકંડોરણા | શ્રી જામકંડોરણા તાલુકા અનુ. જાતિ સામુ. ખેતી સ.મં.લિ. મુ. જામકંડોરણા | એ-૨૫૦૬ ૧૦-૯-૮૫ | ૧૭ | -- | -- | -- |
| ૧૪ | ઉપલેટા | શ્રી જયકિસાન સામુ. ખેતી સ.મં.લિ. મુ. મોટીપાનેલી | એ-૭૩૭ ૯-૨-૭૦ | ૨ | -- | -- | -- |
| ૧૫ | ઉપલેટા | શ્રી જયખોડીયાર સામુ. ખેતી સ.મં.લિ. મુ. મોટીપાનેલી | એ-૧૮૩૪ ૨-૨-૭૪ | ૧૭ | -- | -- | -- |
| ૧૬ | ઉપલેટા | શ્રી સર્વોદય સામુ ખેતી સ.મં.લિ. મુ. મોટીપાનેલી | એ-૭૮૦ ૧૭-૩-૭૧ | ૧૦ | -- | -- | -- |
| ૧૭ | ઉપલેટા | શ્રી ફુલઝર સામુ. ખેતી સ.મં.લિ. મુ. મોટીપાનેલી | એ-૧૪૨ ૮-૨-૭૫ | ૧૫ | -- | -- | -- |
| ૧૮ | ઉપલેટા | શ્રી મહાત્મા ગાંધી સામુ. ખેતી સ.મં.લિ. મુ. મોટીપાનેલી | એ-૨૨૩૩ ૪-૬-૭૫ | ૫૪ | -- | -- | -- |
| ૧૯ | ઉપલેટા | શ્રી કિસાન સામુ. ખેતી સ.મં.લિ. મુ. મોટીપાનેલી | એ-૨૨૩૪ ૪-૬-૭૫ | ૧૨ | -- | -- | -- |
| ૨૦ | ઉપલેટા | શ્રી જય અંબે સામુ. ખેતી સ.મં.લિ. મુ. મોટીપાનેલી | એ-૨૨૩૭ ૬-૯-૭૫ | ૧૨ | -- | -- | -- |
| ૨૧ | ઉપલેટા | શ્રી ઉપલેટા તાલુકા અનુ. જાતિ. સામુ. ખેતી સ.મં.લિ. મુ. મેખાટીંબી | ૨૨૧૦૬ ૨૩-૭-૮૬ | -- | -- | -- | -- |
| ૨૨ | ઉપલેટા | શ્રી ઈન્દિરા ગાંધી અનુ. જાતિ. સામુ. ખેતી સ.મં.લિ. મુ. મોટીપાનેલી | ૨૫૧૮ ૧૯-૬-૮૯ | ૧૬ | -- | -- | -- |

| ક્રમ | તાલુકો | મંડળીનું નામ | નોંધણી નં. તા. | મંડળીને આપવામાં આવેલ જમીનની વિગત એકર | ગુંઠા | મંડળી ફડચામાં હોય તો તેની વિગત | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|---|
| ૨૩ | ઉપલેટા | શ્રી ગોકુલ સામુ. ખેતી સ.મં.લિ. મુ. શહીદખારચીયા | ૨૫૧૨ ૭-૯-૯૩ | ૧૨ | -- | -- | -- |
| ૨૪ | લોધીકા | શ્રી લોધીકા તાલુક અનુ. જાતિ. સામુ. ખેતી સ.મં.લિ. મુ. હરીપર (પાળ) | ખ-૨૫૦૫ ૧૧-૧-૮૫ | ૨૨૫ | -- | -- | -- |
| ૨૫ | ટંકારા | શ્રી હરબટીયાળી સામુ. ખેતી સ.મં.લિ. મુ. હરબટીયાળી | એ-૭૨૮ ૧-૧૨-૮૭ | -- | -- | -- | -- |
| ૨૬ | મોરબી | શ્રી મોરબી તાલુકા અનુ. જાતિ સામુ. ખેતી સ.મં.લિ. મુ. હીરાપર | એ-૭૪૮ ૭-૧-૮૫ | ૩૫૪ | ૩૦ | -- | -- |

-------------

**જાફરાબાદ મત્સ્યબંદર વિકસાવવા આયોજન**

૧૫૬૧૯ **શ્રી હીરાભાઈ ઓ. સોલંકી (રાજુલા) : માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમરેલી જિલ્લાના જાફરાબાદ ખાતે મત્સ્યબંદર વિકસાવવાનું આયોજન છે કે કેમ, અને

(૨) જો હા, તો આ કાર્યવાહી ક્યારે શરુ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) હા.

(૨) ભારત સરકારની મંજુરી મેળવવાની કાર્યવાહી શરૂ કરવામાં આવેલી છે.

-------------

**બજારમાં નકલી બિયારણનું વેચાણ અટકાવવા પગલાં**

૧૫૬૧૧ **શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ (અંકલેશ્વર) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) બજારમાં વેચાતા નકલી બિયારણો અટકાવવા સરકાર પાસે કોઇ યોજના છે કે કેમ, અને

(૨) જો ના, તો નકલી બિયારણનું વેચાણ અટકાવવા શું યોજના બનાવી ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

**ઉમરાળા અને ગઢડાના તાલુકા વિકાસ અધિકારી દ્વારા વાહનનો ઉપયોગ**

૧૩૯૫૫ **શ્રી પ્રવિણભાઈ ટી. મારૂ (ગઢડા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

ભાવનગર જિલ્લાના ઉમરાળા અને ગઢડા તાલુકાના તાલુકા વિકાસ અધિકારીશ્રી દ્વારા છેલ્લા એક વર્ષમાં તા.૩૧-૧-૦૬ની સ્થિતિએ સરકારી વાહનનો ક્યા ક્યા હેતુ માટે ઉપયોગ કર્યો, અને કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

ભાવનગર જિલ્લાના ઉમરાળા અને ગઢડા તાલુકાના તાલુકા વિકાસ અધિકારીશ્રીઓને ફાળવવામાં આવેલ સરકારી વાહનનો ઉપયોગ સરકારી કામે કરેલ છે. તારીખ ૩૧-૧-૨૦૦૬ની સ્થિતિએ ગઢડા તાલુકા પંચાયત દ્વારા સરકારી વાહન પાછળ રૂા. ૭૬.૫૯ હજારનો ખર્ચ અને ઉમરાળા તાલુકા પંચાયત દ્વારા સરકારી વાહન પાછળ રૂા. ૫૯.૧૭ હજારનો ખર્ચ કરેલ છે.

-------------

## ચોટીલા અને સાયલા તાલુકામાં તલાટી-કમ-મંત્રીની ખાલી જગ્યાઓ

૧૪૩૮૫ **શ્રી પોપટભાઈ સ. જીંજરિયા (ચોટીલા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૦૬ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા અને સાયલા તાલુકામાં તલાટી-કમ-મંત્રીઓની કેટલી જગ્યાઓ મંજૂર થયેલ છે,

(૨) તે પૈકી કેટલી જગ્યાઓ ભરાયેલ છે, અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) ખાલી જગ્યાઓ કેટલાં સમયમાં ભરવામાં આવશે ?

**જવાબ**

(૧)

| તાલુકાનું નામ | મંજુર થયેલ જગ્યાઓ |
|---|---|
| ૧. ચોટીલા | ૬૫ |
| ૨. સાયલા | ૪૮ |

(૨)

| તાલુકાનું નામ | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા |
|---|---|---|
| ૧. ચોટીલા | ૪૫ | ૨૦ |
| ૨. સાયલા | ૩૬ | ૧૨ |

(૩) જેમ બને તેમ જલ્દીથી

-------------

## વઢવાણ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિની રીકવરીનો હુકમ

૧૫૫૪૪ **શ્રી ધનરાજભાઈ કેલા (વઢવાણ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ વઢવાણની રતનપર સર્વે નં. ૮ ની જમીન ગેરકાયદેસર રીતે વેચવામાં આવી છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તેની રીકવરીનો હુકમ ક્યારે કરવામાં આવ્યો, અને

(૩) સંબંધિતો સામે સરકાર ક્યારે પગલાં લેવા માંગે છે ?

**જવાબ**

(૧) ""ના"" પરંતુ બજાર ભાવ કરતાં ઓછી ઉપજેલ રકમ માટે જવાબદારી નક્કી કરવામાં આવેલ હતી.

(૨) તા. ૫-૫-૧૯૯૮ થી હુકમ કરેલ છે.

(૩) નામ. દિવાની કોર્ટ સુરેન્દ્રનગર દ્વારા દિવાની કેસ નં. ૭૬/૯૨ માં વેચાણ કાયદેસર ઠરાવેલ છે. આ ચુકાદા સામે પ્રદ્યુમનસિંહ બી. રાણાએ ફસ્ટ અપીલ નં. ૩૩૮૭/૯૮ અને ત્યારબાદ સ્પે. સી. એ. નં. ૫૬૪૦/૯૮ નામ. હાઈકોર્ટમાં દાખલ કરેલ છે. જે તેમના દ્વારા પરત ખેંચેલ છે. જેથી દિવાની કોર્ટ નં. ૭૬/૯૨ નો ચુકાદો આખરી બનેલ છે. આ અંગે અધિક સચિવ (અપીલ) દ્વારા સ્યુમોટો રિવીઝન અપીલ નં. ઓપીએમ/૨૩૯૪/સ્યુમોટો/ ૪૮/છ દાખલ કરેલ. જેમાં તા. ૨૭-૧૨-૦૫ ના ચુકાદાથી આ વેચાણ બાબતે રેવન્યુ દફતરે વાદ વિવાદ ન રહેતાં અને એસસીએ ૩૩૮૭/૯૮ તથા સી.એ.નં. ૫૬૪૦/૯૮ પરત ખેંચાયેલ હોવાથી હવે સ્યુમોટો રિવીઝન બીન ફળદાયી હોઇ રદ કરેલ છે. જેથી સરકાર પક્ષે કોઇ કાર્યવાહી કરવાની રહેતી નથી.

-------------

## અમદાવાદ શહેરમાં સરસ્વતી સાધના યોજના હેઠળ આપેલ સાયકલો

૧૩૮૯૨ **શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા (રખિયાલ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદ શહેરમાં શૈક્ષણિક વર્ષ ૨૦૦૩-૦૪ અને ૨૦૦૪-૦૫ દરમ્યાન અનુસૂચિત જાતિ તથા બક્ષીપંચની માધ્યમિક શાળાઓની કેટલી કન્યાઓને સરસ્વતી સાધના યોજના હેઠળ સાયકલો

**જવાબ**

(૧) એક પણ નહીં.

આપવામાં આવી, અને

(૨) આ બંને વર્ષો દરમ્યાન ધો.૮ માં પ્રવેશ પામેલી અમદાવાદ શહેરમાં કેટલી કન્યાઓ અનુસૂચિત જાતિની અને કેટલી બક્ષીપંચની કન્યાઓ હતી ?

(૨) આ બન્ને વર્ષ દરમ્યાન ધોરણ-૮માં અમદાવાદ શહેરમાં પ્રવેશ પામેલી અનુસૂચિત અને બક્ષીપંચની જાતિની કન્યાઓની સંખ્યા નીચે પ્રમાણે હતી.

| વર્ષ | જાતિ | સંખ્યા |
|---|---|---|
| ૨૦૦૩-૦૪ | અનુસૂચિત જાતિ | ૩૧૪૯ |
| | બક્ષીપંચ | ૬૫૩૨ |
| ૨૦૦૩-૦૪ | અનુસૂચિત જાતિ | ૩૦૮૧ |
| | બક્ષીપંચ | ૫૭૯૭ |

-------------

**રાજ્યમાં સહકારી સુગર મીલો**

૧૫૫૭૨ **શ્રી ધનસુખભાઈ ના. પટેલ (ઓલપાડ) : માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યમાં તા.૩૧-૧૨-૦૫ અંતિત કેટલી સહકારી સુગર મીલો આવેલ છે, | (૧) ૩૧ |
| (૨) જે પૈકી કેટલી કાર્યરત છે, અને | (૨) ૧૭ |
| (૩) સુરત જિલ્લામાં કેટલી સહકારી સુગર મીલો આવેલ છે અને કેટલી કાર્યરત છે ? | (૩) ૧૧ તે પૈકી ૭ કાર્યરત છે. |

-------------

**તળાજા તાલુકામાં વોટરશેડના કામોમાં થયેલ ગેરરીતિ**

૧૫૫૮૯ **શ્રી સુનીલ બા. ઓઝા (ભાવનગર શહેર (દક્ષિણ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સન ૨૦૦૪-૦૫ અને ૨૦૦૫-૦૬ માં તા.૩૧-૧-૦૬ સુધીમાં ભાવનગર જિલ્લાના તળાજા તાલુકામાં વોટરશેડ માટે કામ કરતી સ્વૈચ્છિક સંસ્થાએ કરેલ ગેરરીતિઓ અંગે કેટલી ફરિયાદો રાજ્ય સરકારને મળેલ છે, અને | (૧) આ અંગે કોઇ ફરીયાદ મળેલ નથી. |
| (૨) તે અંગે લેવાયેલ પગલાંની વિગતો શી છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------

**રાજકોટ જિલ્લામાં ખેડૂત અકસ્માત વીમો મેળવવા અરજીઓ**

૧૫૫૫૬ **શ્રી મોહનભાઈ ક. કુંડારીયા (ટંકારા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજકોટ જિલ્લાના મોરબી, ટંકારા અને પડધરી તાલુકામાં ખેડૂત અકસ્માત વીમા મેળવવા માટે છેલ્લા ત્રણ વર્ષમાં તા.૩૧-૧-૨૦૦૬ની સ્થિતિએ કેટલી અરજીઓ આવી, અને | (૧) ૫૭ |
| (૨) તે પૈકી ઉપરના તાલુકામાં છેલ્લા બે વર્ષથી વીમો ન ચૂકવાયેલ હોય તેવી કેટલી અરજીઓ પડતર રહેલ છે અને તેના કારણો શું છે ? | (૨) તે પૈકી છેલ્લા બે વર્ષથી વિમો ન ચુકવાયેલ હોય તેવી કોઇ અરજીઓ પડતર નથી. આથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------

## રાજ્યમાં પશુ દવાખાનામાં ડૉક્ટરની ખાલી જગ્યા

૧૪૩૨૯ **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (જસદણ) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ડિસેમ્બર-૦૫ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર કેટલા વેટરનરી પશુ દવાખાનામાં ડોકટરોની જગ્યા ખાલી છે, અને

**જવાબ**

(૧) કુલ ૧૨૬ જગ્યા ખાલી છે જેની વિગત નીચે મુજબ છે.

| અ. નં. | જિલ્લો | પંચાયત કક્ષા | રાજ્ય કક્ષા |
|---|---|---|---|
| ૧ | વલસાડ | ૩ | - |
| ૨ | નવસારી | ૬ | - |
| ૩ | ડાંગ-આહવા | ૩ | - |
| ૪ | સુરત | ૫ | ૧ |
| ૫ | ભરૂચ | ૩ | ૧ |
| ૬ | નર્મદા | ૩ | - |
| ૭ | વડોદરા | ૫ | ૧ |
| ૮ | પંચમહાલ-ગોધરા | ૧૨ | - |
| ૯ | દાહોદ | ૪ | - |
| ૧૦ | આણંદ | ૧ | - |
| ૧૧ | સાબરકાંઠા-હિંમતનગર | ૭ | ૧ |
| ૧૨ | પાટણ | ૩ | - |
| ૧૩ | બનાસકાંઠા-પાલનપુર | ૫ | - |
| ૧૪ | કચ્છ | ૧૩ | ૨ |
| ૧૫ | જામનગર | ૯ | - |
| ૧૬ | રાજકોટ | ૨ | - |
| ૧૭ | પોરબંદર | ૨ | - |
| ૧૮ | જુનાગઢ | ૯ | - |
| ૧૯ | અમરેલી | ૧૦ | - |
| ૨૦ | ભાવનગર | ૯ | ૧ |
| ૨૧ | સુરેન્દ્રનગર | ૫ | - |

**પ્રશ્ન**

(૨) આ જગ્યાઓ સત્વરે ભરવા રાજ્ય સરકારે શું આયોજન કરેલ છે અને કેટલા સમયમાં આ ખાલી જગ્યાઓ ભરવામાં આવશે ?

**જવાબ**

(૨) અનુસૂચિત જનજાતિ બેકલોગની ૫૧ જગ્યાના માંગણી પત્રક અનુસંધાને ગુજરાત જાહેર સેવા આયોગ તરફથી ફક્ત ૩ ઉમેદવાર જ ઉપલબ્ધ થયેલ છે જેને નિમણુંક આપેલ છે. સીધી ભરતી માટે ૫૦ જગ્યાનું માંગણીપત્રક ગુજરાત જાહેર સેવા આયોગને મોકલવામાં આવેલ જે અન્વયે આયોગ તરફથી ૪૩ ઉમેદવારોની ભલામણ રાજ્ય સરકારને મળી છે જેઓને પોલીસ તપાસ/મેડીકલ તપાસની કાર્યવાહી બાદ જેમ બને તેમ જલ્દી નિમણુંક આપવામાં આવશે.

-------------

## ખેડૂત ખાતેદાર અકસ્માત વીમા યોજના હેઠળ મળેલ અરજીઓ

૧૪૫૬૧ **ડૉ. જીતેન્દ્રભાઈ બા. પટેલ (સાબરમતી) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં ખાતેદાર ખેડૂતોના અકસ્માત વીમા યોજના હેઠળ તા.૩૧-૧૨-૦૫ સુધીમાં છેલ્લા બે વર્ષમાં કુલ કેટલી અરજીઓ આવી, અને

(૨) તે પૈકી કેટલા કેસોમાં કેટલી રકમનો વીમો ચૂકવવામાં આવ્યો ?

**જવાબ**

(૧) ૧૯૨૭

(૨) ૧૯૨૭ અરજીઓ પૈકી ૭૩૧ કેસમાં રૂા. ૭૨૫ લાખની રકમનો વીમો ચુકવવામાં આવ્યો.

-------------

## કેશોદ તાલુકામાં ગ્રામ વિકાસની પ્રવૃત્તિઓ પાછળ ખર્ચ

૧૫૬૩૯ **શ્રી માધાભાઈ લા. બોરીચા (કેશોદ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૦૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેશોદ તાલુકામાં ગ્રામ વિકાસની કઇ કઇ પ્રવૃત્તિ હાથ ધરવામાં આવી, અને

(૨) ક્યા ક્યા ગામે હાથ ધરાઇ અને તેમાં કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેશોદ તાલુકામાં નીચે જણાવેલ ગ્રામવિકાસની યોજનાઓની વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી છે.

(૧) સ્વર્ણજ્યંતિ ગ્રામિણ સ્વરોજગાર યોજના
(૨) ઇન્દિરા આવાસ યોજના (નવા)
(૩) ઇન્દિરા આવાસ યોજના (સુધારણા)
(૪) સંપુર્ણ ગ્રામીણ રોજગાર યોજના (તાલુકા કક્ષા)
(૫) સંપુર્ણ ગ્રામીણ રોજગાર યોજના (ગ્રામ કક્ષા)
(૬) ગોકુળ ગ્રામ યોજના

(૨) ક્યા ક્યા ગામે હાથ ધરાઇ અને કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો તેની વિગત નીચે મુજબ છે.

| વર્ષ | ગામની સંખ્યા | થયેલ ખર્ચ(રૂા. લાખમાં) |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૨૦૦૪-૦૫ | ૧૩૯ | ૯૭.૪૭ |
| ૨૦૦૫-૦૬ (ડિસે.-૦૫ અંતિત) | ૧૨૦ | ૪૭.૮૪ |
| એકંદરે કુલ | ૨૫૯ | ૧૪૫.૩૧ |

વિગતનું પરિશિષ્ટ સામેલ છે.
* (પત્રકો સચિવશ્રીની ક્ચેરીમાં રાખવામાં આવેલ છે.)

-------------

## ધારી અને બગસરામાં ગ્રામ સેવકની ઘટ

૧૪૨૦૮ **શ્રી બાલુભાઈ તંતી (ધારી) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ધારી તેમજ બગસરા તાલુકામાં તા.૩૧-૧૨-૦૫ની સ્થિતિએ કેટલા ગ્રામ સેવકોની ઘટ છે, અને

(૨) આ ઘટ નિવારવા સરકારે શું આયોજન કરેલ છે?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ ગ્રામ સેવકોની ઘટ

| ધારી | બગસરા |
|---|---|
| ૦૪ | ૦૩ |

(૨) સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના તા. ૨૫-૧-૦૬ના ઠરાવથી ગ્રામ સેવકોની કામગીરી અંગે નવેસરથી જોબ ચાર્ટ નક્કી કરી ગ્રામ સેવક તાલીમ અને મુલાકાત અને આઇઆરડીના સેજાઓ અલગ કરવા ઠરાવેલ છે. તે મુજબ સેટઅપ નક્કી થતાં જગ્યાઓ ભરવાની કાર્યવાહી હાથ ધરી શકાશે.

------------

**કિસાનો માટે ઋતુચક્ર તૈયાર કરવાથી ફાયદાઓ**

૧૫૫૯૫ **શ્રી ગોવાભાઈ હ. રબારી (ડીસા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકાર દ્વારા કિસાનો માટે ઋતુચક્ર તૈયાર કરવામાં આવેલ છે તે હકીકત સાચી છે, અને | (૧) ના જી, |
| (૨) જો હા, તો આ ઋતુચક્રની વિગતો કઇ કઇ છે અને તેનાથી કિસાનોને ક્યા પ્રકારના ફાયદાઓ થશે? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------

**સુરેન્દ્રનગર જિલ્લામાં વોટરશેડ યોજના સોંપવા અંગે**

૧૪૩૦૦ **શ્રી મનહરલાલ મ. મકવાણા (દસાડા) :માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| સુરેન્દ્રનગર જિલ્લાના લખતર અને દસાડા તાલુકામાં વોટરશેડ યોજનામાં તા.૩૧-૧૨-૦૫ સુધીમાં કેટલા વોટર શેડ પંચાયતને સોંપવામાં આવ્યા ? | સુરેન્દ્રનગર જિલ્લામાં તારીખ : ૩૧-૧૨-૦૫ સુધીમાં લખતર તાલુકામાં ૩૧ અને દસાડા (પાટડી) તાલુકામાં ૩૮ વોટર શેડ-હરીયાળી પ્રોજેકટ પંચાયતને સોંપવામાં આવ્યા. |

-------------

**મદદનીશ ખેતી નિયામકની કચેરી બંધ કરવા અંગે**

૧૪૫૬૮ **શ્રી વજુભાઈ પ. ડોડિયા (વિરમગામ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મદદનીશ ખેતી નિયામક (કપાસ) ની કચેરી વિરમગામ જિલ્લો અમદાવાદ ખાતે કાર્યરત હતી તે એકા એક બંધ કરવામાં આવે છે તે વાત સાચી છે, | (૧) પુખ્ત વિચારણાને અંતે બંધ કરવામાં આવેલ છે. |
| (૨) સરકાર ફરીથી કાર્યરત કરવા માંગે છે કે કેમ, અને | (૨) ના, જી. |
| (૩) જો હા, તો ક્યારે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------

**રાજ્યમાં અતિવૃષ્ટિથી ખેડૂતોને નુકસાન પેટે ચૂકવેલ રકમ**

૧૪૯૮૩ **શ્રી પરેશભાઈ ધી. ધાનાણી (અમરેલી) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં તા.૩૧ જાન્યુઆરી-૨૦૦૬ની સ્થિતિએ વર્ષ ૨૦૦૫-૦૬ દરમ્યાન અતિવૃષ્ટિથી અસરગ્રસ્ત ખેડૂતોને ક્યા ક્યા હેતુસર, કેટલી રકમની સહાય નુકસાની પેટે ચૂકવવાનું નક્કી કરવામાં આવેલ છે, | (૧) અતિવૃષ્ટિતી થયેલ નુકશાન પેટે જુદા જુદા હેતુ માટે સહાય કરવા માટે સરકારશ્રી ધ્વારા તા. ૨૫-૭-૦૫ના ઠરાવ મુજબ પેકેજ જાહેર કરવામાં આવ્યું છે, જેનું પત્રક આ સાથે સામેલ છે. |
| (૨) તે પેટે કેટલી રકમની સહાય ચૂકવવામાં આવેલ છે, | (૨) રૂા. ૧૫૨૪-૮૩ લાખ. |
| (૩) કેટલી ચૂકવવાની બાકી છે, અને | (૩) પેકેજ (૧) માં કુલ ૩૬.૨૨ લાખ ચુકવવાના બાકી છે. અન્ય પેકેજમાં અરજીઓની ચકાસણીની કાર્યવાહી પૂર્ણ થયા બાદ નાણાની ચુકવણી કરવામાં આવશે. |
| (૪) ચૂકવેલ રકમ પેકી રાજ્ય સરકાર અને કેન્દ્ર | (૪) ચુકવેલ રકમ પેકી રૂપિયા ૯૦૧-૧૩ લાખ |

સરકારનો હિસ્સો કેટલો છે ?

કેલેમીટી રીલીફ ફંડ અને રૂા. ૬૨૩-૭૦ લાખ રાજ્યના હિસ્સામાંથી ચૂકવવામાં આવ્યા છે.

-------------

**પત્રક**

કૃષિ અને સહકાર વિભાગના તા. ૨૫-૭-૦૫ના ઠરાવથી કૃષિ સહાય પેકેજ-૧,૨,૩, અને ૪ જાહેર કરવામાં આવેલ છે. જેની વિગત નીચે મુજબ છે.

| | |
|---|---|
| પેકેજ - ૧ | ખેતીના ઉભા પાકોને ફળ ઝાડને થયેલ નુકશાન અંગે સહાય મળવાપાત્ર છે. જેમાં ખેડૂતોની વાડીમાં બાગાયતી પાકો માટે હેકટરે રૂા. ૫૦૦૦/- ૩ હેકટરની મર્યાદામાં રોકડ સહાય મળવાપાત્ર થાય છે. અથવા કેન્દ્ર સરકારની કેલેમીટી રીલીફ ફંડની યોજના હેઠળ નાના અને સિમાંત ખેડૂતોને ૫૦ ટકા કે તેથી વધારે નુકશાન થયું હોય તેમને બહુવર્ષાયુ પાકો જેવા કે આંબા, ચીકું કે અન્ય ફળ ઝાડમાં રૂા. ૪૦૦૦-૦૦ પ્રતિ હેકટરે સહાય મળવાપાત્ર થાય છે. તથા પિયત વાર્ષિક પાકો જેવા કે પપૈયા, કેળ, શેરડી, કપાસ, ડાંગર વિગેરેમાં પ્રતિ હેકટરે રૂા. ૨૫૦૦-૦૦ની રોકડ સહાય મળવાપાત્ર થાય છે. |
| પેકેજ - ૨ | ખેડૂતોને બિયારણ, ખાતર અને જંતુનાશક દવા વગેરે ઈનપુટસમાં નુકશાન થયેલ હોય તેવા ૩ હેકટર સુધી જમીન ધરાવતા હોય તેવા ખેડૂતોને હેકટરે રૂા. ૩૫૦/- ૩ હેકટરની મર્યાદામાં રોકડ સહાય મળવાપાત્ર થાય છે. |
| પેકેજ - ૩ | યાંત્રિક ખેત ઓજારો અને સિંચાઈ સાધનોને થયેલ નુકશાન અંગે નાના સિમાંત, બી.પી.એલ. યાદીમાં સમાવિષ્ટ હોય તેવા ખેડૂતોને નવા સાધનની ખરીદીના ખર્ચના ૫૦ ટકા વધુમાં વધુ રૂા. ૫૦૦૦/-ની મર્યાદામાં નાબાર્ડ બેંકેબલ યોજના અંતર્ગત સહાય મળવાપાત્ર થાય છે. નાના સિમાંત ખેડૂતો સહિતના બી.પી.એલ. યાદીમાં ન હોય તેવા તમામ ખેડૂતોના કિસ્સામાં નવા સાધનોની ખરીદીના ૨૫ ટકા અને વધુમાં વધુ રૂા. ૫૦૦૦/- ની મર્યાદામાં નાબાર્ડ બેંકેબલ યોજના અંતર્ગત સહાય મળવાપાત્ર થાય છે. |
| પેકેજ - ૪ | જમીનનું ધોવાણ થયેલ હોય તેવા ખેડૂતોને જમીન સમતળ કરવા માટે નાના અને સિમાંત ખેડૂતોના કિસ્સામાં મોટા પ્રમાણમાં થયેલ નુકશાનના પ્રતિ હેકટરે રૂા. ૧૦૦૦૦/- સહાય મળવાપાત્ર થાય છે. વધતા ઓછા પ્રમાણમાં જમીન ધોવાણ થયું હોય ત્યારે નાના અને સીમાંત ખેડૂતોને અનુક્રમે ખર્ચના ૨૫ ટકા અને ૩૩.૩૩ ટકા નાબાર્ડની પેટર્ન પ્રમાણે પ્રતિ હેકટરે રૂા. ૫૦૦૦/- ની સહાય મળવાપાત્ર થાય છે. ઉપરોક્ત સિવાયના તમામ ખેડૂતોને પણ રૂા. ૫૦૦૦/- પ્રતિ હેકટર અને ૩ હેકટરની મર્યાદામાં ઉચ્ચક આર્થિક સહાય મળવાપાત્ર થાય છે. |

ઉપરોક્ત પેકેજનો લાભ મહેસુલ વિભાગના તા. ૧૮-૭-૨૦૦૫ ના ઠરાવથી જાહેર કરેલ અસરગ્રસ્ત ગામોમાં મળવાપાત્ર થાય છે.

-----

## ભરુચ જિલ્લા અને તાલુકા પંચાયતોમાં ખાલી જગ્યાઓ

૧૩૮૯૮ **શ્રીમતી રશીદા ઈ. પટેલ (વાગરા)** : **માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભરુચ જિલ્લા અને તાલુકા પંચાયતોમાં છેલ્લા ત્રણ વર્ષથી ક્યા ક્યા સંવર્ગની કેટલી જગ્યાઓ તા.૩૧-૧૨-૦૫ની સ્થિતિએ ખાલી છે, અને

**જવાબ**

(૧) જિલ્લા અને તાલુકા પંચાયતોની તા.૩૧-૧૨-૦૫ ની સ્થિતિએ ખાલી જગ્યાઓ નીચે મુજબ છે.

| સંવર્ગ | જીલ્લા પંચાયત ખાલી જગ્યા | તાલુકા પંચાયત ખાલી જગ્યા | કુલ ખાલી જગ્યા |
|---|---|---|---|
| વર્ગ-૧ | ૦૪ | ૦૧ | ૦૫ |
| વર્ગ-૨ | ૦૪ | ૦૮ | ૧૨ |
| વર્ગ-૩ | ૮૨ | ૩૭૦ | ૪૫૨ |
| વર્ગ-૪ | ૨૪ | ૦૨ | ૨૬ |
| કુલ | ૧૧૪ | ૩૮૧ | ૪૯૫ |

(૨) આ જગ્યાઓ ખાલી રહેવાના કારણો શા

(૨) વહીવટી કારણોસર. ટુંક સમયમાં જગ્યાઓ

| | |
|---|---|
| છે, અને કેટલા સમયમાં ભરવામાં આવશે ? | ભરવામાં આવશે. |

-------------

**મત્સ્યોદ્યોગના વિકાસથી ઉત્પાદન પર અસર**

૧૫૫૮૭ **શ્રી જગદીશ ઠાકોર (દહેગામ) : માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યમાં છેલ્લા ત્રણ વર્ષમાં તા.૩૧-૧-૦૬ સુધીમાં મત્સ્યોદ્યોગમાં સરકાર દ્વારા શું શું વિકાસ કરવામાં આવ્યો, અને | (૧) રાજ્યમાં દરીયાઈ મત્સ્યોદ્યોગના વિકાસ માટે માછીમારોને મચ્છીમારીના ધંધામાં થતા ખર્ચમાં રાહત રહે અને આર્થિક વિકાસ થાય તે માટે નીચે મુજબની યોજનાઓ અમલમાં છે.<br>(૧) માછીમારોની બોટોને આધુનીક બનાવવા માટે આધુનીક સાધનો જેવા કે જી.પી.એસ. નેવીગેટર વીથ ઈન્ડીકેટર, ફીશ ફાઈન્ડર તથા સંદેશ વ્યવહાર માટે વી.એચ.એફ. સેટ સલામતી માટે લાઈફ સેવીંગ જેકેટ વિગેરેનો ઉપયોગ થાય તે માટે આવા સાધનો ઉપર કિંમતના ૫૦ ટકા ના ધોરણે આ તમામ સાધનો ઉપર વધુમા વધુ રૂા. ૪૦,૦૦૦-૦૦ ની મર્યાદામાં સહાય આપવામાં આવે છે.<br>(૨) આ ઉપરાંત દરીયાઈ મત્સ્યોદ્યોગના વિકાસ માટે (અ) ફાઈબર ગ્લાસની હોડીઓ ઉપર (બ) લાકડાની બિન યાંત્રિક હોડીઓ ઉપર તેમજ (ક) નાના પગડીયા માછીમારોને સાયકલ બોક્ષ તથા જાળની ખરીદી પર રાહત આપવામાં આવે છે. તેમજ હાઈજેનીક ફીશ માર્કેટીંગ માટે સાધનો વસાવવા માટે ૫૦ ટકા ના ધોરણે રાહત આપવામાં આવે છે.<br>(૩) મત્સ્યબંદરોનો વિકાસ ભારત સરકારની ૫૦ ટકા સહાય સાથે કરવામાં આવેલ છે. જેમાં (અ) જખો મત્સ્ય બંદરનું બીજા તબકકાનું કામ પુર્ણ કરવામાં આવેલ છે. (બ) દક્ષિણ ગુજરાતમા એક પણ મત્સ્ય બંદર ન હોય ધોલાઈ મત્સ્ય બંદરના બાંધકામની કામગીરી શરૂ કરી દેવામાં આવેલ છે. આ ઉપરાંત (ક) ઓખા ખાતે મત્સ્ય બંદર બનાવવા માટે ભારત સરકારશ્રીની મંજૂરી મળી ગયેલ હોય ટુંક સમયમાં આ બંદરની કામગીરી પણ શરૂ કરવામા આવનાર છે.<br>(૪) ૨૦ મીટરથી ઓછી લંબાઈ ધરાવતી ડીઝલથી ચાલતી મચ્છીમારીની યાંત્રિક બોટ માટે વપરાતા ડીઝલ ખરીદી પર ચુકવેલ વેચાણવેરાની ૧૦૦ ટકા લેખે રાહત ચુકવવામાં આવે છે.<br>(૫) નવમી પંચવર્ષિય યોજનાના અંત પહેલાં નોંધાયેલ ૨૦ મીટરથી ઓછી લંબાઈ ધરાવતી ડીઝલથી ચાલતી મચ્છીમારીની યાંત્રિક બોટ માટે વપરાતા ડીઝલ ખરીદી પર પ્રતિ લીટર રૂા. ૧.૫૦ પેસા લેખે ૧૦૦ ટકા કેન્દ્ર પૂરસ્કૃત યોજના તળે વિકાસ વળતર ચુકવવામાં આવે છે.<br>(૬) રાજ્યમાં આંતરદેશીય મત્સ્યોદ્યોગ ક્ષેત્રે મત્સ્યોદ્યોગમાં સરકારશ્રી દ્વારા નીચેની વિગતે મત્સ્યોદ્યોગને લગતી યોજના માટે વિકાસ કરવામાં આવેલ છે.<br>(અ) આંતરદેશીય વિસ્તારમાં આવેલ જળરાશીઓમાં મત્સ્યોદ્યોગના વિકાસ માટે વિશેષ પ્રયાસ હાથ ધરવામાં આવે છે. જેથી જરૂરીયાત મુજબના મત્સ્ય બીજ સંગ્રહ કરી ઉત્પાદન મેળવી શકાય.<br>(બ) ગ્રામ્ય વિસ્તારમાં આવેલ તળાવોમાં સ્થાનિક બેરોજગાર યુવાનો મારફત મત્સ્યબીજ ઉછેર કરવામાં આવે છે |

અને સ્વરોજગારીની તકો ઉભી કરવામાં આવે છે.

(ક) મત્સ્ય ખેડૂત વિકાસ સંસ્થાની યોજના દ્વારા આવરી લીધેલ લાભાર્થીઓને મત્સ્યબીજ ઉછેર, તળાવ સુધારણા, દ્વારા ભારત સરકારના નક્કી કરેલ ધોરણ મુજબ સહાય ચુકવવામાં આવે છે. તેમજ મત્સ્યોદ્યોગ વ્યવસાયની દિન ૧૦ ની તાલીમ આપવામાં આવે છે.

(ડ) જળાશયમાં મત્સ્યોદ્યોગના વિકાસ અર્થે મત્સ્યબીજ સ્ટોકીંગ સહાય, સાયકલ/બોક્ષ સહાય, બોટ/જાળ સહાય વગેરે ૬ ટકો માટે લાભાર્થીઓને ૫૦ ટકાના ધોરણે સહાય ચુકવી સ્વરોજગારી પુરી પાડવામાં આવે છે. તદઉપરાંત બક્ષી પંચ તેમજ અનુસુચિત જન જાતિ તેમજ અનુસુચિત જાતિની મહિલાને માછલીના વેચાણ પર પ્રોત્સાહન આપવામાં આવે છે.

(૨) વર્ષવાર કેટલું ઉત્પાદન વધ્યું?

(૨)

| વર્ષ | દરિયાઈ મત્સ્ય ઉત્પાદન (મે.ટન) | આંતરદેશીય મત્સ્ય ઉત્પાદન (મે. ટન) | કુલ ઉત્પાદન |
|---|---|---|---|
| ૨૦૦૨-૦૩ | ૭૪૩૬૩૮ | ૩૪૨૬૭ | ૭૭૭૯૦૫ |
| ૨૦૦૩-૦૪ | ૬૦૯૧૩૬ | ૪૫૪૩૬ | ૬૫૪૫૭૨ |
| ૨૦૦૪-૦૫ | ૫૮૪૯૫૧ | ૫૦૬૨૮ | ૬૩૫૫૭૯ |
| આંતરદેશીય મત્સ્યોદ્યોગ હેઠળ વર્ષ ૨૦૦૨-૦૩માં ૩૪ હજાર મે.ટન હતુ જે વધીને વર્ષ ૨૦૦૩-૦૪માં ૪૫ હજાર મે.ટન થયુ અને વર્ષ ૨૦૦૪-૦૫માં ૫૧ હજાર મે.ટન થયેલ છે. આમ ઉત્તરોત્તર વર્ષવાર મત્સ્ય ઉત્પાદન વધેલ છે. | | | |

-------------

## રાજ્યના માછીમારોને પાકિસ્તાનની જેલમાંથી છોડાવવાની કાર્યવાહી

૧૫૬૨૩ **શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (અસારવા) : માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યના ક્યા ક્યા જિલ્લાના કેટલા માછીમારો ડિસેમ્બર-૨૦૦૫ની સ્થિતિએ પાકિસ્તાનની જેલમાં છે, અને | (૧) જુનાગઢ - ૧૫૫<br>વલસાડ - ૦૨૨<br>નવસારી - ૦૦૨<br>અમરેલી - ૦૦૧<br>પોરબંદર - ૦૦૩<br>ભાવનગર - ૦૦૬<br>૧૮૯ |
| (૨) તેમને છોડાવવા માટે સરકાર દ્વારા કેન્દ્ર સરકાર સાથે કેવા પ્રકારની કાર્યવાહી કરવામાં આવેલ છે? | (૨) પકડવામાં આવેલ માછીમારો તથા બોટની વિગતો સાથે તેમને છોડાવવા ભારત સરકારશ્રીના વિદેશ મંત્રાલય, નવી દિલ્હીને જણાવવામાં આવેલ છે. |

-------------

## લીંબડી તાલુકામાં ડૉ. આંબેડકર આવાસ યોજના હેઠળ ચૂકવેલ હપ્તા

૧૪૦૧૫ **શ્રી ભવાનભાઈ જી. ભરવાડ (લીંબડી) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) લીંબડી તાલુકામાં આંબેડકર આવાસ યોજના હેઠળ કેટલા મકાનો સન ૨૦૦૫-૦૬ ના વર્ષમાં મંજૂર થયાં છે,

(૨) તા.૩૧-૧-૦૬ સુધીમાં પ્રથમ, બીજો તથા ત્રીજો હપ્તો કેટલા લાભાર્થીને ચૂકવાયો નથી, અને

(૩) આ રકમ ક્યારે ચૂકવવામાં આવનાર છે ?

**જવાબ**

(૧) ૩૨

(૨) તમામ ૩૨ લાભાર્થીને પ્રથમ હપ્તો ચુકવાઈ ગયેલ છે, જ્યારે બીજો અને ત્રીજો હપ્તો ચુકવાયેલ નથી.

(૩) બીજા હપ્તા માટે લીન્ટલ લેવલના બાંધકામનું અને ત્રીજા હપ્તા માટે મકાન બાંધકામ પૂર્ણ કર્યા અંગેનું સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર રજુ કર્યેથી, શક્ય તેટલી વહેલી તકે.

-------------

**મહેસાણા જિલ્લામાં પાક વીમાની બાકી રકમ**

૧૪૩૫૮ **શ્રી બળદેવજી ચં. ઠાકોર (કડી) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૦૫ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં પાક વીમાની કેટલી રકમ ચૂકવવાની બાકી રહે છે, અને

(૨) આ બાકી રકમ ખેડૂતોને ક્યારે ચૂકવવામાં આવશે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૫ ની સ્થિતિએ મહેસાણા જીલ્લામાં પાક વીમાની કોઈ રકમ ચુકવવાની બાકી રહેતી નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

**અમદાવાદ જિલ્લામાં તલાટી-કમ-મંત્રીની ખાલી જ્ગ્યાઓ**

૧૫૫૮૪ **શ્રી કાંતિલાલ રા. લકુમ (બાવળા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૦૬ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં કુલ કેટલા તલાટી-કમ-મંત્રીની જગ્યા ખાલી છે,

(૨) આ જગ્યા તાલુકાવાર કેટલી ખાલી છે, અને

(૩) આ ખાલી જગ્યા ક્યારે પુરવામાં આવશે ?

**જવાબ**

(૧) ૧૨૫ (એક્સો પચીસ)

(૨) તાલુકાવાર જગ્યાઓ નીચે મુજબ છે.

| તાલુકાનું નામ | ખાલી જગ્યા |
|---|---|
| સીટી | ૦૫ |
| દસક્રોઈ | ૧૫ |
| સાણંદ | ૦૯ |
| ધોળકા | ૧૬ |
| બાવળા | ૧૨ |
| વિરમગામ | ૧૦ |
| દેત્રોજ | ૧૦ |
| માંડલ | ૦૭ |
| ધંધુકા | ૨૨ |
| રાણપુર | ૧૨ |
| બરવાળા | ૦૭ |
| કુલ : | ૧૨૫ |

(૩) જેમ બને તેમ જલદીથી.

-------------

**કચ્છ જિલ્લામાં સોઇલ હેલ્થ કાર્ડ આપવા અંગે**

૧૪૯૬૩ **શ્રી છબીલદાસ ના. પટેલ (માંડવી) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૦૬ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં સોઇલ હેલ્થ કાર્ડ કેટલા ખેડૂતોને આપવામાં આવ્યા, | (૧) ૩૭૦૮૧ |
| (૨) એ પેકી સોઇલના નમુનામાં બેદરકારી દાખવવાનાં કેટલા કિસ્સાઓ બહાર આવ્યા, | (૨) સોઈલના નમૂનામાં બેદરકારી દાખવ્યા અંગેની કોઈ રજૂઆત અત્રે મળેલ નથી. |
| (૩) આ બાબતે શાં શાં પગલાં ભરવામાં આવ્યા, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી |
| (૪) બાકી રહેતા ખેડૂતોને સોઇલ હેલ્થ કાર્ડ કેટલા સમયમાં આપવામાં આવશે ? | (૪) બાકી રહેતા ખેડૂતોને તબકકાવાર સોઈલ હેલ્થ કાર્ડ પૂરા પાડવામાં આવશે. |

-------------

**રાજ્યમાં શાકાહાર અભિયાન હેઠળ માછીમારની પ્રવૃત્તિ ઘટાડવાનું આયોજન**

૧૫૫૪૧ **શ્રી શીવજીભાઈ ક. આહીર (ભૂજ) : માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકારે સન ૨૦૦૩ના ઓકટોબરની ૨જી તારીખથી રાજ્ય વ્યાપી શાકાહાર અભિયાન શરુ કર્યુ છે તે હકીક્ત સાચી છે, અને | (૧) ના |
| (૨) જો હા, તો આ અભિયાનને પ્રોત્સાહીત કરવા માટે માછીમારી દ્વારા થતી બિન શાકાહારી પ્રવૃત્તિ ઘટાડવા રાજ્ય સરકારે શું આયોજન કર્યુ છે ? | (૨) લાગુ પડતું નથી. |

-------------

**બનાસકાંઠા જિલ્લામાં ગ્રામ પંચાયતોની વિભાજનની દરખાસ્તો**

૧૫૬૩૦ **શ્રી મુકેશ ભૈ. ગઢવી (દાંતા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લામાં ગ્રામ પંચાયતોના વિભાજનની દરખાસ્તો લાંબા સમયથી પડતર છે તે હકીક્ત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો જાન્યુઆરી-૨૦૦૬ની સ્થિતિએ કેટલી દરખાસ્તો પડતર છે, અને તે પડતર રહેવાનાં શાં કારણો છે ? | (૨) કુલ - ૯<br>વિધાનસભા મત વિસ્તારની સીમાંકનની કાર્યવાહી દરમિયાન યથાવત સ્થિતિ જાળવી રાખવાની છે. |

-------------

**સાબરકાંઠાના આદિવાસી વિસ્તારના જળાશયમાંથી માછીમારના ધંધા માટે અરજીઓ**

૧૫૬૨૬ **ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા) : માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) છેલ્લા બે વર્ષમાં તા.૩૧-૧-૦૬ની સ્થિતિએ સાબરકાંઠામાં આદિવાસી વિસ્તારના હાથમતી જળાશયમાં માછીમારીના ધંધા માટે લોક્લ કેટલી મંડળીઓની અરજીઓ મળેલ, | (૧) ૨ (બે) |
| (૨) ડેમમાંથી વિસ્થાપિત થયેલ મંડળીને રોજીરોટી માટે નિયમો હોવા છતાં માછીમારીનું કામ ન આપવાના કારણો શા છે, અને | (૨) ડેમમાંથી વિસ્થાપિત થયેલ મંડળીને માછીમારોનું કામ આપવામાં આવે છે. |
| (૩) મત્સ્યોદ્યોગ વિભાગના અધિકારીઓએ સ્થળ તપાસ કરી ત્યારે વાસ્તવિક હકીક્ત મેળવી હતી | (૩) હા, જી. |

કે કેમ ?

-------------

**ઓર્ગેનીક ખેતીને પ્રોત્સાહન આપવા અંગે**

૧૫૬૦૪ **શ્રી શંકરભાઈ વી. રાઠવા (છોટાઉદેપુર) :માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યમાં ઓર્ગેનીક ખેતીને પ્રોત્સાહન આપવા માંગે છે તે હકીક્ત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) આ માટે કોઇ વિસ્તાર/તાલુકા નક્કી કર્યા છે, અને | (૨) ના જી. |
| (૩) આ અંગે રાજ્ય સરકારનું શું આયોજન છે ? | (૩) ઓર્ગેનીક ખેતીના ઘટકો જેવા કે સેન્દ્રિય ખાતર, વર્મી કંમ્પોસ્ટ, જૈવિક દવાઓ, આઈપીએમ સાધનો વગેરેના વપરાશને પ્રોત્સાહન આપવાની સહાય યોજનાઓ અમલમાં છે. ઓર્ગેનીક ફાર્મીંગના નેશનલ પ્રોજેકટ હેઠળ ૨૦૦૬-૦૭ ના વર્ષ માટે રૂા. ૨.૯૨ કરોડની દરખાસ્ત ભારત સરકારને કરવામાં આવી છે. |

-------------

**કચ્છ જિલ્લામાં દુધાળા પ્રાણીઓ માટે સહાય**

૧૪૭૪૦ **શ્રી ગોપાલભાઈ ગા. ધુઆ (મુંદ્રા) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| કચ્છ જિલ્લામાં તા.૩૧-૩-૨૦૦૫ની સ્થિતિએ છેલ્લા ૨ વર્ષમાં અનુસૂચિત જાતિના લોકોને જુદા જુદા એકમો દ્વારા કેટલા દુધાળા પ્રાણીઓ માટે સહાય આપવામાં આવી ? | તા. ૩૧-૩-૨૦૦૫ ની સ્થિતિએ છેલ્લાં ૨ વર્ષમાં અનુસૂચિત જાતિના લોકોને જુદા જુદા એકમો દ્વારા નીચે જણાવ્યા મુજબ દુધાળા પ્રાણીઓ માટે સહાય આપવામાં આવી છે.<br>(૧) મીલ્ક એન્હાસમેન્ટ કાર્યક્રમ હેઠળ અનુસૂચિત જાતિના ૩૦૦ દુધાળા પશુઓ માટે મીનીકીટસ અને હેલ્થ પેકેજ કીટસ આપવામાં આવેલ છે.<br>(૨) ગ્રામ વિકાસ વિભાગ દ્વારા ૧૮ દુધાળા પશુઓ માટે સહાય આપવામાં આવેલ છે અને<br>(૩) ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ દ્વારા ૩ દુધાળા પશુઓ માટે સહાય આપવામાં આવેલ છે. |

-------------

**રાજ્યમાં તીર્થગામ તરીકે જાહેર થયેલ ગામો**

૧૪૯૭૮ **ડૉ. માયાબેન સુ. કોડનાની (નરોડા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧-૦૬ની સ્થિતિએ રાજ્યમાં કેટલાં ગામો તીર્થ ગામો તરીકે જાહેર થયા, અને | (૧) ૩૫૫ ગામો |
| (૨) તીર્થ ગામ જાહેર થયેલા ગામોને વિશેષ શા શા લાભ આપવામાં આવે છે ? | (૨) તીર્થ ગામ જાહેર થયેલ ગામોને રૂા. ૧.૦૦ લાખ પુરસ્કાર તરીકે આપવામાં આવે છે. |

-------------

## જુનાગઢ જિલ્લામાં ગોચરની જમીન ઉપર પેશકદમી

૧૪૪૪૫ **શ્રી ગોવિંદભાઈ વ. પરમાર (તલાલા)** :**માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) છેલ્લા બે વર્ષમાં તા.૩૧-૧૨-૦૫ની સ્થિતિએ જુનાગઢ જિલ્લામાં તાલુકાવાર ક્યા ક્યા ગામોમાં પેશકદમી કરવામાં આવેલ છે,

(૨) પેશકદમી કરનાર આસામીઓ સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે, કે કેમ, અને

(૩) સરકાર આ પેશકદમી કેટલા સમયમાં દૂર કરવા માંગે છે ?

**જવાબ**

(૧) સામેલ પત્રક - ૧ મુજબ

(૨) ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ની કલમ-૧૦૫ની જોગવાઈ હેઠળ પેશકદમી કરનાર આસામીઓને ગ્રામ પંચાયતો દ્વારા નોટીસો આપી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

(૩) તાત્કાલિક કાર્યવાહી કરવા ગ્રામ પંચાયતોને જરૂરી સૂચનાઓ આપવામાં આવેલ છે.

**પત્રક - ૧**

**જુનાગઢ જીલ્લાના તાલુકાવાર પેશકદમી ધરાવતા ગામો નીચે દર્શાવ્યા મુજબ છે.**

| ક્રમ | તાલુકાનું નામ | ગામનું નામ |
|---|---|---|
| ૧ | વંથલી | (૧) લુશાખા |
| | | (૨) ખુંભડી |
| | | (૩) થાણા પીપળી |
| ૨ | ઉના | (૧) મધરડી |
| | | (૨) ઓલવાણ |
| | | (૩) ખત્રીવાડા |
| | | (૪) અંબાડા |
| | | (૫) વાજડી |
| ૩ | કોડીનાર | (૧) દુદાલા ના. ઈચવડ જુથ ગ્રા. પં. |
| | | (૨) સિંધાજ |
| ૪ | તાલાળા | (૧) વીરપુર |
| | | (૨) ગુંદરણ |
| | | (૩) આંબળાસ |
| | | (૪) બોરવાવ |
| | | (૫) જશાધાર |
| | | (૬) અનીડા |
| | | (૭) ભીમદેવળ |
| | | (૮) રાતીધાર |
| | | (૯) આંકોલવાડી |
| | | (૧૦) ગાભા |
| | | (૧૧) ધુંસીયા |
| | | (૧૨) માલજીંજવા |
| | | (૧૩) સેમરવાવ |
| | | (૧૪) ઉમરેઠી |
| ૫ | મેંદરડા | (૧) પાટરામા |
| | | (૨) મોટી ખોડીયાર |
| | | (૩) ચાંદ્રાવાડી |
| | | (૪) દાત્રાણા |
| ૬ | માણાવદર | (૧) વેળવા |
| | | (૨) વેકરી |
| | | (૩) કોઠારીયા |
| | | (૪) બોડકા |

| | | |
|---|---|---|
| | | (૫) માંડોદ્રા<br>(૬) કોયલાણા<br>(૭) પાદરડી<br>(૮) સચડીયા<br>(૯) દેશીંગા |

-------------

**કચ્છ જિલ્લામાં સમરસ ગ્રામ પંચાયતોને ચૂકવવાની બાકી રકમ**

૧૪૫૭૬ **શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) કચ્છ જિલ્લામાં ગ્રામ પંચાયતોની બિન હરીફ ચૂંટણી થાય તો સમસર ગ્રામ પંચાયત અન્વયે કેટલી પંચાયતોને રકમ ચૂકવવાની બાકી છે, અને | (૧) પાંચ |
| (૨) કઇ કઇ ગ્રામ પંચાયતોને આ રકમ ક્યારથી ચૂકવાઇ નથી ? | (૨) નાંગીયારી, વમોટી મોટી, રાપાર, ટપર અને ચીરઈ નાની ગ્રામ પંચાયતોને ટેકનિકલ કારણસર સમરસ યોજનાનો લાભ મળેલો ન હોય, ખાસ કિસ્સા તરીકે સમરસ ગામ યોજનાનો લાભ આપવાના હુકમો તારીખ : ૩૧-૮-૨૦૦૫ના ઠરાવથી કરવામાં આવેલ છે. |

-------------

**ખેડા જિલ્લામાં ગ્રામ પંચાયતો અલગ કરવાની દરખાસ્ત**

૧૪૯૬૦ **શ્રી રાકેશ રાવ (માતર) :માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) જાન્યુઆરી, ૨૦૦૬ની સ્થિતિએ ખેડા જિલ્લામાં કેટલી ગ્રામ પંચાયતો અલગ કરવાની દરખાસ્તો વિભાગને મળેલ છે, | (૧) બે, |
| (૨) તે પૈકી ખેડા અને માતર તાલુકાની કેટલી દરખાસ્તો મળેલ છે, અને | (૨) એક પણ નહીં. |
| (૩) આ દરખાસ્તો ઉપર તાત્કાલિક કાર્યવાહી કરી ગ્રામ પંચાયતો અલગ કરવાની કાર્યવાહી ક્યાં સુધીમાં પૂર્ણ થઇ શકશે ? | (૩) વિધાનસભા મત વિસ્તારની સીમાંકનની કાર્યવાહી દરમિયાન યથાવત સ્થિતિ જાળવી રાખવાની છે. |

-------------

**રાજ્યના માછીમારોને પાકિસ્તાનની જેલમાંથી છોડાવવા અંગે**

૧૫૬૨૭ **શ્રી હીરાભાઈ ઓ. સોલંકી (રાજુલા) :માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧-૦૬ની સ્થિતિએ રાજ્યના કેટલા માછીમારો પાકિસ્તાનની જેલમાં છે, અને | (૧) ૨૧૩ |
| (૨) આ માછીમારોને છોડાવવા માટે સરકાર દ્વારા કેન્દ્ર સરકાર સાથે કેવા પ્રકારની કાર્યવાહી કરવામાં આવેલ છે ? | (૨) પકડવામાં આવેલ માછીમારો તથા બોટની વિગતો સાથે તેમને છોડાવવા ભારત સરકારશ્રીના વિદેશ મંત્રાલય નવીદિલ્હીને જણાવવામાં આવેલ છે. |

-------------

**રાજ્યમાં ખેતીના વિકાસ અને બિયારણમાં વૃધ્ધિ**
૧૫૬૧૨ **શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ (અંકલેશ્વર) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં છેલ્લા ત્રણ વર્ષમાં તા.૩૧-૧૨-૦૫ ની સ્થિતિએ ખેતીના વિકાસ અને બિયારણની વૃધ્ધિ માટે સરકારે ક્યા ક્યા પગલાં લીધા, અને

(૨) કઇ કઇ યુનિવર્સિટીએ આ પ્રયોગમાં સફળતા મેળવી છે ?

**જવાબ**

(૧) ખેતીના વિકાસ અને બિયારણ વૃધ્ધિ માટે સામેલ પત્રક-૧ મુજબ પગલાં લીધેલ છે.

(૨) (૧) આણંદ કૃષિ યુર્નિવસીટી
(૨) જુનાગઢ કૃષિ યુર્નિવસીટી
(૩) નવસારી કૃષિ યુર્નિવસીટી
(૪) સરદાર કૃષિ નગર દાંતીવાડા કૃષિ યુર્નિવસીટી

**પત્રક-૧**
**ખેતીના વિકાસ અને બિયારણ વૃધ્ધિ માટે સરકાર દ્વારા લેવામાં આવેલ પગલાંનું પત્રક**

(૧) રાજ્યના તમામ ખેડૂતોને સોઈલ હેલ્થ કાર્ડ આપવા અને તે મુજબ પાક આયોજન હાથ ધરવા માર્ગદર્શન પુરુ પાડેલ છે.
(૨) રાજ્યના અતિ ગરીબ ખેડૂતોને વિના મુલ્યે ખેત સામગ્રી આપવાની યોજના વર્ષ ૨૦૦૫-૦૬ થી અમલમાં મૂકેલ છે. જેમાં રાજ્યના દરેક ગામના ગામ દીઠ ૫ ખેડૂતોને લાભ આપવામાં આવેલ છે.
(૩) રાજ્યના ખેડૂતોને આધુનિક અને વૈજ્ઞાનિક પધ્ધતિથી ખેતી કરવા માર્ગદર્શન પુરુ પાડવા અને પ્રોત્સાહિત કરવા સઘન વિસ્તરણ ઝુંબેશના ભાગ રૂપે રાજ્યના દરેક ગામમાં કૃષિ મહોત્સવ કાર્યક્રમ અમલમાં મુકેલ છે.
(૪) રાજ્યમાં તાલુકાવાર પાક આયોજન અન ગામવાર પાક આયોજનનો અભિગમ અમલમાં મુકેલ છે.
(૫) રાજ્યના ખેડૂતોને વૈજ્ઞાનિક અભિગમથી માહિતગાર કરવા અને યોગ્ય પાક આયોજન માટે માર્ગદર્શન આપવા તાલુકા દીઠ કૃષિ વૈજ્ઞાનિકોને નીમી, જવાબદારી સોંપવામાં આવેલ છે.
(૬) ઉપલબ્ધ પિયત પાણીના કાર્યક્ષમ ઉપયોગ માટે રાજ્યમાં ટપક અને ફુવારા પિયત પધ્ધતિનો વ્યાપ વધે તે હેતુથી ગુજરાત ગ્રીન રીવોલ્યુશન કંપનીની સ્થાપના કરેલ છે અને ટપક અને ફુવારા પિયત પધ્ધતિની યોજના એક્સુત્રિય અમલી કરણ સદર કંપની દ્વારા હાથ ધરવામાં આવેલ છે. ટપક પિયત પધ્ધતિમાં ખેડૂતોને મળતી સહાયના દરમાં વધારો કરી રૂા. ૫૦૦૦૦/- પ્રતિ હેકટર મુજબ સહાય આપવામાં આવી રહી છે.
(૭) રાજ્યમાં કિસાન કોલ સેન્ટર અમલી બનાવી ટોલ ફ્રી નંબર ૧૫૫૧ ઉપર ખેડૂતોને મુઝવતા પ્રશ્નોનું નિરાકરણ કરવામાં આવી રહ્યું છે.
(૮) સરદાર સરોવર કમાન્ડ વિસ્તારમાં પિયત પાણીના કાર્યક્ષમ ઉપયોગ માટે સઘન વિસ્તરણ ઝુંબેશ તથા ખેડૂત સભાઓ યોજેલ છે.
(૯) રાજ્યમાં ખેતી વિકાસ માટે અમલી યોજનાઓમાં પાક વ્યવસ્થા સદરે આયોજન હેઠળ વર્ષ ૨૦૦૩-૦૪માં રૂા. ૧૫૨૬૭.૫૩ લાખ, વર્ષ ૨૦૦૪-૦૫માં રૂા. ૨૫૫૬૫.૪૩ લાખ અને ૨૦૦૫-૦૬માં ડિસેમ્બર અંતિત રૂા. ૪૮૮૬.૮૮ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે. જેમાં ખેડૂતોને ખેત સામગ્રીમાં સહાય, વિસ્તરણ પ્રવૃત્તિઓ, ટપક સિંચાઈ, કૃષિ ક્ષેત્રે જોખમો સામે રક્ષણ જેવા કે પાક વીમો, ખાતેદાર ખેડૂત અક્સમાત વીમો, ટેકાના ભાવે ખરીદી વિગેરેનો સમાવેશ થાય છે.
(૧૦) રાજ્યમાં પુરતા પ્રમાણમાં ગુણવત્તાયુક્ત બીજ ઉપલબ્ધ થાય તે માટે બ્રીડર સીડની ફાળવણી કરી, બીજ ઉત્પાદન કાર્યક્રમોનું સઘન આયોજન તેમજ અમલીકરણ કરવામાં આવેલ છે. છેલ્લા ત્રણ વર્ષની બિયારણની વિગતો નીચેમુજબ છે.

| વર્ષ | જરૂરીયાત (ક્વીન્ટલ) | ઉપલબ્ધી (ક્વીન્ટલ) | વિતરણ (ક્વીન્ટલ) |
|---|---|---|---|
| ૨૦૦૩-૦૪ | ૩૮૯૩૫૧ | ૪૪૫૭૦૦ | ૩૯૨૪૬૯ |
| ૨૦૦૪-૦૫ | ૪૦૭૮૭૬ | ૪૪૪૭૬૦ | ૩૯૮૧૯૨ |
| ૨૦૦૫-૦૬ | ૪૩૧૭૮૨ | ૪૫૩૦૧૧ | ૪૩૬૬૦૭ |

વધુમાં ગુણવત્તાયુક્ત બિયારણને ખેડૂતોને મળી રહે તે માટે તકેદારીના તમામ પગલા લીધેલ છે.

(૧૧) રાજ્યમાં ખેડૂતોને ગુણવત્તાયુક્ત બીજ ઉપલબ્ધ થાય તેમજ વ્યાપ વધે તે માટે બ્રીડર સીડ ખરીદીમાં, ફાઉન્ડેશન અને પ્રમાણિત બીજ ઉત્પાદનમાં તેમજ પ્રમાણિત બીજ વિતરણમાં વિવિધ યોજનાઓ હેઠળ સહાય આપવામાં આવે છે.

-------------

**ભાવનગર જિલ્લામાં ગ્રામમિત્ર યોજના અન્વયે મળેલ અરજીઓ**

૧૩૯૫૬ **શ્રી પ્રવિણભાઈ ટી. મારૂ (ગઢડા) :માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લામાં તા.૩૧-૧૨-૦૫ સુધીમાં ગ્રામમિત્ર યોજના અન્વયે કુલ કેટલી અરજીઓ આવી, અને

(૨) આવેલ અરજીઓ પૈકી કેટલી માન્ય રાખવામાં આવી ?

**જવાબ**

(૧) ભાવનગર જિલ્લામાં તારીખ ૩૧-૧૨-૦૫ સુધીમાં ગ્રામ મિત્ર યોજના અન્વયે કુલ ૬૩૯૮ અરજીઓ આવેલ છે.

(૨) ભાવનગર જિલ્લામાં ગ્રામમિત્ર યોજના અન્વયે હજુ સુધી કોઈ નિમણૂંક થયેલ ન હોવાથી કોઈપણ અરજી માન્ય રાખેલ નથી.

-------------

**વઢવાણ તાલુકામાં માનવગરિમા યોજના હેઠળ સહાય**

૧૫૫૪૫ **શ્રી ધનરાજભાઈ કેલા (વઢવાણ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) માનવ ગરિમા યોજના હેઠળ વઢવાણ તાલુકામાં તા.૩૧-૧-૦૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સહાય માટે કેટલી અરજીઓ આવી,

(૨) કેટલી અરજીઓ મંજૂર થઇ અને કેટલી મંજૂર થવામાં પડતર છે,

(૩) કેટલા લોકોને વર્ષવાર કેટલી સહાય ચૂકવવામાં આવી, અને

(૪) બાકી રહેલાઓને ક્યારે સહાય ચૂકવવામાં આવશે ?

**જવાબ**

(૧) ૨૦૧૩

(૨) મંજૂર થયેલ અરજીઓ-૨૭૨
પડતર અરજીઓ -૧૪૧૨

(૩) રોકડ સહાય આપવામાં આવતી નથી, પરંતુ ટુલ્સ કિટસ આપવામાં આવે છે વર્ષવાર નીચે પ્રમાણેની રકમના ટુલ્સ કિટસ આપેલ છે.

| વર્ષ | લાભાર્થીઓની સંખ્યા | ટુલ્સ કિટસની કુલ રકમ |
|---|---|---|
| ૨૦૦૪-૦૫ | ૧૯૩ | ૫,૬૪,૨૭૫/- |
| ૨૦૦૫-૦૬ | ૭૯ | ૨,૩૭,૦૦૦/- |

(૪) શક્ય તેટલી વહેલી તકે.

-------------

**રાજ્યમાં ખેતી પાકોના ભાવોની જાળવણી**

**૧૩૮૯૩ શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા (રખિયાલ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં ખેતી પાકોના ભાવ જાળવણી માટે નાણાંકીય વર્ષ ૨૦૦૪-૦૫ માં કપાસના ભાવો નીચે જતાં રાજ્ય સરકારે ટેકાના ભાવથી કેટલો ગાંસડી કપાસ ખરીદેલ, અને

(૨) આ ખરીદીમાં જુદી જુદી સહકારી સંસ્થાઓ દ્વારા કુલ કેટલી રકમના ટેકાના ભાવ રાજ્ય સરકારે ચૂકવેલ છે ?

**જવાબ**

(૧) ૫,૦૯,૯૬૩ ગાંસડી

(૨) રાજ્ય સરકાર દ્વારા ટેકાના ભાવે કપાસની ખરીદી કરવામાં આવતી નથી. પરંતુ ભારત સરકારે ટેકાના ભાવે ખરીદ કરવા માટે નિયુક્ત કરેલ નોડલ એજન્સીઓ ધ્વારા જુદા જુદા કપાસની જાતો માટે રૂા. ૧૫૯૯/- થી રૂા. ૧૯૬૦/-ના સરેરાશ ભાવે ખરીદી કરેલ છે. વર્ષ ૨૦૦૪-૦૫માં નાફેડ સંસ્થાઓ રૂા.

૨૪.૧૩ ક્રોડ તથા સીસીઆઈ સંસ્થાએ રૂા. ૪૨૪.૪૨ ક્રોડની રકમ સદર ખરીદી પેટે ચૂકવેલ છે.

-------------

**કૃષિ ઉત્પાદનમાં વધારો**

૧૫૫૯૦ **શ્રી સુનીલ બા. ઓઝા (ભાવનગર શહેર (દક્ષિણ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

સન ૨૦૦૫-૦૬ ના વર્ષના કૃષિ રથના આયોજનના કારણે કૃષિ ઉત્પાદનમાં કેટલો વધારો થવા પામ્યો છે ?

**જવાબ**

કૃષિ મહોત્સવના કાર્યક્રમનો મુળભૂત હેતુ ખેડૂતોમાં જાણકારી લાવવા અને માર્ગદર્શન આપવાનો હતો. પાક ઉત્પાદનમાં વધારા માટે જુદા જુદા પરિબળો જેવા કે, સારૂ બિયારણ, સારા અન્ય ઈનપુટ, વૈજ્ઞાનિક ભલામણોનો અમલ, વરસાદ, હવામાન, વગેરે મહત્વનો ભાગ ભજવે છે. વર્ષ ૨૦૦૪-૦૫ ની સરખામણીએ ૨૦૦૫-૦૬ ના વર્ષમાં કૃષિ ઉત્પાદનમાં કુલ ૩૫,૮૨,૦૦૦ મે.ટનનો વધારો થવાનો અંદાજ છે.

-------------

**રાજકોટ જિલ્લામાં પંચાયતનું મહેકમ**

૧૫૫૫૮ **શ્રી મોહનભાઈ ક. કુંડારીયા (ટંકારા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજકોટ જિલ્લાના પડધરી, ટંકારા અને મોરબી તાલુકા પંચાયતમાં કુલ કેટલું મહેકમ મંજૂર કરવામાં આવેલ છે, અને

(૨) ક્યા ક્યા વર્ગના કેટલા, જેમાંથી તા.૩૧-૧-૦૬ની સ્થિતિએ ક્યા ક્યા મહેકમની કેટલી જ્ગ્યાઓ ખાલી છે અને તે ભરવા માટે રાજ્ય સરકારનું શું આયોજન છે ?

**જવાબ**

(૧) તાલુકા પંચાયતનું મંજુર મહેકમ

| તાલુકો | વર્ગ-૧ | વર્ગ-૨ | વર્ગ-૩ | વર્ગ-૪ | કુલ |
|---|---|---|---|---|---|
| પડધરી | - | ૦૧ | ૫૯ | ૦૪ | ૬૪ |
| ટંકારા | - | ૦૧ | ૪૨ | ૦૦ | ૪૩ |
| મોરબી | - | ૦૧ | ૮૩ | ૦૪ | ૮૮ |
| કુલ | ૦ | ૦૩ | ૧૮૪ | ૦૮ | ૧૯૫ |

(૨)

| તાલુકો | વર્ગ-૧ | વર્ગ-૨ | વર્ગ-૩ | વર્ગ-૪ | કુલ |
|---|---|---|---|---|---|
| પડધરી | ૦ | ૦૧ | ૧૧ | ૦૨ | ૧૪ |
| ટંકારા | ૦ | ૦૧ | ૦૩ | - | ૦૪ |
| મોરબી | ૦ | ૦ | ૧૧ | - | ૧૧ |
| કુલ | ૦ | ૦૨ | ૨૫ | ૦૨ | ૨૯ |

વર્ગ-૨ની ખાલી જ્ગ્યાઓ ભરેલ છે. વર્ગ-૩, વર્ગ-૪ની જ્ગ્યાઓ પંચાયત સહાયક દ્વારા અને રહેમરાહે નોકરીની નિમણૂંક દ્વારા ભરવા વિચારેલ છે.

-------------

**અમદાવાદ શહેરમાં માનવ ગરિમા યોજના હેઠળ મળેલ અરજીઓ**

૧૪૫૬૨ **ડૉ. જીતેન્દ્રભાઈ બા. પટેલ (સાબરમતી) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદ શહેરમાં છેલ્લા બે વર્ષમાં તા.૩૧-૧૨-૦૫ની સ્થિતિએ માનવગરિમા યોજના હેઠળ સહાય મેળવવા કેટલી અરજીઓ આવી,

**જવાબ**

(૧) અનુસૂચિત જાતીની ૧૮,૦૦૪ તથા સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગની ૬૫૫ અરજીઓ આવી

(૨) તે પૈકી તા.૩૧-૧૨-૦૫ની સ્થિતિએ કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૩) કેટલા લોકોને આ યોજના હેઠળ કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી ?

(૨) અનુસૂચિત જાતીની ૨૫૧૨ તથા સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગની ૫૦૯

(૩) હવે રોકડ રકમને બદલે રૂા. ૩૦૦૦-૦૦ ની ટુલ્સ કીટસ અપાય છે. છેલ્લા બે વર્ષમાં અનુસૂચિત જાતીની ૨૫૧૨ લોકોને રૂા.૭૩,૭૮,૮૫૦-૦૦ તથા સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગની ૪૫૬ લોકોને રૂા. ૧૩,૬૮,૦૦૦-૦૦ ની કિંમતના ટુલ્સ કીટસ આપવામાં આવેલ છે.

-------------

## ધારી અને બગસરામાં પશુ દવાખાના

૧૪૨૧૦ **શ્રી બાલુભાઈ તંતી (ધારી) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ધારી અને બગસરા તાલુકામાં ક્યા ક્યા ગામે પશુ દવાખાના આવેલ છે, અને

(૨) તે પૈકી તા.૩૧-૧-૦૬ની સ્થિતિએ કેટલા દવાખાના ચાલુ છે ?

**જવાબ**

(૧) ધારી અને બગસરા તાલુકામાં નીચે જણાવેલ ગામો પશુ દવાખાના આવેલ છે.

| અ.નં. | તાલુકાનું નામ | પશુ દવાખાનાનું સ્થળ |
|---|---|---|
| ૧. | ધારી | ધારી |
| | | ચલાલા |
| | | ભાડેર |
| ૨. | બગસરા | બગસરા |

(૨) ઉપરોક્ત તમામ દવાખાના ચાલુ છે.

-------------

## વિરમગામ તાલુકામાં તલાટી-કમ-મંત્રીની ખાલી જગ્યાઓ

૧૪૫૭૦ **શ્રી વજુભાઈ પ. ડોડિયા (વિરમગામ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૦૫ની સ્થિતિએ અમદાવાદ જિલ્લાના વિરમગામ તાલુકામાં તલાટી-કમ-મંત્રીઓની કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨) આ ખાલી જગ્યાઓ ભરવા સરકાર શા પગલાં ભરવા માંગે છે ?

**જવાબ**

(૧) વિરમગામ તાલુકામાં તલાટી-કમ-મંત્રીની ખાલી જગ્યાઓ ૧૧ છે.

(૨) આ ખાલી જગ્યાઓ સરકાર પંચાયત સહાયકની ભરતી ધ્વારા તેમજ રહેમરાહે નિમણુંકમાં તલાટી-કમ-મંત્રીનો વિકલ્પ મેળવી ભરવા માંગે છે.

-------------

## ભરૂચ જિલ્લામાં ઇન્દિરા આવાસ યોજના હેઠળ તૈયાર કરેલા આવાસો

૧૩૮૬૯ **શ્રીમતી રશીદા ઈ. પટેલ (વાગરા) : માનનીય ગ્રામવિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભરૂચ જિલ્લામાં ઇન્દીરા આવાસ યોજના હેઠળ ડિસેમ્બર-૦૫ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં તાલુકા દીઠ કેટલા લાભાર્થીઓના નવા આવાસ મંજૂર કરવામાં આવ્યા, અને કેટલાને સનદો અપાઇ, અને

**જવાબ**

(૧) ભરૂચ જિલ્લામાં ઈન્દિરા આવાસ યોજના હેઠળ ડીસેમ્બર-૦૫ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં તાલુકા દીઠ નીચેની વિગતે કુલ ૪૪૪૧ લાભાર્થીઓના નવા આવાસો મંજૂર કરવામાં આવ્યા.

| ક્રમ | તાલુકાનું નામ | તૈયાર કરેલ આવાસો |
|---|---|---|
| ૧ | જંબુસર | ૯૬૫ |
| ૨ | આમોદ | ૨૮૮ |
| ૩ | વાગરા | ૨૯૮ |
| ૪ | ભરૂચ | ૭૧૧ |

| | | |
|---|---|---|
| ૫ | અંકલેશ્વર | ૪૩૯ |
| ૬ | હાંસોટ | ૨૬૮ |
| ૭ | વાલીયા | ૭૮૭ |
| ૮ | ઝઘડીયા | ૬૮૫ |
| | કુલ : | ૪૪૪૧ |
| ઈન્દિરા આવાસ માલીકીની જમીનમાં બાંધવાના થતા હોઈ, સનદો આપવાની રહેતી નથી. | | |

(૨) તે પૈકી તાલુકાવાર કેટલા આવાસો તૈયાર કરવામાં આવ્યા ?

(૨) તે પૈકી તાલુકાવાર કુલ ૨૯૬૯ આવાસો નીચેની વિગતે પૂર્ણ કરવામાં આવ્યા.

| ક્રમ | તાલુકાનું નામ | તૈયાર કરેલ આવાસો |
|---|---|---|
| ૧ | જંબુસર | ૬૪૦ |
| ૨ | આમોદ | ૧૭૩ |
| ૩ | વાગરા | ૨૩૭ |
| ૪ | ભરૂચ | ૪૨૯ |
| ૫ | અંકલેશ્વર | ૨૫૦ |
| ૬ | હાંસોટ | ૨૫૭ |
| ૭ | વાલીયા | ૫૫૨ |
| ૮ | ઝઘડીયા | ૪૩૧ |
| | કુલ : | ૨૯૬૯ |

-------------

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, પ્રશ્નોત્તરી દરમ્યાન માનનીય વિરોધપક્ષના નેતાશ્રી સહિતના કોંગ્રેસના સભ્યશ્રીઓએ વોક આઉટ કર્યો..(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : પ્લીઝ બેસો, બધા બેસો, પ્લીઝ.(સતત અંતરાય)

**(આ તબકકે વિરોધપક્ષના નેતાશ્રી સહિત વિરોધપક્ષના સભ્યશ્રીઓ સભાગૃહમાં પરત ફર્યા)**

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** : માનનીય અધ્યક્ષશ્રી, વોક આઉટ કરવાનો તો અમારો અધિકાર છે.

(આ તબકકે શાસક પક્ષના અને વિરોધપક્ષના તમામ સભ્યશ્રીઓ ઉભા થઈ ગયા)

**અધ્યક્ષશ્રી** : પ્લીઝ, બધા બેસો, એ ચર્ચા પૂરી થઈ ગઈ છે એને હવે ઉખેડવાની જરૂર નથી.(અંતરાય) બળદેવજી, બેસો, પ્લીઝ, બિનજરૂરી બૂમો ના પાડો, પ્લીઝ.

**શ્રી ઈન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : સાહેબ, આ પ્રકારની એમની વર્તણૂક કેવી રીતે ચલાવી લેવાય? (સતત અંતરાય)

**અધ્યક્ષશ્રી** : અશોકભાઈ, પ્લીઝ, તમે સંસદીય બાબતોના મંત્રીશ્રી છો, પ્લીઝ, બેસો.

# સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

## ગુજરાત રાજય વેરહાઉસિંગ કોર્પોરેશનનો વાર્ષિક અહેવાલ

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા (કૃષિ અને સહકારમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજય વેરહાઉસિંગ કોર્પોરેશનનો સન ૨૦૦૪-૨૦૦૫ નો વાર્ષિક અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યો.**

## ગુજરાત ઘેટાં અને ઉન નિકાસ નિગમ લિ.નો વાર્ષિક અહેવાલ અને હિસાબો

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા (કૃષિ અને સહકારમંત્રીશ્રી)**: માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ઘેટાં અને ઉન વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૦૪-૨૦૦૫ નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ટિપ્પણ અને સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

# રાજયપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (ત્રીજો અને છેલ્લો દિવસ)

**અધ્યક્ષશ્રી** : રાજયપાલશ્રીએ કરેલા સંબોધન માટે સભ્યશ્રી માધાભાઈ લા. બોરીચા તરફથી તા. ૨૩મી ફેબ્રુઆરી, ૨૦૦૯ ના રોજ જે આભાર પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો છે અને જેને માનનીય સભ્યશ્રી મોહનભાઈ કુંડારીયાએ અનુમાદન આપ્યું છે તે આ પ્રમાણે છે-

"રાજયપાલશ્રીને નીચે મુજબનો સંદેશો પાઠવવો-

અમો આ સત્રમાં એકત્રિત થયેલા ગુજરાત વિધાનસભાના સભ્યો રાજયપાલશ્રીએ આ સભાગૃહ સમક્ષ કરેલા સંબોધન બદલ તેમનો આભાર માનીએ છીએ."

હવે આભાર પ્રસ્તાવ ઉપરની ચર્ચા આગળ ચાલશે.

### સભાગૃહનો સમય લંબાવવા અંગે

**શ્રી જીતેન્દ્ર સુખડીઆ (મુખ્યદંડકશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, આજે બપોર પછીની બેઠકમાં ૨-૦૦ કલાકનો સમય બિન સરકારી સભ્યોના કામકાજ માટેનો છે. રાજયપાલશ્રીના આભાર પ્રસ્તાવ પરની ચર્ચા અને મતદાન એ વિરામ પહેલાં પૂરું કરવાનું હોય છે અને બોલનાર સભ્યશ્રીઓ ઘણા હોઈ એના માટેની ચર્ચા માટે એક કલાકનો સમય લંબાવવામાં આવે.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્ય દંડકશ્રીએ વાત કરી એ પ્રમાણે એક કલાકનો સમય વધારીએ.

**અધ્યક્ષશ્રી** : એક કલાકનો સમય ચર્ચા માટે વધારવામાં આવે છે. માનનીય રાજયપાલશ્રીના પ્રવચન ઉપરના આભાર પ્રસ્તાવ પર બોલનાર સભ્યશ્રીઓ ઘણા છે એટલે દરેક સભ્યશ્રીને સાત મિનિટનો સમય ફાળવવામાં આવે છે. માનનીય સભ્યશ્રી પ્રદિપસિંહ જાડેજા.

**શ્રીપ્રદિપસિંહ ભ. જાડેજા (અસારવા)**: માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના મહામહીમ રાજયપાલશ્રી પંડિત નવલકિશોર શર્માએ ગુજરાત વિધાનસભા સમક્ષ કરેલા પ્રવચન ઉપર માનનીય સભ્યશ્રી માધાભાઈ બોરીચા જે આભાર પ્રસ્તાવ લઈને આવ્યા છે તેના સમર્થનમાં બોલવા માટે હું ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, સંસ્કૃતમાં એક સુભાષિત છે કે-

***"ઉદ્યમેનહિ સિધ્ધ્યંતિ, કાર્યાણી ન મનોરથૈ***
***નહિ સિંહસ્ય સુપ્તસ્ય, પ્રવિશન્તી મુખે મૃગા: । "***

માનનીય અધ્યક્ષશ્રી, સૂતેલા સિંહના મોંઢામાં હરણ આવીને પેસી જતું નથી. આ ગુજરાતના વિકાસ માટૈ પાંચ લાખ કર્મચારીઓ અને પાંચ કરોડની પ્રજા એ ભારતીય જનતા પક્ષની સરકાર અને માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ આજે વૈશ્વિક સ્તર ઉપર આપણું ગુજરાત વિકાસની હરણફાળ ભરી રહયું છે. જેમ કુંભારના હાથમાં માટી આવે તો એ માટીમાંથી ઈંટ બને છે. અને તે ઈંટ જો કડિયાના હાથમાં આવે તો દિવાલ બને, અને આર્કિટેકટના હાથમાં આ દિવાલમાંથી સુંદર ઈમારત બને છે. આવી જ એક સુંદર ઈમારત સમુ ગુજરાત બનાવવાનો લક્ષ્યાંક ગુજરાત સરકાર તરફથી આરંભાયો છે, જયોતિગ્રામ, સાયન્સ સીટી, રીવર ફ્રન્ટ, સી.એન.જી. પેટ્રોકેમિકલ, સરદાર સરોવર જેવી અનેક બહુવિધ યોજનાઓના માધ્યમથી ગુજરાત ગ્લોબલ ગુજરાત બન્યું છે. માત્ર વ્યથા નહીં, પણ વ્યવસ્થાના આધાર ઉપર વિકાસ કરવાની નેમ ગુજરાત સરકારની છે, લોકશાહીની રક્ષા કરવી અને લોકશાહી મૂલ્યોનું જતન કરવું તે રાજકીય પક્ષોની પ્રાથમિક ફરજ છે. આપણે સૌએ ગત દિવસોમાં જોયું કે ગોવામાં શું થયું? ઝારખંડમાં શું થયું? બિહારમાં શું થયું? બિહારમાં ચૂંટાયેલા ધારાસભ્યોને ઘેર બેસાડીને લોકશાહીનું ગળું ટૂંપવાનો પ્રયાસ કોણે કર્યો? સુપ્રીમ કોર્ટના ચૂકાદા બાદ કેબિનેટે રાજીનામું આપવું પડે તેના બદલે •*(XXX) મા ભારતીના તિરંગા ઝંડાને સલામી આપવા દેવાની છૂટ કોણે આપી? યુ.પી.એ.ની. સરકારે આપી.

---

• *(XXX) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિઆ** : માનનીય અધ્યક્ષશ્રી, આ માનનીય રાજયપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પરની ચર્ચા થઈ રહી છે, એમાં *(XXX) ઉલ્લેખ થઈ શકે નહીં.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : આ લોકશાહીના મૂલ્યોનું હનન થયું છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિઆ** : માનનીય અધ્યક્ષશ્રી, આપ રેકોર્ડ જોઈને કહો.

**અધ્યક્ષશ્રી** : આપણે બને ત્યાં સુધી બીજા રાજયોના ગવર્નરના નામનો ઉલ્લેખ ન કરવો જોઈએ, હું નામ રદ કરું છું.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, હમણાં ભારત પાકિસ્તાનની મેચ ગઈ, એમાં ઈન્ડિયાની ટીમ યંગ બ્રિગેડે પાકિસ્તાની ટીમના નાપાક ઈરાદાઓની કબર ખોદી નાખી, ઝારખંડના ઝંઝાવાતી બેટસમેન મહેન્દ્ર ધોનીએ એવી બેટીંગ કરી કે પાકિસ્તાનના છક્કા છોડાવી દીધા, થોડા સમય પહેલા ગુજરાતમાં પંચાયતો અને મ્યુનિસિપલ કોરપોરેશનોની ચૂંટણીઓ થઈ, મહેન્દ્ર ધોનીની જેમ નરેન્દ્ર મોદીએ ગુજરાતની કોંગ્રેસના સૂપડા સાફ કરી દીધા, તેનો સ્કોર જોઈએ તો સુરતમાં ૧૦૨ માંથી ૯૨, વડોદરામાં ૮૪ માંથી ૭૬, જામનગરમાં ૫૧ માંથી ૩૭, રાજકોટમાં ૬૯ માંથી ૫૯, કર્ણાવતીમાં ૧૨૮માંથી ૯૪. માનનીય અધ્યક્ષશ્રી, જિલ્લા પંચાયતો અને તાલુકા પંચાયતોમાં પણ ભારતીય જનતા પાર્ટીનો જયજયકાર થઈ ગયો, ગુજરાતની પ્રજાને હવે મહેન્દ્ર ધોની જેવી ચમકદાર બેટિંગ જોઈએ છે, (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, મારો સમય બગડે છે, મને રક્ષણ આપો. મારો સમય બગાડવામાં આવી રહ્યો છે. આગામી દિવસોમાં ૨૧ નગરપાલિકાઓમાં પણ ભારતીય જનતા પાર્ટીના વાવટાને ફરકાવતો કોઈ રોકી શકશે નહીં. એવું કહેવાયું કે આ એવોર્ડ કોણે આપ્યો, પણ આ એવોર્ડ અમને ગુજરાતની પાંચ કરોડની પ્રજાએ આપ્યો છે. આ સાધનારૂપી સરોવરમાં સિદ્ધિરૂપ કમળ પ્રગટી ચૂકયું છે. એ જ રીતે ગુજરાતમાં કાળા ચોર હોય કે સફેદ ચોર હોય કોઈની સાડાબારી સિવાય પ્રજાને રંજાડતા તત્વો, ગરીબ પ્રજાના લોહી પરસેવા એક કરીને કરેલી કમાણીના પૈસાથી સહકારી બેંકોને મરણ શૈયાએ નાખવા વાળા તત્વોને જેલ હવાલે કરી દીધા છે. ડિસેમ્બર ૨૦૦૫, ઓટ્રાવીઓ કવોટ્રોચી નામના ઈટાલીયન વેપારીના લંડન બેંકમાં સીલ કરાયેલા બે ખાતા ડી ફ્રીજ શા માટે કરવામાં આવ્યા? આ ડી ફ્રીઝ કરાવવા વાળા કોણ છે? આ કવોટ્રોચી કોણ છે? કવોટ્રોચીના પપરિવારીક મિત્ર કોણ છે? કવોટ્રોચી તરફ આટલી હમદર્દી કોને અને શા માટે છે? લોકસભાની ચૂંટણી પહેલા કોંગ્રેસનું સૂત્ર હતું કોંગ્રેસકા હાથ આમ આદમી કેસાથ, શું હવે કોંગ્રેસનું સૂત્ર "કોંગ્રેસનો હાથ કવોટ્રોચી કે સાથ" રાષ્ટ્રહિત તથા રાષ્ટ્ર સંરક્ષણની આવી ઘટનાઓથી માથું શરમથી ઝૂકી કેમ નથી જતું.

હમણાં રાજય સરકારની પ્રાથમિકતા ગરીબી રેખા નીચે જીવતા પરિવારોને ઘઉં અને ચોખા રાહત ભાવે મળે એના માટે આયોજન કરવાનું છે. અગાઉ ખેત તલાવડીની યોજનામાં કામને બદલે અનાજ અપાતું હતું. મેં માનનીય મંત્રીશ્રી છત્રસિંહભાઈને પૂછયું કે પહેલા કામની સામે અનાજ આપતા હતા, એવી રીતે અનાજના બદલે તેલની યોજના છે ખરી? મેં એટલા માટે પૂછયું કે યુનોએ નિયુકત કરેલા પોલ વોલ્કર કમિશને ૨૯ ઓકટોબરે ઈરાકના અનાજને બદલે તેલ આપવાના કૌભાડનો રિપોર્ટ પ્રગટ કર્યો. આ તેલના ખેલમાં લાગેલી આગમાં કોંગ્રેસના હાથ દાઝી ગયા છે. વિદેશ પ્રધાન નટવરસિંહે રાજીનામું આપવું પડ્યું. શું આવડો મોટો સોદો ગરીબોના હિત માટે કરવામાં આવ્યો હતો? દેશના હિતમાં વિદેશમાં સોદો કરનારાઓએ આ રાષ્ટ્રમાં, રાજનીતિમાં રહેવાનો અધિકાર નથી. નટવરસિંહનું રાજીનામું લેવાયું.

એન.ડી.એ. ની સરકારે ઉત્તર દક્ષિણ, પૂર્વ પશ્ચિમને જોડવાનો રસ્તો બનાવ્યો. ભારતીય જનતા પાર્ટીની ગુજરાતની સરકારે ૩૫૦ કિલોમીટરના રસ્તા બનાવ્યા છે. આ રસ્તા બનાવીને સમાજને જોડવાનું કામ કર્યુ છે. ૨૦૦૫માં નિવૃત્ત જસ્ટીસ રાજેન્દ્ર સચ્ચરના વડપણ હેઠળ સાત સભ્યોની સમિતિએ ભારતના લશ્કરમાં મુસ્લિમોની કેટલી સંખ્યા છે એની માહિતી માગીને દેશનું નૈતિક બળ તોડવાનો પ્રયત્ન કર્યો છે. દેશની એકતાને હચમચાવાનું કામ કર્યુ છે. આવી ગણતરી દેશને તોડવાનું કામ કરશે કે દેશને જોડવાનું કામ કરશે. આંધ્ર પ્રદેશમાં કોંગ્રેસની સરકાર આવી તો પાંચ ટકા મુસ્લિમોને અનામત આપીને દલિતોને ભોગે શું સંદેશો આપવા માગે છે?

ભારત માતાને નિર્વસ્ત્ર ચિતરનાર વિકૃત માનસિકતા ધરાવતા એમ.એફ. હુસેને અધમ ધૃષ્ટતા કરી કરોડો હિંદુઓની લાગણી દુભાવી છે. ફૂટપાથ બ્રાન્ડ એમ.એફ.હુસેને પોતાની માનસિકતા જેમની તેમ રાખી નગ્ન મનોવૃત્તિનું પ્રદર્શન કર્યુ છે. હિન્દુસ્તાનની માનસિકતા તોડનારા આવા તત્ત્વો સામે બનાવવાળા રાજયોમાં કેમ પગલાં લેવાતાં નથી. એમાંથી કઈ વોટબેંક નારાજ થાય છે. આ ભારતીય સંસ્કૃત્તિ, ભારતીય અસ્મિતા સ્વયં ભારત માતાનું અપમાન છે.

આપણને આઝાદી મળી પરંતુ સાંસ્કૃતિક આઝાદી આટલા દિવસોમાં નહોતી મળી. સુપ્રીમ કોર્ટમા અસરકારક રજૂઆત કરી આપણે ગૌ હત્યા પ્રતિબંધ ધારો લાવી શક્યા છીએ. આટલી લાંબી લડત પછી વિદેશી ગુલામીમાંથી મુકત થયા ત્યારે મહાત્મા ગાંધીએ કહ્યું કે ભારતને આઝાદી પ્રાપ્ત થશે કે નવી સરકાર સૌથી પહેલા કલમના એક ઝાટકે ગૌ હત્યા પ્રતિબંધનો કાયદો લાવશે પરંતુ એ થયું નહિ. ભારતીય જનતા

પાર્ટીના માનનીય નરેન્દ્રભાઈ મોદીની નેતૃત્વ હેઠળની આ સરકારે મહાત્મા ગાંધીનું અધૂરું કામ પૂરું કરીને શ્રદ્ધાંજલિ આપી છે.

હરિયાણામાં કોંગ્રેસની સરકાર બન્યા બાદ ત્યાંના કોર્પોરેટ માફિયાના શરણે જઈ નિર્દોષ કામદારો પર આઝાદીની લડત વખતે પણ ગોરી ચામડીવાળા અમલદારો એ ન કર્યો હોય તેવો બરેહમ લાઠીચાર્જ કરી દેશના કરોડો શ્રમજીવી કામદારોને કોંગ્રેસની કામ કરવાની નિયત ઉપર પ્રશ્નાર્થ ઊભો થયો છે.

આંધ્રપ્રદેશના કિસાનોની આત્મહત્યાના બનાવોને કારણે આજે કર્ણાટકમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી છે.

**અધ્યક્ષશ્રી** : ઓ.કે. ચાલો, માનનીય ચંદ્રિકાબેન.

**ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા (માંગરોળ)** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયપાલશ્રીના પ્રવચન ઉપર માનનીય સભ્યશ્રી માધાભાઈએ જે આભાર પ્રસ્તાવ વ્યક્ત કર્યો છે તેમાં સૂચનો વ્યક્ત કરવા ઉપસ્થિત થઈ છું. મારે કોઈ રાજકીય અવલોકન કરવાં નહોતાં. અવલોકન કરવાની ઇચ્છા પણ નહોતી. પરંતુ પ્રદિપસિંહભાઈ, જે સિનિયર વ્યકિત છે, ખૂબ જ હોંશિયાર અને વાચક વ્યકિત છે. તેમણે જ્યારે આ વાત કરી ત્યારે હું બે વાક્ય કહીશ કે નટવરસિંહે જે કર્યું પણ આપણે જે કર્યું તેમાં આપણાં દેશના વડાપ્રધાન બાજપાઈએ એમ કહેવું પડ્યું કે આ કૃત્યને કારણે મારું માથું શરમથી ઝૂકી જાય છે. ભૂદેવકાંડની વાત કયાં ગઈ? તહેલકા કાંડની વાત કયાં ગઈ? અને નટવરસિંહની વાત કરતા હોઈએ તો ભારતીય જનતા પાર્ટીના મુખ્ય કર્તાહર્તા તેના પ્રમુખે શું કર્યું? રાજીનામુ લેવું પડ્યું બાંગારુ લક્ષ્મણનું. પરંતુ મારે રાજકીય બાબતમાં નથી જવું, મારે તો રાજયપાલશ્રીના પ્રવચન ઉપર આવવું છે.

**અધ્યક્ષશ્રી** : બધા સભ્યો આવું કહે છે કે રાજકીય નથી બોલવું પણ એ સિવાય કોઈ બોલતું નથી. બધા ઉભા થઈને શરૂઆતમાં એમ કહે છે કે રાજકીય બોલવું નથી, હું બધાની વાત કરું છું.

**ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, બોલે છે એટલે જવાબ આપવો પડે છે. નહીં તો મારે નહોતું બોલવું. આજે રાજયપાલશ્રીના પ્રવચન ઉપરના આભાર પ્રસ્તાવનો છેલ્લો દિવસ છે. હું આ પ્રવચનને બહુ શાંતિથી સાંભળતી હતી. કોઈ રાજકીય વાત કરવાની મારી લાગણી પણ નથી, પણ મારે એક-બે વાત કરવી છે અને પહેલી વાત ગૌવંશ હત્યા માટે વિરોધપક્ષના નેતા, બાબુભાઈ અને અમારા દિનેશભાઈ બોલ્યા. આ વાત એટલા માટે કરવી છે કે આ ટ્રેઝરી બેંચમાં જેમ અમારા આનંદીબેન બેઠાં છે તેમ હું ત્યાં બેઠી હતી. જ્યારે અહીં અહેવાલ મુકાયો, આ બિલ આવ્યું ત્યારે માનનીય અશોકભાઈ આજે બીજાં નંબરનું સ્થાન દ ારાવે છે. એ અહીં બેઠાં હતા અને માનનીય મંત્રી સ્વ. શંકરજી ઠાકોરે આ બિલનું પહેલું, બીજું અને ત્રીજું વાચન કર્યું અને અશોકભાઈએ પણ તેમાં ટેકો આપ્યો. ત્યારે આ બિલ લઈ આવનાર વ્યકિત સ્વ. ચીમનભાઈ પટેલ હતા. કોર્ટ મેટર થઈ ત્યારે મુખ્યમંત્રી તરીકે છબીલદાસભાઈ મહેતા હતા. ન્યાયની પ્રક્રિયા થઈ અને ન્યાયિક જંગ મળ્યો ત્યારે ધર્મસભાઓ થઈ, ગુરુજનોને બોલાવ્યા, સંતોને બોલાવ્યા અને એમ કહ્યું મને સ્વપ્ન આવ્યું, મારા આત્માનો પોકાર થયો, કોઈના આત્માનો પોકાર હોય તો સ્વ. ચીમનભાઈ પટેલનો પોકાર હતો.

માનનીય અધ્યક્ષશ્રી, મારે બીજી વાત કરવી છે કે કૃષિ બન્યો મહોત્સવ. રાજયપાલશ્રીના પ્રવચનમાં આ શબ્દો હતા. શબ્દોને સમજવાનો પ્રયત્ન કર્યો કે કૃષિ કેવી રીતે મહોત્સવ બને? ખેડૂત કેવી રીતે તહેવાર બને? પરંતુ ગુજરાતના વિકાસમાં જે મહત્ત્વનું અંગ છે ખેડૂત, તેના પરસેવાના પૈસાથી જે ધરતીમાંથી સોનું પકવે છે. જેના થકી આપણે સૌ બેઠાં છીએ. એ ખેડૂતોની મશ્કરી કરવા સિવાય રાજય સરકારે કર્યું નથી. મારા મુરબ્બી, મારા વડીલ થાય. તેમને ન કહેવાય પણ માનનીય ભુપેન્દ્રસિંહભાઈએ કૃષિ રથયાત્રા પણ કરી. કૃષિ રથયાત્રામાં અધિકારીઓ ફર્યા, લોકો કેટલા આવ્યા? લોકોએ કેટલી આપણી નોંધ લીધી? લોકો કેટલા ઉપયોગી થયા અને લોકોને કેટલી મદદ મળી? એ વાતનો કયાંય ઉચ્ચાર નથી. ખેડૂતને શું જોઈએ ? અમારા સૌરાષ્ટ્રના આઈ.કે. જાડેજા અહીં બેઠા છે. તેમને ખબર છે. અમારા સૌરાષ્ટ્રના ખેડૂતને પાણી મળે, વીજળી મળે તો અમને કોઈની મદદની જરૂર નથી. મારે પૂછવું છે કે કૃષિ રથ યાત્રા દરમ્યાન ખેડૂતોને કેટલા એગ્રીકલ્ચર કનેકશનો આપવામાં આવ્યા? કેટલા તત્કાલ કનેકશનો આપવામાં આવ્યા? એ વખતે ચેકડેમો, બોરીબંધો બનાવ્યા તેના પૈસા રાજય સરકારે આજે પણ ચૂકવ્યા નથી અને કૃષિ રથયાત્રા પાછળ ખેડૂતના નામે કરોડો રૂપિયાનો ખર્ચ કર્યો છે. મને એમ લાગે છે કે આ કરવા જેવું નહોતું.

બીજું પીવાના પાણીની વાત આવે છે. પીવાના પાણીની વાત માનનીય પુરવઠા મંત્રીશ્રી વારંવાર કરે છે. અમારે ત્યાં પણ નર્મદામાં મુખ્યમંત્રીશ્રી આવ્યા, ટીમ આવી. ઉદ્‌ઘાટન થયું. અમે રાજીના રેડ થયા કે હવે અમારે ત્યાં પાણી છલોછલ છે. ટેંકર બંધ થશે પણ દુ:ખ સાથે કહેવું પડે અને અમારે આભાર પણ માનવો પડશે મંત્રીશ્રીનો કે વર્ષો પછી ઘેડ વિકાસ યાદ આવ્યો અને ઘેડ વિકાસ સમિતિની વાત માનનીય મંત્રીશ્રીએ પોરબંદરના આંગણે આવીને કરી. ત્યારે તેમણે જોયું કે વાસ્તવિક પરિસ્થિતિ શું છે? પીવાના પાણીની પરિસ્થિતિ શું છે? એક જ તળાવ, એમાં ભેંસો પાણી પીવે, એમાં જ કપડાં ધોવાય, મારી બહેનો એમાંથી બેડું

ભરીને પાણી લઈ જાય. આ પીવાના પાણીની સ્થિતિ છે, ગામડાનો ચિતાર છે. આમાં કોઈ રાજકીય અવલોકન નથી કરતી. હરજીવનભાઈ આવો મારા ભેગા. આવું ન હોય તો અહીંથી રાજીનામું આપી દેવાની મારી તૈયારી છે. એમાં કોઈ શક્યતા નથી. વાત આવે અહીંયાં પાણીની. ત્યારે પાણીમાં એટલું જ કહેવું છે કે, એમાં કોઈ રાજકીય વાત નથી આવતી. ૫૦ વર્ષ પછી શું છે? કોની સરકાર છે કોણ કયાં છે? બહુ મોટા ભાષણો કર્યા. સંજોગો અને આધારો બદલાયા. ક્યાંક વરસાદ પડે અને ક્યાંક ન પડે. પહેલાં ઘેડમાંથી પાણી કાઢવાની વાત હતી આજે પાણી લાવવાની વાત છે. પીવાના પાણી પ્રજાના ઘર સુધી પહોંચે એ માટે પ્રક્રિયા કરો. માનનીય મંત્રીશ્રી જે કહેશે એમાં મારો સાથ સહકાર આપવાની મારી લાગણી છે. આઈ.કે.જાડેજા ગયા અને ઊર્જા મંત્રી અહીં બેઠા છે. જીઈબીને કરોડો રૂપિયાની ખોટમાંથી બહાર કાઢ્યું અભિનંદન. નગરપાલિકાઓ અને ગ્રામ પંચાયતોની અંદર (સમયસૂચક ઘંટડી) ત્રણ-ચાર જ બહેનો છે, અત્યારે કોઈ બહેન નથી. બહેનોનું ધ્યાન રાખો.

માનનીય અધ્યક્ષશ્રી, આનંદીબેન અહીં બેઠા છે એટલે વાત કરું છું. મારે એક વાત કરવી છે, આપના દ્વારા ગૃહને કહેવું છે. નગરપાલિકાઓમાં લાઈટનું બિલ ન ભરાય તો કનેક્શન કાપી નંખાય. ગ્રામ પંચાયતનું બિલ ન ભરાય તો લાઈટનું કનેક્શન કાપી નંખાય. ત્યારે મારે કહેવું છે કે ઉદ્યોગોની સાંઠગાંઠના કારણે, અંદાજ સમિતિનો ૧૦-૨-૨૦૦૪નો આ અહેવાલ છે એ વિધાનસભામાં મૂકાઈ ગયો છે. એમાં રેયોને પૈસા ભર્યા નથી, રેયોનના પૈસા લેવાનું મન થતું નથી અને અધિકારીઓ મન ફાવે તેવો વહીવટ કરે છે. આ અહેવાલ અહીં મુકાયો છે. સમિતિએ સ્પષ્ટ ભલામણ કરી છે. ધારાસભ્યશ્રી કનુભાઈ એના ચેરમેન હતા એમને પણ મેં વાત કરી છે પણ એની અમલવારી થઈ નથી. ગ્રામ પંચાયત હોય, નગરપાલિકા હોય કે ગરીબ માણસો હોય તો તરત જ કાર્યવાહી કરવામાં આવે છે. ઉદ્યોગોને સલામત રાખે છે, એમના પૈસા પણ ન લે આ વાત છે.

માનનીય અધ્યક્ષશ્રી, વાહનવ્યવહારની વાત કરીશ. આ રાજયમાં અને આ ગુજરાત સરકારમાં જો સૌથી કંગાળ અને દયાજનક સ્થિતિ હોય તો આ વાહનવ્યવહારની છે. મને કહેતાં દુ:ખ થાય છે. માંગરોળથી આવીએ અને જઈએ. ૫૦૦ કિલોમીટર મત વિસ્તાર સુધી આવવાનું અને જવાનું છે. ગાડીઓ રસ્તામાં પડી હોય, પાછળ મુખ્યમંત્રીનો ફોટો હોય. હાથ ઊંચો કરો અને બેસો. આવી ગાડીઓ રસ્તામાં પડી છે. લોકો રસ્તામાં રખડી પડે છે. એની પાસે ટાયર ન હોય, મશીનરી ન હોય, બ્રેક ન હોય. આમાં લોકો વાતો કરતા હોય છે કે, પછી રસ્તામાં જ બેસવાનુંને? અહીં વિમાની વાત કરું. મારે મંત્રીશ્રીને કહેવું છે કે, આ એસ.ટી.માં બેઠેલા લોકો જેમને અકસ્માત થયા છે, જેમનાં મૃત્યુ થયાં છે. એના માટે લોક અદાલતો થઈ, ચુકાદા આવ્યા હોવા છતાં આજની તારીખ સુધી એમને વળતર આપવામાં આવ્યું નથી. જેમના મૃત્યુ થયા છે, જેમનો અકસ્માતનો વીમો છે એ બધું હોવા છતાં અને કોર્ટનો ચુકાદો આવી ગયો હોવા છતાં ગરીબ અને મધ્યમવર્ગના માણસો ભીખ માગતા ફરે છે. અમારો હક્ક અને વળતર આપો, પણ વળતર આપવામાં આવતું નથી.

માનનીય અધ્યક્ષશ્રી, આનંદીબેન અહીં બેઠાં છે.બહેનોની, મહિલાઓની શું પરિસ્થિતિ છે એ અમે જાણીએ છીએ. આપણે ૫૦૦ રૂપિયા પેન્શન પણ આપીએ છીએ. સ્વરોજગારી કરવા ૩૦૦૦ રૂપિયા આપીને એમને બેઠા કરવાનો પ્રયત્ન પણ કર્યો છે. એના નિયમો છે. કેટલી વિધવાઓને પેન્શન આપ્યું? એમાં આંકડો ૨ લાખ જવા જાય છે. અહીંયાં રાજયપાલશ્રીના પ્રવચનમાં કહ્યું છે કે ૯૭૦૦૦ બહેનોને સહાય આપી છે. આ સમાજની એક તાસીર મૂકવી છે. દીકરો હોય તો એને પેન્શન આપતા નથી. આ સમાજ અને સંજોગો. આ એકવીસમી સદીની વાતમાં દીકરો માને કાઢી મૂકે તો એને પણ પેન્શન આપવું જોઈએ. છેલ્લે એક જ વાત કહીશ.

**અધ્યક્ષશ્રી** : કનુભાઈ.

**ડૉ. કનુભાઈ કળસરિયા (મહુવા)** : માનનીય અધ્યક્ષશ્રી, મહામહીમ રાજયપાલશ્રીએ જે ગૃહને સંબોધન કર્યુ એના વિશે આભાર પ્રસ્તાવ માનનીય શ્રી માધાભાઈ બોરીચા આ ગૃહ સમક્ષ લઈ આવ્યા અને માનનીય મોહનભાઈ કુંડારીયાએ એમને ટેકો આપ્યો છે એની ઉપર હું મારા વિચારો રજૂ કરવા ઉભો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રવચનની શરૂઆતમાં જ મહાત્મા ગાંધી અને સરદાર વલ્લભભાઈ પટેલ, એમને યાદ કરીને પ્રવચનની શરૂઆત કરવામાં આવી છે. આ બધા જે મહાનુભાવોએ ગુજરાતની સંસ્કૃતિનું રક્ષણ કર્યુ છે અને ઘડતર કર્યુ છે અને એમને હૃદયમાં રાખીને જ્યારે પ્રવચનની શરૂઆત કરવામાં આવી છે ત્યારે એ કંઈક આપણા હૃદયને સ્પર્શે છે અને જુદી જ અસર કરે છે. ગૌવંશ હત્યાની બંધી એ કાનૂનની અંદર સફળતા મળી એના વિશે રાજકીય અવલોકનો ઘણાં થયાં છે પણ હું એ કહેવા માગું છું કે ભલે સૌએ એની અંદર રસ લીધો હશે, પણ આખરે નિમિત્ત રૂપ જે જશ મળે છે એ આ સરકારને અને આ સરકારના લીડર તરીકે માનનીય શ્રી નરેન્દ્રભાઈ મોદીને મળે તો એમાં કંઈ જ ખોટું નથી કારણ કે અત્યારે જે હાજર છે, જે સરકાર ચલાવી રહ્યા છે પણ એની અંદર કાર્ય સૌએ કર્યુ છે અને એની નોંધ સૌએ લીધી જ છે અને મને યાદ છે કે જ્યારે ભાવનગરમાં માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીનું આ નિમિત્તે સન્માન થયું હતું, બજરંગદાસ બાપા આશ્રમ અને અન્ય ધાર્મિક સંસ્થાઓ દ્વારા ત્યારે માનનીય મુખ્યમંત્રીશ્રીએ કીધું હતું કે અગાઉ પણ આના

વિશે ઘણા રાજકીય મહાનુભાવોએ કાર્ય કર્યુ છે. હું તો માત્ર નિમિત્ત જ છું. મેં આ કર્યુ નથી એવું નથી એટલે બધાએ એમને તાળીઓથી વધાવી લીધા હતા તો માનનીય અઘ્યક્ષશ્રી, આ હકીકત હું સન્માનનીય સભાગૃહ સમક્ષ પણ કહેવા માગું છું કે આ સ્વીકારેલું સત્ય છે કે આ સરકારને જશ મળ્યો છે. આ સરકાર એમાં નિમિત્ત છે.

આપણી સંસ્કૃતિ અહિંસા અને જીવદયાને વરેલી છે. ગૌવંશ હત્યાબંધી એ તો માત્ર એક નાનું એવું કાર્ય છે. આમ ગણીએ તો અનેક પ્રકારની હિંસાઓ, કોઈપણ જીવનની હિંસા પણ બંધ થવી જોઈએ. પ્રદૂષણ પર્વ નિમિત્તે આપણે કતલખાના બંધ રાખવાની ચર્ચા કરીએ છીએ અને રાખવામાં પણ આવે છે પણ એક દિવસ માટે જ બંધ રાખવામાં આવે છે. કાયમ માટે આપણા ઋષિઓ કહી ગયા છે, કોઈપણ જીવની હત્યા કાયમ માટે બંધ થવી જોઈએ, અહિંસા દ્વારા જ આપણે આઝાદી પ્રાપ્ત કરી છે. અહિંસા દ્વારા આઝાદી પ્રાપ્ત કરવી એ ખૂબ જ દોયલી વસ્તુ છે અને ત્યારે કોઈ એ માનવા તૈયાર નહોતું ,જ્યારે આપણને આઝાદી મળી એ પહેલા કે માત્ર અહિંસા અને સત્યાગ્રહ દ્વારા આઝાદી પ્રાપ્ત થઈ શકે પણ મહાત્મા ગાંધીજીએ કરી બતાવ્યું છે. ભગવાન બુદ્ધ અને મહાત્મા ગાંધીજી એ જે અહિંસાનો સંદેશો આપી ગયા છે. એ સંદેશો આગળ વધારી અને માત્ર ગૌવંશ હત્યા જ નહીં પણ તમામ જીવોની હિંસા એના ઉપર પ્રતિબંધ આવે એના માટેનો પ્રયત્ન આપણે ગુજરાત દ્વારા અને ગુજરાતના રાજકીય મહાનુભાવો દ્વારા સતત શરૂ રહેવો જોઈએ.

નશાબંધી પણ એવી જ વસ્તુ છે. નશાબંધી વિશે ખૂબ ચર્ચા ઘણી વખત થાય છે. મીડીયા દ્વારા પણ ઘ ણી વખત આવે છે, નશાબંધી દૂર થાય તો એક જબરજસ્ત આવક થઈ શકે એવું દબાણ કરનારા ઘણા બધા લોકો છે, ઘણી બધી લોબી છે પરંતુ એમ છતાં એની સામે આ સરકાર જુકી નથી એટલે હું આ સરકારને હૃદયપૂર્વક્ના અભિનંદન આપુ છું. એક લોભામણું સત્ય છે કે ઘણી બધી આવક વધારીએ એટલે વિકાસ થાય પણ છતાં પણ એમાં આવકને ગુમાવીને પણ ગુજરાતે ભારતીય સંસ્કૃતિને અનુરૂપ એવો વિકાસ કરી બતાવ્યો છે અને આખી દુનિયા સમક્ષ મૂક્યો છે. નંબર-૧ એવી ઘણી બધી વાતો અહીં થઈ છે. કદાચ બધા જ મિત્રો એ માને છે કે નહીં પણ ઘણા ક્ષેત્રની અંદર ગુજરાતે ખૂબ સારું ચિત્ર વિશ્વ સમક્ષ મૂકયું છે અને આખા ભારત અને રાષ્ટ્ર માટે ઉદાહરણરૂપ બની શકે એમ છે. આ રીતે આજે મહાત્મા ગાંધીને એક સાચી શ્રધ્ધાંજલિ રૂપ છે. વિકલાંગોની વાત કરી તો વિકલાંગો માટે જેટલું કરીએ એટલું ઓછું છે. આ સરકારે એક સ્તુત્ય પગલું ભર્યુ છે કે ઘણા વખતથી ખાલી રહેતી વિકલાંગ કમિશ્નરની જગ્યા એક વિકલાંગ દ્વારા જ ભરી, એક વિકલાંગ વ્યકિતને એનું સ્થાન આપ્યું છે, કે જે દ્રષ્ટિની ખૂબ જ મોટી ખામી ધરાવે છે એની નિમણૂંક કરીને ખરેખર વિકલાંગોના વિકાસમાં હરણફાળ ભરી છે અને વિકલાંગોને સમજવામાં સારું પગલું ભર્યું છે.

માનનીય અઘ્યક્ષશ્રી, ઊર્જા ક્ષેત્રે જ્યોતિગ્રામ વિશે ખૂબ વાતો થઈ છે. ઊર્જા મંત્રીશ્રીને હાઈટેક એક્સેલન્ટ એવોર્ડ મળ્યો છે. આખા રાષ્ટ્રમાંથી ઘણા પ્રતિનિધિઓ બીજા રાજયોમાંથી પૂછવા આવે છે કે અમારે આ યોજનાનો અમલ કરવો હોય તો શું કરવું જોઈએ? જ્યારે આ યોજનાની વાતની શરૂઆત થઈ હતી ત્યારે માનનીય ઊર્જા મંત્રીશ્રી સાથે વાત થતી હતી ત્યારે કેટલા બધા વિરોધી પરિબળો કહેતા હતા કે આ શક્ય જ નથી. ૫૦ વર્ષમાં કોઈ કરી શક્યું નથી. આવા કામ મુખ્યમંત્રીશ્રી અને તમે કરવા જઈ રહ્યા છો પણ તમે પાછા પડવાના છો. આ કામ થવાનું જ નથી એવું હતું. જ્યારે ૧૫ હજાર ગામડાંને જ્યોતિ મળી છે ત્યારે આપણે ગૌરવ લઈ શકીએ અને સમગ્ર રાષ્ટ્રને એક નવો રાહ મળ્યો છે. ગામડાં અને શહેરોનો વિકાસ ઝડપી થયો છે. ગામડાં ભાંગતાં અટકાવવામાં આ યોજનાએ મોટું કામ કર્યું છે. ગામડાંમાં લાઈટ, રસ્તા વગર ઉદ્યોગ ધંધા ન થઈ શકે એના કારણે લોકો મોટા મોટા શહેરો તરફ જતા હતા. ગામડાંમાં ડૉકટર પણ રહેતા નથી. પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં ડૉકટર હોય તો બાજુના શહેરમાં રહે. આજે આ સ્થિતિ છે. પણ હવે આપણે એને દબાણ કરી શકીશું કે તમે ગામડાંમાં રહો, ત્યાં બધી જ સગવડતા છે. પાણી, વીજળી, સારા રસ્તા અને કોમ્યુનિકેશન છે. જ્યોતિગ્રામ દ્વારા ગામડાંને ભાંગતા અટકાવવામાં મોટું બળ મળ્યું છે. આ રીતે ગામડાં સ્વાવલંબી બનશે અને શહેર તરફ ધસારો ઓછો થશે.

માનનીય અઘ્યક્ષશ્રી, ૧૬૦૦ કિલોમીટર લાંબો દરિયા કિનારો આપણને મળ્યો છે, આખું સૌરાષ્ટ્ર જ્યારે દરિયાથી ઘેરાયેલું છે ત્યારે ક્ષાર નિયંત્રણની યોજના માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રીએ અમલમાં મૂકી છે. બંધારાની કેટલીક યોજનાઓ પૂરી થઈ ચૂકી છે. અમારા વિસ્તારની માલણ બંધારા યોજના ચાલે છે એ જ્યારે પૂરી થશે ત્યારે મહુવા એક સમયે સૌરાષ્ટ્રનું કાશ્મીર કહેવાતું હતું તે ઉજ્જડ બની ગયું હતું. હવે છેલ્લા ચાર-પાંચ વર્ષથી એક હરિયાળી ઘણા મિત્રો ત્યાંથી પસાર થતા હશે ત્યારે જોઈ હશે. આ યોજના પૂરી થયા પછી કાશ્મીર જેવું લીલુંછમ મહુવા જરૂર જવા મળશે. રસ્તાઓ પણ એટલા સુંદર બન્યા છે કે સોમનાથ અને દ્વારકા જવા માટે ૮-ઈ નામનો નેશનલ હાઈ વે બન્યો છે. એના કારણે મહુવાથી પસાર થવાનું હું સૌને નિમંત્રણ આપું છું. માનનીય અઘ્યક્ષશ્રી, આમ તો આરોગ્યનું કામ ડૉકટર દ્વારા થાય એમ કહેવાય છે પણ માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રીએ પીવાનું પાણી પહોંચાડીને આરોગ્યનું કામ કર્યું છે. શુદ્ધ પાણી, શુદ્ધ હવા અને શુદ્ધ ખોરાક એ આરોગ્યમાં ખૂબ પાયાનું કામ કરે છે. મહાત્મા ગાંધીજીની એક નાનકડી પુસ્તિકાની વાત કરીને મારું પ્રવચન પૂરું કરીશ. આરોગ્યની ચાવી એ નામની પુસ્તિકા એમણે લખી છે, ત્યારે એના ૨૫ પૈસા હતા અત્યારે કદાચ બે

રૂપિયા હશે. એમાં હવા, પાણી અને ખોરાક એ જ માત્ર આરોગ્ય જાળવણી માટે જબરદસ્ત કામ કરે છે અને નશા અને વ્યસનથી દૂર રહેવાનું. એટલાથી માણસ ડૉકટર અને દવા વગર જીવી શકે. આ પોતાના અનુભવે એમણે લખેલ છે અને ડૉકટર તરીકે હું પણ સ્વીકાર કરું છું કે દવા અને ડૉકટર વગર જીવવું હોય તો આરોગ્યની ચાવી દરેકે વાંચી જવી જોઈએ અને લોકોને વંચાવવી જોઈએ. એટલે પાણી પુરવઠા મંત્રીશ્રી અને સરકારને ખૂબ અભિનંદન આપું છું.

**ડૉ. સી. જે. ચાવડા (ગાંધીનગર)** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયપાલશ્રીના પ્રવચન પરના આભાર પ્રસ્તાવ પર મારા મંતવ્યો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આભાર પ્રસ્તાવ કરતા પહેલા મારે કહેવું છે કે સરદાર વલ્લભભાઈ પટેલ, રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી અને રવિશંકર મહારાજે ગુજરાતની પ્રતિષ્ઠા માટે જે કાંઈ પ્રયત્નો કર્યા અને જે કાંઈ કાર્યો આઝાદી પહેલા અને આઝાદી પછી કોંગ્રેસ પાર્ટીએ કર્યા એ ન 'ભૂતો ન ભવિષ્યતિ' કોઈ કરી શકશે નહિ. જે લોકો અમને રાષ્ટ્રવાદની વાતો શીખવવા, નીતિ અને નિયમિતતાની વાતો શીખવવા આવ્યા છે એમને કહેવું છે કે બલિદાનનો ભવ્ય ઈતિહાસ ધરાવતી આ પાર્ટી છે.

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી ગોળીએ વિંધાણા હતા, ત્યારે ૧૦૦ કરોડની જનતા અને આખું વિશ્વ રડ્યું હતું, એવા મહાત્મા ગાંધીના અમે અનુયાયીઓ છીએ. જે સરદાર પટેલ અને જવાહરલાલ નહેરુએ ભારતના શિલ્પી તરીકે કામ કર્યુ છે. જે રાષ્ટ્રમાતા ઈન્દિરા ગાંધી આગલા દિવસ સુધી બોલ્યા હતા કે 'મારા લોહીના એકેએક બુંદ સુધી આ દેશની સુખ, શાંતિ, સમૃદ્ધિ, અખંડિતતા અને બિનસાંપ્રદાયિકતા માટે ઝઝુમીશ.' એ ઈન્દિરા ગાંધીની જ્યારે હત્યા થઈ અને ગોળીથી વિંધાયા અને ચાળણીની જેમ આ રાષ્ટ્રમાતા આ દેશની ધરતી પર ઢળી પડ્યાં એવા રાષ્ટ્રમાતા ઈન્દિરા ગાંધીના અમે આગેવાનો છીએ. "મેરા ભારત મહાન" નું ગૌરવ રાજીવ ગાંધી, જેના દેહના ટુકડા થતા અમે જોયા છે માથું, ધડ, અને હાથ-પગ કયાંય પડ્યા હોય એવા રાષ્ટ્રપુત્ર રાજીવ ગાંધીના ટુકડાને અમે દિલ્હી લઈ જઈને સ્મશાન ઘાટે અગ્નિ સંસ્કાર આપ્યા હોય અને ભારતની પ્રજા ચૌધાર આંસુએ રડી હોય એવા કોંગ્રેસના આગેવાન રાજીવ ગાંધી અને કોંગ્રેસ પક્ષના અમે આગેવાન છીએ. બલિદાનોનો ઈતિહાસ ધરાવનાર ખુદીરામ બોઝ, ભગતસિંહ - જલિયાવાલા હત્યાકાંડમાં કોંગ્રેસના હજારો કાર્યકરો પર લાઠીચાર્જ થાય આવી પાર્ટીના અમે અનુયાયીઓ છીએ અને જે તમે રાષ્ટ્રના ઘડતરની વાત કરો છો. પાકિસ્તાનમાં જઈને ઝીણાની કબર પર આંસુ સારનાર લોકો અમને રાષ્ટ્રવાદની વાત શીખવે છે. મારે તમને કહેવું છે અને શરમ મને એટલા માટે છે કે જે ગાંધીવાદની વાત કરવા નીકળ્યાં છો તો મારે તમને તમારા તારાંકિત પ્રશ્નના જવાબમાં ગુજરાત સરકારે જવાબ આપ્યો છે કે છેલ્લા ત્રણ વર્ષમાં ગાંધીના ગુજરાતમાં ૪૮,૦૦૦ દારૂની પરમિટો આપી છે અને ચાલુ વર્ષે ૨૦,૦૦૦ બીજી દારૂની પરમિટો એમ ૬૮,૦૦૦ પરમિટો ગાંધીના ગુજરાતમાં અપાય છે. તમે પૂછતાં હતાં કે છેલ્લા ૫૦ વર્ષમાં તમે શું કર્યુ? ૫૦ વર્ષમાં અમે એક પણ પરમિટ નહોતી આપી. તમે ત્રણ વર્ષમાં ૮૦,૦૦૦ પરમિટો આપી છે, તમને શરમ આવવી જોઈએ. અમને શરમ આવે છે કે ગાંધીના ગુજરાતમાં દારૂની પરમિટોના લીલાલહેર અને લોકો દારૂ પીતા થયા છે. આ દારૂનો વ્યવસાય ખૂલ્યો છે, એની એમને શરમ આવે છે?

માનનીય અધ્યક્ષશ્રી, મારે કહેવું છે કે ગુજરાતની જ્યારે ૧લી મે ના રોજ સ્થાપના થઈ અને ગુજરાતના જેટલા મુખ્યમંત્રીઓ આવ્યા એ તમામ મુખ્યમંત્રીઓએ ગુજરાતની કાયાપલટ કરવા માટે કંઈકને કાંઈ સારાં કામ કરીને ગયા છે. જીવરાજ મહેતાથી માંડીને શંકરસિંહ વાઘેલાની સરકાર આવી ત્યાં સુધી કોંગ્રેસ અને કોંગ્રેસની વિચારસરણીવાળા કોંગ્રેસના મુખ્યમંત્રીઓએ ગુજરાતની કાયાપલટ માટે અને ગુજરાતની સુખ, શાંતિ અને સમૃદ્ધિ માટે અનેકવિધ કાર્યો કરીને ગયા છે. માધવસિંહ સોલંકીએ તો હાલની મધ્યાહન ભોજન યોજના અને કન્યા કેળવણીમાં તમે જુઓ. ગામડાનો વ્યકિત, આદિવાસી વિસ્તારમાં દલિત કે બક્ષીપંચના વિદ્યાર્થીનો ડ્રોપ ઓઉટ રેશિયો ૩૫ ટકા હતો એ ઘટતા ઘટતા આજે પાંચ ટકા સુધી આવ્યો છે તેનું ફકત એક કારણ હોય તો આ મધ્યાહન ભોજન યોજના, જેને સુપ્રીમકોર્ટે બહાલી આપી અને આખા દેશમાં એનો અમલ કરાવ્યો છે. નહિ કે પ્રવેશ ઉત્સવ મનાવ્યો કે ઢોલ-નગારા વગાડ્યા છે. ડ્રોપ આઉટ રેશિયો ઘટી ગયો અને આ એક જ કાર્યક્રમ નથી એ મારે તમને કહેવું છે.

૫૦ વર્ષમાં કોંગ્રેસે શું કર્યુ? નર્મદાના નીર પર સરદાર સરોવર ડેમ યોજના આખા વિશ્વની મોટામાં મોટી યોજના. તાપી નદી પર ઉકાઈ યોજના, સાબરમતી નદી પર ધરોઈ ડેમની યોજના, સરસ્વતી નદી પર મચ્છુડેમ, મુકતેશ્વર ડેમની યોજના, મહી નદી પર કડાણા ડેમ જેને આજે તમે 'સૂજલામ્ સૂફલામ્' નામ આપી દીધું છે. આવી મહાબંધની યોજના ગુજરાતની એકેએક નદી પર બાંધી બહુહેતુક યોજના દ્વારા હજારો મેગાવોટ વીજળી ઉત્પન્ન કરી લોકોને સિંચાઈ માટે વીજળી અને ખેતર સુધી પાણી પહોંચાડ્યું, પણ અમે કોઈ દિવસ 'પાણી લાવ્યા તાણી', 'ગાગરમાં સાગર' નહોતું કર્યુ. પ્રજાનો એક પણ પૈસો અમે વેડફતા નહોતા. અમે કરોડો રૂપિયાની યોજના અમલમાં મૂકીને ગુજરાતના ખેડૂતોને સુખ, શાંતિ, સમૃદ્ધિ વધે એવા કાર્યો કોંગ્રેસની સરકારે કર્યા હતા, તેના તમે બધા સાક્ષી છો અને તેને કોઈ રોકી શકે તેમ નથી.

મારે કહેવું છે કે ગુજરાતમાં ૨૪ વિધુત મથકો છે એવું તારાંકિત પ્રશ્નના જવાબમાં કહ્યું છે. એમાં ઉકાઈ, ધુવારણ, ગાંધીનગર-થર્મલ, વણાકબોરી, સિક્કા, પાનન્ધ્રો, ઉત્તરાણ, કડાણા, પાનમ, અમદાવાદમાં ટોરેન્ટ સાબરમતી, AEC- વટવા, પગુથણ, હજીરા, વડોદરા-GIPCL, માંગરોળ, અક્રીમોટા દ્વારા કુલ ૮૦૦૦ મેગાવોટ વીજળી ઉત્પન્ન થાય છે. તમારે તમને પૂછવું છે કે ૫૦ વર્ષમાં ૨૪ વિદ્યુતમથકો અમે શરૂ કર્યા અને ગુજરાતની જનતાને અમે વીજળી પહોંચાડવાનું કામ કર્યુ છે. ઘેર ઘેર સુધી વીજળીના થાંભલાઓ અને તાર પહોંચાડ્યા, લોકોને લાઈટ ભેગા કર્યા અને અમે કોઈ દિવસ કોઈ પ્રસંગ ઉજવ્યો નહતો કે, કોઈ ઢોલનગારા પીટ્યા નહતા, લોકોના કામ કરવા માટે ચૂંટાયા છીએ તો કામ કરવું પડે, લોકશાહીનો આ સિદ્ધાંત છે. મારે તમને એ પૂછવું છે કે, ચોવીસ વિદ્યુત મથકોમાંથી તમે કયું નવું વિદ્યુત મથક શરૂ કર્યુ અને પાછલા પાંચ વર્ષોમાં શું આયોજન કર્યુ, કેટલા મેગાવોટ વીજળી તમે પોતે આયોજન કરી ઉત્પાદન કરી? એનો જવાબ ગુજરાતની જનતા માટે હું તમારી સમક્ષ આ વિધાનસભાના ફ્લોર ઉપર માનનીય અધ્યક્ષશ્રીની રજા લઈને માગું છું. માનનીય અધ્યક્ષશ્રી, જે વાત પોતાના ખાતે ઉધારીને, પોતાના ખાતે ઢોલનગરા પીટીને પ્રજા પાસે બોલાવડાવાનું કે જય હો,જય હો ગુજરાત સરકારની જય હો, નરેન્દ્ર મોદીનો જય હો. ભાઈ હનુમાન ચાલીસાની જેમ નરેન્દ્ર ચાલીસા શરૂ કરાવો , ગાઓ રોજ બેઠા બેઠા, સવાર-સાંજ, અમને કોઈ વાંધો નથી પણ જે વાત નક્કર હોય, જે વાત સુખ-શાંતિ અને સમૃદ્ધિની હોય, વિકાસની હોય એને તમે અટકાવી શકો નહીં. કેટલા સી.એચ.સી. શરૂ કર્યા કેટલા પી.એચ.સી. શરૂ કર્યા છેલ્લા ત્રણ વર્ષોમાં કેટલા પશુ દવાખાના શરૂ કર્યા, કેટલા પશુ આરોગ્ય કેન્દ્રો શરૂ કર્યા રાજય માટે? પાછલા ત્રણ વર્ષોમાં ફક્ત નવ. તમે કર્યુ શું? પતંગ ઉડાડ્યા, નવરાત્રી મહોત્સવ કર્યા, ગરબા ગાયા, માતાજીનો ડાન્સ ફેસ્ટિવલ ના કહેવાય નવરાત્રીનો મહોત્સવ તો મા જગદંબાની ગરબાની રમઝટનો પ્રસંગ છે અને તમે જન્મ્યા પણ નહતો, અમે પણ જન્મ્યા નહતા ત્યારનો મહોત્સવ ગુજરાતની જનતા આ રાજય જ નહીં આખા વિશ્વમાં કરે છે. મા જગદંબા ધરતી ઉપર ધમ ધમ ચાલતી હોય, નવરાત્રી મહોત્સવને તમે એમ કહો કે, ડાન્સ ફેસ્ટિવલ, આ માતાજીનો ડાન્સ છે? નવરાત્રીના મહોત્સવને તમે ડાન્સમાં ખપાવવા માગો છો? સમજો છો શું તમે?

માનનીય અધ્યક્ષશ્રી, એન.આર.આઈ.ને લાવીને એમ.ઓ.યુ.ની વાત કરે, નવરાત્રી મહોત્સવની વાત મૂકીને મા જગદંબાની (અંતરાય) હું જે વાત કરું છે એમના પોસ્ટરો મંગાવીશ સાહેબ, ડાન્સ ફેસ્ટિવલ, પતંગ કેસ્ટિવલ હોય, નર્મદા નદીની વાત હોય, ગૌ-વંશ હત્યાની વાત હોય, ગામે ગામ, ચોરે-ચૌટે, જિલ્લા પંચાયતના દ્વાર ઉપર, એસ.ટી.ની પાછળના બોર્ડ ઉપર જ્યાં જુઓ ત્યાં નરેન્દ્રભાઈ મોદી, કાં તો આઈ.કે.જાડેજા, આ શું ધાર્યુ છે? આ ફોટા ચોંટાડી તમારે કરવું છે શું? અરે ભાઈ, ફોટા ચોંટાડવાનો ખર્ચ બંધ કરો, અમે કહીએ છીએ કે, નરેન્દ્ર મોદી મહાન છે, નંબર વન છે, આઈ.એ.જાડેજા નંબર વન છે, અમે પ્રજા પાસે કહેવડાવીશું પણ પ્રજાના ખોટા પૈસાનો ખર્ચો કરો છો એ બંધ કરો, એ વાત કરવા આવ્યો છું.

માનનીય અધ્યક્ષશ્રી, પાંચ હજાર રૂટો દ્વારા ગુજરાતના બાર લાખ મુસાફરો દૈનિક આવન-જાવન કરતા હતા, વિર્ઘાથીઓ ભણવા જતા હતા, આજે એસ.ટી.ના રૂટો બાર સો કરી દે, એસ.ટીને વેચવા બેઠા છે ત્યારે કાળજી રાખો એટલું તમારા માધ્યમ દ્વારા કહું છું.

**શ્રી રણજિતસંહ ન. ચાવડા (હિંમતનગર)** : માનનીય અધ્યક્ષશ્રી, મહામહિમ રાજયપાલશ્રીના પ્રવચન ઉપર માનનીય શ્રીમાધાભાઈ બોરીચા જે આભાર પ્રસ્તાવ લઈને આવ્યા છે એના સમર્થનમાં મારા વિચારો રજૂ કરવા ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ર્ડા. સી. જે. ચાવડાએ ખૂબ ભાવવાહી અને કોંગ્રેસના ઈતિહાસની ગાથા ગાઈ રહ્યા હતા, મારે એમને એનો જવાબ નથી આપવો, મારે એટલું જ કહેવું છે કે, આટલું બધું હોવા છતાં પણ છેલ્લા ૧૯૯૫ પછી દસ-દસ વર્ષોથી સામે બેઠેલા મિત્રો ભા.જ.પ.ની સરકારના વિશે અનેક **(XXX) પ્રચાર કરવા છતાં પણ ગુજરાતની પાંચ કરોડની જનતા સાથ નથી આપતી એનું કારણ શું ?

**અધ્યક્ષશ્રી** : *(XXX) શબ્દ રદ કરું છું.

**શ્રી રણજિતસંહ ન. ચાવડા** : માનનીય અધ્યક્ષશ્રી, એટલે એમના એકે એક મુદ્દાનો મારે કોઈ જવાબ આપવાનો અર્થ જ નથી. કારણ કે, ગુજરાતની પ્રજા આપશે, મારે આ સન્માનીય સભાગૃહને કહેવું છે કે, ગુજરાત ગાંધીનું ગુજરાત છે, સરદારનું ગુજરાત છે આ ગુજરાતે આઝાદી કાળથી દેશને એક દિશા આપી છે, આ ગુજરાતે દેશને એક નવો રાહ ચીંધ્યો છે અને એ રાહ ઉપર આજે ગુજરાત ચાલી રહ્યું છે. અમે કામો કર્યા એકે એક સરકારોએ ગત સરકારો હોય હિતેન્દ્રભાઈ દેસાઈની સરકાર હોય, માધવસિંહની સરકાર હોય, સરકારના કામો તો થવાના છે, સરકાર ન હોય તો પણ કામો થવાના છે એટલે કામો અટકતા નથી પણ જે

---

**(XXX) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાં કાઢી નાંખવામાં આવ્યા છે.

સરકાર આવે એ સરકાર કેટલી નીતિથી કામ કરે છે, કેટલી નિષ્ઠાથી કામ કરે છે અને પ્રજા એની કઈ દિશામાં મુલવણી કરે છે, મારી દૃષ્ટિએ આ મહત્ત્વનું છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે એ કહેવું છે કે, આ સરકારના આવ્યા પછી એણે ગ્રામ લક્ષી, એણે જે ગામડાઓનો સમાજિક ઉત્થાન થાય, આર્થિક રીતે અને સામાજિક રીતે ઉત્થાન થાય એ દિશામાં એક ગુજરાતની પ્રજામાં નવચેતનાનો સંચાર કરાવ્યો છે. નવચેતનાના સંચારને વધારે એવી અનેક યોજનાઓ કરી. એની યાદી બહુ લાંબી છે. વિરોધ પક્ષના નેતાએ ગઈકાલે કહ્યું કે આ સરકાર કશું જ કરતી નથી. નંબર-૧ના બણગા ફૂંકે છે અને અમારી સરકારમાં થતું હતું એવું કોઈ કામ કરતું નથી. આજે મિડીયામાં પણ આ મુદ્દો હાઈલાઈટ કરવામાં આવ્યો છે. આ સરકાર આવ્યા પછી એકએક યોજનાઓ, હું ૧૨ મુદ્દા આપની સમક્ષ મૂકું છું. એમાં એકેએક મુદ્દા અંગે જાહેરમાં પડકાર આપું છું. એક પણ એવો મુદ્દો હોય તો આપણે નહીં, સામે બેઠેલા નહીં પણ ગુજરાતના બૌદ્ધિકો હોય એની સમિતિ બનાવો અને સાચું કોણ છે, ખોટું કોણ છે એ જે નિર્ણય આપે એને સ્વીકારો. મારી દ્રષ્ટિએ તો જ સાચી વાત ગણાય. રાજય સરકારે મહામહીમ રાજયપાલશ્રીના પ્રવચનમાં એમણે જે સિદ્ધિઓ કહી છે ગુજરાત નંબર-૧નો યશ કોને આપે છે? એમણે યશ નથી લીધો. એમણે યશ ગુજરાતના પાંચ લાખ કર્મયોગીઓને આપ્યો છે. ગુજરાતના બૌદ્ધિકોને, ગુજરાતના લોકોની સિદ્ધિની યશગાથા એમના નામે આપી છે. એકેએક યોજના એવી મૂકી છે કે ગુજરાતના કર્મચારીને કર્મયોગી બનાવવાની યોજના મૂકી. હિંદુસ્તાનનું એવું એક પણ રાજય બતાવો કે જયાં કર્મયોગીની તાલીમ આપવામાં આવતી હોય, રીવર ગ્રિડની યોજના અમલમાં મૂકી હોય, શ્રમયોગી યોજના દ્વારા ગામડામાં ગરીબમાં ગરીબ પાંચ કુટુંબનું જીવનધોરણ ઉંચુ આવે, બીલો પોવર્ટી લાઈન ઉપર આવે એવો બીજા કોઈ રાજયમાં દાખલો હોય તો બતાવો.

જયોતિ ગ્રામ યોજના વિશે અનેક ટીકાઓ થાય છે. જયોતિ ગ્રામ યોજના દ્વારા ગ્રામીણ ક્ષેત્રમાં આર્થિક ક્રાંતિનો પ્રકાશ પથરાઈ રહ્યો છે. હિન્દુસ્તાનના કોઈપણ રાજયમાં આ યોજના બીજા બધા વખાણે છે પણ આપણા લોકો એની ટીકા કરે એ યોગ્ય નથી. ઊર્જા શકિત સુધારણા ઉપર ધ્યાન કેન્દ્રિત કરી અને હાઈટેક એકસેલન્ટ એવોર્ડ મેળવ્યો છે. એવો બીજા કોઈ રાજયે મેળવ્યો નથી. ગેસ, પૅટ્રોલિયમ ક્ષેત્રે ગુજરાત પેટ્રોલિયમ કોર્પોરેશન મુખ્ય કંપની છે. એ પ્રગતિશીલ કંપનીની હરોળમાં આવીને ઉભી છે. એવી બીજા કોઈ રાજયે પ્રગતિ કરી નથી. ૨૦૦૫ શહેરી વિકાસ વર્ષ તરીકે ઉજવવાની જાહેરાત કરી અને માળખાકીય સુવિધા, શહેર ધમધમતું થાય, શહેર સ્વચ્છ અને સુંદર બને એ માટેનો પ્રયાસ ગુજરાતે કર્યો છે. હિન્દુસ્તાનના બીજા કોઈ રાજયે નથી કર્યો. સૌથી અગત્યનું છે રકતપિત્તમાંથી મુકિત. આખા હિન્દુસ્તાનમાં એનું ગૌરવ ગાંધીજીના ગુજરાતને મળ્યું છે. હિન્દુસ્તાનમાં મોટામાં મોટી સિદ્ધિ છે. ૩૦ ટકા કરતા ઓછું સ્ત્રી સાક્ષરતાનું પ્રમાણ છે. ગુજરાતમાં આ સરકાર આવ્યા પછી ૧૦૮૪૨ ગામોમાં જઈને જયાં સ્ત્રી સાક્ષરતાનું પ્રમાણ ૩૦ ટકા કરતા ઓછું છે ત્યાં કન્યા કેળવણી રથયાત્રા કાઢી. બીજા કયા રાજયમાં આવું બને છે એ બતાવો. ૨૦૦૪માં સમગ્ર રાષ્ટ્રમાં ૧૩૭૭૦૦ યુવાનોને રોજગારી પૂરી પાડવામાં આવી. એમાં ગુજરાતમાં ૬૪૯૦૦ એટલે ૪૭ટકા સાથે ગુજરાત આખા હિન્દુસ્તાનમાં પ્રથમ છે.

પ્રાથમિક શિક્ષણની વાત કરું. પ્રાથમિક શિક્ષકોની ૮૨૧૪૮ જેટલી ભરતી કરીને ગુજરાત એમાં પણ પ્રથમ નંબરનું રાજય બન્યું છે. પ્રાથમિક શાળામાં ભણતા બાળકોના આરોગ્યની તપાસ, ૨૦ મુદ્દા જેવા કોંગ્રેસના કાર્યક્રમ, એમાં સતત ચાર વર્ષથી પ્રથમ ગુજરાતે આવીને ગરીબો માટે જે કામગીરી કરી છે એ પ્રસંશનીય છે. આમાંથી એક એવો મુદ્દો બતાવો તો હું જાહેર, રાજકીય જીવન છોડવા તૈયાર છું. (અંતરાય) એની સાથેસાથે મારે એ પણ કહેવું છે (અંતરાય) ગુજરાતે ખાસ કરીને ખેતીવાડી ક્ષેત્રે એક નવો અભિગમ અપનાવ્યો છે. ગુજરાતમાં એક વિઝન અને ગોલ સાથે કામગીરી આરંભી છે. ગુજરાતમાં કામ થશે. ગુજરાતમાં સોઈલ હેલ્થ કાર્ડ કે બીજા વિષે નહિ બોલું. બાગાયત એક રાજય સરકારનો નવો અભિગમ. પરંપરાગત રીતે ખેડૂત ખેતી કરતો હતો, એના બદલે બાગાયત ખેતી તરફ લોકોને વાળીને કામ કર્યુ છે. ૧૯૯૮-૯૯ માં ૫.૯૮ લાખ હેકટર જમીનમાં બાગાયત પાક થતો હતો. છેલ્લા ૫ વર્ષની અંદર ૫૯ લાખ મેટ્રિક ટન પાક થાય છે. ૨૦૦૪-૦૫ માં ડબલગણી એટલે કે ૫.૯૮ લાખ હેકટરમાં થતો હતો, એના બદલે ૨૦૦૪-૦૫ માં ૯.૬૫ લાખ બાગાયત પાકનું થાય છે. આ એક મોટી ક્રાંતિ છે. મારા વિસ્તારની વાત કરું તો એક નાનું ગામ અને ૫૦૦ હેકટરમાં બાગાયત ખેતી ચીકું, દ્રાક્ષનું વાવેતર છે. સૌરાષ્ટ્ર અને યુનિવર્સિટીના વૈજ્ઞાનિકો ત્યાં જોવા આવે છે. મોટાં મોટાં ગામડામાં દ્રાક્ષ અને સંતરાનું વાવેતર થાય છે. આ એક મોટી સિદ્ધિ છે. દર અઠવાડિયે ઘણા બધા મુલાકાતીઓ આવે છે. આંધ્રપ્રદેશમાં બ્યુરો અને સ્ટેટેસ્ટિકસ ડિપાર્ટમેન્ટ દ્વારા જે આંકડા પ્રદર્શિત થયા, એમાં ૨૦૦૧ થી ૨૦૦૩ આ ત્રણ વર્ષ દરમ્યાન ગુજરાતના વિકાસનો દર ૧૧.૧ બતાવ્યો છે એ અન્ય રાજ્યની સરખામણીમાં બહુ વધારે છે.

**અધ્યક્ષશ્રી** : આપનું પ્રવચન પૂરું થયું.

**શ્રી જગદીશ ઠાકોર (દહેગામ)** : માનનીય મહામહીમ રાજ્યપાલશ્રીના આભાર પ્રસ્તાવ ઉપર મારા વિચારો વ્યક્ત કરવા માટે ઊભો થયો છું.

રાજાશાહી ખતમ થઈ અને લોકશાહીમાં લોકો દ્વારા ચૂંટાઈને આપણે અહીયા બેઠા છીએ. લોકશાહીમાં સત્તા પ્રાપ્ત કર્યા પછી વ્યક્તિ અને સરકાર માનવ સમ્રાટ કહેવાય છે અને આ માનવ સમ્રાટ બનવાવાળી સરકાર કે વ્યક્તિઓએ કાયદાની સાથે સાથે માનવ મૂલ્યોની પણ રક્ષા કરવાની હોય છે. જહોન એડમે અમેરિકાનું બંધારણ પ્રજા સમક્ષ મૂક્યું, ત્યારે એમણે કહ્યું હતું માનવીએ તૈયાર કરેલ આ પુસ્તક છે, તેમાં માનવ મૂલ્યો, કાયદો, દેશને અખંડ રાખવાની ચર્ચા કરવામાં આવી છે. આ પુસ્તક મુકતી વખતે વાત કરી હતી કે આ બંધારણ લખવામાં કોઈ દૈવ્ય આદેશ નથી કે ભગવાનનો કોઈ ગર્ભિત સંદેશો નથી. માત્રને માત્ર સારું કરવું એ જ મારો ધર્મ છે, એ વાત કરી હતી. આ દેશના બંધારણના ઘડવૈયાઓએ બંધારણ લખવાની શરૂઆત કરી ત્યારે ખૂબ ચિંતા કરીને વાત મૂકી છે. આ વાતનો આ સરકારે હ્રાસ કરેલ છે, એ વાત તરફ ધ્યાન દોરવા માગું છું. ખાસ વીકર સેક્શન માટે બંધારણમાં ૧૫ અને ૧૬ ની ખાસ જોગવાઈ કરવામાં આવી હતી. બંધારણના ઘ ડવૈયાઓ બેઠા હતા, ત્યારે એમને ખબર હતી કે એક દિવસ એવો આવશે કે આ બંધારણને તોડી, મરોડી અને ગરીબની યોજનાને ખતમ કરવાવાળો એક વર્ગ આવશે, ત્યારે આ વાત લખવાની જરૂર પડી છે. એમ કરીને એને રક્ષણ મળશે, એમ કરીને વાત લખી છે.

માનનીય રાજ્યપાલશ્રીના પ્રવચનમાં અને માનનીય મુખ્યમંત્રીશ્રીની વાતમાં એક લાખ ઝૂંપડા તોડીને દબાણ દૂર કરીને રાજ્યના વિકાસની વાત કરી છે. કાયદામાં નિયમો બન્યા છે. આઝાદી, આઝાદી પહેલાના રહેતા લોકો અને આઝાદી પછી આ દેશને પોતાની માતૃભૂમિ સમજીને પોતાનું છાપરું પોતાના ખર્ચે બાંધ્યું. આ રાજ્યની જમીન ઉપર બાંધ્યું, એનું વ્યવસ્થિત આયોજન કરી સરકારના રેવન્યુ વિભાગમાં જે જી.આર. કૌશિકભાઈ બન્યા છે, એ જી.આર.નો અમલ કરી એ જગ્યા પડતર હતી, તે ક્યાંક ઠેકાણે પાડીને વિકાસની વાતો કરી હોત તો આનંદ થાત.

તમે વાત કરો છો શૌચાલય પહેલાં દેવાલયો. શૌચાલય અગત્યના લાગે છે. દેવાલયો અગત્યના નથી લાગતા. પણ ગરીબનાં ઝૂંપડાં તમને ક્યાંક કણાની જેમ રાજકીય રીતે ખટકે છે. હું વાત આપના દ્વારા મૂકવા માગું છુ કે જ્યારે નગરપાલિકાઓના તમામ ચેરમેન અને તેઓના લોકોની મીટિંગ માનનીય મુખ્યમંત્રીશ્રીએ બોલાવી ત્યારે સૂચક વાત કરી હતી. તેમણે એમ કહ્યું કે આ દબાણો દૂર થયા છે એટલે તમે સત્તા ઉપર બેઠા છો અને આ દબાણો દૂર થાય તેમાં તમે કોઈ ભલામણ કરવા માટે ન આવતા. આ વાત માનનીય મુખ્યમંત્રીશ્રીએ કરી હતી. કેમ ભલામણ નહીં કરવાની? એક હજારનો વૉર્ડ હોય તેમાં ૩૦૦ ઝૂંપડાં હોય અને ૩૦૦ મતદારોને રફેદફે કરી નાંખો તો ભાજપનું શાસન બને. માત્ર મતોના રાજકારણ માટે આ દબાણો દૂર કરવા માટેનું કરી રહ્યા છો અને એટલે જ બંધારણમાં લખેલી કલમો થકી ક્યાંક ન્યાયાલયો આને સાચવી શક્યા છે. આ ઝૂંપડાઓને ક્યાંક ન્યાયાલયોના ઑર્ડર આવ્યા ત્યારે આ વસ્તુ સચવાઈ શકી છે અને માનનીય અધ્યક્ષશ્રી, સરદાર સાહેબની, બાપુની અને રવિશંકર દાદાની વાત કરો છો. રવિશંકર દાદા શું કરતા હતા તેની ખબર છે? સૂણસર ગામ સાંભળ્યું હશે મહેસાણા જિલ્લાનું માનનીય અનિલભાઈ. તે સૂણસર ગામ, કેટલોક એવો વિસ્તાર કે જયાં ગુનાખોરી પ્રવૃત્તિ ચાલતી હતી. તેને અમે કરતા હતા, અમે કરતા હતા માનનીય નરોત્તમકાકા. તે ગુનાખોરી કોમ ક્યાંક કોળી હતી કે ઠાકોર હતી અને અમે તે ગુનાખોરી કરતા હતા. પણ તેમને જેલના સળિયા પાછળ આપણને ટાડા, પાસા કે પોટાના કાયદામાં નહોતા પૂર્યા. અમને માનવી બનાવી અને ગુજરાતના એવા પ્રવાહમાં મૂકયા કે આજે ધારાસભ્ય બની તેની વાત તમારા મોંઢે કરી શકીએ છીએ. તે રવિશંકર દાદા તેમને અમારા વંદન હોય. સૂણસર ગામની અંદર રોકાયા તો શિક્ષણની વાત આવી,સૂણસર ગામમાં રોકાયા તો ગુનાખોરી ઘટી ગઈ અને સૂણસર ગામમાં ત્યારે ૨૫-૫૦ લાખ રૂપિયાની ગામલોકો ભેગા થાય અને સ્કૂલ બનાવે. વંદનીય માધવસિંહ સોલંકીની હાજરીમાં અને અમારા મિત્ર અને આગેવાન દિલીપભાઈ ઠાકોરની હાજરીમાં જ્યારે ૫૦ લાખ રૂપિયાનું ફંડ ભેગું થાય શિક્ષણ માટે અને રવિશંકર દાદાને શ્રદ્ધાંજલિ આપતો હોય ત્યારે માનનીય આનંદીબહેન આપને વિનંતી કરું છું કે તેને ગ્રાન્ટેબલ શાળા આપી દાદાના સ્વપ્નને સાકાર કરો.

માનનીય અધ્યક્ષશ્રી, આ બધી વાત એટલા માટે કરવી પડે છે કે આપણે ઉત્સવોની વાત કરીએ છીએ. ખૂબ આનંદ આવે, ખૂબ આનંદ આવે. આ ઉત્સવો સાહેબ માતૃશ્રાધ્ધનો સિધ્ધપુરમાં મહાસંગમનો કાર્યક્રમ કર્યો. તેમાં પાણી છે કે નહીં તેમાં નથી પડવા માગતો. આ રાજકીય કાર્યક્રમ હતો. આ રાજયના મુખ્યમંત્રીશ્રીના મનમાં જે ખટકતું હોય તેને ધ્યાનમાં રાખીને કાર્યક્રમો થાય. તેમાં વિશ્વ હિન્દુ પરિષદ, ગુજરાતનું બજરંગ દળ અને કેટલાક ધાર્મિક સંગઠનોને મેસેજ આપવા માટે મહાસંગમનો કાર્યક્રમ કર્યો કે તમને એકેયનું નામ કાર્ડમાં નથી લખતો. તમને નથી બોલાવતો અને સમગ્ર ગુજરાતના સાધુસંતો અને હિન્દુસ્તાનના સાધુસંતો મારી પડખે છે તે માત્રને માત્ર મેસેજ આપવાનો કાર્યક્રમ હતો. બાકી વિશેષ કાર્યક્રમ ન હતો.

માનનીય અધ્યક્ષશ્રી, ફાગવેલના કાર્યક્રમની આપને વાત કરું છું. કાર્યક્રમો કરીએ છીએ એટલે માત્રને માત્ર તમે આ રાજયની અંદર વિખવાદ થાય, ગામડાઓમાં ઝગડા વધે અને આ ઝગડા વધારવા માટે ફાગવેલની

અંદર સમાંતર કાર્યક્રમ આપવામાં આવ્યો. ક્ષત્રિયો સામસામે ભેગા થાય, બહારની પોલીસ ફાયરીંગ કરીને મારી નાખે અને મતો માટે ક્યાંક પેસવાનું થાય એટલા માટેનો કાર્યક્રમ ફાગવેલમાં આપવામાં આવ્યો.

માનનીય અધ્યક્ષશ્રી, પછાતો માટેનો વ્યવહાર આ સરકાર શું કરે છે તે આપના દ્વારા મૂકવા માગું છું કે સાહેબ ગુજરાતની પાંચ કરોડની વસ્તીમાંથી પછાત કેટલા છે તેની વાત નથી કરતો. આ વિધાનસભામાં બેઠેલા પછાતોની મારે વાત કરવી છે. આ વિધાનસભામાં સામી પાટલીએ જે પછાત લોકો બેઠા છે તેમાં મુખ્યમંત્રીશ્રી અને સરકારની અમે ટીકા કરીએ તેના કરતાં ૨૫ ગણી ટીકા એમનાવાળાઓએ કરી. એમની વાળાએ કર્યા પછી ભોગ કોનો લેવાય તો સિદ્ધાર્થ પરમારનો લેવાય કે રાકેશ રાવનો લેવાય કે રમીલાબેન ચૌદ ારીનો લેવાય. આ ગરીબોના અને પછાત નેતા છે એટલે ?

માનનીય અધ્યક્ષશ્રી, સાંસ્કૃતિક વારસાની વાત કરી છે આ સરકારે સભ્યતાની વાત કરી છે. મારી વાતને મારા મિત્રોને હું વિનંતી કરું છું કે રાજકીય ના લે, સાહેબ, મારે ચિંતાની વાત કરવી પડે છે એ એટલા માટે કરવી પડે છે કે, કોઈપણ રાજકીય નેતા ગમતો હોય કે ન ગમતો હોય એના વિશેની ભૂતકાળમાં જેમ વિષકન્યાનો ઉપયોગ કરીને કોઈનું રાજકીય કાસળ કાઢવાનો કાર્યક્રમ બને. આ રાજયના એક રાજકીય નેતાની ક્યાંક સીડી બને, એની ચિંતા ક્યાંક બરોડાની અંદર તો ક્યાંક જામનગરની દીકરીનું નામ આવે અને દીકરીઓ કોના ઘરની છે એની ચિંતા કર્યા વગર આ સીડી કાંઙ...

**અધ્યક્ષશ્રી** : પ્લીઝ, પ્લીઝ.

**શ્રી બાલુભાઈ તંતી (ધારી)** : માનનીય અધ્યક્ષશ્રી, મહામહીમ રાજયપાલશ્રીએ આ સભાગૃહ સમક્ષ કરેલા સંબોધન બદલ એમના આભાર પ્રસ્તાવ વિશે મારા વિચારો વ્યક્ત કરવા માટે આ સભાગૃહમાં હું ઊભો થયો છું.

આ ગુજરાત અને ગુજરાત સરકારની જો કોઈ ઓળખ હોય તો ગાંધી વિચાર ધારા અને આ દેશની સંસ્કૃતિ સાથે જોડાયેલ છે. ગાંધી વિચાર ધારામાં ગામડું એ મુખ્ય કેન્દ્ર સ્થાને રહ્યું છે. ગામડું સમૃદ્ધ તો દેશ સમૃદ્ધ એ ગાંધી વિચાર ધારા હતી, પરંતુ કમનસીબે ૪૫ વર્ષ સુધી કોગ્રેસે આ રાજય પર શાસન કર્યું ત્યારે ગામડાંઓની અવગણના સિવાય કોઈ પણ કાર્ય કરવામાં નથી આવ્યું. પહેલી વખત ગામ- ગ્રામોદ્ધારની કોઈએ વાત કરી હોય તો એ આ ભાજપની સરકારે કરી છે. પછી એનું માધ્યમ એ સમરસ યોજના હોય, ગ્રામસભાની યોજના હોય કે કૃષિ મહોત્સવની વાત હોય કે જયોતિગ્રામની વાત હોય, આ બધા જ માધ્યમોથી ગામડું વધુ કેમ સમૃદ્ધ થાય, સ્વાશ્રયી કેમ બને એ તરફથી દૃષ્ટિકોણ રહ્યો છે. મારી સામે બેઠેલા માનનીય મિત્રો જે વાત કરતા હતા, કૃષિ મહોત્સવની વાત કરતા હતા, કૃષિ મહોત્સવનું ધ્યેય અને આયોજન શું હતું, જળ સિંચન કોને કહેવાય, લેબ ટુ લેન્ડ કોને કહેવાય, આ વાતની જ્યારે એમને ખબર ન હોય ત્યારે મિત્રો, કૃષિ વૈજ્ઞાનિકોને ખેડૂતોના ઘર સુધી લઈ જવા માટેનો સૌથી પહેલો જો પ્રયાસ થયો હોય તો એ કૃષિ મહોત્સવ નિમિત્તે થયો હતો. દરેક ગામમાં દરેક ખેડૂતને અને ખેતીને આનુષાંગિક તમામ વર્ગ એ દિવસે ગામમાં હાજર રહે, ૭૫૦ કૃષિ વૈજ્ઞાનિકો માનનીય અધ્યક્ષશ્રી, મને સન્માનનીય ગૃહને જણાવતાં આનંદ થાય છે કે માનનીય કૃષિ મંત્રીશ્રીને અભિનંદન આપીશ કારણ કે જે વૈજ્ઞાનિકો લૅબૉરૅટરીની અંદર સતત સંશોધનમાં વ્યસ્ત હતા, કૃષિ ઉત્પાદન કેમ વધે, કીટનાશકો કઈ રીતે વાપરવા, રસાયણો કઈ રીતે વાપરવા, આવનારી પેદાશને ગુણવત્તા સભર કઈ રીતે બનાવવી એની ચિંતા ફક્ત લૅબૉરૅટરીમાં થતી હતી. માનનીય અધ્યક્ષશ્રી, હું કૃષિ યુનિવર્સિટીના બોર્ડ ઑફ ડિરેક્ટર, મેનેજમેન્ટમાં હતો ત્યારે કૃષિ વૈજ્ઞાનિકોની મારી સમક્ષની એક વેદના એ હતી કે અમારું કાર્ય ફક્ત સંશોધન પૂરતું સીમિત રહે છે. પરંતુ મને જણાવતાં આનંદ થાય છે કે, માનનીય ભુપેન્દ્રસિંહ ચુડાસમા અને માનનીય નરેન્દ્રભાઈ મોદીની સરકારે જે આયોજન કરી લેબ ટુ લેન્ડ સાથેની અને સોઈલ ટુ સેટેલાઈટ સુધીની જે યોજનાઓ કરી છે, માનનીય અધ્યક્ષશ્રી, એ યોજનાઓ મારફત વૈજ્ઞાનિકો ખેડૂતોના દ ારઆંગણે ગયા , અને ખેડૂતોના વિવિધ પાકો પ્રત્યેની જે કઈ દોરવણી હતી, જે માર્ગદર્શન આપવાનું હતુ એના દૃશ્યો મેં રાતે પણ જોયા છે કે બાગાયતના વૈજ્ઞાનિકો હોય કે મગફળીના વૈજ્ઞાનિકો હોય કે ઓઈલસીડ્સના વૈજ્ઞાનિકો હોય એ પોતપોતાના ક્ષેત્રમાં ખેતરોમાં જઈને ખેડૂતોને માર્ગદર્શન રાત્રે પણ આપેલું છે આ એક એવો મહોત્સવ હતો કે ગામડાંમાં કૃષિ તરફથી સાચી દિશા બદલાતા જતા સમયની સાથે, બદલાતા પ્રવાહની સાથે આવનારા સમયની અંદર ડબલ્યુ.ટી.ઓ. અને વર્લ્ડ ટ્રેડ ઓર્ગોનાઈઝેશનની અંદર જે પદ્ધતિએ આ દેશની અંદર ગુજરાતમાં એક અતિ આક્રમણ કૃષિ ઉપર થવાનું છે.ત્યારે એની સામે વધુ સજ્જ કેમ ખેડૂતોને બનાવવા એના માટેનો આ નિષ્ઠાપૂર્વકનો પ્રયાસ હતો. માનનીય અધ્યક્ષશ્રી, મેં અગાઉ કહ્યું તેમ ગાંધીજીની વિચાર ધારાથી ગામડાંને સમૃદ્ધ બનાવવા માટેનો બીજો એક સૌથી સફળ પ્રયોગ ગુજરાતમાં થયો હોય તો એ જયોતિ ગ્રામ યોજના છે. આ સભાગૃહમાં હું આપના માધ્યમથી માનનીય સૌરભભાઈ અને માનનીય નરેન્દ્રભાઈ મોદીને અભિનંદન આપું છું કે, ગામડાં તરફની સાચી દૃષ્ટિ જો દોરી હોય તો એ ભારતીય જનતા પાર્ટીની સરકાર દ્વારા જયોતિ ગ્રામ યોજનાના માધ્યમથી કરવામાં આવેલ છે. એ દિવસો અમે જોયા છે કે, ગામડાંના રહેવાસી

તરીકે ગામડાંમાં જયારે અમે લોકશાહીના એક પ્રહરી તરીકે લોકો સમક્ષ જતા હતા ત્યારે અમારી સમક્ષ આ વારંવાર વેદનાઓ રજૂ થતી હતી કે, શહેરોમાં ૨૪ કલાક વીજળી મળે, ગામડાંને ૪ થી ૫ કલાક વીજળી મળે આવું કેમ? બપોરે વૃદ્ધો, બાળકો નિરાંતે સૂઈ ન શકે, રાત્રે કે સવારે વહેલા ચાર વાગ્યે ઊઠીને બહેનોને વલોણા ચાલુ કરવા પડે અને એ માટે વહેલા ઊઠવું પડે કેમ કે આઠ વાગે એટલે લાઈટ જતી રહે. આ પરિસ્થિતિ ગામડાંની હતી. ગામડાંનો ઉદ્યોગ, અર્થતંત્ર ભાંગતું જતું હતું. ગામડાંનો એક ખેડૂત પોતાના ખેતરમાં વાવણી કરતો હોય અને એક દંતાળનો દાંતો તૂટી જાય તો એમને છેક શહેર સુધી ધક્કો ખાવો પડતો હતો. ગામમાં વેલ્ડિંગવાળા કે પંચરવાળાની દુકાન સુધ્ધા ન હોય કારણ કે વીજળીની કોઈ સવલત ન હતી. જ્યોતિ ગ્રામ યોજના મારફત ગામડાંનું આમૂલ પરિવર્તન થયું છે. જેના કારણે કૃષિની અંદર, ખેતીવાડીમાં અને આરોગ્ય ક્ષેત્રમાં ગામડાંઓ સ્વનિર્ભર થયા છે. ગામડાંની કાયા પલટ માટે જે કોઈ પ્રાથમિક સુવિધા ઊભી થવાની હતી એ વીજળીના અભાવે પૂરી થઈ શકતી ન હતી. સૌથી વિશેષ આ ગૃહનું એ તરફ ધ્યાન દોરવા માગું છું કે, મારા વિસ્તારમાં એક મૉટર રિવાઈન્ડીંગનો દુકાનદાર છે એમણે મને હમણા જ વાત કરી કે, 'હું પહેલા એક વર્ષમાં મોટરો બાંધીએ અને એમાંથી જે ભંગાર મળે છે એ ભંગારના વર્ષે સાડા ત્રણ લાખ રૂપિયા કમાતો હતો પરંતુ જ્યારથી તમારી આ જ્યોતિ ગ્રામ યોજના આવે છેને ? અમે ફક્ત ૩૦ થી ૩૫ હજાર રૂપિયાનો જ ભંગાર વેચી શકયા છીએ.' એટલે પરિણામ સ્પષ્ટ છે કે, આને લીધે જ્યોતિ ગ્રામ યોજના દ્વારા સક્ષમ પાવર મળ્યો, ૨૪ કલાક વાપર મળ્યો અને પૂરેપૂરા વૉલ્ટેજનો પાવર મળ્યો એના કારણે ખેડૂતોના સ્ટાર્ટર, મોટરો બળવાનું પ્રમાણ નહીવત બન્યું છે. આના પરિણામે ખેડૂતો આવનારા દિવસોમાં પોતાનું વધુ ઉત્પાદન, વધુ ખર્ચ બીજા ઉત્પાદનમાં રોકી શકે એવી એક સારી વ્યવસ્થા ઊભી થઈ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ સરકારે વન વિભાગ દ્વારા જે કેટલીક લુપ્ત થતી આપણા વૃક્ષોની પ્રજાતિયો હતી, જે ઔષધીય વૃક્ષો હતા એ વૃક્ષોનો નાશ થતો જતો હતો, એના તરફ આજ દિન સુધી કોઈ સરકાર તરફથી ધ્યાન આપવામાં આવ્યું ન હતું. આપણી જે વિરાસત છે, આયુર્વેદિક શાસ્ત્ર છે એ હિંદુસ્તાનનો વારસો છે અને એ હજારો વર્ષથી ચાલી આવતી પરંપરાઓ અને આપણા ઋષિ મુનિઓએ સંશોધાન કરેલ ઔષધીઓ, દવાઓ એ આજ દિન સુધી જાળવવા માટેનો પ્રયાસ કોઈ પણ સરકારે કર્યો ન હતો. પ્રથમ વખત ગુજરાત સરકારે પુનિત વન જેવા વનો બનાવીને એની અંદર આપણા ઋષિ કુળના વૃક્ષો વાવ્યા અને ગુજરાતના લોકોને આયુર્વેદ તરફ દોરવાનો સારો પ્રયાસ કર્યો છે એ બદલ હું અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આગળના વકતા હમણાં જ વાત કરતા હતા, એ હું સાંભળતો હતો કે ગામડાંઓમાં ભાજપ દ્વારા, આ સરકાર દ્વારા પક્ષાપક્ષી અને વેરઝેર ઊભા કરવા માટેના પ્રયાસો થાય છે. એ મિત્રોને હું આજે આહવાહન આપું છું કે, ભાવનગર અને અમરેલીના પોલીસ રેકર્ડ આપ છેલ્લા ૧૦ વર્ષના જુઓ અને ભાજપની સરકાર આવી છે ત્યાર પછીના જુઓ. કોમી અથવા તો કોઈ જ્ઞાતિ વિરુદ્ધના કોઈ ઝગડા, ખૂન-ખરાબા સૌથી વધુ થયા હોય તો એ અગાઉના ૪૫ વર્ષમાં થયા છે. છેલ્લા ૮ કે ૧૦ વર્ષમાં થયા નથી.

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (જસદણ)** : માનનીય અધ્યક્ષશ્રી, નામદાર રાજ્યપાલશ્રીના સંબોધનના આભાર પ્રસ્તાવ પર હું મારા વિચારો વ્યક્ત કરવા ઉપસ્થિત થયો છું.

છેલ્લા બે દિવસથી લગભગ હું એક વાત સતત આ ગૃહમાં સાંભળી રહ્યો છું, મહોત્સવો ઉજવવા અને અભિનંદન આપવા. આ વાત મોટાભાગના મારા સાથી સભ્યશ્રીઓ તરફથી સંભળાય છે, ત્યારે મારે એક વાત મારા સાથી સભ્યશ્રીઓના ધ્યાન પર એ મૂકવી છે કે જે જ્યોતિગ્રામની વાત થાય છે, કૃષિ મહોત્સવની વાત થાય છે, ગામડાંના વિકાસની વાત થાય એ સારી વાત છે પણ ગામડાંની અંદર જે જન્મ્યો છે અને ગામડાંમાં રહીને શિક્ષણ લઈને અહીંયા સુધી પહોંચેલ છે એવા કોઈક મારા સાથી મિત્રો સામી પાટલીએ પણ બેઠાં છે એ જો એમના આત્માને પૂછીને એમ કહે કે ના હું ખરેખર આ ગૃહમાં બોલું છું તે સાચી વાત કરું છું તો મને ચોક્કસ આનંદ થાત. મારા સાથી ધારાસભ્યશ્રી મોહનભાઈ વાત કરતા હતા ત્યારે હું સાંભળતો હતો, હું એનો જવાબ નહિ આપું પણ મારે એક વાત કરવી છે કે,

જ્યોતિગ્રામની વાત વારંવાર આવ્યા કરે છે ત્યારે સારી વાત છે, ગામડાનો વિકાસ થવાનો છે, ચોક્કસ થવાનો છે એમાં કોઈ શંકાને સ્થાન નથી પણ મારે એ કહેવું છે કે જ્યોતિગ્રામની યોજનાને કારણે જે ખેતીમાં, ખેડૂતોને અસર થઈ છે આપણે આભાર માનીએ કુદરતનો કે આ છેલ્લું વર્ષ ખૂબ સારો વરસાદ થયો અને જેને કારણે ખેતીમાં ખૂબ સારી ઉપજ આવી અને જેને લીધે ખેડૂતો પણ આજે સમૃદ્ધ થવા લાગ્યા છે. આ જે ખેડૂતો છે એ જ્યોતિગ્રામ યોજનાની સામે ૧૯૯૦ની સાલમાં જેમણે જનરલ કેટેગરીમાં ખેતીવાડીમાં વીજ જોડાણ માગેલ છે એ આજે લાઈનમાં ઉભાં છે. જુન, ૨૦૦૪ની અંદર જેમણે તત્કાળ વીજ જોડાણ માટેની માગણી કરી છે આજે એવા જોડાણોની ત્રણ કરોડ જેવી રકમ વિદ્યુત બોર્ડે ખેડૂતોના ખિસ્સામાંથી ખંખેરી લીધી છે. આજે તત્કાળ વીજ જોડાણની લાઈનમાં આ ખેડૂતો ઉભાં છે. હું ચોક્કસ માનનીય ઉર્જા મંત્રીશ્રીને અભિનંદન આપત જો એમણે જ્યોતિગ્રામની સાથે સાથે ખેડૂતોના હિતને ધ્યાનમાં રાખ્યું હોત તો, પણ જનરલ કેટેગરીમાં ૧૯૯૦માં થયેલી બે લાખ અરજીઓ આજે પડતર છે. તત્કાળ વીજ જોડાણ જુન, ૨૦૦૪ની અંદર જેમણે અરજી

કરી છે એવી ૬૪૫૧૦ અરજીઓ આજે પેન્ડિંગ છે અને આવી અરજીઓને લીધે આપણે ૩૦ કરોડ જેવી રકમ ખેડૂતોની વીજ બોર્ડે લઈ લીધી છે. આજે એ લાઈનમાં ઉભા છે. આભાર માનીએ કુદરતનો કે સારા વરસાદને કારણે સિંચાઈના અને વરસાદના સારા પાણીને કારણે પાક સારો મળ્યો છે. મારે માનનીય મંત્રીશ્રીના ધ્યાન પર એક વાત એ પણ મૂકવી છે કે, ખેડૂતે ક્યાંક સમયસર વીજ જોડાણ નહિ મળવાના કારણે વીજ ચોરી કરી હશે, ક્યાંક હોર્સ પાવર થોડાંક વધારે વાપર્યા હશે પણ એને પકડીને ૧૩૫ની કલમ નીચે કેટલા ખેડૂતોને જેલના સળીયા પાછળ નાંખ્યા અને કેટલા ખેડૂતો પર કેસ કરવામાં આવ્યાં? એની વિગત સાથે એ ધ્યાનમાં રાખીને જ્યોતિગ્રામ યોજનાની પણ મારા સાથી મિત્રો વાત કરતા હોત તો ચોક્કસ હું માનનીય મંત્રીશ્રીની પણ આ વાત સ્વીકારીને આગળ વધત.

માનનીય અધ્યક્ષશ્રી વંચિતોના વિકાસની વાતમાં મારે એક બે સૂચન કરવાં છે, એમાંય ખાસ કરીને વિકસતી જાતિ જે છે એ રાજયમાં એમની વસતિ બાવન (૫૨) ટકા જેટલી છે ૧૩૫ જાતિઓનો આમાં સમાવેશ થયેલ છે જો એનું અલગ પેકેજ બનાવી આ વસતિના વિકાસ માટે અલગ વિભાગનો પણ જો આ પ્રવચનની અંદર ઉલ્લેખ હોત અને આ રાજય સરકારે એમની ચિંતા કરી હોત તો ચોકકસ હું એમાં એમને અભિનંદન પણ આપત. પણ આની અંદર કોઈ જગ્યાએ આનો ઉલ્લેખ નથી. મારે એક વાત એ પણ કરવી છે કે અષ્ટાવક્ર યોજનાની વાત, હમણાં વિકલાંગોની વાત કરતા હતા ત્યારે એક વાત મારે એમના ધ્યાન પર મૂકવી છે કે, બે વર્ષ પહેલાં જાહેરાત થઈ હતી, ક્યાંક ક્યાંક આ યોજનાની શરૂઆત કરવાની વાત પણ થઈ હતી, છેલ્લાં ૧.૫ વર્ષથી કેમ આ યોજના બંધ કરી દેવામાં આવી છે એનો પણ આ રાજય સરકાર પાસે કોઈ જવાબ નથી.

કન્યા કેળવણીની, પ્રાથમિક શિક્ષણની વાત થઈ. હું ચોક્કસ કહીશ કે જે ગામડાંમાં આજે રહેને જે વાલીઓનાં બાળકોને અભ્યાસ કરાવે છે, ભણાવે છે તેને પૂછો કન્યા કેળવણી માટે શું પરિસ્થિતિ છે? પ્રાથમિક શાળાના બાળકોને ફક્ત પ્રવેશોત્સવ ઉજવવાથી તે શિક્ષણનું પ્રમાણ વધે એવી સ્થિતિ નથી. પણ તેની સામે મારે તેમને એ કહેવું છે કે છેલ્લાં વર્ષોમાં ગ્રામ્ય વિસ્તારની અંદર ગ્રાન્ટવાળી કન્યા કેળવણી માટેની શાળાઓ આપી? આજે છઠ્ઠા કે સાતમા ધોરણ સુધી ભણ્યા પછી અનેક ગ્રામ્ય વિસ્તારની કન્યાઓ શિક્ષણ છોડી દે છે. શા માટે છોડે છે ? તેની પાછળના કારણોની કયારેય ચિંતા કરી છે ? અમારી સરકારે કોલેજ કક્ષા સુધી મફત કન્યા કેળવણીનું શિક્ષણ અપાતું. આજે શું હાલત છે? મોટાભાગની સેલ્ફ ફાયનાન્સ હાઈસ્કૂલો અને કોલેજો. બધા વર્ગોની સ્થિતિ એવી નથી હોતી કે તે પોતાની દીકરીને પણ આ ખર્ચ કરીને, તેની ફી ભરીને પણ તેને અભ્યાસ કરાવી શકે. આજે ૧૮ હજાર ગામડાંઓ ગુજરાતમાં છે તેમાંથી ૬૯૦ ગામડાંઓ એવા છે કે જેની અંદર સ્ત્રી સાક્ષરતાનો દર ૧૦ ટકાથી પણ નીચે છે અને છતાંય આપણે કન્યા કેળવણીના ગાણાં ગાઈએ છીએ. આ પ્રવચનની અંદર કયાંય એવો ઉલ્લેખ નથી કે કન્યા કેળવણી માટેનું ખાસ પેકેજ બનાવીને જે પછાતોનો વિસ્તાર હોય, જ્યાં ગામડાંનો અંતરિયાળ વિસ્તાર હોય તેની અંદર આવી કન્યા કેળવણી માટેની કોઈ ગ્રાન્ટવાળી શાળાઓ ઉભી કરીને ભલે રાજય સરકાર ઉભી કરે. રાજય સરકાર ઉભી કરીને પણ શિક્ષણની સુવિધા ઉભી કરવામાં આવે એવી કોઈજ યોજના આ પ્રવચનની અંદર નથી.

વાહન-વ્યવહારની વારંવાર વાત થઈ. મારે એક વાત દુ:ખ સાથે અહીંયા ફ્લોર ઉપર મૂકવી છે કે મોટાભાગના ગ્રામ્ય વિસ્તારની એસ.ટી.ની સુવિધા ઝુંટવાઈ ગઈ. તેના વિકલ્પના ભાગરૂપે માલવાહક વાહનની અંદર કાળમુખા વાહનોની અંદર છકડો હોય યુટીલીટી હોય, મેટાડોર હોય ડબલ ડેકર સાથે પેસેન્જરોની હેરાફેરી થાય છે. તેમાં કેવું ચાલે છે તે આપના ધ્યાન ઉપર મૂકવા માગું છું, એટલા માટે કે વિકલ્પ, એસ.ટી.ના વિકલ્પરૂપે ગ્રામ્ય વિસ્તારની પ્રજા નાછૂટકે વાહનની અંદર બેસે છે અને તેમાં શું સ્થિતિ છે દરેક પોલીસ સ્ટેશનની અંદર એકથી બે પોલીસવાળા તો આ છકડાના હપ્તા ઉઘરાવા માટે રોકાયેલા હોય છે. છકડાની અંદર જે બેઠેલાં હોય અને તે વાહનવાળાએ હપ્તો ના આપ્યો હોય તો પોલીસવાળો રસ્તામાં ભેગો થાય તે પેસેન્જરોને મારે, વાહનવાળાને પણ મારે અને બધાને અધવચ્ચેથી દુ:ખી થવું પડે આવી સ્થિતિ કેમ થાય છે? એસ.ટી.ના અભાવે. માનનીય બિમલભાઈ મેં એસ.ટી.ની અંદર ત્રણ વર્ષ કામ કર્યુ છે. ત્યારે એસ.ટી.ની સ્થિતિ શું હતી અને આ સરકાર આવ્યા પછી એસ.ટી.ની સ્થિતિ શું થઈ છે તે અમે જાણીએ છીએ. ગ્રામ્ય વિસ્તારની એસ.ટી.ની સુવિધા તમામ મોટાભાગના ગામડાંઓમાંથી કદાચ સી.એન.જી.ની બસ રાજકોટથી અમદાવાદ વચ્ચે કે અમદાવાદથી વડોદરા વચ્ચે મૂકાણી હશે પણ આવો ગામડાંમાં તમારી આ વાહન-વ્યવહારની શું સ્થિતિ છે તે તમને જોવા મળે. બસ સ્ટેન્ડો અમારા વખતમાં જે હેતુ માટે જમીનનું સંપાદન કરીને બસ સ્ટેન્ડો બન્યા હતા તે એસ.ટી. બસ સ્ટેન્ડો આજે કોમર્શીયલ શોપીંગ સેન્ટરો બનવા માંડયા છે. અરે, આ સરકાર બસ સ્ટેન્ડો વેંચવા માંડી છે એવી સ્થિતિ છે આ વાહન-વ્યવહારની અને છતાંય એમ કહે છે કે અમારી વાહન-વ્યવહારની સ્થિતિ ખૂબ સારી છે. મેં એટલા માટે આ બસની વાહન-વ્યવહારની સુવિધા સારી બને તેના માટેની કોઈ જોગવાઈ નથી, બજેટમાં ઉલ્લેખ નથી એટલે હું સમર્થન કરી શકતો નથી. રોજગાર શિક્ષિત બેરોજગારો અને બેકાર યુવાનોને રોજગારી ભથ્થાં આપવાની વાત આની અંદર કયાંય ઉલ્લેખ કરવામાં આવ્યો નથી.

**અધ્યક્ષશ્રી** : તમારું પ્રવચન પૂરું થાય છે.

**શ્રી પરસોત્તમભાઈ ના. ભોજાણી (જોડિયા)** : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહને મહામહીમ રાજયપાલશ્રીએ જે સંબોધન કર્યુ તેમનો આભાર માનતો પ્રસ્તાવ આ ગૃહના માનનીય સભ્યશ્રી માધુભાઈ બોરીચા લાવ્યા છે અને મોહનભાઈ કુંડારીયાએ જેમને અનુમોદન આપ્યું છે, તેને સમર્થન કરવા માટે તથા મારા વિચારો રજૂ કરવા માટે હું ઉભો થયો છું. મહામહીમ રાજયપાલશ્રી જયારે પ્રવચન કરી રહ્યાં હતાં ત્યારે અને પ્રવચન પૂરું કરીને અહીંથી પસાર થઈ રહયાં હતાં ત્યારે આ બાજુથી કોંગ્રેસના મિત્રો એવા ઉચ્ચારનો કરતા હતા કે એક ગાંધીવાદીના મૂખેથી ખોટું શા માટે બોલાવો છો. હું તેમને તે વાત કહેવા માગું છું કે, મહામહીમ રાજયપાલ આ સરકારના બંધારણીય વડા છે અને તેમના મૂખે જે બોલાયેલી વાત છે તે હંમેશા સત્ય છે.

માનનીય અધ્યક્ષશ્રી, કોંગ્રેસી મિત્રો ગાંધીજીના વિચારો જયારે અનુકૂળતા હોય ત્યારે ગ્રહણ કરે છે. ગાંધીજી એક સમયે એવું કહી ગયા હતા કે આઝાદી પછી આ કોંગ્રેસને વિખેરી નાંખજો, સત્તા માટેની જયારે લડાઈઓ થશે ત્યારે કોંગ્રેસ બદનામ થઈ જશે. તો એ વખતે તેમને વિચાર ના આવ્યો કે આપણે આ કોંગ્રેસને વિખેરી નાંખીએ. ગાંધીજીના જે સારા વિચારો છે એની સાથે સંમત થવાની એમને અનુકૂળતા આવતી નથી. જયારે હું એમનું પ્રવચન સાંભળી રહયો હતો ત્યારે માનનીય અર્જુનભાઈ અને માનનીય બળવંતસિંહ તેમના પ્રવચનમાં ગુજરાત કયાં કયાં પાછળ છે એનો ઉલ્લેખ કરતા હતા. મને એ વાતનું દુઃખ થાય છે કે ગુજરાત કયાં કયાં આગળ છે એની રજૂઆત કે ઉલ્લેખ ના કર્યો અને ગુજરાત કયાં કયાં પાછળ છે એની વાત કરી છે. ગુજરાત જયાં જયાં પાછળ હોય એના માટે સહિયારો સૌ સાથે મળીને પ્રયાસ કરીએ તો મને નથી લાગતું કે આજે ગુજરાત નંબર વન દેશમાં છે અને આ જ ગુજરાત દેશને નેતાગીરી આપી શકે તેમ છે. દેશમાં સરદાર વલ્લભભાઈ પટેલ અને ગાંધીજીએ નેતાગીરી આપી છે એવી જ નેતાગીરી આપવા માટે આપણા મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ સક્ષમ છે ત્યારે આપણે સૌ સાથે મળીને સહીયારા પ્રયાસો કરીએ અને પ્રથમવાર ચૂંટાઈને આપણે આવ્યા છીએ ત્યારે પ્રથમ ગુજરાતનું હિત, પછી પાર્ટીનું હિત અને અંતે આપણે ધારાસભ્ય તરીકેનું આપણું વ્યકિતગત હિત જોઈએ તો મને નથી લાગતું કે ગુજરાતને દેશના નકશામાં તો ઠીક છે, પરંતુ દુનિયાના નકશામાં નંબર વન તરીકે મૂકવામાં કોઈ રોકી શકે.

માનનીય અધ્યક્ષશ્રી, ઘણીબધી વાતો થઈ. કૃષિ ઉત્પાદનની જયારે વાત આવે છે ત્યારે ઘણા મિત્રો કહેતા કે સારા વરસાદને કારણે કૃષિ ઉત્પાદન વધ્યું છે. તો મારે સૌ મિત્રોને જણાવવું છે કે જયારે ગામડામાં પાણીનું ટેન્કર આવે તો પાણીનું ટેન્કર તો આવે, પરંતુ એ પાણી ભરવા માટે ઠામ કે વાસણો ખેડૂત પાસે ના હોય તો એ ટેન્કર એમને એમ પાછું જતું રહેતું હતું. તો આ ટેન્કરરૂપી વરસાદ તો ભગવાન વરસાવે છે, પરંતુ એને સંઘરવા માટેના ચેકડેમરૂપી વાસણ અને ઠામ આ સરકારે ઉભાં કર્યા છે અને એનાથી આ કૃષિ ઉત્પાદનમાં વધારો થયો છે. સન ર૦૦ર માં આ રાજયનું કુલ ઉત્પાદન ૯૦૦૦ કરોડ રૂપિયાનું હતું એ છેલ્લા વર્ષના અંતે એ ઉત્પાદન વધીને રપ હજાર કરોડ રૂપિયાનું થયું છે એ આ ગુજરાતના વિકાસની પારાશીશી બતાવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે જયારે વિકાસની વાત કરીએ ત્યારે વિકાસ, સુખ અને સમૃદ્ધિ એ વ્યકિતની રહેણીકરણી ઉપર આધારિત છે. આજે ગુજરાતનો ખેડૂત સમૃદ્ધ થયો છે એ શેના ઉપરથી માપી શકીશું? તો રપ વર્ષ પહેલાં અમારે કાઠીયાવાડી ભાષામાં એમ કહેતા કે પગે ચાલીને ભાત આપવા વાડીએ જતા હતા એ જ ખેડૂત આજે રપ વર્ષ પછી હીરોહોન્ડા લઈને વાડીએ ભાત દેવા જાય છે એ સારી રહેણીકરણી અને સમૃદ્ધિની નિશાની છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું આપની મારફતે એક વાત કહેવા માગું છું કે હમણાં માનનીય સભ્યશ્રી કુંવરજીભાઈ બાવળીયા તેમના પ્રવચનમાં જયોતિગ્રામ યોજનાની વાત કરતા હતા. જયોતિગ્રામ યોજનાથી ગામડાંમાં નાના ઉદ્યોગોને તો ફાયદો અવશ્ય થયો છે, પરંતુ ખેડૂતોને ૮ કલાક વીજળી નિયમિત મળતી થઈ ગઈ છે. આપણે રપ વર્ષમાં એકપણ નવું વિદ્યુત યુનિટ ઈન્સ્ટોલેશન ના કર્યુ હોત તો જે વીજળી ઉત્પાદન થાય છે એમાંથી જ એની વહેંચણી કરવાની થાય છે. આપણા ઘેર દૂધવાળો દૂધ આપવા આવતો હોય અને રસ્તામાં ર લિટર દૂધ એમાંથી કોઈને આપી દે તો એ વેચવાવાળો એ દૂધની ઘટ પૂરી કરવા માટે ર લિટર પાણી નાખશે. એમ જેટલી વીજળી ઉત્પન્ન થાય છે એની વહેંચણી સરખા ભાગે એમાંથી જ કરવાની થાય છે. નવી ડિમાન્ડ ઉભી થાય તો એને પહોંચી વળવા માટે નવાં યુનિટો નવાં વીજ મથકો સ્થાપવાં જોઈએ અને એ સ્થાપવા માટે જી.ઈ.બી.એ સદ્ધર થવું જોઈએ અને એને સદ્ધર થવા માટે વીજવપરાશકારોએ એમનાં જે વીજળીનાં બિલ આવે એ નિયમિત ભરવાં જોઈએ, ચોરી અનેલાઈનલોસ થાય છે એને રોકીને આ ગુજરાતના વીજળી મંત્રીશ્રીએ જે આખા દેશમાં સારામાં સારું વીજતંત્ર ઉભું કર્યુ છે એના માટે પણ હું વીજળી મંત્રીશ્રીને અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ઘણી વખત ગામડાંમાં આજુબાજુવાળા ચોરી કરતા હોય વીજળીની અને તેની કોઈ ફરિયાદ કરે તો અમારી કાઠીયાવાડી ભાષામાં એમ કહેવામાં આવે કે એમાં તારા બાપનું શું જાય છે? તો આ જે વીજ ચોરી કરે છે એનાથી જે ઈમાનદાર ગ્રાહકો કે જે ચોરી કરતા નથી એમની ઉપર એનો ભાર વધે છે. તો આવા જે વીજચોરી કરનાર માફિયા હતા, એવા માફિયાઓને નશ્યત કરીને માનનીય વીજ મંત્રીશ્રીએ એક સારું તંત્ર આપ્યું છે તે માટે ફરીથી તેમને અભિનંદન આપું છું. ગઈકાલના તેમના પ્રવચનમાં માનનીય

અર્જુનભાઈએ કોરપોરેટ માફિયાઓની વાત કરી હતી. બે દિવસ ઉપર પણ તાકીદની બાબતનો એક પ્રશ્ન હતો ત્યારે પણ કોરપોરેટ માફિયાઓની વાત કરી હતી.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં ઉદ્યોગો ના હોય તો રોજગારી કોણ આપશે? ઈંડા વગર મરઘી શકય નથી અને મરઘી વગર ઈંડુ શકય નથી, એમ આ ઉદ્યોગો વગર રોજગારી શકય નથી અને રોજગાર વગર ઉદ્યોગ શકય નથી, બન્ને એક બીજાના પૂરક છે, આ ગૃહમાં વાત કરવી સહેલી છે, કોરપોરેટ જગત આમ છે અને તેમ છે પરંતુ વાસ્તવમાં અમલ કરવો અઘરો છે. ગુજરાત પ્રદેશનું ઉત્પાદન વધારવા માટે, ગુજરાત પ્રદેશને સારું ઔદ્યોગિક સામ્રાજય બનાવવા માટે સારા ઉદ્યોગો અહીં લાવવા માટે ત્યારે જ શકય બનશે કે ટ્રેડ યુનિયનોની સંપૂર્ણ શાંતિ હશે, ટ્રેડ યુનિયનો એમના હકકો માટે અવશ્ય લડે, પરંતુ હડતાળ ન થાય, ખોટા વાદ વિવાદ અને વિખવાદ ન ઉભા થાય, અને સારી રીતે શ્રમ કરશે ત્યારે જ ગુજરાતમાં ઔદ્યોગિક ઉત્પાદન સારી રીતે મળી શકશે, હું ઘણી વખત મારી ચર્ચામાં વાત કરતો હોઉં છું, કે એક ઈલેકટ્રીકટ એન્જિનિયર બહાર પડે ત્યારે એમને પૂછીએ કે તારે જી.ઈ.બી.માં જોડાવું છે કે રિલાયન્સમાં, તો તરત જ કહેશે કે મારે જી.ઈ.બી.માં નથી જોડાવું, મારે રિલાયન્સમાં જોડાવું છે, એમને પૂછીએ કે કેમ રિલાયન્સમાં જોડાવું છે તો કહેશે કે રિલાયન્સમાં સારી સવલતો સારા પગાર મળે છે. હું પૂછું કે રિલાયન્સમાં સારી સગવડ અને સારા પગાર કેમ મળે છે કે રિલાયન્સમાં સારી રીતે કામ થાય છે અને સારી રીતે કામ કરી અને સારો નફો કરે છે ત્યારે તે સારા પગાર અને સવલતો આપી શકે છે, એવી જ રીતે જો જી.ઈ.બી. સધ્ધર થશે તો તે પણ એમના કર્મચારીઓને સારા પગારો અને સવલતો આપી શકશે. એટલે જી.ઈ.બી.ના કર્મચારીઓએ આ યુનિટ અમારું છે, જી.ઈ.બી અમારું છે એમ માનીને કામ કરશે તો મને નથી લાગતું કે ગુજરાતને નંબર વન બનતું દુનિયામાં કોઈ રોકી શકશે. મારા મિત્રો કહે છે કે ગુજરાત નંબર વન, નંબર વન, આપણે ધોમ તાપમાં ઉભા હોઈએ અને માથે તાપ તપતો હોય ત્યારે કોઈને એ કહેવાની જરૂર નથી રહેતી કે અત્યારે બપોર છે, તાપ તપે છે વાંસો બળે છે, એટલે આ પણ સ્વયં પ્રકાશિત છે કે ગુજરાત દેશમાં નંબર વન છે, એમાં કોઈને કહેવાની જરૂર નથી. આ ગૃહમાં ઘણી વાતો થઈ, આશાવાદી અને નિરાશાવાદીનો એક દાખલો છે, એક ગ્લાસ અડધો પાણીથી ભરેલો હોય તો નિરાશાવાદી એમ કહેશે કે મારી પાસે ફકત અડધો ગ્લાસ પાણી છે, પણ આશાવાદી હશે તે એમ કહેશે કે હજુ મારી પાસે અડધો ગ્લાસ પાણી ભરેલ છે. એટલે આપણે સૌએ આશાવાદી બની સૌ સહિયારા પ્રયત્નો કરીએ તો ગુજરાતના વિકાસને, વિકાસ પથની પ્રગતિને ભવિષ્યમાં કોઈ રોકી શકશે નહીં. અને ગુજરાત દેશને સુંદર અને સારી નેતાગીરી આપશે. નવી નવી પ્રવૃત્તિઓ અને પ્રગતિથી ગુજરાત ઉપરથી બીજા રાજયો ધડો લેશે ત્યારે સમગ્ર દેશ આ દુનિયાના નકશામાં નંબર વન બને તેમાં બહુ લાંબો સમય લાગે તેવું હું માનતો નથી. ભવિષ્યમાં ગુજરાત પણ દેશને નેતાગીરી આપશે અને દેશ આ દુનિયાના નકશામાં પ્રથમ નંબરનો દેશ બને એવી આશા અને અભ્યર્થના સાથે મારી વાત પૂરી કરું છું.

**શ્રી ગોવાભાઈ હ. રબારી (ડીસા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાજયપાલશ્રીના પ્રવચન ઉપર આભાર પ્રસ્તાવ લઈને માનનીય સભ્યશ્રી આવ્યા છે, તેમાં મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું. આ બધી વાતો કરી એમાં પ્રવચનની તો કોઈ વાત જ કરતા નથી. એટલે અમે એકલા વાત કરીને શું કરીએ? વિરોધપક્ષ તો બીજી વાત કરે પરંતુ શાસનમાં બેઠેલા પણ પ્રવચનને કોઈ લાગતી વળગતી ન હોય તેવી વાત કરે તો કયાં પ્રવચનની વાત કરવી? આ પ્રવચનમાં પહેલી જ વાત એ લાવ્યા છે.

**અધ્યક્ષશ્રી** : માનનીય ગોવાભાઈ, તમને પણ એ વિષય નહીં ફાવે.

**શ્રી ગોવાભાઈ હ. રબારી** : ના, માનનીય અધ્યક્ષશ્રી, હું એવું નહીં કરું. આ પ્રવચનમાં પ્રથમ ગૌહત્યાની વાત આવી છે, તેથી તેના વિષે મારે આ મિત્રોને કહેવું છે કે આ પશુ સંરક્ષણ અધિનિયમ ૧૯૫૮ માં મુંબઈ રાજય હતું ત્યારે પશુઓની કતલ ન કરવી તે અધિનિયમ બનેલો હતો. અને ગૌ માતા એમાં આવી જતી હતી. આ આજનું નવું નથી. તે દિવસથી જ આ છે. પરંતુ એમાં અમુક કલમ એવી હતી કે ૧૮ વર્ષની ઉમર પછીના બળદ અને આખલા કતલખાનામાં કપાતા હતા. તેથી એમાં થોડી ઘણી રજૂઆતો હતી. ૧૯૯૪ માં જૈન સમાજે આ વાત ઉપાડી લીધી, કે આ બળદ અને આખલા કપાય છે એટલે તે કલમમાં થોડો સુધારો લાવો. એટલે આ વાતને લઈને સ્વર્ગસ્થ ચીમનભાઈ પટેલની સરકાર વખતે અધિનિયમ બનાવ્યો કે બળદ અને આખલા પણ ન કપાવા જોઈએ, એ અધિનિયમ બનાવ્યો અને કતલખાનાવાળા મિત્રો હાઈકોર્ટમાં ગયા અને હાઈકોર્ટે તેના ઉપર સ્ટે આપ્યો અને તે રદ કર્યુ. તેના પછી માનનીય છબીલદાસ મહેતાની સરકાર આવી અને તે વખતે છબીલદાસ મહેતા સુપ્રીમ કોર્ટમાં ગયા, તેના માટે તે કેસ સુપ્રીમ કોર્ટમાં પેન્ડિંગ હતો. અને તે પેન્ડિંગ કેસનો ચૂકાદો હમણાં સુપ્રીમ કોર્ટમાં આવ્યો છે.

**વિરામ બપોરના ૨-૩૦ થી ૩-૧૫**

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

**શ્રી ગોવાભાઈ હ. રબારી** : માનનીય અધ્યક્ષશ્રી, જે કતલખાનાની વાત કરી એમાં મુંબઈ રાજય વખતે ૧૯૫૮માં એવું કાયદામાં રહી ગયું કે ૧૮ વર્ષની ગાય કે આખલા કતલખાને જઈ શકે. એના માટે સ્વ. શ્રી ચીમનભાઈ પટેલની સરકાર વખતે જૈન સમાજે જબરજસ્ત રજૂઆત કરી કે ૧૮ વર્ષથી ઉપરની ગાય કે બળદ કતલખાને લઈ જવાની છૂટ હોય તો ઘરડા મા-બાપને પણ કતલખાને મૂકવા જોઈએ. આ જાતની રજૂઆત થઈ તેથી સ્વ.ચીમનભાઈની સરકારે અધિનિયમ બનાવ્યો અને ટોટલે ટોટલ કતલખાને ન જવું જોઈએ અને ન કપાવું જોઈએ એવો અધિનિયમ બનાવ્યો. એની સામે કતલખાનાવાળા કોર્ટમાં ગયા અને હાઈકોર્ટમાં સરકાર હારી ગઈ. એના પછી માનનીય છબીલદાસ મહેતાની સરકાર ૧૯૯૫માં આવી. એણે સુપ્રીમ કોર્ટમાં કેસ દાખલ કર્યો . એ કેસ દાખલ હતો એ તો આપ સૌ જાણો છો કે નામદાર કોર્ટમાં કેસ ક્યારે ચાલશે એ કોર્ટ જ કહી શકે. પરંતુ ત્યારથી આજ સુધીની તમામ સરકારોએ કેસ ચલાવવા માટેના પ્રયત્નો કર્યા છે અને એ કરતાં કરતાં ગત વર્ષમાં એનો ચુકાદો આવ્યો અને આપણી સરકાર જીતી એના માટે આપણે એક તરફી ઉત્સવ મનાવીએ એ બરાબર નથી. આ જ વખતે લાવ્યા છીએ એ કહેવું પણ બરાબર નથી. આ મહારાષ્ટ્રની સરકાર વખતનો નિર્ણય છે એની અંદર ખૂબ પાટલી થપ થપાવવાથી કે છાપામાં ફોટા આવવાથી કાર્ય થતું નથી. પરંતુ પશુઓને આ રાજયમાંથી બીજા રાજયમાં લઈ જવા માટે ૧૯૮૦માં અધિનિયમ બન્યો અને ત્યારે પણ પશુની હેરાફેરી પણ નહોતા કરી શકતા. તે વખતનો આ કાયદો છે. શાસક પક્ષના મિત્રો અત્યારે વાત કરી રહ્યા છે કે ચાર વર્ષમાં થયું, પાંચ વર્ષમાં થયું.

મારે એમને નર્મદાની વાત કરવી છે. નર્મદા યોજનાનું કામ તો ૧૯૯૫ પહેલાનું ચાલુ છે. આ સરકાર તો ૧૯૯૫ પછી આવી છે. એ પહેલા જે નર્મદાનું સરવે થયું એ સિવાય નવું સરવે કરીને નવા કામો લઈને, નવી વીજળી ઉત્પાદન કરવા માટે નવી સિંચાઈ કરવા માટે, નવી કેનાલો બનાવવા માટે તમે કંઈ કર્યુ હોય એ લાવો તો કહીએ કે આ તમે કર્યુ છે. આ તો ચાલુ ચીલાની અંદર છે. એને ગાયા કરવું ગાયા કરવું એ બરાબર નથી. એના માટે ખાલી ફોટા ચોડવાથી કે ફંકશન મનાવવાથી ગરીબોનું કે ખેડૂતોનું પેટ ભરાતું નથી. આ બધા કૃષિરથ અને ઉત્સવો કરતાં એમને એ રથ અને ઉત્સવ રાખવો હતો કે આપણા રાજયમાં જે જે યોજનાઓ મૂકી છે એનું ઈમ્પ્લીમેન્ટેશન કેટલું થાય છે, એનું અમલીકરણ કેટલું થાય છે.

જે પંચાયતના ઠરાવની વાત કરી. હું એટલું જ માનું છું કે ઠરાવનો અમલ આમાં લખ્યું છે કે ૯૪ ટકા થઈ ગયો. બધા જ ભગવાનની સાક્ષીએ બોલે ચાર ટકા પણ અમલ નથી થયો માત્ર નામની ગ્રામપંચાયતના ઠરાવ લઈને કચરાપેટીમાં એમની સાથે બેઠેલા વહીવટકર્તાઓ નાખે છે. બધાનું ઈમ્પ્લીમેન્ટેશન થયું હોય તો પણ ઘણું છે. એક ઠરાવની અંદર ૧૦ મુદ્દા અને અલગ અલગ દસ વિભાગ હોય, એ દસ વિભાગોએ અલગ અલગ કંઈ નિકાલ કર્યો છે એવું છે ખરું? કશું જ નહિ પરંતુ આટલું અમલીકરણ થયું એની પ્રસિદ્ધિ અને ફોટા સિવાય કંઈ વાત નથી. સંસ્કૃતિ એ તો પરંપરાથી આ દેશ અને રાજયમાં છે જ એ તમે નથી લાવ્યા. કોઈ ગરબા એ આદુ જુગથી છે આજનું નથી. પતંગ મહોત્સવ તો આદુ જુગથી છે આજનો નથી. કૃષિ મહોત્સવની અંદર ખેડૂતો આજે કંગાલ થઈ ગયા છે. ભલે તમારા એ વહીવટી આંકડાના હિસાબે તમે કૂદાકૂદ કરતા હોય. ખાતરની ફેકટરીઓ, બિયારણની ફેકટરીઓ, જંતુનાશક દવાની ફેકટરીઓ, તમે પૂછો તો ખરા કેટલો નફો કરે છે? ખાતરની ફેકટરીઓ અબજો રૂપિયાનો નફો કરે એ પણ એમની ઓફિસો સી.એમ.ની ઓફિસ કરતાં પણ સારી. પાછી સંસ્થા કોની ખેડૂતોની. તમે એવું કંઈક લાવો કે ખેડૂતો માટે સંસ્થા નફો કરવા માટે નહિ ખેડૂતોને સવલતો આપવા માટે નહિ નફો નહિ નુકસાન એ ધોરણે હોવું જોઈએ. પરંતુ ખેડૂતો લાચાર છે આજની સરકારમાં એણે જવું કયાં. તમારે ખાતર લેવું હોય તો આજ ફેકટરીમાંથી લો તો જ લોન મળે. સંઘમાંથી લો તો જ ઉધાર મળે અને ઈફકો કંપની જે સરકારની વહાલી છે, કમાણી કરવાવાળી છે એ આપે તો જ લેવાનું. કયાં સુધી ખેડૂતોને લૂંટતા રહેશો, કયાં સુધી ખેડૂતોને બરબાદ કરતા રહેશો. અગર કંઈક તમારામાં હોય તો એવું કંઈક કરો જેનાથી ખેડૂતોને સીધો ફાયદો થાય.

આજે વીજળીની વાત છે, વીજળીની અંદર મોટું કાર્ય કરી દીધું છે. કેટલી વીજળી ઉત્પાદન માટે નવું કર્યું છે. નર્મદાની વાત કરી છે. જે દિવસે સ્થાપના કરી તે દિવસની જોગવાઈ છે. એ ધીમે ધીમે પૂરી થઈ છે. નવું શું કર્યું છે? કેટલા સબસ્ટેશનો નવા ઉભા કર્યા છે? કેટલું નવું ઉત્પાદન ઉભું કર્યું છે? ખેડૂતોને ૧૬ કલાક વીજળી મળતી હતી તેના આઠ કલાક કર્યા છે. એટલું જ નહીં, તેમાં મીટર મૂક્યા. હાઉસમાં મીટરનો હું સચોટ દાખલો આપું છું કે એક ખેડૂતનું મીટર બળી ગયું. તેણે અરજી આપી, રૂપિયા ભરીને કે મારું મીટર બળી ગયું છે તમારા ફોલ્ટથી, નવું નાખો. તો આજ દિવસ સુધી ન આવ્યું. આજ દિવસે ગયો એટલે કહે કે નવા મીટરના પૈસા ભરો ૧૩૦૦ રૂપિયા. માનનીય અધ્યક્ષશ્રી, ૧૩૦૦ રૂપિયા આજે ભર્યા, ફરીથી આઠ દિવસ સુધી ન આવ્યો. તેનો પાક બળીને ખાખ થતો હતો, તેણે ચાલુ કર્યું અને બીજાં દિવસે આવ્યો કે તેં ચોરી કરી છે. દોઢ લાખ રૂપિયા દંડ ભર નહીં તો આ દોરડું લઈને હેંડયો. આ પ્રત્યક્ષ દાખલો આપું છું. ધાનેરા તાલુકાના ખીંમત ગામના ખેડૂતનો, આ જ મહિનાનો બનેલો બનાવ કહું છું. આંકડા સાથે, તારીખ સાથે. આ આપણે ખેડૂત માટે કર્યું છે? આનો ઉત્સવ મનાવવાનો છે? પરંતુ, માત્ર ને માત્ર આંકડાની પ્રસિદ્ધિ કરીને અમે આટલું કરી દીધું છે.

ગાયોની વાત કરવાથી કે રોટલી ચારવાથી ગાયો નથી પળાતી. આજે શહેરમાં ગાયોને ઉભા રહેવા માટે જગ્યા નથી. પકડીને કતલખાને જાય છે. રોકો, ગાંધીનગરની ગાયો અમારા ડીસાની પાંજરાપોળમાંથી વેચાતી લઈ એ કસાઈ પાસેથી અમે પકડી છે. પેપરમાં આવ્યું હતું. તમે વાંચ્યું હશે. શું આપણે એ ગૌહત્યાની વાત કરીએ છીએ? ગૌહત્યા માટે સુપ્રીમ કોર્ટમાં અમારો દાખલ કરેલો કેસ જીત્યા એટલે ગૌહત્યા બંધ કરીને મોટો જશ લેવો છે? જશ લેવો હોય તો આજે ગાયો કપાય છે. તમામ શહેરોમાંથી ગાયો સીધી કતલખાને જાય છે. બીજે કયાંય જતી નથી. તમે આ કરાવો. પણ આપણે સવારમાં રોટલી ચારો, કોઈ ગાય રખડતી હોય તો પગે લાગો. આપણે ગૌમાતાને પગે લાગ્યા. ગૌ તો કોણ પાળે છે, મારી સાથે આવો. ગૌ કોને કહેવાય છે? ગૌ પાળવાવાળો કોને કહેવાય? નજરે જૂઓ તો ખબર પડે કે આને ગૌપાલક કહેવાય. (સમયસૂચક ઘંટડી) હજુ મારું બધું બાકી છે. પશુઓ ઉપર જ બોલ્યો છું. આજના પ્રવચનમાં બધી વાતો કરી છે તેમાં એક-બે આઈટમમાં મારે પૂછવું છે કે તમે શું કર્યું?

આરોગ્યમાં કહું તો પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો કેટલા કર્યા? સબ સેન્ટરો કેટલા કર્યા? એટલું જ નહીં, પણ જિલ્લા પંચાયત સંચાલિત દવાખાના હતા તે સરકારે લીધા અને છેલ્લા એક વર્ષથી બંધ છે. તાળું નથી ખોલ્યું. તેનો સ્ટાફ નથી. ગયા વર્ષે પણ અમે કહ્યું હતું કે સ્ટાફ નથી તો કહે કે ભરાઈ જશે. આ બીજું વર્ષ પૂરું થયું, હજુ સ્ટાફ નથી આવ્યો. શેની મોટી વાતો કરો છો? હડકવાની રસી નથી. માણસ મરે છે. પ્રાઈવેટમાં ૩૦૦ રૂપિયા ગરીબ માણસ આપી શકતો નથી અને તેને હડકવાનો ભોગ બનવું પડે છે. આપણો આ વહીવટ છે? આની થપથપીઓ કરવી છે? • * (XXXX) તેની કોઈ વાત સાંભળતું નથી. તેને કોઈ અધિકારી પણ સાંભળતો નથી. સીધા ડાયરેક્ટ મુખ્યમંત્રી સાથે. અમે તો મજૂરી કરવાવાળા માણસ છીએ. અમને તો કશું નથી પણ અહીં નજર કરો પૂછવા માટે ભગવાન માથે રાખીને. આ મહેન્દ્રભાઈ જેવાને ઉપવાસ ઉપર બેસવું પડે, શાસક પક્ષના ધારાસભ્યને, તેનાથી વધારે વહીવટની કમનસીબી કઈ કહેવાય? રમીલાબેન જેવાનું ઘર તોડી પાડવામાં આવે તેનાથી મોટી વહીવટની કમનસીબી કઈ કહેવાય? થોડું તો વિચારો, આ તો લોકશાહી છે. લોકશાહીમાં (અંતરાય) નારણકાકા, મારા પડોશી છો, જપો, તમે જપો. એટલે મારે કોઈ ટીકા કરવી નથી.

**અધ્યક્ષશ્રી .** : ઓ.કે. ગોવાભાઈ, પ્લીઝ.

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી ગોવાભાઈએ તેમના પ્રવચનમાં જે શબ્દો વાપર્યા છે * (XXXX) એ શબ્દો આપ રદ કરો તો સારું.

**અધ્યક્ષશ્રી** : આ શબ્દો હું રદ કરું છું. હવે પ્રસ્તાવનો આજનો સમય પૂરો થાય છે. તેનો જવાબ મંત્રીશ્રી આપશે, સામાન્ય ગણતરી છે એ પ્રમાણે પૂરું થાય છે.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : સમય વધાર્યો છે.

**અધ્યક્ષશ્રી** : સમય વધાર્યો છે એટલે જ કહું છું. પહેલાં સમજી લો. આપણી પાસે બે કલાક બિન સરકારી કામકાજ માટે છે. એટલે એક કલાક વધાર્યો. એટલે ૫-૧૫ના બદલે ૬-૧૫ એટલે ૪-૧૫ કલાકે બંધ કરવું પડે. મંત્રીશ્રીને ૪૫ મિનિટ અને જવાબ આપનારને ૧૫ મિનિટનો સમય આપીએ એટલે એક કલાક થાય.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : અમારા સભ્યશ્રીઓના નામ જ નહીં આવે.

**અધ્યક્ષશ્રી** : આમાં બે કલાક ફરજીયાત ફાળવવા પડે એવા છે, મારે ફરજિયાત એમને ૧ કલાક ફાળવવો પડે.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : મંત્રીશ્રીને ૩૦ મિનિટ અને ૧૦ મિનિટ સભ્યશ્રીને એવી વાત થઈ હતી. બધા સભ્યોને પાંચ પાંચ મિનિટ બોલવા દો.

**અધ્યક્ષશ્રી** : આપણે ૨૦ મિનિટનો સમય વધારીએ છીએ. બન્ને બાજુ બે-બે સભ્યોને પાંચ પાંચ મિનિટ આપીશું.

**શ્રી કાળુભાઈ વી. વીરાણી (કુંડલા)** : માનનીય અધ્યક્ષશ્રી, આપને વિનંતી કરું છું કે, બધા સભ્યોને બોલવાની તક આપવી જોઈએ.

**અધ્યક્ષશ્રી** : મારી પાસે સમય નથી. તમે સમય આપો તો હું રાતના ૧૨ વાગ્યા સુધી બેસવા તૈયાર છું.

**શ્રી કાળુભાઈ વી. વીરાણી** : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના સભ્યશ્રી માધાભાઈ માનનીય રાજયપાલશ્રીના પ્રવચન ઉપર આભાર પ્રસ્તાવ લાવ્યા છે અને તેમને મોહનભાઈએ ટેકો આપ્યો છે તેમાં મારું અનુમોદન આપવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયપાલશ્રીએ એમના પ્રવચનમાં કહ્યું છે કે, ગુજરાતમાં વિકાસના કામો થયાં છે. એ બાબતે આપના મારફત કહેવા માગું છું કે, ૫ વર્ષ પહેલાં આ ગૃહમાં બેઠેલા ધારાસભ્યશ્રીઓ પોતાના મત વિસ્તારમાં જતા હોય તો એમને ખબર હશે કે રસ્તા કેવા હતા અને આજે કેવા છે? મને એમ લાગે છે કે,

---

• * (XXXX) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવમાં આવ્યા છે.

વિરોધપક્ષમાં બેઠેલા સભ્યશ્રીઓ રાડારાડ બોલાવે છે પણ એમનું હ્રદય તો બોલે છે કે ગુજરાતનો ખૂબ વિકાસ થયો છે.માર્ગ વિકાસમાં વિશ્વ બૅન્કની સહાયથી ૧૮૫૦ કિલોમીટરના ધોરીમાર્ગના રસ્તાઓ પૈકી ૧૮૪૦ કરોડ રૂપિયાના ખર્ચ ૧૩૫૦ કિલોમીટરના રસ્તાનું કામ પૂરું કરવામાં આવ્યું છે. એટલું જ નહીં પરંતુ મારે કહેવું છે કે, ગત વર્ષમાં ગુજરાતમાં વરસાદ એટલો બધો પડ્યો હતો કે વલ્લભીપુરથી બગોદરાના રસ્તા ઉપર ૨૪ કલાક પાણી ભરાયા હતા. પણ કામની ગુણવત્તા એવી હતી કે, એક પણ જગ્યાએ દાળના દાણા જેટલો પણ હલ્યો નહોતો. એ આ સરકારની કામગીરી છે અને વિરોધપક્ષના સભ્યો ખૂબ જ વરાળ કાઢે છે. બેચરભાઈ આપને ખબર છે અને વિરોધપક્ષના સભ્યોને પણ ખબર છે. સાચી વસ્તુ છે એ આ ગૃહમાં કહેવી જોઈએ.

માનનીય અધ્યક્ષશ્રી, સાથોસાથ ૨૦૦૫ને શહેરી વિકાસના વર્ષ તરીકે ઉજવવાનું સરકારશ્રીએ નક્કી કર્યું છે અને ગુજરાતની નગરપાલિકાઓ ભાંગીને ભૂક્કા થઈ ગઈ હતી અને આજે અઢી અઢી કરોડ રૂપિયા એક-એક નગરપાલિકાને આપીને, પીવાના પાણીનો પ્રશ્ન હોય કે, પ્રગતિ પથના રસ્તાનો પ્રશ્ન હોય, નાની નગરપાલિકાના શહેરની વચ્ચેથી સ્ટેટ હાઈવેનો રસ્તો પસાર થતો હોય એવા રસ્તાઓ બની રહ્યા છે. એમને કયારેય આવું સપનું પણ નહીં આવ્યું હોય. નર્મદાનું પાણી ૭૦૦ કિલોમીટર સુધી જઈને સૌરાષ્ટ્રના ઘરે-ઘરે પહોંચે. એ કોંગ્રેસની તાકાત નથી. અહીંથી અમારા ચાવડા સાહેબ બોલતા હતા કે એટલા એટલા ડેમો બનાવ્યા, એ વાત સાચી છે પણ કોંગ્રેસે ૧૯૮૫થી ૧૯૯૫ સુધીમાં જે કામ કર્યુ એ અગાઉનું બધું ધોવાઈ ગયું પણ તે દિવસે ખૂબ સારા કામ કરતા હતા, બગડયા એટલે નીકળી ગયા બધા. એક એક કામ તમે જુઓ, ગોવાભાઈ કહેતા હતા કે તમે શેના ઢોલ નગારા વગાડો છો? આપણી સંસ્કૃતિ કહે છે કે અખાત્રીજે દેશના ખેડૂતનો દીકરો લાડવા અને ગોળની કઢી કરીને ખાતા હતા અને સારું મુહૂર્ત જોતા હતા. આજે દેશના એક જ એવા મુખ્યમંત્રી આવ્યા જેમણે કૃષિ મહોત્સવ ઉજવવાની, બળરામજીને સાથે લાવીને આખા દેશમાં, આખા ગુજરાતમાં એક એક ગામને પાદર જઈ કૃષિ મહોત્સવ ઉજવવામાં આવ્યો અને એનું પરિણામ શું આવ્યું? મારે કોંગ્રેસના મિત્રોને પૂછવું છે કે ૨૦૦૨ની સાલમાં આ ગુજરાતનું કૃષિ ઉત્પાદન ૯૦૦૦ કરોડ હતું એ વધીને આજે ૨૫,૦૦૦કરોડ થશે. આ તાકાત કૃષિ ઉત્સવની છે. હમણાં ગોવાભાઈ કહેતા હતા કે આ સરકાર ફોટા સાથે બાંધી બાંધીને વાતો કરે છે પણ ફોટા સાથે વાતો કરવાની પણ તાકાત હોવી જોઈએ. એ તાકાત આજે ગુજરાતની જનતાએ સાબિત કરી બતાવી છે. જિલ્લા પંચાયતની નગરપાલિકાની ચૂંટણીમાં કોંગ્રેસ સાફ થઈ ગઈ, એ તો તમે ઉંડા ઉતરીને વિચારો કે તમારા સુપડા સાફ થઈ ગયા એ આ ફોટાની તાકાત છે.

**શ્રી માલજીભાઈ દે. દેસાઈ (ચાણસ્મા)** : માનનીય અધ્યક્ષશ્રી, મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું. આપણા રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીની એક પંકિત મને યાદ આવે છે.

*અમે ખેતરથી, વાડીઓથી, જંગલની ઝાડીઓથી સાગરથી ગિરીવરશ્રી સુણીસાદ આવ્યા,*
*નૂતન શકિતને ભાન ગાતા શ્રધ્ધાનું ગાન માનવને મુકિતદાન દેવા સહુ આવ્યા.*

આજે લોકો આવ્યા એ લોકોની વાત કરવા માગું છું. લોકો દેશની આઝાદીના જંગમાં પોતાના પ્રાણની આહુતિ આપી એને કેન્દ્રમાં રાખીને, સામાન્ય જનતા માટે કંઈ કરવું જોઈએ એવું આ પ્રવચનમાં મને કંઈ દેખાતું નથી. ગૌવધબંધીની આપણે વાત કરી, એના પ્રમાણપત્ર લઈએ છીએ, નંબર-૧ ગણાઈએ છીએ. આજે રાજયમાં એવો કાયદો કર્યો કે બે બે હજાર એકર જમીનો ખાનગી માલિકોને આપવી અને એના ગૌચર, એની ગાયોનું જે થવાનું હોય એ થાય પણ એ રીતે એને વિકાસ કરવા આપી દો એ નીતિ બરાબર નથી. આજે તો ગામડામાં માત્ર બે આધાર રહ્યા છે. પોતાની નાની ખેતી અને પોતાનું નાનું પશુધન. થોડુંક ભણેલો ગામ છોડે અને વધારે ભણેલો દેશ છોડે એવી પરિસ્થિતિમાં પશુ અને ખેતીને બચાવવી હોય તો જે લોકો ઉભડ લોકો છે, હેન્ડ ટુ માઉથ છે, પોતાની હાથપગની મજૂરી ઉપર જીવે છે એવા લોકોને જીવવા માટેનું કારણ આપો અને એ કારણ એ જ છે કે જમીન છે ધરતી માત છે એ ધરતીને તમે વેચવા બેઠા છો, તમે ઉદ્યોગપતિઓને આપવા બેઠા છો, આ ગામડાનો ૬૫ ટકા વર્ગ કયાં જશે? અને ગૌવધ બંધીની વાતો કરીને મોટા મોટા ભાષણો કરો છો. મને આનંદ છે ગૌવધ બંધીથી, એના પાયામાં તો કોંગ્રેસ હતી પણ આ વાતને આપણે વિસારે પાડીને આજે જે જાતનું વલણ ચાલી રહ્યું છે એ બરાબર નથી થતું.

માનનીય અધ્યક્ષશ્રી, આ રાજ્યની ૬૫ ટકા પ્રજા, આદિવાસીઓ અને ૫૨ ટકા બક્ષીપંચના તાલુકા છે એ બધા માટે હું જોવું છું કે તેઓનું શું આયોજન છે. ૩૦ કરોડ, ૪૦ કરોડ રૂપિયા ખાસ તાલુકાઓ માટે ફાળવ્યા છે. એમાં ૪૦ કિલોમીટરનો રોડ પણ ન થાય. આ સ્થિતિમાં જે વિસ્તારો આપણે ત્યાં છે એ વિસ્તારોનો વિકાસ કરવા ખાસ પ્રોજેકટ આપ ઊભો કરવા માગો છો કે નહિ? એટલું જ નહિ, આજે પાણીના નામે જે ચાલી રહ્યું છે, મારી વિનંતી છે કે આડબંધો કરો પણ બોરીબંધ મહેરબાની કરીને કરશો નહિ. એ બધું પાણીમાં જાય છે. એનું કાંઈ કરવાની જરૂર નથી, એ ખોટા નામે ચડે છે. પાણીનો પ્રશ્ન એ આપણા માટે જીવન મરણનો પ્રશ્ન છે અને આપણા સૌની સહિયારી ચિંતાનો વિષય છે. નર્મદા માટેનું કામ અટકી ગયું છે એ આપણા સૌની ચિંતાનો વિષય છે. એનું કામ પૂરા પરિશ્રમથી કરવું જોઈએ. પણ એની મંજૂરી ન મળવાના કારણે પુન:વસનનો સવાલ હોય તો વહેલી તકે ઉકેલવો જોઈએ. એમાં વિલંબ નહિ કરવો જોઈએ. એટલું જ નહિ પરંતુ નદીઓની ગ્રીડ

નહિ કરીએ ત્યાં સુધી કોગળે દવ ઓલવાશે નહિ. પાઈપથી કેટલું પાણી લાવવાના? પાઈપથી લાવીને કદાચ પીવાનું કરી શકાશે પણ ખેતીનું આયોજન નહિ થઈ શકે. એટલે મારે કહેવું છે કે ઉત્તર ગુજરાતની નદીઓ અને બંધોને વહેલી તકે નદીઓની ગ્રીડથી જોડો અને ચોમાસાના પાણીને અને નર્મદાના પાણી ડાઈવર્ટ કરીને ડેમને ભરો. તો જ આ મોટો પ્રશ્ન કાયમ માટે ઉકેલાશે.

માનનીય અધ્યક્ષશ્રી, હું શિક્ષણ સાથે જોડાયેલ માણસ છું. મારે આ હાઉસમાં ચિંતા વ્યક્ત કરવી છે કે, ૧૦મા પછી જે સ્કૂલોની સ્થિતિ થઈ છે એમાં ૧૧-૧૨ ધોરણને તમે અપગ્રેડ કર્યા. ૧૦ વત્તા ૨ ની તરાહ આવી ૧૧-૧૨ની સ્કૂલો ગ્રામ્ય વિસ્તારમાં ઓછામાં ઓછી છે. એના કારણે હું ખાતરીપૂર્વક કહીશ કે બહેનોના શિક્ષણને ભારે મોટું નુકસાન થઈ રહ્યું છે. ૧૦મા પછી ૫-૧૦ કિલોમીટર દૂરની શાળાએ એના વાલીઓ મોકલવા તૈયાર નથી. મારી વિનંતી છે કે ૧૦માની સ્કૂલોને તમે અપગ્રેડ કરો. તમારે સેલ્ફ ફાઈનાન્સ કરવી હોય તો એ કરીને, વ્હાલા-દવલાની નીતિ રાખીને ગ્રાન્ટેડ આપવી હોય તો એ આપીને જે કરવું હોય તે પણ ૧૦ મા ધોરણને અપગ્રેડ કરીને ૧૧-૧૨ ધોરણ માટે આપો. આવું થશે તો ગ્રામ્ય વિસ્તારના બાળકો અને ખાસ કરીને દીકરીઓના શિક્ષણમાં મોટો ફાયદો થશે. કારણ કે દીકરીઓને દૂરની શાળામાં મોકલવા વાલીઓ સંમત નથી.

માનનીય અધ્યક્ષશ્રી, માર્ગ વિકાસની મારે વાત કરવી છે. ગુજરાતમાં ઘણા સારા રસ્તાઓ જરૂર થયા છે. પરંતુ ગ્રામ્ય વિસ્તારના જે રસ્તાઓ છે એના તરફ ધ્યાન આપવાની ખૂબ જરૂર છે. ગામડાંના જે એપ્રોચેબલ રસ્તા છે.

**શ્રી ભરતભાઈ પંડ્યા (ધંધૂકા)** : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યપાલશ્રીના પ્રવચન ઉપર શ્રી માધાભાઈ બોરીચા જે પ્રસ્તાવ લઈને આવ્યા છે એના સમર્થનમાં મારા વિચારો વ્યક્ત કરવા ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ઘણા બધા મિત્રોના પ્રવચનો સાંભળ્યા. છેલ્લે ગોવાભાઈનું પ્રવચન પણ સાંભળ્યું. એમનામાં અકળામણ, આક્રમકતા અને ઉતાવળ ઘણી હતી. સારા વિચારો પણ વ્યક્ત કર્યા. પરંતુ સમગ્ર દેશમાં અને વિશ્વમાં જ્યારે ગુજરાતની વાહ વાહ થઈ રહી હોય, ગુજરાતના લોકાએ અનેક પરિણામો જ્યારે ભા.જ.પ. તરફી આપ્યા હોય ત્યારે એમને આ પ્રકારનો ઉકળાટ કે દુ:ખ થાય એ સ્વભાવિક છે. મેં આજનું વર્તમાન પત્ર વાંચ્યું કે કોંગ્રેસીઓ હવે સાઈકોલોજી અને મેનેજમેન્ટના પાઠો શીખશે. હું નથી લખતો, તમારી જાહેરાત છે એના સંદર્ભમાં હું કહું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં છેલ્લા ૧૧ વર્ષથી સત્તાથી બહાર રહેનાર કોંગ્રેસના કાર્યકરોને અને હોદ્દેદારોને હવે વૈજ્ઞાનિક ઢબે તાલીમ આપવાનો નિર્ણય કર્યો છે અને વડોદરાના સાઈક્યાટ્રીક દ્વારા ટ્રિટમૅન્ટ આપવામાં આવશે એવી પરિસ્થિતિ, આ હું નથી કહેતો સાહેબ, મારે એટલા માટે કહેવું છે કે, હમણાં અગાઉની ચૂંટણીમાં તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત, નગરપાલિકાની ચૂંટણીમાં રિઝલ્ટ જોયા, લોકોએ પંજાનું નિશાન ભૂંસી કાઢ્યું. એટલે હવે બીજીવાર ચૂંટણીમાં જે કાંઈ આ વખતના મોવડીમંડળે જે લોકોને મૂક્યા એમને પ્રજા ભૂંસી નાંખે એ પહેલા આપણે સિમ્બોલ ભૂંસી નાંખો. સિમ્બોલ વિના ચૂંટલી લડે છે. પંજાના સિમ્બોલ વગર એકવાર પ્રજાએ ભૂંસ્યું. આ વખતે તેમણે ભૂંસી નાંખ્યું, એટલે ગાંધીજીની કલ્પના જે હતી, જે આદેશ હતો એ મુજબ થોડાઘણા પ્રયત્નો થયા છે.

માનનીય અધ્યક્ષશ્રી, કોગ્રેસ કાર્યાલયમાં વાસ્તુશાસ્ત્ર મુજબ બધું કામકાજ થવા માંડ્યું. સલાહ લેવા મારા મિત્ર ધર્મેન્દ્રસિંહ ઝાલાની સલાહથી કોંગ્રેસની ઑફિસમાં વાસ્તુશાસ્ત્ર મુજબ ફેરફાર થાય છે. પત્રકાર મિત્રોને પત્રકાર પરિષદમાં જવાનું થતું હશે. એ મિત્રોને ખબર છે અને કાર્યાલયનું આપણે સરનામું પૂછી જોઈએ તો વી.એસ. સ્મશાનની બાજુમાં. આ એનું સરનામું આખા ગુજરાતમાં એનું સરનામું છે. સાહેબ, કોંગ્રેસ ધીરે ધીરે નામશેષ થતી જાય છે. સાહેબ, કોંગ્રેસ પાર્ટીનું સરનામું આપ્યું એમાં આટલું બધું, (અંતરાય) સાહેબ ગમે તેને પૂછી જુઓ. કોંગ્રેસ કાર્યાલય ક્યાં આવ્યું? તો કહેશે કે વી.એસ. સ્મશાન પહેલા કોંગ્રેસ કાર્યાલય આવ્યું. સાહેબ, અંતિમધામે હવે ગુજરાતની પ્રજા મોકલવા ધારે છે. મારા મિત્ર ફારૂકભાઈ શાંતિથી બેઠા છે, રોજ શાક લેવાની જવાબદારી એમની છે. પૂછી જુઓ. સાહેબ હું નથી કહેતો મારા મિત્ર છે. (અંતરાય)

**શ્રી મોહંમદફારુક હુ. શેખ** : ૩૧ વર્ષથી શાક લેવા જાઉં છું. સાહેબ,

**શ્રી ભરતભાઈ પંડ્યા** : હું એટલું જ કહીશ કે આનો સુધારો કરી દઉં કે માનનીય ફારૂકભાઈ ૩૧ વર્ષથી રોજ પોતે શાક લેવા જાય છે. શાક લેવું કેમ ગમે છે? એમાં હું પડવા માગતો નથી. એમના નૂરજહાં બેગમ છે. ભાભીજી અમને ઘણી બધી વાત કરે છે મારે અહીંયા વિધાનસભામાં નથી કહેવી. એમને શાકભાજીના ભાવતાલની ખબર છે. સામાન્ય ગરીબ લોકો ચીજ-વસ્તુઓની ખરીદી કરે છે તેના ભાવતાલની એમને ખબર છે. એમને પૂછો, આ ગેસનો ભાવ વધારો ૫૦ રૂપિયા એક વર્ષમાં થયો એ એમને નથી ગમ્યું એટલે નથી બોલતા. સાહેબ, મારી પાસે જીવન જરૂરિયાતની ચીજ-વસ્તુનું કોષ્ટક છે. માત્ર એક-દોઢ વર્ષમાં કેટલા ભાવો વધ્યા? આખું લિસ્ટ વાંચીશ તો વાર લાગશે. લોટના ભાવ ૧૦ રૂપિયાના ૧૫ રૂપિયા થયા. આ એમના શાસનની વાત

કરું છું. ઘણી બધી ચીજવસ્તુઓ છે એમાં મુખ્ય વાંચું છું. રસોઈ ગેસમાં ૫૦ રૂપિયા, પેટ્રોલમાં ૧૦.૫૦, ડિઝલમાં ૮.૫૦, સિમેન્ટમાં ૧૨૫ના બદલે ૧૭૦ રૂપિયા. સાહેબ, ૧૭૫ રૂપિયા, ૧૫-૨૦ જીવન જરૂરિયાતની ચીજ-વસ્તુનો કોઠો છે. ગોવાભાઈ, તમે કહેશો તો મેજ પર મૂકી દઈશ.

સાહેબ, એમણે બીજી ઘણી બધી વાત કરી કે દેવું વધી ગયું. લોકોના કામ કેવી રીતે થાય? બેજ વસ્તુ છે એક તો પૈસા લેવા લોકો પર ટેક્સ નાંખવો પડે અથવા લોન લેવી પડે. આ લોકો આડકતરી રીતે એવું કહેવા માગે છે કે લોકો પર ટેક્સ નાંખો. આ અગાઉ પણ માનનીય વજુભાઈ વાળાએ જ્યારે ત્રણ વર્ષ પહેલા બજેટ મૂક્યું ત્યારે વિપક્ષના નેતાએ જે તે વખતે હતા એમણે કહેલું કે લોકો પર હજુ ટેક્સ નાંખ્યો નથી એ રેકર્ડ પર હતું અને આ વખતે પણ દેવાની વાત કરીને લોકો પર ટેક્સ નાખો એવું આડકતરી રીતે કહેવા માગે છે.

સાહેબ, આપણા શાસ્ત્રમાં ચાર્વાક મૂનિએ લખ્યું છે કે 'દેવું કરીને ઘી પીવડાવો' અમે હજુ પાણી પીવડાવ્યું છે ત્યારે આટલી બધી ઈર્ષ્યા કરે છે, જ્યારે અમે લોકોને ઘી પિવરાવીશું ત્યારે તે શુંય કરશે?

સાહેબ, ઉત્સવની વાત કરું. મારે ઉત્સવના સંદર્ભમાં કહેવું છે કે આપણી જીવન શૈલી, સંસ્કૃતિ ઉત્સવ પ્રિય છે. હમણાં શ્રી શ્રીરવિશંકર મહારાજે બેંગલોરમાં ઉત્સવ કર્યો. માનનીય અધ્યક્ષશ્રી, એમાં એમણે કહ્યું કે, ગરીબ વ્યકિત નવા વર્ષનો ઉત્સવ વર્ષમાં એક-બે વાર ઉજવે છે અને અમીર વ્યકિત રોજ ઉત્સવ ઉજવે છે. સાહેબ અમે ગરીબ લોકોને ઉત્સવમાં ભાગીદાર બનાવવા માગીએ છીએ. ઉત્સવના સંદર્ભમાં લખ્યું છે કે, તમે હર પળ ઉજવી શકતા હોય તો તમે સૃષ્ટિના સ્વામી છો. સામાન્ય રીતે તમે ઉત્સવમાં ખોવાઈ જાઓ છો. જયારે તમે તમારા કાર્યોને તમારો ઉત્સવ ઉજવવા દો છો ત્યારે તમે ઉત્સવના સાક્ષી બની જાઓ છો. ઉત્સવ આત્મામાંથી ઉદય પામે છે. જો આત્મા ગરીબ હોય તો તે ઉત્સવ ઉજવી શકતો નથી કે નથી વિકાસ કરી શકતો. સાહેબ, જીવન એક ઉત્સવ છે, જન્મ એક ઉત્સવ છે, મૃત્યુ ઉત્સવ છે. સાહેબ ઉત્સવના સંદર્ભમાં આ પ્રકારની વાત કરવી? આ શું કલબોમાં જઈને હજાર- હજાર રૂપિયા ખર્ચી અને ગઝલો સાંભળવી એના કરતાં ગરીબ લોકોને જો ઉત્સવ મળે તો એમાં તમને શું વાંધો આવ્યો?

સાહેબ, કૃષિ મહોત્સવ કર્યો, ગામડાઓમાં આઈ.એ.એસ. અધિકારીઓ ગયા એમાં તમને શું વાંધો આવ્યો? આ લોકોનું શું ગમ્યું, શું ન ગમ્યું એમાં મારે પૂછવું છે. માનનીય અધ્યક્ષશ્રી, મને હમણાં એક ધારાસભ્યશ્રીએ એમ કહ્યું કે, અમને ગોડસેના ટેકેદારો કહયા. મારે એમને કહેવું છે કે, મહંમદ સુરતી કોણ હતો એના ટેકેદારો કોણ હતા? ઈજજુ શેખ કોણ હતો અને એના ટેકેદારો કોણ હતા? મમુમિંયા કોણ હતો અને એનો ટેકદાર કોણ? પંજુ મિંયા કોણ હતો, ગજજુ શેખ કોણ હતો? તમે જવાબ આપો કોણ છે, આ બધાના ટેકેદારો કોણ છે? કવોટ્રોચી હોય હજુ તો તેલગીવાળું પણ આવવાનું અને અબુ સાલેમવાળા પણ નામો વંચાય તો? આ બધાના ટેકેદારો કોણ છે?

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં 'પ્રવિણભાઈ મારુ' અત્યારે છે નહીં વિધાનસભામાં, સાહેબ પચાસ પચાસ વર્ષ સુધી બધા એ "મારું મારું" કર્યુ, પ્રવિણભાઈ છે નહીં એટલે હું વિશેષ નથી કહેતો પરંતુ આ વખતે આ સરકાર મુરબ્બી શ્રી નરેન્દ્રભાઈ મારું મારું નહીં, લોકોને એમ કહે છે કે, "આ તમારું છે તમારું છે" એટલે એમને દુ:ખે છે. ગુજરાતના સર્વાંગી હિતના સંદર્ભમાં તમામ ક્ષેત્રોમાં જ્યારે વિકાસ થઈ રહયો છે ત્યારે હું મારું સમર્થન આપું છું અને વિરમું છું.

**શ્રી અમિત અ. ચાવડા (બોરસદ)** : માનનીય અધ્યક્ષશ્રી, સન્માનીય રાજયપાલશ્રીના પ્રવચન ઉપર આભાર પ્રસ્તાવ ઉપર મારા વિચારો રજૂ કરવા ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહમાં રાજયપાલશ્રીના પ્રવચન ઉપર શાસકપક્ષના મિત્રો દ્વારા જે વિચારો રજૂ કરવામાં આવ્યા છે એ સાંભળીને જો સૌથી વધારે કોઈને દુ:ખ થયું હોય તો એ ભગવાન શ્રી રામને દુ:ખ થયું હશે એટલા માટે કે રામરાજની, રામના નામે મત લઈને આ શાસક ગૃહ સુધી આવનારા લોકો આજે એક પણ સભ્યના પ્રવચનમાં રામરાજ કે રામની વાત નથી થઈ,

આજે આ રાજયની વાતો કરીએ તો માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયની પરિસ્થિતિ એવી છે કે, રાજયમાં દવાખાના નથી, જ્યાં દવાખાના છે ત્યાં દવાઓ નથી, પ્રાથમિક શાળાઓ નથી, જ્યાં પ્રાથમિક શાળાઓ છે ત્યાં શિક્ષકો નથી, જે ગ્રામ પંચાયતો છે એમાં તલાટીઓ નથી, ગ્રામ સેવકો નથી જે ગ્રામ પંચાયતોમાં કમ્પ્યુટરો લાવે છે આજે એ ધૂળ ખાય છે જ્યાં ખેત તલાવડીઓ બનાવવાની વાતો થાય છે એના ખાડા ખોદીને એને પૂરી દેવામાં આવ્યા છે, ગામડાઓમાં શુદ્ધ પીવાનું પાણી નથી, ગ્રામ વિકાસની વાતો કરી પણ ગામડાઓ માટે ફાળવવામાં આવતી ગ્રાન્ટમાં કાપ મૂકવામાં આવે છે. બેરોજગાર યુવાનોની ચિંતા થતી નથી, ખેતી માટે પૂરતા કલાકો વીજળી મળતી નથી, પોલીસ, સરકારી મશીનરીઓનો દુરુપયોગ કરીને રાજકીય હાથા બનાવવામાં આવ્યા છે આ વિકાસ માટે પૈસા ફાળવવાની વાત બાજુએ મૂકી ફક્ત જાહેરાત કરવામાં આવ છે અને આને જો આપ નંબર વન સરકાર કહેતા હોય તો આપને હું બિરદાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ભા.જ.પ.ના ચૂંટણી ઢંઢેરામાં અને એમના આગેવાનો દ્વારા ગુજરાતના યુવાનોને કહેવામાં આવ્યું હતું કે, તમને પૂરતી માત્રામાં રોજગારી આપવામાં આવશે, રોજગારી નહીં આપી શકીએ તો બેકારીભથ્થું આપવામાં આવશે. મારે આ પાણીદાર સરકારની વાતો કરનારા આગેવાનોને કહેવું છે કે, એમણે તો વચન ના પાળ્યું પણ અમારી કેન્દ્રની યુ.પી.એ. સરકારે રોજગાર ગૅરન્ટી કાયદો લાવીને સમગ્ર દેશના યુવાનોને રોજગારીની ખાતરી આપી. ગ્રામ સભાની વાતો થઈ, આજે દસમો તબક્કો ગ્રામ સભાનો આવ્યો, આજે પૂછો એ તાલુકા-જિલ્લાકક્ષાના અધિકારી મિત્રોને કે આજે એ ગ્રામસભામાં ગયા હોય તો આવતી વખતે એ ગામ બદલી નાખવું પડે છે. કારણકે ત્યાં જઈને જવાબ આપી શકતા નથી. સી.ડી.ભાઈ, મારે તમને એક વિનંતી કરવી છે કે આ થોડા દિવસથી સી.ડી.કાંડના નામે વાતો થાય છે અને આપણા જિલ્લાની આબરૂ જાય છે. આપ રજૂઆત કરીને કાંઈક કરો. મારા જિલ્લાના ધારાસભ્યશ્રી અંબાલાલભાઈએ અતિવૃષ્ટિની વાત કરી હતી. ગત ચોમાસામાં ભારે તબાહી સર્જાઈ અને આણંદ જિલ્લામાં ખાસ કરીને ખૂબ તબાહી સર્જાઈ. પ્રભારી મંત્રીશ્રી આવ્યા અને સારું આયોજન કર્યું એ માટે આભાર પણ કેન્દ્રીય યુપી.એ. સરકાર અને ચેરપર્સન આદરણીય સોનિયા ગાંધીએ કોઈપણ જાતની પક્ષાપક્ષીથી પર રહીને તાત્કાલિક ધોરણે ગુજરાતને ૫૦૦ કરોડ અતિવૃષ્ટિના અસરગ્રસ્તો માટે ફાળવ્યા પણ આ રાજ્ય સરકાર એનો યોગ્ય વહીવટ ન કરી શકવાને કારણે ભેદભાવભરી નીતિને કારણે અમારા વિસ્તારના ગામડાંના આણંદ જિલ્લાના ૩૩ લોકો મૃત્યુ પામ્યા એમાંથી ફક્ત ૧૮ મૃતકોના પરિવારને સહાય આપી અને બાકીના મૃતકોના પરિવારજનોને આજે પણ સરકાર પાસે માગણી કરી રહ્યા છે. દયાહીન સરકારમાં એનું કોઈ સાંભળતું નથી. ગામડાંના ગરીબ કુટુંબ, અસરગ્રસ્તો જેમના મકાન પડી ગયા એમને ૪૦, ૫૦ કે ૧૦૦ રૂપિયાનો ચેક આપીને ઠેકડી ઉડાવી. આપણા પડોશી રાજ્ય મહારાષ્ટ્રમાં પણ આવી અતિવૃષ્ટિની પરિસ્થિતિ સર્જાઈ હતી. ત્યાં સ્થળ ઉપર પંચકયાસ કરીને બે-બે લાખ કે પાંચ લાખની સહાય ચૂકવવામાં આવી હતી. જ્યારે આ સરકાર ગરીબોની વાત કરે ત્યારે મને દુ:ખ થાય છે. ભા.જ.પા. સરકારમાં જો સૌથી વધારે કોઈને અન્યાય થયો હોય તો બક્ષીપંચને અને ઓ.બી.સી.ને છેલ્લા કેટલા વર્ષથી બજૅટ જોઈએ તો અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના વિકાસ અર્થે કેન્દ્ર સરકાર મોટી માત્રામાં ગ્રાન્ટ ફાળવે છે પણ ઓ.બી.સી., બક્ષીપંચ સમાજના વિકાસ માટે એક માત્ર રાજ્ય સરકાર તરફથી સહાય કે ગ્રાન્ટની જોગવાઈ હોય ત્યારે રાજ્યની ૫૨% વસ્તીને ખૂબ ઓછી માત્રામાં ૦.૧ટકા જેટલી ગ્રાન્ટ ફાળવી રાજ્ય સરકાર દ્વારા વારંવાર અન્યાય થઈ રહ્યો છે. આગામી દિવસોમાં લોકો પ્રતીતિ કરાવશે. ખાસ કરીને ગુજરાતના વિકાસની વાત કરીએ. ગુજરાતનો એક ભવ્ય ઈતિહાસ રહ્યો છે.

**અધ્યક્ષશ્રી** : પૂરું કરો. (અંતરાય)

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : સાહેબ, બે મિનિટ બોલવા દો.

**અધ્યક્ષશ્રી** : ના.ના. સમય નથી. (અંતરાય)

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ (મહેસૂલમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, મહામહીમ રાજયપાલશ્રીના પ્રવચન ઉપર આભાર માનતો પ્રસ્તાવ આ ગૃહના સભ્યશ્રી માધાભાઈ બોરીચા લઈને આવ્યા છે, એમને હું ખૂબ હૃદયપૂર્વક અનુમોદન આપું છું.

આ ગૃહમાં ઘણા બધા ધારાસભ્યોએ મહામહીમ રાજયપાલશ્રીના પ્રવચન ઉપર ચર્ચા કરી છે, એમના વિચારો વ્યક્ત કર્યા છે. કેટલાક ધારાસભ્યશ્રીઓએ આ ગુજરાતનો આર્થિક વિકાસ જે ગતિએ થઈ રહ્યો છે. સમગ્ર દેશમાં, સમગ્ર વિશ્વમાં જેની નોંધ લેવાઈ રહી છે એવા વિકાસને અનુમોદન આપ્યું છે એવા ધારાસભ્યોનો હું મારા તરફથી ખૂબ ખૂબ આભાર માનું છું. કેટલાક ધારાસભ્યો વિરોધપક્ષમાં બેઠા છે, કાંઈક બોલવું પડે. •* (XXXX)

**અધ્યક્ષશ્રી** : * (XXXX) હું આ શબ્દો દૂર કરું છું. (અંતરાય)

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** :કેટલાક માનનીય ધારાસભ્યશ્રીઓએ વિરોધ કરવાના આશયથી વિરોધ કર્યો. મને આનંદ થયો હોત, અમારી સરકારને આનંદ થયો હોત, કોઈ પોઝિટિવ વાત મૂકાઈ હોત તો. આ નથી થયું, આ નથી કર્યુ. વર્ષોથી જે વિરોધ કરવાની પ્રણાલિ, મારા સાથી પક્ષોના સિનિયર સભ્યશ્રીએ વાત કરી છે, એ દુ:ખની વાત છે. સત્ય અસત્યની વાત. આપનું ધ્યાન એ બાબત ઉપર દોરવા માગું છું કે પૂજ્ય બાપુનું પ્રિય ભજન અને આ ભજનના શબ્દની અને ભાવાર્થની હત્યા કરવાનું કામ ધારાસભ્યશ્રી દ્વારા થયું છે. એ પણ પોરબંદરનું પ્રતિનિધિત્વ ધરાવતા ધારાસભ્યશ્રીએ અને પાછા નેતા પણ બની રહ્યા છે. આ ગુજરાતની પ્રજા જાણે છે કે સત્તા અને ખુરશીને હાંસલ કરવા માટે કેવા કેવા ભૂતકાળની અંદર ખેલ ખેલાયા છે. આ ગુજરાતની પ્રજા જાણે છે. સત્ય, અસત્યની વાત અમને શિખવાડવા નીકળ્યા છે. અમારી સરકારે, માનનીય મુખ્યમંત્રીશ્રીએ આ

• * (XXXX) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

ગુજરાતના વિકાસનો જે માર્ગ પકડ્યો છે, એની અંદર અસત્ય અને અશક્યનું કોઈ સ્થાન નથી. સત્યનું સ્થાન લઈને ગુજરાતના વિકાસ માટે અશક્ય વસ્તુ શક્ય કરી બતાવી છે અને એની નોંધ સમગ્ર દેશના, સમગ્ર વિશ્વના લોકોએ લીધી છે. માનનીય મુખ્યમંત્રીશ્રી જે બોલે છે, એ કરે છે અને કરે છે એ બોલે છે. આખા દેશના લોકોએ આ કામની નોંધ લીધી છે. ક્રાંતિકારી વિચારધારા અને સફળ પૂરુષાર્થથી. સારા સારા વિચારો સૌને આવે અને આવવા જોઈએ, જેથી સમાજ અને રાષ્ટ્રનું ભલું થાય, પણ સારા વિચાર જેને આવે છે, એમાંથી કેટલાક અમલ કરાવી શકે છે. વિચાર આવવો અને એનો અમલ કરાવવો એ કેટલાક લોકોને મોકો મળે છે. આ ગુજરાતને એવા મુખ્યમંત્રીશ્રી મળ્યા છે. સારા વિચાર આવશ્યક છે અને એનો અમલ પણ કરાવી શકે છે અને સફળ પણ થઈ શકે છે. સફળતા મેળવવી એ ખૂબ જ જરૂરી છે. વાત કરવી, વિચાર કરવો, અમલ કરવો અને અધવચ્ચેથી છોડી દેવો, પણ સફળ થવો અગત્યનો છે. આ ગુજરાતને વિશ્વના ફલક ઉપર મૂક્યું છે. સફળ કરીને બતાવ્યું છે. એ ક્રાંતિકારી વિચાર ધારા છે. ખેડૂતોની ચિંતાની વાત કરી. ખેડૂત વિરોધી સરકાર, ખેડૂત વિરોધી સરકાર બહુ ચલાવ્યું હવે ભૂલાઈ ગયું છે. ગોકુળ ગ્રામ યોજના કોના માટે હતી? સમરસ ગામ યોજના કોના માટે હતી? ગ્રામસભા કોના માટે છે? તીર્થગ્રામ યોજના કોના માટે છે? સુજલામ સુફલામ યોજના કોના માટે? જ્યોતિગ્રામ યોજના કોના માટે છે? કૃષિ મહોત્સવ કોના માટે? આ તમામ કાર્યક્રમ માત્રને માત્ર ગામડાને બેઠું કરવું છે. માત્રને માત્ર ખેડૂતોના મોઢા ઉપર આનંદ જોવો છે એના માટેનો આ કાર્યક્રમ છે.

આ સરકારે જેટલા નિર્ણયો લીધા છે તે નિર્ણયોની અંદર મોટાભાગના નિર્ણયો ગામડાના પક્ષે લીધા છે તે વાત કરવા આવ્યો છું. સર્વાંગી વિકાસ છે. લોકરંજક આયોજનમાં સરકાર માનતી નથી. સાતત્યપૂર્ણ વિકાસ, સર્વાંગી વિકાસ અને વિકાસનું એકપણ ક્ષેત્ર આ રાજય સરકારે છોડયું નથી. ખેડૂતોની વાત કરી છે. ગામડાની વાત કરી છે. દલિત બાંધવની વાત કરી છે, આદિવાસી ભાઈઓની વાત કરી છે. શહેરોના વિકાસની વાત કરી છે. ઉદ્યોગોના વિકાસની વાત કરી છે. ઈન્ફ્રાસ્ટ્રકચરની વાત કરી છે. વીજળીની વાત કરી છે. પાણીની વાત કરી છે. આરોગ્યની વાત કરી છે. કાયદો અને વ્યવસ્થાની વાત કરી છે. એકેએક ક્ષેત્રની અંદર વિકાસના કામની આંકડા સાથે કહી શકાય તે રીતે વિકાસના કામ એક હરણફાળ ગુજરાતની અંદર અને જો રાજય સરકાર નિશ્ચય કરે, રાજય સરકારમાં જો મક્કમતા હોય તો બે-ચાર વર્ષમાં વિકાસ કેવો થઈ શકે તેનું મૉડલ રાજય ગુજરાતનું ભારતીય જનતા પાર્ટીનું રાજય અને તેના મુખ્યમંત્રી શ્રીનરેન્દ્રભાઈ મોદી છે.

માનનીય અધ્યક્ષશ્રી, કોઈપણ સરકાર તેની કાર્યક્ષમતાનો આધાર જ્યારે ચર્ચાઓ થતી હોય છે ત્યારે જીડીપી દર અને માનનીય વિરોધપક્ષના નેતાશ્રી હાજર નથી. ક્યાંક લેખો, આર્ટિકલો વાંચીને લાવવાથી ગુજરાત કંઈ પાછું પડવાનું નથી. કોઈને ગમે કે ન ગમે આ એક પ્રગતિશીલ સરકાર છે. કોઈને ગમે કે ન ગમે. આંકડાકીય બાબતોની ખાલી વાતો નથી. છેલ્લા ત્રણ દિવસથી માનનીય ધારાસભ્યશ્રીઓના પ્રવચનમાંથી જે વાત કરી છે તે આપના માધ્યમ દ્વારા કહેવા આવ્યો છું. અહીંયાં રીવર લીન્ક યોજનાની વાત કરી. કેવું જૂઠાણું. સત્ય અસત્યની વ્યાખ્યા કોણે શીખવાની છે? આ હાઉસના ત્રણ દિવસના પ્રવચન ઉપરથી હું આપના માધ્યમ દ્વારા ધ્યાન દોરવા માગું છું. સરસ્વતીની અંદર પાણી સુકાઈ ગયું છે. આજે ચેલેન્જ આપું છું એક જવાબદાર મંત્રી તરીકે કે સિંચાઈ મંત્રી તેમની સાથે જાય અને જેટલું પાણી તે દિવસે કાર્યક્રમમાં હતું આજે પણ એટલું જ પાણી છે. આજે પણ એટલું જ પાણી છે. આ જૂઠાણું ચલાવનારા લોકો છે. હવે આ જૂઠાણાની વાત છે. અપમાન કરે છે. આ દેશના તીર્થ સ્થાનોનું અપમાન કરે છે. હું એક-એક જૂઠાણું આપીશ. એક-એક જૂઠાણું આપીશ. નરોત્તમભાઈ એક મિનિટ.

માનનીય અધ્યક્ષશ્રી હું જીડીપીની વાત કરતો હતો. હું સમજી શકાય તે રીતે જીડીપીની વાત કરતો હતો. કેન્દ્ર સરકારના બજેટની જાહેરાત થઈ ગઈ છે. ૮.૧ ટકાનો વિકાસ દર ભારત સરકાર હાંસલ કરશે. આ લક્ષ્યાંક આપ્યો છે. અર્થશાસ્ત્રીઓનું એવું માનવું છે કે અને આ ક્ષેત્રમાં જોડાયેલા તજજ્ઞોનું એવું માનવું છે કે ૭ ટકા વિકાસ દર થાય તોંયે બહુ છે. હું કહેવા માગું છું વિરોધપક્ષના સભ્યશ્રીઓને કે યુપીએની સરકારે આ ગુજરાત ઉપર વિશ્વાસ મૂકીને દેશનો ૮.૧ ટકાનો વિકાસદર હાંસલ કરવો હશે તો તેના માટે ગુજરાતને ૧૦ ટકાનો લક્ષ્યાંક આપ્યો છે. આ ભરોસો યુપીએની સરકારનો છે અને અમે હાંસલ કર્યો છે. કેન્દ્રની સરકારને ભરોસો છે. ગુજરાત કેન ડુ. ગુજરાત કરી શકશે. ૧૦ ટકાનો લક્ષ્યાંક તેમની કેન્દ્ર સરકારે આપ્યો છે. અમે તે પૂરો કર્યો છે. આજે નહી પણ આજે ૧૧.૧ ટકાના દરથી છેલ્લા ત્રણ વર્ષથી વિકાસ દર હાંસલ કરી રહ્યા છીએ.

બીજી બધી વાતો કરી કે શાળાઓ થઈ નથી, શિક્ષકો નથી. આ ઓથેન્ટિક આંકડા ભારત સરકારની અંદરના નાણાપંચના આંકડા છે તેની વાત કરું છું. વિકાસ કયાં છે? વિકાસની વાત કરવી હોય તો આંકડાથી વાત થાય. માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૩ અને ૨૦૦૪માં ૧૫.૪ ટકાના જીડીપીથી ગુજરાત આગળ વધ્યું છે. ૧૫.૪ ટકાથી, આખા દેશના કોઈ રાજયોમાં નથી અને એનો ભરોસો કેન્દ્રની સરકારનો છે, યુપીએની સરકારનો છે કે ગુજરાત કરી શકશે એનું અમને ગૌરવ છે. ભરોસો મૂક્યો અને અમે એ કરી બતાવ્યું, આ આંકડાકીય માહિતી છે. કૃષિ ઉત્પાદન વિકાસ દરમાં મહત્ત્વનું પાસુ કૃષિ ઉત્પાદન છે. છેલ્લા કેટલાય વર્ષોથી કેન્દ્રની સરકાર કૃષિ વિકાસ દર ચાર ટકા લક્ષ્યાંક મૂકે છે, આ ચાર ટકા હાંસલ કરવામાં પણ વર્ષોથી મુશ્કેલી

પડે છે, કેન્દ્ર સરકારને અને બીજા રાજયોને મુશ્કેલી પડે છે. માનનીય અધ્યક્ષશ્રી, હમણાં જ મેં પેપરમાં પરમ દિવસે વાંચ્યું હતું કે આ વખતનો ૨.૬ થી વધારે નહીં થાય કૃષિ ત્યારે હું ગૌરવ સાથે કહી શકું છું કે ૨૦૦૦ થી ૨૦૦૪માં ૧૧.૧ ટકાના દરે કૃષિ વિકાસ દર અમે હાંસલ કરી શક્યા છીએ. કેન્દ્ર સરકારને જ્યાં ચાર ટકાના દરને હજુ સુધી પહોંચવાની ક્ષમતા નથી ત્યારે ગુજરાતે આ કરી બતાવ્યું છે. ૧૧.૧ ટકાના દરે ૯૦૦૦ કરોડથી ૨૫૦૦૦ કરોડ સુધીનું ઉત્પાદન પહોંચ્યું છે. માનનીય અધ્યક્ષશ્રી, પાણી વગર પહોંચ્યા? વીજળી વગર પહોંચ્યા? ખેડૂતોને જ્ઞાન આપ્યા વગર પહોંચ્યા? આ સરકારે એ કરી બતાવેલ છે અને એના આ આંકડા છે ૯૦૦૦ કરોડથી ૨૫૦૦૦ કરોડ સુધી આ ઉત્પાદન રાજયનું પહોંચ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, ઔદ્યોગિક વિકાસ દરની વાત માનનીય વિરોધપક્ષના નેતાશ્રી કરતા હતા, તેઓ ચીન અને જાપાનની વાત કરતા હતા ત્યારે હું ગૌરવ સાથે કહી શકું એમ છું કે, માનનીય મુખ્ય મંત્રીશ્રીએ જે વાત કરી છે કે અમારી હરીફાઇ દેશના બીજા રાજયોની સાથે સાથે ચીન અને જાપાનની સાથે પણ છે. હું માનનીય સભ્યશ્રીઓને આંકડા આપું છું. ઔદ્યોગિક વિકાસ દર ૯ ટકા છે, આ ગુજરાતે હાંસલ કરેલ આ ૯ ટકાનો દર દેશમાં સૌથી વધારે છે , એશિયા ખંડમાં પણ સૌથી વધારે છે, ચીન અને જાપાન એ એશિયા ખંડમાં આવે છે, આ હું માનનીય વિરોધપક્ષના નેતાશ્રીને કહેવા માગું છું કે અમે કહી શકીએ કે અમારા વિકાસની હરીફાઇ ચીન અને જાપાન સાથે કરવા જઈ રહ્યા છીએ, આ આંકડાકીય માહિતી છે. સાંભળવું પડશે. આ આંકડાકીય માહિતી છે, અમારી હરીફાઇ ત્યાં છે અને એના કરતાં પણ વિકાસ દર આગળ લઈ જવા માગીએ છીએ અને અમે હરીફાઇ કરવાના છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, રોજગારીની વાત થઈ છે, ત્યારે હું ભારત સરકારના માનનીય મંત્રીશ્રીએ આપેલા આંકડાની વાત કરું છું કે, ૨૦૦૪-૨૦૦૫માં જેટલી રોજગારી અપાઈ છે આ દેશમાં એમાં ૪૭.૩ ટકા ગુજરાતે આપી છે અને બાકીનામાં આખો દેશ છે, આ યુપીએ સરકારના આંકડા છે. કોઈ ભાજપની સરકારના આંકડા નથી, આનાથી પણ મજાની વાત તો એ છે કે, બીજો નંબર કોનો છે તો ૪૭.૩ ટકાએ પહેલો નંબર ગુજરાત છે અને બીજા નંબરે દશ ટકાએ તામિલનાડુ છે ત્યાં પણ કોંગ્રેસની સરકાર નથી, રોજગારની વાત કરે છે ત્યારે આખા દેશમાં રોજગારીની બાબતમાં એક પણ રાજય કોંગ્રેસનું તો બતાવો કે રોજગારીની વાત કરીને રોજગારી આપે છે. દશ ટકાએ તામિલનાડુ છે ત્યાં પણ કોગ્રેસની સરકાર નથી આ તો આંકડાકીય માહિતી છે.

વંચિતોના વિકાસની વાત કરે છે, અંત્યોદય વિકાસની વાત કરે છે ત્યારે હું ગૌરવ સાથે કહી શકું એમ છું કે, વંચિતોનો વિકાસ, અંત્યોદયનો વિકાસ, આ વિચાર આ દેશમાં કોઈએ આપ્યો હોય તો એ પંડિત દીનદયાળ ઉપાધ્યાયજીએ આપ્યો છે એ અમારી પાર્ટીના અમારા એક વિચારક છે એનું પણ અમને ગૌરવ છે. ત્યારે આપ અમને શિખવાડશો વંચિતોનો વિકાસ? છેલ્લા ચાર વર્ષમાં આ દેશમાં વીસ મુદ્દાનો કાર્યક્રમ કોંગ્રેસ પાર્ટીનો ભલે હોય કે કેન્દ્રનો હોય પણ ચાર વર્ષથી ભાજપના શાસનમાં ગુજરાત પહેલા નંબરે છે ચાર વર્ષથી પહેલા નંબરે છે, પહેલો નંબર ગુજરાતનો છે, એકથી પાંચમાં કોંગ્રેસ કયાંય નહીં, એકેય વર્ષમાં કયાંય નહીં, આ તમે વાત કરો છો અંત્યોદયના વિકાસની ત્યારે એક તો રાજય બતાવો એક થી પાંચમાં ? એક તો બતાવો, પહેલા નંબરે ગુજરાત છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગોવંશ હત્યા પ્રતિબંધની વાત ઉપર બહું ચર્ચા કરી, લગભગ બધા સિનિયર સભ્યશ્રીઓ બોલ્યા છે. માનનીય મુખ્યમંત્રીશ્રીએ જ્યારે સુપ્રીમ કોર્ટનો ચુકાદો આવ્યો, ભાજપનું કમિટમૅન્ટ અને સાંસ્કૃતિક વિરાસતને વરેલી આ પાર્ટી હતી એ અંગે પહેલેથી જ જાહેર સભામાં કહ્યું, લોકો વચ્ચે કહ્યું કે આ વિજય અબોલ પશુઓનો છે, મારો નથી. આ મુખ્યમંત્રીશ્રીએ કરેલી વાત છે. કોઈએ યશ લેવાની વાત અહીંયા આવતી નથી. અહીંયા આંકડા આપવામાં આવ્યા. ૧૯૯૪-૯૫ની વાત કરી હું એમાં નથી પડવા માગતો જેણે કર્યું એને મુબારક. પણ હું પૂછવા માગું છું કે, ૧૯૯૫ની વાત કરતા હોય તો મારે કહેવું છે કે, પૂજ્ય મહાત્મા ગાંધીજીએ વાત કરી હતી કે એમનું સ્વપ્ન હતું કે સ્વાતંત્ર્ય ભારતમાં હું પહેલું કામ એ કરીશ કે ગોવંશ હત્યા પ્રતિબંધ લાવીશ. પહેલું કોઈ કામ સ્વાતંત્ર્ય ભારતમાં કરીશ તો આ કરીશ. (અંતરાય) ૧૯૪૭ પછી આપના કહેવા પ્રમાણે ૧૯૯૪માં લાવ્યા હતા તો ૧૯૪૭ પછી આટલા વર્ષો કેમ લીધા આ કામ કરવા માટે? આ કામ કરવા માટે આટલા વર્ષો કેમ લીધા ? જે પહેલું કરવાનું હતું એ કામ કરી શક્યા નહીં. અમે કર્યું છે એનો અમને આનંદ છે. કેન્દ્રમાં કરાવી લાવો તો પહેલો હાર પહેરાવવા હું તમને આવીશ. તમે બીજા રાજયોમાં અને કેન્દ્રમાં કરાવી લાવો તો અમે મોટા મોટા હાર પહેરાવવા આવીશું.

માનનીય અધ્યક્ષશ્રી, એમણે ફોટાની વાતની ચર્ચા કરી છે. અમારે ફોટા લોકોને બતાવવા નથી કેમ કે ગુજરાતની પાંચ કરોડની જનતાના હૃદયમાં ભાજપનું શાસન અને માનનીય મુખ્યમંત્રીશ્રીનું શાસન છે એટલે અમારે ફોટા બતાવવાની જરૂર નથી. માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લી ચૂંટણીમાં આઝાદી પછી હિંદુસ્તાનમાં જેટલી પણ ચૂંટણીઓ થઈ એમાં કોઈ પણ પોલિટિકલ પાર્ટીને કયારેય આવો વિજય મળ્યો નથી એવો ભવ્ય વિજય આ ગુજરાતની સરકારની કામગીરી ઉપર મળ્યો છે. અમારે ફોટા બતાવવાની જરૂર નથી, લોકોના દિલો સુધી પહોંચી ગયા છીએ, લોકોના દિલમાં અમે છીએ, ફોટા બતાવવાની અમારે જરૂર નથી.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી એક કન્યા કેળવણીની વાત કરી. કન્યા કેળવણીનો કાર્યક્રમ મુખ્યમંત્રીશ્રીનું એક સ્વપ્નું કે આ ગુજરાતની દીકરીઓ ભણે. કેન્દ્ર સરકારે આ કાર્યક્રમનું અમલીકરણ ચાલુ કર્યું બે દિવસ પહેલા બજેટ આખું વાચ્યું ન હોય તો બજેટ વાચી જજો. કન્યા કેળવણીનો કાર્યક્રમ કેન્દ્ર સરકારે અપનાવી બજેટમાં વિજયા લક્ષ્મી બૉન્ડ આપવાની વાત કરી છે. આ રાજયના મુખ્યમંત્રીશ્રીએ લોક-ભાગીદારીથી આ બૉન્ડ ઉઘરાવ્યા, લોક-ભાગીદારીથી આ ગુજરાતમાં ચાલી રહ્યું છે જેને કેન્દ્ર સરકારે મહોર મારી છે અને જાહેરાત કરી છે. ગૌરવ સાથે કહી શકીએ એમ છીએ કે, ગુજરાત નંબર વન છે, ગુજરાતના મુખ્યમંત્રીશ્રી નંબર વન છે. આ દેશના રાજયો અને કેન્દ્રે એના કાર્યક્રમોને અપનાવવા પડયા છે.

માનનીય અધ્યક્ષશ્રી, જી.એસ.ડી.એમ.એ. એકટની વાત કરું તો એક આંકડાકીય બાબત જણાવું તો ૪૬ વર્ષમાં ૩૯ વર્ષ તો ગુજરાતે કુદરતી આફતોનો સામનો કર્યો છે અને ૮ હજાર કરોડથી વધારે રૂપિયાનો ગુજરાત સરકારે આની પાછળ ખર્ચ કરવો પડયો છે. આપણે સૌ ઈચ્છીએ કુદરતી આફતો ન આવે પણ ભૂતકાળમાં આફતો આવી છે એમાં પ્રજાને લોકોના ભરોસે છોડી દેવામાં આવી છે એ બાબતને આ સરકારે ગંભીરતાથી લીધી છે. દેશમાં પહેલીવાર આપણા રાજયે જી.એસ.ડી.એમ.એ. એકટ બનાવ્યો છે અને કેન્દ્ર સરકારે સુનામી પછી આ એકટની કોપી માગી અને બીજા રાજયોને ફરજ પાડી કે ગુજરાતે જે એકટ બનાવ્યો છે એ એકટ પ્રમાણે તમારા રાજયમાં કામગીરી આગળ વધારો. આ બતાવે છે કે આપણું રાજય નંબર વન છે. આ રીતે જી.એસ.ડી.એમ.એ. એકટનો આખા દેશમાં અમલ કરવામાં આવ્યો. (અંતરાય) એમણે વાત કરી કે, કેટલા એવોર્ડ મળ્યા? નેતા નથી અહીંયા, એમણે તો ચોપડી બનાવવી પડશે. રોજ નવા એવોર્ડસ મળશે, વિકાસ થશે, સારું કામ થશે તો આપણી સંસ્કૃતિની પરંપરા રહી છે કે સારું કામ કરે એને લોકો બિરદાવે છે. આ બાબતમાં આપને જણાવું કે ૧૦ જેટલા નેશનલ અને ઈન્ટરનેશન કક્ષાના એવોર્ડસ મળ્યા છે. નેતાશ્રી કહેતા હતા મને વિગતો મળતી નથી. હું એમની વાત સાથે સંમત નથી. પણ રાજીવ ગાંધી ફાઉન્ડેશનની વિગતો મેળવતાં એમને કોણ રોકતું હતું? એમના ઘરની પાર્ટી, આ ફાઉન્ડેશન તો એમના ઘરનું છે, કોણ રોકતું હતું? વિગત લઈ આવવી હતીને? રાજીવ ગાંધી ફાઉન્ડેશનની અંદર ખોટું હોય તો ઘેર જઈને આજે જોઈ લેજો, એની અંદર પણ આર્થિક ક્ષેત્રે ગુજરાત નંબર વન છે, આ વાત રાજીવ ગાંધી ફાઉન્ડેશનની અંદર કહેવાઈ છે, જઈને વાંચી લેજો, બુક છે એની, એમની પાસેથી મેળવી લેજો. ઈન્ફરમેશન ટૅક્નૉલૉજીના ક્ષેત્રે ત્રણ ત્રણ એવોર્ડ. તારીખ ૬-૨-૨૦૦૬, આ લેટેસ્ટ વાત કરું છું. આ ગુજરાતને તેની કામગીરીના એવોર્ડ મળતા જ રહેવાના છે. ફેબ્રુઆરી, ૨૦૦૬ની જ વાત કરું છું. સાબરમતી રીવર ફ્રન્ટના પ્રોજૅકટને રાષ્ટ્રીય કક્ષાનો 'એકસેલન્સી ઈન અર્બન પ્લાનીંગ એન્ડ ડિઝાઇન'નો એવોર્ડ ફેબ્રુઆરી મહિનામાં ભારત સરકારે આપ્યો છે. ગુજરાતની અંદર ભાસ્કરાચાર્ય ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સ એન્ડ જીઑફીઝીક્સ તરફથી ઈન્ફરમેશન સોફ્ટવેર જે બનાવ્યું છે એના માટે શ્રેષ્ઠ એવોર્ડ ભારત સરકારે આપ્યો છે. કેટલા એવોર્ડ લિસ્ટ બનાવવું પડશે એના માટે. આ સરકાર કઈ રીતે કામગીરી કરી રહી છે આ આંકડાકીય બાબતો પુરાવા સાથે સત્ય વિગતો સાથે વાત કરવી જોઈએ. (અંતરાય) આ તમામ એવોર્ડ કાલે ટેબલ પર મૂકી દઈશું. માનનીય અધ્યક્ષશ્રી, એક નવતર પ્રયોગ. ક્રાંતિકારી વિચારધારા, નવતર પ્રયોગ દ્વારા ગુજરાતનો વિકાસ પહેલીવાર કર્યો છે. વિકાસ કોને કહેવાય, કેવી રીતે વિકાસ થઈ શકે એના હું નમૂના આપું છું. જ્યોતિગ્રામ યોજના આખા દેશમાં ગુજરાત રાજ્યના તમામ ગામોમાં દોઢ- બે વર્ષથી જ્યોતિગ્રામ યોજના ચાલે છે એમાં ચોવીસ કલાક વીજળી. આ કાર્યક્રમ બીજા કોઈ રાજયમાં તો આ સ્વપ્નું છે. ગુજરાતે આ સ્વપ્નું સાકાર કર્યુ છે. મારી પાસે આજે માહિતી છે, એમાં ૧૬ હજાર ગામડાઓની અંદર ૨૪ કલાક વીજળીનું કામ પૂરું થયું છે.

વિદ્યા દીપ યોજના, કે.જી. થી પી.ટી.સી. સુધીના ૧.૨૫ કરોડ વિદ્યાર્થીઓને વીમા સુરક્ષાનુ કવર આપ્યું છે. સોઈલ હેલ્થ કાર્ડ, કર્મયોગી અભિયાન, કર્મચારીઓને કર્મયોગી બનાવવાનું અભિયાન.. એમના દંડકશ્રી બલવંતસિંહજી વાત કરતા હતા કે પાંચ લાખ કર્મચારીઓને કર્મયોગીઓ બનાવવાના છે. આ સરકારે ૩.૭ લાખ કર્મચારીઓને કર્મયોગી બનાવ્યા છે. પાંચ લાખમાંથી ૩.૭ લાખ કર્મચારીઓને કર્મયોગીઓ બનાવ્યા છે. આપના દ્વારા સભ્યશ્રીઓને હું ધ્યાન દોરવા માગું છું કે આ વિશ્વમાં જેટલી ક્રાંતિઓ થઈ છેને એ ક્રાંતિઓ મૂઠ્ઠીભર લોકોએ કરી છે, ટોળાએ નથી કરી. જો ૩.૭ લાખ કર્મચારીઓ જો કર્મયોગીઓ બની જશે તો આ ગુજરાતના વિકાસની ક્રાંતિને કોઈ રોકી શકશે નહિ એમના આંકડા પ્રમાણે પાંચ લાખમાંથી ૩.૭ લાખ કર્મચારીઓને કર્મયોગી બનાવ્યા હોય તો. આ એક અભિયાન છે. સત્તા અમારા માટે સેવાનું સાધન છે, અમારા માટે મેવાનું સાધન નથી અને સરકાર માને છે કે તલાટીથી સી.એસ. સુધી, સરપંચથી મુખ્યમંત્રીશ્રી સુધી આ સરકારના પરિઘ ામાં આવતા આ પરિબળો છે અને આ તમામ પરિબળો કર્મયોગી બને, કર્મનિષ્ઠ બને એવી આ સરકારની ભાવના છે અને એ પ્રમાણે કામ કરી રહ્યા છીએ.

એસ.ઈ.ઝેડ. (અંતરાય) આપના નેતા આવી ગયા છે. એસ.ઈ.ઝેડ. એકટ દેશમાં ગુજરાતે પહેલીવાર બનાવ્યો. ૧૧ જેટલા એસ.ઈ.ઝેડ.ની મંજૂરી મળી છે. બી.ઓ. ટી. એકટ ગુજરાતે પહેલીવાર બનાવ્યો છે અહીંયા. ઇન્ડસ્ટ્રીયલ પાર્ક એકટ પહેલીવાર ગુજરાતે બનાવ્યો છે અહીંયા, ડિઝાસ્ટર મેનેજમેન્ટ એકટ પહેલીવાર બનાવ્યો છે અહીંયા. આઈ.ટી.ની વાત થાય છે. આઈ.ટી.ની વાત આવે એટલે આંધ્રનો ઉલ્લેખ થાય.

આજે ગૌરવ સાથે કહી શકીએ તેમ છીએ કે આઈ.ટી.નો ઉપયોગ ગામડા સુધી કોઈએ પહોંચાડ્યું હોય તો તે આ સરકારે કરેલ છે. વર્તમાન સરકારે ૧૮,૫૦૦ ગામડાઓની અંદર ઈ-ઘરાનો કાર્યક્રમ હાથ પર લીધો છે. આ પણ આ દેશની અંદર પહેલીવાર કર્યુ છે અને એ આ ગુજરાત રાજયે કર્યુ છે.

નર્મદાની વાત બહુ થઈ.મારા જન્મ પહેલાં આ ચર્ચાનો વિષય ચાલતો હશે. ઘણા સિનિયર ધારાસભ્યો અહીંયા બેઠાં છે નર્મદા યોજનાની વાત ધારાસભ્યશ્રી જેની જેની સરકાર હશે ભૂતકાળમાં, વર્તમાન સરકાર વિરોધપક્ષો એક અવાજે કહેશે નર્મદા યોજના માટે સૌ અમે સાથે છીએ. સારું છે, આવકાર કરીએ છીએ અમે. દેર આયે દુરસ્ત આયે. હું પણ આજે આ સભાગૃહનું આપના દ્વારા ધ્યાન દોરવા માંગુ છું કે આ ગુજરાતનો ખેડૂત પ્રશ્ન પૂછે છે, આ ગુજરાતની જનતા પ્રશ્ન પૂછે છે ૧૯૬૧માં જે નર્મદા યોજનાનું ભૂમિ પૂજન થયું તેનો એવોર્ડ ૧૯૭૭માં તે પણ બિન કોંગ્રેસી સરકારના વડાપ્રધાન મોરારજીભાઈ દેસાઈના વખતમાં એવોર્ડ થયો. આ ૧૮ વર્ષ સુધી, આ પાયો નંખાયા પછી શું કર્યુ ? ૧૮ વર્ષ સુધી ભૂમિ પૂજન કરાયા પછી શું કર્યુ  આ રાજયની પ્રજા જાણવા માગે છે. જે કંઈ જેણે કર્યુ પણ આ ૧૮ કે ૨૦ વર્ષ સુધી વાતો કરે છે ને ઓછા પૈસા વપરાયા, બજેટ ઓછું વપરાયું. હજુ તો માર્ચ એન્ડીંગ બાકી છે. દંડકશ્રી વાત કરતા હતા કે ૫ લાખનો લક્ષ્યાંક આપ્યો હજુ ત્રણ વાપર્યા છે હજુ બે મહિના બાકી છે, વાપરીશું. તમે જવાબ તો આપો નર્મદા યોજના જીવાદોરી. સાત સાત લોકસભાઓ જીતી ગયા. જીવાદોરી કહી કહી અને વિધાનસભાઓ જીતી ગયા. આજે પણ આ ગુજરાતની પ્રજાને નર્મદા યોજનાનું પાણી જે તેમણે યોજના બનાવી હતી તે મળી શક્યું નથી. તેમાં જો કોઈનું પાપ હોય, ગુજરાતને જો કોઈએ નુકસાન પહોંચાડ્યું હોય તો કોંગ્રેસન સરકાર. આ રાજયમાં આટલા વર્ષો સુધી તેણે રાજય કર્યુ છે આવી જાવ એક તરફ ચાલીસ વર્ષનો હિસાબ આપવા તમે અને પંદર વર્ષનો હિસાબ આપવા અમે તૈયાર છીએ.

ડ્રિપ ઈરીગેશન. કૃષિની વાતો, ખેડૂતોનું ઉત્પાદન સસ્તું થાય, ગુણવત્તાયુકત ઉત્પાદન થાય, ખેડૂતોને ભાવ મળી રહે આ વર્ષોથી ખેડૂતોનો પીડાતો પ્રશ્ન હતો. પણ મુખ્યમંત્રીશ્રીએ તેની નસ પકડી. ડ્રિપ ઈરીગશેન દ્વારા, ટપક પદ્ધતિ દ્વારા જો ખેતીનું આયોજન થાય તો સારી ગુણવત્તા થાય, વધારે ઉત્પાદન થાય, ભાવ મળે. કંપની બનાવી, ૧૫૦૦ કરોડ રૂપિયાની ફાળવણી કરી અને આ જ યોજના કેન્દ્રની યુ.પી.એ સરકારને ધ્યાનમાં આવી કે આ ગુજરાતે કરેલું એક ક્રાંતિકારી પગલું છે આપણે પણ કંઈક કરવું પડે. આખા દેશમાં ૪૦૦ કરોડ રૂપિયાની ફાળવણી કરી. ગુજરાત માટે ૧૫૦૦ કરોડ રૂપિયાની ફાળવણી કરી. ડ્રિપ ઈરીગેશન માટે રિઝલ્ટ લાવવું હોય, પરિણામ લાવવું હોય તો પાયાનું કામ કરવું પડે, બોલવાથી કાંઈ ના થાય જનભાગીદારીનું મોડલ. મને કહેતાં આનંદ થાય છે.

**અધ્યક્ષશ્રી** : કૌશિકભાઈ, બે મિનિટમાં પૂરું કરો, મારી પાસે સમય નથી.

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : રાજય સરકારની કામગીરીની જે કંઈ ભૂતકાળની પરંપરાઓ છે તેની અંદર લોક ભાગીદારીનો એક વિચાર જો કોઈએ આપ્યો હોય આ દેશમાં તો માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ આપ્યો છે લોક ભાગીદારી. એવો સમય ચાલી રહ્યો હતો સરકારી લ્હેણાં હોય તો નોટિસો આપ્યા વગર કોઈ પૈસા નહોતા આપતા. આ વિચારધારામાં એવો પલટો લાવ્યા મુખ્યમંત્રીશ્રીએ લોક સહકારની યોજનામાં જોડાય, સરકારની યોજનામાં રૂપિયા આપે, આ કર્મયોગીની સાથે સાથે આ લોક ભાગીદારીનો કન્સેપ્ટ આ મુખ્યમંત્રીશ્રી લાવ્યા. કરોડો રૂપિયાના કામ લોક ભાગીદારીથી આ ગુજરાતમાં થઈ રહ્યાં છે કોઈ ના કહી શકે તેમ નથી. હું તો અભિનંદન આપું છું, તેમને ધન્યવાદ કરું છું કે જે લોકો રાજયના વિકાસમાં જોડાયા છે તેમને હું સલામ કરું છું, તેમને હું અભિનંદન આપું છું. આઈ.ટી. information technologyની વાત ઘણી બધી થઈ અહીંયા ઈ-ગવર્નન્સ information technology  તો ખરી.

**અધ્યક્ષશ્રી :** પ્લીઝ, ગોવાભાઈ આખો દિવસ બોલવાનું. કોઈ આપનું સાંભળે એવું બોલોને? કોઈ સાંભળતું જ નથી તમારી વાત. તમે બોલ બોલ કરો છો, પ્લીઝ.

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : અમારી સરકાર માને છે કે  easy, effective, ecconomic and efficient E-governance.

માનનીય અધ્યક્ષશ્રી, કાયદો અને વ્યવસ્થાની ઘણી બધી ચર્ચા કરી છે એની આંકડાકીય માહિતી ગૃહમંત્રીશ્રી આપશે. હું એક જવાબદાર ધારાસભ્ય તરીકે મારા વિસ્તારમાં બનેલા એક બનાવની વાત કરવા માગું છું. કોમી એકતાની વાત કરવા માગું છું. કોમી એકતાવાળી વાતો કરનારા મારા કોંગ્રેસી મિત્રો કોમી એકતાના નામે મત લેવા નીકળે છે ત્યારે મારા વિસ્તારમાં ગૌરવ લઈ શકાય એવા એક પ્રસંગની વાત કરું તો એક જ માંડવા નીચે હિન્દુ-મુસ્લિમ દસ યુગલો લગ્નગ્રંથીથી જોડાયાં છે. તો આવી સાચી એકતાની વાત ભારતીય જનતા પાર્ટીના કાર્યકરો કરી શકે. ભૂતકાળમાં તમે મતો જ લીધા છે એ ના કરી શકો.

માનનીય અધ્યક્ષશ્રી, પંચામૃતની શકિતઓનો વિકાસ થઈ રહયો છે, પરંતુ હું આ ગૃહને બે વધારાની શકિતઓની યાદ કરાવવા માગું છું. પંચામૃત શકિત દ્વારા વિકાસ થઈ રહયો છે એની પાછળનું બળ હોય તો

માનનીય મૃખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની વાયબ્રન્ટ શકિત અને એમની પ્રચંડ શકિત આ બે શકિતઓને યાદ કરીને કહું છું કે કુલ પાંચ નહીં, પરંતુ સાત શકિતનો ઉમેરો કરજો.

માનનીય અધ્યક્ષશ્રી, "રાષ્ટ્ર વંદના મંત્ર અમારો,જનસેવામાં દિન રાત, જય જય ગરવી ગુજરાત, જય જય ગરવી ગુજરાત."

માનનીય અધ્યક્ષશ્રી, ફરીથી  માનનીય માધાભાઈ બોરીચા જે આભાર પ્રસ્તાવ લઈને આવ્યા છે એને હું મારું હૃદયપૂર્વકનું અનુમોદન આપું છું અને મારી વાત પૂરી કરું છું.

**શ્રી માધાભાઈ લા. બોરીચા (કેશોદ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાજયપાલશ્રીના પ્રવચન ઉપર હું જે આભાર પ્રસ્તાવ લઈને આ સન્માનનીય ગૃહમાં ઉપસ્થિત થયો હતો અને તેમાં માનનીય મોહનભાઈ કુંડારીયાએ એને ટેકો આપ્યો હતો એ પ્રસ્તાવ ઉપર આ સન્માનનીય ગૃહના કુલ ૩૬ જેટલા સભ્યશ્રીઓએ ભાગ લીધો છે. અમારા માનનીય મંત્રીશ્રી કોશિકભાઈ પટેલે મારા સાથી મિત્રોએ જે મુદ્દા ઉપસ્થિત કર્યા હતા એનો યોગ્ય રીતે જવાબ આપીને લગભગ બધી જ બાબતોનો જવાબ આપી દીધો છે. આ પ્રસ્તાવ ઉપર માનનીય વિરોધપક્ષના નેતાશ્રી અને માનનીય મંત્રીશ્રી અનિલભાઈ પટેલે પણ પોતાના વિચારો વ્યકત કર્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, મોટાભાગના માનનીય સભ્યશ્રીઓએ માનનીય રાજયપાલશ્રીના પ્રવચન ઉપરના આભાર પ્રસ્તાવની ચર્ચામાં પ્રસ્તાવને અનુમોદન આપ્યું છે અને વિરોધપક્ષના મારા સાથી મિત્રોમાંથી પણ કેટલાક મિત્રોએ આ સરકારની કામગીરીની સરાહના કરી છે એનો મને આનંદ છે. રાજયપાલશ્રીના પ્રવચનના મુસદ્દાના પાને પાને દરેક ક્ષેત્રમાં નીત નવા વિકાસના પરિમાણો પ્રગટ થયાં છે જે અંગે ગૃહમાં વિસ્તૃતપણે વિચારો વ્યકત કર્યા છે. જંગ વિકાસ માટેનો હોય કે ન્યાય માટેનો હોય એના માટે આ ગૃહના નેતા માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી ૫ કરોડ ગુજરાતીઓના હિતને જ ધ્યાનમાં લીધું છે એને મોટાભાગના સભ્યશ્રીઓને આવકાર્યુ છે, પરંતુ મને અફસોસ એ વાતનો છે કે મારા સાથી પક્ષના વિપક્ષી મિત્રો સરકારના સારા કામની સરાહના કરવામાં પણ નિષ્ફળ ગયા છે.મારે યાદ અપાવવું છે કે જે સમાજ સજજનોનું સન્માન કરી શકતો નથી અને દુર્જનોને દંડી શકતો નથી, એવો સમાજ કયારેય પ્રગતિ કરી શકતો નથી. આ સમજણ વિરોપક્ષના સભ્યશ્રીઓ બતાવી શકયા નથી એનો મને રંજ છે, પરંતુ આ તો સંસ્કાર અને વારસાનો સવાલ છે. આ કલ્ચરનો સવાલ છે, અને આ લોકો એ કલ્ચરના છે જેમણે એમના જ પક્ષના આ ગુજરાતના ભૂતપૂર્વ મુખ્ય મંત્રી, માનનીય શ્રી જીવરાજભાઈ મહેતા, બળવંતભાઈ મહેતા, હિતેન્દ્રભાઈ દેસાઈ, અને અનામતનો રોટલો શેકવાના નામે માનનીય શ્રી માધવસિંહ સોલંકીને પણ ડિસ્ટર્બ કરવામાં એમનો રાજધર્મ માન્યો હતો, ગુજરાતના પનોતા પુત્ર લોહ પૂરુ ષ સરદાર વલ્લભભાઈ પટેલ અને માનનીયશ્રી મોરારજીભાઈ દેસાઈ જેવાને પણ સંતાપવામાંથી છોડયા નહોતા, આજે જે શંકરસિંહજીની દુહાઈ લેનારા પણ એમની પીઠ પાછળ ઘા કરવામાં પાછા પડયા નહોતા. એવા લોકો પાસેથી શું અપેક્ષા રાખવાની હોય. વિપક્ષના નાતે એમણે ઉગતા સૂરજને પણ રોકવાનું કામ કર્યુ છે. આ વિપક્ષના મિત્રોએ એવું કરવાને બદલે ગુજરાત રાજયનો જન્મ થયો તેને બરાબર ૪૫ વર્ષના વહાણાં વાયાં છે, તે ૪૫ વર્ષના શાસનમાંથી આ સાથી મિત્રોએ ૩૫ વર્ષ સુધી ગુજરાતમાં રાજ કર્યુ છે. તેથી તેમની કામગીરીનું સરવૈયું અને લેખાં જોખાં કરીને એમણે કેટલું કર્યુ અને અમે કેટલું કર્યુ તેના આધારે અમારી આ સરકારની કામગીરીનું મુલ્યાંકન કર્યુ હોત તો મને આનંદ થાત, પરંતુ માનનીય અધ્યક્ષશ્રી, એમાં એમનો પણ દોષ નથી, ગુજરાતની પાંચ કરોડની જનતાએ ગુજરાતને ૨૧મી સદીમાં દોરી જનારા રાજયના દીઘ ર્દિષ્ટા મુખ્ય મંત્રીશ્રીના નેતૃત્વમાં વિશ્વાસ મુકીને તાજેતરમાં પૂરી થયેલી સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં આ કોંગ્રેસના કરતૂતોને બરાબરનો બોધપાઠ આપીને એમને એમનું ઠેકાણું બતાવી દીધું છે. અને તેના કારણે આ કોંગ્રેસના લોકોને યોગ્ય કામની પ્રશસ્તિ કરવાનું પણ સૂજતું નથી. અને મનોમંથન કરવાનું પણ સૂજતું નથી. મને આનંદ એ વાતનો છે કે ભરતભાઈએ યોગ્ય જ કહ્યું કે આ કોંગ્રેસીઓને ગુજરાતની પ્રજાએ જે પદાર્થપાઠ આપ્યો તેમાંથી એ લોકો તો કંઈ શીખવાના નથી, પણ ઉપરવાળા લોકોને એવું લાગ્યું કે આ લોકોને મનોચિકિત્સકની સલાહ આપીએ, ભરતભાઈએ ઉલ્લેખ કર્યો એ પ્રમાણે વડોદરામાં આવો સેમિનાર થવાનો હોય તો હું આશા રાખું છું કે ગુજરાતની પાંચ કરોડની જનતાએ આ રાજયના મુખ્ય મંત્રીશ્રીના નેતૃત્વમાં જે વિકાસની દોડ, વિકાસની હરણફાળ ૨૧મી સદીનું ગુજરાત બનાવવાનું છે, તેમાં પાંચ કરોડ ગુજરાતીઓએ વિશ્વાસ મૂકયો છે એ વિશ્વાસમાં ભાગીદાર બનવાનું મુનાસિબ માને તો સારું,  વડોદરામાં એ મનોચિકિત્સક કેમ્પમાં એમને ભગવાન સદ્‌બુદ્ધિ આપે. "ઈશ્વર અલ્લા તેરો નામ, સબકો સન્મતિ દે ભગવાન", કોઈ માને કે ન માને પણ અમે તો અમારો રાજ ધર્મ બજાવવામાં બરાબર માનીએ છીએ, એ લોકો એમનો રાજધર્મ ચૂકયા છે, તેથી એના લેખાં જોખાં અમે નથી કરવાના પણ એમનાં લેખાં જોખાં ઈતિહાસ કરશે. આ વિપક્ષના મિત્રો કહેતા હતા કે અમે આ કર્યુ, અમે આ કર્યુ, પણ મારે એમને પૂછવું છે કે તમે ૪૫ વર્ષની ગુજરાતની ગાદીમાં ૩૫ વર્ષ સુધી શાસન કર્યુ તો તે ૩૫ વર્ષના શાસનમાં ગામડાંઓનો વિકાસ ન કરી શકયા, શહેરોનો વિકાસ ન કરી શકયા, તમે ગામડાંને લાઈટ ન આપી શકયા, ગામડાંને પાણી ન આપી શકાય, ગામડાંને રસ્તા ન આપી શકયા, શહેરોને આનુસાંગિક સુવિધા ન આપી શકયા, આ તો અમારી સિદ્ધિ છે અને અમે દસ વર્ષના ટૂંકા ગાળામાં

ગામડાંને રસ્તા, પાણી અને લાઈટની સુવિધા, ગામડાંને આંતરમાળખાકીય સુવિધા અને શહેરી વિકાસના નામે શહેરોના વિકાસની વાત કરવામાં પણ અમે સફળ રહ્યા છીએ. તેની અદેખાઈથી, ઈર્ષ્યાની આગમાં પીસાતી આ કોંગ્રેસ એ વાત સ્વીકારે કે ન સ્વીકારે પણ ગુજરાતની પ્રજાએ અમને જોરદાર સમર્થન આપીને, અમારા નેતાને સમર્થન આપીને આ કોંગ્રેસના કાળા કરતુતોથી કોંગ્રેસના આટલા વર્ષના શાસનમાં બેકારી, બેરોજગારી અને ગુંડાગીરીને છૂટો દોર મળ્યો હતો તેનો જવાબ પ્રજાએ આપી દીધો છે. અમને એ વાતનો આનંદ છે અને હું વિનંતી કરુંછું કે જે માનનીય સભ્યશ્રીઓએ એમના સુધારા મુકયા છે તે સુધારાઓ તેઓ પાછા ખેંચી લે અને માનનીય રાજયપાલશ્રીનું ગરીમાવંત પ્રવચન છે માનનીય રાજયપાલશ્રીનું પ્રવચન એ ગુજરાતની પ્રજાને આગામી ૨૧મી સદીમાં લઈ જનારું પ્રવચન છે, એની અંદર માનનીય રાજયપાલશ્રીનો લાંબો અનુભવ અને નિચોડ છે એમણે જે શીખ આપી છે એને અનુસરો તેવી મારી આપ સૌને વિનંતી છે, આપે જે કંઈ સુધારા રજૂ કર્યા છે એ પાછા ખેંચી લો અને આ માનનીય રાજયપાલશ્રીના આભાર પ્રસ્તાવને માન્ય રાખો એવી વિનંતી સાથે વિરમું છું.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, જે પ્રમાણે અમે સુધારા રજૂ કર્યા છે એ અમારા સુધારાની એક પણ વાત સ્વીકારવામાં આવી નથી એટલે અમે અમારા સુધારા પાછા ખેંચતા નથી.

**સુધારા ક્રમાંક ૧, ૩ થી ૨૦, ૨૨, ૨૪ થી ૨૬ અને ૩૦ મત માટે મૂકવામાં આવ્યા અને નામંજૂર કરવામાં આવ્યા.**

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

# બિન સરકારી વિધેયકો

### પહેલા, બીજા અને ત્રીજા વાચન માટેના બિન સરકારી વિધેયકો
### સન ૨૦૦૫નું ગુજરાત વિધેયક ક્રમાંક : ૧૫
### મુંબઈ ભાડાં, હોટેલ અને નિવાસ ગૃહ દર નિયંત્રણ (ગુજરાત સુધારા) વિધેયક,૨૦૦૫
### ગુજરાત રાજયને લાગુ પડતો હોય તેટલે સુધી મુંબઈ ભાડાં, હોટેલ અને નિવાસગૃહ દર નિયંત્રણ અધિનિયમ, ૧૯૪૭ વધુ સુધારવા બાબત વિધેયક

**અધ્યક્ષશ્રી :** માનનીય સભ્યશ્રી ઘનસુખભાઈ પટેલ. (થોડીવાર બાદ) માનનીય સભ્યશ્રી ગેરહાજર.

### સન ૨૦૦૪નું ગુજરાત વિધેયક ક્રમાંક. ૨૩
### ગુજરાત અશ્લીલ જાહેરખબર, ફોટોગ્રાફ અને પોસ્ટર પ્રતિબંધ વિધેયક, *૨૦૦૪
### ગુજરાત રાજયમાં અશ્લીલ જાહેરખબરો, ફોટોગ્રાફ અને પોસ્ટરો ઉપરના પ્રતિબંધ માટે જોગવાઈ કરવા બાબત વિધેયક

**ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા (માંગરોળ)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૦૪નું વિધેયક ક્રમાંક-૨૩-સન ૨૦૦૪નું ગુજરાત અશ્લીલ જાહેરખબર, ફોટોગ્રાફ અને પોસ્ટર પ્રતિબંધ વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૪નું વિધેયક ક્રમાંક-૨૩-સન ૨૦૦૪નું ગુજરાત અશ્લીલ જાહેરખબર, ફોટોગ્રાફ અને પોસ્ટર પ્રતિબંધ વિધેયક આ સભાગૃહમાં અગાઉ પણ બહેનો દ્વારા લાવવામાં આવ્યું છે. આ સભાગૃહના માનનીય સભ્યશ્રીઓ દ્વારા પણ લાવવામાં આવ્યું છે. દરેક વખતે માનનીય મંત્રીશ્રી એમ કહે કે આમાં સુધારા વધારા કરીશું, ત્યારે ઘણી બધી આશા અને અપેક્ષાઓ સાથે આ બિલ પાછું ખેંચી લેવામાં

**સભાપતિશ્રી મહેન્દ્ર લી. મશરુ અધ્યક્ષસ્થાને**

આવ્યું છે. જ્યારે જ્યારે બિલો લાવવામાં આવ્યા છે એ પછી સુધારાઓ અત્યાર સુધી વિધાનસભા ગૃહમાં કોઈ દિવસ લાવવામાં આવ્યા નથી. પહેલા જ્યારે આ વાત કરતા હતા ત્યારે અશ્લીલ શબ્દની મર્યાદા હતી. પોસ્ટરો

* * વિધેયક ૨૭મી મે, ૨૦૦૪ના રોજ ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધિ કરવામાં આવેલ છે.

અરૂચિકર હોય, જાહેરાત કરનાર હોય એનું પણ રજિસ્ટ્રેશન હોય, જાહેરાત આપનાર સામે આપણે પગલાં લઈ શકીએ તેવી સ્થિતિ હતી. સમયની જરૂરિયાતને આધીન જે કાયદો હતો એમાં હું જે બિલ લઈને આવી છું એ મુજબ સુધારા કરવા જઈએ તો એમાં ઘરખમ સુધારા કરવા પડે એમ છે. આજે ગુજરાતની બહેનોની જે સ્થિતિ છે એમાં આપણી દીકરીઓનો મવાલીઓ અને અસામાજિક તત્ત્વો દ્વારા જાહેર ખબર કે પોસ્ટરોમાં લાભ લેવાય છે એ ન થાય એના માટે અનેક સુધારા લાવવાની અને કરવાની જરૂર છે. પોસ્ટરો જાહેરાતોથી આગળ વધીને ભારતીય સંસ્કૃતિની વાત, ૨૧મી સદી સાથેનો તાલમેલ અને ભારતીય સંસ્કૃતિના તાલમેલ સાથે આજે જે સ્થિતિ નિર્માણ થઈ છે એમાં સમસ્ત સભ્યશ્રીઓ રાજકીય સમીકરણોને બાજુએ મૂક્યા પછી સમસ્ત ગુજરાતની બહેનોના મા-બાપ વતી આજે હું વિનંતી કરવા ઊભી થઈ છું.

પોસ્ટરોની જાહેરાતથી આગળ વધીને એસ.એમ.એસ., સાયબરકાફે, પોર્નોગ્રાફી, જેવી અદ્યતન ટૅક્નૉલૉજીને કારણે અશ્લીલ નહીં પણ આ સભાગૃહમાં એક બેન તરીકે ન બોલી શકાય એવા શબ્દો અસ્તિત્વમાં આવ્યા છે. માનનીય અધ્યક્ષશ્રી, શાળા અને કૉલેજોમાં ભણતી બેન-દીકરીઓ, ઘરે રહેતી આપણી ગૃહિણીઓને બિભત્સ એસ.એમ.એસ.ને કારણે હેરાનગતિ થાય છે અને આની હાટડીઓનો વેપાર થયો છે. અત્યારે ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થામાં આપણે એમ કહીએ છીએ કે અમારી દીકરીઓ સલામત છે. અમારી બેન સલામત છે. પણ અદ્યતન ટૅક્નૉલૉજીને કારણે કઈ દીકરી સલામત છે? સ્કૂલમાં ભણતી દીકરી પર એસ.એમ.એસ. આવે, તેની ગમે તે સ્થિતિ નિર્માણ થાય, શું કરી લેવાનું? દીકરીએ રડવાનું? દીકરીએ આપઘાત કરવાનો? દીકરીએ મજબૂર થઈને બેસી રહેવાનું? ઘરની ચાર દિવાલમાં રહેતી ગૃહિણીની પણ આ સ્થિતિ છે ત્યારે ભારતની સંસ્કૃતિ, ગુજરાતનું ગૌરવ અને ગુજરાતના ગૌરવની વાત કરીએ ત્યારે આ પરિસ્થિતિમાં આપણી બેન અને દીકરીઓની વાત પણ વિચારવી પડે અને વિચારવા માટે કાયદાઓને ભયંકર રીતે સુધારવા પડશે. મેં કહ્યું તેમ આજના આ ગુજરાતની વાતો જ્યારે થાય, નવરાત્રિ મહોત્સવ, ગૌરવભેર કહીએ કે આજથી નહીં પણ જ્યારથી નવરાત્રિનો પ્રારંભ થયો હશે, ગુજરાતની એક આગવી કળા. આપણી બેન-દીકરીઓ રાતના બે-બે, ત્રણ-ત્રણ વાગ્યા સુધી ગરબે ઘૂમતી હતી. આપણી બેન-દીકરી બે વાગ્યે ગરબે ઘૂમીને આવે ત્યારે મા કે બાપને ચિંતા નહોતી કે મારી દીકરી ગરબેથી પાછી આવશે કે નહીં? પણ હમણાં જ માનનીય મંત્રીશ્રીને પણ ખબર હશે કે વડોદરામાં જે બનાવો બન્યા અને અને બનાવોની કલીપીંગ્સ જે કૅમેરામાં કેદ થઈ અને આ બનાવોને કારણે એ દીકરીએ, મેં આવેદનપત્ર પણ આપ્યું હતું. એ દીકરીએ ભણવાનું બંધ કરી દેવું પડ્યું છે અને કૉલેજ છોડીને જતા રહેવું પડ્યું છે. આ સ્થિતિ આજના સમયમાં છે. નવરાત્રિ દરમ્યાન આ જે થયું તેના કારણે સમસ્ત યુનિવર્સિટીમાં પણ આ ફરી રહ્યું છે. હવે શું કરવું પડશે? કોઈ કાયદો છે, કોઈ વાત છે? ત્યારે આપણે વર્ષો જૂના કાયદાને લઈને આવીશું તો મને એમ લાગે છે કે તમામ સભ્યશ્રીઓ, ૧૮૨ ધારાસભ્યો અને સંસદમાં, કેન્દ્ર સરકારમાં પણ આ વાત કરવાની જરૂર પડે તો બધાએ ભેગા થઈને આ ઠરાવ કરીને આ કાયદામાં જડબેસલાક ડર થાય, બીક ઉભી થાય અને સજા થાય એવી જોગવાઈ કરવી પડશે.

સાયબર કાફેમાં આવેલા તમામ લોકોના નામ રજિસ્ટ્રેશન કરવા અને તેનું ઉલ્લંઘન થાય તો કાર્યવાહી કરવામાં આવશે. પોલીસ કમિશ્નરે આ જાહેરનામું બહાર પાડ્યું પણ આ જાહેરનામું બહાર પાડ્યા પછી હજી સુધી કોઈ દરોડો પાડયો નથી. દરોડો પાડ્યો નથી એટલું જ નહીં, પણ કંટ્રોલ રૂમના કમિશ્નરને જ્યારે પૂછવામાં આવ્યું ત્યારે તેમ કહ્યું કે હા, બેન. આ જાહેરનામું છે એ તો કમિશ્નરે બહાર પાડ્યું છે પણ અત્યાર સુધીમાં આવી કોઈ કાર્યવાહી થઈ નથી કે દરોડા પડ્યા નથી. એસ.એમ.એસ. વેચનારાઓની યાદી તૈયાર કરવાની વાત થઈ હતી. દિલ્હી, મુંબઈ અને છત્તીસગઢ જેવા રાજયોમાં આ કાર્યવાહી થઈ હતી. આનું લિસ્ટ બનાવવાની વાત હતી. પેપરમાં પણ આવ્યું હતું અને માનનીય મંત્રીશ્રીએ પણ ક્યાંક આવી વાત કરી હતી પણ અત્યાર સુધી આમાં કોઈ કાર્યવાહી થઈ નથી. ત્યારે મારે એમ કહેવું છે કે ૨૧મી સદી સાથે જે કાયદાઓ છે તે કાયદાઓમાં નવા સુધારાઓ સાથે આવવું પડશે. બ્લુ ફિલ્મો દ્વારા આ દેશની સંસ્કૃતિને લાંછન લાગે એવી પરિસ્થિતિ છે. આજના દિવસે ટી.વી.માં એવું આવે છે કે એક ટી.વી. હોય અને સંયુક્ત કુટુંબ હોય તો એ ટી.વી. જોઈ શકે એવી સ્થિતિ રહી નથી. ક્રિકેટ આવતી હોય, આખું કુટુંબ ક્રિકેટ જોતું હોય અને અચાનક તેમાં જાહેરાત આવે, ઘરનો વડીલ બાપ હોય ઘરનો વડીલ ભાઈ હોય તો તેણે ટી.વી.નો રૂમ છોડીને જવું પડે આ પરિસ્થિતિનું નિર્માણ થયું છે. ત્યારે મારે બીજી એક વાત પણ કરવી છે કે ચેનલો, પ્રાઈવેટ ચેનલો શરૂ થઈ છે. આ પ્રાઈવેટ ચેનલો દ્વારા રાત અને દિવસે જે ફિલ્મો બતાવાય છે, જે ચેનલો પ્રદર્શિત કરવામાં આવે છે તેની ઉપર કોઈ કંટ્રોલ ખરો? તેના ઉપર મામલતદારશ્રી કંટ્રોલ કરીને દરોડા પાડે છે ખરા? આ વાતને આજના સંજોગોમાં વિચારવી પડશે. માનનીય મંત્રીશ્રી એમ કહેશે કે, ઘણું બધું થયું છે અને ઘણું બધું થશે. પણ નવા સુધારા સાથેની વાત કરવી પડશે.

લોકમેળાઓ બાબતે માનનીય કૌશિકભાઈ કહેતા હતા. ગુજરાતનું ગૌરવ છે, લોકમેળાઓ થવા જોઈએ અને લોકમેળામાં લોક નૃત્યો થાય છે, તરણેતરના મેળાની અંદર શું થયું? તરણેતરના મેળાની અંદર ન થાય એવી પ્રવૃત્તિઓ થઈ. જ્યારે સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના સચિવશ્રીને પૂછવામાં આવ્યું તો તેમણે જવાબ આપ્યો કે, આ તો કલેકટરશ્રીએ આયોજન કર્યું છે એટલે કલેકટરશ્રીની આ જવાબદારી છે. કલેકટરશ્રને પૂછવામાં આવ્યું ત્યારે

તેમણે જવાબ આપ્યો કે અમારી પાસે એવો કોઈ નિયમ નથી કે આ રોકી શકીએ કે આમાં અમે કાંઈ કરી શકીએ. કારણ કે, આ સાંસ્કૃતિક અભિવ્યકિત કરે છે. આ ગ્રામ પંચાયતની જવાબદારી છે. આપણે આપણા દીકરા-દીકરીઓને લોકમેળામાં મોકલીએ છીએ, લોકમેળાના નૃત્યોની અંદર મોકલીએ છીએ. એમાં આવું બીભત્સ જોવા નથી મોકલતા. આવી પરિસ્થિતિનું નિર્માણ થાય ત્યારે એ કલગી નથી પણ શરમજનક છે. આપણે બધા ૧૮૨ ધારાસભ્યો માટે શરમજનક છે. અને આ મેળામાં આવું થશે તો મેળામાં કોણ જશે?

માનનીય અધ્યક્ષશ્રી, ઘણી વાત કરવી છે પણ સમય ઓછો છે. આઈ.ટી. કાયદો ૨૦૦૦ની અંદર સુધારવામાં આવ્યો છે. આઈ.ટી. કાયદો કેન્દ્ર સરકારે પણ ધારદાર બનાવ્યો છે અને આઈ.ટી.ના કાયદાને ધારદાર બનાવ્યા પછી અત્યારે જે સ્થિતિ નિર્માણ થઈ છે એ બાબતે આપના દ્વારા માનનીય મંત્રીશ્રી અને ગૃહના સભ્યશ્રીઓનું ધ્યાન દોરવા માગું છું. રોજબરોજ બ્યુટિપાર્લરોની સંખ્યા વધતી જાય છે. બ્યુટી પાર્લર શરૂ કરવા કોઈ લાઇસન્સ કે રજીસ્ટ્રેશન કરાવવાની કોઈ પ્રક્રિયા નથી. અને છેલ્લા દિવસોમાં જાણવા મળ્યું છે. બ્યુટી પાર્લરોની જે પરિસ્થિતિ નિર્માણ થઈ છે. મારી એક વિનંતી છે કે, કોઈક નાની દુકાન કરવી હોય તો એનું રજીસ્ટ્રેશન થાય. પણ આમાં કાંઈ નહીં. રજીસ્ટ્રેશન થાય તો પોલીસ ડિપાર્ટમેન્ટ અને ગૃહ વિભાગ દ્વારા બ્રેક લાગે છે. આ કેવી રીતે થયું? એની તપાસ થવી જોઈએ અને લાઇસન્સ લીધા પછી જ તે ચાલુ કરી શકે તેવું હોવું જોઈએ. અત્યારે તો ઘરોની અંદર થાય છે. મેં પહેલાં જ કહ્યું. આ બિલ ઉપરના સુધારા છે. મારા બિલનો સ્વીકાર કર્યો છે. અમિતભાઈને પહેલાં જ કહ્યું છે. એ બિલમાં સુધારા નથી એ હું જાણું છું. આપના દ્વારા બધી બહેનોની વાત કરવા માગું છું. આમાં પણ કાંઈક બ્રેક લાગે, આયોજનની અમલવારી થાય. કાયદાઓ ઘણા જૂના છે અને ૨૧મી સદીની વાત સાથે ટૅક્નૉલૉજી ઘણી નવી છે ત્યારે એમાં બ્રેક લાગે એવો કાયદો લાવો.

માનનીય અધ્યક્ષશ્રી, પહેલાંના સમયમાં એક પ્રકાર હતો. રાજા-મહારાજાઓ પોતાના કાવાદાવાઓ કરવા માટે પોતાના રાજયની દીકરીઓને જન્મથી જ થોડું થોડું વિષ આપતા હતા. ધીરે ધીરે એ વિષકન્યાઓ બની જતી. આવી કન્યાઓને એ ભેગી કરતા અને પોતાનો બદલો લેવા, પોતાના હરીફને પાડવા માટે તેનો ઉપયોગ કરતા હતા. આજ માધ્યમ દ્વારા આજે દીકરીઓનું શોષણ થાય છે. વિષ નહીં પણ સી.ડી.કાંડ દ્વારા વેર લેવાની વૃત્તિઓ ચાલુ થઈ છે. પોતાની કોઈ મહત્વકાંક્ષા માટે, પોતાની સામેનો કોઈ કાંટો કાઢવો હોય તો. માનનીય મંત્રીશ્રીએ કહ્યું. હું કોઈ ટૅક્નીકલ કે લીગલ વ્યકિત નથી, લૉનો સ્ટડી પણ નથી કર્યો. રોજબરોજ જે જોઈ રહ્યા છીએ, અનુભવી રહ્યા છીએ. સમાજની, પ્રજાની ચિંતા છે. મારી ભાષામાં, શબ્દોમાં ભૂલ હશે. બધાની ચિંતા હું વ્યક્ત કરવા ઊભી થઈ છું કોઈ રાજકીય રીતે ન જોતાં આપણે ભવિષ્યનું વિચારીએ. એ વાત સાથે હું આ બિલને ચર્ચા માટે ખુલ્લું મૂકું છું.

**શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા (રખિયાલ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ચંદ્રિકાબેન જે આ બિનસરકારી વિધેયક અશ્લીલતાને રોકવા માટે લાવ્યા છે, દરેક વિધાનસભા સત્રમાં કોઈને કોઈ બહેન દ્વારા આ લાવવામાં આવે છે. આપણે બધા જાણીએ છીએ કે આ બિલ પાસ થવાનું નથી. ચર્ચા કરીશું પણ ચર્ચાને અંતે જો શૂન્ય રહેવાનું હોય અને દર વખત આપણે આવા અને આવા બિલો જો લાવીને માત્ર ચર્ચાની ૪૦ મિનિટ બગાડવાની હોય તો મને લાગે છે કે આવા બિલોને દાખલ કરતાં પહેલાં જ ચિંતા કરવાની જરૂર છે. આપણે એમ કહેતા આવ્યા છીએ કે "યત્ર નાર્યાસ્તુ પૂજયતે રમન્તે તત્ર દેવતાઃ જયાં નારીઓની પૂજા જાય છે ત્યાં ઈશ્વર, દેવતાઓ પણ આનંદ પામે છે, જાહેરમાં એને પોસ્ટરમાં જોઈને અહીં બેઠેલા, દેશમાં જે પણ મહાન વ્યકિત છે એ માતાઓના સંસ્કારના કારણે એમાંથી કોઈ શિવાજી મહારાજ પેદા થઈ શકે છે. દયાનંદ સરસ્વતી પેદા થઈ શકે છે એ માતૃત્વની ગણના કરીને કોઈએ કયારેય કાયદાનો વિચાર કરી શકે ખરો? આપણે એમ કહીએ છીએ કે એકવીસમી સદીમાં પહોંચી જઈએ, મોર્ડનાઈઝેશન લાવીએ એટલે શું ઓછા કપડાથી લાવે છે? અવકાશયાનમાં પહોંચેલી આપણી બેન ચાવલા એ ઓછા કપડા પહેરીને અવકાશયાનમાં ગઈ હતી? સંસ્કાર અને સંસ્કૃતિની રક્ષાએ રાજય સરકારની જવાબદારી છે. આપણે એમ કહીએ છીએ ગૌ,બ્રાહ્મણ પ્રતિપાળ એ રાજય સરકારની સંપૂર્ણ જવાબદારી છે. રાજયોની અને કેન્દ્રની, જે પણ સરકારો છે કે આ દેશમાં આવતી પેઢીને કેવા માર્ગ ઉપર ચાલવું છે એનો રસ્તો કાયદા દ્વારા પ્રસ્થાપિત થાય છે અને એટલા માટે ચંદ્રિકાબેનના બિલમાં મોર્ડનાઈઝેશન ટૅક્નૉલૉજી અને આધુનિક વૈશ્વિકરણનું જે નામ આપી પોનોગ્રાફીથી માંડીને અનેક પ્રકારની આધુનિક ટૅક્નૉલૉજીથી જાતીય શોષણ એ પણ મહિલાઓનું જો આપણે ન રોકી શકીએ તો મને લાગે છે કે આપણા ચૂંટાયેલા પ્રતિનિધિ તરીકે આપણો અવાજ એ આપણી માતાઓ, બહેનોનો અવાજ આ ગુજરાતમાં ન ઉઠાવીએ અને એ પ્રમાણેના કદમ ન ઉઠાવીએ તો માત્ર ચર્ચા કરવાનો આ બિલનો કોઈ હેતુ પણ નથી. બિલનો ભલે સ્વીકાર ન થાય પણ આ વખતે આ વિધાનસભા સત્રમાં કમસે કમ બે ત્રણ એવા કાયદા આવે કે જે પોનોગ્રાફી, બ્યુટીપાર્લર અને એને સંબંધી જે પ્રકારના અશ્લીલ પોસ્ટરો લાગે છે એને કડકમાં કડક ગુજરાતમાં દાખલો તો બેસાડે. બીજા રાજયોમાં કેન્દ્રમાં જે થવું હોય તે થાય અને એટલા માટે આપણે ઇચ્છીએ કે જે માતૃત્વની આપણે આટલી ચિંતા કરીએ છીએ, પુરુષ અને સ્ત્રીના દરમાં થયેલા ઘટાડાની પણ આપણે ચિંતા કરીએ છીએ. શિક્ષણમાં પણ મહિલાઓની આપણે ચિંતા કરીએ તો એના શિયળની ચિંતા

કરવાની આપણી જવાબદારી ખરી કે નહી? અને એટલા માટે હું બહુ હૃદયપૂર્વકની વેદના સાથે કહું છું કે મહિલા આપણી મા છે અને જયાં જયાં માતૃત્વનું રક્ષણ કરવામાં એના દીકરાઓ ઉણા ઉતર્યા છે, ત્યારે એ સંસ્કાર, સમાજ રાષ્ટ્ર નાશ પામ્યા છે. આજે ગ્રીક, રોમ યુનાન મીટ ગયે જહાં સે આપણે કેમ નથી મટયા, કુછ બાત હૈ ઐસી કી હસ્તી મીટતી નહીં હમારી અને એ એટલા માટે છે કે આપણે આ દેશના સંસ્કારને સાચવી રાખ્યા છે. અનેક પ્રકારની પ્રજાઓ અહીં આવી એને પણ આ દેશનાં સંસ્કારથી સમાવી છે અને એ ભારતની આપણી આગવી ઓળખ છે. કુટુંબની આપણી પોતાની એક પહેચાન છે અને એટલા માટે જ કે જે પણ અશ્લીલતા કોઈની તર્કબુદ્ધિને કારણે હોય તો રાવણબુધ્ધિ પણ ઓછી નહોતી. બુદ્ધિ હકારાત્મક છે કે નકારાત્મક એ દિશામાં આપણે એ બુદ્ધિને રોકવી જોઈએ અને માનનીય મંત્રીશ્રીને પણ હું વિનંતી કરીશ કે કમસેકમ બે ત્રણ એવા કાયદા કે જે નજરે દેખાય છે, જેને હાથવેંતમાં પકડી શકાય છે. સાયબર કાફેમાં આપણે એના ઉપર કંટ્રોલ કરી શકાય છે. ટૅક્નૉલૉજી જો માણસે પેદા કરી છે તો એને રોકવાની બુદ્ધિ પણ માણસ પેદા કરી શકે છે અને એટલા માટે હું ચંદ્રિકાબેનના બિલની સાથે સંમત થાઉ છું અને માત્ર મહિલાઓ જ આ બિલને શું કરવા લાવે, પુરુષો પણ કોઈ માના દીકરા જ છે ને? પુરુષો પણ આ બિલ લાવી શકે. પુરુષો પણ એમાં બોલી શકે અને આપનું જે ગૌરવ છે એ આપણા બધાનું ગૌરવ છે એ જળવાઈ રહે અને ગુજરાત એમાં દાખલો બેસાડે એવી મારી વિનંતી છે.

**શ્રી શંકરભાઈ દે. વાઘેલા (ચકલાસી)** : માનનીય અધ્યક્ષશ્રી, સન ૨૦૦૪નું વિધેયક ક્રમાંકઃ ૨૩ - સન ૨૦૦૪નું ગુજરાત અશ્લીલ જાહેરખબર, ફોટોગ્રાફ અને પોસ્ટર પ્રતિબંધ વિધેયક લઈને આવ્યા છે એને હું અનુમોદન આપવા ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ભારતની સંસ્કૃતિ, વાણી અને વર્તન અને સંસ્કારો ઘણા ઉચ્ચ પ્રકારના છે. રામાયણમાં પણ આપણે વાંચ્યું હશે, જાણ્યું હશે કે જ્યારે લક્ષ્મણને પૂછવામાં આવ્યું ત્યારે એણે જણાવ્યું કે સીતા માતાના પગની પાની સિવાય એણે કશું જોયું જ નથી. આવા પ્રકારની માજા મર્યાદા હતી. એ મર્યાદા દિન પ્રતિદિન તૂટતી જાય છે. પોસ્ટરો જોઈએ તો નગ્ન, અર્ધનગ્ન છપાય છે. સિનેમાગૃહોમાં અશ્લીલ સિનેમા બતાવાય છે. સામયિકો અથવા સાપ્તાહિકો જુઓ તો એની જાહેરખબરોમાં પણ એટલે નીચે સુધી ગયા છીએ કે માનવ માત્રને માટે પણ શરમજનક છે. આવી પરિસ્થિતિ પેદા થઈ છે ત્યારે આપને વિનંતી કરવાની કે ચંદ્રિકાબેન જે વિધેયક લાવ્યા છે એને સમગ્ર ગૃહે અનુમોદન આપવું જોઈએ. કારણ કે મહારાષ્ટ્ર જો ડાન્સ બાર બંધ કરવાનો કાયદો લાવી શકતું હોય તો જેના કારણે સમગ્ર ગુજરાતમાં કેટલું જાતિય શોષણ થાય છે? સિનેમાગૃહ હોય, પ્રાઈવેટ ચેનલો હોય, બ્યૂટી પાર્લરો હોય આ બધી જગ્યાએ બહેનોનું શોષણ થઈ રહ્યું છે. જે રીતે બહેનોને અવળા માર્ગે દોરી જવામાં આવે છે અને મેનિયાક જેવા માણસો પેદા થતા હોય ત્યારે ગુજરાત સરકાર અને ગૃહ ખાતાની ફરજ બને છે કે આવી વસ્તુ ન થવી જોઈએ. કારણ કે ગુજરાતની સંસ્કૃતિ ઉચ્ચ પ્રકારની છે. જે દેશમાં મહામુનિઓ, ઋષિઓ અને મહાપુરુષો પેદા થયા છે, દીકરી અને મા-બેટીની ઈજ્જત ન જળવાતી હોય ત્યારે આ કાયદો લાવીને એક નવો રસ્તો અને રાહ આ સરકારે ચીંધવો જોઈએ કે જેનાથી આપણી સંસ્કૃતિ જળવાય. બહેન-બેટીનું જાતિય શોષણ ન થાય અને જ્યાં બ્યૂટી પાર્લરો અને સિનેમાગૃહો ચાલતા હોય ત્યાં આવા બનાવો બનતા હોય ત્યારે એ બનાવને એવી રીતે લેવો જોઈએ કે ભવિષ્યમાં એવા તત્ત્વો પેદા ન થવા પામે એવા પગલા લેવા જોઈએ. આવું થાય તો મને લાગે છે કે વિધેયક લાવ્યા છે એ સાર્થક થશે અને એ સ્વીકારાય એવી વિનંતી છે.

**ડૉ. માયાબેન સુ. કોડનાની (નરોડા)** : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય સદનના ખૂબ જ સન્માનનીય સભ્ય, મહિલાઓની હંમેશા ચિંતા કરવાવાળા ડૉ. ચંદ્રિકાબેન ચુડાસમા ગુજરાત અશ્લીલ જાહેરખબર, ફોટોગ્રાફ અને પોસ્ટર પ્રતિબંધ વિધેયક લઈને આવ્યા છે એના સમર્થનમાં હું મારા વિચારો વ્યક્ત કરવા ઉપસ્થિત થઈ છું.

માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૩ની ૬ઠ્ઠી માર્ચે આ જ બિલ બિન સરકારી સદસ્ય તરીકે આ સન્માનનીય ગૃહમાં મેં રજૂ કર્યું હતું. આ પહેલા પણ ઘણા બધાએ રજૂ કર્યું છે. પરંતુ પરિસ્થિતિ હજુ એની એ જ છે. આ સંસારમાં એક જ વસ્તુ સ્થાયી છે અને એ છે પરિવર્તન. આખો યુગ પરિવર્તિત થઈ રહ્યો છે.ત્યારે ગ્લોબલાઈઝેશનના આ સમયમાં, પશ્ચિમીકરણના આ સમયમાં, કોમ્પિટિશનનના આ સમયમાં દરેક વેપારીને જ્યારે પોતાની પ્રોડક્ટને વેચવી છે ત્યારે એનું માર્કેટીંગ કરવું છે અને માર્કેટીંગ કરવામાં એમને સાધન તરીકે આ અશ્લીલતા દેખાય છે ત્યારે દુઃખ થાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, વેપાર-ઉદ્યોગ કરવો જોઈએ, વિકાસ થવો જોઈએ. પરંતુ પોતાની પ્રોડકટ વેચવામાં આ સ્ત્રીનો ઉપયોગ થાય છે. તેનું જે શોષણ થાય છે એ ખરેખર ખૂબ દુઃખદાયક ઘટનાઓ હોય છે. સંસ્કૃત્તિએ તો આપણા દેશની પ્રાણશકિત છે. સંસ્કૃત્તિ વગર આ દેશ ટકી જ ના શકે અને એટલા માટે, આપણે ખાસ

કરીને હંમેશા સાંસ્કૃત્તિક રાષ્ટ્રવાદની વાત કરતા આવ્યા છીએ. આ સંસ્કૃત્તિમાં મહિલાને એક મહાન દરજ્જો આપવામાં આવ્યો છે. પરંતુ હું તો એનાથી આગળ વધીને કહું છું કે આખું વિશ્વ, એક માત્ર ભારતીય સંસ્કૃત્તિ છે કે જેણે મહિલાને દેવી તરીકે પૂજા કરતા હોય, આખા વિશ્વમાં કયાંય મહિલાની પૂજા નથી થતી. સ્ત્રીની એક શકિત તરીકે આરાધના કરવામાં આવે છે. અંબા, દુર્ગા, કાલિકામાતા, ચંડિકામાતા અનેક સ્વરૂપે સ્ત્રીની પૂજા થાય છે અને અર્ધનારેશ્વર, શીવ પણ શકિત વગર અધૂરા છે. હમણાં ગોરધનભાઈએ કહ્યું તેમ 'યત્ર નાર્યસ્તુ પૂજયન્તે, રમન્તે તત્ર દેવતા:, નારી તુ નારાયણી પણ કહીએ અને નરસિંહ મહેતાએ જ્યારે ભજન લખ્યું ત્યારે એમ કહે કે દરેક પર સ્ત્રીને માતા ગણવામાં આવે. એ જ વૈષ્ણવ કહેવાય. વૈષ્ણવની વ્યાખ્યામાં જ એમણે પર સ્ત્રીને માતા ગણાવી એ એમની વ્યાખ્યા. આ આપણી સંસ્કૃત્તિ. અહીંયા જીજામાતા હોય તો જ શિવાજીનું નિર્માણ થાય, અહીંયા કર્તવ્યની ભાવના, અહલ્યાબાઈ હોય તો જ રાજ કરી શકે અને લોકોના કલ્યાણની પ્રવૃત્તિઓમાં જોડાય અને ઝાંસીની રાણી, લક્ષ્મીબાઈ હોય તો પોતાના બાળકને ખભે લગાવીને પણ કર્તવ્ય નિભાવવા રાજનીતિ શું હોય એ પાઠ ભણાવે? આ અમારા માટે આદર્શ મહિલા હોઈ શકે. આ ભારતીય સંસ્કૃત્તિ તો એવી છે કે દેવો પણ જો અનસૂયાની પરીક્ષા કરવા આવે તો દેવોને પણ અનસૂયા બાળક બનાવીને પોતાના ઘરમાં બેસાડી દે. આ આપણી સંસ્કૃત્તિ. પરંતુ આ સંસ્કૃત્તિમાંથી હટીને જ્યારે પશ્ચિમીકરણ થાય, Globalisation થાય અને ખાસ કરીને liberalisation થયું. દરેકને પૈસો વધારેમાં વધારે કમાવો છે. ટૂંકા રસ્તે જલદીથી કમાવો છે. આ જ્યારે માર્કેટિંગનો જમાનો આવ્યો અને એમાં સ્ત્રીને એક સાધન બનાવવામાં આવી અને સ્ત્રી દેવી અને દેવીમાંથી દાસી અને અશ્લીલતા આવીને ઊભી રહી ગઈ છે. મારી આ સન્માનનીય ગૃહને એક વિનંતી છે કે સ્ત્રીને ભલે તમે એ જમાનામાં દેવી ગણતા હતા. દેવી ના ગણો, એક વ્યકિત ગણો, ચીજ ના ગણો, સ્ત્રી એ કોઈ ચીજ નથી, અને જ્યારે કોઈ ગીત ગાતું હોય - 'તુ ચીજ બડી હે મસ્ત મસ્ત' ત્યારે ખરેખર શરમથી માથું ઝૂકી જાય છે. અશ્લીલ ફોટોગ્રાફ કે જાહેરાત જુઓ ત્યારે T.V. સામે જોતા જોતા બાપ અને દીકરી સાથે બેસીને serials ના જોઈ શકે. ખાસ કરીને આજની આ સીરીયલ જેમાં extra marital relationship બતાવવામાં આવે છે એનાથી શું સંસ્કાર મળે? આપણા બાળક એ આ દેશનું યુવાધન. આ દેશનું બાળક એ આપણું ધન છે, આપણો પૈસો, મૂડી એ ધન નથી, પણ યુવાનો એ ધન છે. એ લોકોને શું સંસ્કાર મળવાના? આમાંથી એમનું ભવિષ્ય career oriented હોવું જોઈએ. લક્ષ, Goal નિધારિત હોવો જોઈએ. પરંતુ હવે તો ગામડા સુધી T.V. પહોંચી ગયા છે. પહેલાના સમયમાં તો છાપા ગામડા સુધી જતા હતા, પણ હવે તો T.V. ઘરે ઘરે, ગામડે ગામડે પહોંચી ગયા છે અને આ સાંસ્કૃત્તિક પ્રદૂષણ ઘરે ઘરે , ગામડે ગામડે પહોંચી ગયું છે ત્યારે ખરેખર આ સમય ચિંતાનો વિષય છે. સામૂહિક ચિંતન અને ચિંતા નહિ કરીએ તો પશ્ચિમીકરણના પવન સામે, પવન નહિ પણ એક વાવાઝોડા સામે કેવી રીતે ટકીશું? એક એક મોટો પ્રશ્ન છે અને એટલા જ માટે તો ગૃહ ચિંતા કરે છે. બહેનશ્રી જ્યારેવિધેયક લઈને આવ્યા છે ત્યારે ખરેખર.કાયદો છે માનનીય અધ્યક્ષશ્રી, ૧૯૮૬માં કાયદો પસાર થયો છે. આઈ.પી.સી. ૨૯૨ અને ૨૯૩ છે પરંતુ એ કાયદાનું અમલીકરણ કેવી રીતે થાય અને આ ઉપભોકતાવાદમાંથી કેવી રીતે બહાર આવીએ એ ખૂબ જરૂરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ઈન્ટર નેટનો જમાનો, એસ.એમ.એસ., એમ.એમ.એસ અને સાયબર ક્રાઇમ એમાંથી કેવી રીતે આપણે આ યુવાનોને, આપણે દીકરીઓને બચાવવી ? દીકરીઓની એવી તે કેવી મજબૂરી હશે કે એમને આવી અશ્લીલતા તરફ પોતાને જવાની ફરજ પડે છે એ પણ સંશોધનનો વિષય છે. માત્ર એ દીકરીઓનો જ વાંક કાઢીએ એ જરૂરી નથી પણ એ દીકરીઓને એવી તો કેવી મજબૂરી છે કે આ અશ્લીલતા તરફ જવું પડે છે એના માટે પણ સંશોધન કરવું જોઈએ.

માનનીય અધ્યક્ષશ્રી, પરિવાર આ દેશનું કેન્દ્રબિંદુ છે, જ્યારે પરિવાર મંદિર બનશે તોજ આ સાંસ્કૃતિક પ્રદૂષણમાંથી આપણે આપણા દેશને બચાવી શકીશું. આ એક સામાજિક જવાબદારી છે. વૈચારિક ક્રાંતિની જરૂર છે અને આ વૈચારિક ક્રાંતિ લાવવા માટે શાળાઓમાં આવા પાઠો ભણાવવા પડશે, માત્ર કાયદો લાવવાથી આમાં આપણને પરિણામ મળવાનું નથી.

માનનીય અધ્યક્ષશ્રી, મહાભારતના સમયમાં દ્રૌપદીને એક ચીજ ગણવામાં આવી હતી અને એને દાવ પર લગાવવામાં આવી, ભિષ્મ બેઠા બેઠા જોતા રહ્યા, દ્રોણ બેઠા બેઠા જોતા રહ્યા, ધ્રુતરાષ્ટ્રે પોતાની આંખ પર પટ્ટી બાંધી અને દ્રૌપદીનું ચિર હરણ થયું. જો એ સમયમાં ભિષ્મે પોતાના મુખ ઉપર પટ્ટી ના બાંધી હોત, ધ્રુતરાષ્ટ્રે પોતાની આંખ પર પટ્ટી ના બાંધી હોત તો કદાચ મહાભારતનું નિર્માણ ના થાત. તો આજે હું એમ કહું છું કે, આપણે ભિષ્મ ના બનીએ, દ્રોણ ના બનીએ અને ધ્રુતરાષ્ટ્ર ના બનીએ અને વહેલમાં વહેલી તકે આ અશ્લીલ જાહેરખબરો અને આ સાંસ્કૃતિક પ્રદૂષણમાંથી આપણે આપણા દેશને બચાવીએ. આપણે સંસ્કૃતિની જાળવણી માટે પ્રયત્ન કરીએ, આ બીલ લાવ્યા છે બહેન એ માટે તેમને હું ખરેખર અભિનંદન આપું છું.

**શ્રીમતી વસુબેન ન. ત્રિવેદી (જામનગર)** : માનનીય અધ્યક્ષશ્રી, સન ૨૦૦૪નું વિધેયક ક્રમાંક-૨૩ સન ૨૦૦૪નું ગુજરાત અશ્લીલ જાહેરખબર, ફોટોગ્રાફ અને પોસ્ટર પ્રતિબંધ વિધેયક ચંદ્રિકાબેન લઈને આવ્યા છે હું એને અનુમોદન આપવા અને એના માટેના મારા વિચારો વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ઘણી બધી વાતો ચંદ્રિકાબેને કરી, માયાબેને કરી, હું એમ માનું છું કે, નારી તું નારાયણી પરદારેશ્વ માતૃત્વ:, જગતનું કલ્યાણ કરનારી માતા, સ્ત્રી દેહ નથી સ્ત્રી શકિત છે એવી વાત આપણે બધા કરીએ છીએ, આપણે બહેનો કરીએ છીએ. માતૃવંદનાનો જય ઘોષ કરનારી આપણી બહેનો અને આપણો સમાજ છે. આપણી સ્ત્રી શકિત આજે પોસ્ટરોમાં, ફૅશન-શોમાં, મોડેલિંગમાં શું કામ ગઈ? મને એમ લાગે છે કે, વિધેયકની વાત કરતાં પહેલાં આપણે ચિંતા આ કરવાની આવશ્યકતા છે. બહેનો પોતાનો ઉપયોગ ના થવા દે, આપણે શકિતની વાત કરી છે ,"ન રહેગા બાંસ, ન રહેગી બાંસુરી" આપણે ઉપયોગ થવા કેમ દઈએ? બહેનો આપણે ત્યાં એજયુકેટ થઈ, મેકેલોની શિક્ષણ પદ્ધતિને કારણે જે. શિક્ષણ આપવામાં આવ્યું, એક સાંસ્કૃતિ આક્રમણ આપણા ઉપર હતું અને એના કાણે ભારતીય નારીનું સંસ્કૃતિનું હનન કરવાનો એક પ્રયત્ન થયો અને એના કારણે સ્ત્રી એજયુકેટ થઈ, ડિગ્રી મળી પણ બહેનોએ કલ્ચરડ થવું જોઈએ, સુસંસ્કૃત થવું જોઈએ. એ સંસ્કૃત ન બની અને એને કારણે વિદેશી આક્રમણનો ભોગ આપણી બહેનો થતી રહી. આપણા દેશનો ઈતિહાસ તો માનનીય અધ્યક્ષશ્રી, ચંદ્રિકાબહેનને કહેવા માગું છું કે, ભવ્ય ઈતિહાસ છે. ભવ્ય ઈતિહાસની આપણે વાતો કરી છે અને એનાથી પ્રભાવિત થઈ વિશ્વના લોકો આપણે ત્યાં આપણા દેશનું ચારિત્ર્યનું શિક્ષણ લેવા માટે આવતા હતા. વિદેશોમાં આપણી સંસ્કૃતિનું મહત્ત્વ એનું એજ રહ્યું છે. આજે વિદેશોમાં જઈએ છીએ ત્યારે ત્યાંના લોકો આપણી સંસ્કૃતિની વાત આપણા મોઢે સાંભળવા માટે તલ-પાપડ હોય છે. ર્ડા. માયાબેને વાત કરી, નેતૃત્વ, માતૃત્વ, કર્તુત્વ અને સ્ત્રીત્વની, આપણી બહેનો ભારત વર્ષની બહેનો આ આર્દશો આ મધુર સંદેશાઓને પોતે કોની વારસદાર છે? આ વારસદારને યાદ રાખી છે ખરી? હું આ ગૃહ દ્વારા ચંદ્રિકાબહેનને કહેવા માગું છું કે વિધેયક લાવતાં પહેલાં આપણા ગુજરાતની બહેનોને આપણે કોના વારસદાર છીએ એની વાત કરીને આગળ લાવવાની જરૂર છે. આપણને આપણા વારસદારની ખબર નથી. મને લાગે છે કે આના માટે પ્રદૂષણ વધતું ગયું છે. આવી વિરાંગનાઓના આપણે વારસદાર હોઈએ એનું પાલન થતું નથી એટલે આ દેશની સંસ્કૃતિ કયાંક સંતાઈ ગઈ છે. ભારત વર્ષની હું બહેન છું. સ્ત્રી હોવાનું સ્વાભિમાન આપણને રહ્યું છે ખરું? આત્માની સુંદરતાનો જોક નથી રહ્યો. ચંદ્રિકાબહેને કહ્યું કે પાર્લર વધતા જાય છે. આત્માની સુંદરતાનો જોક, પહેલાના વખતમાં તમારી અને મારી માતાએ જયારે સાસરે જઈએ ત્યારે કહ્યું હશે, પાઠ ભણાવ્યા હશે કે સમાજની, ગામની, આપણા ઘરની સંસ્કૃતિને ઉજાગર કરજે. આજની માતા એજયુકેટેડ છે. માતાને ચિંતા છે કે મારી દીકરી કાલે કયા બ્યુટીપાર્લરમાં જવાની છે. આ ભેદ, સંસ્કૃતિ ઉપર આક્રમણ થયું છે. ગરબાની વાત કરી. સરસ્વતિ, લક્ષ્મી અનેક દેવ, દેવીની આપણે ઉપાસના કરીએ છીએ. આ ઉપાસના કરતા કરતા આપણી ઉપર ધાર્મિક આક્રમણો થઈ રહ્યા છે. એનો ભોગ આપણી બહેનો બની રહી છે. એ ભૂલવું ન જોઈએ. વેદકાલીન, મધ્યકાલીન યુગની વાત કરીએ તો આ બધું આપણે સૌ જાણીએ છીએ. વધારે સમય નથી નહીંતર મારે ઘણુંબધું કહેવું છે. રાવણ સીતાને લંકામાં લઈ જાય છે. ત્યારે મંદોદરી રાવણને વિહવળ જોઈને પૂછે છે કે તમે કેમ વ્યથિત થાવ છો? તમે તો રૂપ બદલી શકો છો. રૂપ બદલીને સીતાને પોતાની કરી લોને. ત્યારે રાવણ જવાબ આપે છે કે મેં પ્રયત્ન કરી જોયો છે. પણ સીતા સામે જોઉં ત્યારે સીતા માતા મને પગે લાગે છે. એમાં માતાનું સ્વરૂપ મને દેખાય છે. આ અસ્તિત્વનો મધુર સંદેશ આપણે યાદ રાખ્યો છે. નારી યૌવન શ્રુંગાર પાછળ પાગલ બન્યું છે. આખા દેશમાં સારા વિચારોનો પ્રચાર, પ્રસાર થવો જોઈએ એ થતો નથી. આના માટે કાયદા લાવાવાની જરૂર છે ત્યારે મોડેલીંગ, પોસ્ટર, સિનેમા બોર્ડ, રેડિયો કાર્યક્રમમાં, ગીતોમાં જબરી જેહાદ જગાવી છે. ચંદ્રિકાબહેને ખૂબ ચિંતા કરી છે. સરકારે ચિંતા કરી છે. સરકાર એટલે આપણે. આપણે પણ ચિંતા કરવી પડે. આપણા વિસ્તારમાં થતા ફેશન શો જેવા કાર્યક્રમમાં ન જઈએ. આપણા વિસ્તારની સ્કૂલમાં કોઈ 'ડે' ઉજવાતા હોય ત્યાં હાજરી ન આપીએ અને 'ડે'ના સ્વરૂપને બદલવાની વાત કરીએ. મને યાદ છે શિક્ષણમંત્રી જામનગર કોલેજના કાર્યક્રમમાં આવ્યા ત્યારે કોલેજ ડે નો દિવસ હતો. બહેને કહ્યું ગુલાબ આપવાને બદલે સંસ્થાના મકાનમાં ગુલાબનું કુંડુ રોપવામાં આવે. મને અનુભવ છે. દેશની સંસ્કૃતિ સાથે જોડાયેલો આ વિષય છે. સંસ્કૃતિના ઉન્નત માનવીનું રક્ષણ કરવું હશે તો ધર્મની ભાવના જગાડવી જોઈએ. વિષય કન્યાની વાત કરી. ભારત વર્ષની માતા નાગપાંચમને દિવસે સમાજને ડસનારા સાપને આમંત્રણ આપે છે. દૂધ પીવડાવે છે. દૂધ પીને વિષને અમૃત બનાવ અને સમાજમાં મંગલકારી કામ થાય એ માટે ચિંતા કરે છે. નારીના સુષુપ્ત આત્માને જગાડવાની જરૂર છે. ટી.વી. ચેનલો, ટી.વી. સિરીયલો કાચીંડો રંગ બદલે એમ રંગ બદલતી રહી છે.

**સભાપતિશ્રી** : પૂરું કરો.

**શ્રીમતી ભાવનાબેન હે. ચપટવાલા (સુરત શહેર(પશ્ચિમ)** : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહમાં રજૂ કરવામાં આવેલ ગુજરાત અશ્લીલ જાહેરખબર, ફોટોગ્રાફ અને પોસ્ટર પ્રતિબંધક વિધેયકને હું મારું સમર્થન આપું છું અને તે ઉપર મારા વિચારો રજૂ કરવા માટે ઊભી થઈ છું.

માનનીય અધ્યક્ષશ્રી, આજે આપણી યુવા પેઢી ઉપર પાશ્ચયાત સંસ્કૃતિનું ભયંકર હદે આક્રમણ થઈ રહ્યું હોય ત્યારે ડો. ચંદ્રિકાબેન ચુડાસમા જે આ વિધેયક લઈને આવેલ છે, તેમને ખૂબ ખૂબ અભિનંદન આપું

છું. જે રીતે આ શહેરમાં જાહેર અશ્લીલ જાહેરખબર, ફોટોગ્રાફ અને પોસ્ટરનું પ્રોડક્શન વધી રહેલ છે, તે સંજોગોમાં જે રીતે ન્યાયની દેવીએ પોતાની આંખો ઉપર પટ્ટી બાંધી છે, તે રીતે સમાજમાં સ્ત્રી આંખ ઉપર પટ્ટી બાંધીને નીકળે તેમાં આશ્ચર્ય પામવા જેવું નથી. આધુનિક ટૅક્નૉલૉજીથી જાતિય શોષણ થાય છે, એની સામે કદમ ઉઠાવવું જોઈએ. ઠેર ઠેર બ્લુ ફિલ્મ ચાલી રહી છે, ત્યાં આગળ દરોડા પાડવા જોઈએ. આ દેશને લાંછન લાગે એ પરિસ્થિતિ ઊભી થઈ ગઈ છે. આજે રોજબરોજ ગલીએ ગલીએ પાર્લરો ખૂલતા જાય છે. રજિસ્ટ્રેશન વગર, લાઈસન્સ લીધા વગર તેની અંદર શું પરિસ્થિતિ છે એ કોઈ દિવસ તપાસ કરી છે ખરી? સામાન્યત: કોઈપણ પ્રોડક્ટ બનાવતી વખતે નાની કંપનીઓ કે મલ્ટી નેશનલ કંપનીઓ નાના પડદા ઉપર કે પછી મોટા પડદા ઉપર હોય ત્યાં આવી અશ્લીલ જાહેર ખબર બતાવવાનું પ્રમાણ ખૂબ જ મોટા પ્રમાણમાં વધી રહ્યું છે, તેમાં મૂળભૂત ઉદેશ માનસિકતાનો લાભ લઈને પોતાની પ્રોડક્ટનું વેચાણ કરવાનું હોય છે. આપણે જોઈ શકીએ છીએ કે ૧૫-૨૦ વર્ષ પહેલાં જ્યારે જાહેરખબર આવતી હતી, ત્યારે કોઈપણ પ્રોડક્ટની ગુણવત્તા, તેની ઉપયોગિતાને ધ્યાનમાં લેવામાં આવતી હતી, પરંતુ આજે આપણે જોઈ શકીએ છીએ કે કોઈપણ પ્રોડક્ટ હોય એમાં પરિસ્થિતિ તદન વિપરીત છે. કોઈપણ જાહેરખબરમાં અશ્લીલતા નહિ હોય તો એ જાહેરખબર નહિ કહેવાય. કોઈપણ જાહેરખબર હોય તેમાં સ્ત્રીને એક માધ્યમ તરીકે મુકવામાં આવે છે. અમુક તો જાહેરખબર એવી હોય છે કે જેમાં સ્ત્રીને નગ્ન, અર્ધ નગ્ન અવસ્થામાં બતાવવામાં આવે છે. અમુક જાહેર ખબર એવી હોય છે કે સ્ત્રીને લાલચુ અને ચારિત્રહીન બતાવવામાં આવે છે. એક સ્ત્રી તરીકે હું સખ્ત શબ્દોમાં વિરોધ કરું છું. આ અંગે નિયંત્રણ લાવવાનો સમય પાકી ગયો છે. અમુક જાહેર ખબર એવી હોય છે કે જેમાં સ્ત્રીને સ્નાનસૂતકનો પણ સંબંધ નથી હોતો, તેવી જાહેર ખબરમાં સ્ત્રીને અશ્લીલ બતાવી સ્ત્રીને એક માધ્યમ તરીકેનો ઉપયોગ કરવામાં આવે છે. સ્ત્રી આ સૃષ્ટિની સર્જક છે અને આ સૃષ્ટિની સર્જક સ્ત્રીની દયાજનક પરિસ્થિતિ છે. એ તો જાહેર ખબર જોઈએ છીએ, ત્યારે જ આપણને ખબર પડે છે. આના નિરાકરણ માટે ચોક્કસ પગલાં ભરવાં જોઈએ. જેવું અન્ન તેવો ઓડકાર અને જેવી દ્રષ્ટિ તેવી સૃષ્ટિ. આપણે જોઈએ છીએ કે ઘરમાં બેઠા ટેલિવિઝન જોતા હોઈએ કે પછી થિયેટરમાં ફિલ્મ જોતા હોઈએ કે પછી મુસાફરી કરતા હોઈએ ત્યારે આવા પ્રકારની અશ્લીલ જાહેર ખબર જોવા મળે છે, પરંતુ આ જાહેર ખબર સામાન્ય નથી હોતી, પણ અશ્લીલતાથી ભરેલી હોય છે, તેના ઉપર પગલાં લેવાવાં જોઈએ. હિન્દુ આદર્શવાદની બનેલી સરકાર આ દિશામાં પ્રયાસ નહિ કરે તો પરિણામ ખૂબ જ ગંભીર આવશે અને આની યુવા પેઢી ઉપર ગંભીર અસર થશે, જાતીય ગુનામાં વધારો થશે, બાળકો-તરુણીઓમાં વિકૃતિ ઊભી થશે અને જેના કારણે ગૌરવવંતી ભારતીય સંસ્કૃતિનો પરિહ્રાસ થાય છે. આજે સમાજમાં કુંવારી માતા બને છે, બળાત્કાર, અપમૃત્યુ, સ્ત્રી અપમાન, વેશ્યાવૃત્તિ વગેરેનું સર્જન અશ્લીલ જાહેરખબર, ફોટો ગ્રાફર અને પોસ્ટરના વધુ પડતા પ્રદર્શનને કારણે થાય છે.

**શ્રી અમિત અ. શાહ (રાજય કક્ષાના ગૃહમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી ચંદ્રિકાબેન જે બિલ લઈને આવ્યા છે અને તે બિલમાં માનનીય ચંદ્રિકાબેને આપેલ વક્તવ્ય અને હાજર રહેલ સભ્યશ્રીઓએ જે વિચારો રજૂ કર્યા છે તે વિચારોના હાર્દ સાથે આ સરકાર સંમત છે. આમ તો આમાં બીજી કોઈ મુશ્કેલી નથી. પણ નાનકડી મુશ્કેલી એટલી જ છે કે આ બિલ સરકાર માની લે તો સજામાં ઘટાડો થાય તેમ છે. અત્યારે એકજીસ્ટીંગ જે કાયદા છે અને તેમાં જે જોગવાઈ છે તેનાથી ઓછી સજા આ બિલની અંદર આ કૃત્યો માટે સૂચવેલ છે. એટલે આવું કરવાથી આ કૃત્યોને ઉત્તેજન મળે તેવું છે. પરંતુ બહેને જે સ્પિરિટ રજૂ કરી તે સાથે સરકાર સંમત છે તેથી આ બિલમાં કાયદાની જે જોગવાઈઓ છે તેનો વધુ કડક રીતે લાગુ કરવાનો વિશ્વાસ આપું છું, સભાગૃહના સન્માનનીય સભ્યોને વિશ્વાસ આપું છું. તો હું માનનીય બહેનશ્રીને વિનંતી કરીશ કે આ બિલ પાછું ખેંચી લે.

**ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ગૃહમંત્રીશ્રી જે હોય તે, સરકાર આ હોય કે તે હોય આ બિલ ઘણા વર્ષોથી આ જ નિયમોના અનુસંધાને આ ગૃહમાં આવે છે. તેમાં દરવર્ષે આશ્વાસન આપવામાં આવે છે કે આમાં સુધારા વધારા સાથે અમો આ બિલને પાછું લઈને આવીશું. માનનીય મંત્રીશ્રીએ જે વાત કહી તે સાચી કહી છે. સુધારાઓ નિયમોમાં કોઈ ટૅક્નીકલ વ્યકિત નથી. અમારા હાર્દ, અમારા હદયની લાગણીઓ જ હોય છે. ૨૦૦૦ની અંદર જે એકટ બનાવવામાં આવ્યો તે ઘણો જ અધૂરો છે અને તે એકટમાં જે બનાવ્યું છે ઇકોનોમિક્સ ટૅક્નૉલૉજી એકટ-૨૦૦૦ તરીકે જે ઓળખાય છે તેના આધારે જે કાયદો થયો તે ચાર વર્ષ જૂનો છે. ત્યારે મારે માનનીય મંત્રીશ્રીને એટલી જ વાત કરવી છે આજે જે કંઈ વાતો વિચારવામાં આવે, જે સૂચનો થયા તેમાં આ જ વિધાનસભાગૃહની અંદર ચાલુ ગૃહની અંદર માનનીય મંત્રીશ્રી આ સુધારા સાથેનું બિલ લાવે. માનનીય માયાબેને, માનનીય ગોરધનભાઈએ, માનનીય ભાવનાબેને અને માનનીય વસુબેને વાત કહી હતી ત્યારે હું માનનીય વસુબહેનને એક વાકય કહીશ કે સ્ત્રી કોઈપણ કાર્ય કરે ત્યારે માત્રને માત્ર તેના પાછળ મજબૂરી હોય છે. કંઈક મજબૂરી હોય છે. પછી તે મજબૂરી ઈકોનોમી હોઈ શકે, તે મજબૂરી ઘરની

હોઈ શકે કે પુત્રને જન્મ આપે કે પુત્રીને જન્મ આપે તેમાં ઘરના વડાનું દબાણ હોઈ શકે પણ સ્ત્રીના નિર્ણયની પાછળ ક્યાંકને ક્યાંક મજબૂરી હોય છે. આજના વિદ્યાર્થીને મારે કહેવું છે કે સ્કૂલમાં ભણતી દીકરી પર જે એસએમએસ આવે છે, તેમાં દીકરીનો વાંક શું? દીકરીને કોઈ તકલીફ છે અને આજે તે જ દીકરી જ્યારે જુએ છે ત્યારે તે શું કરે? તેનાથી વિશેષ આ ગૃહના તમામ સભ્યશ્રીઓ જાણે છે, આપણા પર પણ આવે છે. આપણે વાંચતા નથી. ત્યારે મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે અમારી લાગણીઓ, ગુજરાતની પરિસ્થિતિ, હાર્દ, ટૅક્નૉલૉજીને સમજી આ ગૃહ આ બિલ સુધારા સાથે લઈ આવે  અને કાયદો કરવાથી બધુ સારું થઈ જશે તે વાત શકય નથી, પરંતુ ડર વગર પ્રીત પણ નથી. ભય ન હોય તો કોઈ પ્રીત ન કરે. ભય જરૂરી છે. યુવાન પેઢીમાં, વેપારી પેઢીઓમાં, ઉદ્યોગોમાં જે રીતે સ્ત્રીને ચીજ સમજીને જાહેરાત માટેની મહત્ત્વની પ્રક્રિયા કરીને અને નફો રળી લે છે તેથી આ ભાવનામાંથી બહાર કાઢવા માટે આ વિધયેકને સુધારા સાથે લાવવું જોઈએ. માનનીય મંત્રીશ્રીએ આશ્વાસન આપ્યું છે ત્યારે માત્રને માત્ર પાછું ખેંચી લઈ પ્રક્રિયા પૂરી કરી પાછું ખેચવું પણ ઘણા બધા સુધારા વટહુકમ થાય છે, ગૃહમાં પણ નથી આવતા અને આપણે રાતોરાત વટહુકમ કરીએ છીએ. તો માનનીય મંત્રીશ્રી અને ૧૮૨ ધારાસભ્યશ્રીઓ દ્વારા ગૃહમંત્રીશ્રીને વિનંતી કરીશ કે આમાં ક્યાંક વટહુકમ કરો. અમે તમારી સાથે છીએ અને સાથે રહીશું પણ બહેનો અને દીકરીઓની લાગણી સાથે હું માનનીય અધ્યક્ષશ્રી,  સન ૨૦૦૪નું વિધેયક ક્રમાંક-૨૩ પાછું ખેંચી લેવાની સભાગૃહની અનુમતિ માગું છું.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૦૪નું વિધેયક ક્રમાંક:૨૩-સન ૨૦૦૪નું ગુજરાત અશ્લીલ જાહેરખબર, ફોટોગ્રાફ અને પોસ્ટર પ્રતિબંધ વિધેયક પાછું ખેંચું છું.

**સભાપતિશ્રી** : વિધેયક પાછું ખેંચવામાં આવે છે.

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય ચંદ્રિકાબેનને આભાર માનું છું.

## સન ૨૦૦૪નું ગુજરાત વિધેયક ક્રમાંક:૨૨
## ગુજરાત બિન-નાશવંત પ્લાસ્ટીક કચરો (નિયંત્રણ) વિધેયક, *૨૦૦૪

### ગુજરાત રાજયમાં જાહેર ગટરો, રસ્તા અને લોકોને જોવા માટેના જાહેર સ્થળોમાં બિન-નાશવંત કચરો ફેંકાતો અથવા એકઠો થતો અટકાવવા અને તેની સાથે સંકળાયેલ અથવા તેનેઆનુષંગિક બાબતો માટેનું વિધેયક

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (અસારવા)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૦૪ના વિધેયક ક્રમાંક ૨૨- સન ૨૦૦૪નું ગુજરાત બિન-નાશવંત પ્લાસ્ટિક કચરો (નિયંત્રણ) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, આપણે સૌ જાણીએ છીએ કે, ગુજરાત એ સમગ્ર દેશમાં ઔદ્યોગિક રીતે અને આર્થિક રીતે પ્રગતિશીલ રાજય છે, આ ઔદ્યોગિકીકરણ અને પ્રગતિથી સમૃદ્ધની સાથે સાથે અનેક જટિલ સમસ્યાઓનો જન્મ થતો હોય છે. આ એકવીસમી સદીની આપણે ભાગદોડની વચ્ચે ઉત્પન્ન થતી કેટલીક સમસ્યાઓ તરફ આનાથી સમાજ ઉપર પડનારી અસરોથી આપણે સૌ વાકેફ છીએ. આ Non-biodegradable garbage એટલે કે પ્લાસ્ટિક બિન નાશવંત કચરો આ પોલીથીલીન, નાઈલૉન, પી.વી.સી. પોલી પ્રોપિલીન, પોલી-સ્ટાયરીન આ પ્રકારની  પૅટ્રોલિયમ પ્રોડક્ટસમાંથી આ બધી વસ્તુઓ બને છે. આ વસ્તુઓથી જમીન ઉપર અસર, જળ ઉપર અસર, જાનવર ઉપર અસર, જંગલ ઉપર અસર અને જનજીવન ઉપર અસર થાય છે.  પર્યાવરણ, માનવી અને પ્રાણી આ બધી જ જગ્યાએ આ વસ્તુઓની અસરો આપણને જોવા મળે છે. સામાન્ય રીતે પ્રકૃતિનો નિયમ હોય છે કે જે બાબતો જીવનમાં સુગમતા અને સગવડ આપતી હોય છે તે બાબતો જીવનમાં અનેક સમસ્યાઓનું સર્જન કરતી હોય છે. અત્યારે આ વપરાતા બિન નાશવંત પ્લાસ્ટિક એની ભયજનક અસરો અને એ અસરોની સામે એના વપરાશની સામે આપણે અત્યારે લાલબત્તી બતાવવાનો સમય આવી ગયો છે. આ લાલ બત્તી બતાવીને કુંભકર્ણની નિંદ્રામાં સૂતેલા સમાજને બેઠો કરવાની તાકીદની જરૂર છે. આ પ્લાસ્ટિક રૂપી રાક્ષસી માયા બીજાને મારવાનો અમરપટ્ટો લઈને જન્મે છે. આ પ્લાસ્ટિક કે જે પૅટ્રોલિયમ પ્રોડક્ટસમાંથી બને છે અને Benzyne and vinyle chloride જેવા તત્ત્વો જેની અંદરથી છૂટા પડે છે, એનાથી શું શું નુકસાન થાય છે, આ ભૂગર્ભ જળને નુકસાન કરે છે, જમીનની ફળદ્રુપતાને એ નાશ કરે છે,  જમીનના ઉષ્ણતાપન ઉપર પણ એની વ્યાપક અસરો હોય છે. ભૂગર્ભ-જમીનની જીવ સૃષ્ટિ ઉપર પણ એની અસરો હોય છે. જમીનની ઉપર થતી હવાની અવરજવર ઉપર અવરોધ ઊભો કરે છે. જમીનમાં

* વિધેયક તા. ૨૭મી મે, ૨૦૦૪ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિધ્ધ કરવામાં આવ્યું છે.

ઊતરતા પાણીમાં અવરોધ ઊભો કરે છે અને જમીનની અંદર પાણી ઊતરવાની પ્રક્રિયા ધીમી કરે છે. આપણે મહાકવિ કાલીદાસની વાયકા જાણીએ છીએ કે જે ડાળી ઉપર તેઓ બેઠા હતા એ જ ડાળી તેઓ કાપતા હતા. આજે અસંખ્ય બુધ્ધિશાળીઓની જમાત દ્વારા ઉત્પાદિત આ Non-biodegradable garbage નો ઉપયોગ કરીને આપણે પોતે જ એ ડાળી ઉપર બેઠા છીએ અને એ જ ડાળી આપણે કાપી રહ્યા છીએ. એના માધ્યમથી આપણે પર્યાવરણને અસમતુલન કરીએ છીએ અને પ્રદૂષણને સંવર્ધન કરીએ છીએ. આપણે સૌ જેનાથી ચિંતિત છીએ કે એવા Global Warming situation કે ઓઝોનના પડના હોલ આ પ્રમાણેની સમસ્યાને કારણે ઊભી થતી વાતો છે. ખાદ્ય પદાર્થો, પેકેજિંગ ઇન્ડસ્ટ્રીઝ, આપણા રોજિંદા વપરાશ દૂધ, શાક, અનાજ, અરે પીવાનું પાણી પણ આજે તો પ્લાસ્ટિકના પાઉચમાં આપણને અત્ર, તત્ર, સર્વત્ર દેખાય છે. આપણે જ્યાં જોઈએ છીએ ત્યાં કેરીબેગ અને પ્લાસ્ટિકની બૅગનું ઝભલું દેખાય છે. તળાવ હોય કે નદીનો કાંઠો હોય, ગામડાંના ઉકરડા હોય કે ખેતરના સીમાડા હોય. શહેરોની ફૂટપાથ હોય કે કચરાના ઢગલા હોય, હૉસ્પિટલ હોય કે મંદિર હોય તમામ જગ્યાએ આ પ્રમાણેના પ્લાસ્ટિક વેસ્ટનો ઉપદ્રવ આપણને સૌને કોરી ખાય છે. એક સર્વેક્ષણ પ્રમાણે પ્લાસ્ટિક ઈન્ડસ્ટ્રીઝનો ગ્રોથ સૌથી ઊંચો ૧૬.૫ ટકા જેટલો ઊંચા દરે આગળ વધી રહ્યો છે. માત્ર દેશના રેલવે સ્ટેશનો ઉપર ૨૦ હજાર ટન જેટલી પ્લાસ્ટિકની બૅગો અને પ્લાસ્ટિકની બૉટલોનો કચરો ઠલવાય છે. આપણે જેને પૂજ્ય પ્રતીક માનીએ છીએ એવી સમાજમાં આપણા સૌની વચ્ચે હરતી-ફરતી ગાય આપણે સૌ ઘરમાંથી નાખી દીધેલો એઠવાડ પ્લાસ્ટિકની બૅગમાં ભરીને નાંખીએ છીએ એ ખાય છે તેને કારણે ગાયને આ પ્લાસ્ટિક ખાવાથી જે નુકસાન થાય છે એના અનેક કિસ્સા એવા જોવા મળે છે જીવદયા જેવી સંસ્થાઓના માધ્યમથી કે એક ગાયના પેટમાંથી ઑપરેશન કરીને ૪૦ થી ૫૦ કિલો જેટલું પ્લાસ્ટિક સંપન્ન થયું છે.

માનનીય અધ્યક્ષશ્રી, શહેરોની ગટરો, દરેક પોતાનો કચરો ગટરમાં નાખે છે અને એ ગટરમાં આ પ્લાસ્ટિક ડિપોઝિટ થાય છે અને એ ડિપોઝિટ થવાથી ગટરો ઊભરાય છે અને ગંદુ પાણી રોડ ઉપર આવે છે અને એની સાથે સાથે સોલિડ વેસ્ટ ભેગો થાય છે અને એમાંથી મિથેન ગેસ જનરેટ થાય છે જે મિથેન ગેસ આપણા બધાના સ્વાસ્થ્ય માટે ખૂબ જ નુકસાનકારક છે. માનનીય અધ્યક્ષશ્રી, ક્યાંક ક્યાંક અપૂરતી જાણકારીના કારણે આ પ્લાસ્ટિકને બાળવાનો પ્રયત્ન કરવામાં આવે છે ત્યારે આ પ્લાસ્ટિકને બાળવાના કારણે એમાંથી ઉત્પન્ન થતો ગેસ આપણા સૌના સ્વાસ્થ્યને અસર કરે છે અને એને કારણે અનેક પ્રકારના ગંભીર રોગોના આપણે ભોગ બનીએ છીએ. માનનીય અધ્યક્ષશ્રી, વિશ્વમાં હવે માત્ર સોલિડ વેસ્ટ કે લિકિવડ વેસ્ટની સમસ્યાથી જ ત્રસ્ત છીએ એવું નથી. પરંતુ ઈલેકટ્રોનિકસ આઈટેમ આગામી દિવસોમાં વિકરાળ સમસ્યા છે. આ ઇલૅક્ટ્રોનિક્સ આઈટેમના વેસ્ટને અટકાવવા માટે વિશ્વમાં સૌ પ્રથમ કૅલિફોર્નિયાએ ધ ઇલૅક્ટ્રોનિક્સ વેસ્ટ રી-સાઈકલીંગ એકટ બનાવ્યો છે. વિશ્વના કેટલાક દેશોએ તો આ બિન નાશવંત પ્લાસ્ટિક ઉપર પ્રતિબંધ મૂકી દીધો છે. આ અટકાવવા માટે આપણે ત્યાં કાયદો છે - The Plastic Manufacturers, Sales and Usage Rules, ૧૯૯૯ છે એની કલમ-૧ પ્રમાણે "The Minimum thickness of carrybag made virgin plastic shall not be less than ૨૦ Microns". આનો કેટલો અમલ આપણે કરીએ છીએ? કેટલા કેસ કર્યા આપણે? માનનીય અધ્યક્ષશ્રી, રૂલ્સ પ્રમાણે એના ઉત્પાદન ઉપર, એના વપરાશ ઉપર, એના સંગ્રહ ઉપર પણ પ્રતિબંધનો કાયદો છે પણ જરૂર છે કાયદો બનાવવાની સાથે સાથે અસરકારક નિયંત્રણની, જરૂર છે આ દેશમાં અને આ રાજયમાં જન જાગૃતિ કરાવવાની અને સમાજને એની જાણકારી આપવાની. મારા મત પ્રમાણે હિમાચાલ પ્રદેશ, પશ્ચિમ બંગાળ અને કેરળ જેવા રાજયોમાં આ પ્લાસ્ટિકના વપરાશ ઉપર પ્રતિબંધ છે. હમણા જ આબુ જે રાજસ્થાનનું પ્રવાસન ધામ છે ત્યાં પણ પ્રતિબંધ જાહેર કરવામાં આવ્યો છે. કાયદો તો બનાવીશું, પણ સાથે સાથે ગુજરાતના ગૌરવશાળી આ ગૃહ અને સૌ સન્માનીય સભાસદો પાસેથી હું એક આશા રાખુ છું, અપેક્ષા રાખુ છું કે આ કાયદો તો બનશે પરંતુ આપણે એનો ઉપયોગ ન કરીએ.

માનનીય અધ્યક્ષશ્રી, જેમાં વન્ય સૃષ્ટિ રહે છે, જેના પર્યાવરણ ઉપર વ્યાપક અસરો આપણને સૌને પણ જો સમયસર આપણે નહીં સાચવીએ તો થવાની છે એવા જંગલો અને અભ્યારણયની અંદર પણ એના વપરાશ ઉપર પ્રતિબંધ મૂકીને આપણે એનો અમલ કરાવવો જોઈએ.

માનનીય અધ્યક્ષશ્રી, એજ રીતે આપણે જે સભાગૃહમાં બેસીએ છીએ એવા પવિત્ર વિધાનસભા ગૃહમાં પણ કોઈ પણ જાતનું પ્લાસ્ટિક ન વપરાય એવો જો આપના તરફથી આજે આદેશ કરવામાં આવે તો મને લાગે છે કે, આ લેવલે કાયદાનું અથાર્થ અમલીકરણ થશે.

માનનીય અધ્યક્ષશ્રી, ટૂંકમાં આ પ્લાસ્ટિક અને એના દ્વારા જનજીવનને અને પર્યાવરણને થતી અસરની ભયાનકતા દર્શાવતું આપ સૌ સમક્ષ જે બિલ લઈને આવ્યો છું એને મને લાગે છે કે આપ સૌ સમર્થન કરશો એવી આપ સૌ પાસેથી અપેક્ષા રાખું છું.

**શ્રી મહેન્દ્ર શાં. ત્રિવેદી (ભાવનગર શહેર(ઉ)** : માનનીય અધ્યક્ષશ્રી, આ સભાગૃહના મારા સાથી સભ્ય આદરણીય શ્રી પ્રદીપસિંહજી જાડેજા આજે આ સભાગૃહમાં જે એક બિનસરકારી વિધેયક લઈને આવ્યા છે, એક એવી બાબતની ચર્ચા આ સભાગૃહમાં અત્યારે આપણે ચર્ચી રહ્યા છીએ કે જે સમસ્યાથી આપણે સૌ પીડા

અનુભવીએ છીએ પણ એ સમસ્યામાંથી મુક્તિ મેળવવા માટેના ઉપાયો, એ કરવાનું એટલું મુશ્કેલ કામ છે. હું એટલા માટે આ વાત કરું છું કે આ આખાય પ્રશ્નને આપણે બે રીતે મૂલવવો પડશે. એક વસ્તુ એ કે પ્લાસ્ટિકનો ઉપયોગ સદંતર બંધજ કરવાનું એ શકય નથી થવાનું અને એટલા માટે આપણે એને એવી રીતેના કોઈ કાયદાના અમલીકરણથી એનો લેજીસ્લેશન બનાવીને અથવા એવી સમાજ જાગૃતિ લાવીને આપણે શું કરી શકીએ કે જેના આધારે જ્યાં પ્લાસ્ટિક વાપરવાનું અનિવાર્ય નથી ત્યાં પ્લાસ્ટિક વાપરવાનું બંધ કરવામાં આવે અને જ્યાં એવા સ્થાનો છે કે જેની અંદર એના પૅકીંગમાં પ્લાસ્ટિકની અનિવાર્યતા છે એની જરૂરિયાત છે તો એવી વસ્તુને અલગ પાડીને એનું લિસ્ટીંગ કરવામાં આવે અને ત્યાં પ્લાસ્ટિકની છૂટ આપવામાં આવે પણ એના નિકાલ માટેની પણ કાયદાથી વ્યવસ્થા કરવામાં આવે તો મને લાગે છે કે આ આખાય પ્રશ્નની આપણે બધાજ જે ઇચ્છા રાખીએ છીએ, આપણા પર્યાવરણને નુકસાન થાય છે, આપણી ગૌમાતા જે આપણું પશુધન છે એના જીવન સામે એનો ખતરો ઊભો થાય આ એક એવું દૂષણ છે, એમાં આપણા આખા શહેરની સ્વચ્છતા અને સૌથી વધુ નુકસાનકારક કોઈ વસ્તુ હોય, કોઈ પરિબળ હોય તો એ આ પ્લાસ્ટિકનો કચરો છે આપણે સૌ અનુભવીએ છીએ, સૌ જાણીએ છીએ પણ છતાંય એનાથી મુક્તિ મેળવી શકતા નથી. એટલે જ્યાં એનો અમલ કરવાનું બિલકુલ શક્ય છે ત્યાં એના માટેના નિયમો અને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓને એના માટે જવાબદારી સોંપવી હોય તો એને એની જવાબદારી સોંપાય, આપણા પર્યાવરણ વિભાગને એની જવાબદારી સોંપવી હોય તો એને સોંપીએ પણ આના માટેના નિયમો બનાવવાનો સમય હવે પાકી ગયો છે. મારે તો એ વાત પર પણ આ સભાગૃહનું ધ્યાન દોરવું છે કે ક્યારેક આવા બીન નાશવંત વસ્તુમાંથી બનનારી ચીજો આકર્ષક લાગે અને એનો આપણે વ્યાપક ઉપયોગ કરતા હોઈએ પણ એનો નાશ નહિ થવાથી એને કારણે કેટલીક ગંભીર બાબતો આપણે ઊભી કરીએ છીએ એનું હજી ધ્યાન ગયું નથી પણ મારે આ સભાગૃહમાં એક એ વાત કહેવી છે કે પંદરમી ઑગસ્ટ કે છવ્વીસમી જાન્યુઆરીએ પ્લાસ્ટિકના ત્રિરંગાનો વ્યાપક ઉપયોગ આપણે કરીએ છીએ, એ વાપરવાની પરંપરા થઈ ગઈ છે, એ દિવસોમાં અગાઉથી અઠવાડિયા પહેલાં દુકાનો ઉપર, મોટા સ્ટોલ્સની અંદર મોટા જથ્થામાં એનો વેપાર ચાલતો હોય છે. મારે આ સભાગૃહમાં એ પૂછવું છે કે આ પ્લાસ્ટિકનો ત્રિરંગો જે આપણા માથા કરતાં પણ વધુ કિંમતી આપણે જેને ગણીએ છીએ એ ત્રિરંગાને આ પ્લાસ્ટિકથી બનાવવામાં આવે છે એનો નાશ થઈ શકતો નથી એટલે એ જ્યાંસુધી એ ક્યાંયને ક્યાંય ગટરમાં કે બીજી, ત્રીજી જગ્યાએ ફર્યા કરશે અને ત્યાંસુધી આપણા ત્રિરંગાનું કેટલું અપમાન થઈ રહેલું છે એ સમજવા જેવું છે અને એટલા માટે બીજા કાયદા તો આપણે કરીએ ત્યારે ભલે કરીએ પણ આ સભાગૃહની અંદર આજે આ બિલ આવ્યું છે ત્યારે એક બાબતની તો નોંધ લેવી જોઈએ કે આવતો હવે પછીનો જે સ્વાતંત્ર્ય પર્વ નજીકના ભવિષ્યમાં આવશે ઑગસ્ટમાં આવશે, જાન્યુઆરી તો ગયો, તો આ વખતથી જ કમસેકમ પ્લાસ્ટિકના કોઈ ત્રિરંગા હવે નહિ બને એના માટે રાજયમાં વ્યવસ્થા કરવી જોઈએ. આ બાબતને આપણે એક જાગૃતિના રૂપમાં પણ લેવી પડશે. મારે એક વાત એ કહેવી છે કે કેવળ આ પ્લાસ્ટિકના કચરાને આપણે એકબાજુથી જ જોઈએ એમ નહિ એકદમ નાના સફાઈ કામદારો જેવા આપણા ગરીબ લોકો આમાંથી રોજગારી પણ મેળવે છે અને એટલા માટે આ પ્લાસ્ટિક છે એતો રિસાઈકલીંગ થાય છે. સવાલ એટલો જ છે કે પ્લાસ્ટિક એ બજારમાં ગમે ત્યાં કચરાના રૂપમાં ન મળે એને માટેની વ્યવસ્થા કાયદા દ્વારા થાય, પણ પ્લાસ્ટિકના વપરાશ ઉપર ક્યાં અને કેટલો પ્રતિબંધ મૂકવો જોઈએ એના માટે તો ફરીવાર એક ઉંડાણપૂર્વકનો અભ્યાસ કર્યા પછી અને આપણે કોઈ ઉત્સાહમાં આવીને એનો અતિરેક ન થઈ જાય એના માટે ધ્યાન રાખીને એના માટેનું આયોજન કરવું જોઈએ. એટલા અંશે પ્રદિપસિંહના આ બિન નાશવંત કચરાના નિકાલનું જે વિધેયક છે તેના હાર્દ સાથે હું ચોક્કસ સંમત થાવ છું અને હું પણ અપેક્ષા રાખું છું માનનીય અધ્યક્ષશ્રી હમણાં લાયબ્રેરી કમિટીના માધ્યમથી હું બંગાળ ગયો હતો. તો બંગાળમાં એ જ વખતે હજુ એક પછી એક બે ચાર મહાનગરો તેણે પસંદ કર્યા હતા. પહેલો અમલ કલકત્તામાંથી કરવાના હતા તે અઠવાડિયાની અંદર જ. મને ખબર નથી અમલમાં શું પરિણામો આવ્યા. આપણાં વિભાગના માનનીય મંત્રીશ્રી ત્યાં પણ તેની પૃચ્છા કરીને તે પ્લાસ્ટિકના વપરાશ ઉપર તેને જો નિયમો કર્યા હોય તો સ્થાનિક સ્વરાજ્યની સંસ્થા અને કલકત્તા જેવું મોટું શહેર જો કરે તો મને લાગે છે એ મોડલ તરીકે આપણને તેમાંથી ઘણું બધું જાણવા મળી શકે. તો આપણે ત્યાંથી પણ તેની માહિતી મંગાવીએ તો આપણે તેના અમલ કરવા તરફ જ્યારે આગળ વધીશું ત્યારે શાળાના માધ્યમથી જાગૃતિનું ઘણું મોટું કામ આ સંદર્ભમાં થઈ શકે તેમ છે કે કયા કયામાં પ્લાસ્ટિક નહીં વાપરવું જોઈએ તેની આપણે પહેલેથી જ જો એક સરસ સૂચિ બનાવી હોય, તેની માહિતી હોય તો શિક્ષણના માધ્યમથી બાળકો દ્વારા જ પહેલેથી આ જાગૃતિ લાવવામાં આવે. તે મોટાં થાય ત્યારે તેના ઉપયોગથી દૂર રહે આવા વિવિધ ઉપાયો એટલે એક બાજુ લેજીસ્લેચર, એક બાજુ સમાજ જાગૃતિ અને ત્રીજી બાજુ તેનો વિવેકપૂર્ણ રીતે પ્લાસ્ટિકનો પ્રતિબંધ આ ત્રિપાંખિયા રીતે આપણે આ વાતને લઈશું તો મને લાગે છે પ્લાસ્ટિકનું આ જે દૂષણ છે તેની કેટલીક ઉપાધિઓ છે, પીડા છે તેમાથી આપણે મુકિત મેળવીશું અને છતાં પણ આપણાં પ્લાસ્ટિક ઉદ્યોગના વિકાસને તેનાથી નુકસાન ના થાય તેને પણ આપણે બરાબર ધ્યાનમાં રાખીશું. મને લાગે છે કે આટલી મારી આ વાત કરીને માનનીય પ્રદિપસિંહજીના આ વિધેયક છે તેને અનુમોદન આપીને વિરમું છું.

**શ્રી હરેશકુમાર ઈ. ભટ્ટ (ગોધરા)** : માનનીય અધ્યક્ષશ્રી, સભાગૃહના સભ્યશ્રી પ્રદિપસિંહજી આ જે વિધેયક લઈને આવ્યા છે તેને અનુમોદન આપવા અને મારા વિચારો પ્રદર્શિત કરવા માટે ઉભો થયો છું.

સંસ્કૃતિમાં એક વિચાર પ્રદર્શિત કરેલ હતો કે ગામ હોય ત્યાં ઉકરડો હોય. આ એક સંસ્કાર અને સંસ્કૃતિ આ દેશની હતી. કચરો હંમેશાં હોય પણ તે કચરાને પણ દૂર રાખવામાં આવે જેથી કરીને હાઈજેનીકલી નુકસાન ના પહોંચે. ગામની બહાર તેને રાખવામાં આવે જેથી કરીને તેનો નાશ આસાનીથી થઈ શકે એટલી જ મહત્વની વાત આજે જ્યારે સભ્યશ્રી લઈને આવ્યા છે ત્યારે આ વિષય ઉપર ખૂબ ગહનથી વિચાર કરવાની જરૂર છે. માનનીય મહેન્દ્રભાઈએ પણ હમણાં વિચારો પ્રદર્શિત કર્યા પણ એક મહત્વની વસ્તુ તરફ ધ્યાન આપવાની જરૂર છે. સરકાર દ્વારા પણ આ વિષય ઉપર વિચારણા કરવાની જરૂર છે.વિદેશની અંદર જે ઉદ્યોગો ચાલે છે, ત્યાં પણ ઔદ્યોગિક વિકાસ થઈ રહ્યો છે અને જ્યારે આપણો દેશ પણ ઔદ્યોગિક વિકાસ માટે જ્યારે પ્રયત્નશીલ હોય ઉદ્યોગના માધ્યમથી ત્યારે વિકાસ કરવાની ચિંતા આપણે કરતા હોઈએ છીએ. ત્યારે એક વિષય આપણે ચોક્કસ વિચારવો જોઈએ કે માત્ર ઉદ્યોગોને પ્રોત્સાહન આપવા માટે થઈને જ જનહિતને નુકસાન તો નથી થઈ રહયુંને ? અમૅરિકા જેવા દેશે અનેક એવા ઉદ્યોગો બંધ કરી દીધા જેનાથી જનહિતને નુકસાન થઈ રહ્યું છે અને આવી પ્રોડકટો આપણે હિંદુસ્તાનમાં ઉભી કરી રહ્યા છીએ. મોટા પાયા ઉપર કરી છે અને આજે તેનો નિકાસ કરી રહ્યા છીએ. વિદેશી હૂંડિયામણ મળતું હોય તેને માટે ધંધો કરીએ પણ તેનાથી કેટલું બધું નુકસાન થઈ રહ્યું છે. સરકારે પ્રદૂષણ બોર્ડ બનાવ્યું, નિયંત્રણ માટેના કાયદા બનાવ્યા, પરંતુ આ કાયદા નિયમોને કેટલા આપણે સફળતાપૂર્વક અપનાવી શકીએ છીએ. માત્ર કાયદા બનાવવાથી આટલું પૂરતું નહીં થાય જન જાગરણ અભિયાન ચલાવવું પડશે. લોકો પ્રવાસમાં જતા હોય, યાત્રાધામમાં જતા હોય, ક્યાંક પિકનિકમાં ગયા હોય તો પણ પ્લાસ્ટિક લઈને જતા હશે પણ એટલી કેળવણી નહીં હોય કે તે જે સાથે લઈને ગયા છે પ્લાસ્ટિકની બૅગમાં નાસ્તો ભર્યો હશે, સામાન ભર્યો હશે ઉપયોગ થયો એટલે ત્યાં અને ત્યાં નાંખી દઈશું આટલી ચિંતા પણ નહીં કરીએ કે કમસે કમ તેને સાથે લઈને કોઈ યોગ્ય જગ્યાએ નિકાલ કરીએ. આજે યાત્રાધામોમાં ચારે બાજુ પ્લાસ્ટિકની બેગો જોવા મળે છે, પાણીની પ્લાસ્ટિકની બોટલો, પ્લાસ્ટિકના ગ્લાસ જોવા મળે છે અને આ રીતે પ્લાસ્ટિકનો ચારે બાજુ ઉપયોગ થઈ રહયો છે. તો આને આપણે કેમ રોકી શકતા નથી? શું પહેલેથી આ ચાલતું હતું, આપણે ત્યાં પહેલેથી જ આ પ્લાસ્ટિકની બેગો બનતી હતી? ઘેરથી શાક લેવા પ્લાસ્ટિકની થેલીઓ લઈને જતા હતા, એ આજે આપણા જીવનમાં વણાઈ ગયું છે એ આપણે જાણીએ છીએ, પરંતુ કાયદાના માધ્યમથી આપણે એનો ઉપયોગ ઓછો તો કરી શકયા છીએ. એના ઉપર પ્રતિબંધ કરી શકાય, પરંતુ એના માટે જરૂરી નિષ્ઠા અને ધ્યેયની જરૂર છે. આ માટે પ્રયત્નોની જરૂર છે અને સમાજ આને સ્વીકારશે.

માનનીય અધ્યક્ષશ્રી, જયારે આપણા મુખ્યમંત્રીશ્રીએ જનભાગીદારીની વાત કરી છે તો માત્ર સરકારી કામથી કે સરકારના આદેશથી લોકોને કેળવી ના શકાય, એનાથી ભયભીત બનાવી શકાય, તમે ખોટું કામ કરશો તો સરકારી કાયદો તમને રોકશે અને સજા કરશે, એવા ભયથી એનો વપરાશ ઓછો કરશે, પરંતુ એ કાયદાની સાથે સાથે લોકભાગીદારી કરવી પડશે, જન જાગરણના કાર્યક્રમો આપવા પડશે, લોકોને જ્ઞાન આપવું પડશે કે આ કરવાથી નુકસાન થશે, એવા કાર્યક્રમો હાથ ધરીને આ પ્લાસ્ટિક દૂર કરવા માટે અભિયાન ગામડે ગામડે ચલાવવું જોઈએ અને એના માટેના કાર્યક્રમનું પણ આયોજન કરવું જોઈએ અને લોકો પણ જાણે કે આનાથી કેટલું નુકસાન થાય છે. તો એના માટેના પ્રયત્નો અને પબ્લિસીટી કરવી પડશે. મીડીયાના માધ્યમથી એનો ઉપયોગ ના થાય એના માટેના પ્રયત્નો કરવા પડશે અને આનાથી નુકસાન થાય છે એટલે એની ઉત્પાદકતા પણ ઓછી કરવી પડશે. આજે આપણે પી.વી.સી. પાઈપો વાપરીએ છીએ, એને આપણે ઉદ્યોગની દ્રષ્ટિએ જોઈએ છીએ અને એનો ઉપયોગ વધતો ગયો છે. તો પહેલાં એનો ઉપયોગ થતો નહોતો અને આજે આપણને સસ્તું પડે છે એટલે એનો ઉપયોગ આપણે વધારી દીધો છે. તો આનો ઉપયોગ આપણી ઘટાડી શકીએ તો એનાં પરિણામો આપણે મેળવી શકીશું, માત્ર કાયદો બનાવવાથી પરિણામ આવવાનું નથી. આજે કાયદામાં એવું છે કે ખૂન, ચોરી કે ડકેયતી નહીં કરવી, પરંતુ આ બધું અટકી ગયું છે. આ બધું ત્યારે જ અટકશે કે જનજાગૃત્તિ આવશે. આજે આપણે આદિવાસી વિસ્તાર અને બીજા વિસ્તારોમાં અભિયાન ચલાવીને કન્યા કેળવણી વધારવાનું કામ હાથ ઉપર લીધું છે, ગામડે ગામડે લોકોને જાગૃત્ત કર્યા છે તો એનું પરિણામ આપણને જોવા મળે છે. તો આ પ્લાસ્ટિકના કચરાને દૂર કરવા માટે આ રીતના પ્રયત્નો કરવામાં આવે. સરકારના માધ્યમથી લોકોના સાથથી જનભાગીદારીથી આ પ્રયત્ન થાય તો ચોકકસ એનાં પરિણામ ગુજરાતમાં જોવા મળશે અને ધાર્મિક સ્થળે ઉપયોગ થાય છે ત્યાં ના થવો જોઈએ, અમૂક શહેરોમાં એનો ઉપયોગ ના કરવો જોઈએ, એ પ્રમાણે કરીશું તો ગુજરાતમાં આપણે જોઈ શકીશું કે આ પ્લાસ્ટિકના કચરાના ઢગલા આપણે દૂર કરી શકીશું અને એ હાનીકારક છે, એનાથી જંગલોને બચાવી શકીશું અને જે રીતે માનનીય પ્રદિપસિંહભાઈએ કહયું તેમ અનેક જગ્યાએ આ નુકસાન કરી રહયું છે એનો ચોકકસ આપણે અટકાવી શકીશું. આના માટેની બેગો બનાવવા અને પ્રોજેકટ ઉપર પ્રતિબંધ આવશે અને ચોકકસ કવોલિટીની વસ્તુ બનશે. તો આના ઉપર કાયદો બનાવીને રોકીશું તો એનાં

પરિણામ આપણે જોઈ શકીશું. આપશ્રીના માધ્યમથી માનનીય પ્રદિપસિંહ જાડેજા આ જે વિધેયક લઈને આવ્યા છે એને સમર્થન આપીને એના માટેના સરકાર ચોકકસ પ્રયત્નો કરે એ મારા વિચારો છે.

**શ્રી વેચાતભાઈ હ. બારિયા (પાવી-જેતપુર)**: માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી પ્રદિપસિંહજી જાડેજા આ સભાગૃહ સમક્ષ પ્લાસ્ટિક કચરાના નિકાલ અંગેનું વિધેયક લઈને આવ્યા છે એને હું સમર્થન આપું છું અને મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આના માટે એક જ વાકયમાં વાત કરું તો આ જે દુઃખનું મૂળ છે એ પ્લાસ્ટિક આજના જમાનામાં અનિવાર્ય વસ્તુ થઈ ગઈ છે, પરંતુ કાયદાની જોગવાઈમાં નકકી કરેલ છે કે કેટલા માઈક્રોનનું પ્લાસ્ટિક એ રિસાયકલિંગ થઈ શકશે અને કેટલા માઈક્રોનથી નીચેનું રિસાયકલિંગ થઈ શકતું નથી એ બાબતમાં કાયદામાં સ્પષ્ટ જોગવાઈ છે અને એના ઉપર આ રીતે પ્રતિબંધ લાદેલો છે.

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં માનનીય મહેન્દ્રભાઈએ વાત કરી કે પ્લાસ્ટિક વીણીને નાના નાના મજૂરો, ગરીબ માણસો એની ઉપર નભે છે. તો આ વાત બરાબર છે, પરંતુ એ પ્લાસ્ટિક એવું હોય છે કે જે રિસાયકલિંગ કરી શકાય છે, પરંતુ મોટાભાગના કચરાની બાબત છે એ મોટાભાગનું જ છે એ રિસાયકલિંગ થઈ શકતું નથી એ પ્લાસ્ટિકની વાત છે. મારી તો એક જ બાબત છે, માનનીય સભ્યશ્રીઓને મારી એક વિનંતી છે કે, આ કાયદામાં જે જોગવાઈ છે એ જોગવાઈનો પૂરેપૂરો અમલ કરવા, પ્લાસ્ટિક ઉત્પાદન કરતી ફેકટરીઓ છે એમાંથી આ રી સાયકલિંગ ન થઈ શકે તે ટાઈપનું પ્લાસ્ટિકનું ઉત્પાદન સંપૂર્ણપણે બંધ કરી દેવું જોઈએ, કારણ કે હિમાચલ પ્રદેશની વાત કરીએ તો ત્યાં આ પ્રકારના પ્લાસ્ટિકના વપરાશ ઉપર પ્રતિબંધ છે. જેનું રી સાયકલિંગ નથી થઈ શકતું તેવું પ્લાસ્ટિકનું ઉત્પાદન હિમાચલ પ્રદેશમાં થઈ શકતું નથી. પરંતુ આવા પ્લાસ્ટિકનું ઉત્પાદન ગુજરાતમાં થાય છે અને હિમાચલ પ્રદેશમાં આવું પ્લાસ્ટિક જાય છે. એટલે જે તંત્ર આ પ્લાસ્ટિકનું ઉત્પાદન અકટાવવાની કામગીરી કરે છે તે તંત્રને આની ખબર છે કે આ પ્લાસ્ટિક ઉત્પાદન કેન્દ્રો કયાં કયાં છે. તેનું ઉત્પાદન જો બંધ કરી દેવામાં આવે અને એ કારખાનાની સામે સખત કાર્યવાહી કરી અને દંડનીય પગલાં ભરવામાં આવે, તેમના લાયસન્સ રદ કરવાની પ્રક્રિયા કરવામાં આવે, અને જાહેરમાં વેચાણ કરતા સ્ટોલ છે તેના ઉપર પણ દંડની કાર્યવાહી કરી અને પ્રસ્થાપિત કાયદાની જોગવાઈનો કડકાઈથી અમલ કરે અને તંત્ર આ અંગે કાળજી રાખે તો લગભગ આ પ્લાસ્ટિકના કચરાનો પ્રશ્ન પૂરો થઈ જાય તેમ છે. આપશ્રીના માધ્યમથી સભાગૃહને અને માનનીય સરકારશ્રીને કહેવા માગું છે કે આનો પૂરેપૂરો અમલ કરવો જોઈએ.

**શ્રી મંગુભાઈ છ. પટેલ (વન અને પર્યાવરણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી પ્રદિપસિંહજી સન ૨૦૦૪નું વિધેયક ક્રમાંક ૨૨, સન ૨૦૦૪નું ગુજરાત બિન-નાશવંત પ્લાસ્ટિક કચરો (નિયંત્રણ) વિધેયક લાવ્યા છે. માનનીય અધ્યક્ષશ્રી, પર્યાવરણ એ વિષય કેન્દ્રનો છે, રાજય સરકાર એમાં કોઈ નવો અધિનિયમ બનાવી શકે નહીં, આ કેન્દ્રની સત્તામાં આવે છે. માનનીય સભ્યશ્રી પ્રદિપસિંહજી જાડેજાએ જે જે ચિંતા વ્યકત કરી છે અને જે જે માનનીય સભ્યશ્રીઓએ આ ચર્ચામાં ભાગ લીધો છે તે બધાની ચિંતા અને તેનું જે હાર્દ છે તેની સાથે આ સરકાર સંમંત છે. આ બિન સરકારી વિધેયકમાં જે જોગવાઈ કરી છે તે બી.પી.એમ.સી. એકટ ૧૯૪૯ નો કાયદો તથા મ્યુનિસિપલ સોલિડ વેસ્ટ ૨૦૦૨ ના કાયદામાં આ તમામ બાબતોનો સમાવેશ કરેલો છે. માનનીય પ્રદિપસિંહ જાડેજાએ જે ચિંતા વ્યકત કરી છે કે ભૂગર્ભ જળને નુકસાન થાય છે, જમીનની ફળદ્રુપતાને નુકસાન થાય છે. જમીનના ઉષ્ણતામાનને અસર થાય છે, માનવ જાત ઉપર પણ તેની અસર થાય છે અને પશુઓ ઉપર પણ તેની અસર થાય છે. આ બધી ચિંતા માટે કાયદાઓની જોગવાઈઓ થયેલી જ છે. ગુજરાતની ૧૪૨ નગરપાલિકાઓ અને જે કોરપોરેશન વિસ્તારો છે એમાં શહેરી વિકાસ વિભાગ સાથે મારા વિભાગે મિટીંગ કરીને આખા ગુજરાતમાં આ ઘન કચરો ચોક્કસ જગ્યાએ ભેગો કરીને તેનો નાશ કરવાની પ્રક્રિયા આખા ગુજરાતમાં અમલમાં આવેલ છે. અહીં ખાદ્ય પદાર્થ છે તે પ્લાસ્ટિકની કોથળીમાં લઈ જવા માટે પણ પ્રતિબંધ છે. ગુજરાત આખામાં આ પ્રતિબિંધનો દરેક કલેકટર અમલ કરાવે છે, વીસ માઈક્રોન થી પાતળી થેલી માટે અહીં ચિંતા થઈ છે. ગુજરાતમાં છેલ્લા ત્રણ ચાર વર્ષમાં ૬૬ જેટલા આવા ઉદ્યોગોને કોઈ ને કોઈ પ્રકારે નોટિસ આપીને કલોઝર મુકાવીને બંધ કરવામાં આવ્યા છે, અને પછી અન્ડર ટેકિંગ લઈને ફરી ચાલુ કરવામાં આવ્યા છે. આ રીતે કાયદો છે તે કાયદાનો અમલ કરાવીને જે કંઈ નુકસાન છે તે નુકસાન રોકવા માટે કાયદાનો અમલ કરવાના પૂરા પ્રયત્નો કરવામાં આવે છે. માનનીય અધ્યક્ષશ્રી, તેમ છતાં કાયદાનું સ્વરૂપ આપતાં પહેલાં પ્લાસ્ટિકનું પેકીંગ મટિરિયલ છે એની અવેજીમાં બીજું કંઈ વપરાશ માટે નહિ આપી શકીએ ત્યાં સુધી આના માટે બીજો અધિનિયમ બનાવવાનું મુશ્કેલ પડે એમ છે. આ કેન્દ્રનો કાયદો છે એટલે આપણને એમાં કોઈ સત્તા નથી એટલે આપણે અધિનિયમ બનાવી શકતા નથી પરંતુ જે કંઈ સભ્યશ્રીની ચિંતા છે એના માટે કાયદાનો કડકમાં કડક અમલ કરાવીશું જેટલી ઓછી મુશ્કેલી થાય એ માટેના પ્રયત્નો સરકાર ચોક્કસ કરશે. માનનીય સભ્યશ્રીને વિનંતી કે જે કંઈ આપની ચિંતા છે એ સરકારની પણ ચિંતા છે તમારા

હાર્દ સાથે સરકાર સંપૂર્ણ સહમત છે ત્યારે માનનીય સભ્યશ્રી જે બિન સરકારી વિધેયક લઈને આવ્યા છે એ પાછું ખેંચે તેવી મારી વિનંતી છે.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (અસારવા)** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત બિન નાશવંત પ્લાસ્ટિક નિયંત્રક વિધયેકના સંદર્ભમાં આ સન્માનનીય સભાગૃહના સિનિયર માનનીય સભ્યશ્રી મહેન્દ્રભાઈ ત્રિવેદી, માનનીય સભ્યશ્રી હરેશભાઈ ભટ્ટ તથા માનનીય સભ્યશ્રી વેચાતભાઈ બારિયાએ મારી લાગણીની સાથે તેઓનો શૂર પૂરાવીને આ દિશામાં આ કાયદાનું અમલીકરણ કરવું જોઈએ તેવી તીવ્ર લાગણી વ્યક્ત કરી છે.

માનનીય મંત્રીશ્રીએ આ ચર્ચાનો જવાબ આપતા એવું કહ્યું કે આ કેન્દ્ર સરકાર દ્વારા બનાવેલો કાયદો છે. મારી લાગણી એટલી જ છે કે જો આ કેન્દ્ર સરકારે બનાવેલો કાયદો હોય તો જે રીતે હિમાચલ પ્રદેશની અંદર આ કાયદામાંથી રસ્તો કાઢીને અથવા પશ્ચિમ બંગાળની અંદર અથવા માઉન્ટ આબુની અંદર આ કાયદાનો કેટલો તીવ્ર અમલ અને એના ઉપર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે એ રીતે મારી લાગણી છે કે જો આ બિન નાશવંત પ્લાસ્ટિક માટે સમાજમાં કંઈક આપણે રૂક જાવ અથવા રેડ એલર્ટ સિસ્ટમ અપનાવવી જરૂરી છે જેની જાગૃતિ આવશ્યક છે. પરંતુ એની સાથેસાથે પહેલ કરવાની રાજય સરકાર દ્વારા જરૂરિયાત છે. માનનીય મંત્રીશ્રીએ જુદા જુદા કાયદા અને એ કાયદાના આધાર ઉપર રાજય સરકાર દ્વારા એના અમલીકરણમાં વિશેષ ચિંતા કરી રહી છે. મારી વિશેષ ચિંતા સમગ્ર પ્લાસ્ટિકની તમામ વસ્તુના સંદર્ભમાં નથી. મારી મુખ્ય ચિંતા ૨૦ માઈક્રોન કરતાં ઓછી થીકનેશ વાળું પ્લાસ્ટિક કે જે સમાજ જીવન માટે ખતરારૂપ છે એના સંદર્ભમાં માનનીય મંત્રીશ્રી એનું પૂરતું નિયમન કરે. ગુજરાત સરકારના પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ પાસે કોઈ એવું ઈન્ફ્રાસ્ટ્રકચર નથી કે જે ઉત્પાદન કરતાં, સંગ્રહ કરતાં કે વપરાશ કરનાર ઉપર પગલાં લઈ શકે. જો એનો કડક અમલ કરાવવો હશે તો કલેકટરશ્રી દ્વારા જાહેરનામું બહાર પાડીને એના અમલીકરણની દિશામાં આગળ વધવામાં આવશે તો આ શકય બનશે.

છેલ્લે માનનીય મંત્રીશ્રી આ વિધેયકના હાર્દ સાથે સહમત થયા છે, સાથે સાથે મારી એવી લાગણી ખરી કે માનનીય મંત્રીશ્રી તેમના શબ્દો રાજય સરકારના આ અમલીકરણમાં જે વહીવટી તંત્ર ઉપયોગમાં આવતું હોય એને એટલીસ આ ગુજરાત બિન નાશવંત પ્લાસ્ટિકની આ વિધાનસભા ગૃહમાં છેલ્લી ચર્ચા હોય અને ભવિષ્યમાં આ બિન સરકારી વિધેયક તરીકે અહીંયા ચર્ચા કરવા માટે ન આવવું પડે એ દિશામાં રાજયનું તંત્ર કામ કરશે તો ખરેખર આનંદ થશે.

છેલ્લે માનનીય મંત્રીશ્રી મારા વિધેયકના હાર્દ સાથે સહમત થયા છે ત્યારે મને મારુ વિધેયક પાછું ખેંચી લેવાની સભાગૃહ અનુમતિ આપે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૦૪નું વિધેયક ક્રમાંક-૨૨-સન ૨૦૦૪નું ગુજરાત બિન-નાશવંત પ્લાસ્ટિક કચરો (નિયંત્રણ) વિધેયક પાછું ખેંચુ છું.

**સભાપતિશ્રી.** : વિધેયક પાછું ખેંચવામાં આવે છે.

## સન ૨૦૦૪નું ગુજરાત વિધેયકક્રમાંક-૨૭

## ગુજરાત લઘુમતિ કલ્યાણ અને સંરક્ષણ વિધેયક, •૨૦૦૪

## ગુજરાત રાજયમાં લઘુમતિ કોમોના કલ્યાણ માટે અને તેમના જાનમાલના રક્ષણ માટે અને તેની સાથે સંકળાયેલી બાબતો માટે જોગવાઈ કરવા બાબત વિધેયક.

**શ્રી સાબીરભાઈ અ. ખેડાવાલા (જમાલપુર) :** માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન-૨૦૦૪ના ગુજરાત વિધેયક ક્રમાંક-૨૭, સન-૨૦૦૪ના ગુજરાત લઘુમતિ કલ્યાણ અને સંરક્ષણ વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી સાબીરભાઈ અ. ખેડાવાલા** : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય સભાગૃહના સભ્યોને વિનંતી કરું છું કે આ વિધેયકની ચર્ચામાં ભૂતકાળની બાબતોનો ઉલ્લેખ ન થાય, કારણ કે આપણે વર્તમાનને ધ્યાનમાં લઈને ભવિષ્યનો વિચાર કરવાનો છે. જેમ ભૂકંપ આવ્યા પછી જે રીતે ડિઝાસ્ટર મેનેજમેન્ટની સ્થાપના થઈ છે તે રીતે આ વિધેયકને ધ્યાનમાં લાવવાના હેતુથી આ વિધેયક રજૂ કરું છું.

• આ વિધેયક તા. ૩જી જૂન,૨૦૦૪ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, કલમ નં. ૩માં કોમી તોફાનોની જવાબદારી નક્કી કરવા માટે રાજય સરકાર, લઘુમતિ કોમોના જાનમાલનું, તેમના ઉપર થતાં હુમલા અથવા હલ્લામાંથી રક્ષણ કરવા માટે ખાસ સંભાળ લેશે અને આ હેતુ માટે રાજય સરકાર ખાસ પોલીસ ટુકડીઓની વ્યવસ્થા કરી શકશે.

માનનીય અધ્યક્ષશ્રી, કલમ નં. ૪. લઘુમતિઓની રક્ષણ કરવા માટે ખાસ સંભાળ. પોતાના જિલ્લામાં કોમી એખલાસ જાળવવાની અને કોમી વાતાવરણ ઉપર સંભાળપૂર્વક દેખરેખ અને તકેદારી રાખવાની જિલ્લા મૅજીસ્ટ્રેટની સર્વોપરી ફરજ રહેશે. જિલ્લા મૅજીસ્ટ્રેટ પોતાના જિલ્લામાંના કોઈ પણ કોમી તોફાન માટે જવાબદાર ગણાશે અને તેણે તકેદારી રાખી છે કે કેમ એ વિષેની તપાસ ચાલુ હોય તે દરમ્યાન સંક્ષિપ્ત રીતે ફરજ મોકૂફીને તે પાત્ર થશે.

માનનીય અધયક્ષશ્રી, કલમ નં. ૫. ગુનાઓ અને તે માટેની શિક્ષાઓ. લઘુમતિ કોમના જાનમાલ ઉપરનો હુમલો અથવા હલ્લો, આ અધિનિયમ હેઠળ પોલીસ અધિકારીનો ગુનો ગણાશે અને પ્રથમ વર્ગના જયુડિશિયલ મૅજીસ્ટ્રેટ કરતાં ઉતરતા ન હોય તેવા મૅજીસ્ટ્રેટની કોર્ટમાં તેની ઇન્સાફી કાર્યવાહી કરવામાં આવશે અને તેમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સંડોવાયેલ કોઈ પણ વ્યકિત, દોષિત ઠર્યે, તેને ઓછામાં ઓછા સાત વર્ષની કેદની શિક્ષા કરવામાં આવશે. લઘુમતિ કોમની કોઈ પણ વ્યકિત અથવા સંસ્થા, આ અધિનિયમ હેઠળના કોઈ પણ ગુના માટે ફરિયાદ માંડી શકશે. માનનીય અધ્યક્ષશ્રી, કલમ-૬. રાજય સરકારે કોમી તોફાનો અથવા હિંસા દરમિયાન જેમણે જીવ ગુમાવેલ હોય તો તે દરેકને રૂા. ૫ લાખ, અને શારીરિક ઈજા થઈ હોય તો તે દરેકને ૫૦,૦૦૦ અને જેણે મિલકત ગુમાવેલ હોય અથવા ગુમાવેલ અથવા નુકસાન પામેલ મિલકતની દેખરેખ બજાર કિંમત રોકડમાં અને આવા બનાવના ત્રણ મહિનાની અંદર વળતર તરીકે ચૂકવવું જોઈશે.

માનનીય અધ્યક્ષશ્રી, અલગ વિભાગ અંગે કલમ-૭, રાજયમાં લઘુમતિ કોમોના શૈક્ષણિક, સાંસ્કૃતિક, સામાજિક, આર્થિક અને સર્વાંગી વિકાસ અને કલ્યાણ યોજના પ્રત્યે ધ્યાન આપવા અને લઘુમતિ કોમોની ઉર્દૂ અને અન્ય ભાષાઓને ઉત્તેજન આપવા અને તેનો વિકાસ કરવા માટેની પદ્ધતિઓ અને સાધનોની સંભાળ અને અમલ કરવા માટે ગાંધીનગર ખાતે સચિવાલય સ્તરે અલગ અને પૂર્ણવિકસિત વિભાગ સ્થાપવો જોઈશે.

માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય સભાગૃહના સભ્યશ્રીઓને અપીલ કરું છું કે કદાચ મારી સાથે આ ગૃહના તમામ સભ્યોએ, દીકરા-દીકરી, ભાઈ બહેન કે કુટુંબીઓ કોમી તોફાનોનો ભોગ બનેલાં નહીં હોય પરંતુ કોમી તોફાનમાં જેમણે જીવ ગુમાવ્યો છે, તેના કુટુંબીજનોને તેની ખબર પડે. આ સન્માનનીય ગૃહના સભ્યોને ગુજરાતની સ્થિરતા અને શાંતિ જાળવી રાખવા માટે સૌની સંમતિથી આ પાસ થાય તેવી વિનંતી કરું છું. જય હિન્દ.

**શ્રી મહેન્દ્ર શાં. ત્રિવેદી (ભાવનગર શહેર(ઉ)** : માનનીય અધ્યક્ષશ્રી, આ સભાગૃહના મારા સાથી ધારાસભ્યશ્રી સાબીરભાઈ આ વિધાનસભાગૃહ પાસે એક બિનસરકારી વિધેયક ચર્ચા માટે લઈને આવ્યા છે. મને પહેલાં તો એમણે શબ્દ વાપર્યો છે લઘુમતી કલ્યાણ. આખાય વિધેયકની બધી કલમો હું ધ્યાનથી વાંચી ગયો અને એની અંદર લઘુમતીઓના કલ્યાણની એક કલમમાં થોડીક વાત થઈ હોય તો માત્ર ૭ નંબરની કલમ સિવાય આખાય વિધેયકમાં એમણે લઘુમતીઓની અને તેમાં પણ લઘુમતીઓની વ્યાખ્યા કરી છે કે, લઘુમતી કોમ એટલે હિન્દુ સિવાયના ધર્મ આધારિત વ્યકિતઓનો સમૂહ. મારે તો એ જાણવું છે કે, કોઈ એક ધર્મની સામે જે અલગ સંપ્રદાયના લોકો હોય એને સાંપ્રદાયિક લઘુમતી ગણીને આપણે એક બાજુ આપણા રાષ્ટ્રનું બંધારણ બિનસાંપ્રદાયિક સ્વીકાર્યું હોય. આ દેશના બંધારણમાં જ લઘુમતીઓના રક્ષણ માટેની વાત મૂકવામાં આવી હોય, બંધારણનું મુખ્ય આમુખ છે, એની અંદર આ વાત મૂકીને તેને મૂળભૂત અધિકાર ગણવામાં આવ્યો હોય ત્યારે માત્ર કોઈ બનાવો એવા બની ગયા એનો આધાર રાખીને આખો એક કાયદો બનાવવાની વાત એ મને લાગે છે કે બરાબર નથી. હું તો એવું ઇચ્છું કે, આપણે અગર આ દેશનું ભવિષ્ય સારું બનાવવા માગતા હોઈએ, આપણે અગર આ દેશની અંદર આપણી આ ધર્મ આધારિત જે કોમોની લડાઈ છે, સાંપ્રદાયિક લડાઈ, એના તનાવને કાયમ માટે વિદાય આપવા માગતા હોઈએ તો મારી આ સભાગૃહની અંદર એક નમ્રતાભરી અપીલ છે. આવા કાયદાથી દૂર રહીને, આ પ્રજાને એકબીજાની નજીક લાવીને ભેળવી દઈએ તો મને લાગે છે કે, આપણા રાષ્ટ્રનું ભવિષ્ય ઊજળું બનશે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે એક દાખલો આપવો છે. અહીંયાં ૨૦૦ વર્ષ પહેલાં જ્યારે પારસી કોમ આવી ત્યારે સંજાણ બંદરે પહેલીવાર ઊતર્યા ત્યારે એના રાજાને એમના દૂત મારફત પૂછાવી જોયું કે, તમે અમને સ્વીકારો છો કે કેમ? અને તેના રાજાએ એમના જવાબમાં એક દૂધનો પ્યાલો આપ્યો અને તે વખતના તેમના નેતા દાદાભાઈ નવરોજજીએ એ દૂધના પ્યાલામાં સાકર નાખીને જવાબ આપ્યો કે, અમે તમારી સાથે દૂધમાં જેમ સાકર ભળે તેમ ભળી જઈશું. માનનીય સાબીરભાઈને વિનંતી છે કે, જ્યાં વિરોધ થતો હોય ત્યાં આવી પ્રવૃત્તિ કરી આપણે એકબીજા સાથે દૂધમાં સાકર ભળે એમ ભળી જવાનો પ્રયત્ન કરો તો મને લાગે છે કે, આવા કાયદાની જરૂરિયાત નહીં રહે. મારા મિત્રોને એમ લાગશે કે, આ બાબત છે એને કદાચ હું પણ એક વિચાર સાથે જોડાયેલો છું. એટલે મારે કહેવું છે કે, આ સભાગૃહની અંદર આ વાત કરીએ ત્યારે આપણી નિષ્ઠા,

આપણી વાત કરવાની પ્રામાણિકતા, અને આપણો હેતુ એ કમસેકમ અહીં વાત કરીએ, આ સભાગૃહમાં ત્યારે કેવળ અને કેવળ આ રાષ્ટ્રના હિતને લગતી બાબત સિવાય આપણા મનની અંદર કોઈ વાત ન હોવી જોઈએ અને એટલા માટે હું ગમે તે વિચારની પાર્ટી સાથે હોવ તો પણ હું આ સભાગૃહમાં કહી રહ્યો છું ત્યારે જવાબદારીપૂર્વક કહી રહ્યો છું કે આપણા આવા કાયદાઓ કરીને વિભાજનને વધુ બળ આપ્યું છે અને એટલા માટે હવે આપણે આવું વિભાજન ન કરવું હોય તો આ પ્રકારના કાયદાઓ લાવવાનો કયારેય વિચાર પણ ન આવે એવું આપણે અહીં બેઠેલા લોકોએ જવાબદારીપૂર્વક સમજવું જોઈએ, વર્તવુ જોઈએ અને એટલા માટે માનનીય સાબીરભાઈએ જે આ લઘુમતી કલ્યાણ અને સૌરક્ષણનું બિલ મૂકયું છે ત્યારે મારે તો સાબીરભાઈને એ પૂછવું છે કે આપણા રાષ્ટ્રની અંદર આપણી ઋષિ સંસ્કૃતિએ એવું શીખવ્યું છે કે હંમેશા જે નબળો હોય, નાનો હોય અથવા તો ગરીબ એટલે કે જેની સ્થિતિ નબળી હોય એ પછી આર્થિક, સામાજિક, શારીરિક જે પણ રીતે નબળી હોય ત્યારે એનું સૌથી વધુ ધ્યાન રાખવું એ રાજા હોય તો રાજાનું, એ કુટુંબજીવન હોય તો કુટુંબમાં માતા અથવા પિતાનું અને સમાજ હોય તો સમાજના આગેવાનનું આ પરમ કર્તવ્ય રહેવું જોઈએ કે એણે હંમેશા નબળાનું ધ્યાન રાખવું અને એટલા માટે મને આ દેશની સંસ્કૃતિમાં ભરોસો છે અને એટલા માટે અહીં કદાચ બંધારણમાં લખ્યું હોય કે ન લખ્યું હોય પણ આપણા હજારો વર્ષોનો અમને જે વારસો મળ્યો છે એ એ મળ્યો છે કે તમારે તમારા કરતા નબળાનું ધ્યાન રાખવું અને એટલે લઘુમતિના કલ્યાણ માટેના કાયદાની આ દેશમાં કોઈ જરૂરિયાત નથી. વગર કાયદે પણ આ દેશની પ્રજા આ શીખી છે કે અહીં લઘુમતિનું કાયમ માટે ધ્યાન રાખવું, એનું પહેલા ધ્યાન રાખવું.

માનનીય અધ્યક્ષશ્રી, મારે સાબીરભાઈને એ પૂછવું છે કે આપણે એ વાત મૂકી ત્યારે સાથે આપણા દેશમાં ભાષાકીય લઘુમતિની વસ્તી છે, આપણા ત્યાં કોઈ પ્રાંતની લઘુમતિની વસ્તી હશે, આપણા ત્યાં જાતીગત રીતે કે કોઈ બીજી રીતે લઘુમતિની વસ્તીઓ હશે તો ખાલી લઘુમતિ શબ્દ વાપર્યો હોત તો હજી પણ થોડુંક સમજી શકાત કે આપણે એનું વધારે ધ્યાન રાખીએ પણ એમણે વ્યાખ્યા કરી દીધી કે લઘુમતિ કોમ એટલે હિન્દુ સિવાયની ધર્મ આધારિત કોમ. કોઈપણ રાષ્ટ્ર છે, મારે આપના મારફત આ સભાગૃહને પણ એ કહેવું છે કે જો હિન્દુ સમાજ પણ એમ ઈચ્છતો હોય કે આ રાષ્ટ્રનું આપણે ભવિષ્ય ઉજ્જવળ કરવું છે તો મારે આ સભાગૃહમાં આપને મારફત બધાને પૂછવું છે કે કયો સમાજ વધુ જવાબદારીથી વર્તે તો આ રાષ્ટ્રનો વિકાસ થાય? બહુમતી હોય એ, એટલે એનો અર્થ કે હિન્દુ સમાજ જ આ રાષ્ટ્રનું હિત ઈચ્છતો હોય તો એમણે જવાબદારીપૂર્વક જે કંઈ એની પાસે જે બળ હોય, સામર્થ્ય છે એનો ઉપયોગ બીજાના કલ્યાણ માટે કરવામાં વાપરે તો રાષ્ટ્રનો વિકાસ થાય. આ પાયાની શરત છે. જે દેશનો બહુમતિ સમાજ એ પોતે જ એના રાષ્ટ્રની જવાબદારી સમજી અને એના વિકાસ માટેનું યોગદાન ન આપે તો રાષ્ટ્ર આગળ વધવાનું નથી. આ પરંપરા એટલો માટે રહી છે કે આ પ્રાથમિક શરત છે વિકાસની. કુટુંબમાં પણ આગળ વધવું હોય તો નબળો હોય એને વધારે આગળ લઈ જઈએ તો જ કુટુંબ આગળ વધે. એક પાછળ રહી જાય તો આખું કુટુંબ આગળ ન વધી શકે અને એટલા માટે મારે આ સભાગૃહની અંદર ફરીથી એ વાત કરવી છે કે લઘુમતિનું કલ્યાણ એ આપણી આ હજારો વર્ષોની મળેલી પરંપરાની દેન છે. આપણા બંધારણમાં પણ આપણે એના માટે ખૂબ સારી જોગવાઈ કરી છે અને ત્યારે રાષ્ટ્રની અંદર વિભાજનની વધુ કોઈ લાગણી જન્મે નહીં એટલા માટે પણ સંપ્રદાય આધારિત કોઈ વિભાજનના કાયદાઓ માટે કોઈ કયારેય વિચાર પણ સ્વપ્નમાં ન કરવો એવી વિનંતી સાથે માનનીય સાબરીભાઈને કહીશ કે આપના આ બિલ સાથે સંમત થઈ શકું તેમ નથી.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિદ્ધપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સાબીરભાઈ જે બિલ લઈને આવ્યા છે એ બિલમાં એક વાતનો મને આનંદ થયો કે જ્યારે બિલ રજૂ કરતા હતા ત્યારે એમણે બહુ સારી વાત કરી. એમણે કહ્યું કે મારો કહેવાનો જે ભાવાર્થ છે, લઘુમતિ સમાજના કલ્યાણ અર્થેની જે યોજનાઓ છે એનો ભૂતકાળ કોઈ માનનીય સભ્યશ્રી ન ઉઠાવે. આવી વાત કરીને એમણે શરૂઆત કરી એ બદલ હું ખરેખર અભિનંદન આપું છું. એમણે માત્ર કલ્યાણકારી યોજનાઓ લઘુમતિ સમાજની છે એની વાત કરી છે. મહેન્દ્રભાઈએ લઘુમતિ સમાજની જે વ્યાખ્યા કરી કે એની ઘણી વ્યાખ્યાઓ થાય, ચોક્કસ આપણને એમ થાય કે બહોળા સમાજમાંથી આપણે આવતા હોય ત્યારે કોઈક સમાજ જ્યારે પાછળ રહેતો હોય ત્યારે. એ સમાજમાંથી આવતા લોકોને એમ થાય કે કેમ કરીને સમાજનો એવો કાયદો બને કે જેના કારણે બીજાની હરોળમાં આ સમાજ પણ બેઠો થઈ શકે. ગુજરાતમાં સાડા પાંચ કરોડની વસ્તી છે એમાંથી ૪૫.૯૩ લાખથી વધારે લઘુમતિ સમાજના લોકો છે એમાં ખાસ કરીને ૨૨ લાખ બહેનો છે. એમની જે ભાવના હતી તે એ હતી કે ૨૭ ટકા બહેનો આજે પણ વાંચી લખી શકતી નથી. ખાસ કરીને હું અને શિક્ષણ મંત્રી બહેન બન્ને એક જ પાટણ જિલ્લામાંથી આવીએ છીએ. એ જિલ્લામાં મુસ્લિમ સમાજની ૨૮ ટકા બહેનો લખી વાંચી શકતી નથી એવી સ્થિતિ છે. જ્યારે ૨૧મી સદીમાં યુગ જતો હોય અને આ દેશમાં જે રીતનું વાતાવરણ હોય એના અંદર ખાસ કરીને આપણને એમ થાય કે આ ભારતનું બિન સાંપ્રદાયિકતાને વરેલું જે બંધારણ છે કે જેમાં દરેક સમાજના લોકો, દરેક ભાષાના લોકો આ રાષ્ટ્રના નેજા નીચે જીવે અને સુખી-સંપન્ન થાય. આખા વિશ્વમાં જ્યારે ભારતની

એકતાની વાતો થતી હોય ત્યારે સાબીરભાઈના બિલ લાવવા પાછળનો આશય અને હાર્દ છે એ છે કે બીજા સમાજના લોકો જે રીતે પ્રગતિ કરી રહ્યા છે એ રીતે સરકાર કાંઈક કરે કે જેના કારણે એવો કાયદો બને, એવી પરિસ્થિતિઓ થાય કે જેના કારણે રોજગારીથી માંડીને બીજી અનેક તકો ઊભી થાય. આ માટેની તેમની વાત છે.ખાસ કરીને હું જ્યાંથી આવું છું ત્યાં મેં જોયું છે કે મોટાભાગે આ સમાજના લોકો એવા ધંધા સાથે જોડાયેલા હોય છે કે કહેવાય હોટલના માલિક પણ પાંચ-પાંચ પૈસાના ભાગ હોય. ૨૦ જણાએ ભેગા થઈને હોટલ બનાવી હોય, પોતે એમાં ત્રણ કે ચાર હજારમાં નોકરી કરતા હોય, જે સિસ્ટમ ગોઠવાતી હોય એમાં કોઈ કારણસર નુકસાન થાય ત્યારે એમના માથે આફત આવી પડતી હોય છે. એવા સમયે રોજગારીના પ્રશ્નો ખાસ કરીને ગામડામાં આપણે જોઈ શકીએ છીએ. માત્ર ખેતીલક્ષી, માત્ર અમુક વસ્તુલક્ષી નિર્વાહ હોય એવા સંજોગોમાં બીજાની હરોળમાં બેસવા માટેની સાબીરભાઈએ ચિંતા કરી છે. એ ચિંતામાં આજે મને લાગે છે કે બધાએ સૂર પુરાવવો જોઈએ. મહેન્દ્રભાઈએ જે લાગણીથી વાત કરી એ લાગણીથી જ વાત કરું છું કે આપણે બધા મળીને, જેમ ફારુખભાઈ, બેન અને અમે બધા મળીને જે રીતે કાર્યક્રમ બન્યો હતો અને જે વાતાવરણ બન્યું હતું, બેન સાક્ષી છે. એવું જ વાતાવરણ ગુજરાતમાં બને અને કાયમ રહે. આમાં કોઈ સમાજ એવું ન હોય. દરેક સમાજમાં ૨-૫ ટકા ખરાબ હોય ત્યારે આખા સમાજને એવી સ્થિતિમાં મૂકી દેતા હોઈએ છીએ. એમની લાગણી સાથે સંમત થાઉ છું અને એમને ટેકો આપું છું.

**શ્રી નરેન્દ્રસિંહ મા. જાડેજા (અબડાસા)** : માનનીય અધ્યક્ષશ્રી, સાબીરભાઈ જે વિધેયક લઈને આવ્યા છે તેમાં હું મારા વિચારો આ સભાગૃહ સમક્ષ મૂકું છું.

માનનીય અધ્યક્ષશ્રી, કોઈ કાયદો બનાવવાથી કોઈ સમાજ આગળ લાવી શકો છો ખરા? આ મારો સીધો સવાલ છે. આ ભારત દેશની સંસ્કૃત્તિ રહી છે. વસુદૈવ કુટુંબ-કમની ભાવના સાથે ચાલવાવાળો આ દેશ છે. આ દેશ બધાને સાથે રાખીને ચાલે છે. આ દેશની અંદર આજે આ વાત ઉપર વિચાર કરવાની જરૂર છે. આ લઘુમતિ અને બહુમતિના કાયદાની અંદર આપણે કેટલા સમય સુધી ચાલીશું? અને આ કાયદાને કારણે આજે આ દેશની પરિસ્થિતિ જો ખરાબ થઈ હોય તો આ કાયદાને કારણે આ દેશની પરિસ્થિતિ ખરાબ થઈ છે. આના ઉપર ગંભીરતાથી આ દેશના પ્રત્યેક વ્યકિતએ વિચાર કરવાની જરૂર છે, પછી એ ગમે તે રાજકીય પક્ષની સાથે સંકળાયેલો હોય, મતોના રાજકારણની અંદર પડ્યા સિવાય આ બાબત પર જો ગંભીરતાથી વિચાર કરવામાં આવે તો આ દેશને પ્રગતિના પંથ પર લઈ જઈ શકીશું આ દેશની અંદર પ્રત્યેક કોમને, જ્ઞાતિને સાથે લઈને ચાલવાની પરંપરા રહી છે. આ દેશની અંદર રામ અને કૃષ્ણએ જન્મ લીધો છે કે જેને આજે આખું સમગ્ર વિશ્વ સ્વીકારે છે, આ દેશની આ પરંપરા રહી છે, તો એની અંદર વાડા ઊભા કરીને આ વૈમનસ્ય ઊભું કરવું મને લાગે છે કે આ દેશની અંદર કોઈ જરૂર નથી અને આજે સમગ્ર વિશ્વ જે ગતિથી આગળ વધતું હોય ત્યારે આ ચીજની અંદર સંકુચિતતા લાવીને આપણે સમગ્ર વિશ્વથી ઘણા બધા પાછળ રહી જઈશું. દુનિયાની અંદર કોઈ જગ્યાએ લઘુમતિ, બહુમતિ માટેના કોઈ કાયદાઓ નથી ત્યારે આપણે આ દેશની અંદર લઘુમતિ-બહુમતિની વાત કરી, એ મને લાગે છે કે આજના સમયની અંદર એ વાત વાજબી પણ નથી. સાબીરભાઈ જે બિલ લાવ્યા છે એની અંદર હમણાં જ ભાઈશ્રી બલવંતસિંહભાઈએ સ્ત્રીઓની સાક્ષરતાની વાત કરી, એમના વિસ્તારની વાત કરી. શિક્ષણ લેવા માટે કયારેય કોઈ પણ સમાજને કોઈ સરકારો રોકતી નથી હોતી, પછી એ ગુજરાતની સરકાર હોય કે અન્ય કોઈ રાજ્યની સરકાર હોય. આજે સાક્ષરતા મેળવવા માટે કોઈને કોઈ રોકવા નથી જતું. અન્ય સમાજની અંદર પણ આજે સ્ત્રીની અંદર સાક્ષરતા ઓછી રહી છે અને જે શબ્દ પ્રયોગ આ બિલની અંદર કરવામાં આવ્યો છે કે હિંદુ સિવાયની લઘુમતિ, મારે આજે એ વાત પણ કરવી છે કે જ્યાં હિંદુ લઘુમતિમાં છે ત્યાં એનો વિચાર આપણે નહિ કરી શકીએ? આજે કાશ્મિરમાં દશા શું છે, આજે કાશ્મિરના પંડિતો ક્યાં છે? આપણે સમગ્ર માનવજાતનો વિચાર કરવો પડશે, કોઈ એક કોમનો નહિ. સમગ્ર માનવ જાતનો વિચાર કરીને આપણે જો એની અંદર વિચાર કરીએ અને આવું જો કોઈપણ બિલ લાવતા હોય કોઈ કોમ, જ્ઞાતિ માટે
તો માનનીય અધ્યક્ષશ્રી, હું એને કહીશ કે સંકુચિતતા છે માટે આ સભાગૃહની અંદર કે જ્યાં ધારા ઘડાય છે, લોકોએ સમગ્ર સમાજની ચિંતા કરવા માટે આપણને આ સભાગૃહમાં ચૂંટીને મોકલ્યા છે, ત્યાં સમગ્ર માનવજાતનો વિચાર કરીને આપણે કોઈપણ વસ્તુ લાવવી જોઈએ, સમગ્ર માનવજાત, માનનીય અધ્યક્ષશ્રી, હું હિન્દુ છું છતાં હું ફક્ત એક હિન્દુ માટેની વાત નથી કરતો, સમગ્ર માનવજાત માટેની વાત કરું છું તો આની અંદર ગમે તે પક્ષમાં આપણે બેઠા હોઈએ તો સમગ્ર માનવજાતનો વિચાર કરી અને આપણે કોઈ માનવજાતના કલ્યાણ માટેની વાત મૂકવી જોઈએ, કોઈ એક જ્ઞાતિ, કોઈ એક કોમ માટેની વાત એ મને લાગે છે કે, જ્યાં ધારા ઘડાય છે, જેના માટે આપણને ચૂંટીને મોકલ્યા છે એના માટે આ વાજબી વાત નથી માટે સાબીરભાઈના બીલને હું સમર્થન આપી શકું તેમ નથી. ભવિષ્યમાં આવું સંકુચિતતાવાળું બીલ કયારેય આ સભાગૃહમાં કોઈ સભ્યશ્રી ન લાવે એવી વિનંતી સાથે વિરમું છું.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિઆ (માનનીય વિરોધપક્ષના નેતાશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, સાબીરભાઈ જે લઘુમતિ કલ્યાણ માટે સંરક્ષણ વિધેયક લઈને આવ્યા છે એમાં હું સૂર પુરાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મહેન્દ્રભાઈ, માનનીય નરેન્દ્રસિંહ અને માનનીય બળવંતસિંહે જે વિચારો વ્યક્ત કર્યા, મહદઅંશે આ વિચારોમાં આપણે સંમત થઈ શકીએ એમ છીએ. સંમત એટલા માટે થઈ શકીએ એમ છીએ કે આખરે ભારતમાં આવી વ્યવસ્થા ઊભી કરવી છે કે, જેમાં એક બોટમ લેવલથી બધાની પ્રગતિ ઉપર, રોટી, કપડા, મકાન, શિક્ષણ અને આરોગ્ય આ રાજયની બંધારણીય જવાબદારી છે. એટલા માટે એમની ચિંતા કરવી પડે, અનુસૂચિત જાતિ હોય, અનુસૂચિત જનજાતિ હોય, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો હોય, મહિલાઓ હોય, લઘુમતિ હોય આ વર્ગો છે એ શોષિતોની વ્યાખ્યામાં આવે છે એટલે આપણે એમની ચિંતા કરી છે, આ દેશના બંધારણે કરી છે અને આ વર્ગોની ચિંતા કરીએ છીએ એટલે આપણે કોઈ કોમને નજરમાં રાખીને કરીએ છીએ એમ નહીં, આના પ્રશ્નો છે એટલે કરીએ છીએ. આ દેશમાં નહીં, હું લગભગ ચોવીસ દેશોમાં ફર્યો છું, પાંચ વર્ષ પહેલાં હું દુબઈ ગયો હતો, પંદર લાખની વસ્તી છે એમાંથી ત્રણ લાખ ત્યાંના સ્થાનિક છે, બાર લાખ બહારના છે અને એમાં દસ લાખ ભારતીય લોકો છે અને ભારતીય લોકો માટે આજે પણ ત્યાં કાનૂનો જુદા છે. ત્યાં સૌથી, જે દેશમાં આપણને ડર લાગે એવા દેશો વચ્ચેની વાત કરું છું, ઈંગ્લેન્ડમાં હોળી અને દિવાળીના તહેવારો ઉજવવા માટે લેસ્ટરમાં એક લાખ પાઉન્ડ ત્યાંની કાઉન્સિલ આપે છે. ત્યાં ગુજરાતી, પંજાબી અને અંગ્રેજી, ત્રણેય ભાષામાં જે સરકારી બોર્ડો છે એ આજેય રાખવા ફરજિયાત છે. આ દેશોમાં ઈંગ્લેન્ડની વાત કરી, આવા જ કાનૂનો અમેરિકામાં છે, આજ પ્રમાણે અમેરિકામાં છે, ઈંગ્લેન્ડમાં છે અને યુરોપમાં છે. આફ્રિકામાં આપણા બાળકો ભણતા હતા, અમારા કેટલાય વડીલો આફ્રિકામાં હતા ત્યાં ગુજરાતી શાળાઓ હતી, આજે ઈંગ્લેન્ડમાં ગુજરાતી, પંજાબી કે હિન્દી ભણવું હોય તો એના માટે સ્પેશિયલ ગ્રાન્ટ આપી સ્પેશિયલ સ્કલોરશીપ આપીને ભણાવાય છે અને એ લોકો એમ માને છે કે, અમારો દેશ છે એ મોનોલીથીક સંસ્કૃતિનો દેશ છે, જ્યારે ભારત એ બહુવિધ સંસ્કૃતિનો દેશ છે અને એજ આપણી શકિત છે, એજ આપણી ઓળખ છે, એને જાળવી રાખવી જોઈએ, આ બીલમાં ચિંતા વ્યક્ત કરવામાં આવી છે એમાં લઘુમતિ, દરેક પ્રકારની લઘુમતિ હોય છે, શોષિતો હોય છે, કાશ્મીરની લઘુમતિ હોય તો પણ શોષિતો છે એમ બીજા લોકો લઘુમતિમાં હશે, અહીંયા બીજા લોકો હશે, દક્ષિણમાં બીજા લોકો હશે અને ભારતીય છે. આજે વિશ્વમાં જોઈએ છીએ ત્યાં લઘુમતિમાં છે. દરેક માટે આ પ્રકારના કાનૂનો વિશ્વની અંદર ઉપલબ્ધ છે અને આપણા દેશમાં પણ આ નવો કાનૂન આવે છે એવું નથી. એસ.સી., એસ.ટી.ઓ.બી.સી., માઈનોરીટી અને મહિલાઓના કલ્યાણ માટે પણ કાયદા આપણા દેશમાં ઉપલબ્ધ છે. આ પણ એક પ્રકારનો કાનૂન અહીં લાવવાનો પ્રયાસ થશે, ભાવના વ્યકત કરવાનો પ્રયાસ થયો છે. સભાગૃહ હું માનું છું કે ભાવના સાથે સંમત થાય. કલ્યાણની વાત બધા સ્વીકારે છે. જીવન જીવવાનો દરેક વ્યકિતને અધિકાર છે. એનું જીવન સાબૂત રહે. મહેન્દ્રભાઈએ સાચી વાત કરી કે મોટા સમાજની એ પ્રાથમિક જવાબદારી છે અને જવાબદારી જયાં નથી નિભાવાતી, એક નાનકડુ ગામ હોય ત્યાં એક મોટો સમાજ હોય, ૫-૧૦ નાના માણસો હોય ત્યાં મોટી જ્ઞાતિ દ્વારા નાની જ્ઞાતિનું કયાંક કયાંક શોષણ થતું હોય છે. એમાંથી પ્રશ્નો ઊભા થતા હોય છે. મોટી જ્ઞાતિ છે એમની ફરજમાં આવે છે કે મોટો ધર્મ, ભાષા કે સમૂહ હોય એણે નાની જ્ઞાતિને નાનાભાઈ તરીકે ટ્રીટ કરવા જોઈએ. એ ભાવના હું અહીં વ્યકત કરું છું. આ ભાવના સાથે ગૃહ સંમત થાય એવી મારી હૃદયપૂર્વકની વિનંતી છે.

**શ્રી હરેશકુમાર ઈ. ભટ્ટ (ગોધરા)** : માનનીય અધ્યક્ષશ્રી, સાબીરભાઈ જે બીલ લાવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરું છું અને અસંમતિ દર્શાવું છું.

સૌથી પહેલો મુદ્દો આ બીલમાં એમણે જે રજૂ કર્યો છે, હિન્દુ ધર્મ સિવાય બાકીના ધર્મ માટે નહીં. કલ્પના જે લઘુમતિ માટે કરી છે. એક વસ્તુ વિચારવાની છે કે ધર્મ શું છે? આ એક મુદ્દો સમજી લેવાની જરૂર છે. ધર્મ કોને કહેવાય અને સંપ્રદાય કોને કહેવાય એ સમજવાની જરૂર છે. મુસ્લીમ, ઈસ્લામ, ખ્રિસ્તી એ ધર્મ નથી. સંપ્રદાય છે. જીવન જીવવાની પદ્ધતિ ધર્મ છે. પૂજા પદ્ધતિ સંપ્રદાય છે. પૂજા પદ્ધતિના આધારે આ દેશમાં કાયદો કયારેય ન બની શકે. જીવન પદ્ધતિ આધારિત કાયદો બનાવવો જોઈએ. માનવીના જીવનનું કલ્યાણ સાચો ધર્મ છે. સંપ્રદાય માટે કાયદો ન બનાવવો જોઈએ. સૌથી પહેલી વાત આમાં સંપ્રદાય માટે કાયદો બનાવવાની વાત છે. લઘુમતિના કલ્યાણની વાત કરી, પ્રોટેકશનની વાત કરી. આખા વિશ્વએ પાકિસ્તાનને આતંકવાદી દેશ ઘોષિત કર્યો છે. કોણ છે ત્યાં બહુમતિ?, હિન્દુસ્તાનના એકેએક પ્રસંગો જોઈએ તો જયાં જયાં પણ તોફાનો થયા છે અત્યાર સુધીમાં એ કોના દ્વારા તોફાનો થયા છે? કોણ માઈનોરીટીમાં છે? કોણ મેઝોરીટીમાં છે? શા માટે કાયદો બનાવવાનો? કોને પ્રોટેકશન આપવાની જરૂર છે? કયાં પ્રોટેકશનની જરૂર છે? આજે દરેક જગ્યાએ પ્રોટેકશનની વાત કરે પણ જે ગુનો કરે એને પ્રોટેકશન આપવાનું? બલવંતસિંહ કહેતા હતા કે બહેનોમાં કેળવણી નથી. સ્વચ્છતા નથી. ગરીબ છે. અમારે ત્યાં વાલ્મિકી સમાજ, દલિત સમાજના લોકો પણ ગરીબ છે પણ મહોલ્લામાં ચોખ્ખાઈ હશે. પોતાના ઘરને ચોખ્ખુ રાખવું, પોતાનું આંગણુ ચોખ્ખુ રાખવું એ. સમાજ ઉપર

આધારિત છે. શા માટે ચોખ્ખાઈ ન રાખે? શા માટે ગંદકી કરે? ભણવાની વાતની કયારેય કોઈએ ના નથી પાડી. ભણવા માટે આંદોલન થાય છે. શિક્ષણ મંત્રી અને મુખ્યમંત્રી છેક વન વિસ્તારમાં જાય છે. પણ ભણવુ નથી. ગૃહમાં બેઠેલા લઘુમતિ કોમના નેતા એમ કહે છે કે અમે જુનવાણી છીએ. બુરખા પહેરીને જઈએ છીએ. પત્નીને બહાર ન નીકળવા દઈએ. આવી માનસિકતા હોય ત્યાં કેળવણી કેવી રીતે થશે? કેવી રીતે સમાજ આગળ આવે? આ વિચારવાનો પ્રશ્ન છે. જે સમાજનો ઠેકો લઈને ચાલે છે એને બીજા કોઈનો વિકાસ, કલ્યાણ, ઉદ્ધારની ચિંતા કરી હોત તો આ પ્રશ્ન ઉપસ્થિત ન થાત. ૫૦ વર્ષથી કાયદો બન્યો છે. કાયદો નથી એમ નહીં. (અંતરાય) ફારૂકભાઈ સાંભળો, બહેનનો કાયદો લાવ્યા છીએ ત્યારે. મહિલા માટે કાયદો હતો. આ દેશના અને ભારતના સંવિધાનમાં કાયદા બન્યા છે, જ્યારે બહેનો વિધવા થાય ત્યારે એને એના પતિ દ્વારા ભરણપોષણ આપવામાં આવે. આજે કોમવાદ ઉપર, જાતિવાદ ઉપર કાયદા બનવાની વાત થતી હતી. એક મહિલા શાહબાનું ૬૫ વર્ષની થઈ. એણે કેસ કર્યો. નીચલી કોર્ટથી લઈ સુપ્રીમ કોર્ટ સુધી કાયદો કરાવ્યો. સુપ્રીમ કોર્ટ સુધી લડી, જ્યારે સુપ્રીમ કોર્ટે એમ કહ્યું કે ભરણપોષણ એને એના પતિએ આપવું જોઈએ. ૬૫ વર્ષની એ બીચારી ગરીબ મહિલા કયાં જશે ચિંતા કરવામાં ન આવી. કોંગ્રેસની સરકારે ત્યાં આગળ શાહબાનુના કેસની અંદર આ કાયદો કેન્સલ કરીને નવો કાયદો કર્યો. કયા કાયદાની વાત કરો છો. કયાં છે કલ્યાણની વાત? કાયદો છે એ દૂર કરવો છે. માત્ર લાભ લેવા છે. હજયાત્રા, હજ હાઉસ બનાવવું છે અને મોટા મોટા લોકોએ ફરવા જવું છે. કયા ગરીબોને તમે ચાન્સ આપવાના છો. કાશ્મીરની અંદર પરેશાન થતા હોય, ત્યાં આગળ કેમ કાયદો ન બનાવ્યો? આજે કેન્દ્રમાં એમની સરકાર આવી છે. કયાં કાયદો બનાવી રહ્યા છે?

**સભાપતિશ્રી** : બેસો, આપનું પ્રવચન પૂરું થયું.

**શ્રી મોહંમદફારુક હુ. શેખ (કાલુપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, સાબીરભાઈ ગુજરાત લઘુમતિ કલ્યાણ અને સંરક્ષણ વિધેયક લઈને આવ્યા છે, એને હું સપોર્ટ કરવા ઊભો થયો છું. આપે જે દાખલ કર્યુ છે આપને પણ અભિનંદન આપું છું.

આજે ભારત વર્ષ એકવીસમી સદી તરફ જઈ રહ્યો છે, ત્યારે તરક્કી કરવાનો બધાનો હક્ક છે. અમે પણ આ ગુજરાતની ૫ કરોડની જનતાની અંદર છીએ. અમારું પણ ધ્યાન રાખવું જોઈએ. લઘુમતિઓનું પણ ધ્યાન રાખવું જોઈએ. અમને પણ સાથે લઈને ચાલવું જોઈએ. આ સરકાર ૧૯૯૫ થી આવી છે. આજસુધી કલ્યાણકારી કોઈપણ યોજના અમારા માટે બનાવવામાં આવી નથી, કલ્યાણનું કામ છે, એ લીધું નથી, તો આ સરકાર જે મુખ્યમંત્રીશ્રી જે ૫ કરોડની જનતાની વાતો કરે છે. એની અંદર અમને કોઈ દિવસ વિશ્વાસમાં લેવામાં આવ્યા નથી. ધંધા-રોજગારની વાત, એજ્યુકેશનની વાત, અમારા આવાસોની વાત કોઈ દિવસ બજેટમાં કરવામાં આવી નથી. સાબીરભાઈએ પહેલા કહ્યું છે કે ભૂતકાળની વાત કરવાની નથી. અમે આગળની વાત કરીએ છીએ. ૪૦ વર્ષ પહેલા જ્યારે પિક્ચર આવ્યું હતું 'નયા દૌર' અમીરી અને ગરીબીની વાત હતી. એની અંદર બી.આર.ચોપરાએ ખુલ્લા શબ્દોમાં કહ્યું હતું કે ગરીબોને લઈને ઉદ્યોગપતિઓ સાથે લઈને ચાલે. હું વિનંતી કરું કે આ સરકાર માઈનોરિટીને સાથે લઈને ચાલે, તો અમારો એમાં ઉત્સાહ વધશે, તરક્કી થશે, ઈજ્જત વધશે. આજસુધી આ સરકારે અમારી વિરુદ્ધમાં જે કામ કર્યુ છે. આ •*(XXX) છે. હરેશ ભટ્ટ વાત કરી, પણ એ તો બજરંગદળના છે. એ હંમેશા માઈનોરિટીના વિરોધની વાત કરે છે. અમે પણ રાષ્ટ્રવાદી છીએ. આ રાષ્ટ્રની અંદર આઝાદીમાં અમે કુરબાની આપેલી છે, એમાં જેટલો હિન્દુભાઈઓનો હક્ક છે, એટલે અમારો પણ હક્ક છે. આપને વિનંતી કરું કે આ વિધેયક લઈને આવ્યા છે એને દાખલ કરો. અમે ભારતીય છીએ. આ દેશ તરક્કી કરી રહ્યો છે, તો અમને તરક્કી કરવાનો મોકો આપો, જ્યારે અમારો એક ગુનેગાર હોય છે, ત્યારે આખી કોમને બદનામ કરવાનું આ લોકો *(XXX) કરી રહ્યા છે. આખા કોમને બદનામ કરવાનું *(XXX) ન કરો.

**સભાપતિશ્રી** : *(XXX) આ શબ્દો રેકર્ડમાંથી દૂર કરું છું.

**શ્રી મોહંમદફારુક હુ. શેખ** : ગુનેગારને સજા આપો અમને કોઈ વાંધો નથી. આતંકવાદીને સજા આપો. આ કોમવાદની નીતિ છે એ બંધ કરો. બધાને સાથે લઈને ચાલો.

**સભાપતિશ્રી** : માનનીય ગોવિંદભાઈ, અધ્યક્ષ સ્થાનેથી સૂચના આપવામાં આવે ત્યારે ઉભા ન થવાય. આપણે તે ખ્યાલ રાખીએ. નિયમો જળવાય તે જોવું જોઈએ. માનનીય ફારૂકભાઈ હવે મારી પાસે સમય બિલકુલ ઓછો છે. આપને મેં સમય આપ્યો છે. આપ રાજકીય અવલોકનો કર્યા સિવાય જે કંઈ મુદ્દો હોય તો એક મિનિટમાં કહો નહીંતર આપણે ચર્ચા સમાપ્ત કરીએ છીએ.

• *(XXX) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

**શ્રી મોહંમદફારુક હુ. શેખ** : માનનીય અધ્યક્ષશ્રી, અમે સરકારની સાથે છીએ તો સાથે લઈને ચાલે. ગુનેગારો હોય તેને પકડો, સજા આપો. આખી કોમને બદનામ કરવાની વાતો બંધ કરો. આ રાજકીય નિવેદન નથી. આ દેશ ૨૧મી સદી તરફ જઈ રહ્યો છે તેની અંદર અમારો સાથ લો.

**સભાપતિશ્રી .** : માનનીય મંત્રીશ્રી. માનનીય ફારૂકભાઈ બેસો પ્લીઝ.

**શ્રી રમણલાલ ઈ. વોરા (સામાજીક ન્યાય અને અધિકારીતામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, ભાઈશ્રી સાબીરભાઈ ખેડાવાળા જે બિલ લઈને આવ્યા છે ,

**સભાપતિશ્રી** : એક મિનિટ માનનીય મંત્રીશ્રી, માનનીય દંડકશ્રી તમારે કંઈ કહેવું છે.

**શ્રી રમણલાલ ઈ. વોરા** : આ સન્માનનીય ગૃહ સમક્ષ બિલ લઈને આવ્યા છે તો આ બિલ સાતમી વખત આ ગૃહમાં રજૂ થયું છે. દર વખતે આ બિલ પાછું ખેંચી લેવામાં આવે છે. આ બિલ જો સ્વીકારવામાં આવે તો ભારતના બંધારણના ઘડવૈયા ડો. બાબાસાહેબ આંબેડકરે જે સિદ્ધાંત આપેલા છે તે સિદ્ધાંતના વિરોધની વાત આ સન્માનનીય ગૃહમાં સ્વીકારી તેવું કહી શકું. ઘણાબધા સભ્યશ્રીઓએ પોતાના સૂચનો રજૂ કર્યા છે. વિરોધમાં અને તરફેણમાં ઘણીબધી વાતો કરી છે. ભારતીય જનતા પાર્ટીની નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વવાળી સરકારે જ્યારે જ્યારે વાત કરી છે ત્યારે પાંચ કરોડ ગુજરાતીઓની વાત કરી છે. તેમાં કોઈ કોમ, કોઈ ધર્મ, કોઈ જાતિ એવી વાત કયારેય મુખ્યમંત્રીશ્રીએ કરી નથી. પાંચ કરોડ ગુજરાતીઓની વાત કરી છે. ત્યારે આ ગુજરાતના તમામ લોકો આ દિશામાં સુખશાંતિ જળવાઈ રહે તે દિશામાં કામગીરી કરી રહ્યા છે. આ રાજય સરકાર સુખશાંતિ, સુરક્ષા, કાયદો અને વ્યવસ્થાની સ્થિતિમાં ખૂબ મક્કમપણે આગળ ચાલી રહી છે. માનનીય સાબીરભાઈએ જે કલમો આપી છે તેમાં ફક્ત ૭ નંબરની કલ્યાણકારી કલમ કહી શકાય. તે સિવાય બાકીની કલમોમાં એમનો જે વિચાર છે તે કયાંય વ્યક્ત થતો નથી. માનનીય અધ્યક્ષશ્રી, ગૃહ વિભાગમાં કર્મીઓની ભરતીની વાત કરી છે.

